Saurashtra University
Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Pawar, Rameshbhai K., 2011, "ડાંગ જિલ્લાના આદિવાસીઓનાં જમીન માલિકીનાં વૃક્ષો કાપવાના અધિકારથી આવેલું પરિવર્તન", thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/938

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

# ડાંગ જિલ્લાના આદિવાસીઓનાં જમીન માલિકીનાં વૃક્ષો કાપવાના અધિકારથી આવેલું પરિવર્તન

## "CHANGES IN TRIBAL COMMUNITY OF DANG DISTRICT DUE TO THE PREVILAGES OFFERED TO THEM FOR CUTTING OF TREES IN THEIR OWNED LAND"

**પીએચ.ડી. (સમાજશાસ્ત્ર) મહાશોધ નિબંધ**


**માર્ગદર્શક**
**ડૉ. હરેશકુમાર એસ. ઝાલા**
અધ્યક્ષ
સમાજશાસ્ત્ર ભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ.

**સંશોધક**
**પ્રા. રમેશભાઈ કે. પવાર**
વ્યાખ્યાતા
સમાજશાસ્ત્ર વિભાગ
શ્રીમતી જે.એ. પટેલ મહિલા કૉલેજ
મોરબી



**સમાજશાસ્ત્ર ભવન**
**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી**
રાજકોટ-૫.

**૨૦૧૧**

# પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે **પ્રા. રમેશભાઈ કે. પવાર** એ **"ડાંગ જિલ્લાના આદિવાસીઓનાં જમીન માલિકીનાં વૃક્ષો કાપવાના અધિકારથી આવેલું પરિવર્તન"** મારા માર્ગદર્શન નીચે પીએચ.ડી. (સમાજશાસ્ત્ર)ની પદ્દવી માટે આ મહાશોધ નિબંધ તૈયાર કર્યા છે. આ સંશોધન તેઓનું મૌલિક સંશોધન છે. જે અન્યત્ર કોઈ પદ્દવી માટે રજૂ કરવામાં આવ્યો નથી કે આ સંશોધનનો કોઈ પણ અંશ કયાંય પ્રસિદ્ધ થયો નથી.

આ મહાશોધ નિબંધ પીએચ.ડી.ની ઉપાધિની જરૂરિયાતના ભાગરૂપે રજૂ કરેલ છે.

સ્થળ : રાજકોટ
તારીખ :

**(ડૉ. હરેશકુમાર એસ. ઝાલા)**
અધ્યક્ષ
સમાજશાસ્ત્ર ભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ.

# આમુખ

આદિવાસીઓ ભારતીય સમાજ વ્યવસ્થાનું એક મહત્વનું અંગ છે. આદિવાસીઓ ભારતના મૂળ નિવાસીઓ છે. જે વર્ષોથી જંગલ અને પર્વતીય પ્રદેશોમાં કુદરત આધારિત જીવન જીવતો આવ્યો છે. આદિવાસીઓ પોતાની વિશિષ્ટ ઓળખ અને જીવનશૈલી ધરાવે છે. તેમની સામાજીક, આર્થિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, રાજનૈતિક તથા કળા-કારીગરી વૈવિધ્યપૂર્ણ છે. આદિવાસીઓ આદિકાળથી ભારતમાં વસવાટ કરતા હોવાથી તેમને 'આદિવાસી' કે 'આદિમજાતિ' તરીકે ઓળખવામાં આવે છે.

સમગ્ર ભારતની વસતિમાં ભારતીય સમાજનું એક મહત્વનું અંગ તરીકે આદિવાસી જાતિઓ સામાજીક, આર્થિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, રાજકીય વગેરે કારણોસર પાછળ છે. આપણો દેશ આઝાદ થયો તે પહેલાં સમાજનાં આવા નબળા વર્ગોમાં હરિજનો અને આદિવાસીઓના વિકાસ માટે દેશના અગ્રગણ્ય નેતાઓ, સામાજીક કાર્યકરો અને પ્રશાસનમાં કામ કરતા લોકો વિચારતા હતા અને તેના આધારે કેટલાક કાર્યક્રમો પણ હાથ ધરાયા હતા. ખાસ કરીને આઝાદી પછી કેટલીક આદિમજાતિની પ્રગતિ ઝડપી બનાવી શકાય તે માટે બંધારણમાં ખાસ જોગવાઈ કરવામાં આવી છે. બંધારણની જોગવાઈ અનુસાર પંચવર્ષીય યોજનાઓમાં પછાત અને આદિમજાતિ સમુદાયોનાં કલ્યાણ માટેનો પાયો નંખાયો હતો.

વર્તમાન ભારતીય સમાજની ગતિ આધુનિકતા તરફની છે. વર્તમાન ભારતીય સમાજ પહેલાં જે ભારતીય સમાજ વ્યવસ્થા હતી, તેમાં પરિવર્તન આવ્યું છે. ભારતીય સમાજની સાથો-સાથ તેના એકમરૂપ શહેરી સમાજ, ગ્રામીણ સમાજ તેમજ આદિમ સમાજમાં પણ પરિવર્તન શકય બન્યું છે. પરંપરાગત આદિમ સમાજનું આધુનિક આદિમ

સમાજમાં રૂપાંતર થયું છે. આઝાદી બાદ ભારતીય આદિવાસી સમાજમાં પરિવર્તનની પ્રક્રિયા ઝડપી બની છે. ખાસ કરીને આઝાદી બાદ કેટલાંક કાનુની પગલાંઓ, ઉદ્યોગીકરણ, શહેરીકરણ, સામાજીક-આર્થિક સુધારણાનાં પગલાંઓ, સામાજીક જાગૃતિ, સામાજીક આંદોલનો વગેરે પરિબળો અને પ્રક્રિયાઓ થકી ભારતીય સમાજની સાથો-સાથ આદિવાસી સમાજમાં પણ પરિવર્તનો આવ્યા છે.

ઐતિહાસિક દ્રષ્ટિએ જોઈએ તો આદિવાસીઓ પરંપરાગત રીતે સ્વાતંત્ર્ય જીવન જીવતા હતા. જળ, જમીન અને જંગલનો તેઓ મનમાની રીતે ભોગવટો કરતા હતા. પરંતુ મોગલો અને બ્રિટીશરોના શાસનકાળ દરમિયાન તેમનાં સ્વાતંત્ર્ય પર જોખમ ઉભું થયું. આદિવાસીઓ જ્યાં વસવાટ કરતા હતા, તે ઘનઘોર જંગલો, વનસંપદા અને ખનીજસંપતિથી સમૃધ્ધ હતા. અંગ્રેજો આ સમૃધ્ધિ પ્રત્યે આકર્ષાયા. તેમણે આદિવાસી ક્ષેત્રોમાં પગપેસારો કર્યો. આદિવાસીઓ પર રાજનૈતિક પ્રભુત્વ જમાવી દીધું. આદિવાસી પ્રદેશોમાં સરળતાથી અવર-જવર થઈ શકે તે માટે સંચાર વ્યવસ્થા ઉભી કરી. પરિણામે વેપારીઓ, શાહુકારો અને ઠેકેદારોએ આદિવાસી વિસ્તારમાં પગ મુકયો. બીજી બાજુ સરકાર દ્વારા આદિવાસી વિસ્તારોમાં જમીન મહેસુલને લગતા કાયદાઓ અને વન અધિકાર અંગેના કાયદાઓ બનાવ્યા. આ બધા પરિબળોની આદિમ સમાજના લોકો પર હકારાત્મક અને નકારાત્મક બંને પ્રકારની અસર પડી છે.

ખાસ કરીને સ્વાતંત્ર્યતાના ત્રીજા દશકા પછી એટલે કે, ૧૯૮૦ પછી આદિવાસી સમાજમાં નોંધપાત્ર પરિવર્તન આવી રહ્યું છે. એવું સ્પષ્ટપણે દેખાય આવે છે. ખાસ કરીને આદિવાસી લોકોમાં પણ આધુનિક અને ભૌતિક જીવન જીવવાની લાલસા જાગી છે. આદિવાસી લોકોની વિચારસરણી, મૂલ્યો, રિવાજો, માન્યતાઓ વગેરેમાં નોંધપાત્ર

પરિવર્તન આવતું જાય છે. તેમાં પણ ભારતની જુદી-જુદી આદિમજાતિઓની જેમ ગુજરાતની આદિવાસી જાતિઓમાં નોંધપાત્ર પરિવર્તન આવી રહ્યું છે.

આ અભ્યાસમાં ગુજરાતની મહત્વની આદિવાસી જાતિઓમાં દક્ષિણ ગુજરાતના ડાંગ જિલ્લામાં વસવાટ કરતી મુખ્યત્વે કુનબી (કોંકણી), વારલી, ભીલ, ગામીત વગેરે આદિવાસી જાતિઓનો ડાંગમાં જમીન માલીકીનાં વૃક્ષો કાપવાના અધિકાર મળવાથી, જે આર્થિક લાભ થયો, તેનાથી ડાંગની આ આદિવાસી જાતિઓનાં સામાજીક, આર્થિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, રાજકીય વગેરે ક્ષેત્રે કેવું અને કેટલું પરિવર્તન આવ્યું છે, તે અંગેની સ્થિતિ અને ગતિનો સાચો ખ્યાલ મળી રહેશે. આ ઉપરાંત તેમનાં સામાજીક-આર્થિક વિકાસના નૂતન આયોજન માટેના ઘણા નવા મુદાઓ મળી રહેશે. ખાસ કરીને આજે વિકાસ યોજનાઓને પરિણામે આર્થિક યોજનાઓનાં વીસ વર્ષ જેટલો સમય પસાર થયો હોવા છતાં ડાંગની કુનબી, વારલી, ગામીત વગેરે આદિમજાતિની તુલનામાં ભીલ આદિવાસી જાતિ આર્થિક દ્રષ્ટિએ હજી પાછળ રહી છે તેવું આ અભ્યાસમાંથી તારણ મળે છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના હાલના અધ્યક્ષ, મારા માર્ગદર્શક અને એથીયે વધીને મારા હિતરક્ષક એવા ડો. હરેશકુમાર એસ. ઝાલાએ ડાંગના આદિવાસી સમાજ વિશે ઝાઝુ કામ થયું ન હોવાથી અને હું ડાંગનો જ વતની હોવાથી એ વિષય પર અભ્યાસ કરવાનું સૂચન કર્યું. મારા માટે આ વિષય નવો હતો. પરંતુ ત્યાંની ભૌગોલિક સ્થિતિ, વાતાવરણ, સંસ્કૃતિ, જીવનશૈલી વગેરેથી પરિચિત હતો. તેથી અભ્યાસ કરવામાં ખૂબ ઉંડો રસ પડ્યો. ડો. હરેશકુમાર એસ. ઝાલાએ વિવિધ ગ્રંથો ઉપલબ્ધ કરાવવા ઉપરાંત સતત માર્ગદર્શન, પ્રોત્સાહન, સહકાર અને કામ કરવાની મોકળાશ આપવા બદલ હું તેમનો હૃદયપૂર્વક આભાર સાથે ઋણ સ્વીકાર કરું છું.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર ભવનના પૂર્વ અધ્યક્ષ ડો. હેમીક્ષાબહેન રાવનો આ તકે હું ખાસ આભાર માનું છું. ભાવનગર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડો. વિદ્યુત જોષી સાહેબનો તેમજ શ્રી એમ.એમ.ઘોડાસરા મહિલા કોલેજના સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ અને સીન્ડીકેટ સભ્ય ડો. જનકભાઈ જોષીનો પણ આભાર માનું છું.

મારા સંશોધન કાર્યમાં અમૂલ્ય સહકાર આપવા બદલ શ્રીમતી જે.એ.પટેલ મહિલા કોલેજ, મોરબીના પ્રિન્સીપાલ શ્રી વી.કે.પાંચોટીયા સાહેબનો તેમજ સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડો. નયનાબેન ભાલોડીયા, મારા સહ અધ્યાપક ડો. શારદાબેન જાવિયા, મારા ખાસ મિત્ર અને સહ અધ્યાપક ડો. ડી.એન.ચેતરીયા સાહેબનો પણ આ તકે આભાર માનું છું. તથા પ્રુફરીડીંગમાં સંપૂર્ણ સાથ અને સહકાર આપવામાં ડો. જેતપરીયા સાહેબ તેમજ મારી કોલેજના સહ અધ્યાપકોનો પણ આ પ્રસંગે આભાર માનું છું.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ગ્રંથાલયના, ગુજરાત વિદ્યાપીઠના ગ્રંથાલયના, સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ સુરતના ગ્રંથાલયના, શ્રીમતી જે.એ.પટેલ મહિલા કોલેજના ગ્રંથપાલ અને ગ્રંથપાલનો તેમજ  તેજગઢની આદિવાસી ભાષા સંશોધન વિભાગના ગ્રંથાલયના તમામ કર્મચારીગણનો પણ હું આભાર માનું છું.

જેમના થતી આજ હું આ મુકામે પહોંચ્યો છું તેવા માતા-પિતાને હું આ તકે કેમ વિશરી શકું ! અનુસ્નાતક થયા પછીના બે દાયકા બાદ ફરીથી અભ્યાસ માટે પારિવારિક જવાબદારીમાંથી મુક્ત કરીને મને મારા સંશોધન કાર્યનો માર્ગ મોકળો કરી આપ્યો તે બદલ મારી જીવનસાથી શ્રીમતી પાર્વતીબેનનો તેમજ મારી દિકરી ઉર્વશીએ લેખનકાર્યમાં અને નિરાલીએ કોમ્પ્યુટરની કામગીરીમાં મદદરૂપ બનીને મને હરહંમેશ મારા કામમાં મદદરૂપ બન્યા તે બદલ તેમનો અંત:કરણપૂર્વક આભાર માનું છું. તેમના પ્રેમાળ આગ્રહ થકી જ મારા માટે પી.એચ.ડી. કરવાનું શકય બન્યું છે.

આ સંશોધન લેખનની કામગીરીમાં ટાઈપ અને થિસિસની સુંદર કામગીરી પુરી કરવામાં હું આ તકે પીનાકીનભાઈનો પણ આભાર માનું છું. ઉપરાંત મુકેશભાઇ દડવીએ પ્રશ્નાવલિની કામગીરીમાં ખૂબ જ મદદરૂપ બનેલ તે માટે તેમનો પણ અત્રે આભાર વ્યક્ત કરું છું.

તેમજ આ સંશોધન કાર્યમાં પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે જોડાયેલ અને સહકાર આપનાર તમામ મિત્રો, સ્નેહીજનો, મારા વડીલોનો અત્રે આભાર સાથે ઋણ સ્વીકાર કરું છું.

**પ્રા. આર.કે.પવાર**

## અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| — | **પ્રમાણપત્ર** | |
| — | **ઋણસ્વીકાર** | |
| — | **કોષ્ટકોની યાદી** | |
| — | **નકશાની યાદી** | |
| — | **ગ્રાફની યાદી** | |
| ૧ | **સંશોધન યોજના** | **૧-૩૧** |
| | ૧.૧ પ્રસ્તાવના | ૧ |
| | ૧.૨ સંશોધન વિષયની પસંદગી | ૭ |
| | ૧.૩ સંશોધનના હેતુઓ | ૮ |
| | ૧.૪ ઉપકલ્પના | ૧૧ |
| | ૧.૫ સંશોધન ક્ષેત્રેનો પરિચય | ૧૩ |
| | ૧.૬ અભ્યાસની પદ્ધતિઓ અને પ્રવિધિઓ | ૧૫ |
| | ૧.૭ માહિતી એકત્રીકરણની પદ્ધતિ | ૨૧ |
| | ૧.૮ સંશોધન અભ્યાસનું મહત્ત્વ | ૨૫ |
| | ૧.૯ સંશોધનની મર્યાદાઓ | ૨૫ |
| | ૧.૧૦ અહેવાલ લેખનનો તબક્કો | ૨૭ |
| | ૧.૧૧ સમાપન | ૨૯ |
| | – સંદર્ભ સૂચિ | ૩૦ |
| ૨ | **વિષય પરિચય** | **૩૨-૯૯** |
| | ૨.૧ પ્રસ્તાવના | ૩૩ |
| | ૨.૨ ભારતના આદિવાસીઓનો પરિચય અને ભારતમાં આદિવાસી વસતિ | ૩૪ |

| | | |
|---|---|---|
| | ૨.૩ ગુજરાતના આદિવાસીઓનો પરિચય અને ગુજરાતમાં આદિવાસી વસતિ. | ૪૫ |
| | ૨:૪ દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ અને તેમની વસતિ વિશેષતા. | ૫૫ |
| | ૨.૫ ડાંગ જિલ્લાની ભૌગોલિક અને ઐતિહાસિક પૃષ્ઠભૂમિકા | ૫૯ |
| | ૨:૬ ડાંગ જિલ્લાના આદિવાસીઓનો પરિચય અને વસતિ વિશેષતા | ૭૨ |
| | ૨.૭ ડાંગ જિલ્લાનની જંગલનીતિ | ૮૨ |
| | ૨.૮ ઉપસંહાર | ૯૩ |
| | – સંદર્ભ સૂચિ | ૯૬ |
| **૩** | **પુરોગામી અભ્યાસો (આદિવાસી સમાજ અંગે થયેલા અભ્યાસોની સમીક્ષા)** | **૧૦૦-૧૨૫** |
| | ૩.૧ પ્રસ્તાવના | ૧૦૧ |
| | ૩.૨ આદિવાસી સમાજ અંગે થયેલા અભ્યાસની સમીક્ષા | ૧૦૨ |
| | ૩.૩ સમાપાન | ૧૨૦ |
| | – સંદર્ભ સૂચિ. | ૧૨૧ |
| **૪** | **માહિતીનું વર્ગીકરણ ભાગ-૧ (સામાન્ય, કૌટુંબિક, સામાજિક અને આર્થિક)** | **૧૨૬-૨૨૮** |
| | ૪.૧ પ્રસ્તાવના | ૧૨૭ |
| | ૪.૨ સામાન્ય માહિતીનું વર્ગીકરણ | ૧૨૭ |
| | ૪.૩ કૌટુંબિક માહિતીનું વર્ગીકરણ | ૧૩૪ |
| | ૪.૪ સામાજિક માહિતીનું વર્ગીકરણ | ૧૪૪ |

| | | |
|---|---|---|
| | ૪.૫ આર્થિક માહિતીનું વર્ગીકરણ | ૧૭૫ |
| | ૪.૬ સમાપન | ૨૨૭ |
| **૫** | **માહિતીનું વર્ગીકરણ ભાગ-૨ (શૈક્ષણિક, સાંસ્કૃતિક અને રાજકીય)** | **૨૨૯-૩૦૯** |
| | ૫.૧ પ્રસ્તાવના | ૨૩૦ |
| | ૫.૨ શૈક્ષણિક માહિતીનું વર્ગીકરણ | ૨૩૧ |
| | ૫.૩ સાંસ્કૃતિક માહિતીનું વર્ગીકરણ | ૨૪૦ |
| | ૫.૪ રાજકીય માહિતીનું વર્ગીકરણ | ૨૯૬ |
| | ૫.૫ સમાપન | ૩૦૮ |
| **૬** | **નિષ્કર્ષ અને સૂચનો** | **૩૧૦-૩૪૭** |
| | ૬.૧ પ્રસ્તાવના | ૩૧૧ |
| | ૬.૨ નિષ્કર્ષો | ૩૧૨ |
| | ૬.૩ અભ્યાસની ઉપયોગીતા | ૩૪૧ |
| | ૬.૪ અભ્યાસની મર્યાદા | ૩૪૪ |
| | ૬.૫ ભાવિ સંશોધનનાં ક્ષેત્રો | ૩૪૫ |
| | ૬.૬ સમાપન | ૩૪૭ |
| **૦** | **સંદર્ભસૂચિ** | **૩૪૮-૩૫૩** |
| **૦** | **અનુસૂચિ** | **૩૫૪-૩૭૧** |

# કોષ્ટક સૂચિ


| ક્રમ | કોષ્ટક વિગત | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૧.૧ | ડાંગ જિલ્લાની અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ અને અન્ય વસતિનાં આંકડા દર્શાવતું કોષ્ટક. | ૧૪ |
| ૨:૧ | ભારતમાં આદિવાસી વસતિની ૧૧૦ વર્ષની સ્થિતિ (લાખમાં) | ૪૧ |
| ૨.૨ | ભારતમાં રાજ્યવાર અનુસૂચિત જનજાતિ વસ્તી દર્શાવતો કોઠો (૨૦૦૧) | ૪૨ |
| ૨.૩ | ભારતમાં રાજ્યવાર આદિવાસી જાતિઓ | ૪૪ |
| ૨.૩.૧ | ગુજરાતમાં વધુ આદિવાસી વસ્તી ધરાવતા જિલ્લાઓ | ૪૬ |
| ૨.૪ | ગુજરાતમાં જાતિવાર આદિવાસી વસ્તી : (૨૦૦૧) | ૪૮ |
| ૨.૫ | ગુજરાતના જિલ્લા અને તાલુકાવાર આદિવાસી વસ્તીની ટકાવારી (૨૦૦૧) | ૫૧ |
| ૨.૬ | જિલ્લાવાર કુલ વસ્તી / કુલ આદિવાસી વસ્તી (૨૦૦૧) | ૫૪ |
| ૨.૭ | ગુજરાતની કુલવસ્તી, કુલ આદિવાસી વસ્તી (ગ્રામ્ય અને શહેરી વિસ્તાર પ્રમાણે) ૨૦૦૧ | ૫૫ |
| ૨.૮ | દક્ષિણ ગુજરાતમાં જિલ્લાવાર વસવાટ કરતી જનજાતિ અને કુલ વસ્તી (૨૦૦૧) | ૫૮ |
| ૨:૯ | ડાંગના રજવાડા વિસ્તાર અને તેમાં ગામોની સંખ્યા | ૭૩ |
| ૪.૧ | ઉત્તરદાતાની અનુસૂચિત જનજાતિ દર્શાવતું વર્ગીકરણ | ૧૨૮ |
| ૪.૨ | ગામમાં કેટલા વર્ષથી રહે છે તે અંગેનું વર્ગીકરણ | ૧૨૯ |
| ૪.૩ | ઉત્તરદાતાઓના અભ્યાસ અંગેનું વર્ગીકરણ | ૧૩૦ |
| ૪.૪ | ઉત્તરદાતાઓનાં ધર્મ અંગેનું વર્ગીકરણ | ૧૩૧ |
| ૪.૫ | ઉત્તરદાતાઓના સંપ્રદાય અંગેનું વર્ગીકરણ | ૧૩૨ |
| ૪.૬ | ઉત્તરદાતાઓના મુખ્ય વ્યવસાય અંગેનું વર્ગીકરણ | ૧૩૩ |

| | | |
|---|---|---|
| ૪.૭ | ઉત્તરદાતાઓનાં ગૌણ વ્યવસાય અંગેનું વર્ગીકરણ | ૧૩૪ |
| ૪.૮ | કુટુંબોનાં પ્રકાર દર્શાવતું વર્ગીકરણ | ૧૩૫ |
| ૪.૯ | કુટુંબમાં સ્ત્રી સભ્યોની સંખ્યા દર્શાવતું વર્ગીકરણ | ૧૩૬ |
| ૪.૧૦ | કુટુંબમાં પુરુષ સભ્યોની સંખ્યા દર્શાવતું કોષ્ટક | ૧૩૭ |
| ૪.૧૧ | ઉત્તરદાતાની જાતિ (લિંગ) દર્શાવતું કોષ્ટક | ૧૩૮ |
| ૪.૧૨ | ઉત્તરદાતાઓની ઉંમર દર્શાવતું વર્ગીકરણ | ૧૩૯ |
| ૪.૧૩ | ઉત્તરદાતાઓનાં વૈવાહિક દરજ્જાનું વર્ગીકરણ | ૧૪૦ |
| ૪.૧૪ | લગ્ન સ્થળનું અંતર દર્શાવતું વર્ગીકરણ | ૧૪૧ |
| ૪.૧૫ | ઉત્તરદાતાઓના સંતાનોના શિક્ષણ અંગેનું વર્ગીકરણ | ૧૪૨ |
| ૪.૧૬ | કુટુંબની વાર્ષિક આવક અંગેનું વર્ગીકરણ | ૧૪૩ |
| ૪.૧૭ | કોના જન્મને મહત્વ અંગેનું વર્ગીકરણ | ૧૪૪ |
| ૪.૧૮ | સામાજિક પ્રશ્નોમાં સ્ત્રીની સામેલગીરી અંગેનું વર્ગીકરણ | ૧૪૫ |
| ૪.૧૯ | સ્ત્રીની પ્રથમ સુવાવડ અંગેનું વર્ગીકરણ | ૧૪૬ |
| ૪.૨૦ | છઠ્ઠીની વિધિ (પાચરો પૂજન) અંગેનું વર્ગીકરણ | ૧૪૭ |
| ૪.૨૧ | જન્માક્ષર કાઢવા અંગેનું વર્ગીકરણ | ૧૪૮ |
| ૪.૨૨ | બાળકોની વર્ષગાંઠ ઉજવવા અંગેનું વર્ગીકરણ | ૧૪૯ |
| ૪.૨૩ | લગ્નની વર્ષગાંઠ ઉજવવા અંગેનું વર્ગીકરણ | ૧૫૦ |
| ૪.૨૪ | મૃત્યુતીથિ ઉજવવા અંગેનું વર્ગીકરણ | ૧૫૧ |
| ૪.૨૫ | સગપણ કઈ વિધિથી થાય છે તે અંગેનું વર્ગીકરણ | ૧૫૨ |
| ૪.૨૬ | બાળકોને જીવનસાથીની પસંદગી અંગેનું વર્ગીકરણ | ૧૫૩ |
| ૪.૨૭ | જીવનસાથીની પસંદગીમાં લગ્ન સંબંધોનું ક્ષેત્ર અંગેનું વર્ગીકરણ | ૧૫૪ |
| ૪.૨૮ | કુટુંબમાં જીવનસાથીની પસંદગી કઈ રીતે થાય છે તે અંગેનું વર્ગીકરણ | ૧૫૬ |
| ૪.૨૯ | લગ્નની વિધિ કોની પાસે કરાવે છે તે અંગેનું વર્ગીકરણ | ૧૫૭ |

| | | |
|---|---|---|
| ૪.૩૦ | લગ્નવિધિ ક્યાં કરવામાં આવે છે તે અંગેનું વર્ગીકરણ | ૧૫૯ |
| ૪.૩૧ | લગ્ન પ્રસંગે કેવા ગીતો ગવાય છે તે અંગેનું વર્ગીકરણ | ૧૬૦ |
| ૪.૩૨ | લગ્નમાં કંકોત્રી છપાવવા અંગેનું વર્ગીકરણ | ૧૬૨ |
| ૪.૩૩ | મામા-ફોઈનાં સંતાનોમાં લગ્ન અંગેનું વર્ગીકરણ | ૧૬૩ |
| ૪.૩૪ | મામા-ફોઈનાં સંતાનોના લગ્નની પસંદગી અંગેનું વર્ગીકરણ | ૧૬૩ |
| ૪.૩૫ | એકથી વધુ પત્નિ કરો છો તે અંગેનું વર્ગીકરણ | ૧૬૪ |
| ૪.૩૬ | એકથી વધુ પત્ની કયા કારણે તે અંગેનું વર્ગીકરણ | ૧૬૫ |
| ૪.૩૭ | લગ્ન માટે છોકરાની પસંદગીનું ધોરણ અંગેનું વર્ગીકરણ | ૧૬૬ |
| ૪.૩૮ | લગ્ન માટે નોકરીની પસંદગીનું ધોરણ અંગેનું વર્ગીકરણ | ૧૬૭ |
| ૪.૩૯ | જાતિઓમાં કન્યા કે વર શૂલ્કના રિવાજ અંગેનું વર્ગીકરણ | ૧૬૮ |
| ૪.૪૦ | કન્યાશૂલ્ક કે વરશૂલ્ક અંગેનું વર્ગીકરણ | ૧૬૯ |
| ૪.૪૧ | દિકરા કે દિકરીના લગ્નમાં દેવું કરવા અંગેનું વર્ગીકરણ | ૧૭૦ |
| ૪.૪૨ | લગ્ન પ્રસંગે અંદાજે કેટલા રૂપિયા દેવા અંગેનું વર્ગીકરણ | ૧૭૧ |
| ૪.૪૩ | વિધવા કે વિધુરનાં પુનઃર્લગ્ન અંગેનું વર્ગીકરણ | ૧૭૨ |
| ૪.૪૪ | છૂટાછેડાના બનાવ અંગેનું વર્ગીકરણ | ૧૭૩ |
| ૪.૪૫ | છૂટાછેડા માટે કોની પાસે જવું તે અંગેનું વર્ગીકરણ | ૧૭૪ |
| ૪.૫.૧ | કુટુંબના વ્યવસાય અંગેનું વર્ગીકરણ | ૧૭૬ |
| ૪.૫.૨ | માલિકીની ખેતીની જમીનનું પ્રમાણ અંગેનું વર્ગીકરણ | ૧૭૮ |
| ૪.૫.૩ | જમીન કોના તરફથી મળી છે તે અંગેનું વર્ગીકરણ | ૧૭૯ |
| ૪.૫.૪ | ખેતીમાં સિંચાઈની સગવડ અંગેનું વર્ગીકરણ | ૧૮૦ |
| ૪.૫.૫ | કેટલા સમયથી સિંચાઈની સગવડ છે તે અંગેનું વર્ગીકરણ | ૧૮૧ |
| ૪.૫.૬ | સિંચાઈ માટે પાણીની સગવડતા અંગેનું વર્ગીકરણ | ૧૮૨ |
| ૪.૫.૭ | વર્ષમાં થતા પાક અંગેનું વર્ગીકરણ | ૧૮૩ |
| ૪.૫.૮ | પાકના પ્રકાર અંગેનું વર્ગીકરણ | ૧૮૪ |

| | | |
|---|---|---|
| ૪.૫.૯ | વાવેતર માટે બિયારણ અંગેનું વર્ગીકરણ | ૧૮૫ |
| ૪.૫.૧૦ | જમીનમાંનાં નાનાં-મોટાં વૃક્ષો અંગેનું વર્ગીકરણ | ૧૮૬ |
| ૪.૫.૧૧ | વૃક્ષોના પ્રકાર અંગેનું વર્ગીકરણ | ૧૮૭ |
| ૪.૫.૧૨ | જમીનની અંદાજીત કિંમત અંગેનું વર્ગીકરણ | ૧૮૮ |
| ૪.૫.૧૩ | જમીનમાનાં વૃક્ષોની આવક અંગેનું વર્ગીકરણ | ૧૯૦ |
| ૪.૫.૧૪ | જમીનમાનાં વૃક્ષો કેટલી આવક આપશે તે અંગેનું વર્ગીકરણ | ૧૯૦ |
| ૪.૫.૧૫ | હાલમાં ૧૦ વૃક્ષો કાપવાનાં નિયમ અંગેનું વર્ગીકરણ | ૧૯૧ |
| ૪.૫.૧૬ | કેટલાં વૃક્ષો કાપવા તે અંગેનું વર્ગીકરણ | ૧૯૨ |
| ૪.૫.૧૭ | વૃક્ષો કાપવાના આર્થિક લાભ અંગેનું વર્ગીકરણ | ૧૯૩ |
| ૪.૫.૧૮ | ઘરની પરિસ્થિતિમાં સુધારો અંગેનું વર્ગીકરણ | ૧૯૪ |
| ૪.૫.૧૯ | બાપ-દાદાઓ કરતાં ઉત્તરદાતાની આર્થિક સ્થિતિ અંગેનું વર્ગીકરણ | ૧૯૪ |
| ૪.૫.૨૦ | હાલમાં જમીનમાંના વધુ વૃક્ષો થકી ફાયદા અંગેનું વર્ગીકરણ | ૧૯૫ |
| ૪.૫.૨૧ | જમીનમાં વધુ વૃક્ષો હોવાનો આનંદ અંગેનું વર્ગીકરણ | ૧૯૬ |
| ૪.૫.૨૨ | જમીનમાં વધુ વૃક્ષો વાવી તેની માવજત કરવા અંગેનું વર્ગીકરણ | ૧૯૬ |
| ૪.૫.૨૩ | ૧૦ વૃક્ષો કાપવા સામે ૧૦૦ વૃક્ષો રોપવાના નિયમ અંગેનું વર્ગીકરણ | ૧૯૭ |
| ૪.૫.૨૪ | માલિકીનાં વૃક્ષો કાપવાનાં વહીવટી સમસ્યા અંગેનું વર્ગીકરણ | ૧૯૮ |
| ૪.૫.૨૫ | કયા વહીવટી વિભાગની સમસ્યા અંગેનું વર્ગીકરણ | ૧૯૯ |
| ૪.૫.૨૬ | જમીન માલિકીના લાભમાંથી બહેનોને હકક-લાભ અંગેનું વર્ગીકરણ | ૨૦૦ |
| ૪.૫.૨૭ | લાભ મળવાથી ગામમાં આર્થિક મોભાના બદલાવ અંગેનું વર્ગીકરણ | ૨૦૧ |

| | | |
|---|---|---|
| ૪.૫.૨૮ | આ લાભથી જુદી જુદી જાતિમાં તુલનાત્મક રીતે ઉંચુ સ્થાન અંગેનું વર્ગીકરણ | ૨૦૨ |
| ૪.૫.૨૯ | આજીવિકા માટે જંગલ પર આધાર અંગેનું વર્ગીકરણ | ૨૦૩ |
| ૪.૫.૩૦ | આજીવિકા માટે જંગલમાંથી શું શું લાવે છે તે અંગેનું વર્ગીકરણ | ૨૦૪ |
| ૪.૫.૩૧ | સ્ત્રીના જુદા જુદા કાર્યોમાં સહભાગીદારી અંગેનું વર્ગીકરણ | ૨૦૮ |
| ૪.૫.૩૨ | ક્યા પ્રકારના કાર્યોમાં સ્ત્રીની ભાગીદારી અંગેનું વર્ગીકરણ | ૨૦૯ |
| ૪.૫.૩૩ | ઉત્તરદાતાઓના પશુપાલન અંગેનું વર્ગીકરણ | ૨૧૧ |
| ૪.૫.૩૪ | ઉત્તરદાતાઓ ક્યા પ્રકારનાં પશુ-પક્ષીઓ માળે છે તે અંગેનું વર્ગીકરણ | ૨૧૨ |
| ૪.૫.૩૫ | ઉત્તરદાતાઓના ખેતીનાં સાધનો અંગેનું વર્ગીકરણ | ૨૧૭ |
| ૪.૫.૩૬ | ખેતીવાડી અથવા અન્ય પ્રસંગો માટે દેવું અંગેનું વર્ગીકરણ | ૨૨૧ |
| ૪.૫.૩૭ | દેવું કોની પાસે કરો છો? તે અંગેનું વર્ગીકરણ | ૨૨૨ |
| ૪.૫.૩૮ | ઉત્તરદાતાઓનું દેવાનું કારણ અંગેનું વર્ગીકરણ | ૨૨૩ |
| ૪.૫.૩૯ | ઉત્તરદાતાઓનું બચત અંગેનું વર્ગીકરણ | ૨૨૫ |
| ૪.૫.૪૦ | ઉત્તરદાતાઓ બચત ક્યાં કરે છે તે અંગેનું વર્ગીકરણ | ૨૨૬ |
| ૫.૧ | ગામમાં શિક્ષણની સુવિધા કયાં સુધીની છે તે અંગેનું વર્ગીકરણ | ૨૩૧ |
| ૫.૨ | બાળકોને ભણાવવા અંગેનું વર્ગીકરણ | ૨૩૨ |
| ૫.૩ | બાળકોને આગળ ભણાવવાની મુશ્કેલી અંગેનું વર્ગીકરણ | ૨૩૩ |
| ૫.૪ | કેવા પ્રકારની ભણાવવાની મુશ્કેલી અંગેનું વર્ગીકરણ | ૨૩૪ |
| ૫.૫ | સંતાનોને શું બનાવવા ઈચ્છો છો તે અંગેનું વર્ગીકરણ | ૨૩૫ |
| ૫.૬ | વૃક્ષો કાપવાના લાભ થકી શિક્ષણ ખર્ચમાં આર્થિક રાહત અંગેનું વર્ગીકરણ | ૨૩૬ |

| | | |
|---|---|---|
| ૫.૭ | વૃક્ષો કાપવાના લાભથી બાળકોને ઉચ્ચ શિક્ષણ આપવા અંગેનું વર્ગીકરણ | ૨૩૭ |
| ૫.૮ | શિક્ષિત બાળકોને નોકરી અંગેનું વર્ગીકરણ | ૨૩૮ |
| ૫.૯ | બાળકોને ક્યા ખાતામાં નોકરી મળી છે તે અંગેનું વર્ગીકરણ | ૨૩૯ |
| ૫.૧૦ | ઉત્તરદાતાનાં ઘરની માલિકી અંગેનું વર્ગીકરણ | ૨૪૦ |
| ૫.૧૧ | ઘર પોતાની માલિકીની જમીનમાં હોવા અંગેનું વર્ગીકરણ | ૨૪૧ |
| ૫.૧૨ | ઉત્તરદાતાએ ઘર કયારે બનાવ્યું તે અંગેનું વર્ગીકરણ | ૨૪૨ |
| ૫.૧૩ | પહેલાં કેવાં ઘરો હતાં તે અંગેનું વર્ગીકરણ | ૨૪૩ |
| ૫.૧૪ | ઉત્તરદાતાનાં ઘરનાં ઓરડાની સંખ્યા દર્શાવતું વર્ગીકરણ | ૨૪૪ |
| ૫.૧૫ | ઘરની દિવાલના પ્રકાર અંગેનું વર્ગીકરણ | ૨૪૫ |
| ૫.૧૬ | ઘરના છાપરાના પ્રકાર અંગેનું વર્ગીકરણ | ૨૪૬ |
| ૫.૧૭ | પશુઓ બાંધવાની વ્યવસ્થા અંગેનું વર્ગીકરણ | ૨૪૭ |
| ૫.૧૮ | ઘરમાં વિજળીની સગવડતા અંગેનું વર્ગીકરણ | ૨૪૮ |
| ૫.૧૯ | પીવાનાં પાણીની સગવડતા અંગેનું વર્ગીકરણ | ૨૪૯ |
| ૫.૨૦ | બળતણના ઉપયોગ અંગેનું વર્ગીકરણ | ૨૫૦ |
| ૫.૨૧ | બાથરૂમમાં શૌચાલયની સગવડ અંગેનું વર્ગીકરણ | ૨૫૧ |
| ૫.૨૨ | બાથરૂમમાં શૌચાલયની સગવડ કેવા પ્રકારની છે તે અંગેનું વર્ગીકરણ | ૨૫૨ |
| ૫.૨૩ | ઘર વખરીના વિવિધ ધાતુનાં વાસણો અંગેનું વર્ગીકરણ | ૨૫૩ |
| ૫.૨૪ | ઘરમાં ફર્નિચર અંગેનું વર્ગીકરણ | ૨૫૬ |
| ૫.૨૫ | વાહનો અંગેનું વર્ગીકરણ | ૨૫૮ |
| ૫.૨૬ | ઈલેકટ્રીક સાધનો અંગેનું વર્ગીકરણ | ૨૬૦ |
| ૫.૨૭ | શાકાહારી કે માંસાહારી અંગેનું વર્ગીકરણ | ૨૬૪ |
| ૫.૨૮ | સામાન્ય દૈનિક ખોરાક અંગેનું વર્ગીકરણ | ૨૬૫ |

| | | |
|---|---|---|
| પ.૨૯ | પ્રસંગોપાતના ખોરાક અંગેનું વર્ગીકરણ | ૨૬૬ |
| પ.૩૦ | સ્ત્રીઓના પહેરવેશ અંગેનું વર્ગીકરણ | ૨૬૭ |
| પ.૩૧ | સ્ત્રીઓનાં ઘરેણાં અંગેનું વર્ગીકરણ | ૨૬૮ |
| પ.૩૨ | પુરુષોના પહેરવેશ અંગેનું વર્ગીકરણ | ૨૬૯ |
| પ.૩૩ | કઈ ભાષા બોલે છે તે અંગેનું વર્ગીકરણ | ૨૭૦ |
| પ.૩૪ | સમૂહ નૃત્યમાં ભાગ લે છે કે કેમ? તે અંગેનું વર્ગીકરણ | ૨૭૧ |
| પ.૩૫ | ક્યા પ્રસંગોએ સમૂહમાં નૃત્ય કરવામાં આવે છે તે અંગેનું વર્ગીકરણ | ૨૭૧ |
| પ.૩૬ | પરંપરાગત સાધનો અંગેનું વર્ગીકરણ | ૨૭૪ |
| પ.૩૭ | મૃત્યુબાદની વિધિ અંગેનું વર્ગીકરણ | ૨૭૮ |
| પ.૩૮ | મૃત્યુબાદની ઉતરક્રિયાની વિધિ અંગેનું વર્ગીકરણ | ૨૭૯ |
| પ.૩૯ | મૃત્યુબાદની વિધિમાં સમાજની મદદ અંગેનું વર્ગીકરણ | ૨૮૦ |
| પ.૪૦ | મૃત્યુની વિધિ કોની પાસે કરાવે છે તે અંગેનું વર્ગીકરણ | ૨૮૨ |
| પ.૪૧ | ધાર્મિક તહેવારોનું ક્રમ પ્રમાણે મહત્વ અંગેનું વર્ગીકરણ | ૨૮૩ |
| પ.૪૨ | જીવનમાં સુખાકારી મેળવવા માટેની ધાર્મિક વિધિ અંગેનું વર્ગીકરણ | ૨૮૭ |
| પ.૪૩ | કયાં પ્રકારની ધાર્મિક વિધિ અંગેનું વર્ગીકરણ | ૨૮૮ |
| પ.૪૪ | ધાર્મિક તહેવારની ઉજવણીમાં વાજિંત્રોના ઉપયોગ અંગેનું વર્ગીકરણ | ૨૯૨ |
| પ.૪૫ | બિમારીમાં ભગત-ભુવા પાસે દોરા-ધાગા અંગેનું વર્ગીકરણ | ૨૯૩ |
| પ.૪૬ | માંદગી વખતની સારવાર અંગેનું વર્ગીકરણ | ૨૯૪ |
| પ.૪૭ | ઈષ્ટદેવ કે કુળદેવી અંગેનું વર્ગીકરણ | ૨૯૫ |
| પ.૪૮ | ગામનું જાતિપંચ અંગેનું વર્ગીકરણ | ૨૯૬ |
| પ.૪૯ | જાતિપંચના આગેવાન કોણ બને છે તે અંગેનું વર્ગીકરણ | ૨૯૮ |

| | | |
|---|---|---|
| ૫.૫૦ | જાતિપંચ કેવા ઝગડાઓનો નિકાલ કરે છે તે અંગેનું વર્ગીકરણ | ૨૯૯ |
| ૫.૫૧ | વૃક્ષો કાપવાના લાભ થકી જાતિપંચમાં ઊંચું સ્થાન મળ્યું છે કે કેમ? તે અંગેનું વર્ગીકરણ | ૩૦૦ |
| ૫.૫૨ | ચૂંટાણીમાં મત આપે છે તે અંગેનું વર્ગીકરણ | ૩૦૧ |
| ૫.૫૩ | વૃક્ષો કાપવાનો લાભ મળ્યા પછી કોઈ ચૂંટાણીમાં ઉમેદવારી નોંધાવવા અંગેનું વર્ગીકરણ | ૩૦૨ |
| ૫.૫૪ | ક્યા પ્રકારની ચૂંટાણીમાં ઉમેદવારી નોંધાવે છે તે અંગેનું વર્ગીકરણ | ૩૦૩ |
| ૫.૫૫ | લાભ મળ્યા પછી રાજકીય સભ્યો માન આપે છે કે કેમ તે અંગેનું વર્ગીકરણ | ૩૦૪ |
| ૫.૫૬ | લાભ મળ્યા પછી ગ્રામજનો ચૂંટાણી લડવા માટે કહે છે કે કેમ? તે અંગેનું વર્ગીકરણ | ૩૦૫ |
| ૫.૫૭ | લાભ મળ્યા પછી રાજકીય પક્ષના સભ્ય બન્યા અંગેનું વર્ગીકરણ | ૩૦૬ |
| ૫.૫૮ | કુટુંબની મહિલા સભ્યોને ચૂંટાણીમાં ઉમેદવારી કરવા માટેનું વલણ અંગેનું વર્ગીકરણ | ૩૦૭ |
| ૫.૫૯ | ૩૩ ટકા મહિલા અનામતના કાયદા અંગેનું વર્ગીકરણ | ૩૦૮ |

## ગ્રાફની યાદી


| ક્રમ | વિગત |
|---|---|
| ૧. | ઉત્તરદાતાની જાતિ દર્શાવતો આલેખ |
| ૨ | ઉત્તરદાતાનો અભ્યાસ દર્શાવતો આલેખ |
| ૩ | ઉત્તરદાતાનો ધર્મ દર્શાવતો આલેખ |
| ૪ | ઉત્તરદાતાના કુટુંબનો પ્રકાર દર્શાવતો આલેખ |
| ૫ | ઉત્તરદાતાના સંતાનો શું બનવા ઈચ્છે છે તે દર્શાવતો આલેખ |
| ૬ | ઉત્તરદાતા કોના જન્મને મહતવ આપે છે તે દર્શાવતો આલેખ |
| ૭ | ઉત્તરદાતાના કુટુંબના સગપણની વિધિ દર્શાવતો આલેખ |
| ૮ | ઉત્તરદાતાઓના જીવનસાથીની પસંદગી દર્શાવતો આલેખ |
| ૯ | ત્તરદાતાના છૂટાછેડા દર્શાવતો આલેખ |
| ૧૦ | ઉત્તરદાતાના વ્યવસાય દર્શાવતો આલેખ |
| ૧૧ | ઉત્તરદાતાની માલિકીની જમીન દર્શાવતો આલેખ |
| ૧૨ | ઉત્તરદાતાને ખેતીમાં સિંચાઈની સગવડ દર્શાવતો આલેખ |
| ૧૩ | ઉત્તરદાતા બાળકોને ભણાવવાની ઈચ્છા દર્શાવતો આલેખ |
| ૧૪ | ઉત્તરદાતા ઘર કયારે બનાવ્યું તે દર્શાવતો આલેખ |
| ૧૫ | ઉત્તરદાતાઓના ઘરની દિવાલ દર્શાવતી વર્તુળાકૃતિ |
| ૧૬ | ઉત્તરદાતાના કુટુંબમાં મૃત્યુ બાદની વિધિ દર્શાવતો આલેખ |
| ૧૭ | ઉત્તરદાતાને જાતિપંચમાં ઉંચું સ્થાન મળ્યું તે દર્શાવતો આલેખ |

## નકશાની યાદી



| ક્રમ | વિગત |
|---|---|
| ૧. | ભારતનો નકશો |
| ૨ | ગુજરાતનો નકશો |
| ૩ | દક્ષિણ ગુજરાતનો નકશો |
| ૪ | ડાંગ જિલ્લાનો નકશો |
| ૫ | ઉત્તર ડાંગ અને દક્ષિણ ડાંગ વન વિભાગનો નકશો |

# પ્રકરણ:-૧
# સંશોધન યોજના


૧.૧ પ્રસ્તાવના

૧.૨ સંશોધન વિષયની પસંદગી

૧.૩ સંશોધનના હેતુઓ

૧.૪ ઉપકલ્પના

૧.૫ સંશોધન ક્ષેત્રેનો પરિચય

૧.૬ અભ્યાસની પદ્ધતિઓ અને પ્રવિધિઓ

૧.૭ માહિતી એકત્રીકરણની પદ્ધતિ

૧.૮ સંશોધન અભ્યાસનું મહત્ત્વ

૧.૯ સંશોધનની મર્યાદાઓ

૧.૧૦ અહેવાલ લેખનનો તબક્કો

૧.૧૧ સમાપન

– સંદર્ભ સૂચિ

# પ્રકરણ-૧
# સંશોધન યોજના

## ૧.૧ પ્રસ્તવાના

આદિવાસી સમુદાય ભારતીય સમાજવ્યવસ્થાનું એક મહત્ત્વનું અંગ છે. વર્ષોથી જંગલ અને પર્વતીય પ્રદેશોમાં કુદરતના ખોળે રહેતો આવ્યો છે. આદિવાસી સમુદાયો પોતાની વિશિષ્ટ અને આગવી ઓળખ અને જીવનશૈલી ધરાવે છે. તેમની સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક, ધાર્મિક તથા કળા કારીગરી વૈવિધ્યપૂર્ણ અને આગવી છે. ભારતની પૂર્ણકાલીન જાતિઓમાં આદિવાસી જાતિની ગણના કરવામાં આવે છે. આદિવાસી આદિકાળથી ભારતમાં વસતા હોવાથી તેમને 'આદિવાસી' કે 'આદિજાતિ' તરીકે ઓળખવામાં આવે છે. આદિજાતિ એટલે પ્રાચિન સમયથી રહેતો આવેલો અને હાલ માનવસંસ્કૃતિનાં પ્રારંભિક સ્તરે જીવન જીવતો જન સમૂહ. આદિજાતી માટે અંગ્રેજીમાં 'એબોરિજિનલ' (મૂળ વતનીઓ) કે 'પ્રિમિટિવ' (આદિમ) જેવા શબ્દો વપરાય છે. ભારતમાં આદિજાતિ માટે સામાનયતઃ આદિવાસી (tribal) શબ્દ પ્રચલિત છે. જંગલોમાં રહેતા હોય તેમને માટે વન-વાસીઓ અને ડુંગરો, પહાડો, કંદરા કે કોતરોમાં વસનારાઓ માટે ગિરિજનો જેવા પર્યાયો પણ વપરાયા છે. વર્ષોથી પછાત અને અન્ય સમાજથી કચડાયેલો, શોષિત સમાજ હોય, તેમના સર્વાંગી વિકાસ માટે બંધારણની કલમ-૩૪૨ અન્વયે આદિજાતિની એક યાદી તૈયાર કરી તેમના સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને રાજકીય હિતોને કેન્દ્રમાં રાખી આરક્ષણનું વિશેષ કવચ પુરું પાડયું છે. બંધારણની કલમ-૩૩૬ હેઠળ'ટ્રાઈબ' શબ્દની વ્યાખ્યા કરી આદિવાસીઓને 'અનુસૂચિત જન-જાતિ' તરીકેનો દરજ્જો આપજામાં આવેલ છે. માનવશાસ્ત્રીય સર્વેક્ષણ અનુસાર ભારતમાં ૪૬૧ અનુસૂચિત જન-જાતિઓ છે. ભારતની કુલ વસતિમાં અનુસૂચિત આદિજાતિની વસતિ ૮.૦૮ ટકા છે. જેઓ દેશના ૧૯ ટકા ભૂ-ભાગમાં વસે છે.

ભારતીય વસતિમાં ભારતીય સમાજનું એક અંગ તરીકે આદિવાસી જાતિઓ આર્થિક, સામાજિક,શૈક્ષણિક અને રાજકીય કારણોસર પાછળ છે. આપણો દેશ આઝાદ થયો તે પહલાં સમાજનાં આવા નબળા વર્ગોમાં હરીજનો અને આદિવાસીઓના વિકાસ માટે દેશના અગ્રગણ્ય નેતાઓ, સામાજિક કાર્યકરો અને પ્રશાસનમાં કામ કરતા લોકો

વિચારતા હતા અને તેના આધારે કેટલાક કાર્યક્રમો પણ હાથ ધર્યા હતા. ખાસ કરીને આઝાદી મળ્યા પછી આવી કેટલીક આદિજાતિની પ્રગતિ ઝડપી બનાવી શકાય તે માટે બંધારણમાં ખાસ જોગવાઈ કરવામાં આવી છે. બંધારણની જોગવાઈ અનુસાર પંચવર્ષીય યોજનામાં પછાત વર્ગોના કલ્યાણનો પાયો નંખાયો હતો. જેમાં ૧૯૫૨ની ૨જી ઓકટોબરે 'કોમ્યુનિટી ડેવલપમેન્ટ અને નેશનલ એકસટેન્શન પ્રોગ્રામ' અમલમાં આવ્યા હતા. જયારે ૧૯૫૫માં સમગ્ર ભારતમાં જયાં ખાસ કરીને જે આદિજાતિઓ સ્થાયી થયેલ છે. તેઓના સંકલિત વિકાસ માટે ખાસ બ્લોકોની શરૂઆત કરાઈ હતી.

ભારતીય સમાજ જીવન પર દ્રષ્ટિ કરતાં જણાય છે કે, ભારતીય સમાજમાં સમરૂપતા અને વૈવિધ્યતા (અનેકરૂપતા) બંને દ્રષ્ટિ ગોચર થાય છે. તેનું મુખ્ય કારણ ભારતીય સમાજની અંદર રહેલી જ્ઞાતિ વ્યવસ્થા અને જાતિ વ્યવસ્થા છે. જ્ઞાતિ વ્યવસ્થાએ ભારતીય સમાજની અદ્વિતિય લાક્ષણિકતા છે. પરંતુ બીજી બાજુ ભારતના જુદા જુદા રાજયો અને પ્રદેશોમાં વસવાટ કરતી અદિજાતિઓ પણ ભારતની એક વિશિષ્ટ ઓળખ ઉભી કરે છે. પ્રત્યેક અદિમ સમૂહ એક આગવી ઓળખ અને સામાજિક જીવન ધરાવે છે. તેઓના રીવાજો, મૂલ્યો, ધોરણો, કુટુંબ, લગ્ન, અર્થવ્યવસ્થા વગેરેમાં વિશેષતાની સાથો-સાથ વૈવિધ્યતા જોવા મળે છે.

માનવશાસ્ત્રીય સર્વેક્ષણ મુજબ સમગ્ર ભારતમાં ૪૬૧ જેટલી આદિવાસી સમૂહની ઓળખ થઈ છે. આ બધી આદિમ સમૂહોનું વિવરણ કરવામાં આવે તો બહું વિશાળ જ્ઞાનકોષ જોઈએ. દરેક આદિમજાતિઓના વસવાટ ઓછા-વત્તા પ્રમાણાં નિશ્ચિત ભૌગોલિક વિસ્તારમાં હોય છે. છતાં, કોઈ આદિમજાતિ હંમેશા એક જ ચોકકસ ભૌગોલિક વિસ્તારમાં કાયમી વસવાટ કરે છ. તેવું ન કહી શકાય. તે જે પ્રદેશે કે વિસ્તારમાં વસવાટ કરે છે, તે પ્રદેશ કે વિસ્તારની જીવનશૈલિ મુજબનું જીવન જીવતાં હોય છે. દરેક આદિમજાતિ પોતાની આગવી સામાજિક ઓળખ અને વિશિષ્ટ જીવનશૈલી ધરાવે છે. જેમાં ખોરાક, રહેઠાણ, પોષાક, વ્યવસાય, માન્યતા, મૂલ્યો, રિવાજો વગેરેમાં એક આદિમજાતિ બીજી આદિમજાતિ કરતાં કંઈક અંશે જુદી પડે છે. દરેક આદિમજાતિ એક સ્વતંત્ર સામાજિક એકમ છે. તેની વૈચારિકતા કે રીત-રિવાજો પર તેનું જીવન નિર્ભર છે.

વર્તમાન ભારતીય સમાજની ગતિ આધુનિકતા તરફની છે. સમય આજે સંક્રાંતિકાળ

માંથી પસાર થઈ રહયો છ. વર્તમાન ભારતીય સમાજ પહેલાંના ભારતીય સમાજ કરતાં વૈવિધ્ય સભર કજોવા મળે છે. વર્ષો પહેલાં જે ભારતીય સમાજ વ્યવસ્થા હતી. તેમાં પરિવર્તન આવ્યું છે. ભારતીય સમાજની સાથો-સાથ તેના એકમરૂપ ગ્રામીણ સમાજ, શહેરી સમાજ તેમજ આદિવાસી સમાજમાં પણ પરિવર્તન શકય બન્યું છે. પરંપરાગત આદિમ સમાજનું આધુનિક આદિમ સમાજમાં રૂપાંતર થયું છે. આઝાદી બાદ આદિવાસી સમાજમાં પરિવર્તનની પ્રક્રિયા ખુબ ઝડપી બની છે. સ્વતંત્રતા બાદ કેટલાંક કાનૂની પગલાંઓ, ઉદ્યોગીકરણ, શહેરીકરણ, સામાજિક-આર્થિક સુધારણાના પગલાંઓ, સામાજિક આંદોલનો સામાજિક જાગૃતિ વગેરે પરિબળો થકી ભારતીય સામાજની સાથો-સાથ આદિમ સમાજમાં પણ પરિવર્તનો આવ્યાં છે. જો કે, બ્રિટિશ શાસન કાળમાં આદિવાસીઓમાં પરિવર્તનની પ્રક્રિયા ધીમી હતી. કારણકે, ભારતનાં વહીવટ કર્તાઓ તરીકે બ્રિટિશોનો હેતુ માત્ર પોતાનો વહીવટ અને રાજકીય શાસન ચલાવવા પુરતો મર્યાદીત હતો. સમગ્ર સમાજનો વિકાસ કરવા તરફ તેઓએ દુર્લક્ષ્ય સેવ્યું હતું. પરંતુ સ્વતંત્રતા બાદ સમગ્ર ભારતીય સમાજનો સર્વાંગી વિકાસ થાય તે માટેના વિવિધ પ્રયાસો થયા. ભારતનાં બંધારણ દ્વારા પણ સમગ્ર સમાજની સાથો સાથ આદિમ સમાજોનો વિકાસ થાય તેના ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

સ્વતંત્રતાની પ્રાપ્તિ બાદ આજે ભારતીય સમાજ વ્યવસ્થામાં આમુલ પરિવર્તન આવી રહયું છે. તેની અસર માત્ર સભ્ય સમાજો પર જ નહીં પરંતુ આદિવાસી સમાજો પર પણ પડી છે. ભારતીય સમાજ જીવન પર છેલ્લા છયેક દાયકામાં અનેક ક્ષેત્રે પરિવર્તન આવી રહયું છે. તે માટે ઉદ્યૌગિકરણ, શહેરીકરણ, પશ્ચિમીકરણ વગેરે પ્રક્રિયા જવાબદાર ગણી શકાય. આવી પ્રક્રિયાથી આધુનિક અને ભૌતિક જીવન જીવવાની લાલશા જાગી છે. લોકોની વિચારસરણી બદલાઈ, મૂલ્યો બદલાયા, રિવાજો અને માનયતાઓમાં પણ ફેરફાર થયાં. ભારતીય સમાજની સાથે આદિમજાતિ ઉપર પણ તેની અસરો પડી. આદિવાસી સમુદાયો વર્ષોથી જંગલ અને ડુંગરાળ પ્રદેશમાં અને સભ્ય સમાજથી અલગતામાં જીવન જીવતો આવ્યો છે. પરંતુ વર્તમાન સમયમાં ઉદ્યોગીકરણ, શહેરીકરણ, ભારતનું સંવિધાન, સમાજિક કાનૂનિકરણ, ખ્રિસ્તીકરણ, સુધારણાવાદી પ્રયાસો, સામાજિક આંદોલનો, શિક્ષણ અને આયોજિત વિકાસના પ્રયાસો વગેરે પ્રક્રિયાઓ અને પરિબળોના કારણે તેમજ

સભય સમાજના સંપર્કને કારણે આદિવાસીઓમાં વિવિધક્ષેત્રે વિકાસ અને પરિવર્તન શકય બન્યું છે.

ઉદ્યોગીકરણ અને શહેરીકરણના પ્રવાહો પૂર્વે જયારે અવર-જવારનાં સાધનો અને પાકા રસ્તાઓનો અભાવ હતો ત્યારે જંગલો અને પહાડી વિસ્તારમાં રહેતા આદિવાસીઓને ઓળખવા તથા બિનઆદિવાસીઓથી જુદા પાડવાં તુલનાત્મક રીતે સહેલું હતું. પરંતુ સમયાંતરે આદિવાસી સમાજો અને અન્ય બહારના લોકો વચ્ચે સંપર્કોનું પ્રમાણ વધવા લાગ્યું અને એક સમય એવો આવ્યો કે, બધા અનુસૂચિત જન-જાતિઓના સમૂહોને એક જ શ્રેણીમાં મૂકી શકાય નહીં, તેવું વ્યાપકપણે સ્વીકારવમાં આવ્યું. વળી, આઝાદીનો લાભ આ નબળા અને પછાત વર્ગના લોકો સુધી પણ પહોંચે તેની ગંભીર વિચારણા થવા લાગી અને તે માટે જુદા જુદા અભિગમો અપનાવવામાં આવ્યા. કારણકે એક બાજુ આદિખવાસીઓ અને તેનમી સંસ્કૃતિને બાહય વર્ચસ્વ ધરાવતા સમૂહોથી રક્ષણ આપવું હતું. અને બીજી બાજુ બધા આદિવાસી સમૂહોના વિકાસ પ્રશ્નો એક સરખા ન હોવાથી યોગ્ય અને અસરકારક અભિગમ હાથ ધરી રાષ્ટ્રની મુખ્યધારા સાથે સુસંકલિત કરવાના પ્રયાસો શરૂ કરવા હતા. ડો. વેરિયર એલ્વિનએ આ અંગે ખુબ અગત્યનું યોગદાન આપ્યું છે. શરૂઆતમાં તેઓ 'અલગતાવાદી' અભિગમનું હિમાયતી હતા. પરંતુ સમય જતાં આ અભિગમની ખામીઓ પ્રકાશમાં આવતાં તત્કાલિન વડાપ્રદાન પંડિત જવાહરલાલ નહેરુના વિચારો સાથે સહમત થતાં 'સુગ્રથન' અભિગમના પુરસ્કર્તા બન્યા.

ડો. વેરિયર એલ્વિને ભારતના આદિવાસીઓના બાહય સમાજના સંપર્કના આધારે નિમ્ન ચાર શ્રેણીઓમાં વિભાજીત કર્યા છે.

૧:૧. તે આદિવાસી જાતિઓ કે જે ઉંડાણનાં જંગલોમાં અને ડુંગરાઓમાં વસવાટ કરે છે. બાહય સમાજને અને સંસ્કૃતિઓ સાથેનો તેમનો સંપર્ક નહિંવત છે. વિમલ શાહ (૧૯૬૬:૪) દર્શાવે છે કે ગુજરાતમાં આ શ્રેણીમાં આવે તેવી એક પણ આદિવાસી જાતિ નથી.

૧:૨. બીજી શ્રેણીમાં તે આદિવાસી જાતિ આવે છે. કે જે ઉંડાણના વિસ્તારોમાં વસે છે. તેમ છતાં બાહય સમાજોના સંપર્કમાં આવી હોય છે. તેથી આ આદિવાસીઓ પરંપરાગત જીવન જીવવા સાથે પરિવર્તનના પ્રવાહો

અનુભવી રહયા છે. ડાંગ અને વલસાડ જિલ્લાની કેટલીક આદિવાસી જાતિઓને આ શ્રેણીમાં મૂકી શકાય. પ્રસ્તુત અભ્યાસ હેઠળ આવરી લેવામાં આવેલ ડાંગ જિલ્લાની 'ભીલ', 'કુનબી'(કુકણા),'વારલી, ગામીત' વગેરે આદિમ જાતિ આ શ્રેણીમાં આવે છે.

૧:૩. તે આદિમજાતિઓ કે જે બાહય સંપર્કને કારણે પોતાની સંસ્કૃતિ ગુમાવી બેઠા છે. અને નવું સારું ધારણ કરી શકાયા નથી. હકિકતમાં બાહય સંપર્કોને કારણ તેમની સંસ્કૃતિ નાશ પામી છે. પોતે આર્થિક, સામાજિક અને અન્ય ઘણી રીતે શોષણના ભોગ બન્યા છે.

ગુજરાતની મોટા ભાગની આદિવાસી જાતિઓ આ શ્રેણીમાં આવે છે. (વિમલ શાહ, ૧૯૬૬:૩૪)

૧:૪. આ શ્રેણીમાં તે સર્વે આદિવાસી જાતિઓ આવ છે કે મૂળ બાહય સંસ્કૃતિના સંપર્કમાં આવવા છતાં પોતાની મૂળ સંસ્કૃતિ અને ખાસિયતો જાળવી રાખવામાં સફળ થયા છે. આ અનુસૂચિત જન-જાતિઓના સભ્યોને બીજાઓથી અલગ ઓળખવવા શકય રહયું નથી. મધ્યપ્રદેશના 'ગોંડ', ઉત્તર-પૂર્વના 'નાગા' અને રાજસ્થાનના 'મીણા' વગેરેઓ શ્રેણીમાં મૂકી શકાય.

ગુજરાતની 'ઘોડિય' આદિમ જાતિને પણ આ શ્રેણીમાં મૂકી શકાય.-[૧]

આ વૈચારિક પૃષ્ઠભૂમિની સાથોસાથ ભારતમાં બંધારણની સંરક્ષણાત્મક આરક્ષણની વિવિધ કલમો અને રાજયના નીતિ નિર્દેષક સિદ્ધાંતો આદિવાસીઓ ઉપરાંત અનુસૂચિત જાતિઓ ના સર્વાંગી વિકાસ માટે રાજકિય નિશ્ચય પ્રગટ કરે છે. ભારતની પંચવર્ષીય યોજનાઓમાં અનુસૂચિત જનજાતિઓ અને અનુસૂચિત જાતિઓ ઉપરાંત અન્ય નબળા વર્ગો માટે સામાજિક ન્યાય સાથેના આર્થિક વિકાસની બંધારણીય રૂપરેખાને જુદા જુદા કાર્યક્રમો મારફતે અમલમાં મૂકી નક્કર સ્વરૂપ આપે છે.

આ બદલાયેલી પરિસ્થિતિઓ અનુસૂચિત જનજાતિઓનાં જીવનમાં નવા-નવા પડકારો અને પ્રવાહોને જન્મ આપ્યો છે. તેનાથી પ્રેરાયને વિતેલા કેટલાંક વર્ષોમાં ભારતમાં અને પરદેશોનાં સામાજિક માનવશાસ્ત્રીઓ તથા સમાજશાસ્ત્રીઓએ આદિવાસીઓના

કસામાજિક આર્થિક માળખા અને સાંસ્કૃતિ જીવનમાં આવી રહેલાં પરિવર્તનોને સમજવા માટેના પદ્ધતિસરના અભ્યાસો હાથ ધર્યા છે. બીજા કેટલાક આવા અભ્યાસોએ આદિવાસીઓના વિકાસ અને તેના પ્રશ્નોની છણાવટ કવરનો પ્રયાસ કર્યો છે. ગુજરાતમાં પણ આવાં સંશોધનનો થતાં રહયાં છે. પરંતુ ગુજરાતની વિવિધ આદિમજાતિઓનાં પરિવર્તનને લગતા અભ્યાસો ખુબ ઓછા થયા છે. તેમાં પણ ડાંગ જિલ્લામાં વસવાટ કરવી જુદી જુદી આદિમજાતિઓના સંદર્ભમાં પરિવર્તનને લગતા અભ્યાસો નહીંવત છે. મારા આ પ્રસ્તુત અભયાસમાં ડાંગ જિલ્લાના આદિવાસીઓનાં જમીન માલિકીનાં વૃક્ષો કાપવામાં અધિકારોથી સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, રાજકીય પાસાંઓમાં આવેલ પરિવર્તન માટેનાં પ્રવાહો સમજવાનો એક નમ્ર પ્રયાસ છે.

## ૧.૨ સંશોધન વિષયની પસંદગીઃ-

સામાજિક સંશોધન મુખ્યત્વે સમાજ જીવનને લગતા વૈજ્ઞાનિક જ્ઞાનમાં વૃદ્ધિ કરવા સાથે સંકળાયેલી પ્રક્રિયા છે. સામાજિક જીવનને લગતા સિદ્ધાંતો કે નિયમો પ્રસ્થાપિત કરાવનું ધ્યયે સંશોધનનું છે. ઉપરાંત, સંશોધન અને વ્યવહારલક્ષી પાસું પણ રહેલું છે.

સામાજિક સંશોધન દ્વારા માનવીના વિચારો, વલણો, ખ્યાલો તેમજ સમાજ કે સમુદાયની મુળભૂત પરંપરા કે પ્રણાલીઓ વિશેની વાસ્તવિકતા જાણી જ તે પ્રદેશ, સમુદાય કે સમાજ વિશેની પરિસ્થિતિ સમજ મળી રહે છે.

પ્રો. ગોપાલના મતે "વસ્તુલક્ષી અને ચકાસણી જન્ય પદ્ધતિઓ દ્વારા હકીકતો શોધવા માટેની, હકીકતો વચ્ચેનો સંબંધ શોધવા માટે અને તેના આધારે સિદ્ધાંત કે નિયમો તરવવા માટેની વ્યવસ્થિત તપાસને સંશોધન કહેવામાં આવે છે.-[૨]

પોલીન યંગના મતે "સાકમાજિક સંશોધન એક વૈજ્ઞાનિક સાહસ છે. જે તાર્કિક અને પદ્ધતિસરની પ્રવિધિઓની મદદ વડે નવી હકીકતો શોધવાનું કે જૂની હકીકતોની ચકાસરણી અને પરિક્ષણ કરવાનું, આ હકીકતોની ક્રમબધ્ધતા, તેમની વચ્ચેના પારસ્પરિક સંબંધો અને કાર્યકારણની સમજૂતી આપાવાનું તેમજ માનવવર્તનનો વિશ્વસનીય અને યથાર્થ અભ્યાસ કરવાનું સુગમ બનુવતાં નવા વૈજ્ઞાનિક ઉપકરણો, ખ્યાલો અને સિદ્ધાંતો વિકસાવવાનાં ધ્યેયો ધરાવે છે."-[૩]

સંશોધન અને સર્વેક્ષણ હેતુની દ્રષ્ટિએ એક-બીજાથી ભિન્ન છે, છતાં સંશોધન માટે

માહિતીની આવશ્યકતા ઉભી થાય છે. જે સર્વેક્ષણ દ્વારા શકય બને છે. આથી સંશોધનમાં સર્વેક્ષણ એક મહત્ત્વનું સાધન બને છે. કોઈ પણ સામાજિક પ્રશ્ન કે સમસ્યાને હલ ધકરવા અથવા તેની વાસ્તવિક પરિસ્થિતિ અંગે જાણકારી મેળવવા માટે સંશોધન અનિવાર્ય બની રહે છે.

ભારતીય સમાજના વિવિધ ક્ષેત્રોમાં આવેલાં પરિવર્તનો અને પરિસ્થિતિ વિશેના અભ્યાસો થયેલા છે. ખાસકરીને ગ્રામીણ સમાજ, નગર સમાજ તેમજ આદિવાસી સમાજને લગતા અનેક અભ્યાસો થયા છે. આદિવાસી સમાજ પણ પરિવર્તનની પ્રક્રિયામાંથી પસાર થઈ રહયો છે. પરંતુ આદિવાસી સમાજ વિકસીત સમાજથી અલગતામાં અને દુર્ગમ જંગલ અને પહાડી વિસ્તારમાં રહેતો હોય, જેથી તેમનામાં પરિવર્તનની અસર સૈકાઓ પછી અને ધીમી ગતિએ થઈ છે. પ્રત્યેક આદિમજાતિમાં પરિવર્તનની પ્રક્રિયા એક સરખી નથી. કારણકે, ભારતની જેમ ગુજરાતના જુદા-જુદા પ્રદેશોમાં વસવાટ કરતી આદિજાતિઓ વચ્ચે સામાજિક અને આર્થિક ક્ષેત્રે વિવિધતા અને ભૌગોલિક ભિન્નતા તથા અંતર ધરાવતા હોય, તેથી તેઓમાં તફાવત જોવા મળે છે અને વિકાસની દ્રષ્ટિએ પણ અસમાનતા જોવા મળે છે. આ દિશામાં આદિવાસીઓની સ્થિતિ કેવી છે? તેમની વર્તમાન પરિસ્થિતિ કેવી છે.? ભૂતકાળની પરિસ્થિતિ કેવી હતી? આ દ્રષ્ટિએ જોતા દરેક આદિવાસી સમૂહનો અભ્યાસ કરવો જરૂરી છે.

મારા પ્રસ્તુત અભ્યાસ હેઠળ ડાંગ જિલ્લાના આદિવાસી સમુદાયની સમગ્ર સ્થિતિ કેવ છે? દરેક જાતિ સમૂહ ના કયા-કયા ક્ષેત્રેમાં કેવું અને કેટલું પરિવર્તન આવ્યું છે? પરિવર્તન સ્ત્રોત કયા છે.? તેમાંથી કયા સ્ત્રોત દ્વારા વધુ પરિવર્તન આવ્યું છે? વગેરે પ્રશ્નોને સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્યમાં સમજવા-સમજાવવા માટે ગુજરાત રાજયના ડાંગ જિલ્લામાં વસવાટ કરતા 'ભીલ', 'કુનબી(કુકણા) 'વારલી', 'ગામીત વગેરે આદિવાસીઓની સામાજિક, આર્થિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, રાજકીય વગેરે ક્ષેત્રે પરિવર્તનનો સમાજશાસ્ત્રીય સંશોધનાત્મક અભ્યાસ કરવાનો ઉપક્રમ સેવ્યો છે.

## ૧.૩ સંશોધનના હેતુઓ :-

સામાજિક સંશોધનનો હેતુ, સામાજિક જ્ઞાનની વૃધ્ધિ કરવાનો હોય છે. સામાજિક સંશોધન દ્વારા, સામાજિક જીવનની વૈજ્ઞાનિક વ્યાખ્યા આપી શકાય છે. જયાં સુધી સમગ્ર

સમાજ જીવનના વિભિન્ન પાસાંઓની વૈજ્ઞાનીક તપાસ ન થાય ત્યાં સુધી જ્ઞાનની વૃધ્ધિ થતી નથી. સમાજિક સંશોધન નો મુખ્ય હેતુ સામાજિક વ્યવહારની શકય તેટલી વધુ જાણકારી મેળવવાનો અને તેના પર નિયંત્રણ કરવાનો છે. સામાજિક જીવનમાં જે ઘટનાઓ બને છે તે આંતર સંબંધથી બને છે. એટલે કે, તેની વચ્ચે કાર્યકરણનો સંબંધ હોય છે. જે સામાજિક સંશોધન દ્વારા જાણી શકાય છે.

પોલીન યંગના મતે "સામાજિક સંશોધનનાં મુખ્ય ત્રણ હેતુઓમાં–હકીકતોની ચકાસણી કરવી, હકીકતો વચ્ચેનો સંબંધ શોધવો અને વૈજ્ઞાનિક સિધ્ધાંત સ્થાપવો."–[૪]

સામાજિક જીવનને લગતી નવી હકિકતો શોધી જૂની હકિકતોની ચકાસણી કરી તેનું પરિક્ષણ કરવું, તેમજ હકિકતો વચ્ચેના સંબંધો શોધવા, તાર્કિક પાયા પર ક્રમબધ્ધ ગોઠવી તેનું પૃથ્થકરણ કરવામાં આવે છે. હકિકતો વચ્ચેના સંબંધોનું વિશ્લેષણ કરવું તેમજ હકિકતો વચ્ચેના સંબંધો પાછળનો ગૂઢાર્થ શોધવાનો હેતુ છે. તેમજ સંશોધનનો અંતિમ હેતુ સમાજ જીવનને લગતા સિધ્ધાંતો સ્થાપવાનો છ. માનવ વર્તનના વાસ્તવિક અભ્યાસ માટે વૈજ્ઞાનિક ઉપકરણો વિકસાવવા, વૈજ્ઞાનિક ખ્યાલો વિકસાવવા કે સિધ્ધાંતો સ્થાપવા સંશોધનનો મુખ્ય હેતુ છે.

સમાજિક સંશોધન ગમે તેટલું શુધ્ધ હોય, પરંતુ તે હેતુ વિહિન નથી. સંશોધન પાછળ શ્રમ અને ધન બંનેનો ઉપયોગ થાય છે. સામાજિક સંશોધનનું ધ્યેય સામાજિક જીવન ને સમજવાનું છે.

પ્રસ્તુત અભ્યાસમાં આદિવાસીઓનાં સામાજિક આર્થિક પરિવર્તનને કેન્દ્રમાં રાખીને આ સંશોધન માત્ર સમાજશાસ્ત્રી કે માનવશાસ્ત્રી દ્રષ્ટિકોણથી જ નહિ, પરંતુ આદિમ જાતિઓના વિકાસ માટે આયોજનમાં મદદરૂપ બની શકે તેવી આ સંશોધનકર્તાની આશા છે. આ પરિપ્રેક્ષ્યમાં પ્રસ્તુત અભ્યાસ ના મુખ્ય સૈધ્ધાંતિક અને વ્યવહારિક હેતુઓ નીચે પ્રમાણે છે.

**❑ હેતુઓ :**

**(એ) સૈધ્ધાંતિક હેતુઓઃ–**

૧. ડાંગ જિલ્લાનાં આદિવાસીઓની સામાજિક, આર્થિક પાર્શ્વભૂમિકા તપાસવાનો હેતુ.

૨. ડાંગ જિલ્લાનાં આદિવાસીઓની શૈક્ષણિક તથા સાંસ્કૃતિક ભૂમિકા તપાસવાનો હેતુ છે.

૩. ડાંગ જિલ્લાનાં આદિવાસીઓની રાજકીય બાબતો તપાસવાનો હેતુ.

૪. ડાંગના આદિવાસીઓના સામાજિક, આર્થિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, રાજકીય વગેરે ક્ષેત્રે પરિવર્તનના પ્રવાહો તપાસવાનો હેતુ રહેલો છે.

**(બી) વ્યાવહારિક હેતુઓ :-**

૧. આધુનિક પ્રવાહો વચ્ચે આદિમજાતિનાં પરંપરાગત જીવન અને આધુનિક પરિવર્તનના પડકારો વચ્ચે જોવા મળતી આંતરક્રિયા અથવા પ્રતિભાવોની સમજ મેળવવાનો હેતુ.

૨. સ્થાનિક જુદી જુદી જાતિઓ વચ્ચે આંતરિક તુલનાત્મક પરિવર્તનનો પ્રવાહો તપાસવાં

૩. સામાજિક પરિવર્તનનાં સિધ્ધાંતના આધારે તેમનો વિકસિત સમુદાય સાથેની સ્થિતિ કયાસ કાઢવાનો હેતું.

૪. સ્થાનિક જુદી-જુદી જાતિઓની સાંસ્કૃતિક ઓળખનું સામાજિક સ્વરૂપ કે કલેવર કેવું છે તે જાણવાનો હેતું.

૫. આદિવાસી વિસ્તારમાં સરકારી યોજનાનો પ્રચાર કે પ્રસાર અને અમલ અંગેની જાણારી મેળવવાનો હતું.

ઉપરોકત હેતુઓ માત્ર ડાંગ જિલ્લાના આદિવાસીઓની ઉંડાણપૂર્વકની સમજ મેળ વવા પૂરતી મર્યાદિત નથી, પરંતુ તેમનાં સામાજિક-આર્થિક તેમજ વિવિધક્ષેત્રે પરિવર્તનના ઉંડાણપૂર્વકનો અભયાસ કરી, તેના પરિણામ સ્વરૂપે જે તથ્યો પ્રકાશમાં આવશે તે અન્ય આદિવાસીઓના વિકાસ અને પરિવર્તનના પ્રશ્નોને સમજવામાં પણ ઉપયોગી બની શકે અને આદિવાસીઓના વિકાસ, કલ્યાણ અને પરિવર્તન માટે માર્ગદર્શનરૂપ બની શકે છે.

ટૂંકમાં ડાંગ જિલ્લા આદિવાસીઓનાં વિવિધક્ષેત્રોની પરિસ્થિતિઓ, પ્રશ્નો અને તેમના પ્રતિભાવો, તેમની પડેલી અસરોની પરિવર્તનના સંદર્ભમાં સાર્થક સમજણ મેળવવી તે આ સંશોધન મૂળભૂત હેતુ રહેલો છે.

## ૧:૪ ઉપકલ્પના :-

સામાજિક સંશોધનની શરૂઆત કરવા માટે સમાજ વૈજ્ઞાનિકે કોઈ પ્રશ્નરૂપ વિધાન રચવું પડે છે. અને આવા પ્રશ્નના આધારે વૈજ્ઞાનિક સંશોધનનો પ્રારંભ થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો સંશોધનનો હેતુ, વૈજ્ઞાનિક પદ્ધતિના ઉપયોગ દ્વારા પ્રશ્નનો ઉત્તર મેળવવાનો છે. આવા પ્રશ્નરૂપ વિધાનને ઉપકલ્પના અથવા પરિકલ્પના (Hypothesis) કહેવામાં આવે છે. એટલે કે, સંશોધન અમુક પ્રકારના પ્રશ્નરૂપ વિધાથી જ શરૂ થાય છે. આવો પ્રશ્ન ગમે તે સ્વરૂપનો હોય શકે છે.

માનવી સ્વાભાવિક રીતે જ વિચારોની પારાશીશી છે. જેની મદદથી માનવી એક પછી એક પ્રકૃતિનાં પરિબળોને નાથવા અને તેને માનવ કલ્યાણમાં રોકવા શકિતમાન બન્યો છે. વિવિધ વૈજ્ઞાનિક શોધખોળ અને તેના પરિણામે સુલભ બનતી જીવનની સુખ સગવડતાઓ અંતે તો માનવ બુધ્ધિનું જ પ્રદાન છે. અત્યારે માનવી પ્રકૃતિનાં વિવિધ પરિબળોને સમજવા, તેની આગાહી કરવા અને તેનું નિયમન કરવા શકિતમાન બન્યો છે. તેનું કારણ તેની વિચારશકિત છે. તેથી જ વર્ષો પહેલાં એરિસ્ટોટલે માનવીને વિચારશીલ પ્રાણી (Ratinal animal)તરીકે બિરદાવેલ છે. વિચાર કરવો, તર્ક કરવો, દલીલો કરવી વગેરે માનવીને માટે સહજ છે. તેમ છતાં માણસ જે કાંઈ વિચાર, તર્ક કે દલીલો કરે તે હંમેશા સત્ય જ હોય તેમ માનવાને કારણ નથી, તેથી વિચાર, તર્ક કે દલીલોને સાર્થક કરવા માટે સંશોધન જરૂરી છે.

ઉપકલ્પનાનો અર્થ સ્પષ્ટ કરતાં ગુડે અને હટ્ટ લખે છે કે, "ઉપકલ્પના એક એવું વિધાન છે કે, જેની યથાર્થતા તપાવા માટે ચકાસણી પર મૂકી શકાય છે. વધુ સ્પષ્ટ કરતાં આ લેખકો કહે છે કે, ઉપકલ્પના એવો એક પ્રશ્ન છે જેનો કોઈ પણ પ્રકારનો જવાબ મેળવવાનો હજુ બાકી હોય છે. ઉપકલ્પના સામાન્ય મતને અનુરૂપ પણ હોઈ શકે અને વિરુધ્ધની પણ હોઈ શકે. ચકાસણીના અંતે ઉપકલ્પના સાચી પણ પૂરવાર થાય અને ખોટી પણ પૂરવાર થાય."–[૫]

લૂન્ડબર્ગ ઉપકલ્પના સંદર્ભમાં નોંધે છે કે, "ઉપકલ્પના એક એવું કામચલાઉ સામાન્યીકરણ છે જેની યથાર્થતા ચકાસવાની હજી બાકી હોય છે.–[૬]

જે ઘટકોમાંથી ઉપકલ્પનાઓ જન્મે છે કે ઉદ્ભવે છે એ ઘટકો ઉપકલ્પનાના સ્ત્રોત (Sources) તરીકે ઓળખાવી શકાય.

ગુડે અને હટ્ટ કહે છે કે, " લોકોની માન્યતાઓ અને ઉપકલ્પનાઓનો સ્ત્રોત બને છે તેતો ખરું જ, પણતે ઉપરાંત સામાજિક પરિવર્તન સંસ્કૃતિકનું મહત્ત્વ વધારીને ઉપકલ્પનાઓનો અગત્યનો સ્ત્રોત બને છે."-[૭]

સામાનય રીતે મોટા ભાગની લોકમાનયતાઓ વૈજ્ઞાનિક રીતે પ્રશ્નાર્થ રૂપ બનતી નથી. એટલે કે , લોકોના વિચારો અને વર્તનો મોટા ભાગે એટલા બધા સ્પષ્ટ અને દેખિતા હોય છે, કે સામાન્ય રીતે તેનો ગંભિરતા પૂર્વક અભ્યાસ કરવાનું જરૂરી માનવમાં આવતું નથી. પરંતુ લોકોના વિચારો અનુે વર્તનોમાં સામાજિક પરિવર્તન આવતાં તે અભયાસનો વિષય બને છે. એટલે કે, ઉપકલ્પનાઓનું નિર્માણ કરીને આ ક્ષેત્રેમાં અભ્યાસ થવા લાગે છે.

આમ, સામાજિક પરિવર્તન દ્વબારા નવી વિચારસરણી અને નવાં મૂલ્યોનો વિકાસ થતાં લોકોમાં પ્રવર્તતી માન્યતાઓ પ્રશ્નાર્થરૂપ બને છે. અને તે વૈજ્ઞાનિક અભ્યાસો માટેની ઉપકલ્પનાઓ પૂરી પાડે છે.

ટૂંકમાં, ઉપકલ્પના એક અનુમાન છે, વિચાર છે, કલ્પના છે. સામાન્ય લોકોમાં પ્રચલિત માન્યતાઓ સાચી છે કે ખોટી, તેને વૈજ્ઞાનિક રીતે ચકાસવા માટે દરેક સંશોધનમાં કેટલીક ઉપકલ્પનાઓનું નિર્માણ કરવું જરૂરી જ નહીં પરંતુ સંશોધન ક્ષેત્રે નિર્ધારિત કરી તેને યોગ્ય અને વ્યવસ્થિત દિશાસૂચન કરવામાં ઉપકલ્પના મહત્ત્વની બની રહે છે. પ્રસ્તુત સંશોધન વિષય સાથે સંબંધિત ઉપકલ્પનાઓ નીચે પ્રમાણે છે.

૧. પરિવર્તનના સંદર્ભમાં ડાંગ જિલ્લાની આદિમજાતિઓમાં સામાજિક અને સાંસ્કૃતિક જીવનની ભૂમિકા તપાસવી.

૨. પરિવર્તનના સંદર્ભમાં ડાંગ જિલ્લા આદિવાસીઓમાં આર્થિક પાસાંઓ અને શૈક્ષણિક સ્તર તપાસવું.

૩. ડાંગ જિલ્લની મુખ્યત્વે 'ભીલ', 'વારલી', 'કુનબી' તેમન 'ગામીત' આદિમજાતિઓમાં આવેલાં પરિવર્તનને તપાસવું.

૪. ડાંગમાં વસવાટ કરતા આદિભ જાતિમાં બદલાયેલા દ્રષ્ટિકોને તપાસવું.

૫. પરિવર્તનના સંદર્ભમાં ડાંગ જિલ્લાનાં આદિમ જાતિની જીવનશૈલીમાં કેવા ફેરફાર થયા છે. તે તપાસવું.

૬. સ્થાનિક જુદી જુદી જાતિઓ વચ્ચે આંતરિક તુલનાત્મક પરિવર્તનનો પ્રવાહ કેવો છે તે તપાસવું.

૭. ડાંગ જિલ્લામાં વસવાટ કરતી આદિમજાતિઓમાં ખાનપાન, પહેરવેશ, ઘરવખરી, રાચરચીલું, અવાસ, વસવાટ અન્ય સાધન સામગ્રી જેવાં પાસાંઓ તપાસવા.

૮. ડાંગ સમાજ વ્યવસ્થા અને વ્યવહારોનું વિશ્લેષણ કરવું.

૯. ડાંગી આદિવાસી સમુદાયોમાં નવા વિકસતા સંસ્કારો અને ધાર્મિક ક્રિયાકાંડો વિશેનો ખ્યાલ તપાસવો.

૧૦. ડાંગની સ્થાનિક જુદી-જુદી આદિવાસી જાતિ વચ્ચે આંતરક્રિયાઅને સામાજિક સંબંધોનું સ્વરૂપ તપાસવું.

આમ, ઉપરોકત દર્શાવેલ ડાંગ જિલ્લાના આદિવાસીઓનાં જમીન માલિકીનાં વૃક્ષો કાપવાના અધિકારોથી આવેલા પરિવર્તનને લગતા અભ્યાસમાં વિવિધ પાસાંઓને ધ્યાનમાં રાખીને ઉપકલ્પનાઓની રચના કરેલ છે., જે સંશોધનમાં પથદર્શક બની રહેશે.

## ૧.૫ સંશોધન ક્ષેત્રનો પરિચય

ભારત દેશમાં આદિવાસી વસ્તી ધરાવતા રાજયોમાં ગુજરાત પાંચમાં નંબરે આદિવાસીઓની બહોળી વસ્તી ધરાવતા રાજયોમાનું એક છે. દેશની કુલ આદિવાસી વસ્તીના પ્રમાણમાં તે બમણું છે. દેશમાં દર આઠ વ્યકિતએ એક આદિવાસી છે.

ગુજરાત રાજયમાં ઉત્તરે છેક અંબાજીથી માંડીને દક્ષિણે ડાંગ સુધીનો અરવલ્લી, વિધ્યાંચળ અને સાતપુડાની પર્વતમાળા અને જંગલો સરહદી વિસ્તારોમાં અનુક્રમે ઉત્તરે અરવલ્લીની હારમાળાઓમાં બનાસકાંઠા, સાબરકાંઠા જિલ્લાઓનો સરહદી વિસ્તાર મધ્ય અને પૂર્વ ગુજરાતમાં પંચમહાલ, દાહોદ, વડોદરા, ભરૂચ, અને નર્મદા જિલ્લાઓ, દક્ષિણે સાતપુડાના ડુંગરોવાળા સુરત, તાપી, નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લાઓના પહાડો તથા જંગલવાળા વિસ્તારમાં આદિવાસી જાતિઓ વસે છે.-[૮]

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં અભ્યાસક્ષેત્રે કેટલું છે? તે બતાવવું જરૂરી બને છે. આ અભ્યાસમાં દક્ષિણ ગુજરાતનો સરહદી જિલ્લો તરીકે ડાંગ જિલ્લામાં વસવાટ કરતી આદિવાસી જાતિઓ નો અભ્યાસ છે.

ડાંગ જિલ્લા વાસ્તવમાં એક જ તાલુકાનો બનેલો છે. જે તાલુકાનું નામ' આહવા' છે. જે ડાંગ જિલ્લાનું વહીવટી મથક છે. ડાંગ ગુજરાતનો સૌથી નાનો પણ વન્ય સંપત્તિથી ભરપુર ખડકાળ, ડુંગરાળ ખીણોથી સમૃધ્ધ છે. સહયાદ્રીની રમણિય પર્વતમાળઓથી સુરક્ષિત, પૂર્વ અને પશ્ચિમ તરફ ઢળતાં જંગલઆચ્છાદિત પ્રદેશ છે. કે જયાં કુદરતે છૂટા હાથે સૌંદર્ય વેર્યુ છે. એવા રમણિય પ્રદેશમાં પૂર્ણા, ખાપરી, અંબિમા જેવી નદીઓ વહે છે. ડાંગ જિલ્લાનું ક્ષેત્રફળ ૧૭૨૩૫૭ હેકટર છે. ડાંગ પ્રદેશ ભારતમાં ગુજરાત રાજયમાં ૨૦.૩૯ ઉત્તર અક્ષાંસથી ૨૧.૦૫ ઉત્તર અક્ષાંસ અને ૭૩.૨૯ પૂર્વ રેખાંશથી ૭૩.૫૧ પૂર્વ રેખાંશ વચ્ચે વિસ્તારેલો છે. ડાંગ જિલ્લા કુલ ૩૧૧ ગામડાંઓનો બનેલો છે. જેની કુલ વસ્તી ૨૦૦૧ની વસતિ ગણતરી પ્રમાણે ૧,૮૬,૭૨૯ થવા જાય છે.

**કોષ્ટક નં. ૧.૧**

**ડાંગ જિલ્લાની અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ અને અન્ય વસતિનાં આંકડા દર્શાવતું કોષ્ટક.**

| ક્રમ | જાતિ | અનુસુચિત જન- જાતિ | અનુસૂચિત જાતિ | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | પુરૂષ | ૮૭૭૬૩ | ૪૬૪ | ૫૭૪૭ | ૯૩૯૭૪ |
| ૨ | સ્ત્રી | ૮૭૩૧૬ | ૪૫૭ | ૪૯૮૨ | ૯૨૭૫૫ |
| ૩ | કુલ | ૧૭૫૦૭૯ | ૯૨૧ | ૧૦૭૨૯ | ૧૮૬૭૨૯ |

ડાંગની કુલ ૧૮૬૭૨૯ વસતિ ૩૬૪૯૮ કુટુંબોમાં વહેંચાયેલી છે. ડાંગમાં સાક્ષરતાનું પ્રમાણ ૮૯૫૮૬ એટલે કે ૫૯.૬૫ ટકા છે. જેમાં પુરુષોમાં સાક્ષરતાનો દર ૫૩૩૩૯ એટલે કે, ૭૦.૬૮ ટકા અને સ્ત્રીઓમાં સાક્ષરતાનો દર ૩૬૨૪૭ એટલે કે ૪૮.૫૧ ટકા જેટલો છે.

ડાંગ જિલ્લામાં ૨૦૦૧ની વસતિ ગણતરી પ્રમાણે હિન્દુ ધર્મ પાળતા લોકોનું પ્રમાણ ૧૬૫૪૩૬, મુશ્લિમ ૨૭૯૨, જૈન ૨૭; શીખ ૬૭, ખ્રિસ્તી ૧૭૭૬૦, બૌધ્ધ ૨૫ અન્યનું પ્રમાણ ૬૨૨ જેટલું છે. ડાંગમાં સૌથી વધુ હિન્દુ ધર્મ પાળતા લોકોનું પ્રમાણ છે. બીજા ક્રમે ખ્રિસ્તી ધર્મ પાળતા લોકોનું પ્રમાણ છે. સૌથી ઓછુ જૈન ધર્મિઓનું છે.

ડાંગમાં કુલ ૭૦ ગ્રામ પંચાયતો છે. તેમાંથી સ્વતંત્ર ગ્રામ પંચાયતોનું પ્રમાણ ૩ છે જયારે જૂથ ગ્રામ પંચાયતોનું પ્રમાણ ૬૭ જેટલું છે.

ડાંગ જિલ્લા દરિયાની સપાટીથી ૪૩૨૧ ફૂટની ઉંચાઈએ આવેલો છે. ડાંગ જિલ્લામાં વસવાસટ કરતી મુખ્ય જનજાતિઓમાં 'કુનબી' (કુકણા), 'ભીલ', 'વારલી' 'ગામીત' 'કોટવાળિયા' વગેરે જાતિઓ છે. આ આદિવાસી જાતિઓમાં સામાજિક, આર્થિક , સાંસ્કૃતિ, શૈક્ષણિક તથા રાજકીય જીવનમાં કેવું પરિવર્તન આવ્યું છે. તની વર્તમાન સ્થિતિ તપાસવાની છે.–[૯]

સમગ્ર ડાંગ જિલ્લા જંગલોથી આચ્છદિત છે. તેથી સમગ્ર ડાંગ જિલ્લામાં વહિવટી ક્ષેત્રે જંગલખાતાનું આધિપતય રહયું છે. સમગ્ર ડાંગ જિલ્લાને ઉત્તર ડાંગ વન વિભાગ અને દક્ષિણ ડાંગ વન વિભાગ એવા બે મુખ્ય વિભાગામાં વિભાજિત કરેલ છે. ઉત્તરડાંગ વનવિભાગમાં કુલ આઠ રેંજ અને એક ઈમારતી માલ વેંચાણ માટેનો ટીમર ડેપો આવેલ છે. જયારે દક્ષિણ ડાંગ વનવિભાગમાં કુલ સાત રેંજ, એક નેંશનલ પાર્ક, ટીમર ડેપો, એક જંગલખાતા આધારિત સોમીલ અને એક બોટેનિકલ ગાર્ડનનો સમાવેશ થાય છે.

દરેક રેંજ દ્વારા જમીન માલિકીનો હક્ક ધરાવતા ખેડૂતોને તેમની માલિકીની જમીનમાં રહેલા વૃક્ષોમાંથી કુલ ૧૦ વૃક્ષો કાપવાની મંજૂરી જંગલખાતા દ્વારા આપવામાં આવે છે. સમગ્ર ડાંગ જિલ્લામાં ૧૯૯૩ થી ૨૦૦૮ સુધીમાં ૭૫૦૦ ડાંગના ખેડૂતોને વૃક્ષો કાપવાની મંજૂરી જંગલખાતા દ્વારા મળી છે. તેમાંથી ૩૦૦ જમીન માલિકીનાં વૃક્ષો કાપનારશ ખેડૂતોને મારા સંશોધનના અભ્યાસ હેઠળ ઉત્તરદાતા તરીકે પસંદ કરેલ છે.

## ૧.૬ અભ્યાસની પદ્ધતિઓ અને પ્રવિધિઓઃ–

મનુષ્ય જયાં છે, ત્યાં સમાજ છે અને સમાજમાં અનેક સામાજિક ઘટનાઓ જોવા મળે છે. સામાજિક ઘટનાઓ એટલે સમાજમાં રહેતી વ્યકિતઓની ક્રિયાઓ, વર્તનો અને ચિંતનની રીત. સામાજિક ઘટનાઓમાં વિવિધતા, જટીલતા, અમૂર્તતા અને પરિવર્તનશીલતાની વિશેષતાઓ જોવા મળે છે. આ ઘટનાઓમાં અનિશ્ચિતતા અને પક્ષપાત પણ હોય છે. આ સામાજિક ઘટનાઓનો અભ્યાસ જયાં સુધી વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા સંશોધન કરવામાં આવતું નથી ત્યાં સુધી અભ્યાસના આધારે ચોક્કસ સામાજિક નિયમો કે સિદ્ધાંતો રચી શકાતા નથી. આથી વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા સંશોધન કરવું જરૂરી છે. સમાજના સંદર્ભમાં સમાજ જીવનનાં કોઈ પણ સામાજિક પાસાંઓનો અભ્યાસ વૈજ્ઞાનિક પધ્ધતિ દ્વારા કરવામાં આવે છે. જેથી અનુભવજનય, વાસ્તવિક અને હકીકતલક્ષી જ્ઞાન

મેળવી શકાય છે. આથી આ સંશોધનમાં વૈજ્ઞાનિક અભિગમનો આધાર લઈને વાસ્તવિક અને હકીકતલક્ષી માહિતી મેળવવાનો પ્રયાસ કર્યો છે.

કોઈ પણ સંશોધન કાર્યની સફળતાનો આધાર તેનો આયોજન અને કાર્યપધ્ધતિ પર અવલંબે છે. સામાજિક સંશોધન જેવી રીતે વિષય પસંદગી વખતે સાવચેતી રાખવી પડે છે તેવી જ રીતે કઈ કાર્યપધ્ધતિ કે પ્રવિધિથી માહિતી એકત્ર કરવાની છે તેની પસંદગી પણ સાવચેતીપૂર્ણ કરવાની રહે છે. કારણ કે અભ્યાસનું એકમ કયું છે? તેને અનુલક્ષીને જ અભ્યાસ વૈજ્ઞાનિક બની શકે છે.

સામાજિક સંશોધનનો મુખ્ય હેતુ સામાજિક જીવન ને લગતા વૈજ્ઞાનિક જ્ઞાનમાં વૃધ્ધિ કરવા સાથે સંકળાયેલી પ્રક્રિયા છે. આ પ્રક્રિયા સામાજિક જીવનને લગતા સિધ્ધાંતો સ્થાપવાનું ધ્યેય ધરાવે છે. આ ઉપરાંત વ્યવહારલક્ષી પાસું પણ મહત્ત્વનું છે.

પ્રસ્તુત અભ્યાસ એક સામાજિક સંશોધન છે. સામાજિક સંશોધન માટે પાલીન યંગ જણાવે છે. કે, "સામાજિક સંશોધન એક વૈજ્ઞાનિક સાહસ છે, જે તાર્કિક અને પધ્ધતિસરની પ્રવિધિઓની મદદ વડે નવી હકિકતો શોધવાનું કે જૂની હકિકતોની ચકાસણી અને પરીક્ષણ કરવાનું, આ હકીકતોની ક્રમબધ્ધતા, તેમની વચ્ચેના પારસ્પરિક સંબંધો અને કાર્યકરણની સમજૂતી આપવાનું તેમજ માનવ વર્તનનો, વિશ્વસનીય અને યથાર્થ અભ્યાસ કરવાનું સુગમ બનાવતા તથા વૈજ્ઞાનિક ઉપકરણો, ખ્યાલો અને સિદ્ધાંત વિકસાવવાના ધ્યેયો ધરાવે છે."-[૧૦]

પ્રો.ગોપાલના મતે "વસ્તુલક્ષી અને ચકાસણીજન્ય પધ્ધતિઓ દ્વારા હકીકતો શોધવા માટેની, હકીકતો વચ્ચેનો સંબંધ શોધવા માટેની અને તેના આધારે સિધ્ધાંત કે નિમયો તારવા માટેની વ્યવસ્થિત તપાસને સંશોધન કહેવાય."-[૧૧]

પ્રસ્તુત અભ્યાસમાં સૌ પ્રથમ વિષય નકકી કરવા, અભ્યાસની પૂર્વભૂમિકા મેળ વવા અને પ્રાથમિક જ્ઞાન મેળવવા માટે ગ્રંથાલયનો ઉપયોગ કર્યો છે. અતયાર સુધી થયેલા વિષય સાથે સંબંધિત અભ્યાસો વિશે જાણકારી મેળવવા, સંદર્ભ પુસ્તકો મેળવવા, મેગેઝીન અને પ્રકાશિત લેખોની માહિતી મેળવવા, વિષયક્ષેત્રેની ઐતિહાસિક, ભૌગોલિક માહિતી મળેવવા, વસ્તીવિષયક આંકડાઓ મેળવવા અને સંશોધન વિષયક પૂરક માહિતી મેળવવા ગ્રંથાલય અને વહિવટી કચેરી દ્વારા ઉપલબ્ધ આંકડાઓનો ઉપયોગ કર્યો છે.

પસ્તુત અભ્યાસમાં માહિતીનું સ્વરૂપ, માહિતીનું ક્ષેત્રે વગેરે જોતાં માહિતી એકત્રકરણ માટે નીચેની પ્રવિધિઓ પસંદ કરવામાં આવેલ છે.

❑ **નિદર્શનની પસંદગીઃ–**

સંશોધન વિષયની પસંદગી બાદ, સંશોધન ક્ષેત્ર નકિક કરવામાં આવે છે. તે ક્ષેત્રેમાંથી અભ્યાસ એકમો કે નિદર્શનની પસંદગી કરવી અનિવાર્ય બને છે. આ અભ્યાસમાં, સંશોધન ક્ષેત્રેમાં એકમોનું પ્રમાણ વિશાળ છે. અભ્યાસનાં હેતુઓ, સમય મર્યાદા જેવા કારણોને લીધે અભ્યાસ ક્ષેત્રેના તમામ અકમોનો અભ્યાસ થઈ શકતો નથી. તેથી સમગ્ર કે સમષ્ટિના ભાગરૂપે ચોક્કસ એકમોને પસંદ કર્યા છે. આ માટે નિદર્શન પધ્ધતિનો સ્વીકાર કરવામાં આવયો છે. કાઈ પણ પ્રશ્નની તપાસ માટે માહિતી એકત્ર કરવી પડે છે. જો સંશોધન ક્ષેત્રેમાં રહેલા બધાજ એકમોની તપાસ કરવામાં આવે તો તેને સમગ્ર અથવા સમષ્ટિની તપાસ કહે છે. આ પધ્ધતિની કેટલીક મર્યાદાઓ છે. જેમ કે (૧) સમષ્ટિમાં એકમોની સંખ્યા વધારે હોય તો આ પધ્ધતિમાં વધારે સમય જાય છે. અનેખર્ચ પણ વધે છે. (૨) વિશાળ સમષ્ટિમાંથી માહિતી મેળવવા અનેક વ્યકિતઓની નિમણૂંક કરવી પડે છે. તેથી ચોક્કસાઈનું ધોરણ જાળવી શકાતું નથી. આ મર્યાદાઓના સંદર્ભમાં પ્રસ્તુત અભ્યાસમાં સમાષ્ટિ તપાસને બદલે સમષ્ટિમાંથી કેટલાક પ્રતિનિધિરૂપ એકમો લેવામાં આવ્યા છે. અને તે નમૂનાઓની તપાસ કરીને તે માહિતી ઉપરથી સમષ્ટિ વિશે અનુમાન કરવામાં આવેલ છે. સમષ્ટિના કોઈ એક ભાગને નમૂનો અથવા નિદર્શ (Sample) કહે છે. આમ, નિદર્શ પાસેથી માહિતી મેળવી સમષ્ટિ માટે પરિણામો તપાસવાની પધ્ધતિને નિદર્શન પધ્ધતિ (Sample method) કહેવામાં આવે છે.

મુલર અને સુસલર કહે છે કે, " સમષ્ટિનો ગમે તે ભાગ એ નિદર્શ નથી પરંતુ સમષ્ટિના જે ભાગને સમષ્ટિની લાક્ષણિકતાઓ દર્શાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે તે ભાગને નિદર્શ કહેવાય"–[૧૨]

ગુડ અને હાટના મતે," સમષ્ટિનું પ્રતિનિધિત્વ ધરાવતો નાનો નમૂનો એટલે નિદર્શ."–[૧૩]

વોકર અને લેવ નોંધ છે કે "સમષ્ટિ વિશે માહિતી મેળવવાના હેતુથી એ સમષ્ટિમાંથી પસંદ કરેલા એકમોના સમૂહને નિદર્શ કહેવાય."–[૧૪]

સમષ્ટિમાંથી નિદર્શન મેળવવા માટે જુદી જુદી પ્રવિધિઓમાંથી સંશોધક પોતના સંશોધન ક્ષેત્ર વિશાળ હોય, સમય અને સાધનોની મર્યાદાને ધ્યાનમાં રાખી આકસ્મિક નિદર્શન(Accidental or Haphazard Sampling) પધ્ધતિ દ્વારા એકમોની પસંદગી કરવામાં આવી છે.

– **આકસ્મિક નિદર્શનઃ–**

સામાજિક સંશોધન માટે જોઈતી માહિતી મેળવવા પ્રતિ–નિધિત્વની માત્રાને લક્ષ્યમાં રાખ્યા વિના દૈવયોગે જે કોઈ એકમોનો આકસ્મિક ભેટો થઈ જાય તેવા એકમોને નિદર્શ તરીકે પસંદ કરવામાં આવે ત્યારે તેને આકસ્મિક નિદર્શન કહેવાય આવે છે.–[૧૫]

પ્રસ્તુત અભ્યાસમાં ડાંગ જિલ્લાનાં ૩૧૧ ગામડાંઓમાંથી ૭૫૦૦ ઉત્તરદાતાઓને જમીન માલિકીનાં વૃક્ષો કાપવાનો અધિકાર ૧ એપ્રિલ ૧૯૯૩ થી ૩૧ માર્ચ–૨૦૦૮ સુધીમાં ડાંગ જિલ્લા વનવિભાગ દ્વારા આપેલ છે. તેથી આ મારા અભ્યાસમાં ઉત્તર ડાંગ વનવિભાગની કુલ ૮ રેંજ ઓફિસો અને દક્ષિણ ડાંગ વનવિભાગની કુલ ૭ રેંજ ઓફિસો મળીને કુલ ૧૫ રેંજ ઓફિસોને મુખ્ય સેમ્પલ તરીકે લઈને દરેક રેંજનાં બે ગામડાં મળ ીને કુલ ૩૦ ગામડાંઓને પેટા–સેમ્પલ તરીકે લઈને, દરેક ગામડાંમાંથી ૧૦ ઉત્તરદાત્તાઓ મળીને, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓ કે જે કુલ લાભાર્થીઓના ૪ટકા થાય છે. તેનો નિદર્શ પધ્ધતિમાં આકસ્મિક નિદર્શનની સાથે–સાથ મુલાકાલ પધ્ધતિમાં મુલાકાત અનુસૂચિ પધ્ધતિ પ્રમાણે પસંદગી કરીને માહિતી મેળવવાનો પ્રયત્ન કરાવમાં આવેલ છે. ઉપરોકત માહિતીને કોષ્ટક દ્વારા નીચે પ્રમાણે દર્શાવેલ છે.

ડાંગ જિલ્લાને વનવિભાગની રીતે મુખ્ય બે વિભાગોમાં વહેંચેલ છે.

(અ) ઉત્તર ડાંગ વનવિભાગઃ

(બ) દક્ષિણ ડાંગ વનવિભાગઃ

## (અ) ઉત્તર ડાંગ વનવિભાગની રેંજ, ગામ અને ઉત્તરદાતાઓની સંખ્યા દર્શાવતું કોષ્ટક:

| વિભાગ | વનવિભાગ | અ.નં. | રેંજનું નામ | ગામનું નામ | ઉત્તરદાતાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|
| (અ) | ઉત્તરડાંગ વનવિભાગ | ૧ | આહવા પશ્ચિમ રેંજ | ૧ ભવાનદગડ | ૧૦ |
| | | | | ૨ સતી | ૧૦ |
| | | ૨ | લવચાલી રેંજ | ૧ લવચાલી | ૧૦ |
| | | | | ૨ ગાય ગોઠણ | ૧૦ |
| | | ૩ | સુબિર રેંજ | ૧ સુબિર | ૧૦ |
| | | | | ૨ પીપલ દહાડ | ૧૦ |
| | | ૪ | સિંગાણા રેંજ | ૧ સિંગાણા | ૧૦ |
| | | | | ૨ ગાંવદહાડ | ૧૦ |
| | | ૫ | પિપાલઈ દેવી રેંજ | ૧ પિપલાઈ દેવી | ૧૦ |
| | | | | ૨ કાકડવિહિર | ૧૦ |
| | | ૬ | કાલીબેલ રેંજ | ૧ કાલીબેલ | ૧૦ |
| | | | | ૨ ભાલખેત | ૧૦ |
| | | ૭ | ભેંસ કાતરી રેંજ | ૧ ભેંસકાતરી | ૧૦ |
| | | | | ૨ વાકન | ૧૦ |
| | | ૮ | બરડીપાડ રેંજ | ૧ સાજુપાડા | ૧૦ |
| | | | | ૨ ખોખરી | ૧૦ |
| | કુલ | ૮ | રેંજ | ૧૬ ગામડા | ૧૬૦ |

## (બ) દક્ષિણ ડાંગ વનવિભાગની રેંજ, ગામ અને ઉત્તરદાતાઓની સંખ્યા દર્શાવતું કોષ્ટક:

| વિભાગ | વનવિભાગ | અ.નં. | રેંજનું નામ | ગામનું નામ | ઉત્તરદાતાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|
| (બ) | દક્ષિણ ડાંગવિભાગ | ૧ | આહવા પૂર્વ રેંજ | ૧ ગોંડલવિહિર | ૧૦ |
| | | | | ૨ બોરખેત | ૧૦ |
| | | ૨ | વઘઈ રેંજ | ૧ ખિરમાણી | ૧૦ |
| | | | | ૨ બારખાંદિયા | ૧૦ |
| | | ૩ | સાકરપાતળરેંજ | ૧ મોટી દાબદર | ૧૦ |
| | | | | ૨ નાની દાબદર | ૧૦ |
| | | ૪ | ચીખલી રેંજ | ૧ નાના પાડા | ૧૦ |
| | | | | ૨ નડગ ચોંડ | ૧૦ |
| | | ૫ | સામગહાન રેંજ | ૧ સામગહાન | ૧૦ |
| | | | | ૨ જાખાના | ૧૦ |
| | | ૬ | ગલકુંડ રેંજ | ૧ બીલમાળા | ૧૦ |
| | | | | ૨ લીંગા | ૧૦ |
| | | ૭ | ચીચીનાગાંવઠારેંજ | ૧ચીચીનાગાંઠા રેંજ | ૧૦ |
| | | | | ૨ ઢાઢરા | ૧૦ |
| | કુલ | ૭ | રેંજ | ૧૪ ગામડાં | ૧૪૦ |

ઉપરોક કોષ્ટકમાં ઉત્તરડાંગ વનવિભાગની ૮ રેંજના ૧૬ ગામડાંઓમાંથી ૧૬૦ ઉત્તરદાતાઓનો અને દક્ષિણ ડાંગ વનવિભાગની ૭ રેંજના ૧૪ ગામડાંઓમાંથી ૧૪૦ ઉત્તરદાતા મળીને કુલ ૩૦૦ ઉત્તરદાતાઓ ન મેં મારા સંશોધન અભ્યાસ હેઠળ ઉત્તરદાતાઓ તરીકે પસંદ કરેલા છે.–[૧૬]

આ અભ્યાસમાં કુલ ઉત્તરદાતાઓમાંથી ડાંગ જિલ્લામાં વસવાટ કરતી અને જમીન માલિકી હક્ક ધરાવતી કુલ ૪ જાતિઓમાં કુનબી/કુકણા, ભીલ, વારલી અને ગામીત જાતિઓનો અભ્યાસ કરવાનો ઉપક્રમ સેવ્યો છે. જમીન માલિકીના વૃક્ષો કાપવાના લાભ

થકી ડાંગ જિલ્લામાં દરેક જાતિઓમાં તેમજ તેમના કુટુંબોમાં કેવું પરિવર્તન આવ્યું છે તે કરવાનો પ્રયાસ છે. ઉપરાંત કુલ ઉત્તરદાતાઓના કૌટુંબિક, સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક, શૈક્ષણિક તેમજ રાજકીય જીવનમાં તેની શું અસર પડી છે? તેનાથી કેવું પરિવર્તન આવ્યું છે? કેટલા અંશે તેમજ કયા ક્ષેત્રે પરિવર્તન આવ્યું છે? તે જાણવાનો પ્રયાસ છે. એના આધારે સમગ્ર જિલ્લાની માહિતી મેળવવાનો પ્રયાસ છે.

## ૧.૭ માહિતી એકત્રીકરણની પધ્ધતિઃ-

સામાજિક સંશોધનમાં નિદર્શનની પસંદગી બાદ, માહિતી એકત્રીકરણ અભ્યાસ માટે મહત્ત્વનું સોપાન બને છે. સામાજિક સંશોધનમાં જેવી રીતે વિષય પસંદગી વખતે સાવચેતી જરૂરી છે. તેવી જ રીતે કઈ પધ્ધતિથી માહિતી એકત્રિત કરવી તે પણ સાવચેતી માંગી લે છે. સંશોધન યોજનાનું ઘડતર કરતી વખતે જ સંશોધક માહિતી પ્રાપ્ત કરવા માટે કઈ પધ્ધતિ ઉપયોગ બનશે તેનો વિચાર કરે છે. અભ્યાસના એકમો અને ઉપકલ્પનાઓને ધ્યાનમાં રાખીને માહિતી એકત્રીકરણની પધ્ધતિ નક્કિ કરવામાં આવે છે. પ્રશ્નનો અભ્યાસ તેમજ તેના ઉકેલનો આધાર તે પ્રશ્ન વિશે એકત્રિત કરેલી માહિતીની સચોટતા પર રહેલો છે.

સામાજિક સંશોધનમાં માહિતી ખુબ અગત્યતા ધરાવે છે. સૈધ્ધાંતિક માહિતી વિશે પોલીન યંગના શબ્દોમાં કહીએ તો, "માહિતીમાં બનાવો, આંકડાઓ, અનુભવો, હક્કિતો ઉપરાંત બીજી ઘણી બધી વિતો સમાવેશ થાય છે. આવી વિગતોમાં વ્યકિતના વિચારો, વલણો, પ્રવૃત્તિઓ, માન્યતાઓ, સામાજિક ધોરણો કે મૂલ્યો પણ હોય શકે છે."-[૧૭]

આ અર્થમાં આ અભ્યાસમાં આંકડાઓ, અનુભવો, હક્કિતો, વ્યકિતઓના વિચારો, વલણો, માન્યતાઓ, સામાજિક મૂલ્યો વગેરે માહિતી તરીકે સ્વીકારવામાં આવી છે.

### ૧.૭.૧ માહિતીના પ્રકારોઃ-

(૧) પ્રાથમિક માહિતી

(૨) ગૌણ માહિતી

### – પ્રાથમિક માહિતીઃ

જે માહિતી સંશોધક પોતે જાત તપાસ કે અવલોકન દ્વારા મેળવે અથવા સંશોધનકે પોતાની પસંદ કરેલ વ્યકિતઓ દ્વારા જે માહિતી મેળવવામાં આવે તેને પ્રાથમિક માહિતી

કહેવામાં આવે છે. આમ, સંશોધન ક્ષેત્રમાંથી સંશોધકે સંશોધન સમસ્યાઓના હેતુઓ માટે મેળવવામાં આવેલી ચોક્કસ પ્રકારની માહિતીને પ્રાથમિક માહિતી ગણી શકાય.

પોલીન યંગ પ્રાથમિક માહિતીની વ્યાખ્યા આપતાં જણાવે છે કે " સંશોધકે પ્રત્યેક્ષ રીતે જ જાતે સૌ પ્રથમ વાર એકત્ર કરેલી માહિતીને પ્રાથમિક માહિતી કહેવાય, આવી માહિતીના સંપાદક તેમજ તેનાં પ્રકાશનની જવાબદારી પણ માહિતી એકત્ર કરનાર મૂળ વ્યકિતની રહે છે."–[૧૮]

આમ, પ્રાથમિક માહિતી સંશોધકે સ્વતંત્ર રીતે સૌ પ્રથમવાર મેળવેલી મૌલિક માહિતી હોય છે. પ્રાથમિક માહિતી મેળવવામાં પ્રશ્નાવલી, મુલાકાત, નિરિક્ષણ, અનુસૂચિ વગેરે પધ્ધતિ દ્વારા મેળવી શકાય છે.

પ્રસ્તુત સંશોધન અભ્યાસના મુખ્ય હેતુઓ અને અભ્યાસ હેઠળની બાબતોના સંદર્ભમાં ઉત્તરદાતાઓ પાસેથી પ્રાથમિક માહિતી મેળવવા માટે મુખ્ય પધ્ધતિ તરીકે મુલાકાત પધ્ધતિ અને સહાયક પધ્ધતિ તરીકે નિરીક્ષણ પધ્ધતિનો પણ વ્યાપક ઉપયોગ કરવામાં આવેલ છે. તેમજ સાધન તરીકે અનુસૂચિનો ઉપયોગ કરવામાં આવેલ છે.

– **ગૌણ માહિતીઃ–**

ગૌણ માહિતીને દ્વિતિય કક્ષાની માહિતી પણ કહી શકાય.

ડેનીસ અને સ્ટીફન રીચરના મતે " સામાજિક સંશોધકના ચોક્કસ સંશોધન હેતુની પરિપૂર્તિ માટે એકત્ર કરવામાં આવી ન હોય તેવી પહેલેથી જ અસ્તિત્વ ધરાવતી કે નોંધાયેલી માહિતીને ગૌણ માહિતી કહેવાય."–[૧૯]

આમ ગૌણ માહિતી અગાઉથી એકત્રીત સ્વરૂપે મળેલી માહિત કે દસ્તાવેજી માહિતી છે. આ અર્થમાં સરકારી ખાતાના આંકડા, વસ્તી ગણતરીના અહેવાલો, સામાયિકો, પુસ્તકો, સંશોધન લેખો, સર્વેક્ષણો વગેરે સંશોધન હેતુ માટે ગૌણ માહિતી પૂરી પાડે છે.

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં ગૌણ માહિતી મેળવવા માટે તેમનો ઈતિહાસ, અભ્યાસને લગતા સંશોધન અહેવાલો, પુસ્તકો, વહીવટી દસ્તાવેજો અને આંકડાઓ, સામાયિકો, વર્તમાન પત્રના કટીંગ્સ, વસ્તી ગણતરીના અહેવાલો, આંકડાશાસ્ત્રીય માહિતી અને લેખો વગેરેનો ઉપયોગ કરવામાં આવ્યો છ. ઉત્તરદાતાઓ પાસેથી પ્રાપ્ત કરેલ માહિતીનું વર્ગીકરણનું અને અર્થઘટન કરી તારણો તારવી અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે.

### ૧.૭.૨ સામાજિક સંશોધન પધ્ધતિઃ-

સંશોધકે તેની સંશોધન યોજનામાં સંશોધન વિષય અંગે જરૂરી માહિતી એકત્ર કરવા માટે જે પધ્ધતિનો ઉપયોગ કરવાનો હોય. તેની સંશોધન યોજનામાં સ્પષ્ટતા કરવી જરૂરી છે. માહિતી એકત્રીત કરવા માટેની વિવિધ વૈજ્ઞાનિક પધ્ધતિઓ છે. નિરિક્ષણ, મુલાકાત, અનુસૂચિા, પ્રશ્નાવલિ, વ્યકિત તપાસ વગેરે અનેક સંશોધન પધ્ધતિઓમાંથી સંશોધકને સંશોધન માટે કેવા સ્વરૂપની માહિતીની જરૂર છે. સંશોધનનો વિષય કયો છે. કયાં ક્ષેત્રમાંથી માહિતી મેળવવી છે તેના આધારે સંશોધન માટે પધ્ધતિની પસંદગી કરવામાં આવે છે. આ બધી બાબતોને ધ્યાનમાં રાખી સંશોધન માટે પધ્ધતિઓ પસંદ કરવામાં આવેલ છે.

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધન ક્ષેત્ર તરીકે ડાંગ જિલ્લાને પસંદ કરી આકસ્મિક નિદર્શન પધ્ધતિ દ્વારા ૩૦૦ ઉત્તરદાતાઓની પસંદગી કરી મુલાકાત પધ્ધતિનો ઉપયોગ કરી માહિતી મેળવવામાં આવી છે. સાધન તરીકે મુલાકાત અનુસૂચિ અને સહાયક પધ્ધતિ તરીકે નિરીક્ષણ પધ્ધતિનો ઉપયોગ કરી માહિતી મેળવવામાં આવેલ છે.

### ૧.૭.૨.૧ મુલાકાત પધ્ધતિઃ-

મુલાકાત પધ્ધતિમાં સંશોધન કર્તાએ માહિતીકદાતાને પ્રત્યક્ષ મળીને સંશોધન સમસ્યાના અનુસંધાનમાં અગાઉથી બનાવેલ ચોક્કસ સ્વરૂપના પ્રશ્નો પૂછીને કે માર્ગદર્શકરૂપ મુદ્દાને ધ્યાનમાં રાખીને, પ્રશ્નો પૂછીને, વાતચિત કરીને માહિતી દાતાનાં પ્રતિભાવો વિશેની માહિતી મેળવેલ છે. મુલાકાત પધ્ધતિએ સંશોધક અને માહિતીદાતા વ્યકિતઓ વચ્ચેની આંતરક્રિયા છે.

રીચર "મુલાકાત પધ્ધતિને એક પ્રકારની સંવાદની પરિસ્થિતિ (Dialogue Situation) તરીકે ઓળખાવતા નોંધે છે કે, મુલાકાત એ સંશોધક અને માહિતી દાતા વચ્ચેની શાબ્દિક આપલેની પ્રક્રિયા છે. આ પ્રક્રિયામાં માહિતી દાતા તરફથી મળતી માહિતીની નોંધ સંશોધક પોતે કરે છે."–[૨૦]

મોઝર અને કાલ્ટનના મતે " માહિતી મેળવવાના હેતુ સાથે મુલાકાત લેનાર અને માહિતી દાતા વચ્ચે થતી વાતચિતને મુલાકત કહેવાય"–[૨૧]

પ્રસ્તુત સંશોધન અભ્યાસ ક્ષેત્રે પછાત, ગરીબ અને નિરક્ષર આદિવાસી સમાજ

હોય બધાજ ઉત્તરદાતાઓ શિક્ષિત ન હોય, ત્યારે પ્રશ્નાવલી પધ્ધતિ અહિં ઉપયોગી બનતી નથી. તેથી મુલાકાત પધ્ધતિનો ઉપયોગ કરી માહિતી મેળવવામાં આવી છે. મુલાકાત લેવા માટેના સાધન તરીકે મુલાકાત અનુસૂચિ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**૧ઃ૭ઃ૨ઃ૨ મુલાકાત અનુસૂચિ પધ્ધતિઃ-**

મુલાકાત અનુસૂચિ સંશોધન સમસ્યાના અનુસંધાનમાં પહેલેથી જ ઘડેલા ક્રમબધ્ધ પ્રશ્નોનું બનેલું પત્રક છે. સંશોધક કાર્યકર માહિતીદાતાને રૂબરૂ મળીને ક્રમબધ્ધ પ્રશ્નો પૂછીને તેની પાસેથી માહિતી મેળવે છે. અને એ માહિતી દાતાને સંશોધક કાર્યકર્તા પોતે જ આ પત્રકમાં ભરે છ. માહિતીદાતાને કોઈ પ્રશ્ન ન સમજાય તેવા સંજોગોમાં સંશોધક કાર્યકતા તેને પ્રશ્ન સમજાય તે રીતે રજૂ કરે છે. પ્રશ્નનો અર્થ સ્પષ્ટ કરે છે. આ રીતે સંશોધન કાર્યકર અનુસૂચિ મુજબના પ્રશ્નો માહિતીદાતાને સમજાય તે રીતે રજૂ કરી શકે છે.

ગુડ અને હાટના મતે " અનુસૂચિ એ પ્રશ્નોનો સંકુલ છે. તે શ્રેણી બધ્ધ પ્રશ્નોનું બનેલું પત્રક છે. મુલાકાત લેનાર અભયાસ હેઠળની વ્યકિતને રૂબરૂ મળીને પત્રક અનુસાર પ્રશ્ન પૂછે છે અને મળતા જવાબો આ પત્રકમાં મુલાકાત લેનાર પોતે જ ભરે છે."-[૨૨]

પ્રસ્તુત સંશોધન અભયાસમાં પ્રાથમિક માહિતી મેળવવા માટે મુલાકાત પધ્ધતિનાં સાધન તરીકે મુલાકાત અનુસૂચિનો ઉપયોગ કરવામાં આવેલ છે. સંશોધન ક્ષેત્રમાં શિક્ષણનું ઓછું હોય, પ્રત્યેક ઉત્તરદાતા શિક્ષિત ન હોવાથી પ્રશ્નાવલી પધ્ધતિ દ્વારા માહિતી એકત્રિત કરી શકાય તેમ નથી. એટલા માટે મુલાકાત અનુસૂચિ પધ્ધતિ પસંદ કરેલ છે. ઉત્તરદાતાને પ્રત્યક્ષ કે રૂબરૂ મળીને કોઈ પણ પ્રશ્ન વિશે ચર્ચા કરી, તેમજ ઉડાણ પૂર્વકની માહિતી પણ કેટલાક પ્રેરક પ્રશ્નો દ્વારા મેળવી શકાય. આ હેતુથી પ્રસ્તુત સંશોધન અભ્યાસ માટે મુલાકાત અનુસૂચિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

મુલાકાત અનુસૂચિમાં સૌ પ્રથમ સામાન્ય માહિતીને લગતા પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. સામાજિક કુટુંબ, લગ્ન, જન્મ, મૃત્યું, સ્ત્રીનું સ્થાન, ખાનપાન, પહેરવેશ, ઘરવખરી, રાચરચીલું, આવાસ, વસવાટની ઢબ, અન્ય સાધન-સામગ્રી વગેરને લગતા પ્રશ્નો તૈયાર કરી પૂછવામાં આવ્યા હતા. આર્થિક પરિસ્થિતિ વિષયક વ્યવસાય, રોજગારી, જમીન, પૂરક રોજગારી, જંગલખાતા આધારિત રોજગારી વગેરે પ્રશ્નો પુછવામાં આવ્યા. આ

ઉપરાંત શિક્ષણ, સંસ્કૃતિ, ધાર્મિક તેમજ રાજકીય બાબતોને લગતી વિસ્તૃત અને વિશ્વસનીય માહિતી મળે તેવી રીતે પ્રશ્નોની રચના કરવામાં આવી હતી. ઉપયોગમાં લીધેલ મુલાકાત અનુસૂચિ પ્રસ્તુત અભ્યાસના અહેવાલના અંતે રજૂ કરવામાં આવી છે.

### ૧:૮ સંશોધન અભ્યાસનું મહત્ત્વઃ-

કોઈ પણ કર્યાની શરૂઆત કરતાં પહેલાં સંશોધકને એ બાબતોનું ખાસ ધ્યાન હોવું જરૂરી છે કે તેના સંશોધન અભ્યાસનું મહત્ત્વ કેટલું છે. ગમે તેટલું સારું અને સુંદર કાર્ય હશે પણ તની ઉપયોગીતા સાબીત ન થાય તો તે કાર્ય નિરર્થક નિવડે છે. માટે સંશોધક સંશોધન કાર્યની શરૂઆત કરે તયારે આ સંશોધન કેટલે અંશે સફળ પુરવાર થશે તે જાણવું ખુબજ જરૂરી છે. સમાજમાં ઉપયોગ આવે તેવું કાર્ય કરવું તે શ્રેષ્ઠ કહી શકાય. કોઈ પણ પ્રકારના સામાજિક સંશોધનો આખરે તો જે તે સમાજની સમસ્યાના ચિંતન અને નિવારણ રૂપે જ હોય છે.

પ્રસ્તુત સંશોધનની અંદર ડાંગ પ્રદેશમાં વસવાટ કરતા આધિવાસીઓને સરકાર દ્વારા જમીન માલિકીનાં ઝાડ કાપવાના અધિકાર થકી તેમની સામાજિક, આર્થિક, શૈક્ષીણક રાજકીય તેમજ સાંસ્કૃતિ પરિસ્થિતિમાં સુધારો લાવવામાં ખુબજ ઉત્કૃષ્ઠ પ્રયાસ થયેલ છે. ઝાડ કાપીને બજારમાં તેની માંગમાં સંદર્ભમાં ઉપજેલ આવક વધતા તેમના જીવન-ધોરણમાં સુધારા થયેલ છે. તે એક વાસ્તવિકતા છે. આવક વધતાં તેમના જીવન-ધોરણમાં સુધારો કરવા માટે સભ્ય સમાજને 'મોડેલ' તરીકે તેઓ જોઈને પોતાની સામાજિક પરિસ્થિતિ, આર્થિક સ્તર, શૈક્ષણિક દરજ્જો, અને સાંસ્કૃતિક જીવનમાં પરિવર્તન લાવવા માટે આદિવાસી સમુદાયના લોકો સક્રિય બન્યા છે. જે પરિવર્તનની ઉર્ધ્વગામીગતિનો સૂચક નિર્દેશ કરે છે.

સંશોધનકાર સંશોધનની રચના કરતાં પહેલા તેનું મહત્ત્વ સમજીને કાર્ય કરે તો શ્રેષ્ઠ અને સમાજ ઉપયોગી સિધ્ધ થઈ શકે છે. આ કાર્ય સંશોધક જ કરી શકે. પોતાનું સંશોધન કાર્ય એક આગવું કાર્ય બની રહે. તેનું સ્થાન સમાજમાં બની રહે તેવું થાય તો તેની ગુણવતા વધી જાય છે.

### ૧.૯ સંશોધનની મર્યાદાઓઃ-

આ સંશોધન ક્ષેત્રીય માહિતી અને વિશ્વસનિય અહેવાલોમાંથી પ્રાપ્ત વિગતોને

આધારે પુરું પાડવામાં આવ્યું છે તેની કેટલીક મર્યાદાઓ પણ છે જે એક શોધકર્તાના ઉપલબ્ધ સાધનો, સમય અને શકિતને લીધે ટાળી શકાય તેમ નથી. ડાંગ જિલ્લાનાં ૩૧૧ ગામડાંઓમાં વસવાટ કરતી આદિવાસી સમુદાયોનો અભ્યાસ સંશોધન કાર્ય કરતાં જે સમસ્યાઓ કે મર્યાદાઓ ઉભી થવાનો સંભવ છે તેમાની મહત્ત્વની મર્યાદાઓ નીચે પ્રમાણે છે.

૧. ડાંગ આદિવાસીઓમાંથી કેટલાક લોકો ઉંડાણનાં ગામડાંઓમાં વસવાટ કરે છે. ત્યાં કેટલીક જગ્યાએ ઉંડાણનાં ગામડાંઓમાં પહોંચવા માટે વાહન–વ્યવહારનો પ્રશ્ન સર્જાશે.

૨. અંતર્યાળ ગામડાંમાં વસવાટ કરતા ડાંગી આદિવાસીઓ માહિતી આપવામાં એક પ્રકારનો ખચકાટ અનુભાવશે.

૩. કોઈ સરકારી કામ હશે, એવું વિચારી પોતાની સાચી સ્થિતિનો પરિચય આપવામાં આનાકાની કરશે.

૪. ક્ષેત્રકાર્ય કરતી વખતે ઘણા પ્રશ્નોના જવાબો આપતી વખતે એક પ્રકારની કંટાળાનો ભાવ દર્શાવી, માહિતી આપવામાં આનાકાની કરશે.

૫. સમાજ વિજ્ઞાનની ચોક્કસ પરિભાષાઓ અને તના આધારે થતી પ્રશ્નોતરી જેવી પધ્ધતિ વધારે અસરકારક રહેશે નહીં.

૬. ત્યાંની સ્થાનિક ડાંગી બોલતા અને તેના દ્વારા પારસ્પરિક વ્યવહાર કરતા હોવાથી ગુજરાતી ભાષા દ્વારા પારસ્પરિક વ્યવહાર કરતા હોવાથી ગુજરાતી ભાષા દ્વારા કરવામાં આવેલ આંતરક્રિયામાં એક પ્રકારનું અલગતાપણું લાગશે.

૭. સભ્ય સમાજ શિક્ષિત અને વિકસિત વર્ગ સાથે તેમનો તુલનાતમક અભ્યાસ કરવા જતાં સમસ્યાનું એક સરખું સમાધાન કે પ્રતિપાદન કરી શકાતું નથી.

૮. અભ્યાસ ક્ષેત્રમાં રહીને મુલાકાત અનુસૂચિ દ્વારા એકત્ર કરવામાં આવેલ માહિતી સમય,સ્થળ,પરિસ્થિતિ અને નાણાંની મર્યાદાને કારણે મર્યાદિત બની હોય તો તે મર્યાદા ગણી શકાય.

આમ, આ પ્રકારની સંશોધન મર્યાદાઓને કારણે ઘણી વખત સંશોધનકાર્ય કે

અભ્યાસ એકાંકી જેવા લાગ છે. પરંતુ આમ બનવા છતાં પણ ઉપરોકત મર્યાદાઓન નિવારવા માટેનો સંનિષ્ઠ પ્રયાસ હું સંશોધક તરીકે કરીશ. કારણકે વિશ્વભરના સમાજ વૈજ્ઞાનિકોની સંઘર્ષ ગાથાઓ જેવા સંદર્ભ પુસ્તકો આવી મર્યાદાઓ વખતે મને સંશોધક તરીકે ચોક્કસ માર્ગદર્શન પુરું પાડશે. વધુમાં સંશોધક તરીકે મેં જે ક્ષેત્રે પસંદ કર્યુ છે તે વિસ્તાર જ મારું મૂળ વતન હોવાથી ત્યાંની ડાંગી બોલી, લોકોનાં વ્યવહારો, વર્તનો હાવભાવ વગેરે ને સારી રીતે સમજી શકીશ. તેમ છતાં મારા પોતાના અંગત વિચારો, મૂલ્યો, વલણો વગેરે સંશોધનનાં કાર્ય સાથે ભળે નહીં. તેની પુરી કાળજી રાખવી મારા માટે જરૂરી બનશે.

પ્રસ્તુત અભ્યાસ ડાંગ જિલ્લા આદિવાસીઓનાં જમીન માલિકીનાં વૃક્ષો કાપવાનાં અધિકારોથી આવેલું પરિવર્તનનાં સંદર્ભ આ સમગ્ર સંશોધનને નીચે મુજબ છ પ્રકરણોમાં આયોજિત કરેલ છે.

### ૧:૧૦ અહેવાલ લેખનનો તબક્કો:-

સંશોધન પ્રક્રિયાના છેલ્લાં સોપાનમાં સંશોધક પોતાનાં સંશોધનના આધારે ચોક્કસ તારણો ઉપર પહોંચે છે. આ તરણો વાંચકો સુધી પહોંચાડવા અહેવાલ દ્વારા તેની રજૂઆત કરે છે. આમ, અહેવાલ લખવો એ સંશોધન પ્રક્રિયાનું અંતિમ સોપાન છે. સંશોધનના તારણોથી સૌને વાકેફ કરવા અને વ્યવહારીક ઉપયોગીતા અહેવાલમાં વ્યકત થાય છે. તેથી, અહેવાલ લેખન વૈજ્ઞાનિક ઢબે થાય તે જરૂરી છે, સમગ્ર સંશોધન અભ્યાસને એકસૂત્રથી સાંકળી ક્રમબધ્ધ રીતે લખવાની શરૂઆત થાય છે.

### (૧) સંશોધન આયોજન:-

આ પ્રકરણમાં, અભ્યાસ વિષય વસ્તુની રજૂઆત, અભ્યાસનું મહત્ત્વ, અભ્યાસના મુખ્ય હેતુઓ, અભ્યાસ હેઠળની મુખ્ય બાબતો, અભયાસ સ્થળનો ટૂંકો પરિચય, અભ્યાસની પધ્ધતિ, નિદર્શનની પસંદગી, પ્રાપ્ત માહિતીનું વર્ગીકરણ અને અભયાસ અહેવાલનું આયોજન વગેરે મુદ્દાઓ આ પ્રકરણમાં રજૂ કરવામાં આવેલ છે.

### (૨) વિષય પરિચય:-

બીજા પ્રકરણમાં સંશોધન વિષયને અનુરૂપ પરિચય આપવામાં આવેલ છે. જેમાં ડાંગ જિલ્લાની ભૌગોલિક અને ઐતિહાસીક પૃષ્ઠભૂમિકા, ભારત, ગુજરાત અને ડાંગ

જિલ્લાનાં આદિવાસીઓનો પરિચય, વસ્તી અને ટકાવારીનું પ્રમાણ, જંગલનીતિ, તેમની પ્રાથમિક માહિતીનું આલેખન કરવામાં આવ્યું છે. તેમજ અભ્યાસ હેઠળનાં આદિવાસી સમાજની સામાજિક, આર્થિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક તથા રાજકીય પાર્શ્વભૂમિકાનો પરિચય આપવામાં આવ્યો છે.

## (૩) પુરોગામી અભ્યાસોઃ-

આ પ્રકરણમાં આદિવાસી સમાજને લગતા અગાઉ થયેલા વિવિધ અભ્યાસો પ્રસ્તુત મારા આ સંશોધન વિષય સાથે તુલના કરવામાં ઉપયોગી બની શકે તે માટે પુરોગામી અભ્યાસો વિશેની જાણકાર મેળવેલ છે. જેમાં પરિવર્તનનો અર્થ, પ્રક્રિયાઓ, કારણો, આદિવાસીઓ માટેના વિકાસ કાર્યક્રમો, આદિવાસી આંદલનો, ભારત, ગુજરાત અને ડાંગમાં પરિવર્તન વગેરે બાબતો રજૂ કરેલ છે.

## (૪) સામાજિક અને આર્થિક માહિતીનું વર્ગીકરણઃ-

આ પ્રકરણમાં ડાંગ જિલ્લાના આદિવાસીઓની સામાજિક અને આર્થિક પૃષ્ઠભૂમિકા રજૂ કરી છે. આદિવાસીઓની સામાજિક પરિવર્તનની પરિસ્થિતિમાં કુટુંબ, લગ્ન, રીતરિવાજોનો સમાવેશ કરેલ છે. તેમજ આર્થિક સ્થિતિ, વ્યવસાય અને રોજગારી, આર્થિક સમૃધ્ધિ, જંગલ અને જમીન વિષયક અધિકારોની માહિતી આર્થિક સંદર્ભમાં રજૂ કરવામાં આવેલ છે.

## (૫) શૈક્ષણિક, સાંસ્કૃતિક અને રાજકીય માહિતીનું વર્ગીકરણઃ-

આ પ્રકરણમાં ડાંગ જિલ્લાના આદિવાસીઓમાં શિક્ષણ, શિક્ષણ માટેની મુશ્કેલીઓ, સ્ત્રી-પુરુષોમાં શિક્ષણનું પ્રમાણ, નવી પેઢીઓમાં શિક્ષણ તરફનો ઝોક અને પ્રોફેશનલ શિક્ષણ તરફનો લગાવ વગેરે બાબતોની છણાવટ કરી છે. સાંસ્કૃતિક ક્ષેત્રે તેમની ભૌતિક સંસ્કૃતિમાંની બાબતોમાં રહેણી-કરણી, ખાન-પાન, પહેરવેશ, ભાષા(બોલી), સંગીતના સાધનો, ગીત-નૃત્યો,  ઘરવખરી, આવસ, તહેવાર, ઉત્સવો, મૃત્યુ, વસવાટ અને અન્ય સાધન-સામગ્રી વિશેની માહિતી રજૂ કરેલ છે. રાજકીય પ્રવૃત્તિના સંદર્ભમાં સ્થાનિક જાતિપંચો, રાજકારણની સક્રિયતા, ચૂંટણીમાં સક્રિયતા, રાષ્ટ્રીય પક્ષો, રાજકારણના ફેલાવા માટે અન્ય પરિબળોનો ફાળો વગેરે બાબતો રજૂ કરેલ છે.

**(૬) અભ્યાસનાં તારણો અને સૂચનોઃ-**

આ પ્રકરણમાં સમગ્ર માહિતીનાં વિશ્લેષણ અને અર્થઘટનમાંથી ફલિત થતાં નિષ્કર્ષોની રજૂઆત કરવામાં આવી છે. તેમજ ભવિષ્યમાં પરિવર્તન પરના વિશેષ અભ્યાસો થઈ શકે તેવા મુદ્દાઓ પર પ્રકાશ ફેંકયો છે. તથા તારણો અને ભાવિ અભ્યાસોનાં સૂચનો રજૂ કરવામાં આવ્યા છે.

આમ, આ પ્રસ્તુત સંશોધન અભ્યાસ કુલ છ પ્રકરણામાં વિભાજીત કરેલ છે. જરૂર જણાય ત્યાં માહિતી દર્શાવવા ચાર્ટ-આલેખ અને નકશા વગેરે રજૂ કરવામાં આવ્યા છે.

આ અભ્યાસ અંતે સંદર્ભ સૂચિ તથા અનય વિગતોને આવરી લઈ સમાપન દર્શાવ્યું છે.

**૧.૧૨ સમાપનઃ-**

દંડકારણ્યનાં કોતરો, પહાડો, અને ડુંકરોના પ્રકૃતિક પ્રદેશનાં ડાંગ જિલ્લામાં વસવાટ કરતાં 'ડાંગી' આદિવાસીઓ સ્વતંત્ર મિજાજ ધરાવે છે. જે તેમનો ઈતિહાસ ગવાહ પુરે છે. ડુંગરવાસી આ ડાંગના લોકો પોતાની આગવી અને વિશિષ્ટ લોક સંસ્કૃતિ અને લોકજીવન ધરાવે છે. તેમના ધાર્મિક ઉત્તસવો, સામાજિક તહેવારો, બોલી, પહેરવેશ, આભૂષણો, રહેણી-કરણી, કલા, આર્થિક પ્રવૃત્તિઓ વગેરે ત્યાંની ભૌગોલિક પ્રદેશની વિશિષ્ટ ઓળખ મુજબ વિકસેલી છે. આ બધી બાબતો વૈવિધ્યપૂર્ણ અને નિશાળી છે. વર્તમાન સમયમાં ઉદ્યૌગીકરણ અબને શહેરીકરણની પ્રક્રિયા વેગવંતી બની છે. ઉપરાંત આદિવાસી વિસ્તારોમાં વર્તમાન સમયમાં હિન્દુકરણ અને ખ્રિસ્તીકરણની પ્રક્રિયા એ પણ આદિવાસીઓની સંસ્કૃતિ અને સમાજ જીવનમાં પરિવર્તન લાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. ડાંગ જિલ્લા જુદા-જુદા આદિમ જૂથોમાં પરિવર્તન લાવવમાં આ પ્રક્રિયાઓએ વત્તે-ઓછે અંશે અસર ઉભી કરી છે જેનાં થકી આદિમ જૂથોમાં સામાજિક, આર્થિક તથા સાંસ્કૃતિક બાબતોમાં પરિવર્તન આવેલ છે.

આ શોધ પ્રબંધમાં ડાંગ જિલ્લાના આદિવાસીઓનું સામાજિક આર્થિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, રાજકીય  વગેરે ક્ષેત્રે પરિવર્તનનો વિગતે પરિચય આપવાનો ઉપક્રમ સેવ્યો છે.

## સંદર્ભસૂચિ


| ક્રમ | લેખકનું નામ | પુસ્તકનું નામ | પ્રકાશન વર્ષ | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૧. | વિમલ પી. શાહ | ગુજરાતના આદિવાસીઓ | ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ, ૧૯૬૬ | ૩૪ |
| ૨ | એ.જી. શાહ અને જે.કે. દવે | સંશોધન પદ્ધતિઓ | અનડા પ્રકાશન અમદાવાદ-૧૯૮૫ દ્વિતીય આવૃત્તિ | ૧૮ |
| ૩ | એજન | સંશોધન પદ્ધતિઓ | અનડા પ્રકાશન અમદાવાદ-૧૯૮૫ | ૧૮ |
| ૪ | એ.જી. શાહ અને જે.કે. દવે | સંશોધન પદ્ધતિઓ | અનડા પ્રકાશન અમદાવાદ-૧૯૮૫ દ્વિતીય આવૃત્તિ | ૩૧ |
| ૫ | એજન | સંશોધન પદ્ધતિઓ | અનડા પ્રકાશન અમદાવાદ-૧૯૮૫ | ૫૧ |
| ૬ | એજન | સંશોધન પદ્ધતિઓ | અનડા પ્રકાશન અમદાવાદ-૧૯૮૫ | ૫૧ |
| ૭ | એજન | સંશોધન પદ્ધતિઓ | અનડા પ્રકાશન અમદાવાદ-૧૯૮૫ | ૫૭ |
| ૮ | મયુર મો. રાવલ | ડાંગઃ ઈતિહાસની સાખે | 'શ્લોક' કૈલાસ ગાર્ડન પાસે મહાદેવીયા રોડ, માણાવદર-૨૦૦૮ | ૩૦ |
| ૯ | ડાંગ જિલ્લા પંચાયતની આંકડાશાખા-આહવા | જિલ્લાની આંકડાકીય રૂપરેખા : ડાંગ જિલ્લો | આંકડા શાખા ડાંગ જિલ્લા પંચાયત આહવા | ૯ ૧૦ |
| ૧૦ | Pauline Young | Scientific Social Surveysand Research | Prentice hall of India - New Delhi 1968 (4th-Ed.) | 30 |
| ૧૧ | Gopal M.H. | An Introduction to Research Procedure in Social Sciences | Asia Pub. House. 1964 | 4 |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨ | એ.જી. શાહ અને જે.કે. દવે | સંશોધન પદ્ધતિઓ | અનડા પ્રકાશન અમદાવાદ-૧૯૮૫ દ્વિતીય આવૃત્તિ | ૧૬૯ |
| ૧૩ | એજન | સંશોધન પદ્ધતિઓ | અનડા પ્રકાશન અમદાવાદ-૧૯૮૫ દ્વિતીય આવૃત્તિ | ૧૬૯ |
| ૧૪ | એજન | સંશોધન પદ્ધતિઓ | અનડા પ્રકાશન અમદાવાદ-૧૯૮૫ દ્વિતીય આવૃત્તિ | ૧૬૯ |
| ૧૫ | એ.જી. શાહ અને જે.કે. દવે | સંશોધન પદ્ધતિઓ | અનડા પ્રકાશન અમદાવાદ-૧૯૮૫ દ્વિતીય આવૃત્તિ | ૧૬૯ |
| ૧૬ | ડાંગ જિલ્લા અને દક્ષિણ ડાંગ વન વિભાગ | ડાંગ જિલ્લા ઉત્તર અને દક્ષિણ ડાંગ વનવિભાગ આંકડાકીય શાખા આહવા | સર્વે અને આંકડાશાખા આહવા-ડિવીઝન | ૧૬ |
| ૧૭ | Pauline Young | Scientific Social Surveysand Research | Prentice hall of India - New Delhi 1968 (4th-Ed.) | 10 |
| ૧૮ | Pauline Young | Scientific Social Surveysand Research | Prentice hall of India - New Delhi 1968 (4th-Ed.) | 12 |
| ૧૯ | Denis and Stephen | Social Research Methodology | Prentic Hall New Jersey-1973 | 179 |
| ૨૦ | Ibed, | Social Research Methodology | Prentic Hall New Jersey-1973 | 168 169 |
| ૨૧ | Moger and Kalton | Survey Methods in Social Investigation | 2nd, Ed. Indian Edition | 133 |
| ૨૨ | Goode & Hatt | Methods in Social Research | America (New York) Indian Edition | 133 |

# પ્રકરણઃ-૨
# વિષય પરિચય


૨.૧ પ્રસ્તાવના

૨.૨ ભારતના આદિવાસીઓનો પરિચય અને ભારતમાં આદિવાસી વસતિ

૨.૩ ગુજરાતના આદિવાસીઓનો પરિચય અને ગુજરાતમાં આદિવાસી વસતિ.

૨ઃ૪ દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ અને તેમની વસતિ વિશેષતા.

૨.૫ ડાંગ જિલ્લાની ભૌગોલિક અને ઐતિહાસિક પૃષ્ઠભૂમિકા

૨ઃ૬ ડાંગ જિલ્લાના આદિવાસીઓનો પરિચય અને વસતિ વિશેષતા

૨.૭ ડાંગ જિલ્લાનની જંગલનીતિ

૨.૮ ઉપસંહાર

– સંદર્ભ સૂચિ

# પ્રકરણ:૨
# વિષય પરિચય

## ૨:૧ પ્રસ્તાવના:-

સાંસ્કૃતિક સ્તરને લક્ષમાં રાખીને ભારતીય સમાજ તરફ દ્રષ્ટિપાત કરતાં જણાવશે કે ભારતમાં સામાન્ય ગ્રામજનો અને શહેરીજનોથી તદ્દન ભિન્ન અને સામાજિક, આર્થિક તથા સાંસ્કૃતિક રીતે પછાતપણું ભોગવતી અને મહદ અંશે પ્રાથમિક કક્ષાનું જીવન જીવતી આદિવાસી પ્રજા પણ વસે છે. ભારતના રાજયબંધારણમાં આદિવાસીઓને અનુસૂચિ જનજાતિઓ (Secheduled tribes) તરીકે ઓળખાવ્યા છે.

ભારતના આદિવાસીઓ જુદા જુદા ભૌગોલિક વિસ્તારોમાં વસે છે. તેમનાં જાતિતત્ત્વો, ભાષા, સાંસ્કૃતિક સ્તર વગેરેમાં તફાવતો રહેલા છે. આદિવાસી પ્રજા સમગ્ર ભારતીય સમાજરચનાનું મહત્ત્વનું અંગ છે. તેઓ દેશ સામાન્ય શહેરી અને ગ્રામજનોથી એકંદરે પછાત અવસ્થામાં જીવે છે. તેમની અર્થવ્યવસ્થા, સમાજજીવન, સાંસ્કૃતિ વગેરે અકંદરે આદિમ અવસ્થામાં છે. ભારતના સામાન્ય નાગરિકોની તુલનામાં આદિવાસીઓ પછાતપણું ભોગવે છે. કેટલાક આદિવાસી સમુદાયો સભ્ય સમાજ સાથેના સંપર્કમાં આવ્યા છે. તો કેટલાક હજી સભ્ય સમાજના સંપર્કથી દૂર અલગતામાં વસે છે.

સભ્ય સમાજના સંપર્કને તથા સંપર્કના અભાવે આદિવાસી સમાજમાં કેટલીક સમસ્યાઓ પેદા થઈ છે. આ સમસ્યાઓ હલ કરવા માટે જુદાં જુદાં નિષ્ણાતોએ જુદાં જુદાં દ્રષ્ટિબિંદુઓ કે મંતવ્યો રજૂ કર્યા છે. કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ એ તેમજ ભારત કેન્દ્ર અને રાજય સરકારે આદિવાસી ઓની સમસ્યાઓ હલ કરવા માટે તેમજ તેમનો વિકાસ સાધવા માટે સરકારે સનિષ્ઠ પ્રયાસો કર્યા છે. આ રીતે આદિવાસીઓને ભારતમાં અન્ય નાગરિકોની હરોળમાં લાવવા માટે પ્રયાસ કર્યા છે. એટલું જ નહી. પરંતુ આદિવાસીઓના ઉત્કર્ષ માટે વિવિધ કલ્યાણ કારી યોજનાઓ લાગુ પાડીને તેમને વિકાસની નવી તકો પુરી પાડવામાં આવી છે. અને તેનાથી આદિવાસીઓના સમાજ જીવનમાં નવાં પરિવર્તનો દ્રષ્ટિગોચર થવા લાગ્યા છે.

આ સંશોધન અભ્યાસનાં પ્રથમ પ્રકરણ સંશોધન યોજનામાં સંશોધન વિષયની પસંદગી, સંશોધનના હેતુઓ, ઉપકલ્પના, સંશોધનક્ષેત્રેનો પરિચય, અભ્યાસની પધ્ધતિઓ

અને પ્રવિધિઓ, માહિતી એકત્રીકરણની પધ્ધતિ, સંશોધન અભ્યાસનું મહત્ત્વ, તેની મર્યાદાઓ, અહેવાલ લેખન વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

પ્રસ્તુત અભ્યાસમાં ભારતના આદિવાસીઓનો પરિચય અને તેમની વસતિ, ગુજરાતના આદિવાસીઓનો પરિચય અને તેમની વસતિ, દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ અને તેમની વસતિ, ડાંગ જિલ્લાની ભોગોલિક અને ઐતિહાસિક પૃષ્ઠભૂમિકા, ડાંગ જિલ્લાની આદિવાસીઓનો પરિચય અને તેમની વસતિ વિશેષતા, ડાંગ જિલ્લાની જંગલનીતિ વગેરેનો સમાવેશ કર્યો છે.

## ૨:૨ ભારતના આદિવાસીઓનો પરિચય અને ભારતમાં આદિવાસી વસતિઃ–

ભારતની વસતિમાં કેટલીક જાતિઓ સામાજિક, આર્થિક, શૈક્ષણિક તથા રાજકીય કારણોસર બાકીની પ્રજાની સરખામણીમાં ઘણા પાછળ છે. આવી જાતિઓ પ્રગતિ ઝડપી બનાવી શકાય તે માટે બંધારણમાં તેમને માટે ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે. એક વર્ગને બંધારણમાં અનુસૂચિત જાતિ તરીકે અને બીજા વર્ગને અનુસૂચિત જનજાતિ (Scheduled Tribes) તરીકે ઓળખવામાં આવ્યા છે. રાજય બંધારણ કલમ ૪૬ મુબજ સમાજની અનુસૂચિત જનજાતિઓ અને અનુસૂચિત જાતિઓના વિકાસ અને કલ્યાણ માટે જરૂરી પગલાં લેવા સરકારને જણાવાયું હતું.

આદિવાસી, રાની પરજ, ભૂમિજન, ગિરિજન કે વનવાસી તરીકે ઓળખાતી બધી જાતિઓનો સમાવેશ અનુસૂચિત જનજાતિઓમાં કરવામાં આવ્યો છે. ભારતમાં રિઝલે, લેસી, વેરિયર એલ્વિન, ક્રીગસન, સુબર્ટ, ટેલન્ટસ, સેડવીક, માર્ટીન અને ઠક્કરબાપા તેમને 'મૂળવતનીઓ' કહે છે. હટ્ન તેમને આદિજાતઓ તરીકે ઓળખાવે છે. ડો.ઘૂર્યેએ તેમને 'પછાત હિન્દુઓ' તરીકે ઓળખાવ્યા છે.

### ❑ આદિવાસીઓનો અર્થ અને વ્યાખ્યાઃ

જન જાતિ માટે અંગ્રેજીમાં Tribe શબ્દ વપરાય છે. આ શબ્દ લેટિન ભાષામાં Trube પરથી ઉતરી આવ્યો છે. જેનો અર્થ રોમન લોકોનું ત્રણ વિભાગોમાં વિભાજન કરવું એવો થાય છે. મૂળ Tribe શબ્દ ૧૬મી સદીમાં આવ્યો હોવાનું મનાય છે. Tribe નો અર્થ થાય છે નિર્ધન લોકો, ગણ વિભાગી, રોમન પ્રજા માટે Tribe એ રાજનૈતિક વિભાગ હતો. પશ્ચિમના દેશોમાં રંગભેદની નીતિના સંદર્ભમાં અને ભારતમાં એનું અલગ

અર્થઘટન થાય છે. જુદા જુદા કુળો અને ગોત્રનું જૂથ, દેશનાં વિવિધ પ્રદેશોમાં વસતું હોય, એને એકમ ગણીને આપણે જાતિ (Tribe) કહીએ છીએ. દ્રવિડોના આવ્યા પહેલાં આ સમૂહો દેશમાં વસતા હતા. એટલે તેઓ આદિવાસી કહેવાયા આંતર રાષ્ટ્રીય શ્રમ સંસ્થા (I.L.O.) એ આદિવાસી ઓને 'મૂળવતનીઓ' તરીકે ઓળખાવ્યા છે. આદિવાસી શબ્દોનો અર્થ આ પ્રમાણે થાય છે. 'આદિ' એટલે પ્રારંભનું અને 'વાસી' એટલે વસનારું. આ લોકોનો સમૂહ દેશમાં સર્વ પ્રથમ વસનારો હતો.-[૧]

આદિવાસીઓના મૂળ વિસ્તારોની ભૌગોલિક ખાસિયતોને લક્ષમાં લઈ ભારતમાં પ્રસિદ્ધ નૃવંશાસ્ત્રી ડી.એન. મજમુદાર આદિવાસીની વ્યાખ્યા આપતાં જણાવે છે કે, "આદિવાસી એ પ્રાદેશિક જોડાણ ધરાવતું અંતર્વિવાહી સામાજિક જૂથ છે, જેમાં કર્યોના વિશેષિકરણનો અભાવ હોય છે. પોતાની વિકસાવેલી સાશન વ્યવસ્થા હોય છે. ભાષા કે બોલીની સમાનતા હોય છે. અન્ય આદિવાસી સમૂહથી અંતર ધરાવે છે. અને તેઓ આદિમ પ્રણાલિકાઓ, માન્યતાઓ તથા રિવાજોને અનુસરે છે"-[૨]

ઈમ્પિરિયલ ગેઝેટીયરમાં આદિવાસીની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે કે, "આદિવાસી કેટલાક કુટુંબોનો સમુદાય છે, જે સમાન નામ અને સમાન બોલી ધરાવતું અંતર્વિવાહી જૂથ છે. તથા તેઓ સમાન પ્રદેશમાં વસે છે. અથવા સમાન પ્રદેશના વતની છે. તેવી માન્યતા ધરાવે છે"-[૩]

ડિક્ષનરી ઓફ એન્થ્રોપોલોજીમાં આદિવાસીની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે કે, " આદિમ કે આદિવાસી જાતિએ નિશ્ચિત પ્રદેશ, નિશ્ચિત બોલી અને નિશ્ચિત સંસ્કૃતિ ધરાવતો સામાજિક સમૂહ છે કે, જે સમાન સામાજિક સંગઠન ધરાવે છે. તેનામાં ગોત્રો અને ગામડાંઓના અનેક ઉપસમૂહોનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે આદિવાસીઓમાં એક નેતા હોય છે. તેમજ એક સર્વસામાન્ય પૂર્વજ અને રક્ષક દેવ હોય છે. કુટુંબો અથવા નાના સમુદાયો કે જે આદિવાસી જાતિ સર્જે છે. તેઓ આર્થિક, ધાર્મિક, કૌટુંબિક અને લોહીના સંબંધ દ્વારા ગુંફિત હોય છે."-[૪]

આમ, વિવિધ વિચારકો, માનવશાસ્ત્રીઓ અને સમાજશાસ્ત્રીઓ દ્વારા આપવામાં આવેલી વિવિધ વ્યાખ્યાઓ દ્વારા આીદવાસીઓની સર્વગ્રાહી અન સ્પષ્ટ વ્યાખ્યા આ પ્રમાણે આપી શકાય.

"આદિવાસી એ નિશ્ચિત પ્રદેશ, નિશ્ચિત બોલી અને નિશ્ચિત સાંસ્કૃતિક સંવાદિતા ધરાવતો સમૂહ છે જે એક સરખું સામાજિક સંગઠન ધરાવ છે. આદિવાસી ગોત્રોના ઉપસમૂહોમાં વહેંચાયેલા હોય છે. તેઓમાં એક સામાન્ય પૂર્વજ તથા રક્ષક દેવતા હોય છે. આર્થિક, સામાજિક, ધાર્મિક કૌટુંબિક અને રકત સંબંધો દ્વારા તેઓ ગૂંફિત હોય છે. તેઓમાં વ્યકિત સ્વતંત્રતા અને સ્વાર્પણની તીવ્ર ભાવના હોય છે. પોતાના સમુદાય અને મુખી પ્રત્યેની વફાદારી દ્રષ્ટિગોચર થાય છે. આદિવાસી સભ્યો લગ્ન વ્યવસાય અને ઉદ્યોગોના સંદર્ભમાં કેટલાક નિષેધોનું પાલન કરે છે"–[૫]

ભારતમાં ધી ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એકટ (૧૯૩૫) પ્રમાણે આદિવાસીઓ માટે પછાત હિન્દુ જાતિઓ એવો શબ્દ વાપરે છે. ભારતીય બંધારણ પછાતને બદલે અનુસૂચિત જનજાતિ એવો શબ્દ વાપરે છે. ભારતીય બંધારણની કલમ (૩૪૧) અને (૩૪૨) મુજબ કેટલાક જૂથોને અનુસૂચિત જનજાતિ તરીકે ઓળખવાની સત્તા રાષ્ટ્રિપતિને આપે છે. રાષ્ટ્રપતિ એક જાહેનામું બહારપાડીને અનુસૂચિત આદિજાતિઓમાં અથવા પેટા આદિમ જાતિઓમાં જે જાતિઓનો સમાવેશ કરે છે તેને અનુસચિત જન જાતિ તરીકે ઓળખવામાં આવે છે. બંધારણની કલમ(૩૬૬), (૨૫) મુજબ અનુસૂચિત જન જાતિઓ એટલે એવી જાતિઓ જેમને બંધારણનાં હેતુ માટે અનુસૂચિત જનજાતિઓ તરીકે ફેરફાર કરી શકે છે.

**આદિવાસીઓનાં લક્ષણો:–**

વિવિધ વિદ્વાનોએ આપેલી વ્યાખ્યાઓ પરથી આદિવાસીઓનાં કેટલાંક સામાન્ય લક્ષણો જોવા મળે છે.

રવિન્દ્ર મુખર્જીએ આદિવાસીઓનાં કેટલાંક લક્ષણો ગણાવ્યા છે. જેમાં, કુટુંબના સમુહોનું સંગઠન, સમાન ભાષાકેબોલી, સમાન નામ, નિશ્ચિત પ્રદેશ, આંતરલગ્ન, નિયમો અને નિષેધો, સમાન સંસ્કૃતિ, રાજકીય સંગઠનો તથા કાર્યોના વિશેષીકરણનો અભાવ વગેરે બાબતોનો સમાવેશ કરે છે.

મજૂમદાર અને મદને આદિવાસીઓના લક્ષણો જણાવ્યા છે. તેમાં યુવાગૃહો, છોકરા અને છોકરી માટે શાળાનો અભાવ, જન્મ, લગ્ન, મૃત્યુંને લગતાં વિશિષ્ટ રીવાજો, હિન્દુ અને મુસ્લિમોથી ભિન્ન નૈતિક નિયમો, નિમ્ન હિન્દુ જ્ઞાતિઓથી જુદી તરી આવતી ધાર્મિક માન્યતાઓ અને વિધિવિધાનની ખાસિયતોનો સમાવેશ થાય છે.

ડો. એ.આર. દેસાઈએ જનજાતિ સમૂહો વિશેની નીચે મુજબની ખાસિયતો ઉપર પ્રકાશ પાડયો છે. જેમાં,

(૧) તે સભ્ય સમાજથી દૂર પર્વતો તથા જંગલોમાં દુર્ગમ સ્થાનોમાં નિવાસ કરે છે.

(૨) નીગ્રિટો, ઓસ્ટ્રોલાઈડ, અથવા મંગોલોઈડ જાતિ તત્ત્વોમાંથી કોઈ એક જાતિ તત્ત્વ સાથે સંબંધ ધરાવે છે.

(૩) જનજાતિય ભાષા કે બોલીનો ઉપયોગ કરે છે.

(૪) આદિવાસી ધર્મને માને છે, જે સજીવવાદના સિધ્ધાંતને સમર્થન આપે છે. જેમાં ભૂત-પ્રેત, મૃત આત્માઓની (પૂર્વજોની પૂજા)નું સ્થાન મહત્ત્વપૂર્ણ છે.

(૫) તેઓ એવા વ્યવસાયને અપનાવ છે, જેમાં ઉપયોગી પ્રાકૃતિક વસ્તુઓનો સંગ્રહ, શિકાર, વનમાં ઉત્પન્ન વસ્તુઓનો સંગ્રહ કરવો વગેરેનો સમાવેશ થાય છે.

(૬) તેઓ મોટેભાગે માંસાહારી હોય છે.

(૭) તેઓ નગ્નાવસ્થા કે અર્ધનગ્નાવસ્થામાં જીવે છે. ખુબ થોડા વસ્ત્રો પહેરે છે.

(૮) ભટકતું જીવન જીવે છે.

(૯) મદિરા અને નૃત્ય પ્રત્યે વિશેષ રૂચિ ધરાવે છે.

શ્રી નાયકે આદિવાસીઓ માટે નિમ્ન લિખિત બાબતનોને મહત્ત્વ આપ્યું છે.

(૧) એક જનજાતિ સમુદાયની અંદર પ્રકાર્યાત્મક આત્મનિર્ભરતા હોવી જોઈએ.

(૨) આર્થિક રીતે પછાત હોવી જોઈએ. જેનું તાત્પર્ય એ છે કે,

(અ) આદિવાસીનું સભ્યપદ, મુદ્રા અર્થવ્યવસ્થાના પ્રભાવથી અવગત ન હોય.

(બ) પ્રાકૃતિક સ્ત્રોતોના શોષણો માટે આદવાસી સાધનોને પ્રયુકત કરતાં હોય છે.

(ક) એમની અર્થવ્યવસ્થા અવિકસિત હોય.

(ક) અર્થવ્યવસ્થાની ચાલચલગત આર્થિક ચાલચલગતો સાથે સંકળાયેલી હોય.

(૩) જનજાતિના લોકો અન્ય લોકોની અપેક્ષાએ તુલનાત્મક રીતે ભૌગોલિક અલગતા રાખતા હોય.

(૪) સાંસ્કૃતિક દ્રષ્ટિએ એક જનજાતિના સભ્યોની એક ભાષા અથવા બોલી હોય, જો કે ક્ષેત્રિય વિભિન્નતાની સાથે-સાથે ભિન્ન હોય શકે છે.

(૫) એક જનજાતિ રાજકીય દ્રષ્ટિએ સંગઠિત હોય તથા એની પંચાયત એક પ્રભાવિત સંસ્થાના સ્વરૂપમાં કાર્યન્વિત હોય.

(૬) જનજાતિના સભ્યો પરિવર્તનની ન્યુનતમ આકાંક્ષા રાખતા હોય એમાં પોતાની પ્રાચિન પ્રથાઓ તેમજ પરંપરાને કાયમ રાખવાની એક પ્રકારની મનોવૈજ્ઞાનિક દ્રઢિબદ્ધતા હોય.

(૭) એક જનજાતિના પોતાના પ્રથાગત કાનૂનો હોવા જોઈએ તથા તેના સભ્યો પર આ કાનૂનોનો પ્રત્યેક્ષ રીતે પ્રભાવ પડતો હોય છે.

ભારતના આદિવાસીઓમાં આ તમામ લક્ષણો તેઓની સમગ્ર વ્યવસ્થા જીવનપધ્ધતિનો સ્પષ્ટ ખ્યાલ આપે છે. આજે આ લક્ષણો ઘણાખરા આદિવાસીઓમાં જોવામળતા નથી. કેટલાક આદિવાસીઓમાં આછી માત્રામાં જોવા મળે છે. કેટલાકમાં વધૂ માત્રામાં જોકે, સભ્ય સમાજના સંપર્કમાં આવવાને કારણે તેમના આ લક્ષણોમાં પરિવર્તનો આવ્યા છે.–[૬]

ડો. વેરિયર એલ્વિને ભારતના આદિવાસીઓને બાહય સમાજના સંપર્કના આધારે નિમ્ન ચાર શ્રેણીઓમાં વિભાજીત કર્યા છે.

(૧) તે આદવાસી જાતિઓ કે જે ઉડાણનાં જંગલોમાં અને ડુંગરાઓમાં વસવાટ કરે છે. બાહય સમાજો અને સંસ્કૃતિઓ સાથેનો તેમનો સંપર્ક નહીવત છે. વિમલશાહ (૧૯૬૬) દર્શાવે છે કે ગુજરાતમાં આ શ્રેણીમાં આવે તેવી એક પણ આદિવાસી જાતિ નથી.

(૨) બીજી શ્રેણીમાં તે આદિવાસી જાતિ આવે છે કે જે ઉડાણના વિસ્તારોમાં વસે છે. તેમ છતાં બાહય સમાજોના સંપર્કમાં આવી હોય છે. તેથી આ

આદિવાસીઓ પરંપરાગત જીવન જીવવા સાથે પરિવર્તનના પ્રવાહો અનુભવી રહયા છે. ડાંગ અને વલસાડ જિલ્લાની કેટલીક આદિવાસી જાતિઓને આ શ્રેણીમાં મુકી શકાય. પ્રસ્તુત અભ્યાસ હેઠળ આવરી લેવામાં આવેલ ડાંગ જિલ્લાની કુનબી (કુકણા), ભીલ, વારલી, ગામીત વગેરે આદિવાસી જાતિ આ શ્રેણીમાં આવે છે.

(૩) તે આદિવાસી જાતિઓ કે જો બાહય સંપર્ક કારણે પોતાની સંસ્કૃતિ ગુમાવી બેઠા છે. અને નવું સારું ધોરણ કરી શકયા નથી. હક્કિતમાં બાહ્ય સંપર્કોને કારણે તેમની સંસ્કૃતિ નાશ પામી છે. પોતે આર્થિક, સામાજિક અને અન્ય ઘણી રીતે શોષણના ભોગ બન્યા છે.

ગુજરાતની મોટા ભાગની આદિવાસી જાતિઓ આ શ્રેણીમાં આવે છે. (વિમલ શાહ ૧૯૬૬:૩૪)

(૪) આ શ્રેણીમાં તે સર્વે આદિવાસી જાતિઓ આવે છે કે જે બાહય સંસ્કૃતિના સંપર્કમાં આવવા છતાં પોતાની મૂળ સંસ્કૃતિ અને ખાસિયતો જાળવી રાખવામાં સફળ થયો છે. આ અનુસૂચિત જન-જાતિના સભ્યોને બીજાઓથી અલગ ઓળખાવવા શકય રહયું નથી. મધ્યપ્રદેશના 'ગોંડ', ઉત્તર-પૂર્વના 'નાગા' અને રાજસ્થાના 'મીણા' વગેરે આ શ્રેણીમાં ગોઠવી શકાય.

ગુજરાતની 'ઘોડિયા' આદિવાસી જાતિને પણ આ શ્રેણીમાં મુકી શકાય.-[૭]

પ્રો.બી. એમ. ગુહા એ આદિવાસીઓમાંનાં 'સંદર્ભમાં નોંધ્યુ છે કે ભારતનો મધ્યવર્તી ક્ષેત્ર જે ગંગા નદીથી દક્ષિણમાં કૃષ્ણા નદીના ઉત્તર સુધી ફેલાયેલા છે. નર્મદા તથા ગોદાવરણી નદીઓ વચ્ચેના પર્વતીય પ્રદેશમાં અતિ પ્રાચિનકાલીન આદિવાસીઓ વસવાટ કરતી હોવાનું નોંધ્યુ છે.-[૮]

શ્રી એલ.પી. વિદ્યાર્થીએ આદિવાસીઓનાં સંદર્ભમાં નોધ્યુ છે કે, પશ્ચિમ ભારતમાં ખાસ કરીને રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા, દાદરાઅને નગર હવેલી આવે છે. આ ક્ષેત્રમાં ભારતની કુલ આીદવાસી વસતિના ૨૬.૦૧ ટકા આદિવાસીઓ વસરવાટ કરે છે.-[૯]

**ભારતમાં આદિવાસી વસતિઃ-**

આફ્રિકાને બાદ કરતાં દૂનીયામાં આદિવાસી લોકોની સૌથી વધારે વસતિ ભારત દેશમાં છે. ૨૦૦૧ની વસતિ ગણતરી મુબજ ભારતની કુલ વસતિ ૧૦૨ કરોડથી વધારે છે, તેમાં અનુસૂચિ જનજાતિની વસતિ ૮,૪૩,૨૬,૨૪૦ એટલે કે કુલ વસતિમાં ૮.૨૦ ટકા છે. ૧૯૦૧માં આદિવાસીની વસતિ સમગ્ર દેની વસતિનાં ૨.૯૨ ટકા હતી. તે વધીને ૧૯૯૧માં કુલ વસતિનાં ૮.૦૮ ટકા થઈ. અને ૨૦૦૧માં કુલ વસતિના ૮.૨૦ ટકા થઈ. ૧૯૮૧માં ભારતમાં આદિવાસી વસતિ ૫.૧૬ કરોડ હતો. જે વધીને ૧૯૯૧માં ૬.૭૭ કરોડ થઈ અને ૨૦૦૧માં ભારતમાં આદિવસી વસતિ ૮.૪૩ કરોડ જેટલી વધી છે. આમ, સામાન્ય રીતે આદિવાસી વસતિમાં સતત વધારો થતો રહયો છે.

ભારતની કુલ વસતિમાં ૧૯૯૧-૨૦૦૧ ના દાયકા દરમિયાન ૨૧.૩૫ ટકાનો વધારો થયો છે. જયારે ભારતની આદિવાસી વસતિ વધીને ૮૪.૩૨ લાખ જેટલી થઈ છે. જે ભારતની આદિવાસી વસતિમાં દાયકા દરમિયાન ૨૪.૪૫ ટકાનો વધારો દર્શાવે છે.-[૧૦]

## કોષ્ટક નં: ૨:૧

## ભારતમાં આદિવાસી વસતિની ૧૧૦ વર્ષની સ્થિતિ (લાખમાં)

| ક્રમ | વર્ષ | કુલ વસતિ (૦૦૦માં) | દાયકા દરમિયાન થયેલો વધારો/ઘટાડો (ટકામાં) | આદિવાસી વસતિ ('૦૦૦માં) | દાયકા દરમિયાન થયેલ વધારો (ટકામાં) | કુલ આદિવાસી વસતિ (ટકામાં) |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૯૦૧ | ૨,૩૮,૩૩૭ | - | ૮૫.૮૧ | - | ૨.૯૨ |
| ૨ | ૧૯૧૧ | ૨,૫૨,૦૦૫ | ૫.૪૨ | ૧૦૨૯૫ | ૧૯.૯૩ | ૩.૨૮ |
| ૩ | ૧૯૨૧ | ૨,૫૧,૨૩૯ | -૦.૩૦ | ૯૯૭૫ | -૩.૨૦ | ૩.૦૯ |
| ૪ | ૧૯૩૧ | ૨,૭૮,૮૬૭ | ૧૦.૯૯ | ૮૨૮૦ | ૧૬.૯૯ | ૨.૩૬ |
| ૫ | ૧૯૪૧ | ૩,૧૮,૫૩૯ | ૧૪.૨૨ | ૨૫૪૪૧ | ૨૦.૨૬ | ૨.૨૬ |
| ૬ | ૧૯૫૧ | ૩,૬૦,૯૫૦ | ૧૩.૩૧ | ૧૯૧૪૭ | -૨૪.૭૪ | ૨.૨૬ |
| ૭ | ૧૯૬૧ | ૪,૩૯,૦૭૨ | ૨૧.૬૪ | ૩૦૧૩૦ | ૫૭.૩૬ | ૫.૩૦ |
| ૮ | ૧૯૭૧ | ૫,૪૭,૯૪૯ | ૨૪.૭૪ | ૩૮૦૧૫ | ૨૬.૧૬ | ૬.૯૩ |
| ૯ | ૧૯૮૧ | ૬,૮૫,૧૮૫ | ૨૫.૦૪ | ૫૧૬૨૮ | ૩૫.૮૦ | ૭.૭૬ |
| ૧૦ | ૧૯૯૧ | ૮,૪૬,૩૦૩ | ૨૩.૫૧ | ૬૭૭૫૮ | ૩૧.૨૪ | ૮.૦૮ |
| ૧૧ | ૨૦૦૧ | ૧૦,૨૭,૦૧૫ | ૨૧.૩૫ | ૮૪૩૨૬ | ૨૪.૪૫ | ૮.૨૦ |

પ્રાપ્તિ સ્થાનઃ "ગુજરાતના આદિવાસીઓ આંકડાકીય વિશ્લેષણ"

ડો.મુસ્તાઅલી ઈ. મસવી.–[૧૧]

## કોષ્ટક : ૨.૨

## ભારતમાં રાજ્યવાર અનુસૂચિત જનજાતિ વસ્તી દર્શાવતો કોઠો (૨૦૦૧)

| ક્રમ | રાજ્ય | કુલ વસ્તી | આદિવાસી વસ્તી | આદિવાસી વસ્તી (ટકા) | આદિવાસી જાતિ સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | જમ્મુ અને કાશ્મીર | ૧,૦૧,૪૩,૭૦૦ | ૧૧,૦૫,૯૭૯ | ૧૦.૯૦ | ૧૨ |
| ૨ | હિમાચલ પ્રદેશ | ૬૦,૭૭,૯૦૦ | ૨,૪૪,૫૮૭ | ૪.૦૦ | ૮ |
| ૩ | ઉતરાંચલ | ૮૪,૮૯,૩૪૯ | ૨,૫૬,૧૨૯ | ૩.૦૦ | ૫ |
| ૪ | રાજસ્થાન | ૫૬,૫,૦૭,૧૮ | ૭૦,૯૭,૭૦૬ | ૧૨.૦૬ | ૧૨ |
| ૫ | ઉત્તર પ્રદેશ | ૧૬,૬૧,૯૭,૯૨૧ | ૧,૦૭,૯૬૩ | ૦.૦૧ | ૫ |
| ૬ | બિહાર | ૮,૨૯,૯૮,૫૦૯ | ૭,૫૮,૩૫૧ | ૦.૯૦ | ૩૦ |
| ૭ | સિક્કીમ | ૫,૪૦,૮૫૧ | ૧,૧૧,૪૦૫ | ૨૦.૬૦ | ૨ |
| ૮ | અરૂણાચલ પ્રદેશ | ૧૦,૯૭,૯૬૮ | ૭,૦૫,૫૫૮ | ૬૪.૨૦ | ૧૨ |
| ૯ | નાગાલેન્ડ | ૧૯,૯૦,૦૩૬ | ૧૭,૭૪,૦૨૬ | ૮૯.૧૦ | ૫ |
| ૧૦ | મણિપુર | ૨૧,૬૬,૭૮૮ | ૭,૪૧,૧૪૧ | ૩૪.૨૦ | ૨૯ |
| ૧૧ | મિઝોરમ | ૮,૮૮,૫૭૩ | ૮,૩૯,૩૧૦ | ૯૪.૫૦ | ૧૪ |
| ૧૨ | ત્રિપુરા | ૩૧,૯૯,૨૦૩ | ૯,૯૩,૪૨૬ | ૩૧.૦૧ | ૧૯ |
| ૧૩ | મેઘાલય | ૨૩,૧૮,૮૨૨ | ૧૯,૯૨,૮૬૨ | ૮૫.૯૦ | ૧૭ |
| ૧૪ | આસામ | ૨,૬૬,૫૫,૫૨૮ | ૩૩,૦૮,૫૭૦ | ૧૨.૪૦ | ૧૪ |
| ૧૫ | પશ્ચિમ બંગાળા | ૮,૦૧,૭૬,૧૯૭ | ૪૪,૦૬,૭૯૪ | ૫.૫૦ | ૩૮ |
| ૧૬ | ઝારખંડ | ૨,૬૯,૪૫,૮૨૯ | ૭૦,૮૭,૦૬૮ | ૨૬.૩૦ | ૩૦ |
| ૧૭ | ઓરિસ્સા | ૩,૬૮,૦૪,૬૬૦ | ૮૧,૪૫,૦૮૧ | ૨૨.૧૦ | ૬૨ |
| ૧૮ | છત્તીસગઢ | ૨,૦૮,૩૩,૮૦૩ | ૬૬,૧૬,૫૯૬ | ૩૧.૮૦ | ૪૨ |
| ૧૯ | મધ્યપ્રદેશ | ૬,૦૩,૪૮,૦૨૩ | ૧,૨૨,૩૩,૪૭૪ | ૨૦.૩૦ | ૪૬ |
| ૨૦ | ગુજરાત | ૫,૦૬,૭૧,૦૧૭ | ૭૪,૮૧,૧૬૦ | ૧૪.૯૨ | ૨૯ |
| ૨૧ | દમણ અને દીવ | ૧,૫૮,૨૦૪ | ૧૩,૯૯૭ | ૮.૮૦ | ૫ |
| ૨૨ | દાદરા નગર હવેલી | ૨,૨૦,૪૯૦ | ૧,૩૭,૨૨૫ | ૬૨.૨૦ | ૭ |
| ૨૩ | મહારાષ્ટ્ર | ૯,૬૮,૭૮,૬૨૭ | ૮૫,૭૭,૨૭૬ | ૮.૯૦ | ૪૭ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૪ | આંધ્રપ્રદેશ | ૭,૬૨,૧૦,૦૦૭ | ૫૦,૨૪,૧૦૪ | ૬.૬૦ | ૩૩ |
| ૨૫ | કર્ણાટક | ૫,૨૮,૫૦,૫૬૨ | ૩૪,૬૩,૯૮૬ | ૬.૬૦ | ૪૯ |
| ૨૬ | ગોવા | ૧૩,૪૭,૬૬૮ | ૫૬૬ | ૦.૦૪ | ૫ |
| ૨૭ | લક્ષદ્વીપ | ૬૦,૬૫૦ | ૫૭,૩૨૧ | ૯૪.૫૦ | ૦ |
| ૨૮ | કેરાલા | ૩,૧૮,૪૧,૩૭૪ | ૩,૬૪,૧૮૯ | ૧.૧૦ | ૩૫ |
| ૨૯ | તામિલનાડુ | ૬,૨૪,૦૫,૬૭૯ | ૬,૫૧,૩૨૧ | ૧.૦૦ | ૩૫ |
| ૩૦ | આંદામાન-નિકોબાર દ્વિપ સમૂહ | ૩,૫૬,૧૨૫ | ૨૯,૪૬૯ | ૮.૩૦ | ૬ |
| ૩૧ | પંજાબ | ૨,૪૨,૮૯,૨૯૬ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩૨ | હરિયાણા | ૨,૧૦,૮૨,૯૮૯ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩૩ | દિલ્હી | ૧,૩૭,૮૨,૯૭૬ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩૪ | પોંડીચેરી | ૯,૭૩,૮૨૯ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩૫ | ચંદીગઢ | ૯,૦૦,૯૧૪ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩૬ | ભારત | ૧,૦૨,૭૦,૧૫,૨૪૭ | ૮,૪૩,૨૬,૨૪૦ | ૮.૨૦ | ૬૫૪ |

પ્રાપ્તિ સ્થાન : સેન્સસ ઓફ ઈન્ડિયા-૨૦૦૧, ડેમોગ્રાફિક્સ પ્રોફાઈલ ઓફ ડિસ્ટ્રીક્ટ (ગુજરાત)

## ૦ ભારતમાં રાજ્યવાર આદિવાસી જાતિઓ :

આદિવાસીઓ દેશની સંસ્કૃતિના ભાગરૂપ છે. તેઓ મૂળવતનીઓ તરીકે મુખ્યત્વે પહાડો અને જંગલોમાં વસતા આવ્યા છે. દેશમાં પંજાબ, હરિયાણા તથા ચંદીગઢને બાદ કરતાં લગભગ બધા રાજ્યોમાં તેમની ઓછી-વત્તી વસ્તી છે.

## કોષ્ટક નં. ૨.૩

## ભારતમાં રાજ્યવાર આદિવાસી જાતિઓ

| ક્રમ | રાજ્યનું નામ | રાજ્યની આદિવાસી જાતિઓ |
|---|---|---|
| ૧. | આંધ્રપ્રદેશ | ચેન્ચુ, ટોન્ડી, કોન્ડાકાપુસ, ટોરૂલા, લંબાડી, કોલર, કોંડા, રેડ્ડી, જટાયુ, ગડાબા |
| ૨. | આસામ | ગારો, ખાસી, મીકીર, કુકી, મિશ્મી, કચારી, નાગા, એબોર, અકા, આપાતાની, જયંતિયા, ડફલા |
| ૩. | ઓરિસ્સા | ભૂમિજ, બિરહોર, સંથાલ, મુન્ડા, ઉરાંવ, ગડાબા, હો, બોંડો, બાથુડી, જુઆંગ, સવર, કંધ, ભૂયાં, કોયા |
| ૪. | મધ્યપ્રદેશ | ગોન્ડ, મુરિયા, મારિયા, બૈગા, સવર, અગરિયા, ભીલ, ભીલાલા, કોરકુ, પરધાન, ઓઝા, સહરિયા. |
| ૫. | બિહાર | આસુર, હો, સાંથલ, ખરિયા, કિસાન, ભૂમિજ, સવર, મોલપહુરિયા, ચેરો. |
| ૬. | ગુજરાત | ભીલ, દુબળા, ધોડિયા, ગામીત, ચૌધરી, રાઠવા, પટેલિયા, કોટવાળિયા, કુકણા, નાયકડા, વારલી |
| ૭. | મહારાષ્ટ્ર | વારલી, કુકણા, કુનબી, ઢોરકોળી, કમાર, ગોન્ડ, ખરિયા |
| ૮. | રાજસ્થાન | ભીલ, ડામોર, મીણા, ગરાસિયા, સહરિયા |
| ૯. | પશ્ચિમ બંગાળ | આસુર, કંધ, સાંથાલ, કિસાન, લેપચા, લોધા, ચકમા, હો, સાવરા, કારવા, ભૂમિજ, મુંડા |
| ૧૦. | કેરળ | કાદર, ઈરૂલા, મધુવન |
| ૧૧. | મૈસુર | ટોડા, કોટા, લંબાડી, કુરુંબા, પનીયન, પુલિયન, અરનાદન |
| ૧૨. | ઉત્તરપ્રદેશ | થારૂ, ભોટિયા, કોલટા, બોટા |
| ૧૩. | હિમાચલ પ્રદેશ | ગેર્દી, કિન્નર, ગુજ્જર, લાહુલા, ઓઢ |
| ૧૪. | નેફા | વાન્ચો, સંગફો, તાંગ્સા, મિશ્મી, આકા, ડફલા, ફારદુકપેન, ખામટી, એબોર, આપાતાની, ગેલોંગ, મેન્પા |
| ૧૫. | મણિપુર | ગંગટે, મીઝો, સાલ્ટે, ઝો, રાઓ, સેમાનાગા, અંગામે, પુરુમ |
| ૧૬. | ત્રિપુરા | ભીલ, ભૂતિયા, ગારો, ખાસી, કૂકી, લુશાઈ, રીઆંગ, હલમ, ઓરંગ, જાયંતિયા |
| ૧૭. | આંદામાન | આદામાની, નિકોબારી, આંગે, જારવા, નિકોબાર-સોનપેન્સ |

**૨:૩ ગુજરાતના આદિવાસીઓનો પરિચય અને ગુજરાતમાં આદિવાસી વસતિઃ-**

સમગ્ર રાષ્ટ્રવ્યાપી ભારતીય સંસ્કૃતિનાં વિશાળ માળખામાં ગુજરાત એક સાંસ્કૃતિક પ્રદેશ છે. તે પોતાની આગવી ભાષા, જીવનશૈલી, અને સાહિત્ય ધરાવે છે. ગુજરાત સામાન્ય રીતે એક સમૃધ્ધ, પ્રગતિશીલ અને શાંતિપૂર્ણ રાજય તરીકે ઓળખાય છે. ગુજરાતીઓ શાંતિપ્રિય પ્રજા તરીકે જણીતા છે. કોઈ પણ નવા સાહસોમાં થતાં રોકાણોમાં ૪૦ ટકા રોકાણો ગુજરાતીઓ દ્વારા કરવામાં આવે છે. નવાં ઔદ્યોગિક રોકાણ આયોજનમાં કુલ રૂ.૩.૫૦ લાખ કરોડના રોકાણો સાથે ગુજરાત આગળનાં સ્થાને છે. વળી તે ઘણા મોટા પ્રમાણમાં શહેરીકરણ પામેલું રાજય છે. ગુજરાતીઓ ભારતભરમાં ઉત્તમ સાહસિક વેપારીઓ તરીકે જાણીતા છે. અને વિશ્વમાં તે સ્વરૂપે તેમન યહૂદીઓ પછી તરતનાં સ્થાને ગણવામાં આવે છે. દુનિયાના ખૂણે-ખૂણે કોઈકને કોઈક ગુજરાતી વ્યાપાર-ધંધા કરતા જોવા મળશે. ગુજરાત અને ગુજરાતીઓ બાકીના ભારત અને ભારતીયો કરતાં વધુ પાશ્ચાત્ય (Westermosed) અને આદ્યુનિક (Mordernised)તરીકે પણ જાણીતા છે.

ગુજરાત અને ગુજરાતીઓનાં આવાં લક્ષણચિત્રો (Stereotype) આખા ગુજરાત અને બધા ગુજરાતીઓ માટે સાચાં નથી. ગુજરાતીની ચોક્કસ સાચી સમજના હેતુથી આ આખા પ્રદેશ એટલે કે ગુજરાતને ભૌગોલિક દ્રષ્ટિએ મુખ્યત્વે ત્રણ સાંસ્કૃતિક વિભાગોમાં વહેંચી શકાય (૧) પૂર્વ પટ્ટી, (૨) તળ ગુજરાત, અને (૩) કચ્છ સૌરાષ્ટ્ર.

પૂર્વનો આદિવાસી પટ્ટો પરિસ્થિતિશાસ્ત્રી દ્રષ્ટિએ ત્રણ સ્પષ્ટ વિભિન્ન પેટા વિભાગોનો બનેલો છે. પહેલો વિભાગ છે, થોડા છૂટાવવાયા ધરબાયેલા ખનીજો, મિશ્ર ઉષ્ણતામાન, ભેજવાળા જંગલની ખડકાળ ઉચચ ભૂમિની ખાસિયતોવાળા ડુંગરાળ અને ઉચ્ચ સપાટ પ્રદેશનો બીજો વિભાગ, ફળદ્રપ ખેતીલાયક જમીન ધરાવતો તથા નદીઓ તેમજ ઝરણાંઓથી અંતરાયેલી ખીણોનો વર્ચસ્વવાળા વિસ્તારનો છે. અને ત્રીજો વિભાગ, પહેલાં બે વિભાગો વચ્ચે આવેલાં સીધાં ચઢાણો અને ઢોળાવાળો પટ્ટો મુખ્યત્વે પુષ્કળ મોટા જથ્થામાં ઉગેલા-ઉછરેલાં જંગલી વૃક્ષો તથા પાન-પત્તારેસાદાર અન્ય વનસ્પતિઓથી છવાયેલા છે. જંગલોથી આચ્છાદિત ચઢાણો ઢોળાવોવાળો આ ત્રીજો વિભાગ કેટલાક આદિવાસી જૂથોની વસતિઓના વસવાટથી શોભતો વિસ્તાર છે.

રાજયના પૂર્વભાગનો આ સમગ્ર પટ્ટો સળંગ ઉત્તરથી દક્ષિણ સુધી રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર એમ ત્રણ રાજયોની ભૌગોલિક સીમાઓને પણ વીંધી વિવિધ પરિમાણમાં જંગલોથી આચ્છાદિત પહાડો સ્વરૂપે પથરાયેલો છે. રાજયનો આ સમગ્ર પટ્ટો આદિવાસીઓની વસતિનો છે. તેમાં સદીઓથી સંખ્યાબંધ આદિવાસી સમુદાયો પરંપરાગત વસવાટ કરે છે. ઉત્તરમાં આ આદિવાસી પ્રદેશ અરવલ્લી અને સાતપુડા પવર્તતમાળાની અને અગ્નિદિશા (દક્ષિણ-પૂર્વ)માં સહાદ્રીની પર્વતમાળાની હૂંફાળી ગોદમાં વસેલો છે. ખીણોના બનેલા બીજા વિભાગમાં તથા સીધાં ચઢાણો અને ઢોળાવોની ડુંગરમાળાઓમાં આદિવાસી વસવાટો છૂટાછવાયા સ્વરૂપે પથરાયેલા છે. ઉત્તર અને મધ્ય ગુજરાતમાં આદિવાસીઓના વસવાટની ભૂમિનો પૂર્વ-પશ્ચિમ સીમાઓ વચ્ચેનો પટ ઘણો પહોળો છે. અને દક્ષિણમાં તે સાંકડો થઈ જાય છે. પરિણામે દક્ષિણ ગુજરાતમાં સહાયદ્રી પર્વતમાળ ા અને અરબી સમુદ્રની વચ્ચે પથરાયેલો જમીનનો આ પટ્ટો સાંકડો છે. અને એકદમ દક્ષિણમાં તો તે તેથી પણ વધુ સાંકડો થઈ જાય છે.[૧૪]

**કોષ્ટક:૨.૩.૧**

**ગુજરાતમાં વધુ આદિવાસી વસ્તી ધરાવતા જિલ્લાઓ**

| ક્રમ | જિલ્લાનું નામ | આદિવાસી જાતિઓ |
|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ડુંગરીભીલ, ગરાસીયા ભીલ |
| ૨ | સાબરકાંઠા | ડુંગરીભીલ, ગરાસીયા ભીલ, કાથોડી |
| ૩ | પંચમહાલ | ભીલ, પટેલીયા, નાયકડા, નાયકા |
| ૪ | દાહોદ | ભીલ, પટેલિયા, રાઠવા, ધાનકા |
| ૫ | વડોદરા | રાઠવા, ભીલ |
| ૬ | ભરૂચ | ભીલ, ચૌધરી, ગામીત, દુબળા |
| ૭ | નર્મદા | તડવી, ભીલ, ધાનકા, દુબળા |
| ૮ | સુરત | ચૌધરી, ચૌધરા, ગામીત, ઢોડીયા, કોટવાળિયા |
| ૯ | ડાંગ | કુનબી (કુંકણા), વારલી, ભલી, કોટવાળિયા |
| ૧૦ | વલસાડ | કુંકણા, ઢોડિયા, વારલી, કોળી, દુબળા, ગામીત, કોલઘા |
| ૧૧ | નવસારી | ચૌધરી,ઘોડિયા, નાયકડા, વારલી. |

ગુજરાતમાં આદિવાસીઓની વસતિ રાજયની પૂર્વ સરહદ પર આવેલ ડુંગરાળ વિસ્તારોમાં પથરાયેલી છે. આ વિસ્તારને 'આદિવાસી પટ્ટી' તરીકે ઓળખવામાં આવે છે. આ આદિવાસી પટ્ટી ગુજરાતના પૂર્વ અને દક્ષિણ ભાગમાં આવેલી છે. દક્ષિણે છેક ડાંગ જિલ્લાથી શરૂ થઈ ઉત્તર–પૂર્વ દિશામાં બનાસકાંઠા સુધી ફેલાયેલી છે. આ વિસ્તારમાં ડાંગ, વલસાડ, નવસારી, સુરત, નર્મદા, ભરૂચ, વડોદરા, પંચમહાલ, દાહોદ, સાબરકાંઠા, બનાસકાંઠા અને નવનિર્મિત તાપી જિલ્લાનો સમાવેશ થાય છે.–[૨૪]

આદિવાસીઓની વ્યવસાયિક તરાહ તેમની ભૌગોલિક લાક્ષણિકતાઓથી નકિક થાય છે. જેમ કે, કુદરતીખેતી, ખેતીના વિવિધ પાકો, વિસ્તારોનો વિકાસ અને અન્ય સામાજિક–સાંસ્કૃતિક પરિબળો, ભરૂચ અને વડોદરા જિલ્લાઓ સિવાય બાકીના જિલ્લાઓમાં પર્વત વિસ્તાર અને જંગલો જોવ મળે છે. સાબરકાંઠા જિલ્લો પર્વત વિસ્તાર અન સપાટ વિસ્તાર એવા બે વિભાગોમાં વહેંચાયેલો છે. જયાં પર્વત વિસ્તાર "પોશીના પટ્ટી" તરીકે જાણીતો છે.–[૧૫]

જિલ્લાવાર કુલ વસતિના આંકડા જોતા જણાય છે કે, ગુજરાતમાં સૌથી વધુ વસતિ ધરાવતો જિલ્લો અમદાવાદ છે. આ જિલ્લાની વસતિ ૫૮ લાખથી વધારે છે. જયારે સૌથી ઓછી વસતિ ધરાવતો જિલ્લો ડાંગ છે. સમગ્ર ડાંગ જિલ્લાની વસતિ ૧,૮૬,૭૨૯ જેટલી જ છે. આખો જિલ્લો એક જ તાલુકોનો બનેલો છે. જિલ્લા વાર કુલ આદિવાસી વસતિનું પ્રમાણ જોતાં સૌથી વધારે આદિવાસી વસતિ ધરાવતો જિલ્લો સુરત છે. જેની વસતિ ૧૪૦૮૨૭૦ જેટલી છે. જયારે સૌથી ઓછી આદિવાસી વસતિ ધરાવતો જિલ્લો અમરેલી છે. જેની વસતિ ૩૨૫૬ જેટલી  જ છે.

## – જાતિવાર આદિવાસી વસતિ:-(૨૦૦૧)

૨૦૦૧ વસતિ પ્રમાણે ગુજરત રાજયમાં વસવાટ કરતી જુદી જુદી આદિવસી જાતિઓની સંખ્યા નીચે મુજબના કોષ્ટકમાં બતાવેલ છે.

**કોષ્ટક : ૨.૪**

**ગુજરાતમાં જાતિવાર આદિવાસી વસ્તી : (૨૦૦૧)**

| અનુ. નં. | જાતિનું નામ | કુલ વસ્તી | ટકા | પુરુષોનું પ્રમાણ | સ્ત્રીઓનું પ્રમાણ |
|---|---|---|---|---|---|
| | આદિવાસી બધી જાતિઓની વસ્તી : | ૭૪૮૧૧૬૦ | ૧૪.૭૬ | ૩૭૯૦૧૧૭ | ૩૬૯૧૦૪૩ |
| | ગુજરાત | | | | |
| ૧. | બરડા | ૭૭૫ | ૦.૦૧ | ૪૩૨ | ૩૪૩ |
| ૨. | બાવચા, બામચા | ૪૧૨૫ | ૦.૦૬ | ૨૧૪૮ | ૧૯૭૭ |
| ૩. | ભરવાડ | ૧૬૧૯ | ૦.૦૨ | ૮૫૬ | ૭૬૩ |
| ૪. | ભીલ, ભીલગરાસિયા, ઢોલીભીલ | ૩૪૪૧૯૪૫ | ૪૬.૦૦ | ૧૭૪૬૮૧૩ | ૧૬૯૫૧૩૨ |
| ૫. | ચારણ | ૨૪૮૧ | ૦.૦૩ | ૧૨૯૯ | ૧૧૮૨ |
| ૬. | ચૌધરી | ૨૮૨૩૯૨ | ૩.૭૭ | ૧૪૧૫૧૨ | ૧૪૦૮૮૦ |
| ૭. | ચૌધરા | ૬૭૮૬ | ૦.૦૯ | ૩૪૨૫ | ૩૩૬૧ |
| ૮. | ધાનકા, તડવી, તેતરિયા | ૨૫૨૬૩૭ | ૩.૩૮ | ૧૩૦૪૦૩ | ૧૨૨૨૩૪ |
| ૯. | ઢોડિયા | ૫૮૯૧૦૮ | ૭.૮૭ | ૨૯૬૧૧૫ | ૨૯૨૯૯૩ |
| ૧૦. | તલાવિયા, હળપતિ | ૫૯૬૮૬૫ | ૭.૯૮ | ૩૦૧૦૧૫ | ૨૯૫૮૧૪ |
| ૧૧. | ગામીત, ગામટા, ગાવિત | ૩૫૪૩૬૨ | ૪.૭૪ | ૧૭૬૭૮૦ | ૧૭૭૫૮૨ |
| ૧૨. | ગોંડ, રાજગોંડ | ૨૧૫૨ | ૦.૦૩ | ૧૧૭૦ | ૯૮૨ |
| ૧૩. | કાથોડી, કાતરડી, ઢોરકાથોડી | ૫૮૨૦ | ૦.૦૮ | ૨૯૫૧ | ૨૮૬૯ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૪. | કોંકણા, કોકણી, કુકણા | ૩૨૯૪૯૬ | ૪.૪૦ | ૧૬૫૫૩૭ | ૧૬૩૯૫૯ |
| ૧૫. | કોળી | ૯૫૬૫૫ | ૧.૨૮ | ૪૯૭૯૦ | ૪૫૮૬૫ |
| ૧૬. | કોલચા, કોળીઢોર, ટોકરે કોળી | ૪૮૪૧૯ | ૦.૬૫ | ૨૪૫૪૪ | ૨૩૮૭૫ |
| ૧૭. | કુનબી | ૪૩૨૯૨ | ૦.૫૮ | ૨૧૮૦૬ | ૨૧૪૮૬ |
| ૧૮. | નાયકા-નાયકડા, ચોલવિયા નાયકા | ૩૯૩૦૨૪ | ૫.૨૫ | ૧૯૯૬૫૨ | ૧૯૩૩૭૨ |
| ૧૯. | પઢાર | ૨૨૪૨૧ | ૦.૩૦ | ૧૧૫૫૦ | ૧૦૮૭૧ |
| ૨૦. | પારધી | ૭૧૮૯ | ૦.૦૯ | ૩૭૧૫ | ૩૪૭૪ |
| ૨૧. | આડવીંચિચર, ફનસે, પારધી | ૨૮૭૨ | ૦.૦૩ | ૧૫૨૧ | ૧૩૫૧ |
| ૨૨. | પટેલિયા | ૧૦૯૩૯૦ | ૧.૪૬ | ૫૫૯૬૫ | ૫૩૪૨૫ |
| ૨૩. | પોમલા | ૮૧૯ | ૦.૦૧ | ૪૦૯ | ૪૧૦ |
| ૨૪. | રબારી | ૧૫૪૧૭ | ૦.૨૦ | ૮૦૨૭ | ૭૩૯૦ |
| ૨૫. | રાઠવા | ૫૩૫૨૮૪ | ૭.૧૬ | ૨૭૩૨૯૬ | ૨૬૧૯૮૮ |
| ૨૬. | સીદી | ૮૬૬૨ | ૦.૧૨ | ૪૪૧૭ | ૪૨૪૫ |
| ૨૭. | વાઘરી | ૧૬૯૭૪ | ૦.૨૩ | ૮૭૬૪ | ૮૨૧૦ |
| ૨૮. | વારલી | ૨૫૫૨૭૧ | ૩.૪૧ | ૧૨૬૮૧૯ | ૧૨૮૪૫૨ |
| ૨૯. | વીટોલિયા, કોટવાળિયા, બરોડિયા | ૨૧૪૫૩ | ૦.૨૯ | ૧૦૭૯૪ | ૧૦૬૫૯ |

૨૦૦૧ની વસતિ પ્રમાણે ગુજરાત રાજયમાં જુદી જુદી જાતિઓની સંખ્યા ઉપરના કોષ્ટમાં આપેલ છે. રાજયમાં કુલ ૨૯ જાતિઓમાં મુખ્યત્વે ૪૬.૦૦ટકા વસતિ ભીલોની છે. જેમની કુલ આદિવાસી વસતિમાં ૩૪,૪૧,૯૪૫ની છે. બીજ ક્રમે હળપતિ ૭.૮૯ ટકા ત્રીજા ક્રમે ઢોડિયા ૭.૮૭ ટકા, ચોથા ક્રમે રાઠવા ૭.૧૬ ટકા, પાંચમાં ક્રમે નાયકા–નાયકડા ૫.૨૫ ટકા, છઠ્ઠા ક્રમે ગામીત–ગાવીત ૪.૭૪ ટકા સાતમાં ક્રમે કોંકણા,

કોંકણી ૪.૪૦ ટકા, આઠમાં ક્રમે ચૌધરી  ૩.૭૭ ટકા, નવમાં ક્રમે વારલી ૩.૪૧ ટકા દસમાં ક્રમે ધાનકા-તડવી તેતરિયા ૩.૩૮ ટકા અને છેલ્લે અગિયારમાં ક્રમે પટેલિયા ૧.૪૬ ટકા એટલે કે ૧ લાખ ઉપરાંતની વસતિ ધરાવતી કુલ અગિયાર જાતિઓ કે જેમની ઉપરાના કોષ્ટકમાં વિગતવાર માહિતી આપેલ છે.-[૧૬]

ગુજરાતના નોંધપાત્ર પ્રમાણમાં આદિવાસી વસતિવાળા જિલ્લાઓ:




રાજયના ૨૫ જિલ્લાઓમાંથી ૧૧ જિલ્લાઓમાં આદિવાસીઓની વસતિ નોંધપાત્ર પ્રમાણમાં છે. આ જિલ્લાઓ છે. બનાસકાંઠા, ડાંગ, વલસાડ, નવસારી, સુરત, ભરૂચ, નર્મદા, વડોદરા, પંચમહાલ, દાહોદ અને બનાસકાંઠા તેમાંથી ડાંગ, વલસાડ,  સુરત, ભરૂચ અને પંચમહાલમાં આદિવાસીઓની ટકાવારી જિલ્લાઓની કુલ વસતિના અનુક્રમે ૯૩.૯૬, ૫૪.૩૫, ૩૬.૦૫, ૪૫.૫૩ અને ૪૧.૧૯ ટકા છે. તેમની ઘણા મોટા ભાગની વસતિ રાજયની પૂર્વ સરહદ પરના ડુંગરાળ અને જંગલોભર્યા વિસ્તારોમાં વસે છે. માત્ર થોડા અપવાદો સિવાય રાજયના આદવાસી વિસ્તારો વાસ્તવમાં રાજયનાં ડુંગરો અને જંગલોનાં જ વિસ્તારો છે.-[૧૭]

ગુજરાતમાં પાંચમી પંચવર્ષી યોજના પછી આદિવસી સમસ્યાઓના ઉકેલ માટે ત્રિપાંખિયો હુમલો યોજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. તે માટે આદિવાસીઓને ત્રણ કક્ષામાં વર્ગીકુત કરવામાં આવ્યા છે.

(૧) આદિવાસી કેન્દ્રિત વિસ્તારમાં વસવાટ કરતા આદિવાસીઓ.

(૨) આદિમ અવસ્થામાં જીવતી આદિમ જાતિઓ.

(૩) છૂટાછવાયા આદિવાસી વસવાટવાળા વિસ્તારોમાં વસવાટ કરતી આદિવાસી સમૂહો.

**કોષ્ટક નં. ૨.૫**

**ગુજરાતના જિલ્લા અને તાલુકાવાર આદિવાસી વસ્તીની ટકાવારી (૨૦૦૧)**

| વિભાગ | જિલ્લો | તાલુકો | આદિવાસી વસ્તીની ટકાવારી | મુખ્ય આદિવાસી જાતિઓ |
|---|---|---|---|---|
| ઉત્તર વિભાગ | સાબરકાંઠા | ખેડબ્રહ્મા | ૬૦.૬૩ | ડુંગરી ગરાસિયા, ભીલ, ગરાસિયા, ભીલ |
| | | વિજયનગર | ૭૫.૫૨ | સોકલા ગરાસિયા, ડુંગરી ગરાસીયા |
| | | ભિલોડા | ૫૫.૩૦ | સોકલા ગરાસિયા, ડુંગરી ગરાસિયા |
| | | મેઘરજ | ૩૬.૩૮ | સોકલા ગરાસિયા, ડુંગરી ગરાસિયા |
| | બનાસકાંઠા | અમીરગઢ | ૫૩.૨૧ | ભીલ ગરાસીયા, રજપૂત ગરાસિયા |
| | | દાંતા | ૫૨.૭૬ | ભીલ ગરાસિયા, રજપૂત ગરાસિયા |
| મધ્ય વિભાગ | પંચમહાલ | સંતરામપુર | ૭૨.૦૭ | ભીલ, પટેલિયા, નાયકડા |
| | | ઘોઘંબા | ૪૦.૧૪ | નાયકડા |
| | | કડાણા | ૭૩.૨૦ | ભીલ, નાયકડા |
| | દાહોદ | ફતેપુરા | ૯૨.૨૧ | ભીલ, નાયકડા |
| | | ઝાલોદ | ૮૮.૬૦ | ભીલ |
| | | લીમખેડા | ૬૧.૩૨ | ભીલ, પટેલિયા, નાયકડા |
| | | દાહોદ | ૭૪.૨૧ | ભીલ, પટેલિયા |
| | | ગરબાડા | ૯૪.૩૩ | ભીલ, પટેલિયા |
| | | દેવગઢ બારિયા | ૨૩.૧૪ | નાયકડા |
| | | ધાનપુર | ૬૭.૬૬ | ભીલ, પટેલિયા |
| | વડોદરા | છેટા ઉદેપુર | ૮૬.૫૭ | રાઠવા, ધાનકા |
| | | કવાંટ | ૯૨.૫૦ | રાઠવા, નાયકા |
| | | નસવાડી | ૮૬.૧૬ | તડવી, ભીલ, રાઠવા |
| | | જેતપુર-પાવી | ૭૭.૫૫ | રાઠવા, ધાનકા |

| | | | | |
|---|---|---|---|---|
| દક્ષિણ વિભાગ | ભરૂચ | ઝગડિયા | ૬૬.૯૧ | વસાવા, ભીલ |
| | | વાલિયા | ૭૩.૬૫ | વસાવા ભીલ, ગામીત, ધાનકા |
| | નર્મદા | તિલકવાડા | ૫૨.૯૪ | તડવી, રાઠવા |
| | | નાંદોદ | ૬૮.૯૮ | વસાવા ભીલ |
| | | ડેડિયાપાડા | ૯૫.૮૧ | વસાવા ભીલ |
| | | સાગબારા | ૮૯.૬૫ | વસાવા ભીલ, ગામીત, ધાનકા |
| | તાપી | વ્યારા | ૮૪.૭૧ | ચૌધરી, ઢોડિયા, ગામીત, કોંકણા, કોટવાળિયા |
| | | સોનગઢ | ૮૩.૪૫ | ગામીત, વસાવા ભીલ, ચૌધરી |
| | | ઉચ્છલ | ૯૭.૩૨ | વસાવા ભીલ, ગામીત |
| | | નીઝર | ૭૯.૫૬ | વસાવા ભીલ, ધાનકા, ગામીત |
| | સુરત | માંગરોળ | ૫૨.૬૯ | વસાવા, ચૌધરી |
| | | ઉમરપાડા | ૯૬.૪૫ | વસાવા ભીલ |
| | | માંડવી | ૭૫.૭૪ | ચૌધરી, કોટવાળિયા, હળપતિ, ગામીત |
| | | બારડોલી | ૪૭.૦૭ | ચૌધરી, હળપતિ |
| | | વાલોડ | ૭૩.૫૮ | ચૌધરી, ઢોડિયા, હળપતિ, ગામીત |
| | | મહુવા | ૭૯.૦૯ | ચૌધરી, ઢોડિયા, નાયકા, કોલઘા |
| | નવસારી | ચીખલી | ૭૦.૦૬ | હળપતિ, કોંકણા, નાયકા, કોલઘા |
| | | વાસંદા | ૯૦.૩૧ | કોંકણા, વારલી, ઢોડિયા, નાયકા, કોલઘા |
| | વલસાડ | ધરમપુર | ૯૧.૮૪ | કોંકણા, વારલી, ઢોડિયા, નાયકા, કોલઘા |
| | | પારડી | ૩૯.૧૪ | ઢોડિયા, હળપતિ, નાયકા |
| | | કપરાડા | ૯૩.૬૩ | વારલી, ઢોડિયા |
| | | ઉંમરગામ | ૪૮.૮૪ | વારલી, હળપતિ, ઢોડિયા |
| | ડાંગ | આહવા | ૯૩.૭૬ | કોકણા, કુનબી, ભીલ, વારલી, ગામીત, કોથડી, કોટવાળિયા |

ઉપરોક્ત કોષ્ટક દ્વારા ગુજરાત રાજ્યની અંદર વસવાટ કરતી મુખ્ય આદિવાસી જનજાતિઓને જિલ્લા અને તાલુકાની ટકાવરીને રીતે મુખ્યત્વે ત્રણ વિભાગો એટલે કે, ઉત્તર વિભાગમાં વસવાટ કરતી આદિવાસી સમૂહો, મધ્ય વિભાગમાં વસવાટ કરતી

આદિવાસી સમૂહો અને સૌથી વધારે દક્ષિણ વિભાગમાં વસવાટ કરતી આદિવાસી સમૂહોમાં વહેંચવામાં આવી છે.–[૧૮]

જે આદિવાસીઓની વસતિ એક લાખથી વધુ છે તેમાં સૌ પ્રથમ ભીલ જાતિનો સમાવેશ થાય છે. તેમનું પ્રમાણ કુલા આદિવાસી વસતિના ૪૬ ટકા જેટલું છે. સંખ્યાની દ્રષ્ટિએ તેમની વસતિ ૩૧.૪૨ લાખ છે. તેઓ મોટા ભાગના આદિવાસી જિલ્લાઓમાં વહેંચાયેલા છે. પણ સૌથી વધુ વસતિ પંચમાહાલ, ભરૂચ, દાહોદ, સાબરકાંઠા બનાસકાંઠા અને ડાંગમાં છે. ત્યારે પછી દૂબળાઓની વસતિ ૫.૯૬ લાખ, ધોડિયાની વસતિ ૫.૮૯ લાખ, ગામીતોની વસતિ ૩.૪૫ લાખ છે. આ ત્રણે જનજાતિઓ સુરત, વલસાડ અને ભરૂચ જિલ્લામાં જોવા મળે છે. રાઠવાઓની વસતિ ૫.૩૫ લાખ છે. જે મુખ્યત્વે વડોદરા અને પંચમહાલ જિલ્લામાં જોવા મળે છે. કુકણાંઓની વસતિ ૩.૨૯ લાખ છે જે વલસાડ, નવસારી અને ડાંગમાં જોવા મળે છે. ચૌધરીઓની વસતિ ૨.૮૨ લાખ છે. જે મોટાભાગે સુરત જિલ્લામાં જોવા મળે છે. ધાનકાઓની વસતિ ૨.૫૨ લાખ છે જે વડોદરા અને નર્મદા જિલ્લામાં જોવા મળે છે. વારલી જનજાતિની વસતિ ૨.૫૫ લાખ છે. જે વલસાડ અને ડાંગ જિલ્લામાં વસે છે. અન્ય આદિવાસી જાતિઓમાં પટેલિયા ૧.૦૯ લાખ, કુનબી ૪૩ હજાર, કોલચા ૪૮ હજારની વસતિ છે. પટેલિયા દાહોદ જિલ્લામાં, કુનબી ડાંગ જિલ્લામાં વસવાટ કરે છે. કોલચા જુદા જુદા જિલ્લાઓમાં વહેંચાયેલા જોવા મળે છે.–[૧૯]

## કોષ્ટક નં. ૨.૬

## જિલ્લાવાર કુલ વસ્તી / કુલ આદિવાસી વસ્તી (૨૦૦૧)

| ક્રમ | જિલ્લાનું નામ | કુલ વસ્તી | કુલ આદિવાસી વસ્તી | | | ટકા (કુલ વસ્તીના) |
|---|---|---|---|---|---|---|
| | | | કુલ | પુરુષ | સ્ત્રી | |
| | ગુજરાત | ૫૦૬૭૧૦૧૭ | ૭૪૮૧૧૬૦ (૧૦૦%) | ૩૭૯૦૧૧૭ (૫૦.૬૬%) | ૩૬૯૧૦૪૩ (૪૯.૩૪%) | ૧૪.૭૬ |
| ૧. | ડાંગ/આહવા | ૧૮૬૭૨૯ | ૧૭૫૦૭૯ | ૮૭૭૬૩ | ૮૭૩૧૬ | ૯૩.૭૬ |
| ૨. | વલસાડ | ૧૪૧૦૫૫૩ | ૭૭૨૪૦૫ | ૩૮૬૩૯૫ | ૩૮૬૦૧૦ | ૫૪.૭૬ |
| ૩. | નવસારી | ૧૨૨૯૪૬૩ | ૫૯૧૧૬૪ | ૨૯૭૧૦૩ | ૨૯૪૦૬૧ | ૪૮.૦૮ |
| ૪. | સુરત | ૪૯૯૫૧૭૪ | ૧૪૦૮૨૭૦ | ૭૦૮૦૨૨ | ૭૦૦૨૪૮ | ૨૮.૧૯ |
| ૫. | ભરૂચ | ૧૩૭૦૬૫૬ | ૪૪૪૦૪૩ | ૨૨૮૦૧૭ | ૨૧૬૦૨૬ | ૩૨.૪૦ |
| ૬. | નર્મદા | ૫૧૪૪૦૪ | ૪૦૧૬૫૪ | ૨૦૪૩૪૪ | ૧૯૭૩૧૦ | ૭૮.૦૮ |
| ૭. | વડોદરા | ૩૬૪૧૮૦૨ | ૯૬૭૩૯૩ | ૪૯૬૦૫૮ | ૪૭૧૩૩૫ | ૨૬.૫૬ |
| ૮. | દાહોદ | ૧૬૩૬૪૩૩ | ૧૧૮૨૫૦૯ | ૫૯૩૭૬૬ | ૫૮૮૭૪૩ | ૭૨.૨૬ |
| ૯. | પંચમહાલ | ૨૦૨૫૨૭૭ | ૫૫૬૦૦૦ | ૨૮૪૩૩૪ | ૨૭૧૬૬૬ | ૨૭.૪૫ |
| ૧૦. | જુનાગઢ | ૨૪૪૮૧૭૩ | ૧૮૮૩૨ | ૯૭૬૬ | ૯૦૬૬ | ૦.૭૭ |
| ૧૧. | સાંબરકાંઠા | ૨૦૮૨૫૩૧ | ૪૨૦૨૪૨ | ૨૧૦૮૬૦ | ૨૦૯૩૮૨ | ૨૦.૧૮ |
| ૧૨. | બનાસકાંઠા | ૨૫૦૪૨૪૪ | ૨૦૫૯૦૪ | ૧૦૫૮૧૮ | ૧૦૦૦૮૬ | ૮.૨૨ |
| ૧૩. | કચ્છ | ૧૫૮૩૨૨૫ | ૧૩૦૧૩૮ | ૬૭૮૬૮ | ૬૨૨૭૦ | ૮.૨૨ |
| ૧૪. | ખેડા | ૨૦૨૪૨૧૬ | ૩૨૩૯૪ | ૧૬૯૬૨ | ૧૫૪૫૨ | ૧.૬૦ |
| ૧૫. | આણંદ | ૧૮૫૬૮૭૨ | ૨૨૮૩૫ | ૧૨૦૧૯ | ૧૦૮૧૬ | ૧.૨૩ |
| ૧૬. | ભાવનગર | ૨૪૬૯૬૩૦ | ૭૨૯૮ | ૩૯૦૯ | ૩૩૮૯ | ૦.૩૦ |
| ૧૭. | અમરેલી | ૧૩૯૩૯૧૮ | ૩૨૫૬ | ૧૭૪૬ | ૧૫૧૦ | ૦.૨૩ |
| ૧૮. | પોરબંદર | ૫૩૬૮૩૫ | ૬૪૫૬ | ૩૩૮૦ | ૩૦૭૬ | ૧.૨૦ |
| ૧૯. | જામનગર | ૧૯૦૪૨૭૮ | ૧૦૪૫૯ | ૫૫૨૩ | ૪૯૩૬ | ૦.૫૫ |
| ૨૦. | રાજકોટ | ૩૧૬૯૮૮૧ | ૧૩૧૬૩ | ૭૦૩૪ | ૬૧૨૯ | ૦.૪૨ |
| ૨૧. | સુરેન્દ્રનગર | ૧૫૧૫૧૪૮ | ૧૪૩૩૮ | ૭૪૫૦ | ૬૮૮૮ | ૦.૯૫ |
| ૨૨. | અમદાવાદ | ૫૮૧૬૫૧૯ | ૫૮૦૩૫ | ૩૦૮૧૯ | ૨૭૨૧૬ | ૧.૦૦ |
| ૨૩. | ગાંધીનગર | ૧૩૩૪૪૫૫ | ૧૭૬૮૧ | ૯૫૭૫ | ૮૧૦૬ | ૧.૩૨ |
| ૨૪. | મહેસાણા | ૧૮૩૭૮૯૨ | ૮૯૭૫ | ૪૮૮૪ | ૪૦૯૧ | ૦.૪૯ |
| ૨૫. | પાટણ | ૧૧૮૨૭૦૯ | ૧૨૬૩૭ | ૬૭૨૨ | ૫૯૧૫ | ૧.૦૭ |

ગુજરાતની કુલ વસ્તી ૫,૦૬,૭૧,૦૧૭ માં આદિવાસીઓની વસ્તી ૨૦૦૧ વસ્તી ગણતરી પ્રમાણે ૧૪.૬૭% છે. અર્થાત્ સંખ્યાની દષ્ટિએ ૭૪,૮૧,૧૬૦ છે. તેમાં ૩૭,૯૦,૧૧૭ પુરુષો (૫૦.૬૬%) અને ૩૬,૯૧,૦૪૩ સ્ત્રીઓ (૪૯.૩૪%) છે.[૨૦]

## કોષ્ટક નં. ૨.૭

## ગુજરાતની કુલવસ્તી, કુલ આદિવાસી વસ્તી (ગ્રામ્ય અને શહેરી વિસ્તાર પ્રમાણે) ૨૦૦૧

| વિગત | કુલ વસ્તી | | | | આદિવાસી વસ્તી | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | કુલ | ટકા | પુરુષ | સ્ત્રી | કુલ | ટકા | પુરુષ | સ્ત્રી |
| કુલ | ૫૦૬૭૧૦૧૭ | - | ૨૬૩૮૫૫૭૭ | ૨૪૨૮૫૪૪૦ | ૭૪૮૧૧૬૦ | ૮.૮૭ | ૩૭૯૦૧૭ | ૩૬૯૧૦૪૩ |
| ગ્રામ્ય | ૩૧૭૪૦૭૬૭ | ૬૨.૬૪ | ૧૬૩૧૭૭૭૧ | ૧૫૪૨૨૯૯૬ | ૬૮૬૬૬૩૭ | ૯૧.૭૯ | ૩૪૭૧૦૦૨ | ૩૩૯૫૬૩૫ |
| શહેરી | ૧૮૯૩૦૨૫૦ | ૩૭.૩૬ | ૧૦૦૬૭૮૦૬ | ૮૮૬૨૪૪૪ | ૬૧૪૨૨૩ | ૮.૨૧ | ૩૧૯૧૧૫ | ૨૯૫૪૦૮ |

ગુજરાતની કુલ વસતિમાં ગ્રામીણ વસતિનું પ્રમાણ ૬૨.૬૪% છે. જયારે શહેરી વસતિનું પ્રમાણ ૩૭.૩૬% છે. ગુજરાતની કુલ વસતિમાં આદિવાસીઓનું પ્રમાણ ૧૪.૬૭% છે. જેમાં ગ્રામીણ વિસ્તારમાં ૯૧.૭૯% વસતિ વસવાટ કરે છે. જયારે શહેરી વિસ્તારમાં માત્ર ૮.૨૧% જેટલું જ છે.[૨૧]

## ૨:૪ દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ અને તેમની વસતિ વિશેષતાઃ-

દક્ષિણ ગુજરાતમાં નર્મદા, ભરૂચ, સુરત, તાપી, નવસારી, વલસાડ અને ડાંગ-એમ કુલ સાત જિલ્લાઓમાં પથરાયેલો વિશાળ આદિવાસી વિસ્તાર છે. આ વિભાગનો પૂર્વ-ભાગ સાતપુડા અને સહયાદ્રિની પર્વતમાળા વડે મહારાષ્ટ્રથી જુદો પડે છે. આ સમગ્ર પ્રદેશ દક્ષિણ ગુજરાતનો જંગલછાયો છે, આ આખા પ્રદેશમાં ખેતી હેઠળની જમીન કુલ જમીનના ૨૦ થી ૨૫ ટકા જ છે તેથી વધુ નથી. બાકીનો જમીન-વિસ્તાર કયાં તો જંગલ તરીકે આવરી લેવાયો છે કે બિનખેતીલાયક છે. આગાઉના સમયમાં આ પ્રદેશના આદિવાસીઓની અર્થવ્યવસ્થા જંગલની આસપાસ જ ધુમરાયેલ રહેતી હતી. બધી વસ્તુઓમાં, સૌ પ્રથમ તો, જંગલે તેમને જીવન નિર્વાહના મુખ્ય સ્ત્રોત સમા ખેડવા માટે યથાયોગ્ય જમીન પૂરી પાડી હતી. પરંતુ ક્રમશઃ આદવાસીઓ સ્થાયી ખેડૂતો બની જવા પામ્યા. જો કે, વાવણ આગઉ ખેતરમાં સૂકા ડાળખાં-પાંદડા બાળવાની પ્રથામાં તેમની

પ્રારંભિક ખેતીની ખાસિયત હજી પણ દેખાય છે. વર્ષ દરમિયાન આ પ્રદેશના લોકોના કાર્યક્રમ મુજબ જૂનથી જાન્યુઆરી સુધી તેઓ ખેતીકામમાં વ્યસ્ત રહે છે. આ સમય દમિયાન લગભગ ત્રણ મહિના તો તેઓ ખેતીમાં પૂર્ણપણે રોકાયેલા રહે છે, પરંતુ બાકીના સમય દરમિયાન તેમને પૂરતું રોકાણ રહેતુ નથી. એટલે તેઓ તેવા સમયમાં નાની-મોટી ગૌણ જંગલ-પેદાશો ભેગી કરી તેનું અવલંબન કરે છે

દિક્ષણ ગુજરાતમાં વર્તમાન સમયમાં વિકાસ કાર્યક્રમોને ખેતીનાં જૂનાં અણઘડ સ્વરૂપો બદલીને નવીન પ્રસ્થાપિત પ્રકારની ખેતીને અંતે લોકપ્રિય ખેત-પધ્ધતિની સુધારણા કરવા તરફ વાળવામાં આવ્યા છે. ખેતી વિસ્તરણ અને પશુપાલનના કાર્યક્રમોને અગ્રિમતા આપવામાં આવી છે. છેલ્લા ૨૫ થી ૩૦ વર્ષો દરમિયાન ભરૂચ, સુરત, નવસારી, વલસાડ વગેરે જિલ્લાઓમાં કપાસ, શેરડી, બટાકા, મગફળી, શાકભાજી વગેરે જેવા રોકડિયા પાકોનું આદિવાસીઓ સારું એવું ઉત્પાદન લેવા લાગ્યા છે. તેમાં પણ સુરત અને વલસાડ જિલ્લાઓની સપાટ જમીનોમાં શેરડી લોકપ્રિય શોકડિયા પાક બનવા લાગ્યો છે. જેની અસર આસ-પાસના જિલ્લાઓમાં વસવાટ કરતા આદિવાસી લોકો પર પણ પડી છે.

દક્ષિણ ગુજરાતનો આ આદિવાસી પટ્ટામાં ઘણી બિન-સરકારી સંસ્થાઓ આવેલી છે. અને તેમના વિશે લખાયું પણ ઘણું છે. તેમાની ધણીખરી તો ગાંધીવિચાર પ્રેરિત કાર્યકરરો દ્વારા સ્થાપવામાં આવેલી છે. તાજેતરમાં જ યુવાન શિક્ષિત આદિવાસીઓ દ્વારા તેમનાં સંગઠનોની રચના કરવાની શરૂઆત થઈ છે. આ પ્રદેશમાં કોઈ યુનિવર્સિટી કે કોઈ સંશોધન સંસ્થા નથી. આ વિસ્તારમાં, માત્ર છેલ્લા દાયકામાં જ ડઝનેક પૂર્વસ્નાતક વિનયન અને વાણિજય કોલેજો ખોલવામાં આવી છે.

છેલ્લા દોઢ-બે દાયકાથી ખાસ આદિવાસી વિકાસ કાર્યક્રમો શરૂ કરી દેવામાં આવ્યા છે. તે માટે એક ખાસ વહીવટી વ્યવસ્થા(માળખું) રચવામાં આવ્યું છે. જેને 'આદિવાસી વહીવટી પ્રયોજના' કહેવામાં આવે છે. સાચી કાયાપલટ તો હજી ધણી દૂરની વાત છે. બીજી બાજુ આદિવાસી માનવ, " જે એક સમયે વાસ્તવિક સ્વતંત્ર મિજાજ ધરાવતો હતો, તે તેણે ગુમાવી દીધો છે. અને એક દલિત જ્ઞાતિના હિન્દુનું જ્ઞાતિમાનસ પ્રાપ્ત કરી લીધું છે. તેણે હવે એક બાજુ પર ફરિયાદોને (પૂર્વગ્રહોની અભિવ્યકિતને) પોષવા-ઉત્તેજવાનું શરૂ કર્યુ. તો બીજી બાજુ પર પરાયાં સાધનો/માધ્યમો પર વધુ ને

વધુ આધાર રાખતો થઈ ગયો છે. તે લઘુતાગ્રંથિનો શિકાર થઈ ચૂક્યો છે. જે અગાઉ તે કદી નહોતો. જો આ લઘુતાગ્રંથિ.....આદિવાસી વિસ્તારમાં વિકાસવી ચાલુ રહેશે તો તેનાથી તેની કળા, સંસ્કૃતિ અને પ્રદેશ નાશ પામશે. કારણે કે જેનાથી તે હવે શરમાવા માંડયો છે તે પોતાની સંસ્કૃતિ જાળવી શકશે નહી–[૨૨]

**❑ દક્ષિણ ગુજરાતની આદિવાસી વસતિઃ–**

આ વિસ્તારમાં વસવાટ કરતી મુખ્ય આદિવાસી જનજાતિઓમાં વસાવા ભીલ, ૫ળ પતિ, ચૌધરી, કોકકણા, ઘોડિયા, તડવી, વારલી, ભીલ, નાયકા, કાથોડિયા, કોલઘા અને કોટવાળિયા છે. આ પ્રદેશમાં વસતા આદિવાસીઓ બોલી, સમાજ અને સંસ્કૃતિની દ્રષ્ટિએ અનેકવિધ વૈવિધ્ય ધરાવે છે. દરેક જૂથનો ઈતિહાસ અને છેલ્લા વીસ વરસોમાં થયેલા વિકાસનો દર જુદા જુદો છે.

દક્ષિણ ગુજરાત ૨૦૦૧ની વસતિ ગણતરી મુજબ જનસંખ્યા ધરાવતા આદિવાસી વસતિની ટકાવારી ૨૮.૧૯ ટકાથી લઈને ૯૩.૭૬ ટકા વસતિ ધરાવતા જિલ્લાઓ છ. ટકાવારીની દ્રષ્ટિએ સુરત જિલ્લામાં ૨૮.૧૯ ટકા, ભરૂચ જિલ્લામાં ૩૨.૪૦ ટકા, નવસારી જિલ્લામાં ૪૮.૦૮ ટકા, વલસાડ જિલ્લમાં ૫૪.૭૬ ટકા, નર્મદા જિલ્લામાં ૭૮.૦૮ ટકા અને ટકાવારીની દ્રષ્ટિએ સૌથી વધુ આદિવસીઓ ડાંગ જિલ્લામાં ૯૩.૭૬ ટકા છે.

દક્ષિણ ગુજરાતમાં જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતમાં આદિવાસીઓની સૌથી વધારે વસતિ ધરાવતો જિલ્લો સુરત છે. તેમાં આદિવાસીઓની વસતિ ૧૪,૦૮,૨૭૦ જેટલી છે. જયારે ડાંગ જિલ્લાની કુલ વસતિ ૧,૮૬,૭૨૯ માંથી ૧,૭૫,૦૭૯ વસતિ માત્ર આદિવાસીઓની છે. એટલે કે અન્ય વસતિનું પ્રમાણ તો માત્ર ૧૧,૬૫૦ જેટલું જ છે.

## કોષ્ટક નં. ૨.૮

## દક્ષિણ ગુજરાતમાં જિલ્લાવાર વસવાટ કરતી જનજાતિ અને કુલ વસ્તી (૨૦૦૧)

| અનુ નં. | જિલ્લાનું નામ | જિલ્લામાં વસવાટ કરતી જનજાતિ | કુલ આદિવાસી વસતી | કુલ વસ્તીના ટકા |
|---|---|---|---|---|
| ૧ | નર્મદા | તડવી, રાઠવા, વસાવા, ભીલ, ગામીત, ધાનકા | ૪,૦૧,૬૫૪ | ૭૮.૦૮ |
| ૨ | ભરૂચ | વસાવા, ભીલ, વસાવાભીલ, ગામીત, ધાનકા | ૪,૪૪,૦૪૩ | ૩૨.૪૦ |
| ૩ | સુરત | ચૌધરી, ઢોડિયા, ગામીત, કોંકણા, કોટવાળિયા | ૧૪,૦૮,૨૭૦ | ૨૮.૧૯ |
| ૪ | નવસારી | ઢોડિયા, હળપતિ, કોંકણા, નાયકા, કોલઘા, વારલી | ૫,૯૧,૧૬૪ | ૪૮.૦૮ |
| ૫ | વલસાડ | ઢોડિયા, કોંકણા, વારલી, નાયકા, કોલઘા, હળપતિ | ૭,૭૨,૪૦૫ | ૫૪.૭૬ |
| ૬ | ડાંગ | કોંકણા, કુનબી ભીલ, વારલી, ગામીત, કાથોડી, કોટવાળિયા | ૧,૭૫,૦૭૯ | ૯૩.૭૬ |

ગુજરાતનો આ દક્ષિણ વિભાગ નર્મદા અને ભરૂચથી શરૂ કરી ડાંગ સુધીનો ભૌગોલિક વિસ્તાર આવરી લેવામાં આવ્યો છે. જેમાં સુરત જિલ્લાનાં માંડવી તાલુકાથી આગળ વધી વાંસદા, ધરમપુર, કપરાડા અને ડાંગ-આહવા સુધી પહોંચતી પટ્ટીનો ડુંગરાળ અને જંગલોવાળો પ્રદેશ દક્ષિણમાં સહયાદ્રિની પર્વતમાળામાં આવેલો છે. દક્ષિણ ગુજરાતના આ છ જિલ્લાઓમાંથી નર્મદા અને ડાંગ જિલ્લામાં ૭૮ ટકાથી વધારે આદિવાસી વસતિ છે. વલસાડ અને નવસારી જિલ્લામાં ૪૫ ટકાથી વધારે આદિવાસીઓની વસતિ છે. જ્યારે ભરૂચ અને સુરત જિલ્લામાં અનુક્રમે ૩૨ ટકા અને ૨૮ ટકાથી વધારે આદિવાસી વસતિ વસવાટ કરે છે.–[૨૩]

## ૨:૫. ડાંગ જિલ્લાની ભૌગોલિક અને ઐતિહાસિક પૃષ્ઠભૂમિકા:-

### ૨:૫:૧ ભૌગોલિક પરિચય:-

### ❑ સ્થાન અને સીમા:-

ડાંગ પ્રદેશ ભારતમાં ગુજરાત રાજયમાં ૨૦.૩૯ ઉત્તર અક્ષાંસથી ૨૧.૦૫ ઉત્તર અક્ષાંશ અને ૭૩.૨૯ પૂર્વ રેખાંશથી ૭૩.૫૧ પૂર્વ રેખાંશ વચ્ચે વિસ્તરેલો છે. 'ડાંગ' જિલ્લા ગુજરાતનો સૌથી નાનો જિલ્લો છે. ડાંગ જિલ્લાની ઉત્તરે તાપી જિલ્લાના વ્યારા અને સોનગઢ તથા મહારાષ્ટ્રનો નવાપુર તાલુકો છે. પૂર્વમાં ધૂલિયા જિલ્લાનો સાકરી તથા નાસિક જિલ્લાના બાગલાણ બઅને કળવણ તાલુકાઓ, દક્ષિણે નાસિક જિલલાનો કળવણ તાલુકો અને સુરગાણા મહાલ, તો પશ્ચિમ દિશામાં નવસારી, બીલીમોરા, વલસાડ વગેરે સ્ટેશનોથી ત્યાં એસ.ટી. બસ દ્વારા જઈ શકાય છે. બિલીમોરાથી વઘઈ સુધી પશ્ચિમ રેલ્વેની મીટરગેજ રેલ્વે લાઈન ચાલુ છે. ડાંગ જિલ્લાનું મુખ્ય મથક આહવા, સુરતથી ૧૪૩ કિ.મી. , નવસારી ૧૧૦ કિ.મી. બિલીમોરાથી ૯૩ કિ.મી. વલસાડથી ૧૦૩ કિ.મી. દૂર છે.-[૨૪]

### ❑ ભૌગોલિક પૃષ્ઠ :-

ડાંગ જિલ્લાની પૂર્વ સરહદ સહયાદ્રિ ગિરિમાળાને અડકે છે. આ આખો પ્રદેશ અરબી સમુદ્રની સપાટી થી ૪૫૭ થી ૧,૩૧૭ મીટર ઉંચાઈએ આવેલો ખડકાળ પ્રદેશ છે.

આ પ્રદેશ દક્ષિણ ભારતના લાવારસની પટ્ટીવાળો છે. અને તેનું પૃષ્ઠ ખડકોવાળું છે. જમીન લેટેરાઈટ પ્રકારની છે. જમીન લાલ અને કાળા રંગની છે. ખીણોમાં નીચાણવાળો સપાટ પ્રદેશ લાલ રંગની જમીનનો બનેલો છે. જયારે પશ્ચિમ ડાંગ પ્રદેશ મુખ્યત્વે કાળી જમીનનો બનેલો છે. આખો પ્રદેશ ઢાળવાળો હોય, જમીનનું કાયમ ધોવાણ થતું રહે છે. તથા જમનીમાં ફળદ્રુપતા નહિંવત્ છે. કસની દ્રષ્ટિએ આ પ્રદેશની જમીન ઘણીજ ઉત્તરતી કક્ષાની છે. અહીંની જમીનમાં આમ્લનું પ્રમાણ વધારે હોવાથી વરસાદ પછી જમીન અતિ કઠણ થાય છે. બહું ઓછી જગ્યા પર રેતી મિશ્રિત જમીન જોવા મળે છે. ઢોળાવને કારણે નદીઓના કાંઠા પર પ્રવાસ કરતાં 'સીધા કાપ' (Steep slopes) આપણું ધ્યાન ખેંચે છે. અહીં ઢોળવ, વરસાદનું પાણી ઉતરવા દેતો નથી અંતે તેથી ઘણી અસર પાક પર થાય છે.-[૨૫]

## ❑ નદીઓ:-

ડુંગરાળ પ્રદેશ હોઈ વર્ષાકાળ દરમિયાન અનેક નદીઓ અને ઝરણાઓ વહેતા હોય છે. પૂર્ણા, અંબિકા, ખાપરી અને ગીરા ડાંગ પ્રદેશની મુખ્ય નદીઓ છે. તેનાથી આ સંપૂર્ણ વિસ્તાર ચાર વિભાગોમાં વહેંચાયેલો છે. નદીઓ પશ્ચિમ વાહીની છે. ભારે વરસાદના પાણીના જોરદાર પ્રવાહથી નદીઓમાં ઘણી જગ્યાએ ઉંડા કોતરો નિર્માણ થયા છે. જેથી એક ભાગમાંથી બીજા ભાગમાં જવું ઘણું મુશ્કેલ ભર્યું બન્યું છે.

ખાપરી નદી ડાંગના બે સરખા ભાગ કરી ડુંગરડા ગામ નજીક અંબિકા નદીને મળે છે. અંબિકા નદી સાપુતારાની પર્વતહારોની તળેટીમાં તથા પૂર્ણા નદી ચીંચલી ગામ નજીકની ખીણોમાં ઉગમ પામે છે. અને અનુક્રમે બિલીમોરા તથા નવસારી નજીક અરબી સમુદ્રને મળે છે.-[૨૬]

## ❑ આબોહવા અને વરસાદ:

આ આખો પ્રદેશ ગીચ જંગલોથી છવાયેલો હોઈ આબોહવા એકંદરે ખુશનુમાં રહે છે. ઉનાળામાં ગરમીનું પ્રમાણ ૮૨ અંશથી ૯૦ અંશે ફે. રહે છે. માર્ચ માસથી સૂકી અને ભીનાશવાળી આબોહવા શરૂ થાય છે. તે જૂન માસ સુધી ચાલે છે. ત્યાર પછી ઓકટોબર માસ સુધી ચોમાસું રહે છે. ત્યાર બાદ શિયાળાની ઋતુ રહે છે. વરસાદના દિવસો સિવાય આ જિલ્લાની હવા સૂકી હોય છે. જિલ્લાનો સરાસરી વરસાદ ૧,૮૦૦ થી ૨,૦૦૦ મિ.મિ. હોય છે. લગભગ ૯૫ ટકા વરસાદ વાયવ્ય-મોન્સુન દ્વારા મળે છે. વરસમાં ઈઠોત્તેર દિવસ વરસાદ સારો પડે છે. જમીન ખડકાળ અને ઢાળવાળી હોય પાણી નીચાણવાળા વિસ્તારોમાં વહી જાય છે. અને ધરતીમાં પણ ઉંડે ઉતરી જાય છે. કૂવામાં પણ ઘણાં ઉંડાઈએ પાણી ઉતરી જતું હોય છે. વરસાદની વિપુલતા હોવા છતાં પાણીનો પ્રશ્ન અહીં વિકટ છે.

વનસંપતિ:-

દક્ષિણ સીમાડેથી સહયાદ્રી ગિરિમાળા શરૂ થતી હોઈ ભારે વર્ષા થાય છે. કુદરતે જયાં છૂટા હાથે સૌંદર્ય વેર્યું છે. એવો નયનરમ્ય વનરાજીથી છલકાતા, આંખોને ઠારી દેતા, મનભાવન હૃદયગમ્ય એ પ્રદેશનું નામ છે 'ડાંગ'. ડાંગ એટલે જંગલ, ડાંગ એક

સળંગ જંગલ છે. જંગલ ડાંગની એક અમૂલ્ય મૂડી છે. આખાય ગુજરાતમાં ડાંગનું જંગલ સમૃધ્ધ જંગલ ગણાય છે. જિલ્લાનો કુલ વિસ્તાર ૧૭૭૮ ચો.કી. મીટર છે. તેમાંથી ૧૭૦૮ ચો.કી. મીટર જંગલ વિસ્તાર છે. તેમાં ૮૩૧ ચો.કી. મીટર અનામત જંગલો અને ૮૭૭ ચો.કી. મીટર સંરક્ષિત જંગલો છે. જંગલની પેદાશો મુખ્યત્વે સાગ, વાંસ, હળદવો, સીસમ, સાદડો, હરડે, આમળા, ટેટુ વગેરે થાય છે. તદ્ઉપરાંત વાંસ, મધ અને આયુર્વેદિક ઔષધિઓ પણ પ્રાપ્ત થાય છે.

ડાંગના પશ્ચિમ વિસ્તારોનો થોડો ભાગ તથા મધ્ય ડાંગ એક અતિ ગાઢ જંગલ છે. જિલ્લાની પુર્વ પટ્ટી પર માળની જમીન જોવા મળે છે. પૂર્ણા નદી તથા આજુબાજુના વિસ્તારમાં ઉત્કૃષ્ટ પ્રકારનાં ઈમારતી લાકડાં થાય છે. આ જ વિસ્તારમાં ઉત્તમ પ્રકારના કાંટસ વાંસ (બાંબુ) પણ થાય છે. પૂર્ણા નદીની માટી ઈમરાતી લાકડાઓના જંગલ માટે અતિશય અનુકુળ છે.

ડિવિઝનલ ફોરેસ્ટ ઓફિસર, રેંજ ફોસ્ટ ઓફિસર, ફોરેસ્ટર, બીટ ગાર્ડ, નાકેદારો, દવગાર્ડો વગેરે સરકારી અધિકારીઓ વનસંપત્તિની જાળવણી અને વૃધ્ધિ કરે છે. એક કરોડથી પણ વધારે કિંમતનો ઈમારતી માલ પ્રતિવર્ષ મળે છે. અને નિકાસ થાય છે.–[૨૭]

આજે વિકાસતા રાષ્ટ્રોમાં-પ્રદેશોમાં "માનવ સર્જિત યંત્ર-ઉદ્યોગો માનવ પ્રગતિની ધરી સમાન છે." તેમ કુદરતે સર્જેલા આ નૈસર્ગિક જંગલ ઉદ્યોગ-અહીંનું જંગલ આદિવાસીઓ માટે પ્રગતિનું દ્વારા છે. એ તેમની જીવનજરૂરીયાતો પૂરી પાડે છે. આ જંગલ રૂપી ધરી પર જ આદિવાસીઓનું જીવનચક્ર ફરે છે. આ જંગલ જ એમને જીવન બક્ષે છે. કુદરતના ખોળે ઉછરે સાચેસાચ જંગલ જ તેમના માતા અને પિતા છે.–[૨૮]

**૨:૫:૨ ઐતિહાસિક ઝાંખીઃ ડાંગ પ્રદેશ અને ડાંગી પ્રજાઃ-**

'ડાંગ' સંસ્કૃત શબ્દ દંડ-વાંસ પરથી આવ્યો લાગે છે કારણ કે અહીં વાંસ પુષ્કળ થાય છે. વળી ડાંગ ડુંગરાળ પ્રદેશ માટે પણ વપરાય છે.

दंडकारण्य = **दंडक** = **वांस** + **वरण्य** = **वन** આમ વાંસનું વન હોવાથી આ પ્રદેશને દંડકારૂણ્ય કહેવામાં આવતો હશે.

વળી શ્રી રામચંદ્રજીએ જયાં વનવાસ કર્યો હતો તે 'દંડકારણ્ય' નો ઉલ્લેખ રામાયણમાં મળી આવે છે. તે આ જ પ્રદેશ હોવાનું માનાય છે.–[૨૯]

**Historical Backgound Of Dangs:**

`' The area of Dangs is believed to The we-known Dandakaranya of Ramayana where Rama and sita spent 12 year of their exile. The territory of Dangs was formerly covred by small principalities presided over by 5 Rajas and 9 Naiks.

The territory was merged in the Bombay state in 1947 and included in Gujarat state since 1960. It was placed under the administrative after merge. shortly there after it was constituted ad a separate district"-[30]

આમ શ્રી રામચંદ્રજીએ તેમના ૧૨ વર્ષના વનવાસનો ઠીકઠીક સમય અહીં ગાળ્યો હતો. ડાંગી પ્રજાના જીવનમાં પણ એની અસર જણાય છે.

ડાંગ પ્રદેશની ડાંગી પ્રજા આદિવાસીઓ અતિ પ્રાચિનકાળના આદિવાસીઓ છે.

" તેઓ દ્રવિડોની પણ પહેલાંના મનાય છે. દ્રાવિડ શબ્દ 'બીલુ' એટલેકે ધનુષ્ય પરથી 'ભીલ' શબ્દ પ્રચલિત થયો હશે, એવું અનુમાન કરાય છે. પરાપૂર્વથી તીરકાંમઠાએ તેમનું મુખ્ય શસ્ત્ર છે. આ પરથી દ્રવિડો તેમને 'બીલ્લવાર'ના નામથી ઓળખતા હશે. એટલે 'બીલ્લવાર' એ દ્રાવિડ શબ્દમાંથી 'ભીલ્લ' શબ્દ બન્યોં હોય તેવું બનવા જોગ છે. દ્રાવિડીઓ'ભ' ને બદલે'બ' બોલે છે. એ જોતાં 'બિલ્લ' શબ્દનું ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં 'ભીલ્લ' રૂપ બન્યું હોય એમ લાગે છે. આથી ગુજરાત અને રાજસ્થાનમાં આ આદિમજાતિઓ 'ભીલ' તરીકે ઓળખાય છે."

"દ્રવિડો અને પછી આર્યો જેમ જેમ પ્રસરતા ગયા અને પ્રભુત્વ સ્થાપતા ગયા તેમ ઉત્તર તેમજ દક્ષિણમાંથી આ જાતિઓ વિંધ્યાચળ, સાતપુડા અને સહયાદ્રિની ગિરિમાળ ાઓના ડુંગરો અને જંગલોમાં ધકેલાતી ગઈ"–[૩૧]

નૃવંશશાસ્ત્રના આધારે જોઈશું તો પણ તેઓ અન્ય આદિવાસીઓ જેવાં લક્ષણો ધરાવે છે. તેમના શરીરના અવયવોમાં ગાલનો ભાગ ઉપસેલો છે. અને કાન વળગેલા છે.

નીરૂ દેસાઈએ "મહાગુજરાત સીમાસમિતિ" ના રિપોર્ટમાં પણ જણાવ્યું છે કે, ડાંગીઓ પ્રાચિનકાળના આદિવાસીઓ છે.

પ્રાચિન કાળથી 'લાટ' એટલે દક્ષિણ ગુજરાતમાં જ આ ભૂમિનો સમાવેશ થયો

છે. દક્ષિણ ગુજરાતની બ્રાહ્મણોને દાન કરેલી ભૂમિમાં ન રહેવાય એમ માની ભગવાન પરશુરામે દક્ષિણ પ્રયાણ દરમિયાન સાલ્હેરના ગિરિરાજ ઉપર જ જીવનના અંતનો વિસામો કરેલો. એવી લોક-કથા આજે પણ આ પ્રદેશમાં પ્રચલિત છે. જેની નિશાની તરીકે સાલ્હેરના ગિરિશિખર ઉપર ભગવાન પરશુરામની સમાધિ આજે પણ જોવા મળે છે.

વર્ષોથી આ ભૂમિમાં શબરીના વંશજો રહેલા છે. શ્રી રામચંદ્રજીને એઠાં નહીં પણ ચાખેલા બોર આપવાવાળી શબરી આજે પણ રામ કાલિન સ્મૃતિ જાગૃત કરવા હાજર છે. આજનાં ડાંગનો બરડીપાડાથી સુબીર સુધીનો ભાગ એજ 'શબરીવન' –'શબરી પ્રદેશ' હશે, એમ ગુજરાતના લોકસેવક જુગતરામ દવેએ પણ ત્યાંના પ્રવાસ દરમિયાન થયેલા અનુભવથી લખ્યું છે, આજે પણ આવી જ દ્રૢઢ માન્યતા પ્રચલિત છે. રામ–સીતા તથા રામાયણ કાલીન વીરોના નામે પરથી આજે પણ અહીંની  વનવાસી પ્રજા પોતાના છોકરા–છોકરીઓના નામ પાડવામાં ઘણું અભિમાન ધરાવે છે. એટલું જ નહીં, ઓજે પણ 'થાળી' નામોના વધિ પર ડાંગી રામાયણ કથાનું ગાન કરવામાં આવે છે. રામની સ્મૃતિ આ જંગલમય પ્રદેશને પાવન કરે છે.

રામાયણ, મહાભારત જેવા મહાકાવ્યો અને પુરાણો જેવાં મહાન ગ્રંથ ભારત ભૂમિપર લખાઈ ગયાં એ ભારતીયોનું સદ્ભાગ્ય છે.

દેવ, ધર્મ, વર્ણ, રીત–ભાત વગેરેનું સમ્યક દર્શન આ વાઙ્મય દ્વારા પ્રતિત થાય છે. ભારતીય સંસ્કૃતિ અધિ દૈવિક, અધિ ભૌતિક તથા આધ્યાત્મિક છે. રામાણય ભારતના સાદ પ્રતિસાદ પરથી દક્ષિણ તથા પૂર્વથી પશ્ચિમ સુધી, નાગરી સંસ્કૃતિમાં જ નહીં, બલ્કે ડાંગ જેવા જંગલમય વિસ્તારનાં આદિવાસી કે રામ–વાસી સંસ્કૃતિમાં પણ સાંભળવા મળે છે.

લાટ પ્રદેશ પર દક્ષિણમાંથી ઘણી ચઢાળઓ થઈ આ દક્ષિણ નિવાસી રાષ્ટ્રકુળોનું રાજય વર્ષો સુધી આ પ્રદેશ પર હતું. ગૃપ્ત, ક્ષત્રય, શક વગેરે સમયમાં આ 'લાટ' ભાગ ગુજરાતમાં જ અંગ રૂપે ગણાતો હતો. શ્રી ટોલેમીની પ્રાચીન ભૂગોળમાં એનો લટએ(Lattae) એવો ઉલ્લેખ છે. ઈ.સ.ની સાતમી સદીમાં, હર્ષવર્ધનના કાળમાં આવેલ દક્ષિણના સમ્રાટ, પુલકેશીનાં દરબારમાં પગપાળા આવેલા ચીનીયાત્રી હયૂ એત્સંગ એનું નામ જણાવે છે. આ યાત્રીએ આ વિસ્તારની રહેણી–કરણનું જે વર્ણન કરેલું છે, તે આજે પણ ઘણે અંશે આદિવાસીઓને મળતું આવે છે.

દંડકારણ્ય 'લાટ' નું જ અંગ હોવાથી શાસન-તંત્ર એક યા બીજા કાળમાં લાટના રાજાઓ હસ્તક જ રહયું. ડાંગ-વાંસદાના ભીલી વિસ્તારો કપજે કર્યાનો તવારીખી ઉલ્લેખ સિધ્ધરાજના સમયમાં મળે છે. તેના સમયમાં કનોજના રાઠોડ રાજાના બે પુત્રો સાહડ અને યશસ્થાન પાટણ આવેલા અને પાટણથી લશ્કર લઈ દક્ષિણ તરફ ગયા. ત્યાં માર્ગમાં સાહડે, નેહલો તથા ભીલોને મારી મિપ્પલ (હાલનું સોનગઢ વ્યારા પાસે આવેલું પિપાલ ગામ) હાથ કર્યાઃ અને તેનો માલિક બન્યો યશસ્થાએ દેવાગિરીના યાદવ કન્યા સાથે લગ્ન કર્યા અને સાલાહિરીમાં (સાલ્હેર) ગાદી સ્થાપી. ત્યારથી ખાનદેશ બાગલાણ વિસ્તાર ગુજરાતનાં ખંડિયા રાજાનો બની ગયો. આ રાઠોડો ગુજરાતની સત્તા નીચે હતા. ડાંગના ભીલ રાજાઓ એટલે પોતાને રાજપૂત વંશનો ગણાવે છે.

વાઘેલા વંશની શાસન વેળાએ બાગલાણ સુધી આ વિસ્તાર ગુજરાતને કબ્જે હતો. ગુજરાતમાં મુસ્લિમ શાસન સ્થપાયું ત્યારે આ વિસ્તાર મુસ્લિમ સલ્તનત હેઠળ ગણાવા લાગ્યો. ઉત્તરમાં તાપી કાંઠાથી માંડીને દક્ષિણના ઘાટમાંની ટેકરીઓ સુધીનો અને પૂર્વ પશ્ચિમ સો માઈલનો પ્રદેશ બાગલાણની સત્તા નીચે હતો. એટલે ડાંગ, વાંસદા તથા ધરમપુર વગેરે બાગલાણની જ હકુમત નીચે હતાં. ગુજરાતના છેલ્લા રાજા કરણઘેલાએ પણ ભાગી જઈને બાગલાણમાં જ આશરો લીધો હોવાનું અને ત્યાં જ તેમના જીવનનો અંત આવ્યાનું માલુમ પડે છે.

સમય જતાં, બાગલાણ ગુજરાત સાથે જોડાઈ ગયો અને દિલ્હી દરબારમાં આ આખાય પ્રદેશના માલિક તરીકે ગુજરાતના સુલતાન ગણાતા.

નાસિક અને બાગલાણ યાદવો પાસેથી દિલ્હી તખ્તના દૌલતાબાદના રાજયપાલોના હાથમાં આવ્યા. ત્યાર બાદ કલબુર્ગાના બદામી રાજઓ આ પ્રદેશના માલિકો બન્યા, અને ઈ.સ. ૧૪૮૭ પછી અહમદ નગરના નિઝામ શાહી રાજાઓની સત્તા સ્થપાઈ.

ગુજરાત પર મોગલોનું શાસન સ્થપાયું ત્યારે થોડા સમય જૂની શાસન વ્યવસ્થા કાયમ રહી. અકબરના સમયમાં આખા વિસ્તારની માપણી થઈ તથા સુબાઓ રચાયા. અને બાગલાણ વિસ્તાર-ડાંગ વગેરે જંગલો સહિત ખાનને (માટે એ ખાનદેશ કહેવાયો) સોંપાયો.

સત્તરમી સદીના પૂર્વાર્ધમાં ઔરંગઝેબે બાગલાણના ડુંગરાળ પ્રદેશને પોતાના વહીવટ

નીચે લીધો. બાગલાણના નાયકે શરણાગતી સ્વીકારી તે વખતે ડાંગનો સમાવેશ બાગલાણમાં જ થતો હતો.

ઈ.સ. ૧૬૬૪માં શિવાજીએ સુરત લૂંટયું. તે પણ ડાંગમાં થઈને જ ઈ.સ.૧૭૭૨માં ડાંગની સરહદ પર આવેલા સાલ્હેર કિલ્લાની રખેવાળી કરવાની પરવાનગી શિવાજીએ પોતાના એક સરદાર મોરો ત્રિમાલને આપી. મહંમદ આજમે ઈ.સ.૧૬૮૪માં સાલ્હર કિલ્લો કબ્જે કર્યો. પરંતુ આગળ જતાં નાસિક નજીક રામસેજના સરદારે તેમને પાછળ હઠાવ્યા. આ જ સમયે દિલ્હીની મોગલ સત્તા નબળી અને નિર્જીવ થઈ હતી. આ સમયમાં જ ઔરંગઝેબના જીવનનો અંત આવ્યો. તે સાથે મોગલાઈ સત્તાનો પણ અંત આવ્યો.

મોગલાઈ સત્તાનો અંત આવતાં જ આ પ્રદેશમાં વર્ષો સુધી અરાજકતા અને અવ્યવસ્થા ફેલાઈ હતી. આજ સમયે મરાઠી સત્તાના પેશવાઈના પગદંડો જમાવવાના પ્રયાસો થયા હતા. આ સદીમાં (અઢારમી સદીમાં) દક્ષિણમાં સાલ્હે–મુલ્હેરના કિલ્લાથી માંડી ઉત્તરે વાજપૂર, વાયવ્યમાં રાજપીપળા તથા ઈશાનમાં કુકરમુંડા સુધી વખતો વખત તોફાનો થવા માંડયાં. પૂનાના મહારાણી અહલ્યા બાઈએ  પૂનાથી સોમનાથની જાત્રા કરી ત્યારે એમના મુકામોના સ્થાનોએ શિવમંદિરની વ્યવસથા ન હોય ત્યાં નવે નામે કરી હતી. સાલ્હેર થી બાબુલના ઘાટ ઉતરતાં ચીંચલી ગામે એમણે મુકામ કર્યો હશે તે વખતે બાંધેલુ નાનું સરખું તે જમાનાની શિલ્પકલા નમુનાની ખાત્રી કરાવતું શિવમંદિર ચીંચલી ના કુવા પાસે આજે પણ મોજૂદ છે. એ જ રીતે ચીંચલીથી નિકળી શુબિર (આજનું શબરીધામ) થઈ મહાલના જંગલમાંથી માછળી અને ખાતળગામની વચ્ચે નાકઝર (નાકમાંથી પાણી નીકળતે) નામનો મોટો કુંડ છે. ત્યાં પણ તે વખતે બાંધેલું તે જમાનાની શિલ્પકલાના નમૂનાની ચાડી ખાતું શિવમંદિર આજે પણ આજુ–બાજુમાં ગામડાંઓનાં લોકોનું શ્રદ્ધાનું કેન્દ્ર ગણાય છે.

તેમાંય યશવંતરાય હોળકરની ગાદી માટે ખેંચતાણ શરૂ થઈ મરાઠાઓની સત્તા બદલાતી રહેતી હતી. ડાંગ વિસ્તારની ચોથ ઉઘરાવવાની સત્તા પેશ્વાએ સાલ્હેર–મુલ્હેરના સુબાને આપી.

ડાંગમાં અને તેની આજુબાજુના જંગલોમાં રહેતી ભીલ વગેરે અન્ય પ્રજાઓએ આ અંધાધૂંધીનો લાભ લઈ ટોળીઓ જમી દુર–દુર સુધી લૂંટફાટ કરવાનું શરૂ કરી દીધું.

ઈ.સ.૧૭૫૧માં દામાજીરાવ ગાયકવાડે ભીલોના આ ઉપદ્રવને નાથવા માટે રાનીપરજ આગેવાનોને કેટલીક જમીન ઈનામમાં આપી ઈ.સ. ૧૭૭૦માં ગાયકવાડ સરકારના પ્રતિનિધિ, ગોવિંદ વાસુદેવ અને તેની પત્નિ ગહીનાબાઈ ડાંગ પ્રદેશ બાબત વાટાઘાટ કરવા જતા હતાં, તે દરમિયાન ડાંગના એક રાજાએ તેમને હાથગઢ કિલ્લામાં કેદ કરેલાં.

ઓગિણીસમી સદીના પૂર્વાધમાં ભીલ રાજાઓ અતિ બળવાન બની ગયા હતા.

ઈ.સ.૧૮૧૭માં જયારે પેશ્વાઓએ અંગ્રેજો સામે યુધ્ધ જાહેર કર્યું ત્યારે તુલસીબાઈ હોલકરે સખત વિરોધ દર્શાવેલો. હોલકરના મંત્રીઓએ મરાઠા-પેશ્વા સાથે રહેવાનું નક્કિ કરી તુલસીબાઈનું ખૂન કરવામાં આવ્યું, અને સરદારોએ પૂના તરફ પ્રયાણ કર્યું, માર્ગમાં જતા મહીદપૂર નજીક સરજોન માલકમ અને થોમસ હિરલોપના સૈન્ય સાથે ભેટો થયો. લડાઈ થઈ અને સરદારો હારી ગયા. હોળકર સત્તાએ ખાનદેશ અને ઉત્તર નાસિકનો ભાગ સુલેહમાં આપવો પડયો.

બળવાખોરીની ભૂમિ તરીકે ઓળખાતા ડાંગ પર યાદવોથી પેશવાઈ કાળ દરમિયાન અનેક રાજસત્તાઓ આવી ગઈ. તેમ છતાં બ્રિટિશ રાજય આવ્યું ત્યાં સુધી સાચું સ્વતંત્રતા તો ડાંગના રજાઓ અને નાયકો જ ભોગવતા હતા. તે વખતે ગાઢવી, અમલા, દર્ભાવતી, વાસુરણા, પિંપરી, શિવબારી, ચીંચલી-ગડદ, અવચર, પીપળાઈદેવી, વાડિયાધન, પળસ-વિહિર, બિલબારી, ઝરી, ગારખડી વગેરે રાજયો મળીને ડાંગ બન્યું હતું. આમાં રાજાઓ અને નાયકો મળીને તેર ભીલ હતા અને એક કુકણા હતા. ગાઢવીના રાજાને વરિષ્ઠતા આપવામાં આવી હતી, પણ તે નામ માત્રના હતા. બધા રાજાઓ સ્વતંત્ર જ હતા. ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં એટલે કે ઈ.સ. ૧૮૧૮માં બ્રિટિશ લોકોની સત્તા હેઠળ ખાનદેશ પ્રદેશ આવ્યો. ત્યારથી જ ડાંગનો પધ્ધતિસરનો ઈતિહાસ આપણને હાથ લાગે છે.

આ નવા કબ્જે કરેલા પ્રદેશ પર પશ્ચિમ સરહદ વિસ્તારના ડાંગી ભીલ રાજાઓ તથા પ્રજા ઘણીવાર લૂંટફાટ કરતી હતી. આ રાજા-પ્રજાને કેવી રીતે નમાવવી જોઈએ એ વિચારને અંગ્રેજોએ પ્રથમ પ્રાધાન્ય રાપી ડાંગ પ્રદેશ તરફ તે દ્રષ્ટિથી નજર નાખી.

ઈ.સ. ૧૭૭૦ થી ઈ.સ.૧૮૨૩ સુધીમાં બ્રિટિશરોએ અનેક ફરમાનો કાઢી, જે ભીલ

રાજાઓ તથા પ્રજા પોતાને ગામે પાછા ફરે તેને ભરપૂર અનાજ આપવામાં આવશે એમ જાહેર કર્યું. પરંતુ બ્રિટિશરોના આ પ્રયત્નો નિષ્ફળ ગયા. ખાનદેશ પ્રદેશના ઉમરપેઠ, સુરગાણા આદિ ગામોમાં લૂંટફાટ ચાલુ જ હતી. આખરે ઈ.સ.૧૮૨૩માં અંગ્રેજ ફૌજ પ્રથમ વખત ડાંગમાં પ્રવેશ કર્યો અને ડાંગી રાજાઓને નમાવી દીધા.

ડાંગ પ્રદેશની આ તિરંગી લડતમાં વડોદરાના ગાયકવાડે એક મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ડાંગી રાજાઓ ઉપર સત્તા જમાવવા માટે બ્રિટિશરોનું ગાયકવાડ સરકાર સાથે પણ લડત આપવી પડી છે. આમ ગાયકવાડ સત્તાનો ડાંગ સાથે સંબંધ કેવી રીતે બંધાયો તે આપણે અહી જોઈશું જે અસ્થાને નહિ ગણાય.

ગાયકવાડ રાજવંશીઓના સંસ્થાપક પિલાજીરાવ ગાયકવાડ. પિલાજીરાવે ઈ.સ.૧૭૨૧માં સોનગઢ કિલ્લો રચ્યો, અને સોનગઢ રાજધાનીનું શહેર જાહેર થયું. પરંતુ પિલાજીરાવના પુત્ર દામાજીરાવે વડોદરાને રાજધાની તરીકે પસંદ કર્યુ.

શાહુ મહારાજના મૃત્યું પછી પેશ્વાઓએ રાજય સૂત્રો હાથમાં લીધા. કમનસીબે દામાજી રાવનું પેશ્વાઓ સાથે બન્યું નહીં. અને આખરે પેશ્વાઓએ દામાજીરાવને અટકમાં લીધા. ગુજરાતનો અડધો હિસ્સો આપવાની શરતે જ દામાજીરાવને કેદમાંથી મુકત કરવામાં આવ્યાં. રાજધુરંધર દામાજીરાવે પેશ્વાઓ સાથે મળીને અમદાવાદ ઈ.સ.૧૭૫૭માં જીતી લીધું. આમ મોગલ સત્તાને ગુજરાતમાં અંત આવ્યો. પેશ્વા અને ગાયકવાડ વચ્ચે ગુજરાત બે ભાગમાં વહેંચવામાં આવ્યું.

સોનગઢ કિલ્લાના આસમંતાતનો પ્રદેશ તરીકે ડાંગનો ગાયકવાડ સત્તા સાથે પ્રથમ પરિચય થયો ભૌગોલિક સમિપ્ય અને ડાંગી ભીલ રાજાઓ વચ્ચેનો આંતરવિગ્રહનો ફાયદો ઉઠાવી ગાયકવાડ ડાંગમાં પ્રવેશ્યા. બ્રિટિશ સત્તા પૂર્વે પણ ડાંગ ગાયકવાડનું પ્રાબલ્ય હતું જ. ગુજરાત પ્રદેશ જીતી લીધો એટલે ડાંગ પર પણ અમારો જ અધિકાર એવો ગાયકવાડનો દાવો હતો.

આજ સમયમાં એક મહત્ત્વનો બનાવ બન્યો. શિવરાજ નામના એક સોનીએ સત્તારા છત્રપતિની ખોટી સહી કરેલા કાગળપત્ર લઈ, ડાંગનાં ભીલ રાજાઓ તથા આસમંત પ્રદેશ સાથે વ્યૂહની રચના કરી. ગાયકવાડ સરહદમાંના અંતાપુરમાં લૂંટફાટ કરવામાં આવી. અને મુલ્હેર કિલ્લાનો કબ્જો લઈ લીધો. આ બનાવથી ગાયકવાડ સરકારે

અહીં સૈન્ય મોકલી ડાંગી રાજાઓને દબાવવાનો પ્રયત્ન કર્યો. પણ પરિણામ વિપરિત આવ્યું. પરિસ્થિતિ વધારે બગડી ગઈ. ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ ખાનદેશમાં ભીલ સૈન્યની રચના કરી અને ડાંગ પ્રદેશની ઉતરતી પર સૈન્યની ગોઠવણી કરવામાં આવી. પરિણામે ગાયકવાડ તરફથી આવતી મદદનો વિરોધ થવા લાગ્યો ગાયકવાડ સામે એક નવો પેંતરો બ્રિટિશરોએ રચ્યો.

બ્રિટિશ શાસકોએ ખાનદેશના, નંદુરબાર, સુલતાનપુર અને પિંપળનેર એવા ત્રણ વિભાગો પાડયા. ઉત્તર-પશ્ચિમ વિભાગમાં ડાગનાં રાજાઓ અને ખંડણીદારોને સમાવેશ કરવામાં આવ્યો. ત્યાર પછી આ વિભાગને N.W. Agemcy તરીકે ઈ.સ.૧૮૨૫થી ઓળ ખવામાં આવ્યો. યુરોપિયન અમલદારની દેખરેખ હેઠળ આ પ્રદેશ સોંપયો. આ પ્રકારની સર્વ વ્યવસ્થા કરવામાં તે સમયના મુંબઈના ગવર્નર લોર્ડ એલફિન્સ્ટનનો મોટો ફાળો હતો.

ઈ.સ.૧૮૨૯ સુધી બંડખોરવૃત્તિ કોઈકને કોઈક જગ્યા પર તરી તો આવતી જ. છેલ્લા ઉપાય તરીકે તત્કાલીન ખાનદેશ કેલેકટર ડાંગના ગાઢવીરાજા શિલ્પત ઉપર હુમલો કરી તેને અટકાયતમાં લેવામાં આવ્યો શિલ્પત રાજા જેવા બીજા ડાંગી રાજા 'ખેમ' ને પણ મહાત કરવા બ્રિટિશરોએ સૈન્ય મોકલેલું પણ 'ખેમ ' હાથ ન લાગ્યો. તે ગાઢ જંગલમાં નાસી ગયો. આજ વખતે બ્રિટિશ શાસકોને ભારે પડેલો તે બીજો સુખીયા નાયક. એમને પકડવા માટે રૂા.૧૦૦૦/- નુ ઈનામ તે સમયે જાહેર થયું. એક ગામડાંના દેશમુખે સુખિયાને પકડાવી દીધો. દક્ષિણ ડાંગના અમલાના રાજાએ પોતાના માણસોને બ્રિટિશ સત્તા હેઠળનાં ગામો લુંટવા માટે મોકલ્યા અને મેજીસ્ટ્રેટના હૂકમનો ભંગ કર્યો ઈ.સ.૧૮૪૧માં ડાંગી રાજા નવલુએ પિંપળનેરમાં સરકારી તિજોરી પર હુમલો કરી લૂંટફાટ કરી. આખરે એના પર પણ હુમલો કરી બ્રિટિશોએ એમને ભગાડી દીધા.

બ્રિટિશ શાસકો આવ્યા ત્યારથી જ ડાંગના અતિ કિંમતી સાગના ઈમારતી જંગલોએ તેમને આકર્ષ્યા હતા. તેથી વ્યાપાર હસ્તગત કરી માર્ગનાં કાંટાઓ-ડાંગના ભીલ રાજાઓ તથા પ્રજા-સાફ કરવા હતા.

ઈ.સ.૧૮૩૮થી બ્રિટિશ શાસકોને ઈમારતી લાકડાં બાબત વ્યાપારમાં સુરત તથા બિબિમોરાના વ્યાપારી નડતરરૂપ લાગતા હતા. આ વ્યાપારીઓને ડાંગમાંથી કેવી રીતે દૂર કરવા તે ઉપર સુરત ખાતેનાં કંપનીના એજન્ટ અને ખાનદેશ જિલ્લાના કલેકટર

વચ્ચે ચર્ચા વિચારણા ચાલતી હતી. ઈસ્ટ ઈન્ડિયા કંપનીના ડાયરેકટરોએ તેમના મતે આ લુંટારું જાતિને સુધારવાનાં પ્રયત્નો કર્યા ખરા, પરંતુ તેમનું અંતિમ લક્ષ્ય, ડાંગનું જંગલ કબ્જો કરવાનું હતું. એટલે આખરે જંગલ પટે લાઈશું, ત્યારે જ સુરત તથા બિલીમોરાનાં વ્યાપારીઓની નડતર દૂર થશે તથા ડાંગમાં વારમવાર ઉદ્‌ભવતા (રાજકીય) તોફાનો પર કાબૂ મેળવી શકાશે. એવી તેમની રાજકીય ગણતરી હતી. આ ગણતરી મુબજ ઈ.સ.૧૮૪૦માં સુરત એજન્ટે, 'વ્યાપારીઓ તમને પટા પર લીધેલા ઈમારતી લાકડાંની કિંમત ઓછી આપી તમને છેતરે છે.' એવી ડાંગી રાજાઓ સમક્ષ ચૂગલીરૂપે પ્રથમ રજૂઆત કરી. અંગ્રેજો આપણને ફસાવતા તો નથીને એવો સંશય પણ થોડા ઘણા ડાંગી રાજઓએ વ્યકત કર્યો. પરંતુ બ્રિટિશરો અહીં સફળ ન થયા. આથી કાર્ય લાગે એટલું સહેલું નથી એનું ભાન થતાં કંપની ડાયરેકટરોએ રાજાઓને સમજાવી જંગલ પટે લેવાનું (મેળવવાનું) કામ ખાનદેશ કલેકટરને સોંપી દીધું.

બે ત્રણ વર્ષ પછી કલેકટરે યશ મેળવ્યો. ઈ.સ.૧૮૪૨-૪૩માં ડાંગી રજાઓ પાસેથી ડાંગનું જંગલ પટા પર લેવાનું નક્કી થયું. સોળ વરસની મુદ્દત, પટા માટે નક્કિ કરવામાં આવી. વાર્ષિક મોબદલા તરીકે ભીલ-રાજઓને રૂા.૧૧,૨૩૦/- આપવાનું નક્કિ થયું. આ કરારનામામાં કુલ અગિયાર શરતો (Conditions) હતી. આમા મુદ્દતની શરતમાં જંગલ પટાની સમય મર્યાદા પૂરી થતાં જ, આગળ જંગલ પટા પર લેવું કે નહીં, તે બ્રિટિશરોએ નક્કિ કરવાનું હતું. ઈ.સ.૧૮૪૫માં આ બાબત વયવહારિક દ્રષ્ટિએ ચર્ચા અને પત્રવ્યવહાર બાદ જ ગાઢવી, આમલા, વાસુરણા, દર્ભાવતી તથા અવચર, ચિંચલી અને ગડદના નાઈકોએ અમલ બજવણી માટે સંમતિ આપી હજુ સુધી કિરલી-ડાંગ અને શિવબારા-ડાંગના નાઈકોએ કરારનામાને મંજૂરી આપી ન હતી.

બ્રિટિશ શાસકોએ જંગલ વહિવટ ખાતેની કચેરી સુરતથી ખાનદેશ ખસેડી દીધી. અને ભીલ રાજાઓ સાથે નવા સંબંધોથી જોડાઈ ગયા.

આ નવા સંબંધોની હજી તો શરૂઆત જ હતી ત્યાં સમગ્ર ભારતમાં ૧૮૫૭નો બળવો ફાટી નિકળ્યો. થોડા ભીલ રાજાઓ સાથે સંબંધ જોડાઈ ગયા હતા ખરા, પરંતુ બાકી ભીલ બળવાખોરો ઉપર બ્રિટિશ સત્તા પકડ જમાવી શકી ન હતી. બળવાની નાનકડી ચિનગારી પણ ડાંગમાં જવાળા પ્રગટાવે તેવી સ્થિતિ હતી. આજ સમયે ભારતીય બળ

વાખોરોના એક પ્રખર સુત્રધાર શ્રી તાત્યા ટોપે તાપની ખીણમાં આવી પહોંચ્યા હતા. બ્રિટિશ સત્તાધિશોએ ડાંગી રાજાઓની સત્તા દબાવી દેવાની આશા લગભગ છોડી દીધી હતી.

ઈ.સ.૧૮૫૮માં એક મજેદાર પ્રસંગ ઉભો થયો. કિરલી અને શિવબારા-ડાંગ સાથે પટા-કરારનામાં થયાં ન હતાં. આ વસ્તુસ્થિતિનો લાભ લઈ ગાયકવાડ ત્રણ વરસ સુધી એક રેલ્વે કોન્ટ્રેકટરને આ વિભાગમાં જંગલ કાપવાની પરવાનગી આપી દીધી. આ ઘટના બ્રિટિશ શાસકોને ખૂંચતી હતી. ત્રણ વર્ષ બાદ એટલે કે ઈ.સ.૧૮૬૨માં જંગલ-પટાની મુદત પૂરી થતાં જ કિરલી અને શિવબારાનું જંગલ, પટા પર લઈ લીધું.

આમ બ્રિટિશ શાસકોએ ડાંગ પર મુલકી સત્તા (Administrative Power) સ્થાપિત કરી. ઈમારતી લાકડાં એ એક તદ્દન બહાનું હતું. સત્તા કબજો કરવા માટે તૈયાર કરવામાં આવેલી આ એક પૂર્વયોજિત ભૂમિકા હતી. " ભાગલા પાડો અને રાજ કરો'(Divide and rule) ચાલ તેમને અપનાવી. પ્રથમ ગુજરાતી વેપારીઓને ડાંગી રાજઓથી દૂર કર્યાઃ બાકી રહ્યા હતા તે. ગાયકવાડ સરકાર તેમના સંબંધો પણ સમય જતાં તોડી નાંખ્યા અને બે રાજાઓ વચ્ચે વૈમનસ્ય ઉભું કર્યુ, બ્રિટિશ શાસકે ડાંગમાં લગભગ અનભિષિકત થતા ચાલ્યા.

ઈ.સ. ૧૮૬૦માં બ્રિટિશ લશ્કરી અમલદારોએ પ્રજામાં હંમેશા ભય-ધ્રુજારી ફેલાતી રહે અને લોકો ડરતા રહે તે માટે ત્રણ વસ્તુને તેમના શિકારની ચીજ બનાવી. એક રાનડુક્કર, બીજો વાઘનો શિકાર અને ત્રીજી ચીજ તે ભીલનો શિકાર.

ઈ.સ.૧૮૬૨માં પટે લીધેલ પટાની મુદત વધારવામાં આવી અને શરત પ્રમાણે રાજાઓ અને નાયકોની નિશ્ચિત રકમ ગણોત પટે આપીને જંગલ ઉપર બ્રિટિશ શાસકોનો હક્ક કાયમ કરવામાં આવ્યો. આ વેળા જંગલની મર્યાદા, અધિકાર અને સત્તા બાબતે કંઈ પણ નક્કી કરવામાં આવ્યું ન હતું. ઉપરાંત જૂની અગિયાર શરતો કાયમ રાખી આ વખતે વધારાની ચાર શરતો ઉમેરવામાં આવી. અનામત જંગલ(Reserve forest) બહારના લાકડાં જ બાળવા માટે વાપરવાં ખેતી માટે પણ બહારની જમીનનો જ ઉપયોગ કરવો. બ્રિટિશ સત્તાને જાણ કર્યા સિવાય ડાંગી રાજાઓ કોઈ પણ સાથે કરાર ન કરી શકે, પછી તે જમીન બાબત વેચાણ કે ગિરવ-ખત બ્રિટિશ (હદમાં) હકૂમતમાં આવતું

હોય કે ગાયકવાડ સરકારન હકુમતમાં આવતું હોય. વેપારીઓથી મળતી રકમમાં બ્રિટિશ સત્તા ધરખમ કાપ મૂકયો, અને પટો-કરાર કાયમી કરવામાં આવ્યો.

ઈ.સ.૧૮૬૭માં વાડિયાવન જંગલ પટે લેવા બાબત અમલ બજવણી થઈ. ઈ.સ.૧૮૭૮માં ડાંગ જંગલોની સરહદ નક્કિ કરવા એક સમિતિ નીમવામાં આવી હતી. આ સમિતિના નિર્ણયોને ડાંગી રજાઓ બતથા નાયકોએ માન્ય રાખ્યા હતા ડાંગના રાજાઓ અને નાયકોને એમના જંગલનો ભોગવટો કરવા માટે ચોક્કસ રકમો બ્રિટિશ સત્તાધીશો તરફથી આપવાનું નક્કિ થયું હતું. વખતજતાં રાજા નાયકોને મળતી આ રકમમાં તથા એમને મળતા હક્કોમાં વધારો થતો ગયો હતો.

ઈ.સ.૧૮૮૯માં ડાંગના અનામત (Reserve) અને રક્ષિત (Protected) જંગલ આમ બે ભાગ પાડવામાં આવ્યા. સમગ્ર ડાંગ વિસ્તાર પર બ્રિટિશ સત્તા પ્રસ્થાપિત થઈ. સમય જતાં રકમમાં વધારો થતો હોવા છતાં ભીલ રાજાઓ તરફથી જંગલ-કટાઈ ચાલુ જ હતી. પરિણામે બ્રિટિશ સત્તાધિશોને, આ જંગલ-કટાઈ કાબૂમાં લેવા માટે "ડિવિઝનલ ફોરેસ્ટ ઓફિસર" (D.F.O) ની જરૂર જણાઈ. ઈ.સ. ૧૯૦૨માં D.F.O.ની નિમણૂંક કરવામાં આવી. આનું પરિણામ સારું આવ્યું. ગેરકાયદેસર ગોઠવાયેલ કટાઈ અટકી, જંગલ બચાવી શકાયું. એટલું જ નહીં પણ જંગલની આવકમાં પણ વધારો થયો. અને સત્તાવાળ ાઓએ ઈ.સ.૧૯૨૩થી ભીલ રાજાઓને અપાતી રકમમાં પણ પચાસ ટકાનો વધારો કર્યો. પટાની રકમ ચૂકવી આપતાં દર વર્ષે બ્રિટિશ તિજોરીમાં બે થી ત્રણ લાખ રૂપિયા સિલ્લકમાં પડતા હતા. પરંતુ હજી ડાંગી રાજાઓ અને બ્રિટિશ શાસકોના સંબંધો વ્યાપારી પધ્ધતિએ જ હતા.

ઈ.સ. ૧૯૩૩માં ભારત સરકારના હાથમાં સત્તા આવી અને પહેલી એપ્રિલ ઈ.સ.૧૯૩૭ થી પટ-પધ્ધતિ બંધ કરવમાં આવી ડાંગ જંગલ ઉત્પન્નમાંથી જે ફાયદો થાય તે ડાંગની ઉન્નતિ માટે જ વાપરવાનું નક્કિ થયું. આ ફાયદા (નફાની રકમ) ની રકમ "ડાંગ લોકલ ફંડ" ના નામે ઓળખવામાં આવી. આમ લગભગ ૧૦૦ વરસ પછી જંગલ પટ-પધ્ધતિનો અંત આવ્યો.

સ્વતંત્રતા પછી ૧૯૪૭ પછી ભારતનાં બધાં જ રાજયો કે જે બ્રિટિશ હકુમત નીચે હતાં તેનાં વિલિનિકરણનો પ્રશ્ન ઉપસ્થિતિ થયો. બધાં રાજયોનું વિલિનિકરણ થયું

તે સાથે ડાંગમાં પણ રાજાઓના તથા નાયકોના વિલિનિકરણોત્તર અધિકાર નક્કિ કરવામાં આવ્યા. આ અધિકારની રૂએ, ડાંગના રાજાઓ તથા નાયકોને પ્રતિવર્ષે સરકારશ્રી તરફથી 'સાલિયાણા' આપવાનું નકકી થયુ. દર વર્ષે હોળીના તહેવાર વખતે આ સાલિયાણા ડાંગના આદિવાસી ડાંગી રાજાઓ અને નાયકોને આપવામાં આવે છે. ડાંગમાં રાજાઓ અને નાયકો પૈકી સૌથી વધારે સાલિયાણું ગાઢવીના રાજાને મળે છે.

ભારતમાં તમામ રાજયોના વિલિનિકરણ કરતી વખતે સરદાર વલ્લભભાઈ પટેલે ડાંગના લોકોની પરિસ્થિતિનો ખ્યાલ રાખી ખાસ અપવાદ તરીકે ડાંગના ત્યાં સુધીના, કે અંગ્રેજ વહિવટે ડાંગની આવક-જાવકના પરિણામો અલગ રાખેલા ફંડને 'ડાંગ ફંડ' તરીકે અલગ રાખવાનું અને તેનો ઉપયોગ ડાંગના વિકાસ માટે જ કરવાનું પણ નક્કિ કર્યું હતું. આ ફંડથી જ ડાંગના સ્વરાજય પછી ડાંગના વિકાસે ઘણી હરણફાળો ભરી છે.-[૩૨]

## ૨:૬ ડાંગ જિલ્લાના આદિવાસીઓના પરિચય અને વસતિ વિશેષતાઃ-

ડાંગ પ્રદેશના નિસર્ગે લોક-માનસ પર ઘણી ઉંડી અસર કરી છે. ડુંગરાળ પ્રદેશને કારણે અહીંની આદિવાસી પ્રજા અત્યંત ખડતલ અને શરીર સૌષ્ઠવની દ્રષ્ટિએ મજબૂત છે. તેમનામાં આવેલી સહનશીલતા, તેમની સામે આવેલ વિકટ પરિસ્થિતિએ આપેલ એક અણમોલ વારસો છે. ગાઢ જંગલ અને હિંસક પશુઓની વચ્ચે રહેતા આ ડાંગી આદિવાસીઓએ પોતાના નીતિ-નિયમો અને સંસ્કૃતિનું સર્જન કરેલ છે. આજે આપણે જે ડાંગની એક વિશિષ્ટ સંસ્કૃતિ જોઈ રહયા છીએ, તે નિર્માણ થવા માટે હજારો વર્ષો વિતિ ગયા છે. પરંપરાઓ, માન્યતાઓ, અંધશ્રધ્ધાઓ અને તેમના આનુવાંશિક સંબંધોને તેમની આજુબાજુની પરિસ્થિતિએ વખોતો-વખત વણાંક આપ્યો છે.

ડાંગના આદિવાસી-જાતિ પ્રવાહમાં ખાસ કરીને ભીલ, કુનબી/કુકણા અને વારલી આ ત્રણ જાતિ-પ્રવાહો વધારે પ્રબળ છે. પરંપરાને વળગી રહેલી, ચૂસ્ત ભીલ જાતિએ બાહય પરિબળોને વિરોધ કરી વસવાટો છોડયા નથી. બલ્કે પોતાની મૂળ સંસ્કૃતિ જાળ વી રાખવમાં સફળ રહયા છે. જયારે નવા વિચારોને આવકારી અને સ્વાગત કરી કુનબીઓએ પોતાની આર્થિક ઉન્નતિ કરી લીધ છે.-[૩૩]

ડાંગ જિલ્લાની મૂળ આદિવાસી જાતિ ભીલ છે. એક સમયે ડાંગ એ સમગ્રપણે જંગલ આચ્છાદિત પ્રદેશ(૯૬ટકા) હતો અને પરંપરાગત પ્રમાણે ભીલ રાજાઓ ત્યાં શાસન

કરતા હતા. ભીલ સિવાયની અન્ય આદિવાસી જાતિઓમાં કુનબી/કુકણા,વારલી, ગામીત વગેરે કોઈને કોઈ કારણસર સ્થળાંતર કરીને ડાંગ પ્રદેશમાં આવીને વસી છે. તથા અહીંના રાજાઓએ તેમને આ વિસ્તારમાં વસવાટ કરાવ્યો છે. જેમ કે, ૧૯મી સદીના અંતમાં મહારાષ્ટ્રનાં કોકણ વિસ્તારમાં દુષ્કાળ અને ચેપીરોગો જેવા કારણોસર વિપરીત પરિસ્થિતિ સર્જાતા કોકણી જાતિના લોકએ ડાંગ તરફ સ્થાળાંતરીત કર્યું. અને ડાંગમાં આવીને સ્થાયી થયા. નિ:શંકપણે અન્ય આદિવાસી જાતિઓના વસવાટથી સમગ્ર ડાંગ પ્રદેશ હર્યો-ભર્યો બન્યા હતો અને અનેક નાનાં-મોટાં ગામો બન્યાં. આ બધા ગામો ડાંગના પાંચ રાજાએ વચ્ચે વિસ્તાર મુજબ વહેંચાયા હતા. પ્રત્યેક રાજાઓને વિસ્તાર મુબજ વહેંચાયેલા ગામોની સંખ્યા નીચે મુજબ  હતી.

**કોષ્ટક:૨:૯**

**ડાંગના રજવાડા વિસ્તાર અને તેમાં ગામોની સંખ્યા**

| અ.નં. | રજવાડાં વિસ્તાર | ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગાઢવી રજવાડાં વિસ્તાર | ૫૮ |
| ૨ | દહેર રજવાડાં વિસ્તાર | ૨૦ |
| ૩ | લીંગા(આમલા) રજવાડાં વિસ્તાર | ૫૦ |
| ૪ | પિંપરી રજવાડાં વિસ્તાર | ૩૧ |
| ૫ | વાસુરણા રજવાડાં વિસ્તાર | ૭૦ |

(Source: Dangs Districts Gazetter by G.D. Patel 1971:125)

બ્રિટિશ અમલ પૂર્વે ડાંગના ગામોમાં કોઈપણ પ્રકરના પ્રશ્નોનું નિરાકણ કરવા માટે ગામ લોકો પોતાના પ્રદેશના રાજા પાસે જતા. રાજ એમના પ્રશ્નો સાંભળી યોગ્ય ન્યાય આપતા. કયારેક અમુક ગુનાઓ (જાતિયતા કે ચોરી સંબંધિત) માં તે કઠોર શિક્ષા પણ કરતો.

સમય જતાં રાજાઓએ દરેક ગામની વ્યવસ્થા માટે 'પાટીલ' (ગામ પટેલ) ની નિમણૂંક કરી હતી. બ્રિટિશ અમલ દરમિયાન વહિવટી એકમના સંદર્ભમાં ગામમાં રાજાઓએ નિમેલ'પાટીલ'નું સ્થાન ચાલુ રાખી-સાથે 'કારભારી' ની નિમણુંક કરાઈ હતી. પાટીલ કારભારીના એક મદદનીશ તરીકે 'જાગલ્યા' (ગામ પટ્ટાવાળો કે જે સમગ્ર ગામનું

સામૂહિક કાર્ય હોય ત્યારે સવારે ગામ લોકોને જગાડવાનું કામ કરતો) નિમણૂંક કરાઈ હતી. સ્વતંત્રતા બાદ અને આજે પણ ગામનો વહિવટ કરવા માટે ડાંગના દરેક ગામોમાં આ સ્થાનો મહત્ત્વની ભૂમિકા ભજવી રહેલ છે. ગામ લોકો પણ તેમને સન્માન અને મહત્ત્વ આપે છે.–[૩૪]

## ❑ ડાંગ જિલ્લાની મુખ્ય જનજાતિઓ:–

ડાંગ એ મુખ્યત્વે આદિવાસી વિસ્તાર છે, દક્ષિણ ગુજરતના સપાટ મેદાનો અને પશ્ચિમ મહારાષ્ટ્રના ખડકાળ પહાડોની વચ્ચે તે આવેલો છે. ડુંગરમાળાનો આ પ્રદેશ જંગલથી ઢંકાયેલો છે, નદીઓની ઉડી ખીણોથી વિભાજીત છે. મધ્યકાળમાં આ પ્રદેશ ભીલ નાયકોના અમલમાં હતો. આ રાજાઓ અન્ય ભીલોપર તેમજ અલગ અલગ ગૌણ દરજ્જાના સમાજ પર રાજયગ કરતા હતા. જેમાં મુખ્યત્વે કુંકણા(જેમને કુનબીના નામથી પણ ઓળખવામાં આવે છે.) વારલી અને ગામીતનો સમાવેશ થાય છે. ઈ.સ.૧૮૭૨ની ડાંગની વસતિ ગણતરીમાં ૭૪૨૬ ભીલ, ૬૫૧૭ કુંકણા, ૨૪૯૧ વારલી અને ૩૦૨ ગામીત  હોવાની નોંધ છે.

આ ભીલ નાયક આ વિસ્તારમાં ઓછામાં ઓછા ચારસો વર્ષથી પોતાનું વર્ચસ્વ ધરાવે છે. કારણ કે અંગ્રેજ પ્રવાસી સર જહોન હોકિન્સે ઈ.સ.૧૬૦૮માં ડાંગના–કિરલીના ભીલ નાયકનો ઉલ્લેખ કર્યો છે. કુંકણાઓ આ વિસ્તાથી નૈઋત્ય તરફ આવેલા મહારાષ્ટ્રના તટ વિસ્તારથી– અર્થાત કોંકણ થી આવ્યા. આ ફકત આ સમાજના નામ પરથી જ સ્પષ્ટ થાય છે. એવું નથી. પણ તેમની ભાષાથી પણ ખ્યાલ આવે છે, જે ઉત્તર કોંકણની કેટલીક વિશેષતાઓને જાળવતી મરાઠીની જ એક ઉપભાષા છે. મૌખિક પરંપરા મુબજ ૧૩૯૬ થી ૧૪૨૮ દરમિયાન કોંકણને ઉજ્જડ કરનાર ભયંકર એવા દુર્ગાદેવીના દુષ્કાળ ને પગલે આ લોકોને ઉત્તર તરફ સ્થાળાંતર કર્યું.

### (૧) ભીલ:–

કુનબી અને વારલી કુટુંબીઓને ડાંગમાં લાવવાનું માન ગાઢવી રાજયના ભલી રાજવંશીઓને ફાળે જાય છે. રાજાઓ જયારે શિકાર કરવા જતા ત્યારે રાણીઓને એકલતા લાગે–ગમે નહીં તે માટે કુનબી તથા વારલી કુટુંબોને ડાંગના દક્ષિણ તથા નૈઋત્ય સરહદ પરથી પિંપરી ઝાપકરોએ (રાજાએ) લાવી તેમનો વસવાટ કરાવ્યો અને ડાંગની ખેતી કુનબી કરવા લાગ્યા.

ગુજરાત ભીલ જાતિ એક તરફ ખાનદેશ તો બીજી તરફ મારવાડ અને મેવાડ સુધી પથરાયેલી છે. આદિવાસી ભીલ પ્રજા ગુજરાતની આખી પૂર્વોત્તર સરહદ પર છે જેમાં લગભગ ચાળીસ ટકા ઉપરાંત વસતિ ભીલ જાતિની છે.

ભારતના વિવિધ પ્રદેશોમાં રહેતી સાંપ્રતની ભીલ જાતિ, આર્યો એ ભારત પર કરેલા હુમલા વખતની છે. પરંતુ ઈ.સ. પૂર્વે ઘણા શતકો પહેલાં તે ભારતના ઈશાન ભાગમાં વસવાટ કરી રહી હતી એવી માન્યતા મેજર આર્કિન સાહેબ ધરાવે છે. રજપૂતો સાથે ગાઢ સંબંધો ધરાવતા ભીલીઓએ ડાંગમાં આવીને વસવાટ કર્યો એવું અનેક વિદ્વાનોનું માનવું છે.

ભીલ શબ્દ મૂળ દ્રવિડ ભાષાના 'બિલ્લુ' શબ્દમાંથી ઉતરી આવ્યો છે. એનો અર્થ બાણ અથવા તીર એવો થાય છે. ભીલો પ્રાચીન કાળથી પોતાની સાથે બાણુ રાખતા આવ્યા છે. આને કારણે તેઓ 'બિલ્વ-ભિલ્વ- ભીલ' ના નામે ઓળખાયા હશે એવી એક માન્યતાક પ્રચલિત છે. આપણા પ્રાચીન સાહિત્યમાં ભીલોના ઉલ્લેખો જોવા મળે છે. રામયણમાં આવતો 'શબરી' નો ઉલ્લેખ તથા મહાભારતમાં આવતો એકલવ્યનો ઉલ્લેખ જાણીતો છે.

ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં એટલે કે ઈ.સ.૧૮૭૮માં બ્રિટિશ સત્તાનું આગમન થયું તે પહેલાં ડાંગ પર ડાંગી ભીલ રાજાઓ રાજય કરતા હતા.

ભીલ સામાન્યતઃ રંગે શ્યામળા પણ કવચિત્ ઘઉ વર્ણો જોવા મળે છે. શરીરે મજબૂત બાંધાનાં, નીચા કદના સુદ્રઢ અને કસાયેલા; હોય છે. સ્વભાવે પ્રામાણિક અને સંતોષી; હોય છે. છતાં પ્રસંગોપાત ઝનૂની બની શકે છે. ધનુર્વિધામાં તે ઘણાં જ પારંગત હોય છે. આજે પણ ધાર્યું નિશાન તાકવાની તેમની કળા જાણીતી છે. શૌર્યમાં ભીલ કોઈથી હારી જાય એવા નથી. ડુંગર હોય કે ટેકરી, ગમે ત્યાંથી ઉપર ચઢવું કે નીચે ઉતરવું એ એમને માટે એ રમતની વાત છે. કોઈ પણ કામમાં બહાદૂરી બતાવવામાં આ જાતિ આગળ છે. સ્વતંત્રતા પ્રતિના અમૂલ્ય ગુણમાં તે સૌથી ચઢિયાતા છે. આ ગુણને કારણે જ અંગ્રેજ સત્તાની સામે એકલો હોવા છતાં, જોખમ ખેડીને પણ જે ભીલોએ ૧૯ મી સદીના પૂર્વાર્ધની મધ્ય સુધી એકલે હાથે અને એકલા ધનુષ્ય બાણને સહારે લડત આપી તે ગાઢવીનો તત્કાલીન રાજવંશી 'દેવીસીંગ શિલ્પત' જવલંત દાખલારૂપ છે.

પરદેશી સત્તા પ્રત્યે નફરત અને લોહીના છેલ્લા ટીપાં સુધી લડત આપવી તે એ લોકોનું ધ્યેય. પછી તે લડત પેશ્વાઓ સાથે હોય કે પછી ગાયકવાડ સાથે હોય કે અંગ્રેજ શાસકો સાથે હોય શૌર્ય, બહાદૂરી, સ્વતંત્રતા પ્રેમી, ધાર્યું નિશાન તાકનાર આ ભીલો તેમના રાજય કારભાર ચલાવવાની રાજનીતિની કુશળતા ન હોવાથી, આ જાતિને પોતાનું ડાંગ ઉપરનું વર્ચસ્વ ગુમાવવું પડયું.

ડાંગના ભીલો સામાન્યતઃ વાંસ અને ઈમારતી લાકડાં કાપીને જ ગુજરાન ચલાવતા હતા. આજે પણ તેજ ચીલો થોડા ઘણા ભીલો ચાલે છે. ૧૯મી સદીમાં ભીલ રાજાઓ સિવાય ભાગ્યે જ કોઈ પ્રજાએ ચલણની વપરાશ કરી હશે. અનાજ પ્રતિ અનાજ, નહીંતો જીવનઉપયોગી વસ્તુની આપ-લે આજ તેઓના સમાન્ય વ્યવહાર.

રહેણી કરણીમાં ભીલો કુનબી કરતાં સાદા બાંબૂની ઝૂંપડીમાં રહેવું, માછલી મારવી અથવા શિકાર કરવા જવું આ એમનો વ્યવસાય દારૂ અને તમાકુના તેઓ ગજબના વ્યસની આજ દારૂના વ્યસનથી તેમની સત્તા હાથમાંથી ગઈ. લગભગ ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં જંગલ ખાતાના તત્કાલીન વનસંરક્ષક મિ. શાટલવર્થ એક નોંધમાં લખે છે કે, " જયારે ભીલ રાજાઓ વધારે પડતા દારૂ પિધેલા હોય તે વખતે જ તેમને થોડા પૈસા આપી, કાગળ-પત્રો પર સહી લેવામાં આવતી."-[૩૬]

કામ કરવામાં ભીલો આળસુ એટલે ખેતી જેવા મહેનત માંગે તેવા વ્યવસાયોમાં તેઓ બીલકુલ પાછળ છે. ભીલ લોકો, 'આમના રાજા'(અમારો રાજા), 'આમી કુંવર' (અમે રાજકુંવર), 'આમના રાજા' (અમારો રાજા)- અવા શબ્દો દ્વારા પોતાની ખુમારી વ્યકત કરે છે. જે ભીલ જાતિ એક સમયે વહિવટ કર્તા કે રાજયકર્તાઓ તરીકે સત્તા ભોગવતી હતી તેજ જાતિ સાથે કુનબીના ખેતરમાં ખેતમજૂર તરીકે કામ કરતી જોવા મળે છે.

## (૨) કુનબી (કુંકણા):-

રાષ્ટ્રકુળ વખતમાં ડાંગ પ્રદેશમાં જે જાતિઓએ પ્રવેશ કર્યો તેમાં કુનબી પણ હતા એવું થોડા ઘણા વિદ્વાનો માને છે. આજથી લગભગ દોઢસો વર્ષ પહેલાં અંગ્રેજોનાં સરકારી દફતરમાં (ઈ.સ.૧૮૫૨-૫૪) "કુનબી" શબ્દનો લેખિત પુરાવો જોવા મળે છે.

ડાંગી ભલોનાં રાજય વખતે આ કુનબીઓને ઘણું સહન કરવું પડયું હતું છતા

વહિવટમાં તેમનું સ્થાન માનભર્યુ હતું. કુનબીઓએ આગળ જતાં ભીલ રાજય વહિવટમાં પ્રવેશ કર્યો અને 'કારભારી', 'દિવાન' વગેરે જેવી જગ્યાઓ મેળવી અને શોભાવી. ધીરે-ધીરે રાજા ઉપર પ્રભુત્વ સંપાદન કરી જાતિઓઓને લાવી ડાંગમાં વસવાટ સ્થાપન કરી દીધો. દર વર્ષે રાજઓ તથા નાયકો તરફથી વહિવટમાં ભાગ લેનાર કુનબીઓનું સન્માન કરવામાં આવતું. ઘણીવાર કુનબી કુટુંબોને રાજાઓ તરફથી ખેતી માટે જમીન બક્ષિસરૂપે અપાતી હતી.

કેટલાક કુનબી ભીલો કરતાં ઘણાં ઉજળાં, દેખાવડાં અને પાતળાં છતાં સશકત હોય છે. આજે ડાંગ પ્રદેશમાં વર્ષોથી ખેતીનો ભાર કુનબી આદિવાસીઓ ઉઠાવી રહયા છે.

ભલી કરતાં કુનબી પ્રજા વધારે મહેનતું અને હોંશિયાર, પધ્ધતિસર ખેતી ચાલુ કરવાનું માન આ પ્રજાને ફાળે જાય છે. જાત-મહેનત અને સખત પરિશ્રમે કારણે જ આર્થિક દ્રષ્ટિએ આ જાતિ સધ્ધર બનવા લાગી. અને હાલમાં તો જિલ્લા કક્ષાએ પણ ઘણી મહત્ત્વની જગ્યા ઉપર કુનબી જ જોવા મળે છે.

સરકારોમાં ભીલો કરતાં કુનબીઓ વધારે સંસ્કારશીલ. ખાસ કરીને નામ સંસ્કાર અને અંત્યેષ્ઠિ-વિધિનું આ જાતિ અત્યંત કડક રીતે પાલન કરતી જોવા મળે છે. કુનબીઓ ખાસ કરીને સૂર્ય પૂજક છે. પહેરવેશની બાબતમાં બીજી જાતિઓ કરતાં આ જાતિ વધારે શોખીન છે. લાલ અને લીલો રંગ એમનો મનગમતો રંગ છે.

કુનબી તેજ કુંકણા એમ આજે ઘણા લોકો માને છે. પરંતુ લેખક જયારે ડાંગ-બાબતનાં બ્રિટિશ સમયનાં દકતરનો અભ્યાસ કરતા હતા ત્યારે ઈ.સ.૧૮૬૨-૬૬ની ફાઈલ પૃષ્ટનં-૨૭૨ પર તેમને કુનબી અને કુંકણા બાબતે એક મહત્ત્વનો ઉલ્લેખ મળ્યો.

આ સમયગાળામાં તત્કાલીન ખાનદેશ કલેકટર મિ.એશબર્નર સાહેબે ડાંગનો એક દીર્ધ પ્રવાસ ગોઠવ્યો હતો. તેઓશ્રી પિંપળનેરથી નીકળી વારસા થઈ ઝાખરાઈબારી માર્ગે ડાંગમાં પ્રવેશ્યા. પિપળદહાડ, દર્ભાવતી (આજનું દહેર), ગાઢી (આજનું ગઢવી), પિંપરી, વાસુરણા, શામગહાન, લિંગા, ગારખડી, પિપળાઈદેવી, કટયાહનવત થઈ ઝાખરાઈબારી ઓળંગી પિંપળનેર પાછા ફર્યા. આ લાંબાગાળાનો પ્રવાસ સાહેબે 'વહિવટી નિરીક્ષણ' કરવા તથા જંગલને લગતા પ્રશ્નોના ઉકેલ લાવવા હેતુથી ખેડયો હતો. આ પ્રવાસ પછી

સાહેબે માર્ચ ઈ.સ. ૧૮૬૭માં સરકારહશ્રીને અહેવાલ સુપ્રત કર્યો હતો. તેમાં તેઓ લખે છે કે, " If the Raja's cultivete land's the Bheels do all their farm labour. The rayot- who are usually called the kukunas are a low caste of kunbis....."[37]

આ અહેવાલને આધારે મિ.એશબર્નર સમકાલિન ડેપ્યુટી કોન્ઝરવેટર ઓફ ફોરેસ્ટ મિ. મુલ્લરે સાહેબે ખાસ કરીને જંગલ સંરક્ષણના હેતુથી પ્રવાસ ખેડયો અને જૂન ૧૮૬૮માં તેમણે પણ સરકારશ્રીને એક અહેવાલ સુપ્રત કર્યો. તેમાં તેઓશ્રી લખે છે કે, " It is ture that Raja's royat are only a low cast kunbis and warlis. But on the other hand it is.... less a fact that a better class will come into Dangs."

આમ મિ.મુલ્લરે સાહેબ મિ. એશબર્નર સાહેબના વિધાનને પુષ્ટિ આપે છે. ઉપરોકત વિધાનનો અર્થ સ્પષ્ટ છે કે, કુંકણા કુનાબીથી ઉતરી જાતિના હતા. અને આગળ જતાં ઈ.સ.૧૯૪૧ની વસતિ ગણતરી પત્રકમાં પણ આ બેઉ જાતિની વસતિ સંખ્યા અલગ-અલગ બતાવવમાં આવી છે.

સ્વતંત્રતા પછી કુંકણા અને કુનબી વચ્ચેનો જાતિભેદ બતાવવામાં આવતો નથી. કુંકણા એ કુનબીનું બીજું નામ છે. આ માન્યતા પ્રચલિત થઈ. આદિવાસી જૂથોમાં ઉલ્લેખ કરેલી આ જાતિ એક વખતે પ્રગતિમાં ઘણી પાછળ હતી, તેજ જાતિ હાલમાં લગભગ મોખરે જોવા મળે છે.

## (૩) વારલીઃ-

કુનબીઓ સાથે જ વારલીએ પણ ડાંગમાં આવ્યા છતાં આ જાતિ કુનબીની જેમ પોતાનું સ્વતંત્રતા અસ્તિત્વ પ્રસ્થાપિત કરી શકી નથી. કુનબી અને ભલી વચ્ચે આ જાતિ સાંકળરૂપ જોવા મળે છે. ગુજરાતમાં બીજી આદિવાસી જાતિઓની સાથે સંખ્યાની દ્રષ્ટિએ પોતાનું અસ્તિત્વ વ્યકત કરતા આ વારલી જાતિ ખાસ કરીને દક્ષિણ ગુજરાતના વલસાડ, ડાંગ, નવસારી તેમજ કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી વિસ્તારમાં વધારે જોવા મળે છે.

ભીલો કરતાં વારલીઓ ખેતીમાં વધારે પ્રગતિશીલ છે. વારલીઓનો ધર્મ, નિસર્ગ-શકિતની પૂજા, નદી-નાળાં, ટેકરા, વાદળ વગેરેની તેઓ પૂજા કરે છે. પાનદેવ (વરસાદનો દેવ) એમનો ખાસ દેવ. જે વરસે વરસાદ ઓછો પડતો હોય તે વરસે તેઓ સારો

વરસાદ આવે એટલા માટે તેઓ ડાંગ જિલ્લાના ભવાનદગડ ગામની પૂર્વમાં આવેલ આમસરવળન ગામ ડુંગર પર આવેલું છે. તે ગામની બાજુમાં ડુંગરને 'કલમડુંગર' કહે છે. તે ડુંગર ઉપર પાનદેવ(વરસાદનો દેવ) રહે છે. એવી માન્યતા સાથે વારલી લોકો સારા વરસાદ માટે તે ડુંગર પર જઈને પાનદેવની પૂજા કરે છે. નાગપૂજા ડાંગમાં ખાસ કરીને વારલીઓમાં જ જોવા મળે છે.

કુનબીઓની જેમ શરીર સૌષ્ઠવ અને સૌંદર્ય આ જાતિમાં પણ જોવા મળે છે.

**(૪) ગામિતઃ-**

ડાંગ જિલ્લાની કુલ વસતિમાં વારલી પછીનું સ્થાન ગામીત જાતિનું છે. ગામિત જાતિનું મુખ્ય જીવન નિર્વાહનું સાધન ખેતી છે. સખત મહેનતુ આ જાતિ ખેતી પર જ વધારે ધ્યાન આપે છે. એટલું જ નહીં પરંતુ ખેતી પરજ નભેલી છે. આગળ પડતી આ જાતિ વિકાસતા સમાજની હરોળમાં બેસવાની ખ્વાહીશ ધરાવે છે.

ડાંગ પ્રદેશની અસ્મિતાના ઘડતરમાં ભીલ, કુનબી તથા વારલી જાતિઓએ જેટલો મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. તેટલો જ, કદાચ તે ન હોય તો પણ જાતિ તરીકે ગામીત જાતિએ પણ પોતાની શકિત પ્રમાણે પોતાના મહત્ત્વનો ફાળો પ્રદાન કર્યો છે.

ગામીત જાતિ વાસ્તવમાં ડાંગ જિલ્લાના દક્ષિણ-પશ્ચિમ વિસ્તારના સુરત જિલ્લાનાં સરહદી ગામડાંઓમાં વસવાટ કરે છે. તેથી તેમના પહેરવેશ, જીવનપધ્ધતિ, વ્યવહારો, વગેરેમાં સુરત જિલ્લાનાં ગામીત જાતિ સાથે વધારે સંબંધ ધરાવતી હોવાથી તેમની જીવનશૈલીની છાટ જોવા મળે છે. ડાંગની ગામીત જાતિની સ્ત્રીઓ ચાંદીનાં ઘરેણાની શોખીન હોય છે. તે તેમના ઘરેણા પહેરવાની પધ્ધતિ પરથી દેખાય આવે છે.

**(૫) માવચીઃ-**

ડાંગ ઉત્તર અને ઈશાન દિશામાં આવેલા સિંગાણા, નિશાણા, કાકશાળા, કેશબંધ, જામલા, બિલીઆંબા, જામનસોંઢા, બહેડૂન, સાવરપાડા, ગવ્હાણ, આમથવા, બરડીપાડા અને સાજુપાડામાં આ જાતિની વસતિ વધારે પ્રમાણમાં જોવા મળે છે. આ જાતિ દેખાવમાં, રહેણીકરણીની દ્રષ્ટિએ, પહેરવેશમાં તથા ભાષાકીય રીતે ભીલ, કુનબી તથા વારલી લોકો કરતાં ગામિત જાતિ સાથે વધારે સામ્ય ધરાવેછે.

આજે આ લોકોની પેઢીઓ ડાંગમાં વિસરાઈ ગઈ છે, છતાં એ લોકો ધરમપુર, વાંસદા વ્યારા તથા સોનગઢને જ પોતાનું વતન માને છે.

આ લોકો અત્યંત સાદા, પ્રામાણિક, રૂઢિચૂસ્ત છે. આ પ્રજા હજું સુધી અજ્ઞાની, વહેમી તથા જૂની માન્યતાઓમાં જબરદસ્ત વિશ્વાસ રાખવાવાળી જોવા મળે છે. લગ્ન બાબતે આ જાતિના બંધનો ઘણા શિથિલ હોય છે. છૂટાછેડા સહજમાં મળી જાય. સામાન્યતઃ આવા પ્રસંગે નાનાં બાળકો માતા સાથે, તો મોટાં બાળકો પિતા સાથે રહે છે.

આ લોકોમાં મૃત શરીરને બાળવા કરતાં દાટવાની પ્રથા સવિશેષ પ્રચચિત છે. મોટા ભાગના માવચી લોકો ખેડૂતો જ છે.

**(૬) વિટોળીયા-કોટવાળિયાઃ**

ડાંગની વિટોળીયા કે કોટવાળિયા જાતિ મૂળ ડાંગની વતની નથી. આ જાતિ સુરત તથા વલસાડ અને નવસારી જિલ્લામાંથી આવેલી છે. ડાંગની આદિવાસી જાતિઓમાં અત્યંત ગરીબ અને પછાત જાતિતે વિટોળીયા જાતિ. આ લોકો પાસે ખેડવા કે ઝૂંપડ બાંધવા પોતાની જમીન હોતી નથી વળી ખેત મજૂર તરીકે કોઈ પણ કામ કરતું નથી એમનો જીવનનિર્વાહ એ લોકો, ટોપલાઓ, સુપડાં આદિ વાંસમાંથી બનાવેલી વસ્તુઓ વેચીને કરે છે.

જિલ્લાની વસતિના પ્રમાણમાં કોટવાળિયા માત્ર એક ટકા કરતાં ઓછી વસતિ ધરાવે છે. સામાન્યતઃ કુટુંબનું ગુજરાન વાંસમાંથી બનાવેલી વસ્તુના વેંચાણના આધારે ચાલે છે. ચોમાસા દરમિયાન તેમના વ્યવસાય પર માઠી અસર પડે છે ત્યારે તેમાનાં જીવનની દયનીય પરિસ્થિતિ જોઈ શકાય છે. ડાંગમાં ચીચીનાગાંવડા વઘઈ અને ડુંગરડા ગામમાં છેલ્લા પચ્ચીસેક વર્ષથી સરકાર અને જંગલ ખાતાએ આ જાતિને સ્થાયી વસવાટ કરીને પોતાનું જીવન સારી રીતે ગુજારે તે માટે 'સરકારી વસાહત' તરીકે તેમને સ્થાયી કર્યા છે. પરંતુ તેમનો મોટા પ્રશ્ન એ છે કે તેઓ 'શરણાર્થી' છે એવો ભાગ તેમના ચહેરા ઉપર સ્પષ્ટ જોઈ શકાય છે. 'આપણે અસ્પૃશ્ય છીએ' એવી સમાન્ય લઘુતાગ્રંથીથી પિડાયેલી આ જાતિ હંમેશા બહુજન સમાજથી દૂર જ રહેતી આવી છે. આજે પણ અલગ જ રહે છે. તેમાં સાક્ષરતાનું પ્રમાણ લભગભ નહીંવત્ છે.

સામાન્ય રીતે આ જાતિ ભૂત,પ્રેત, ભગત,ભૂવા, ડાકણ વગેરેમાં ખૂબ ઊંડી શ્રધ્ધા ધરાવે છે. લગ્ન પ્રસંગે મોટાભાગે ડાંગમાં વસવાટ કરતા હોવા છતાં સુરત, નવસારી કે

વલસાડ જિલ્લામાં વસવાટ કરતા કોટવાળિયા જાતિ જેવો જોવા મળે છે. લગ્ન પ્રસંગ તેમની યથાશકિત મુજબ ખૂબ જ ધામધૂમ અને સામૂહિક ઉત્સવ સ્વરૂપે ઉજવે છે. લગ્ન પ્રસંગે તેઓ સામૂહિક ખર્ચ ઉપાડે છે. જે તેમના લગ્ન પ્રસંગમાં આ સંશોધકે આપેલ હાજરી પરથી નોંધ કરી છે.

ડાંગી શબ્દ ઉચ્ચારતાં જ કોઈપણ ખાસ જાતિ–તે પછી ભીલ, કુનબી, વારલ,નાયકા, ગામીત, વિટોળીયા કે કાથોડી હોય–નું પ્રતિનિધિત્વ કરતી વ્યકિત નજર સમક્ષ આવતી નથી. પણ સ્વભાવે ભાવનાશીલ, પાપભિરૂ, ગરીબ, અર્ધવસ્ત્ર પહેરેલ અને પરિસ્થિતિથી રંજોયેલી, એક 'આદિવાસી વ્યકિત' દેખાય છે. ડાંગી વ્યકિત પ્રાદેશિકતાનું પ્રતિનિધિત્વ કરે છે. વિશિષ્ટ જાતિનું નહીં. 'ડાંગી વ્યકિતત્વ' ઉપરોકત વિવિધ જાતિ, તેનાં ગુણો અને અવગુણો તથા ભાવનાઓનો એક સુંદર પ્રગટીકરણ છે. કદાચ નિસર્ગને માનવી સ્વરૂપ લેવાનું મન થયું હશે, અને 'ડાંગી' સ્વરૂપમાં આપણી સામે તે આજ ઉભાં હશે. અહીંની પ્રજા નિષ્પાપ અને સરળમાર્ગી છે. આની 'સત્યતા' આપણને નજરે ત્યારે જ પડશે કે, આવા ગાઢ જંગલોથી વિંટળાયેલી દરીઓના ઢોળાવ ઉપર નાની શી ઝૂંપડીમાં રહેતા આ નિષ્પાપ જીવોને માનવતાં મૂલ્યોથી નિહાળીશું.

ડાંગ જિલ્લો એ ગીચ જંગલ વિસ્તાર છે. અને સઘન આદિવાસી વસતિ ધરાવતો પ્રદેશ છે. ૧૯૮૧ની વસ્તી ગણતરી પ્રમાણે ડાંગને સમગ્રપણે આદિવાસી વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવ્યો છે. ઈ.સ.૨૦૦૧ની વસ્તી ગણતરી પ્રમાણે જિલ્લાની કુલ વસ્તી ૧,૮૬,૭૧૨છે. (સેન્સર–૨૦૦૧) જિલ્લામાં ૩૦૯ ગામો અને બે નાનાં કદનાં શહેરો (૧) આહવા, જે જિલ્લાનું મુખ્ય મથમ છે. અને (૨) વઘઈ છે. ૭૦ ટકાથી વધુ ગામડાંઓમાં ૫૦૦ થી પણ ઓછી વસ્તી છે. જિલ્લાની કુલ વસતિમાં ૯૪ ટકા વસતિ આદિવાસીઓની છે. જિલ્લામાં કુલ અઢાર આદિવાસી જાતિઓ છે. આમાં વસતિની દ્રષ્ટિએ 'કુનબી/કુકણા' ૫૧.૦૧ ટકા, 'ભીલ' ૨૫.૨૮ ટકા અને 'વારલી' ૧૪.૭૨ ટકા છે. જિલ્લાની કુલ વસતિમાં આ ત્રણ જાતિઓની સંખ્યા મુખ્ય લેખી શકાય જેનું પ્રમાણ ૯૧.૫૫ ટકા છે. જયારે બાકીની પંદર જાતિની કુલ સંખ્યા ૮.૪૫ ટકા જેટલી નહીંવત છે.–[૩૮]

વાસ્તવિક રીતે જોતા જણાય છે કે ડાંગ જિલ્લામાં કુનબા કુકણા જનજાતિની વસતિ

વધારે છે. કુનબી જનજાતિનો મુખ્ય વ્યવસાય ખેતી છે. વર્તમાન સમયમાં કુનબી જાતિએ સભ્ય સમાજના સંપર્કમાં આવીને ઠીક ઠીક પ્રગતિ કરી છે. અન્ય જાતિઓ કરતાં કુનબી જાતિ વ્યવસાય, શિક્ષણ, વિકાસ, રાજકારણ, રહેણી-કરણી વગેરેમાં આગળ પડતી અને પ્રભાવશાળી રહી છે. પરિણામે ડાંગની અન્ય જાતિઓ પર કુનબીની જીવનશૈલિની વિશેષ અસર જોવા મળે છે. એમ. એન. શ્રીનિવાસની 'સંસ્કૃતિકરણ'ની પ્રક્રિયાની દ્રષ્ટિએ જોઈએ તો ડાંગમાં કુનબી જાતિને ચોક્કસ પણે પ્રભાવિ જાતિ તરીકે જોઈ શકાય છે.-[૩૯]

## ૨:૭ ડાંગ જિલ્લાની જંગલનીતિઃ-

બળવાખોરોની ભૂમિ તરીકે ઓળખાતા ડાંગ પર યાદવોથી પેશવાઈ કાળ દરમિયાન અનેક રાજ સત્તાઓ આવી ગઈ. તેમ છતાં, બ્રિટિશ રાજય આવ્યું ત્યાં સુધી સાચું સ્વતંત્રતા તો ડાંગના રાજાઓ અને નાયકો જ ભોગવતા હતા. તે વખતે ગાઢવી, આમલા, દર્ભાવતી, વાસુરણા, પિંપરી, શિવબારી, ચિંચલી, ગડદ, અવચર, પીપળાદેવી, વાડિયાવન, પળસવિહિર, બિલબારી, ઝરી, ગારખડી વગેરે રાજયો મળીને ડાંગ બન્યું હતું. આમાં રાજાઓ અને નાયકો મળીને તેર ભીલ હતા અને એક કુનબી હતા. ગાઢવીના રજાને વરિષ્ઠતા આપવામાં આવી હતી, પણ તે નામ માત્ર ના હતા. બધા રાજાઓ સ્વતંત્રતા જ હતા. ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં એટલે કે, ઈ.સ.૧૮૧૮માં બ્રિટિશ લોકોની સત્તા હેઠળ ખાનદેશ પ્રદેશ આવ્યો.-[૪૦]

૧૮૧૮માં અંગ્રેજોએ પેશ્વાઓ પર વિજય મેળવી ડાંગના પૂર્વવિસ્તારના પ્રદેશ પરપોતાનો અમલ સ્થાપ્યો. ખાનદેશને જિલ્લો બનાવવામાં આવ્યો અને ત્યાંના કલેકટરને ડાંગની જવાબદારી સોંપવામાં આવી માત્ર, ખાનદેશમાં ગામો પર અવાર-નવાર છાપો માનારા ભીલ નાયકોને કાબૂમાં લેવા માટે અંગ્રેજ સૈન્યની ટૂકડીઓને છેક ૧૮૩૦માં ડાંગમાં મોકલવમાં આવી. આ નાયકોને અંગ્રેજી શાસન નીચે પણ સ્વતંત્રતા શાસક ગણવામાં આ છતાં હતો. આ સમયે ડાંગ પર પ્રત્યક્ષ અમલ કરવા માટે કોઈ પ્રયત્ન કરવામાં આવ્યો નહતો. ૧૮૩૦ની ચઢાઈ પછી કેટલકા બ્રિટિશ સૈનિકો મેલેરિયામાં સપડાયા હતા. આના પરથી જ, માર્ચથી મેના 'આરોગ્ય માટે અનુકૂળ' દિવસો દરમિયાન પણ, આ ડુંગરાળ વિસ્તારમાં રહેવા માટે સ્પષ્ટ ખતરો દેખાતો હતો. તેના બદલે બ્રિટિશરોએ અહીં 'ભીલ એજનટ' ના નામે ઓળખાતા અધિકારી મારફત એક પ્રકારનો પરોક્ષ અમલ

બેસાડવાનો પ્રયાસ કર્યો. આ 'ભીલ એજન્ટ'નું મુખ્ય કામ ભીલોને શાંત રાખવા અને સામાન્યતઃ કાબૂમાં રાખવામાં એજ હતું.

'ભીલ એજન્ટો' ભીલોને સ્થિર જીવવા તેમજ દરોડા પડવાનું, શિકાર-કંદમૂળ શોધવાનું અને ફરતી ખેતી કરવાનું- છોડી એક જગ્યાએ કાયમી ખેતી કરવા માટે પ્રોત્સાહન આપ્યું. સમય જતાં ડાંગમાં જંગલ અધિકારીઓની સત્તા ધીમે ધીમે 'ભીલ એજન્ટો'ની સત્તાને પાછળ પાડતી ગઈ. ભીલ એજન્ટો કરતાં તદ્દન ઉંધું, જંગલ અધિકારીઓ પરિશ્રમ અને કાજળજીપૂર્વકનું જંગલનું સંવર્ધન જેવા ઉપયોગીવાદી ગુણો પર વધુ ભાર મુકવા લાગ્યું.-[૪૧]

## ❑ ડાંગનાં જંગલ પર સરકારી નિયત્રની વધતી પકડઃ-

મુંબઈ વન વિભાગના અધિકારીઓ પાસેથી ૧૮૭૦ પછી એવી માંગણી વધવા લાગી કે ડાંગના જંગલની વ્યવસ્થા મુંબઈ વિસ્તારની પ્રવર્તમાન પધ્ધતિ પ્રમાણે હોય. ૧૮૬૫નાં જંગલ કાયદા વડે 'આરક્ષિત' જંગલ વિસ્તાર નિર્માણ કરવામાં આવ્યા. જેનાં કોઈપણ પ્રકારની ખેતી કરવાની મનાઈ ફરમાવવાની સત્તા  સરકાર પાસે હતી. આ આરક્ષિત જંગલ પર સરકારનો સંપૂર્ણ માલિકી હક્ક રહેવાનો હતો. ૧૮૭૮નાં જંગલનાં કાયદાથી આ નિયમ અધિક કડક બનાવવામાં આવ્યો, તે મુજબ જંગલમાં વસનાર જે ખેડૂત હતા તેમને જંગલ પર કોઈ જ 'અધિકાર' ન હતો. તેમનો જંગલનો  ઉપયોગ એ બહુ બહુ તો સરકારે આપેલી 'વિશેષ સવલત' હતી. આજ સમયમાં મુંબઈ વિસ્તારના બધા જંગલોની ગણતરી કરી, તે સમયે વસવાટ કરતા લોકો માટેની' વિશેષ સવલતો' ની યાદી બનાવવમાં આવી. એક રીતે તેમના બધા પરંપરાગત 'અધિકાર' સમાપ્ત કરવામાં આવ્યા. અને જંગલ કાયદા મુજબ આરક્ષિત બનતો વિસ્તાર દર્શાવનારી સીમાનાં થાંભલા (Boundary posts) ઉભા કરવામાં આવ્યા જે જંગલ વિસ્તારની ગણતરી હજુ સુધી થઈ ન હતી પરંતુ ભવિષ્યમાં જે આરક્ષિત વિસ્તાર બનાવવાની અપેક્ષા હતી તેને 'રક્ષિત'( Protected) વિસ્તાર તરીકે દર્શાવવામા આવ્યા.

ડાંગનાં જંગલ અધિકારીઓએ ડાંગની પણ આ જ પ્રમાણે ગણતરી કરી 'આરક્ષિત અને 'રક્ષિત' વિસ્તાર અલગ પાડવામાં આવે એવી માંગણી કરી. પરંતુ  એમાં અડચણ એ હતી કે કાયદા અનુસાર ડાંગ હજું પણ ભીલ નાયકોના તાબામાં હતો અને મુંબઈ

સરકારના કાયદા ત્યાં લાગુ પડતા ન હતા. તેથી આ બંને જંગલ કાયદાની અમલ ત્યાં આપોઆપ લાગુ થઈ શકતો ન હતો.

૧૮૭૮માં આ વિષયની તપાસ માટે મુંબઈ સરકાર દ્વારા એક સમિતિ નિમવામાં આવી જેમાં જંગલ તેમજ અન્ય અધિકારીઓનો સમાવેશ હતો. આ સમિતિના અહેવાલમાં કિંમતી લાકડાંનો પુરવઠો ભવિષ્યમાં પણ ચાલુ ગેરવ્યાજબી અન મૂર્ખતાભર્યા કારણોથી સ્થળાંતરીત ખેતી કરવાથી થતો વનનો નાશ ટાળવો-'કોઈપણ ભોગે આવશ્યક' હોવાનું સ્પષ્ટ રીતે ઢાંકવામાં આવ્યું. એવી ભલામણ કરવામાં આવી કે કાયમી ખેતી માટે ઉપયોગી એવા, પાણીનો કાયમી પુરવઠો હોય તેના જળસ્ત્રોતની નજીકની જમીન પર જ ખેતી કરવામાં આવે. આવી જમીન પર કાયમી વસવાટ કરાવી, બાકીનું ડાંગનું જંગલ આરક્ષિત કરવું. જયાં ઢોર ચરાવી શકાય પરંતુ ખેતી કરી શકાય નહી. ૧૮૭૯માં મુંબઈ સરકારે આ ભલામણ માન્ય કરી અને ડાંગનો આશરે અડધો વિસ્તાર આરક્ષિત જંગલ ઠરાવવામાં આવ્યો.

તત્ત્વતઃ આ આરક્ષણ માન્ય થયું તો પણ તેના પ્રત્યક્ષ અમલીકરણ માટે દાયકાથીય વધુ સમય ગયો. અમુક અંશે આ માટે વહિવટી અડચણો પણ કારણરૂપ હતી. કારણકે ડાંગનો સંપૂર્ણ સર્વે કયારેય થયો ન હતો. પરંતુ તેનાથીય મુખ્ય કારણ એ હતું કે ભીલ નાયકોએ આ સંપૂર્ણ પ્રકરણનો જોરદાર વિરોધ કર્યો. તેમણે એવો દાવો કર્યો ભાડાપટ્ટાના કરાર અન્વયે કોઈપણ પ્રકારે અંગ્રેજોને ખેતી અમુક ભાગમાં મર્યાદિત કરવાનો અધિકાર મળતો ન હતો. નાયકોની અન્ય ડાંગી પ્રજા પર ચાલતી સત્તા જ, જમીનના કયા ટૂકડા પર કોણ ખેતી કરે એ નક્કી કરવાના અધિકાર પર નિર્ભર હતી. તેમજ તેમના પોતાના જંગલમાં પોતાની મરજી મુજબ વર્તતા રહેવાનો તેમજ જંગલ વાપરવાનો અધિકાર તેમના માટે ખૂબ મહત્ત્વનો હતો. વિશિષ્ટ ક્ષેત્રોમાં જકડાઈને રહેવાની કલ્પના જ ભીલ નાયકોને ક્રોધ લાવનારી હતી. પાછલા કેટલાંય વર્ષો સુધી તેમને નીચલાં સ્તરના વનઅધિકારીઓના વધતા જતાં જુલમનો સામનો કરવો પડતો હતો અને એક વખત આ જંગલો આરક્ષિત બન્યા, એટલે આ ત્રાસ અધિક વધવાનો તેની તેમને પાક્કી ખબર હતી.

આની સામે અંગ્રેજોએ કરાર અંતર્ગત ભાડાપટ્ટાની રકમ વધારવાની તૈયારી દર્શાવી. અંગ્રેજો તરફથી ખૂબ દબાણ આવ્યા પછી આખરે ૧૮૮૯માં નાયકોએ આ પ્રકારના

આરક્ષણને માન્યતા આપી અને "ખેતી માટે પૂરતી જમીન આપવામાં આવશે અને આરક્ષિત જંગલ બહારની ઝાડી વેપાર વિનિમય માટે નહીં તેયે ખેતી કે ઘરગથ્થુ ઉપયોગ માટે વાપરવા દેવામાં આવશે એ અપેક્ષાએ " ડાંગના અડધાં જંગલનાં આરક્ષણના કરાર પર સહી કરી-[૪૨]

આ માટેનું સર્વેક્ષણ ૧૮૯૧ અને ૯૨માં પાર પાડવામાં આવ્યું. નાયકો એ શકય તેટલી જમીન આરક્ષણની બહાર રહે તે માટે અથાગ પ્રયત્નો કર્યા. આખરે, ઘણી વાટાઘાટો પછી ૩૪ ટકા જમીન' આરક્ષિત જંગલ' તરીકે જાહેર કરવામાં આવી.

પરંતુ આટલી જમીન ગુમાવવી પડી તે પણ નાયકો માટે સંતાપ જનક બાબત હતી. તેમણે ખેડૂતોને આરક્ષણ સિવાયની જમીનનો બદલે 'આરક્ષિત જમીન' પર જ ખેતી કરવા ઉઘાડું પ્રોત્સાહન આપ્યું. તે રીતે તેની સાથે જ મન ફાવે તેમ જંગલનો વિધ્વંશ કરવાની પણ તેમણે મનમાં ગાંઠ વાળી લીધી હતી. વિનાશક આગો જંગલમાં લગાડવામાં આવી અને વૃક્ષો પણ મોટા પ્રમાણમાં કાપવામાં આવ્યા. ભયંકર રીતે ચાલેલા આ વિધ્વંશમાં ૧૮૯૯ થી ૧૯૦૨ના ગાળામાં દુષ્કાળ અને મૃત્યું તાંડવે માઝા મુકી અન ભુખમરો તેમજ અસંતોષના ઉછાળામાંથી મોટા પ્રમાણમાં લૂંટફાટ પણ ઉછળી. આખરે, ખૂબ કડક કાર્યવાહી પછી ૧૯૦૩માં આ પરિસ્થિતિ શાંતક પડી.

૧લી જાન્યુઆરી ૧૯૦૩ના દિવસે ડાંગના શાસનની જવાબદારી ખાનદેશના અધિકારીઓ પાસેથી લઈને મુંબઈ વનવિભાગને સોંપવામાં આવી. હવે પછી ભલી એજન્ટોની સત્તા પૂરી રીતે ખતમ થઈ ને સુરતના વિભાગીય વન અધિકારી અને મદદનીશ પોલિટીકલ એજન્ટના હાથમાં ગઈ, જેમને અત્યંત ગંભિર ગૂના છોડતાં સર્વ પ્રકારના ન્યાયિક અધિકારો પણ આપવામાં આવ્યા હતા.

આ પદે નિમણૂંક પામી ૧૯૦૩ સુધી આ પદ સંભાળનાર ઈ.એમ. હૉજસને આ વિસ્તારના કેન્દ્રસ્થાને આવેલા 'પઠાર' વિસ્તારના એક ગામ 'આહવા' માં મુખ્ય શાસકીય મથક ઉભું કર્યું. અને બધા પ્રકારની શાસકીય ઈમારતો બાંધીને સંપૂર્ણ શાસકીય અને તેના સંબધિત વ્યવસ્થા ત્યાં ઉભી કરી. આજ હૉજસને એવા કેટલાક પટ્ટાઓ, જયાં ખેતી રોકી શકાય ન હતી, તે 'રક્ષિત વિસ્તાર' તરીકે જાહેર કર્યા. આ પ્રમાણે હવે અનામત કે 'આરક્ષિત', 'રક્ષિત' અને 'ખુલ્લા' એવાં જંગલના ત્રણ વર્ગ તૈયાર થયા.

આ વર્ગીકરણની વિશિષ્ટ સમય સુધી વૃક્ષ કાપવા પર બંધન રાખવાની સાથે હોજસને જંગલની જમીન બાળવાની પ્રથા બંધ કરવાના પ્રયત્ન પણ શરૂ કર્યા. નાયકો અને તેમની પ્રજાને આવી આગ ન લગાડવા સમજાવવાના એમણે પ્રયત્નો કર્યા. તેમજ આવી આગ રોકનારને રોકડું ઈનામ અને પાઘડી આપી સન્માનિત કરવાની શરૂઆત કરી. જંગલમાં ઠેક-ઠેકાણે નાના પટ્ટા બાળી નાંખી મોટી આગ રોકવા પ્રતિરોધક તૈયાર કર્યા. આવા અનેક પ્રયત્નોનાં પરિણામે ૧૯૦૫-૬માં જયાં ૯૩ ટકા જંગલ બાળવામાં આવ્યું હતું, ત્યાં પછીના વર્ષોમાં ફકત ૧૭ ટકા જંગલ બાળવામાં આવ્યું. આ એક મહત્ત્વનું વલણ બન્યું. કારણકે આના પછી જંગલ બાળવાનું પ્રમાણ ખુબ જ ઓછું થયું.

આ ઉપર છલ્લા યશની પાછળ ભીલોના હોજસનના ઘોરણ અંગેના અસંતોષ છૂપાયેલો હતો. તેમની દ્રષ્ટિએ સંપૂર્ણ જંગલ તેમનું પોતાનું હતું. તે કોઈ પણ રીતે વાપરવાનો તેમને અધિકાર હતો. સ્થિર ખેતી અને સ્થિર વસતિ તેમજ જંગલ પ્રવેશ અને વપરાશ પર પ્રતિબંધ એ બાબતોમાં રહેલ નારાજગીને લીધે અનિવાર્ય પણે તેમનો વન અધિકારી અને પોલિસ સાથે સંઘર્ષ ચાલતો રહયો. મિલકતનું સાધન હાથમાંથી જવાથી તેમાથી કેટલાક ગામના ખેડૂતો પાસેથી ધાકધમકીથી ધનધાન્ય મેળવવાની શરૂઆત કરી. આથી ગામ લોકોએ પોલીસઓનો આધાર લીધો અને આ સંઘર્ષ વધતો ગયો. આમાંથી જ ૧૯૦૭ થી ૧૯૧૪ દરમિયાનના ત્રણ ''ભીલ બળવા' થયા.

૧૯૦૭નાં સપ્ટેમ્બરમાં કેટલાક ભીલોએ આહવા મથક પર હૂમલો કરી, હાથમાં આવે તે સરકારી માલમિલ્કતની તોડફોડ ચલાવી. ૧૯૧૧માં કડમાળ ગામે જંગલ ખાતા વિરૂધ્ધ પ્રદર્શન કરી જંગલના મોટા-મોટા પટ્ટાઓ ને આગ લગાડવામાં આવી. આ બળ વો અન્યત્ર ફેલાયો અને બીજે ઠેકાણે પણ આવી આગ લગાડવામાં આવી. આની પાછળ નો ઉદ્દ્શ પોતાનો અધિકાર પાછો મેળવવાનો હતો. જંગલના ગાર્ડ તરફથી જંગલ વપરાશ પર લાવવામાં આવીતી અડચણો પાછી લેવાની તેમની માંગણી હતી. પરંતુ આ પ્રક્રિયામાં એકંદરે પ્રજામાં ભાગલા પાડીને આંતરિક સંઘર્ષ જ વધ્યો.

ત્યારબાદ ડિસેમ્બર ૧૯૧૪માં ફરી એકવાર બળવો થયો. યુરોપના યુધ્ધમાં અંગ્રેજોનો પરાજય સાવ નજીક આવવા લાગ્યો હોવાથી આ આપણા માટે પણ અધિકારી પાછો મેળવવાનો સારો મોકો સાબિત થશે એવી સમજ આની પાછળ હતી. તીર કામઠાં

સાથે એકઠા થયેલા સમૂહે જંગલ કાપવામાં અને બાળવાની શરૂઆત કરી. પરંતુ તેના પર સશસ્ત્ર પોલીસ ટૂકડી દ્વારા ત્વરિત કાર્યવાહી કરી પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ લાવવામાં આવી, તેની સાથે જ તેમાં સામેલ ન થનારાઓનો 'કડું' અને 'રોકડ ઈનામ' આપી સત્કાર પણ કરવામાં આવ્યો.

એક તરફ ખેડૂતોને એક જગ્યાએ સ્થિર થઈ ખેતી કરવાનું પ્રોત્સાહન આપવામાં આવતું હતું. તેમને ખેતી માટે બળદ-ઓજારો ખરીદવા માટે સરકારી કરજ તેમજ છાણિયું ખાતર વાપરવા માટે માર્ગદર્શન આપવમાં આવતું હતું. નાના બંધ બાંધી ખેતી માટે પાણી પુરવઠાની વ્યવસથા કરવામાં આવતી હતી. તેની સાથે તેમને 'વધુ સારા- એવા જુવાર અને ચોખા જેવા ધાન્યો પકવવા માટે કહેવામાં આવતું હતું. પણ આ બધા બદલાવ સ્વીકારવા ખેડૂતો ખાસ રાજી ન હતા.

અંગ્રેજી શાસનનો અંતિમ સમય ડાંગની જનતા માટે ખુબજ ત્રાસ દાયક રહયો. વન ખાતાની કાર્યવાહી ખુબ કડક બની, તેમજ લોકોને અધિકારીઓના કામ માટે સવેતન અથવા અવેતન મજૂરી કરવા જબરદસ્તી કરવામાં આવવા લાગી મજૂરીમાંથી થોડા ઘણા પૈસા મળવાની શકયતા હોય તોયે આ બધામાંથી જનતામાં રોષ વધવા લાગ્યો.

પ્રથમ વિશ્વયુધ્ધ દરમિયાન અચાનક ઈમારતી લાકડાની નિકાસની ગરજ દેખાવા લાગી. અને તેથી મોટા પ્રમાણમાં લાકડા કાપવાની શરૂઆત થઈ. આમાંથી સરકારની આવક ખૂબ મોટા પ્રમાણમાં વધી. નાયકોને આપવમાં આવતા ભાડાપટ્ટામાં પણ ધણો વધરો થયો, પરંતુ આ વધારો ડાંગમાંથી મળનારા વધારાની આવકના પ્રમાણમાં હોય તેવી તેમની માંગણી હડસેલવામાં આવી.

૧૯૧૪ના બળવાના બાળમૃત્યું પછી ભીલોએ ફરી અંગ્રેજ સરકાર સામે ખુલ્લો સંઘર્ષ પોકાર્યો નહીં. પરંતુ છૂપી રીતે તેમનો પ્રતિકાર ચાલુ રહયો. જંગલ પરનો પોતાના અધિકારની યાદ તાજી કરી તેઓ સ્વમાન જાળવવાનો પ્રયત્ન કર્યે રાખતા હતા. અંગ્રેજોએ કરેલી છેતરપિંડીની કથા કહી તેમના જંગલ પરના અધિકારની કાયદેસરતા નકારતા હતા. ૧૯૪૯માં, અંગ્રેજો હવે ભારત દેશ છોડી ગયા છે. એ જાણ્યા પછી ફરી એકવાર તેમણે બળવો પોકારી જંગલના મોટા મોટા પટ્ટાઓ બાળી નાખવાની શરૂઆત કરી.

## ❑ સ્વતંત્રતા બાદ ડાંગ જિલ્લાની વન વ્યવસ્થાઃ-

૧૯૪૭માં ભારત સ્વતંત્ર થયા પછી ડાંગ જિલ્લો જે આજ સુધી પ્રતિબંધિત વિસ્તાર હતો તે રાજકીય અને સામાજિક કાર્યકર્તાઓ માટે ખુલ્લો થયો. આ પહેલાં કેટલાંક કુંકણા કાર્યકર્તાઓએ પોતાની રીતે સૂતર, દારૂબંધી વગેરે ગાંધીવાદી કાર્યક્રમો ચલાવ્યા હતા. ૧૯૪૮માં છોટુભાઈ અને ઘેલુભાઈ નાયક બંને ભાઈઓએ આહવામાં ગાંધીવાદી આશ્રમ શરૂ કર્યો અને પ્રાથમિક શાળા, તેમજ સૂતર તથા દારૂબંધી વગેરે કાર્યક્રમો યોજયા. ૧૯૪૯માં તેમણે બહુઉદ્દેશીય સહકારી મંડળીઓ શરૂ કરીને અનાજ વહેંચવાનું શરૂ કર્યુ. મુંબઈ સરકારે આ સહકારી મંડળીને વિશિષ્ટ જંગલ વિસ્તારમાંથી જંગલ કાપવાની પરવાનગી આપી. ડાંગ માટે આ એક મહત્ત્વનો વળાંક હતો. આ સહકારી મંડળીઓને પુષ્કળ યશ મળ્યો. તેમાં વૃક્ષ કાપવાનું કામ કરનારને પણ કામની પરિસ્થિતિમાં ખૂબ જ સુધારો અનુભવવા મળ્યો. સરમુખત્યાર એવા કોન્ટ્રાકટરોના જુલમ અને દાદાગીરીનો હવે તેમનો સામનો કરવો પડતો ન હતો. વેતન પણ વધું મળતું હતું. આ મંડળીઓ દ્વારા આ પ્રદેશમાં ગાંધીવાદી કાર્યકર્તાઓનો એક રાજકીય પાયો રચાયો.

૧૯૫૦ પછી આ મંડળીઓ 'ડાંગ' એ મહારાષ્ટ્ર કે ગુજરાતનું આ વિવાદમાં સપડાતી ગઈ. મહારાષ્ટ્રમાં જોર પકડતો 'બૃહદ્ મહારાષ્ટ્ર' ચળવળને પરિણામે ૧૯૫૬માં મુંબઈ રાજયને બે અલગ-અલગ ભાષિક રાજયોમાં વિભાજિત કરવાનું જાહેર થયું. એમાં ડાંગ કયા રાજયમાં સામેલ થાય એના પર ગાંધીવાદી કાર્યકર્તાઓમાં ભાગલા પડયા અને તે ઘર્ષણ ખુબ જ વધ્યું. ૧૯૫૮માં ડાંગમાં જિલ્લા પંચાયતની પહેલી ચૂંટણી થઈ. જેમાં આ બંને પક્ષો સામ-સામે ઉતર્યા-ઘણા અંશે આ ચૂંટણીનાં પરિણામથી જ ૧૯૬૫ પછી ડાંગ કયા રાજયમાં સામેલ થશે તે નકકી થયું. નવી રાજય સરકારે ૧૯૬૨માં આ સહકારી મંડળીઓ બંધ કરી, પરંતુ ૧૯૬૭માં તે પુનર્જીવીત કરવામાં આવી, અને તેમાં જાતિ આધારિત રાજકારણના ખેલ શરૂ થયાં.

આવી આ રાજકારણીથી ખદબદતી સહકારી મંડળીઓનું ૧૯૬૭થી ૧૯૮૬ સુધી આખા ડાંગમાં જંગલ કાપવા પર નિયંત્રણ રહયું. આમાથી વન આધારિત રોજગારીના હિત સંબંધોની એક જાળ ઉભી થઈ. વધતી લોકસંખ્યા સાથે ડાંગના લોકો માટે ખેતી

પર ગુજરો કરવો મુશ્કેલ થવા લાગ્યું. ૧૯૩૧થી ૧૯૯૧ સુધી ડાંગની લોક સંખ્યા ૩૩,૭૫૦ પરથી ૧,૪૩,૫૦૦ પર પહોંચી હતી, અને મિલકતના ખેતી સિવાય એક માત્ર પર્યાય વન આધારિત રોજગારી એજ હતો. આ રોજગારી મેળવી આપવાની સત્તા આ મંડળીના નેતા અને તેના ગામોમાંના વચેટિયાઓના હાથમાં હોવાથી, આમાંથી જિલ્લા પંચાયતની મતબેંકો ઉભી થઈ. સરકારી વિકાસ નિધિના વિનિયોગની આમાંથી મળનારી સત્તા તો ભ્રષ્ટ કરનારી જ હતી. વિકાસ માટે રાખેલ પૂંજી પ્રત્યક્ષ જરૂરિયાતમંદ સુધી કયારેક જ પહોંચી હોય. બીજી તરફ જંગલમાંથી મળતી આવક ધડાઘડ વધવા લાગી.

૧૯મી સદી દરમિયાન ડાંગમાં આશરે ૬૬ ટકા ભાગ ખેતી માટે વર્ગીકૃત કરેલો હતો. તે ૧૯૫૬-૫૭માં ૫૪ ટકા સુધી પહોંચ્યો હતો. ૧૯૬૦માં ખેતીની જમીનની સનદો આપવા માટે સરકારે જે સર્વે કર્યો તેમાં એકંદરે જમીનનો ૪૫ ટકા જમીન જ ખેતી કરાતી જમીન તરીકે દર્શાવવામાં આવી. કારણ કે પ્રત્યક્ષ સર્વેક્ષણના સમયે ખેડાણ થયેલી જમીન જ આ મોજણીમાં નોંધવામાં આવી. ૧૯૭૦માં આ જમીનોની સનદો એ શરતે આપવામાં આવી કે જમીન પર આવેલા વૃક્ષોની માલિકી વનખાતાની રહેશે.

તે પછીના આખા દશકામાં વનખાતું ખેતીની જમીન પર અતિક્રમણ કરતું જ રહયું. મોટે ભાગે જમીનધારકોના વિરોધને ગણકાર્યા વગર તે જમીન પર વૃક્ષો ઉગાડીને. આ પ્રકારે ૧૯૮૧માં ફક્ત ૫૧,૧૮૬ હેકટર એટલે કે ડાંગની ફક્ત ૩૬ ટકા જમીન ખેતી હેઠળની તરીકે નોંધવામાં આવી. આ જમીન સ્વચ્છિક રીતે આપવામાં આવ્યાનું કેહેવામાં આવ્યું, જે સર્વથા અસંભવ હતું. પણ આ બધામાં સરકાર અને મજુર સહકારી મંડળી બંનેનો ફાયદો હતો. એક તરફ ખેતી હેઠળની જમીનોનાં આરક્ષિત જંગલોના પટ્ટાઓથી ભાગલા પડતા જતા હતાં. બીજી તરફ તેનાથી સાહજિક રીતે જ થતા સીમડાના ઉલ્લઘંન તરફ વન ખાતાની કાર્યવાહી વધૂ કડક બનવા લાગી હતી. તેમાંથી જ લાંચખોરી વધવા લાગી હતી.

## ❑ ૧૯૭૦ પછી ડાંગ જિલ્લાની વનવ્યવસ્થા:-

૧૯૭૦ પછી ડાંગની જનતાએ વન અધિકારી અને ભ્રષ્ટ રાજકારણીઓની સામે અવાજ ઉઠાવવાની શરૂઆત કરી. ૧૯૭૭ની એક સભામાં નોંધાયા પ્રમાણે માંગણીઓ એવી હતી કે, -ખેડૂતોને પોતાના તાબાની જમીન પરથી કોઈપણ વૃક્ષ કાપવાનો અધિકાર

હોવો, જંગલમાંથી વાંસ લાવવાની છૂટ હોવી, વૃક્ષો ઉગાડવાના નામે વન ખાતાએ કાઢ ી લીધેલ જમીનો પરત મળે, અને ૧૯૬૦માં કરેલ સર્વેક્ષણની ક્ષતિઓ દૂર કરવા ફરી એક વાર નવી રીતે ડાંગનું સર્વેક્ષણ કરવામાં આવે. આ માંગણીઓ વ્યકત કરવા માટે 'ગ્રામ વિકાસ મંડળી'. નડગખાદી ગામ નામની નવી સંસ્થા સ્થાપવામાં આવી. જેમાં બેરી અંડરવૂડ ઓસ્ટ્રેલિયન સામાજિક કાર્યકરે આગેવાની લીધી હતી. ઘણા સુશિક્ષિત આદિવાસી યુવકોનું તેમને પીઠબળ હતું. સુશિક્ષિત આદિવાસીઓ માટે વૈકલ્પિક રોજગારીની ઉપલબ્ધતા એ મુખ્ય માંગણી હતી.–[૪૩]

એક સંશોધક તરીકે હું પોતે પણ આ સંસ્થા સાથે મારી મોટી બહેન સાથે જોડાયો. હેતુ માત્ર નવી શિક્ષિત પેઢીને માટે રોજગારીનો હતો. પરંતુ પ્રશ્ન એ થયો કે, સરકારી જંગલખાતા સાથે જોડાયેલા કર્મચારઓ  અને સહકારી મંડળીઓ સાથે જોડાયેલા રાજકારણઓ અને કર્મચારીઓના પરિવારના શિક્ષિત સભ્યોને કોઈને કોઈ પ્રકારની નાની–મોટી નોકરીઓમાં સમાવી લેવામાં આવતા હતા, પરંતુ જેમના બાળકો શિક્ષિત હોવા છતા જેમની કોઈ સરકારી કે જંગલ સહકારી મંડળી સાથે ઓળખ કે લાગવગ ન હતી તેઓ બેકારીની ગર્તામાં ધકેલાતા જતા હતા. જે એક નરી વાસ્તવિકતા હતી. બેકારીમાં ધકેલાતા ગરીબ ડાંગી કુટુંબનાં બાળકો પાસે નોકરીનો વિકલ્પ ન રહેતાં, આગળ ભણવામાં ધ્યાન આપ્યું.

સમય જતાં જંગલના વધતા વિનાશમાં દખલ દઈને ૧૯૮૬માં સરકારે આરક્ષિત જંગલમાં વૃક્ષો કાપવા પર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવ્યો. તેથી સહકારી મંડળીઓના અસ્તિતવનું કારણજ મટીગયું. ડાંગી લોકોને મોસમી ખેત મજૂરી સ્વરૂપની રોજગારી મેળવવા માટે દક્ષિણ ગુજરાતના મેદાની વિસ્તારમાં ખૂબ મોટાં પ્રમાણમાં સ્થળાંર કરવાનો વારો આવ્યો. પ્રતિબંધ લાગી ગયા પછીના ચાર જ વર્ષમાં એક તૃત્તિયાંશ લોકો ચોમાંસુ પુરું થતાં જ ઘર બહાર નિકળવા લાગ્યા અને તે છેક પછીનો ઉનાળો આવે ત્યારે પરત આવતાં. આ મજૂરીનો દર અને કામની પરિસ્થિતિ અતિશય ખરાબ હતી. ઘરે પરત આવે ત્યારે હાથ મોટે ભાગે ખાલી જ હોય. આમ આખી યુવા પેઢી બહાર જાય પછી એમની પાછળ ગામમાં ફકત વૃધ્ધો અનાથ અવસ્થામાં જ રહેતા હતા.

આ પરિસ્થિતિએ ૧૯૮૯માં પ્રત્યક્ષ રીતે સંઘર્ષનું સ્વરૂપ લીધું ગીરા–દાબદર ગામમાં

ચીચીનાગાંવડા રેંજનાં ૧૦-૧૨ ફોરેટસ્ટ ગાર્ડોએ આરક્ષિત જંગલમાંથી ગામ લોકોએ કરેલી કહેવાતથી 'ચોરી' ના લાકડા હસ્તગત કરવાનો પ્રયત્ન કર્યો. ગામની સ્ત્રીઓએ તેમનો ઘેરાવો કરી તે લાકડા પર વન ખાતાનો નહીં. પણ ગામ લોકોનો અધિકાર હોવાનો સૂણાવી તેમને પરત જવાની ફરજ પાડી. આમાંથી પછી તો એક વધૂ સંપૂર્ણ યોજનાબધ્ધ પ્રતિકાર-ચળવળ શરૂ થઈ. જેના સૂત્રધાર ઈરફાન એન્જિનિયર અને વીરસિંગ ગામીત હતા. તેમણે 'આદિવાસી ભૂમિહિન કિશાન હકરક્ષક સમિતિ'ની સ્થાપના કરી ડાંગમાં ખેતીની જમીનનું ફરી એકવાર સર્વેક્ષણ થાય અને આરક્ષિત જંગલ વિસ્તારમાંથી ખેતી માટે જમીન ઉપલબ્ધ થાય એ તેમની મુખ્ય માંગણી હતી.

૧૯૯૧ની શરૂઆતમાં આ 'આદિવાસી ભૂમિહિન કિશાન હકરક્ષક સમિતિ'ના જ કેટલાક સભ્યોએ ગીચ જંગલમાં આવેલ પોતાના 'જૂના ગામઠાણ' સુધી પહોંચી તે જગ્યા પર પોતાનો હક્ક સ્થાપવા માટે જંગલ સાફ કરવાની શરૂઆત કરી હતી. એના પર પોલીસ દમન વાપરવામાં આવ્યું. જેમાંથી પ્રત્યક્ષ સામ સામે સંઘર્ષ ઉછળ્યો. આ વધતી જતી 'નકસાલવાદી ' ભૂમિકા સામે કંઈક અલગ, વધુ સર્જનશીલ દ્રષ્ટિકોણ વાપરાવની જરૂર આર.એસ. પઠાણ જેવા ઉચ્ચ વન અધિકારીએ ઓળખી. સ્થાનિક લોકોના સહયોગથી 'વન સંરક્ષક સમિતિ' સ્થાપી જંગલ સંરક્ષણની જવાબદારીના બદલામાં તેમને વિશિષ્ટ વનપેદાશો પર અધિકાર આપવાનો, રાજયના અન્ય જંગલ વિસ્તારોનો યશસ્વી પ્રયોગ ડાંગમાં પણ અજમાવવાનો તેમણે નક્કી કર્યો.

ડાંગ વન અને મહેસૂલ અધિકારીઓની દ્રષ્ટિએ આ બધો પ્રયાસ અનઆવશ્યક, તેમનો અંકુશ ફરી પ્રસ્થાપિત કરવાના મુખ્ય ઉદ્દેશથી દૂર જનારો હતો. તેમને વધારે ચિંતા હતી, તે ડાંગમાં પહેલી જ વાર દેખાવા લાગેલા કોમ્યનિસ્ટ નકસલવાદ સંબંધની. તે માટે આરક્ષિત પોલીસની ખાસ ટૂકડી મંગાવી કાર્યવાહી શરૂ થઈ અને નવેમ્બર ૧૯૯૧માં દહેશતનું સામ્રાજય શરૂ થયું. એકઠા થયેલા લોકો પર ગોળીબાર, ગામો પર છાપાઓ, નાસભાગ, અત્યાચાર અને નેતાઓની ધરપકડ આ બધા માર્ગથી આખરે ૧૯૯૨માં પોલીસે આ ચળવળ તોડી નાખી આ પ્રમાણે જંગલખાતાની સત્તા ફરી એક વાર પ્રસ્થાપિત થઈ, ડાંગની જનતાની ફરિયાદો જયાંની ત્યાંજ, તેવી જ અનુત્તર રહી.-[૪૪]

આ પ્રમાણે જોઈએ તો આખા સંઘર્ષ પાછળ મોટો ઈતિહાસ જવાબદાર છે. જયાં

સુધી લોકોનો વિશ્વાસ સંપાદાન કરનારી સંસ્થાઓના સહકારથી  કામ કરવાના પ્રયત્ન નહીં થાય, ત્યાં સુધી તો આવું જ ચાલતું રહેવાની શકયતા છે. બન્યું પણ એવું જ થોડો સમય સંઘર્ષ શાંત રહયા પછી સંઘર્ષ ફરી શરૂ થશે એ બાબત સરકારના ધ્યાન પર આવતાં, સરકાર દ્વારા ડાંગના લોકો માટે એક નવી યોજના અમલમાં મૂકી સંઘર્ષને શાંત પાડવા માટે હેતુપૂર્વકનો પ્રયાસ કર્યો.

એમાં સરકારે જંગલખાતા દ્વારા નવી કેટલીક રોજગારીની તકો ઉભી કરી તેમાં ખાસ કરીને 'દવગાર્ડ' ની એક નવી જગ્યા ઉભી કરી, તેમાં સંઘર્ષમાં નેતૃત્વ લેનાર યુવા નેતાઓનો સમાવેશ કર્યો. પરંતુ એ રોજગારીની તકો ખુબ મર્યાદિત હતી. લોકોનો અસંતોષ ચાલુ રહયો. એટલા માટે સરકાર અને ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ દ્વારા ૧૯૯૩માં આ જનતાનો આક્રોશ અને અસંતોષ હલ કરવા માટે 'જમીન માલિકીનાં વૃક્ષો કાપવાનો' એક નવો નિયમ કર્યો. જેમાં ૧૯૯૩માં આ કાયદો ઘડયો ત્યારે 'જમીન માલિકીની વૃક્ષો કાપી તેની ઉપજની રકમના ૫૦ ટકા સરકારને અને ૫૦ ટકા જમીન માલિકી અધિકાર ધરાવતા ખેડૂતને આપવાનો ઠરાવ કરવામાં આવયો. ૫૦ ટકા જમીન માલિકીના વૃક્ષો કાપવાનો જે ઠરાવ કરવામાં આવ્યો તેમાંથી પણ માત્ર જે તે જમીન માલિકીના ૧૦ વૃક્ષા જ કાપવાનો નિયમ પ્રસ્થીપત કર્યો. કુલ ૧૦ વૃક્ષો કાપીને જંગલ ખાતા દ્વારા તેની હરાજી કરીને જે રકમની ઉપજ થાય તેના ૫૦ ટકા ખેડૂતને અને ૫૦ ટકા ખર્ચ પેટે જંગલ ખાતાને જમાં કરવાની રહેતી.

આ પરિસ્થિતિ પણ ડાંગની પ્રજા માટે અન્યાય કારક હતી. તેનો પણ વિરોધ થયો. જે જમીનની માલિકી સંપૂર્ણ ડાંગી વ્યકિતની હોય તે જમીન પરનાં વૃક્ષોની ઉપજમાંથી પણ સરકાર અને જંગલ ખાતું ૫૦  ટકા રકમ 'ખર્ચના બહાના હેઠળ' ખેડૂત પાસેથી ખર્ચ પેટે લઈ લેતી હતી. પરિણામે જમીન માલિક ખેડૂતના ભાગમાં નહીંવત જેવી રકમ આવતી. તેની સામે ડાંગના લોકોનો અસંતોષ ચાલુ રહયો.- આ પરિસિથતિને સમજીને થોડા જ સમયમાં એટલે કે, ત્રણેક વર્ષ બાદ ૧૯૯૬થી 'જમીન માલીકી વૃક્ષે કાપવાના અધિકારો' માં ફેરફાર કરીને જે વૃક્ષો કાપવા થકી સરકાર અને જમની માલિકને ૫૦-૫૦ ટકાની ભાગદારી હતી-તે દૂર કરીને સંપૂર્ણ પણે ૧૦૦ ટકા  અધિકાર જે તે જમીન માલિકને આપવામાં અવ્યો.-[૪૫]

આ મારો સંશોધનાત્મક અભ્યાસમાં 'જમીન માલિકીનાં વૃક્ષે કાપવાના અધિકારથી જે તે ડાંગના આવા વૃક્ષો કાપનાર લાભાર્થી આદવાસીઓના જીવનમાં આ વૃક્ષો કાપીને મળેલ રકમાંથી તેમણે શું અને કેવો લાભ અને પ્રગતિ કરી તેની અસર હેઠળ તેમના સામાજિક, આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક અને શૈક્ષણિક જીવનમાં આવેલ પરિવર્તનને તપાસીને તેનું વાસ્તવિક ચિત્ર રજૂ કરવાનો મારો સંશોધક તરીકે સનિષ્ઠ પ્રયાસ રહયો છે.

**૨:૮ ઉપસંહારઃ-**

ડાંગ જેવા જંગલમય અને ડુંગરાળ પ્રદેશના સામાજિક, સાંસ્કૃતિક તથા ઐતિહાસિક પરિસ્થિતિ વિશે અભ્યાસ કરવાનું એક મુશ્કેલ કામ છે. અહીંની ભૌગોલિક પરિસ્થિતિ એમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. દર વર્ષે નૈસર્ગિક બદલાવ આ પ્રદેશની વિશેષતા છે .ભારે વરસાદને કારણે જમનીનું સખત ઘોવાણ થાય છે. પરિણામે પ્રાચીન કાળનાં મંદિરો, સ્મારકો તથા ઐતિહાસિક સામગ્રી કદાચ દટાઈ તથા ધોવાઈ પણ ગઈ હોવાનો મહદ્અંશે સંભવ છે.

સોળમી તથા સત્તરમી સદીના મળી આવેલા શિવમંદિરો તથા રૂપગઢનો કિલ્લો એ બતાવે છે કે તે વખતે ડાંગ પ્રદેશ મહારાષ્ટ્રથી ગુજરાત જવા માટે મહાદ્વારનો ભાગ ભજવતો હવો જોઈએ. છતાં આ કાળના હજું પણ શિલાલેખો કે અન્ય સામગ્રી ઉપલબ્ધ થઈ નથી.

ડાંગનો ખરેખર લેખિત ઈતિહાસ ૧૯મી સદીથી જ જોવા મળે છે. ઈ.સ.૧૮૧૮માં અંગ્રેજો ઈમારતી લાકડાંના મોહથી આ ગાઢ જંગલ વિસ્તારમાં આવ્યા અને ડાંગ નામે કાગળ-પત્ર વ્યવહાર ચાલુ થયો. આ અંગ્રેજોના વખતે થયેલો પત્રવ્યવહાર ડાંગના ઈતિહાસમાં અમૂલ્ય ફાળો આપે છે.

પ્રાચિન ઐતિહાસિક પુરાવાને અભાવે જ ડાંગની તત્કાલિન સામાજિક પરિસ્થીત પર પુરતો પ્રકાશ પાડવો મુશ્કેલ છે. તેમ છતાં ડાંગી આદિવાસીઓની ભાષા, જીવનશૈલિ, માનયતાઓ, રિવાજ, ધર્મ તથા ઉત્સવોનો અભ્યાસ કરીને ડાંગી આદિવાસી સમાજની વાસ્તવિક પરિસ્થિતિ જાણી શકાય એવી છે. સામાજિક સ્તરો-જાતિપ્રવાહોનો અભ્યાસ કરતી વખતે અંગ્રેજ પત્ર વ્યવહારો ઉપયોગી બની શકે છે.

ડાંગ અને જંગલ એક-બીજાના પર્યાય રહયા છે. તેવી જ રીતે ડાંગ અને સાગ એ પણએક-બીજના પર્યાય રહયા છે. ડાંગ ખાસ કરીને સાગી જંગલ માટે જ પ્રસિધ્ધ ડાંગનો સાગ બ્રહ્મદેશ તથા કર્ણાટકના સાગ કરતાં જરાય ઉતરતી કક્ષાનો નથી.

ડાંગમાં ખાસ કરીને સાગ ઉપરાંત અન્ય વૃક્ષોમાં સાદડ, સીસમ, હળદવો, બહેંડા, કલમ, તણછ, પીપળ, ખાખર, મોદક, ખેર, ગરમાળ, કાંટી, આમળાં, મહુડા વગરે વિવિધ પ્રકારના વૃક્ષો થાય છે.

ડાંગ જંગલથી સભર હોવાથી જ બ્રિટિશ શાસનથી શરૂ કરીને અત્યાર સુધી જંગલખાતા સાથે તેનો સંધંબ વિશેષ રહયો છે. સ્થાનિક ડાંગી રાજા અને પ્રજા સાથે આ જંગલના અને વૃક્ષોના અધિકારની બાબતમાંથી જે તે સમયની સત્તા સાથે સતત સંઘર્ષ રહયો છે., જે ડાંગની એક વરવી ઐતિહાસિક વાસ્તવિકતા છે. વર્તમાન સમયમાં આ સંઘર્ષ સમયાંતરે ચાલુ રહયો છે.

આ સુરક્ષિત જંગલમાં જે લોકો ઈ.સ.૧૯૬૭ સુધી ખેતી કરતા હોય તેમને ઈ.સ.૧૯૭૦માં ગુજરાત સરકારે માલિકી હક્કો આપેલા છે. સરકારશ્રીની હાલની નીતિ મુજબ હવે વધારે જમીન ખેતી માટે આપવાનું બંધ છે.

ડાંગ જિલ્લામાં સ્વતંત્રતા પછી સરકાર દ્વારા ડાંગ પ્રદેશની પ્રજાના વિકાસ અને કલ્યાણ માટે અનેક વિધ યોજનાઓ લાગુ પાડી છે. તેના પરિણામો લોક કલ્યાણ માટે જેટલા સારા આવવા જોઈએ તેટલા તેમને આપવામાં આવેલ યોજનાના લાભો થકી દેખાતો નથી. સરકારી કાગળ ઉપર ડાંગી લોકોનો વિકાસ અને કલ્યાણ જરૂર દેખાય છે. પરંતુ વાસ્તવિક જીવનમાં આ કલ્યાણકારી યોજનાની  લોકો ઉપર વિશેષ અસર જોવા મળતી નથી પરંતુ ૧૯૯૦ પછી ડાંગી લોકોના વિકાસમાં કંઈક અંશે પરિવર્તન દેખાય છે. તેમાં પણ ૧૯૯૩થી ડાંગ જિલ્લામાં  જમીન માલિકીના પ્રત્યેક ખેડૂત દીઠ દસ ઝાડ કાપવાનો સરકાર અને જંગલખાતા દ્વારા નિયમ કરવામાં આવ્યો જે દસ ઝાડ કાપીને બજારમાં વેચવા સુધીની જવાબદારી જંગલખાતાની હોય છે. જેની કિંમત જમીન માલિકી ધરાવતા ડાંગી આીદવાસી ને સારી એવી મળતા લાગી. ત્યાંરથી ડાંગ જિલ્લામાં જમીન માલિકી ધરાવતા આદિવાસીઓનાં જીવનમાં નોંધપાત્ર પરિવર્તન થતું દેખાયું છે. મારા આ સંશોધક તરીકેનો મુખ્ય હેતુ ડાંગમાં માલિકી વૃક્ષો કાપીને બજારમાં વેચવાથી,

મળતી સારી એવી રકમથી ડાંગ જિલ્લાના આદિવાસીઓની સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક તેજમ રાજકીય સ્થિતિમાં શું બદલાવ કે ફેરફાર કે પરિવર્તન દેખય છે. તે સંશોધનાત્મક રીતે શોધવાનો પ્રયાસ છે.

## સંદર્ભસૂચિ

| ક્રમ | લેખકનું નામ | પુસ્તકનું નામ | પ્રકાશન વર્ષ | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૧. | ડૉ. હર્ષિદા દવે | માનવશાસ્ત્ર | યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, અમદાવાદ, ૨૦૦૫ | ૮૬૧ |
| ૨. | એજન | માનવશાસ્ત્ર | યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, અમદાવાદ, ૨૦૦૫ | ૮૬૨ |
| ૩. | એજન | માનવશાસ્ત્ર | યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, અમદાવાદ, ૨૦૦૫ | ૮૬૨ |
| ૪ | એજન | માનવશાસ્ત્ર | યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, અમદાવાદ, ૨૦૦૫ | ૮૬૨ |
| ૫ | એજન | માનવશાસ્ત્ર | યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, અમદાવાદ, ૨૦૦૫ | ૮૬૩ |
| ૬ | એજન | માનવશાસ્ત્ર | યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, અમદાવાદ, ૨૦૦૫ | ૮૬૩ થી ૮૬૪ |
| ૭ | વિમલ શાહ | ગુજરાતના આદિવાસીઓ | ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ, ૧૯૬૬ | ૩૪ |
| ૮ | ડૉ. હર્ષિદા દવે | માનવશાસ્ત્ર | યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, અમદાવાદ, ૨૦૦૫ | ૮૬૮ |
| ૯ | એજન | માનવશાસ્ત્ર | યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, અમદાવાદ, ૨૦૦૫ | ૮૭૦ |
| ૧૦. | ડૉ. મુ.અ.ઈ. મસવી | આદિવાસીઓની પલટાતી આર્થિક સ્થિતિનો અભ્યાસ | યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, માર્ચ-૧૯૯૧ | ૧૭ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧. | એજન | આદિવાસીઓની પલટાતી આર્થિક સ્થિતિનો અભ્યાસ | યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, માર્ચ-૧૯૯૧ | ૧૧૮ |
| ૧૨. | ડેમોગ્રાફિક પ્રોફાઈલ ઑફ ડિસ્ટ્રીક | સેન્સસ ઑફ ઈન્ડિયા ૨૦૦૧ | ડેમોગ્રાફિક પ્રોફાઈલ ઑફ ડિસ્ટ્રીક (ગુજરાત) | |
| ૧૩. | ડૉ. મીનાક્ષી ઠાકર | આદિવાસી વિકાસ અને વન | યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ ૨૦૦૪ | ૭૧ થી ૭૨ |
| ૧૪. | ડૉ. વિદ્યુત જોષી | આદિવાસી વિકાસ દર્શન | આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૨૦૦૯ | ૨ અને ૩ |
| ૧૫. | ડૉ. મધુભાઇ ગાયકવાડ | ગુજરાતમાં આદિવાસી વસ્તી અને વિસ્તરણ | 'આદિલોક' સામયિક અંક-૨, મે-જૂન-૨૦૦૯ | ૧૩ |
| ૧૬. | ભીખાભાઇ સો. પટેલ અને ડૉ. ચન્દ્રકાંત ઉપાધ્યાય | આદિવાસીઓ : એક દૃષ્ટિક્ષેપ-૨૦૦૧ | તાલીમ કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૨૦૦૭ | ૨૩ |
| ૧૭. | ડૉ. વિદ્યુત જોષી | આદિવાસી વિકાસ દર્શન | આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ગુજરાત વિદ્યાપીઠ | ૮ અને ૯ |
| ૧૮. | ડૉ. વિદ્યુત જોષી | આદિવાસી વિકાસ દર્શન | આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ગુજરાત વિદ્યાપીઠ | ૯ અને ૧૧ |
| ૧૯. | ડૉ. મધુભાઇ ગાયકવાડ | ગુજરાતમાં આદિવાસી વસ્તી અને વિસ્તાર | 'આદિલોક' સામયિક અંક-૨, મે-જૂન-૨૦૦૯ | ૨ |
| ૨૦. | ભીખાભાઇ સો. પટેલ અને ડૉ. ચંદ્રકાંત ઉપાધ્યાય | આદિવાસીઓ : એક દૃષ્ટિક્ષેપ-૨૦૦૧ | આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ | ૧૭ અને ૧૮ |
| ૨૧. | એજન | આદિવાસીઓ : એક દૃષ્ટિક્ષેપ-૨૦૦૧ | તાલીમ કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૨૦૦૭ | ૧૭ અને ૧૮ |
| ૨૨. | ડૉ. વિદ્યુત જોષી | આદિવાસી વિકાસ દર્શન | આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ગુજરાત વિદ્યાપીઠ | ૧૫ અને ૧૯ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩. | એજન | આદિવાસી વિકાસ દર્શન | આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ | ૨૦ અને ૨૧ |
| ૨૪. | નટવરલાલ બા. પટેલ | ડાંગી બોલી અને લોકસાહિત્ય | શાંતાબેન એન. પટેલ જલાબપોર, નવસારી ૫ મે, ૨૦૦૯ | ૧ |
| ૨૫. | માહિતી ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર | ગુજરાતની આદિવાસી સંસ્કૃતિ (ડાંગ જિલ્લો) | માહિતી ખાતુ, ગુજરાત રાજ્ય ગાંધીનગર | ૧ |
| ૨૬. | એજન | ગુજરાતની આદિવાસી સંસ્કૃતિ (ડાંગ જિલ્લો) | માહિતી ખાતુ, ગુજરાત રાજ્ય ગાંધીનગર | ૧ |
| ૨૭. | નટવરલાલ બા. પટેલ | ડાંગી બોલી અને લોકસાહિત્ય | શાંતાબેન એન. પટેલ જલાબપોર, નવસારી ૫ મે, ૨૦૦૯ | ૨ |
| ૨૮. | માહિતી ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર | ગુજરાતની આદિવાસી સંસ્કૃતિ (ડાંગ જિલ્લો) | માહિતી ખાતુ, ગુજરાત રાજ્ય ગાંધીનગર | ૨ |
| ૨૯. | નટવરલાલ બા. પટેલ | ડાંગી બોલી અને લોકસાહિત્ય | શાંતાબેન એન. પટેલ જલાબપોર, નવસારી ૫ મે, ૨૦૦૯ | ૨ |
| ૩૦. | Gazetteer of India | Gujarat Stat Dangs District | Gujarat Stat Dang District | |
| ૩૧. | Mr. Appajik Kher | Marathi Grammar | Mr. Appajik Kher | |
| ૩૨. | શ્રી દત્તાત્રેય ભાસ્કર ચિતળે | ડાંગ : એક સમ્યક્ દર્શન | ડાંગ જિલ્લા પંચાયત આહવા, ઓક્ટોમ્બર ૧૯૭૮ | ૧૩ થી ૨૪ |
| ૩૩. | એજન | ડાંગ : એક સમ્યક્ દર્શન | ડાંગ જિલ્લા પંચાયત આહવા, ઓક્ટોમ્બર ૧૯૭૮ | ૧૩ થી ૨૪ |
| ૩૪. | ડેવિડ હાર્ડિમન | જંગલ વિસ્તારમાં સત્તાના સંબંધો : ૧૮૨૦ થી ૧૯૪૦ નું ડાંગ | 'અર્થાત્' સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત-૧૯૯૩ | ૧૯ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૫. | ડેવિડ હાર્ડિમન | જંગલમાં ખેતી ડાંગ : ૧૮૩૦ થી ૧૯૯૨ | 'ઢોલ' આદિવાસી ચેતનાનું સામાયિક, અંક-૨, ૨૦૦૩ | ૪૦થી ૪૧ |
| ૩૬. | શ્રી દત્તાત્રેય ભાસ્કર ચિતળે | ડાંગ : એક સમ્યક્ દર્શન | ડાંગ જિલ્લા પંચાયત આહવા, ઓક્ટોમ્બર ૧૯૭૮ | ૨૭ |
| ૩૭. | એજન | ડાંગ : એક સમ્યક્ દર્શન | ડાંગ જિલ્લા પંચાયત આહવા, ઓક્ટોમ્બર ૧૯૭૮ | ૨૯ |
| ૩૮. | એજન | ડાંગ : એક સમ્યક્ દર્શન | ડાંગ જિલ્લા પંચાયત આહવા, ઓક્ટોમ્બર ૧૯૭૮ | ૩૦ થી ૩૨ |
| ૩૯. | ડૉ. મધુભાઈ ગાયકવાડ | ડાંગમાં ગ્રામસભા : અધિનિયમન-૧૯૯૬ના પરિપ્રેક્ષ્યમાં | 'અર્થાત્ સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત અંક-૨, એપ્રિલ-જૂન, ૨૦૦૪ | ૩૨ |
| ૪૦. | શ્રી દત્તાત્રેય ભાસ્કર ચિતળે | ડાંગ : એક સમ્યક્ દર્શન | ડાંગ જિલ્લા પંચાયત આહવા, ઓક્ટોમ્બર ૧૯૭૮ | ૧૭ |
| ૪૧. | ડેવિડ હાર્ડિમન | જંગલમાં ખેતી ડાંગ : ૧૮૩૦ થી ૧૯૯૨ | 'ઢોલ' આદિવાસી ચેતનાનું સામાયિક, અંક-૨, ૨૦૦૩ | ૪૬ |
| ૪૨. | એજન | જંગલમાં ખેતી ડાંગ : ૧૮૩૦ થી ૧૯૯૨ | 'ઢોલ' આદિવાસી ચેતનાનું સામાયિક, અંક-૨, ૨૦૦૩ | ૫૦થી ૫૧ |
| ૪૩. | એજન | જંગલમાં ખેતી ડાંગ : ૧૮૩૦ થી ૧૯૯૨ | 'ઢોલ' આદિવાસી ચેતનાનું સામાયિક, અંક-૨, ૨૦૦૩ | ૫૧થી ૫૬ |
| ૪૪. | બી.કે. સિન્હા | વૃક્ષઃ બાબતની લોકોપયોગી કાયદાકીય માહિતી | બી.કે. સિન્હા (ભા.વસે.) નાયક વન સંરક્ષક, પ્રકાશન અને સંપર્ક વિભાગ, ગાંધીનગર | ૧૬થી ૧૯ |
| ૪૫. | પ્રા. રમેશભાઈ કે. પવાર | ગુજરાતમાં નકશલવાદની મોકાણ | 'આદિલોક' આદિવસી અસ્મિતા, અખંડિતતા અને અધિકારને સમર્પિત સામયિક, નવેમ્બર-ડિસેમ્બર-૨૦૦૯ | ૧૩થી ૧૪ |

# પ્રકરણ : ૩
# પુરોગામી અભ્યાસો
## (આદિવાસી સમાજ અંગે થયેલા અભ્યાસોની સમીક્ષા)

૩.૧ પ્રસ્તાવના

૩.૨ આદિવાસી સમાજ અંગે થયેલા અભ્યાસની સમીક્ષા

૩.૩ સમાપાન

સંદર્ભ સૂચિ.

# પ્રકરણ:-૩
# પુરોગામી અભ્યાસો

## ૩.૧ પ્રસ્તાવના

સામાજિક વિજ્ઞાનોમાં જુદા જુદા ક્ષેત્રોમાં થતાં અભ્યાસોનો કોઈ અંત કે મર્યાદા હોતી નથી. વિજ્ઞાનોમાં સતત જ્ઞાન વૃધ્ધિનો હેતુ રહેલો છે. કોઈ પણ એક સામાજિક પાસાંનો અભ્યાસ થયેલ હોય છતાં તે પાસાં વિશેની જાણકારી કે જ્ઞાનની પ્રાપ્તિ ત્યાં માપ્ત થતી નથી. સંશોધન કાર્ય અને તેની પ્રવૃત્તિ સતત વહેતાં ઝરણાં જેવી છે. આથી કોઈ પણ ઘટનાનું સંશોધન ભાગ્યેજ પહેલું કે છેલ્લું હોય શકે. કેમ કે, ભૂતકાળમાં તે ઘટાના વિશે કોઈ અભયાસ થયો હોય છે. અથવા તે ઘટના અભ્યાસને વણખેડાયેલા ક્ષેત્ર તરીકે ઉલ્લેખ થયો હોય તેવું બને, તો બીજી બાજુ કોઈપણ સંશોધન છેલ્લું પણ હોતું નતી, હોઈ શકે પણ નહીં. કારણકે, આગાઉ થયેલા સંશોધનના અનુસંધાને તે પછી સંશોધન કાર્ય હાથ ધરાય છે. અથવા તેમાં કોઈ પાસું વણખેડાયેલું હોય તેનો અભ્યાસ થાય છે. તે રીતે સંશોધનકાર્યની પ્રવૃત્તિ એક હંમેશા વહેતા ઝરણાંની જેમ વહે છે. આમ સંશોધન ક્ષેત્રમાં હંમેશા વિસ્તરતું રહે છે. આરીતે જ જે તે, વિજ્ઞાનનો વિકાસ થતો રહે છે. વૈજ્ઞાનિક સંશોધનોને સતત ચાલતી પ્રક્રિયા તરીકે ગણી અગાઉનાં સંશોધનોને કેન્દ્રમાં રાખી તેનાં પર વધુ પ્રકાશ પાડી શકે તેવા અભ્યાસો કરવા સતત પ્રયાસો કરવા જોઈએ.

કોઈપણ સંશોધકે કરનારે પોતાનાં સંશોધન વિષય અંગે ભૂતકાળમાં કયા-કયા અભ્યાસો થયા છે, તે તપાસી લેવું જરૂરી છે. એટલું જ નહીં. પરંતુ તે એક મહત્ત્વની દિશા-સૂચક બાબત બની રહે છે.

(૧) સંશોધકે પોતાનાં સંશોધનનાં પુરોગામી અભ્યાસો વિશે જાણકારી મેળવવી જોઈએ, તેમજ તેની સમીક્ષા કરી, પોતાના અભયાસ કે સંશોધન સાથે તેનું અનુસંધાન જોડવું જરૂરી બને છે.

(૨) પુરોગામી અભ્યાસોની સમીક્ષાથી અભ્યાસનાં મુખ્ય પાસાંઓ, તેની વિશેષતાઓ તેમજ તેના પણિામો વિશે આગાઉ સંશોધન કાર્ય થઈ ચૂક્યું છે. તેનો સાચો ખ્યાલ આવી શકે છે.

(૩) પુરોગામી અભ્યાસો પરથી-આ સાથે કઈ-કઈ બાબતો વિશે હજું સંશોધનો

કરવાના બાકી છે, તે વણખેડાયેલા કે ઉપેક્ષિત બાબતો વિશે ધ્યાન દોરીને તેના વિશે સંશોધનાત્મક અભ્યાસ કરી શકાય.

(૪) પુરોગામી અભ્યાસોની સમીક્ષા કરીને, તેના આધારે સંશોધક પોતાનાં સંશોધનનું આગવાપણું કે સંશોધન મારફતે નવું શું પ્રદાન કરવા માંગે છે–તે સ્પષ્ટ પણે દર્શાવી શકે છે.

પ્રસ્તુત અભ્યાસમાં વિષય સાથે સંબંધિત પૂર્વ અભ્યાસો આદિવાસીઓના લગતાં ધણા બધા થયા છે. પરંતુ તે મોટા ભાગના આદિવાસીઓનાં જાતિ તત્ત્વો પ્રદેશ, સમસ્યાઓ વગેરે ઉપરનાં છે. મુખ્યત્વે આદિવાસી જાતિઓમાં પરિવર્તનને લગતા અભ્યાસો નહીંવત્ જેવા છે. તેમાં ડાંગ જિલ્લાની આદિવાસીઓમાં કોઈ ચોક્કસ સરકારી કાર્યક્રમ થકી લોકોનાં જીવનમાં આવેલ બદલાવને લગતા અભ્યાસો નહીંવત્ જેવા છે. આથી એક સંશોધક તરકે ડાંગ જિલ્લામાં જમીન માલિકીનાં વૃક્ષો કાપવાના વિશેષ અધિકાર અને તેમાંથી મળતી આર્થિક રકમનો ઉપયોગ કરવા થકી ડાંગી આદિવાસીઓમાં કેવું પરિવર્તનના આવ્યું છે. તે જાણવાનો અને સમજવાનો પ્રયાસ કર્યો છે.

## ૩:૨ આદિવાસી સમાજ અંગે થયેલા અભ્યાસોની સમીક્ષા:–

કોઈ પણ સંશોધનોમાં અગાઉ થયેલાં સંશોધનોની સમીક્ષા કરવી અનિવાર્ય બને છે. કારણ કે ભૂતકાળનાં સંશોધનો વર્તમાન સંશોધકોને તેમના અભ્યાસમાં સંશોધન સમસ્યાને યથાર્થ રીતે સમજવા, તેને નિવારવા એક દિશા પૂરી પાડે છે. વધુમાં સંશોધનની દ્રષ્ટિને વધુ વિશાળ બનાવે છે. આ સંદર્ભમાં પ્રસ્તુત અભ્યાસ, સંશોધન માટે ભારતમાં થયેલા આદિવાસી જાતિઓના અભ્યાસો, ગુજરાતમાં થયેલા આદિવાસી જાતિઓના અભ્યાસો, શોધનિબંધો, અભ્યાસલેખો વગેરેની સમીક્ષા કરવામાં આવી છે.

ભારતના આદિવાસી સમુદાયની જીવન અને સંસ્કૃતિ, તેની સમાજવ્યવસ્થા તથા અર્થવ્યવસ્થા અને તેમાં સામાજિક–સાંસ્કૃતિક પરિવર્તન માટેના જવાબદાર પરિબળો, તેમની પરિસ્થિતિ અને પ્રશ્નોને તપાસવા અંગે જુદા જુદા અભ્યાસો થયા છે. આવા અભ્યાસો કરવામાં આદિવાસી સંશોધન સંસ્થાઓ, યુનિવર્સિટીઓ, આઈ.સી.એમ.એસ.આર ભારતીય સામાજક વિજ્ઞાન સંશોધન પરિષદ, ભારત સરકાર વગેરે દ્વારા આદિવાસી સમાજને લગતા અભયાસોને વેગ મળ્યો છે. આ અભ્યાસો પૈકીના કેટલાક મહત્ત્વના અભ્યાસઓની સમીક્ષા નીચે મુજબ જોવા મળી છે.

ઢેબર કમિશને (૧૯૬૧) માં આદિવાસીઓ અને તેમના વિકાસ કાર્યક્રમોના બંધારણીય રક્ષિતતાનાં મુલ્યાંકનનો અભ્યાસ કર્યો હતો. ઢેબર કમિશને મુખ્ય ભલામણો કરી હતી. જેમાં આદિવાસીઓની જમીનનનું રક્ષણ કરવું, તેમનાં જંગલના હકોની સ્વીકાર કરવો, તેમની વનવસાહતોનો વિકાસ કરવો તથા તેમની સ્થળાંતર ખેતી વગેરે બાબતોનો સમાવેશ કરવાની વાત કરી છે. ઢેબર કમિશનના મતે આદિવાસીઓનું નિર્ધારિત સમયગાળ ામાં બીજા સમુદાયો સાથે એકતાના ધોરણે સંગઠન થાય તે રીતે આર્થિક અને સામાજિક વિકાસ થયો જોઈએ.

સંકલિત આદિજાતિ વિકાસ યોજનાના બ્લોકનો (૧૯૬૨)માં અમલ થયો. તેનો અભ્યાસ વિવિધ રાજયોએ અમલ કરીને અહેવાલો તૈયાર કર્યા હતા. બી.કે. રોયબર્ધન, બી.ડી.શર્મા તથા અન્ય સંશોધકોએ આીદવાસી વિકાસ પરત્વે અહેવાલો અને લેખો તૈયાર કર્યા. આ અહેવાલોમાં આદિવાસી કલ્યાણ યોજનાઓ, આદિવાસી શિક્ષણ, આર્થિક ઉત્કર્ષ, આદિવાસી સમસ્યાઓનો ઉકેલ તથા કાયદાકીય જોગાવાઈઓ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ સમિતિના મત પ્રમાણે વિવિધ સરકારી યોજનાઓનાં માળખામાં થતાં પરિવર્તનો અને તેના અમલીકરણમાં થતા ફેરફારોનો અભયાસ કરવાની જરૂરિયાત છે. ભવિષ્યમાં આદિવાસીઓના વિકાસ કાર્યક્રમોનું આયોજન જરૂરિયાત મંદ લોકોને ધ્યાનમાં રાખીને કરવું જોઈએ. આમ કરવાથી તેમનો વિકાસ યોગ્ય દિશામાં થઈ શકશે, તેમ આ સમિતિનું માનવું છે.–[૨]

આયોજન પંચે ઈ.સ. ૧૯૬૬માં આદિવાસી સમાજની અભ્યાસની અભ્યાસ સમિતિની સ્થાપના કરી, જેમણે આદિવાસી વિકાસના કાર્યક્રમોનો અભ્યાસ કર્યો હતો. આ સમિતિની રચના ચોથી પંચવર્ષીય યોજનામાં થયેલ આદિવાસી કલ્યાણ યોજનાઓના અમલીકરણ માટે કરવામાં આવી હતી. ત્રીજી પંચવર્ષીય યોજનાઓ આદિવાસી વિકાસ કાર્યર્કમોનો દરેક રાજય સરકારે કેટલો અમલ કર્યો હતો? તથા આ યોજનામાં વિવિધ આદિવાસી જાતિઓની જરૂરિયાત તથા તેમના પ્રશ્નો માટે કેવી વિચારણા કરવામાં આવી હતી? તે અંગે કેટલાંક તારણો કાઢવામાં આવ્યા હતાં.

આ તારણો પરથી પંચવર્ષીય યોજનાઓમાં આદિવાસીઓના વિકાસ માટે વિવિધ રાજયોના અમલીકરણમાં જરૂરી ફેરફારો કરવામાં આવ્યા હતા. આ યોજનામાં આદિવાસી

વિકાસ ઘટકોની રચના કરવામાં આવી હતી. આ અંગે નિમાયેલ સમિતિએ તેના તારણોમાં તબીબી અને જાહેર આરોગ્ય, ઉદ્યોગો, ખનીજો, સત્તા અને વહિવટ તથા સંસ્થાઓની રચના વિવિધ રાજયોમાં કરવી જોઈએ તેમ જણાવ્યું હતું.–[3]

ભારત સરકારના ગૃહ મંત્રાલયના આદિવાસી વિકાસ વિભાગની સૂચનાથી આયોજન કમિશનના કાર્યક્રમ મુલ્યાંકન સંસ્થા સંકલિત આદિજાતિ વિકાસ પ્રોજેકટ દ્વારા ૧૯૮૭માં મુલ્યાંકન અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસમાં આદિવાસી વસતિના મધ્ય, પૂર્વ અને પશ્ચિમ એમ ત્રણ જુદા જુદા પ્રદેશોમાં આવેલાં રાજયોના એક એક જિલ્લામાંથી એક એક સંકલિત આીદવાસી વિકાસ ઘટક પસંદ કરવામાં હતું આવ્યો હતો. આ અભ્યાસ કુલ ૧૮ ઘટકનાં ૫૭ ગામોમાંથી કુલ ૯૭૬ કુટુંબોમાંથી ૭૬૭ આદિવાસી અને ૨૦૯ બિનઆદિવાસી કુટુંબો પસંદ કરવામાં આવ્યાં હતાં. આ અભ્યાસમાં ૧૯૭૫–૭૬ અને ૧૯૮૨–૮૩ના એમ બે સમયગાળાને આવરી લેવામાં આવ્યો હતો. અને તેમાંથી આદિવાસીઓની શિક્ષણની સ્થિતિમાં કેવું પરિવર્તન આવ્યું છે. તે જોવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, આ અભ્યાસમાં તેમનું જમીન ધારણ કદ, આવક, રોજગારી, બચત, અસ્કયામત, દેવું જંગલના હક્કો, તેમના વિસ્તારમાં પીવાના પાણીની વ્યવસથા, દારૂ પીવાની ટેવ, આરોગ્ય અને રોગો, સહકાર અને બજારની વ્યવસ્થા, તેમની જમીન અપહરણની સમસ્યામાં વગેરે પાસાંઓનો અભ્યાસ કરવામાં આવ્યો છે. આ અભ્યાસના મુખ્ય તારણો આ પ્રમાણે હતાં.

(૧) શિક્ષણની સુવિધા વધવા છતાં આદિવાસીઓ શિક્ષણક્ષેત્રે પછાતપણું ટાળી શકયા નથી.

(૨) કુલ ૭૬૭ આદિવાસી કુટુંબોમાંથી ૨૫૯ એટલે કે, ૩૩–૭૭ ટકા ૧૯૮૨–૮૩માં દેવાદાર હતાં.

(૩) જમીન અપહરણનો કાયદો આદિવાસી વિસ્તારમાં બિન–આદિવાસીઓની જમીન ફેરબદલી ન થાય તે માટે પણ રાવો જોઈએ.

(૪) વિકાસ યોજનાઓ તેમની જરૂરીયાતોને ધ્યાનમાં લઈને તથા દરેક આદિવાસી વિસ્તારની ભૌગોલિક સ્થિતિને ધ્યાનમાં લઈને નક્કી કરવી જોઈએ.–[4]

કિશોર સી. પાદિત્ય (૧૯૯૧)નું 'ઈકોનોમિક ડેવલપમેન્ટ ઓફ ટ્રાઈબલ્સ એપ્રોચ એન્ડ સ્ટ્રેટેજી'- આ પુસ્તક આદિવાસી વિકાસના સાહિત્યમાં અદ્વિતિય સ્થાન ધરાવે છે. આ પુસ્તકમાં નામાંકિત શિક્ષકો, સામાજિક કાર્યકરો, સમાજ વૈજ્ઞાનિકો વગેરેનો સમાવેશ કર્યો છે. જેમાં બી.કે.રોયબર્ધન, પટનાયક, એલ.કે. મહાપાત્ર, એન. કે બહેરા વગેરેનો સમાવેશ થાય છે.

આ પુસ્તકમાં આદિવાસીઓના પ્રશ્નોની વિસ્તૃત રીતે ઝીણવટપૂર્વક ચર્ચા કરવામાં આવી છે. જંગલની નીતિ, આદવાસીઓમાં ફરતી ખેતી, આદિવાસીઓમાં પ્રવર્તતી અસમાનતા વગેરેની ચર્ચા કરવામાં આવી છે. આ પુસ્તકમાં જાતિય અસમાનતાની વાત કરી છે. ઉપરાંત આ અસમાનતા ઘટાડવા માટેના ઉપાયોની વિસ્તૃત ચર્ચા કરી છે.-[૫]

અમીર હસને (૧૯૮૮) પોતાનાં પુસ્તક 'ટ્રાઈબલ એડમિનિસ્ટ્રેશન ઈન ઈન્ડિયા'માં ઉત્તરપ્રદેશના આીદવાસી વિસ્તારના વિકાસ કાર્યક્રમો વિવિધ પાસાંઓને આવરી લઈ મુલ્યાંકન અભ્યાસ કર્યો છે. તેમણે તેમના પુસ્તકમાં આદિવાસી વિકાસ તથા બિન-આદિવાસી વિકાસ આઝાદી પછીની પરિસ્થિતિની વાત કરી છે. તેમણે તેમના પુસ્તકમાં જમીન મહેસુલ, જંગલનો વહિવટ પર પ્રકાશ પાડયો છે. અસરકારક અમીલીકરણ અને યોગ્ય વહિવટનો અભાવ અભ્યાસનાં તારણો છે. પરિણામે આદિવાસી સમુદાયોનો સર્વાંગી વિકાસ શકય બન્યો નથી.-[૬]

અર્થશાસ્ત્રી ડી.એચ.નાંગે(૧૯૮૫)માં મધ્યપ્રદેશની બૈગા જાતિનો અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસમાં મુખ્યત્વે બૈગા જાનિની વિવધ આર્થિક પ્રવૃત્તિઓ તથા તેમની આવક અને વપરાશનાં માળખાનો અભ્યાસ કર્યો છે. તેમની રૂઢિગત ખેતી પધ્ધીત, પાકની વારાફરતથી ફેરબદલી, ખાતર તથા બિયારણનો વપરાશ, સિંચાઈની સગવડો, પાક અને ઉપજ વગેરે મુદ્દાઓનું બૃહદ વિશ્લેષણ કર્યું છે. તદ્ઉપરાંત તેમની આર્થિક વ્યવસથા, આવકનાં સાધનો, જીવનધોરણ વ્યસનો તથા દેવું વગેરે પરિબળોને અભ્યાસમાં લીધા છે. બૈગા જાતિની આર્થિક-સામાજિક પરિસ્થિતિ, નાણાંકીય સગવડો વગેરે શિક્ષણ દ્વારા બદલી શકાય. પરંતુ તેમને સુધારવા પાછળનો આપણો કોઈ પણ પ્રયત્ન ચઢિયાતાપણાની ભાવાથી થતો હશે, તો તે નુકશાન અને કમનસીબ ગણાશે તેમ ડો. નાગનું માનવું છે.-[૭]

પી.કે. મોહન્તી (૨૦૦૪) એ 'ઈનસાઈકલોપિડીયા ઓફ પ્રાઈમટીવ ટ્રાઈલ્સ ઈન

ઈન્ડિા નામના પુસ્તકમાં આદિમજૂથો મોટા ભાગે જંગલ વિસ્તારમાં રહે છે. તેમની પાસે જીવનનિર્વાહના ટાંચા સાધનો છે. આ પુસ્તકમાં આદિમજૂથોના લોકો જીવનનિર્વાહ માટે સંઘર્ષ કરે છે. તેની સવિસ્તૃત માહિતી આપવામાં આવી છે. આદિમજૂથો મોટા ભોગે લાકડું ઘર વપરાશ માટે વાપરે છે. આ પુસ્તકમાં ભારતમાં આવેલા ૭૪ આદિમજૂથોની ચર્ચા કરવામાં આવી છે. તેમની સામાજિક આર્થિક અને શૈક્ષણિક માહિતી આપવામાં આવી છે. આદિમજૂથોની ભાષા, પહેરવેશ, વસતિ પરંપરાગત ધંધાઓ, ઉત્સવો, નૃત્ય, સામાજિક–આર્થિક પરિવર્તનો, તેમની પંચાયત વ્યવસ્થા ઘણી રસપ્રદ છે. જાતિના વડો એ પંચાયતના વડા હોય છે. નાના પ્રશ્નો ઉકેલે છે. જેથી ન્યાયતંત્રમાં જવાનો ખર્ચ ટાળી શકાય છે. આ પુસ્તકમાં આદિમજૂથોની માહિતી જુદા જુદા નામાંકિત તજ્જ્ઞો દ્વારા કરેલા સુક્ષ્મલક્ષી (Mirco study) પરથી લેવામાં આવ્યા છે. આ પુસ્તકના કુલ બે વિભાગો પ્રકાશિત થયેલા છે.–[૮]

વિજય એ. કામથે (૧૯૯૮)માં તેમના અભ્યાસમાં ભારતમાં આદિવાસી શિક્ષણનો ટૂંકમાં ઈતિહાસ, મિશનરી દ્વારા આદિવાસીઓ માટેનાં શિક્ષણના પ્રયત્નો, આદિવાસી વિદ્યાર્થીઓનાં વલણો, આદિવાસી શિક્ષણ અને રાષ્ટ્રનું અર્થતંત્ર, આદિવાસીઓ માટેની રાષ્ટ્રની શિક્ષણનીતિ, આદિવાસીઓના શિક્ષણમાં રાજકીય ભાગીદારી, આદિવાસીઓમાં નેતાગીરી અને આદિવાસી વસતિનું ભાવિ વગેરે અંગેની વિશદ ચર્ચા કરી છે. લેખક આ પુસ્તકના અંતે કહે છે. કે આ પુસ્તક સામાન્ય શિક્ષિત આદિવાસી માટેનું છે. સામાન્ય આદિવાસી તેની પાસેનાં સાધનોનો ઉપયોગ કરી સત્તા અર્થાત અધિકાર મેળવી શકે છે. તે અંગે જાગૃતિ લાવવાનો છે. લેખકે એ વસ્તુ પર ભાર મુકયો છે કે, જયાં સુધી આદિવાસી શિક્ષિત થશે નહીં ત્યાં સુધી તેમનો આર્થિક વિકાસ ઝડપથી થશે નહીં. જયાં સુધી આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ વધશે નહીં, તયાં સુધી તેઓ અર્થકારણમાં, રાજકારણમાં અને જાહેર જીવનમાં કાયદેસરનો હિસ્સો લઈ શકશે નહીં.–[૯]

એલ.કે. ઝાહ અને પી.કે. સેનએ તેમનો અભ્યાસ ' એમેન્યુઅલ ઓફ ફોરેસ્ટરી એકસટેન્શન એજયુકેશન (૧૯૯૭)માં વનસંવર્ધન અંગેના વિસ્તરણ શિક્ષણના મૂળભૂત શિક્ષણની વિશદ્ ચર્ચા કરી છે. આ સંકલન કરેલ પુસ્તકમાં વનસંવર્ધન વિદ્યાના જુદા જુદા તજજ્ઞો જંગલ વિસ્તરણના લેખોનો સમાવેશ થયેલો છે. આ પુસ્તકમાં વનસંવર્ધન

વિસ્તરણ શિક્ષણના સિધ્ધાંતોની અને વનસંવર્ધનમાં વિસ્તરણ શિક્ષણની અગત્યતા દર્શાવવામાં આવી છે. તદ્ઉપરાંત સંદેશાવ્યવહાર, જૂથશિક્ષણ, તાલીમપ્રવિધિ, ઓડિયોવિડયોની ભૂમિકા, જંગલ અને જંગલની વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા ગરીબી નિવારણની તેમજ સામાજિક વનીકરણ, જંગલ વહિવટમાં લોકભાગીદારી સેલ્વ પાસ્ટલ ટેકનોલોજી વિસ્તરણ વગેરેની ચર્ચા કરવામાં આવી છે. તદ્ઉપરાંત એક વિશિષ્ટ પ્રકરણમાં કોઈ વ્યકિત વૃક્ષઉછેરને વ્યવસાય તરીકે સ્વીકારે તો તેમાં કેવી રીતે લાભ મેળવી શકે, તે અંગેની ટેકનિકની ચર્ચા પણ કરવામાં આવી છે.–[૧૦]

મહાલિંગમએ (૧૯૯૨) તેમના પુસ્તકમાં નોધ્યું છે કે, આફ્રિકાને બાદ કરતાં ભારતમાં સૌથી વધુ આદિવાસી વસતિ છે. સહકારી સંગઠન દ્વારા આદિવાસીઓના આર્થિક–સામાજિક વિકાસ કેવી રીતે થાય તે દર્શાવવામાં આવ્યું છે. આ પુસ્તકમાં જણાવ્યું છે કે, અર્થતંત્ર ઘણાબધા ફેરફાર લાવી શકાય. આનું કારણ એ છે કે આ સમાજમાં એકરૂપતા છે. અને બધા કામો સહકારી ભાવનાથી થાય છે. આ પુસ્તકમાં ઉત્તર–પૂર્વના આદિવાસી વિસ્તારમાં લેમ્પસ મંડળી દ્વારા તેમના અર્થતંત્રમાં ઘણા મોટા ફેરફારો થયા છે, તેની ચર્ચા કરવામાં આવી છે. આ પુસ્તકમાં આદિવાસી સહકારી મંડળીના હકારાત્મક અને નકારાત્મક સંબંધોની ચર્ચા કરવામાં આવી છે. અને કયા કારણોસર આ વિસ્તારમાં સહકારી મંડળીઓ સફળ થઈ છે. તેની છણાવટ કરવામાં આવી છે. સહકારી મંડળીના લીધે તેમની આર્થિક સ્થિતિ સુધરી છે. આ પુસ્તકમાં આદિવાસી વિસ્તારમાં સહકારી માળખાની ચર્ચા કરવામાં આવી છે.–[૧૧]

ડી.એન. તિવારી (૧૯૮૯) એ તેમના અભ્યાસમાં નોધ્યું છે કે, આદિવાસીઓના અર્થકારણમાં જંગલ અગત્યનો ભાગ ભજવે છે. જંગલ માત્ર આદિવસીઓના અર્થકારણમાં જંગલ માત્ર આદિવાસીઓને ખોરાક પૂરો પાડતો નથી પરંતુ ખોરાક સિવાય બાંધકામનાં સાધનો, બળતણ અને ઢોર માટે ઘાસચારો આપે છે. દુષ્કાળના સમયમાં જંગલ તેમનો માત્ર આધાર હોય છે. ટૂંકમાં આદિવાસીઓ માટે જંગલ શરીર, મન અને આત્મા છે. (The tribals and forest are one body, one mind, one soul) ડી.એન. તિવારીએ મધ્યપ્રદેશના સૌથી મોટા જિલ્લાના વિસ્તારના આદિવાસીઓ જંગલ સાથે જન સંબંધની ચર્ચા કરી છે. તેમણે આ પુસ્તકમાં ૪૦ ગામોની માહિતી એકઠી કરી છે. વેપારી અને

ઔદ્યોગિક હિતેચ્છુઓ જંગલમાં વસતા આદિવાસીઓનું કેવી રીતે શોષણ કરે છે તેની છણાવટ કરી છે. આીદવાસીઓ જંગલના હક્કો કઈ રીતે સાચવવા જોઈએ તેની ભલામણો કરી છે. આદિવાસીઓનાં અર્થતંત્રને મજબૂત કરવા માટે કેટલીક લાભકારી યોજનાઓને વધારવાની ભલામણ કરી છે. જંગલપેદાશોની વૈજ્ઞાનિક ઢબે એકત્રીકરણ અને વેચાણ વ્યવસ્થા અંગે સૂચનો કર્યા છે. આ પુસ્તકમાં તેમણે પી.અચે.ડી.ના નિબંધ તરીકે ગુજરાત વિદ્યાપીઠમાં જંગલ વિજ્ઞાન અને માનસશાસ્ત્રના વિજ્ઞાનનો લેખકે યુકિતથી ઉપયોગ કરી આદિવાસીઓના જંગલ સાથેના સંબેધોને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.–[૧૨]

હેમલતા જોષી અને એલ.આર.ભગોરા(૨૦૦૦) 'જનજાતિયોં કા ભૌગોલિક અધ્યયન' નામના અભ્યાસમાં રાજસ્થાના ઉદ્દેપુર જિલ્લાની અનુસૂચિત જનજાતિઓનાં સંદર્ભમાં કરવામાં આવ્યો છે. રાજસ્થાનના ઉદ્દેપુર જિલ્લામાં સૌથી વધારે આદિવાસી જાતિઓ વસવાટ કરે છે. સંશોધકોએ આ અભ્યાસમાં ઉદ્દેપુર જિલ્લા ની 'ખેરવાડા તહસીલ' જનજાતિનો અભ્યાસ એટલા માટે કર્યો છે. કારણ કે આ વિસ્તારમાં જનજાતિનું વિશેષ મહત્ત્વ છે.

આ સંશોધનનો મુખ્ય હેતુ રાજસ્થાનના ઉદ્દેપુર જિલ્લાની આદિમ જાતિઓ ભૌગોલિક અભ્યાસ કરવાનો છે. આ અભ્યાસમાં આ વિસ્તારની આદિમ જાતિઓમાં સાંસ્કૃતિ વાતાવરણ સંદર્ભમાં પરસ્પરના તેમના સંબંધો, તેમની જનસંખ્યા, રહેઠાણ, આર્થિક, સામાજિક તથા સાંસ્કૃતિક દ્રષ્ટિએ વિશ્લેષણ કરવાની સાથોસાથ તેમની મુખ્ય સમસ્યાઓ અને આ સમસ્યાઓના નિવારણ માટેની જુદી જુદી યોજનાઓ ઉપયોગી છે કે કેમ ? તે શોધવાનો છે.–[૧૩]

ડો. સુનંદા પાલકર(૧૯૯૭) સમાજવાદી ઉપન્યાસ સાહિત્યના દ્વિતિય પ્રકરણમાં સમાજવાદની પ્રેરક પરિસ્થિતિમાં રાજનૈતિક, સામાજિક, આર્થિક અને સાહિત્ય વિષયક માર્કસવાદી-સમાજવાદી વિચારોનું વિવિધ સ્વરૂપ સમજાવ્યું છે. જેમાં રાષ્ટ્રીય ચેતના, રાજનૈતિક આંદોલનો, સામાજિક પરિસ્થિતિઓમાં આવેલ પરિવર્તનના સંદર્ભમાં મહત્ત્વના વિચારો રજૂ કર્યા છ. જેમાં આર્થિક અને સામાજિક વ્યવસ્થામાં આવેલ પરિવર્તન, અર્થશાસ્ત્રના નવા સિધ્ધાંત, સમાજવાદી ચેતના માટે પ્રગતિશીલ આંદોલનોની વિસ્તૃત છણાવટ સામાજિક દ્રષ્ટિકોણથી કરી છે.–[૧૪]

સુબહસિંહ યાદવ અને સત્યમાન યાદવ (૧૯૯૭)'ગ્રામીલ વિકાસ કા આધુનિક દર્શન'- આ પુસ્તકમાં લેખકોએ ગ્રામીણ વિકાસ સંદર્ભમાં સામાજિક, આર્થિક, પર્યાવરણીય, ઉર્જા, બાગાયત, સ્વચ્છતા, ભૂમિસુધારણા, ગ્રામીણ વિકાસમાં મીહલાઓની ભાગીદારી, પાણી, સંગ્રહ, સમાજકલ્યાણ, સમાનતાના પાયા પર ગ્રામીણ વિકાસ કૃષિ, શિક્ષણ, બેંકિંગ, સહકાર વગેરે ક્ષેત્રે કેવો વિકાસ અને પરિવર્તન શકય બન્યું છે, તેના પર તાર્કિક દ્રષ્ટિએ ખુબ સારો પ્રકાશ પાડયો છે.-[૧૫]

ગુજરાત એગ્રીકલ્ચર યુનિવર્સિટી દાંતીવાડા(૧૯૮૮) દ્વારા હાથ ધરવામાં આવેલાં અભ્યાસમાં ખેડબ્રહ્મા આદિવાસી વિસ્તાર પેટા યોજના હેઠળ જુદા-જુદા વિભાગની યોજનાઓ હેઠળ કેટલાક લાભાર્થીઓએ લાભ લીધો હતો. તેની ચર્ચા કરવામાં આવી હતી. આ અભ્યાસનો મુખ્ય હેતુ જુદા જુદા કાર્યક્રમ દ્વારા સ્થાીનક પરિસ્થિતિ સુધારવાનો હતો. ખેતી એને પશુપાલનની ઉત્પાદકતા વધારવી જંગલના બધા સાધનોનો સઘન ઉપયોગ કરવો, સ્થાનિક શિક્ષણની પરિસ્થિતિમાં સુધારો કરવો, આરોગ્ય અને પોષણની સ્થિતિ સુધારવી અને જુદા જુદા ધંધા રોજગાર માટે સ્થાનિક લોકોને તાલીમ આપવી વગેરે બાબતોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ અભ્યાસમાં ચાર વિકાસ કેન્દ્રો બનાવી, દરેક કેન્દ્રમાં બે આીદવાસી ગામો કે જેમાં આદિવાસીઓની વસતિ વધુ હોય તેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ અભ્યાસમાં સમગ્ર સ્થિતિનો અભ્યાસ કરી જુદા જુદા વિભાગો માટે ૧૯૮૯-૯૦નો કાર્યક્રમ બનાવવામાં આવ્યો હતો તથા જુદા જુદા ખાતાઓનું સંકલન કરવાનું વિચાર્યું હતું. આ અભ્યાસ આદિવાસી વિસ્તારમાં આદિવાસીઓના વિકાસ માટે કામ કરતાં અભ્યાસીઓને વધુ ઉપયોગી થાય તેમ છે.-[૧૬]

ડો. મુસ્તાઅલી ઈ. મસવી (૧૯૯૧) એ ' આદિવાસીઓની પલટાતી આર્થિક સ્થિતિ, નો અભ્યાસ કર્યો છે. આ અભ્યાસમાં તેમણે- આદિવાસીઓના વિકાસ માટેની નીતિને ધ્યામાં રાખીને ૧૯૬૯ થી ૧૯૭૯નાં દશ વર્ષના ગાળામાં દક્ષિણ ગુજરાતના ઉડાણના છ આદિવાસી ગામોને પસંદ કરી ૩૭૭ કુટુંબોને તપાસ્યા. અગાઉ ૧૯૬૯માં તપાસેલા તેનાં ને જ કુટુંબોની ૧૯૭૯માં પુનઃ તપાસ સંશોધકે કરી હતી. અને આ અભ્યાસનાં દશ વર્ષના ગાળા દરમિયાન આીદવાસીઓના વિકાસ કાર્યક્રમોમાં થયેલ અનેકવિધ ફેરફરોને પરિણામે તેમની આર્થિક સ્થિતિમાં થયેલ પરિવર્તનને તપાસેલ છે.

આ અભ્યાસ તેમણે બે. ભાગમાં વહેંચીને સ્વતંત્રતા પછી આદિવાસીઓની શિક્ષણની સ્થિતિ, તેમનું જમીન ધારણ કદ, આવક, રોજગારી, બચત, અસ્કાયમત, દેવું તેમના જંગલ હક્કો, તેમના વિસ્તારમાં પાણીની વ્યવસ્થા, તેમની દારૂ પીવાની ટેવ, આરોગ્ય અને રોગો, સહકાર અને બજારની વ્યવસ્થા વગેરે વિવિધ પાસાંઓનો અભ્યાસ કર્યો છે.

આ અભ્યાસમાં તેમણે નોંધ્યું છે કે, આદિવાસી કુટુંબોમાં બાળકોનું પ્રમાણ ઘટયું છે પરંતુ કુટુંબોની સભ્ય સંખ્યામાં સરેરાશ વધારો થયો છે. દાયકા દરમિયાન શિક્ષણમાં ૮૧.૭ ટકાનો વધારો થયો છે. નિશાળે જતા બાળકોની સંખ્યામાં દાયકા દરમિયાન ૧૦૪ ટકાનો વધારો થયો છે. નોકરી કરતા કુટુંબોની સંખ્યા વધારો થયો છે. દશકાના ગાળ ામાં વપરાશ ખર્ચમાં ૫૫.૭ ટકાનો વધારો થયો હતો. અનાજ પાછળના ખર્ચમાં સૌથી ઓછો વધારો થયો હતો, જયારે અનાજ સિવાયની વસ્તુઓ કપડાં, પગરખાં પાછળ અનુક્રમ ૧૦૩ અને ૯૮ ટકાનો વધારો થયો હતો. સરેરાશ માથાદીઠ વપરાશ ખર્ચમાં ૨૭.૭ ટકાનો વધારો થયો છે. રહેઠાણની સ્થિતિ સુધરી હતી. કુલ મૂડીરોકાણમાં જમીન સુધારણા, કૂવો, બાંધકામ અને ખેતીના સાધનોનો હિસ્સો વધ્યો હતો. દેવામાં વધારો-ઘટાડો બંને જોવા મળ્યા હતા. બેંક ધિરાણનો હિસ્સો ૩.૭ ટકાથી વધીને ૩૦ ટકા થયો હતો.-[૧૭]

ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ ૧૯૭૭માં (અમદાવાદ) ગુજરાતના અત્યંત પછાત આદિવાસી વિસ્તાર ધરમપુરનો 'રૂરલ ડેવલપમેન્ટ ફોર રૂરલ પુઅર' નામનો અભ્યાસ કર્યો. આ અભ્યાસમાં તેમણે ધરમપુર તાલુકાના ભૌગોલિક રીતે છૂટા પડતાં બે વિભાગો તલાટ અને ડુંગર વિસ્તારમાંથી આદિવાસી કુટુંબો પસંદ કરી તેમની ગરીબાઈનો અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસમાં પ્રાથમિક આંકડાશાસ્ત્રીય પધ્ધતિ જેવી કે સરાસરી પધ્ધતિ અને ટકાવારી પધ્ધતિ અપનાવવામાં આવી હતી. આ અભયાસના તારણ એ છે કે, આ વિસ્તારની ૭૩ ટકા વસતિ ગરીબાઈની રેખા નીચે જીવન વ્યતિત કરી રહી છે.-[૧૮]

અર્જુન પટેલ (૨૦૦૧) 'આદિવાસી સ્થળાંતરઃ કારણો અને ઉપાયો'- આ અભ્યાસમાં આદિવાસી સ્થળાંતર અને કારણોની વિગતો તપાસવામાં આવી છે. આદિવાસીઓના અનેક સળગતા પ્રશ્નો છે. જે પૈકી ગરીબાઈ, નિરક્ષરતા, સામાજિક, પછાતપણું, સ્વાસ્થ્યના પ્રશ્નો, સંદેશા વ્યવહારની સમસ્યા, અપુરતું પોષણ, દેવું, બરોજગારી વગેરે સમસ્યાઓ છે.

સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ દ્વારા તાજેતરમાં જ ડાંગ અને દાહોદ વિસ્તારમાંથી સ્થળાંતરિત થતા આદિવાસીઓ અંગે અભ્યાસ કરવામાં આવ્યો છે. આ અભ્યાસમાં દાહોદનાં ૪૩ ગામોનો સર્વે કરાયો હતો, જેમાં ડાંગના ૩૦૮૫ અને દાહોદનાં ૩૯૨૫ એમ કુલ ૭૦૧૦ કુટુંબોની સેન્સસ અનુસૂચિને સમષ્ટિ ગણવામાૃ આવી હતી. તેમાંથી કુલ ૧૧૨૯ કુટુંબોનો નિદર્શ પસંદ કરી તેમની કૌટુંબિક અનુસૂચિઓ ભરવામાં આવી હતી. જેમાં ડાંગ અને દાહોદના અનુક્રમે ૨૪૬ અને ૮૮૩ કુટુંબો હતા.

આ અભ્યાસમાં જણાયું છે કે, જેમ જેમ વર્ષ પસાર થતા જાય છે. તેમ તેમ આદિવાસીઓનો સ્થળાંતરનો પ્રશ્ન વિકટ બનતો જાય છે. ગુજરાતમાં ડાંગ અને પંચમહાલ જિલ્લામાં આદિવાસીઓનો સ્થળાંતરનું પ્રમાણ સવિશેષ છે. પંચમહાલના ઘણાખરા ગામોમાંથી ૬૦ ટકાથી વધુ પ્રમાણમાં આદિવાસીઓને રોજીરોટી માટે સ્થળાંતર કરવું પડે છે. લેખકે સ્થળાંતરનાં કારણોમાં મુખ્યત્વે ખેતીક્ષેત્રે વિશેષ ભારણ, જમીન ધારણનું નીચું પ્રમાણ, જંગલ પરની આધારિતતામાં ઘટાડો, જંગલના કાયદા, કુદરતી સંશાધનોનું દોહન, સબળ પુરક વ્યવસાયનો અભાવ વગેરે જણાવ્યા છે.

આ અભ્યાસના અંતમાં લેખકે ડાંગ અને પંચમહાલના આદિવાસી સ્થળાંતર રોકવા માટે કેટલાંક સૂચનો પણ કર્યા છે, જેમાં ખેતીના પ્રશ્નો ઉકેલવા, કુટિર- ગ્રામઉદ્યોગનો વિકાસ કરવો, જંગલ સાથે આદિવાસી સંબંધ પુનઃજીવંત બનાવવો, વિકાસની પ્રાથમિક સવલતો વિકસાવી વગેરે કર્યા છે.–[૧૯]

ડૉ.ચંદ્રકાંત ઉપાધ્યાય અને રવિ પંચોલી (૨૦૦૧)' ગુજરાત રાજયની આદિમ જૂથ વસતિ ગણતરી એક અભ્યાસ'- આ સંશોધન અભ્યાસમાં સમગ્ર ગુજરાતમાં આવેલ પાંચ આદિમજૂથો કાથોડી, કોલધા, કોટવાળિયા, પઢાર અને સિદીની સામીજક, આર્થિક અને શૈક્ષણિક રીતે વસતિ ગણતરી કરવામાં આવી છે. આ અભ્યાસમાં આ જાતિના આવાસ, આરોગ્ય, કુટુંબસંખ્યા, કામ કરનાર વસતિ, શિક્ષણ, કુટુંબનું કદ, જાતિ પ્રમાણ, આવકના સાધનો અને કુટુંબદીઠ આવક, વપરાશી ખર્ચ અને ગરીબી રેખાનું માપન કર્યું. છે. આ અભ્યાસમાં ૧૨ જિલ્લાના આદિમ જૂથોના વસવાટવાળા ૬૪૩ ગામોમાંથી કુલ ૨૦,૭૫૮ કુટુંબોને આવરી લીધા છે. આ સિવાય આ પુસ્તકમાં આદિવાસી વિકાસ કાર્યક્રમોને લીધે આદિમજૂથના કુટુંબોને કેવા પ્રકારના લાભો મળ્યા છે. તેની માહિતી

આપવામાં આવી છે. તદ્ઉપરાંત તેમના વસવાટવાળા ગામોનું આંતરમાળખાકીય સુવિધાઓ સ્થળાંતરીત વસતિની વિગતો અને અન્ય સમુદાયની સાથે સંપર્કમાં આવવાથી કેવા પ્રકારના સમાજિક આર્થિક પરિવર્તનનો આવ્યા છે. તેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. આ અભ્યાસ કેન્દ્ર સરકાર દ્વારા આદિજાતિ વિભાગની સૂચનાથી તેમજ રાજયના આદિવાસી વિભાગના અનુદાનથી હાથ ધરવામાં આવ્યો હતો.–[૨૦]

ઠાકોરભાઈ નાયક અને ગૌરીશંકર પંડયા (૧૯૮૦) ગુજરાતના સીદી (એક અનુસૂચિત જનજાતિનો વિકાસલક્ષી સામાજિક-આર્થિક અભ્યાસ) ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા સીદી જાતિનો મોનોગ્રાફ તૈયાર કરવામાં આવેલ છે. આ જાતિને ગુજરાત સરકારે આદિમજૂથમાં લીધેલ છે. આ પુસ્તકમાં સીદીઓની ભારત અને ગુજરાતમાં વસવાટની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ આપી તેના સામાજિક-આર્થિક અને ધાર્મિક પાસાંઓની વિગતે ચર્ચા કરવામાં આવી છે. તેમના રોજ-બરોજના વ્યવહારમાં અને ભૌતિક જીવનમાં હરહંમેશા દેખાઈ આવતી ગરીબીનો ખ્યાલ આ અહેવાલ દ્વારા આવી જાય છે. આ પુસ્તકમાં સીદી જાતિના સામાજિક, આર્થિક અને ધાર્મિક જીવનના પાસાંઓની ચર્ચા કરવામાં આવી છે. તેમજ સમગ્ર અભ્યાસના આધારે સીદી જાતિના લોકો માટે તાત્કાલિક વિકાસ અર્થે શું કરી શકાય, તેના વિગતવાર સૂચનો પુસ્તકના છેવટના પ્રકરણોમાં રજૂ કર્યાં છે. અને તેમના માટે ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કર્યો છે.–[૨૧]

ટી.બી.નાયક, મસ્તાઅલી મસવી અને ગૌરીશ પંડયા (૧૯૭૯) ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા 'કોલઘા' કોલચા જાતિનો મોનોગ્રાફ તૈયાર કરવામાં આવેલ છે. ગુજરાત સરકારે આ જાતિને આદિમજૂથમાં સમાવેશ કર્યો છે.

આ અભ્યાસમાં આદિમજૂથની સૂચિમાં મુકેલ કોલધા જાતિના વસવાટની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ આપી, તેમના સામાજિક, આર્થિક અને ધાર્મિક પાસાંઓની ઝીણવટપૂર્વક ચર્ચા કરવામાં આવી છે. તેમનો મુખ્ય વ્યવસાય દેડકા પકડવાનો છે. આ સિવાય દોરડા બનાવવાના કામમાં નિપૂણ છે. તેમના રોજ-બરોજના વ્યવહારમાં અને ભૌતિક જીવનમાં હરહંમેશા દેખાઈ આવતી ગરીબાઈનો ખ્યાલ આ અહેવાલ દ્વારા આવી જાય છે. ગરીબીની

આસપાસ જ કોલઘા જાતિના સામાજિક, આર્થિક અને ધાર્મિક જીવનના સમગ્ર તાણાવાણા ગૂંથાયેલ જોવા મળે છે. આ પુસ્તકમાં કોલઘા જાતિના વિકાસ માટે શું કરી શકાય તેના વિગતવાર સૂચનો આ અભ્યાસના અંતે આપવમા્ આવ્યા છે.-[૨૨]

મુસ્તાઅલી મસવી અને ગૌરીશ પંડયા(૧૯૮૭) ગુજરાત વિદ્યાકપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર અને મજૂર સમાજ કલ્યાણ તથા આદિવાસી કલ્યાણ ખાતા દ્વારા ગુજરાતમાં અત્યંત કપરી આર્થિક પરિસ્થિતિમાં જીવન વિતાવતી અને અલ્પ સંખ્યામાં રહેલી જાતિઓમાં 'કથોડી' (આદિમજૂથ) વિશેનો મોનોગ્રાફ  અભ્યાસ કરી તેમના વિકાસ માટેના કાર્યક્રમો સૂચવવા અંગે કહેવામાં આવ્યું હતું. આ પુસ્તકમાં ગુજરાતમાં જયાં-જયાં કાથોડી જાતિના લોકોની વસતિ છે તે વિસ્તારમાં ક્ષેત્રકાર્ય દ્વારા વૈજ્ઞાનિક પધ્ધતિએ ઉંડાણથી અભ્યાસ કરવામાં આવ્યો છે. કાથોડીની મુખ્યત્વે વસતિ સાબરકાંઠા જિલ્લા વિજયનગર તાલુકામાં આવેલી છે. તે સિવાય સુરત જિલ્લામાં માંગરોળ, સોનગઢ , નિઝર, ઉચ્છલ, માંડવી વગેરે તાલુકાઓમાં છે. આ ઉપરાંત ડાંગ જિલ્લામાં અને ભરૂચ જિલ્લાના સાગબરા તાલુકામાં છે.

કાથોડી લોકોને કાતકરી તરીકે પણ ઓળખાવમાં આવે છે. તેમની વસતિ મહારાષ્ટ્ર, રાજસ્થાન અને દાદરાનગર હવેલીમાં પણ છે. કાથોડીનો મુખ્ય ધંધો કાથો પાડવાનો છે.

આ પુસ્તક સાથ પ્રકરણમાં વહેંચાયેલું છે. પ્રથમ પ્રકરણમાં કાથોડી જાતિનો પચિય, વસતિ અને વિસ્તાર આપવામા્ આવેલા છે. બીજા પ્રકરણમાં ભૌતિક જીવન, રહેણીકરણી અને ઘરની સ્થિતિનો ખ્યાલ રજૂ કરેલ છે. ત્રીજા પ્રકરણમાં તેમની અર્થવ્યવસ્થા વિશે જેમાં દેવું અને અસ્કયામતની વિગત રજૂ કરેલ છે. ચોથા પ્રકરણમાં તેમનાં સામાજિક માળખાની ચર્ચા કરવામા્ આવી છે. પાંચમાં પ્રકરણમાં તેમનું સામાજિક જીવન, લગ્નથી માંડીને મૃત્યું સુધીના રિત-રીવાજોનો દર્શાવવામાં આવ્યા છે. છઠ્ઠા પ્રકરણમાં ધાર્મિક જીવન અને સાતમાં પ્રકરણમાં તેમના વિકાસ માટેની વ્યૂહરચના અને અભિગમ દર્શાવવામાં આવ્યો છે. અંતે, તેમની સામાજિક, આર્થિક અને શૈક્ષણિક સ્થિતિ સુધરે તે માટે ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે.-[૨૩]

ગૌરીશંકર પંડયા (૧૯૯૨) એ 'વારલી જાતિનો સમાજશાસ્ત્રીય અભ્યાસ કર્યો છે. તેમણે નોંધ્યું છે કે, ગુજરાતમાં ૨૮ આદિવાસી જાતિઓ રહે છે. વારલી જાતિ વિશેના

અભ્યાસનો ઓછા થયા છે. આ અભ્યાસ મુખ્યત્વે ધરમપુર તાલુકાને દ્રષ્ટિ સમક્ષ રાખી કરવામાં આવ્યો છ. ધરમપુરનો ડુંગરાળ વિસ્તાર વારલી વસવાટનો સળંગ પટ્ટો ધરાવે છે. વિકટ ભૌગોલિક પરિસ્થિતિને કારણે અન્ય સમાજો સાથેનો સંપર્ક નામ માત્રનો છે. આ અભ્યાસમાં ધરમપુર તાલુકા સિવાય વાંસદા અને ઉમરગામમાં વસતાં વારલીઓનો તુલનાત્મક રીતે જોવાનો લેખકે પ્રયત્ન કર્યો છે. આ અભ્યાસમાં વારલી. જાતિનાં ૮૧૧ કુટુંબોનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

આ પુસ્તક કુલ ૧૧ પ્રકરણોમાં વિભાજિત કરવામાં આવ્યું છે. જેમાં પ્રથમ પ્રકરણમાં અભ્યાસ પધ્ધતિ, પ્રકરણ બેમાં વિસ્તાર અને વસતિ, ત્રીજા પ્રકરણમાં ઐતિહાસિક પૃષ્ઠભૂમિ, ચોથા પ્રકરણમાં અભ્યાસનાં ગામોનો પરિચય, પાંચમા અને છઠ્ઠા પ્રકરણમાં અનુક્રમે ભૌતિક, સંસ્કૃતિ અને આર્થિક જીવન, સાતમાં પ્રકરણમાં સામાજિક સંગઠન, આઠમાં પ્રકરણમાં જીવનચક્ર, નવમાં પ્રકરણમાં ધાર્મિક જીવન, દસમાં પ્રકરણમાં સાહિત્ય, કલા, બોલી તથા અગિયારમાં પ્રકરણમાં પરિવર્તન અને વારલીજાતિની સમસ્યાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. આ પુસ્તકમાં લેખકે વારલીઓની સમસ્યાઓ અને આ સમસ્યાઓને દૂર કરવા માટે શું કરી શકાય તેની વિસ્તૃત ચર્ચા કરી છ.-[૨૪]

અરવિંદ ભટ્ટ (૧૯૮૫) એ 'ગુજરાતના ચૌધરીઓ' નો અભ્યાસ કર્યો છે. ચૌધરી જાતિ વસતિ અને સાંસ્કૃતિક દ્રષ્ટિએ ગુજરાતની એક મહત્ત્વની આદિવાસી જાતિ છે. જેની મોટાભાગની વસતિ એકલા સુરત જિલ્લામાં જ વસે છે. તે સમાજમાં પરંપરાઓનું વર્ચસ્વ સારું એવું હોઈ પરસ્પરાવલંબન ઘણું જ છે. આ અભ્યાસ ગુજરાત યુનિવર્સિટીમાં પી.એચ.ડી.ની પદવી માટે ૧૯૮૧માં રજૂ થયો હતો. જેને પુસ્તકર રૂપે પ્રકાશિત કરવામાં આવ્યું છે.

આ પુસ્તકમાં લેખકે ચૌધરી જાતિના તમામ પાસાંઓનું ઝીણવટપૂર્વક અભ્યાસ કર્યો છે. આ પુસ્તકર કુલ બાર પ્રકરણોમાં વિભાજિત કરવામાં આવ્યું છે. જેમાં આદિવાસીઓની ભૌતિક સંપતિ, સમાજવ્યવસ્થા, લગ્ન વ્યવસ્થા, સામાજિક રિત-રીવાજો અને માન્યતાઓ, આર્થિક જીવન વ્યવસ્થા, ચૌધરીઓ અને શિક્ષણ, ધાર્મિક જીવન-જાતિપંચ અને નેતૃત્વ વગેરેની ચર્ચા કરવામાં આવી છ. લેખકે અંતમાં ચૌધરી જાતિ માટેની વિકાસ યોજનાઓ તથા તેમનો વ્યકિતગત સંપર્ક કરીને આ જાતિના વિકાસ માટે શું કરી શકાય તે અંગેના સૂચનો પણ કર્યા છે.-[૨૫]

ડો.વિદ્યુત જોષી (૨૦૦૯) એ 'આદિવાસી વિકાસ દર્શનમાં 'વિકાસ ના મહત્ત્વના મુદ્દાઓ, પધ્ધતિઓ, વિકાસક્ષેત્રો તરીકે જંગલ અને જમીન, આદિવાસી શિક્ષણ, સંસ્કૃતિ, ખેતી, શ્રમ, રોજગાર વગેરેનું વિશ્લેક્ષણ કર્યું છે. ઉપરાંત કાર્યલક્ષી યોજનાઓમાં આદિવાસીઓ અને જંગલ વિકાસ માટે આદિવાસી શિક્ષણ માટે આદિવાસી સંસ્કૃતિ માટે, ખેતી, કામદારો અને રોજગાર સંબંધિત કાર્યલક્ષી યોજનાઓની સમજૂતી આપી છે.

અભ્યાસમાં લેખકે ગુજરાતના ત્રણ પેટા-સંસ્કૃતિ વિસ્તારો બતાવયા છે. તેમાં ઉત્તર વિભાગમાં દાંતા અને વિજયનગર તાલુકાઓમાં અનુક્રમે ૫૯.૨ અને ૬૮.૪ ટકા જંગલની ભૂમિ છે. મધ્ય વિભાગમાં પંચમહાલ જિલ્લાની ઝાલોદ તાલુકાની કુલ જમીનના ૧૭.૭ ટકા અને વડદરા જિલ્લાના છોટેઉદ્દેપુર તાલુકામાં ૪૦.૭ ટકા જંગલની જમીન છે. જયારે દક્ષિણ વિભાગમાં ખેતી હેઠળની જમીન કુલ જમીનના ૨૦ થી ૨૫ ટકા જ છે તેથી વધુ નથી. લેખક નોંધે છે કે, દક્ષિણ વિભાગના આદિવાસીઓ કે જેમાં ખાસ કરીને ડાંગના આદિવાસી ખેડૂતોમાં જમીનમાં વાવણી અગાઉ ખેતરમાં સૂકાં ડાળખાં-પાંદડા બાળ વાની પ્રથામાં તેમની પારંભિક ખેતીની ખાસિયત હજી પણ દેખાય છે. તેમ છતાં ડાંગની ભીલ જેવી મુખ્ય જનજાતિઓમાં કોઈને કોઈક પેટા સમૂહની મૂળ આદિમજાતિના વર્તન-વ્યવહારો અને રહેણી-કરણની ઢબછબો છૂટતી કે ભૂંસાતી જાય છે. અને તેને બદલે કોઈ બિનજનજાતિના વર્તન-વ્યવહાર કે રહન-સહનની ઢબછબો અપનાવવામાં આવતી જાય છે. બીજે છેડે પંચમહાલ જિલ્લાના નાયકડા જનજાતિ એ પોતાની પ્રાચીન આદિમતા હજું ટકાવી રાખી છે.-[૨૬]

ઘનશ્યામ શાહ એ (૧૯૭૭) ચૌધરી આદિવાસીઓના સંદર્ભમાં અગાઉ થયેલા અભ્યાસનો પુનઃઅભ્યાસ કર્યો. તેમના અભ્યાસના પ્રમુખ પ્રશ્નોમાં ચૌધરીઓના જીવનના કયા પાસાંઓમાં વિશેષ નોંધપાત્ર પરિવર્તનનો આવ્યા છે. ? પરિવર્તનનો વ્યાપ શું છે? શું ચૌધરીઓના જુદા જુદા સ્તરાના લોકો ઉપર જુદી જુદી અસર પડી છે? અને જો હા તો તેના શું પરિણામ આવ્યા છે.? અને અંતે ચૌધરીઓમાં પરિવર્તનની દિશા શું છે.? આ પ્રશ્નો જવાબ માટે ધનશ્યામ શાહે ઈ.સ.૧૯૩૦ થી ૧૯૭૦ સુધીના ૪૦ વર્ષોનાં ફલક ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યુ હતું. સુરત જિલ્લના ચાર તાલુકાના ૨૨ ગામોના ચૌધરીઓની અભ્યાસના આધારે ઘનશ્યામ શાહ એ બીજાં અનેક તારણો ઉપરાંત એ

પણ પ્રકાશમાં આણ્યું કે, જમીનની માલિકી, વ્યવસાય, શિક્ષણ અને રાજકીય સત્તાના આધારે ચૌધરીઓની પરંપરાગત સમાજ-રચનામાં વિભેદીકરણે જન્મ લીધો છે. અને આ નવી સ્તર-રચના તેમના રોજ-બોજના જીવનમાં પણ અસર કરે છે.-૨૭

સુશીલ પુનાલેકર (૧૯૮૦) નો ઘોડિયા જાતિના સ્થળાંતરીઓ કે જે સુરતમાં આવીને વસવાટ કરવા લાગ્યા છે, તેમનો અભ્યાસ કરી શહરે વિસ્તારોમાં વસતા આદિવાસીઓમાં આવી રહેલાં પરિવર્તનો સમજવામાં ઉપયોગી યોગદાન કરે છે. આ અભ્યાસનો તેમનો મુખ્ય હેતુ એ જાણવાનો હતો કે, શું જે ઘોડિયાઓ ગામડાંઓમાં ઉપલા સ્તરમાં આવે છે એ શહરેમાં પણ ઉપલાં સ્તરમાં જ હોય છે? અને જે શહેરમાં નીચકલા સ્તરમાં છે, એ ગામડામાં પણ નીચલા સ્તરમાં જ હોય છે? બીજો મુદ્દો સામાજિક ગતિશીલતાનો છે. જે ધોડિયાઓ નીચલાં સ્તરમાં છે. તે ઉપલાં સ્તરમાં જવામાં કેટલા અંશે સફળ રહે છે.? આ સવાલોના જવાબ આપતા લેખકના તારણો દર્શાવે છે કે નીચલાં સ્તરમાં આવતા ઘોડિયાઓમાં ભવિષ્ય માટેની ગણતરીનો સદંતર અભાવ હતો. જયારં ઉપલા સ્તરમાં આવતા ઘોડિયાઓ વર્તમાન સાથે ભવિષ્ય માટે પણ સજાગ હતા. સામાજિક ગતિશીલતાના સંદર્ભમાં તેમનાં તરણો દર્શાવે છે કે, જે ઘોડિયાઓ ગામડાંમાં નીચલા સ્તરમાં આવતા હતા એ સુરત શહેરમાં પણ પોતાનો દરજ્જો બદલવામાં સફળ થયા નથી. જયારે ઉપલા સ્તરમાં આવતા ઘોડિયાઓ સુરતમાં પણ ઉપલા સ્તરમાં પોતાનું સ્થાન જાળવી રાખી શકયા. નીચલાં સ્તરના ધોડિયાઓ વેતન મજૂરી પ્રાપ્ત કરતા ધંધાઓમાં જોડાઈ શકયા પણ તેમના સામાજિક દરજ્જામાં પરિવર્તન થયું નથી.-૨૮

ડૉ. જે.સી. પટેલ (૧૯૯૮) એ 'ગુજરાતના કોલઘા આદિવાસીઓ પર સરકારી કલ્યાણ યોજનાઓની અસરો' નામના અભ્યાસમાં વલસાડ જિલ્લના ચીખલી તાલુકાના છ ગામડાંઓમાંથી ૧૦૬ કુટુંબો અને વાંસદા તાલુકાના છ ગામડાંઓમાંથી ૧૯૪ કુટુંબોને નિદર્શ તરીકે પસંદ કરીને સરકારની યોજનાઓ અને જોગવાઈઓનો લાભ કોલઘા આદિવાસીઓના લોકોને કેટલે અંશે પ્રાપ્ત થાયો છે, તેના પરિણામે તેમની પરંપરાગત સામાજિક-આર્થિક પરિસ્થિતિમાં શું પરિવર્તન થયાં છે. તેનો ખ્યાલ કરવામાં આવ્યો છે.

તેમના અભ્યાસમાં જણાયું છે કે, ૩૦૦ ઉત્તરદાતામાંથી ૭૫(૨૫ ટકા) ઉત્તરદાતાઓ

વત્તા-ઓછા પ્રમાણમાં સરકારી સુવિદ્યાઓનો લાભ મેળવી શકાય છે. જ્યારે ૨૨૫ એટલે કે (૭૫ ટકા)ને સરકારી સુવિદ્યાઓનો કોઈ લાભ મળ્યો નથી. જે લાભ મળ્યો છે તેમાં મુખ્યતત્વે, ધંધો માટે ૪૪ ઉત્તરદાત્તાઓને, ઘર બનાવવા માટે ૧૩, ખેતી માટે ૧૨ અને પશુપાલન માટે ૦૬ ઉત્તરદાતાઓને લાભ મળ્યો છે.-[૨૯]

ગુલાબભાઈ ડા. પટેલ (૧૯૯૯)એ 'ઉદ્યોગીકરણથી આદિવાસીઓમાં આવેલું આર્થિક, સાંસ્કૃતિક અને સામાજિક પરિવર્તન' ના શિર્ષક હેઠળ વાપી અને અતુલના ઔદ્યોગિક વિસ્તારોને કેન્દ્રમાં રાખીને વાપીમાં કરવડ અને કરાયા ગામ તથા અતુલમાંથી અતુલ અને નવેરા ગામ-આમ કુલ ચાર ગામો તપાસ હેઠળ આવરી લીધા. તેમાંથી આદિવાસીઓની પેટા જાતિ અને વ્યવસાયને ધ્યાનમાં રાખી દરેક ગામમાંથી નમૂના તરીકે ૫૦ કુટુંબો પસંદ કર્યા હતા. કુલ ૨૦૦ કુટુંબોનો અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસમાં તેમણે મકાન, ઘરનું રાચરચિલું, ઘરેણાં, પહેરવેશ, બોલી, વ્યવસાયનો પ્રકાર, બચત, સામાજિક સંગઠન, રીત-રિવાજો, જન્મ, લગ્ન, મૃત્યું અને મૃત્યુંબાદની વિધિઓ વગેરેમાં આવેલું પરિવર્તનની છણાવટ કરી છે.-[૩૦]

શ્રી મતી રેખાબહેન મહેતા (૧૯૮૯) એ 'આદિવાસી સંસ્કૃતિ અને પરિવર્તન' ના સંદર્ભમાં સુરત જિલ્લના વ્યારા તાલુકાનાં કલમકુઈ ગામના ગામીત અને ચૌધરી આદિવાસીઓનો તુલનાત્મક અભ્યાસ કયો છે. આ અભ્યાસમાં તેમણે પરિવર્તનના પરિબળ ો તરીકે રાજય બંધારણની જોગવાઈઓ, વિવિધ વિકાસલક્ષી યોજનાઓ અને કલ્યાણ કાર્યક્રમો, બિન-સરકારી સંસ્થાઓ અને સામાજિક કાર્યકર્તાઓ, શિક્ષણનો પ્રસાર, વાહન-વ્યવહાર અને સંદેશા વ્યવહારની અસરો, ખ્રિસ્તી મિશનરી અને અન્ય ધર્મપ્રચારકોની પ્રવૃત્તિઓ વગેરે સમાવેશ કરેલ છે.

આ બધાં પરિબળોને ગામીત અને ચૌધરી આદિવાસીઓના જીવનમાં સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને ધાર્મિક ક્ષેત્રે પરિવર્તન લાવવામાં ઓછે-વત્તે અંશે ફાળો આપ્યો છે. તેનાં પરિણામે તેમનાં જીવનનાં માળખામાં નોંધપાત્ર ફેરફાર થઈ રહયો છે. જો કે, આ પરિવર્તનની પ્રક્રિયા ઘણી ધીમી છે. જેટલી ઝડપથી પહેરવેશ, ખોરાક, રહેણીકરણી જેવી બાબતોમાં પરિવર્તન આવે છે તેટલી ઝડપથી વિચારો, માન્યતાઓ અને વલણોમાં પરિવર્તન આવતું નથી. તેમના અભ્યાસમાં જણાયું છે. કે, આર્થિક સ્થિતિમાં સુધારો,

રાજકીય સંબંધો અને વધતા જતા શિક્ષણને કારણે કેટલાક લોકો સરકારશી યોજનાનો લાભ લઈને પોતાની સ્થિતિ વધુ મજબૂત બનાવી છે. આથી ધીમે-ધીમે પણ તેમની એકંદરે જીવનશૈલીમાં ફેરફાર થતા, જાય શિક્ષિત તથા સધ્ધર આદિવાસીઓનો એક અલગ વર્ગ ઉભો થયો છે, જે ગરીબ અને નિરક્ષર આદિવાસીઓને પોતાનાથી ઉતરતો ગણે છે.–[૩૧]

સત્યકામ જોષી (૧૯૯૬) દક્ષિણ ગુજરાતમાં આવેલ જંગલ કામદાર સહકારી મંડળ ીઓના ક્ષેત્રિય અભ્યાસને આધારે જણાવે છે કે, આદિવાસીઓ જંગલ મંડળીઓ થકી રાજકીય કાર્યકરો બન્યા છે. તેઓ પણ બીજા રાજકીય નેતા જેવી જ યુકિત-પ્રયુકિત અજમાવતા થયા છે. સ્તરીકરણની પ્રક્રિયાથી જંગલ મંડળીઓ મૂકત ન રહી શકી. સમગ્રતયા જંગલ મંડળીની પરિવર્તનનાં સાધન તેરીકેની ભૂમિકા ની 'વિધેયાત્મક' તેમજ 'નકારાત્મક' અસરો પડી છે. સમગ્ર રીતે તેમણે નોંધ્યુ છે કે, જંગલ મંડળીઓની પ્રવૃત્તિનાં ફલસ્વરૂપે દક્ષિણ ગુજરાતના આદિવાસી સમાજ અને વિસ્તારમાં ચોક્કસ આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિ બદલાવો આવ્યો છે.–[૩૨]

ડો. મધુભાઈ ગાયકવાડ (૨૦૦૨) 'કોકણી જનજાતિમાં સામાજિક પરિવર્તનનો પ્રવાહ' નામના અભ્યાસમાં ડાંગમાં વસવાટ કરતી કોકણી આદિવાસીઓનો અભ્યાસ કર્યો છે. આ અભ્યાસમાં તેઓ નોંધે છે કે ૧૯૮૧ની વસતિ મુજબ ગુજરાતમાં ૯૯.૭૭ ટકા જેટલી કોકણી વસતિ વલસાડ, ડાંગ અને સુરત જિલ્લામાં કેન્દ્રિત થયેલી છે. રાજયમાં કોકણી આદિવાસી વસતિમાં વલસાડ જિલ્લા ૬૫.૯૬ ટકા વસતિ સાથે પ્રથમ ક્રમે અને ડાંગ અને સુરત અનુક્રમે ૨૨.૭૮ અને ૧૦.૮૩ ટકા વસતિ સાથે બીજા અને ત્રીજા ક્રમે આવે છે.

ડાંગની અન્ય આદિમજાતિ કરતાં કોકણી આદિવાસીફઓ બિન-આદિવાસીઓ કે બાહય દુનિયાના સંપર્કમાં વધુ આવ્યા છે. તેથી તેમના જીવનના ધણાખરાં પાસાંઓમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. તેમના અબ્ભ્યાસમાં જણાયું છે કે, કોકણીઓ માટે નવી દુનિયાના તરંગો હવામાં હતાં તે હવે જીવનમાં પ્રત્યક્ષ થતાં દેખાય છે. તેમના ઘરોમાં બારી-બારણાં, ફર્નિચર વગેરે જોવા મળે છે. કોકણીઓમાં ૧૯૮૧માં અક્ષરજ્ઞાનનું પ્રમાણ ૧૯.૯૪ ટકા છે. પરંતુ તેમણે નોંધ્યુ છે કે, આ આંકડા આકર્ષક નથી. શિક્ષણ, નિયમિત પગારની નોકરીને લીધે ઘરખરીના સાધનો, ઈલેકટ્રિક ઉપકરણો વાસવતા થયા છે.

પહેરવેશમાં સ્ત્રી-પુરૂષોમાં પરંપરાગત પોષાકને બદલે મિલના, સુતરાઉ અને સિંથેટિક કપડાનો ઉપયોગ વધ્યો છે. લગ્નમાં આધુનિક ઈલેકટ્રિકનાં સાધનોનો ઉપયોગ થવા લાગ્યો છે. જેમ કે, લાઉડ-સ્પિકર, ફોટા પાડવા વગેરે. સુવાવડ વખતે ડોકટરની સેવા અને સલાહ લેવા લાવ્યા છે.

આર્થિકક્ષેત્રે ખેતી માટે નવા બિયારણો, રાસાણિક ખાતરોનો ઉપયોગ, પાકા સંરક્ષણ માટે દવાનો ઉપયોગ, ખેતીનાં નવાં ઓજારો, રોકડિયા પાકો લેવાનું તેમજ નોકરી તથા ઓછી કુશળતા માંગી લેતા વ્યવસાયો અપનાવવા વગેરે તેમનાં જીવનમાં પ્રવેશેલી નવીન બાબતો છે. ધાર્મિકક્ષેત્રે પરંપરાની સાથે હિન્દુકરણ અને ખ્રિસ્તીકરણની પરિવર્તનની નવી પ્રક્રિયા વિકસી છે. ન્યાય માટે ગ્રામપંચ કે જાતિપંચ હોવા છતાં કેટલીક બાબતોમાં પોલીસ કે કોર્ટ કચેરીએ જવાનું નવું વલણ કોકણીઓમાં વિકસ્યું છે.-[૩૩]

શ્રી દત્તાત્રેય ભાસ્કર ચિતળે (૧૯૭૮) એ 'ડાંગ : એક સમ્યક્ દર્શન' માં સામાજિક અને આર્થિક વિકાસની દૃષ્ટિએ તદ્દન પછાત એવા ડાંગ પ્રદેશનું કુદરતી સૌંદર્ય, પ્રાચિન સંસ્કૃતિ, આદિવાસી જાતિ પ્રવાહ, સંસ્કાર-સિંચન, દેવ-દેવી અને ભગત, તહેવારો, ઉત્સવો, લોકવાદ્ય અને લોકનૃત્ય, બોલી અને લોક-સાહિત્ય, સ્થાપત્ય અને શિલ્પ-કલા તેમજ સમગ્ર ડાંગના ઈતિહાસ વિશેની ઉંડાણપૂર્વકની છણાવટ કરીને ડાંગ પ્રદેશનો સમાજ વૈજ્ઞાનિક અભ્યાસ કરવાની એક પરંપરા ઊભી કરી છે.-[૩૪]

મયૂર મો. રાવલ (૨૦૦૮) 'ડાંગઃ ઈતિહાસની સાખે....' નામના અભ્યાસમાં 'ડાંગઃ ઈતિહાસની સાખે....' નો સંક્ષિપ્ત પરિચય, ગઈકાલનું ડાંગ જેમાં રામાયણ કાળનું દંડકારણ્ય, શબરી-રામ મિલનની કથા, ૧૮૧૮માં બ્રિટિશરોનો પ્રવેશ, ડાંગના ૫ રાજાઓ અને ૧૩ નાયકોની સત્તા વગેરેની સમજ આપી છે. જયારે આજનું ડાંગ-જેમાં ૩૧૧ ગામડાંઓ, વન્ય સંપત્તિ, ડાંગની સંસ્કૃતિ., રીત-રિવાજો, તહેવારો, નૃત્યો, સમાજજીવન વગેરેની સમજ આપી છે. અંતે ડાંગ દરબાર અને સાપુતારાનો સાદ નું મહત્ત્વ સમજાવ્યું છે.-[૩૫]

નટવર લાલ બા. પટેલ (૨૦૦૯) 'ડાંગી બોલી અને લોક સાહિત્ય' અભ્યાસ મુખ્યત્વે બે ભાગમાં વિભાજિત છે. પ્રથમ ભાગમાં ડાંગી બોલી-જેમાં ડાંગ પ્રદેશ અને પ્રજા, ડાંગી બોલી, ધ્વનિ પ્રક્રિયા, ડાંગીબોલીઃ રૂપ પ્રક્રિયા, ડાંગી શબ્દકોષક વગેરેનો સમાવેશ કર્યો છે. જયારે બીજા વિભાગમાં ડાંગી લોકસાહિત્યઃ તેની વ્યાખ્યા, સ્વરૂપ અને

પ્રકાર, લોકગીતો, લોકકથા, લોકોકિત, લોકસાહિત્યના ઈતિહાસની રૂપરેખા, લોકસાહિત્યનું સંશોધન અને સૂચનો વગેરેનો સમાવેશ કર્યો છે.–[૩૬]

ડેવિડ હાર્ડિમન (૨૦૦૩) 'વિલેજ વાઈસેસ, ફોરેસ્ટ ચોઈસેસ' (ed-Mark Poffenberger & Betsy Mcgean, OUP, New Delhi) આ સંગ્રહમાં છપાયેલા તેમના લેખનો અનુવાદ 'ઢોલ ' સામયિકોમાં જંગલમાં ખેતીઃ ડાંગ ૧૯૩૦ થી ૧૯૯૨ 'શિર્ષક હેઠળ છપાયો છે. જેમાં તેમણે ડાંગની પૂર્વભૂમિકા, ડાંગના લોકોની સાધનસંપત્તિના વિનિયોગની પ્રાચિન પધ્ધતિ, ડાંગના જંગલોની અર્થવ્યવસ્થા, જંગલ પર રહેલા આીદવાસીનાં નિયંત્રણનો અંગ્રેજ સમયના આરંભે થયેલો હ્રાસ, જંગલ પર સરકારી નિયંત્રણની વધતી પકડ, સ્વાતોંત્તર વનવ્યવસ્થા, સમાજ દ્વારા વનસંવર્ધન–આજના સમયે વગેરે મુદ્દાઓની ઝીણવટ ભરી સમજ આપી છે.–[૩૭]

**૩.૩ સમાપનઃ–**

આદિવાસી સમાજને લગતા અગાઉ થયેલા વિવિધ અભ્યાસોની સમીક્ષા પરથી સ્પષ્ટ થાય છે કે, મોટા ભાગના અભ્યાસો આદિવાસીઓની પરંપરાગત પરિસ્થિતિને દર્શાવતા, તેમની ભૌગોલિક સ્થિતિ, જાતિતત્ત્વ, સંસ્કૃતિ, સમસ્યાઓ, આદિવાસી વિકાસ કાર્યક્રમો વગેરેને લગતા છે. આદિવાસીઓમાં પરિવર્તનની પ્રક્રિયાને લગતા અભ્યાસો વર્તમાન સમયમાં ઠીક ઠીક પ્રમાણમાં થવા લાગ્યા છે. મારો આ પ્રસ્તુત અભ્યાસ ગુજરાત રાજયનાં છેવાડાનો જિલ્લા તરીકે ડાંગ જિલ્લાનાં આદિવાસીઓમાં શું પરિવર્તન આવ્યું છે? તે તપાસનો વિષય બની રહે છે.

પ્રસ્તુત પ્રકરણમાં સમાજમાં અને આદિવાસી સમાજમાં પરિવર્તનને લગતા અભ્યાસોનો સમાવેશ કરવામાં આવયો છે. પરિવર્તન વિષયક અન્ય વિદ્વાનો, સંશોધકો દ્વારા અભ્યાસો કરવામાં આવ્યા છે. તેના આધારે આ ક્ષેત્રમાં થયેલા સંશોધનો દ્વારા કેટલું ખેડાણ થયું છે? કયા ક્ષેત્રમાં થયું છે. અને કઈ બાબતનો સમાવેશ કર્યો છે? તેમનાં કયા ક્ષેત્રો વણખેડાયેલા છે. તે જાણી શકાય, તે માટે અત્રે સંશોધન વિષય સાથે પૂર્વે થયેલા અભ્યાસો આ સંશોધન કાર્યમાં મહત્ત્વના ઉપયોગી બની રહે છે.

# સંદર્ભસૂચિ


| ક્રમ | લેખકનું નામ | પુસ્તકનું નામ | પ્રકાશન વર્ષ | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૧. | Government of India | Report of the Scheduled Areas and Scheduled Tribe Commission | Government of India, New Delhi 1960-61 | – |
| ૨ | Government of India | Report of the Scheduled Areas and Scheduled Tribe Commission | Government of India, New Delhi 1960-61 | – |
| ૩ | Government of India Planning Commission | Report of the Study term on trible Development Programes. | Government of India, New Delhi 1966 | – |
| ૪ | Government of India | Education Report on integrated Trible Development Project (PEO) | Planning Commission New Delhi-1987 | – |
| ૫ | Kishore C. Padity | Economical Development of trible Approach method and strategy | Saroup and Sons, New Delhi-1991 | – |
| ૬ | Amir Hussan | Trible Administration in India | Rawat Publication New Delhi-1988 | – |
| ૭ | Dr. D.H. Nag | Trible Economy : An economy study of the Baiga | Bharatiya Adimiati Sevek Sangh, King way : Dilhi and Trible Research & Training Inst. Gujarat Vidhypith, Publication, 1985 | |

| | | | | |
|---|---|---|---|---|
| ૮ | P.K. Mohanty | Encyclopediya of Primitive tribal in India | Kalpaz Publication, New Delhi-2004 | |
| ૯ | Vijay A. Kamath | Tribal Education In India | Joshi Printer's Bainding Rachi-1998 | |
| ૧૦ | L.K. Jha and P.K. Sen | A Manual of Forestry Extension Education | Asha Publishing Corporation, New Delhi 1997 | |
| ૧૧ | Mahalingam | Tribal co-operative systems | Rawat Publication New Delhi, 1992 | |
| ૧૨ | D.N. Tewari | Department of Tribals on forests | Gujarat Vidyapath, Ahmedabad-1989 | |
| ૧૩ | हेमलता जोषी और एल.आर. भगोरा | जनजातियाँ का भौगोलिक अध्ययन | युनिवर्सिटी बूक हाउस प्रा.लि., ७९, चौडा रास्ता, जयपुर, २०००, मिलेनियम वर्ष | |
| ૧૪ | डॉ. सुनंदा पालकर | समाजवादी उपन्यासकार भैख प्रसाद गुप्त | विकास प्रकाशन, कानपुर २७-प्रथम संस्करण, १९९७ | ५३, ६०, ६१ |
| ૧૫ | सुबहसिंह यादव और सत्यमान यादव | ग्रामीण विकास का आधुनिक दर्शन | सबलाइम पब्लिकेशन, जयपुर, भारत प्रथम संस्करण, १९९७ | |
| ૧૬ | Annual Report | All India Co-ordinated Tribal Area Research | Annual Report, Khedbrahma-1988 | |
| ૧૭ | ડૉ. મુસ્તાઅલી ઈ. મસવી | આદિવાસીઓની પલટાતી આર્થિક સ્થિતિનો અભ્યાસ | ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦૦૧૪, માચ-૧૯૯૧ | |
| ૧૮ | V.S. Vays, T.K. Moulik and Others | Rural Development for Rural Poor | Dharampur Project, IIM, Ahmedabad, 1977 | |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯ | અર્જુન પટેલ | આદિવાસી સ્થળાંતરઃ કારણો અને ઉપાયો | સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ ગ્રંથ-૨૦, અંક-૪,દ.ગુ.યુ. સુરત-સપ્ટે-ડિસે.-૨૦૦૧ | |
| ૨૦ | ડૉ. ચંદ્રકાંત ઉપાધ્યાય અને રવિ પંચોલી | ગુજરાત રાજ્યની આદિમજૂથ વસ્તી ગણતરી એક અભ્યાસ | આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૨૦૦૧ | |
| ૨૧ | ઠાકોરભાઈ નાયક અને ગૌરીશંકર પંડ્યા | ગુજરાતના સીદીઃ (એક અનુસૂચિત જનજાતિનો વિકાસલક્ષી સામાજિક-આર્થિક અભ્યાસો | આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૮૦ | |
| ૨૨ | Naik T.B. Masvi Mustaali and Gaurish Pandya | The kolghas of Gujarat | Tribal Research and Training Institute, Gujarat vidypith, Ahmedabad, 1979 | |
| ૨૩ | Mastaali Masvi & Gaurish Pandya | The kothodis of Gujared, (A Socio-Economic survey and development plan) | Tribal Research and training, Institute, Gujarat Vidypith, Ahmedabad, 1987 | |
| ૨૪ | ગૌરીશંકર પંડ્યા | વારલી જાતિનો સમાજશાસ્ત્રીય અભ્યાસ | ગુજરાત વિદ્યાપીઠ નવભારત પ્રેસ, અમદાવાદ-૧૯૮૫ | |
| ૨૫ | અરવિંદ ભટ્ટ | ગુજરાતના ચૌધરીઓ | ગુજરાત વિદ્યાપીઠ, નવભારત પ્રેસ, અમદાવાદ.-૧૯૮૫ | |
| ૨૬ | ડૉ. વિદ્યુત જોષી | આદિવાસી વિકાસ દર્શન | આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, જાન્યુ.-૨૦૦૯ | |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭ | Ghanshyam Shah | A re-study Social economic conditions of Chodharas | Center for Social Studys, south Gujarat University, Surat, 1977 | |
| ૨૮ | S.P. Punalekar | A Descriptive Study of Dhodiyas of surat city. | Ph.D. thesis (Uni. publishered) South Gujarat University, Surat-1980 | |
| ૨૯ | ડૉ. જે.સી.પટેલ | ગુજરાતના કોલઘા આદિવાસીઓ પર સરકારી કલ્યાણની યોજનાની અસરો | 'અર્થાત્' સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, ત્રૈમાસિક, ગ્રંથ-૧૮ અંક-૪, દક્ષિણ ગુજરાત યુનિ. સુરત ઓક્ટો.-ડિસે.-૧૯૯૮ | |
| ૩૦ | ગુલાબભાઈ ડા. પટેલ | ઉદ્યોગીકરણથી આદિવાસીઓમાં આવેલું આર્થિક, સાંસ્કૃતિક અને સામાજિક પરિવર્તન | ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-માર્ચ-૧૯૯૯ | |
| ૩૧ | શ્રીમતી રેખાબેન મહેતા | આદિવાસી સંસ્કૃતિ અને પરિવર્તન | ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-માર્ચ-૧૯૮૯ | |
| ૩૨ | સત્યકામ જોષી | દક્ષિણ ગુજરાતની જંગલ સહકારી મંડળીઓ સ્થાપના, વિકાસ અને પરિવર્તન | અર્થાત્, સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, ત્રૈમાસિક અંક દક્ષિણ ગુજરાત યુનિ. સુરત, એપ્રિલ-જૂન-૧૯૯૬ | |
| ૩૩ | ડૉ. મુભાઈ ગાયકવાડ | કોકણી જનજાતિમાં સામાજિક પરિવર્તન | 'અર્થાત્' સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, ત્રૈમાસિક, ગ્રંથ-૧૧, અંક-૩, દક્ષિણ ગુજરાત યુનિ. સુરત, જુલાઈ-સપ્ટે. ૨૦૦૨ | |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૪ | શ્રી દતાત્રેય ભાસ્કર ચીતળે | ડાંગ : એક સમયક્ દર્શન (ડાંગના સાંસ્કૃતિક ઈતિહાસની રૂપરેખા અને લોક-જીવનગાથા) | ડાંગ જિલ્લા પંચાયત દ્વારા પ્રકાશિત, આહવા-ડાંગ ઓક્ટોમ્બર-૧૯૭૮ | |
| ૩૫ | મયૂર મો. રાવલ | ડાંગ : ઈતિહાસની સાખે... | 'શ્લોક' કૈલાસ ગાર્ડન સામે, મહાદેવિયા રોડ, માણાવદર જિ. જૂનાગઢ, ફેબ્રુઆરી, ૨૦૦૮ | |
| ૩૬ | નટવરલાલ બા. પટેલ | ડાંગી બોલી અને લોકસાહિત્ય | આરાધના ગ્રાફિક એન્ડ પ્રિન્ટર્સ, સાગર કોમ્પ્લેક્ષ, દાંડીમાર્ગ, અરૂ ચાર રસ્તા, નવસારી, ૫ મે, ૨૦૦૯ | |
| ૩૭ | ડેવિડ હાર્ડિમન | જંગલમાં ખેતીઃ ડાંગ ૧૯૩૦થી૧૯૯૨ | આદિવાસી ચેતનાનું સામાજિક, ઢોલ, ભાષા-સંશોધન અને પ્રકશન કેન્દ્ર, દિનેશ મિલ સામે, વડોદરા, ગુજરાતી વાર્ષિકાંક-૨૦૦૩ | |

# પ્રકરણ-૪
# માહિતીનું વર્ગીકરણ ભાગ-૧
## (સામાન્ય, કૌટુંબિક, સામાજિક અને આર્થિક)

૪.૧ પ્રસ્તાવના

૪.૨ સામાન્ય માહિતીનું વર્ગીકરણ

૪.૩ કૌટુંબિક માહિતીનું વર્ગીકરણ

૪.૪ સામાજિક માહિતીનું વર્ગીકરણ

૪.૫ આર્થિક માહિતીનું વર્ગીકરણ

૪.૬ સમાપન

# પ્રકરણ-૪
# માહિતીનું વર્ગીકરણ ભાગ-૧
# (સામાન્ય, કૌટુંબિક, સામાજિક અને આર્થિક)

## ૪.૧ પ્રસ્તાવના

દરેક સંશોધક માટે નક્કી કરેલાં સંશોધન વિષય અંગે એકત્ર કરેલી માહિતીનું વર્ગીકરણ કરવું જરૂરી બને છે. સામાન્ય રીતે કોઈપણ સમાજની સંસ્કૃતિમાં પરિવર્તનો આવે છે ત્યારે તે અભૌતિક બાબતો કરતાં ભૌતિક બાબતોમાં વધારે ઝડપથી આવે છે. પ્રસ્તુત અભ્યાસમાં ડાંગ પ્રદેશમાં વસવાટ કરતી જુદી જુદી આદિવાસી જાતિઓમાં પરિવર્તનની પ્રક્રિયા કેવી ચાલી રહી છે તે ઉત્તરદાતાઓ પાસેથી જાણવાનો પ્રયાસ કર્યો છે.

આ સમગ્ર અભ્યાસની માહિતીને મુખ્ય બે વિભાગમાં વિભાજીત કરવામાં આવી છે.

અભ્યાસના પ્રથમ વિભાગમાં ડાંગમાં વસવાટ કરતી જુદી જુદી આદિવાસી જાતિઓમાંથી પસંદ કરેલા ઉત્તરદાતાઓની સામાન્ય, કૌટુંબિક, સામાજિક અને આર્થિક માહિતીનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. જેમાં ઉત્તરદાતાની અનુસૂચિત જનજાતિ, ગામમાં કેટલા વર્ષથી રહે છે, અભ્યાસ, ધર્મ તેમજ વ્યવસાય વિશેની માહિતી મેળવવામાં આવી છે. કારણ કે, ઉપરોક્ત બધી બાબતો તેની સામાજિક અને આર્થિક પરિસ્થિતિ સાથે સંબંધ ધરાવે છે. આ બાબતે આ પ્રકરણમાં ઉત્તરદાતાઓના કુટુંબ વિશેની માહિતી કે, જેમાં કુટુંબનો પ્રકાર, કુટુંબમાં સ્ત્રી-પુરુષોની સંખ્યા જાતિ, ઉંમર, વૈવાહિક દરજ્જો, લગ્ન સ્થળનું અંતર, શિક્ષણ તેમજ કુટુંબની વાર્ષિક આવક વગેરે વિશેની માહિતી રજૂ કરેલ છે.

આમ, આ પ્રકરણમાં ઉત્તરદાતાઓની સામાન્ય, કૌટુંબિક, સામાજિક અને આર્થિક સ્થિતિ જાણવા માટેની માહિતી એકત્રીકરણ માટે પ્રશ્નાવલીનો ઉપયોગ કરેલ તેમાં પૂછેલા જુદાં જુદાં વિભાગનાં પ્રશ્નોને ધ્યાનમાં રાખીને માહિતીઓનું વર્ગીકરણ આ પ્રકરણમાં રજૂ કરવામાં આવ્યું છે.

## ૪.૨ સામાન્ય માહિતીનું વર્ગીકરણ

સામાન્ય માહિતીનાં વર્ગીકરણમાં ઉત્તરદાતાની અનુસૂચિત જનજાતિ, ગામમાં રહેઠાણના વર્ષો, અભ્યાસ, ધર્મ અને સંપ્રદાય, વ્યવસાયમાં મુખ્ય અને ગૌણ વ્યવસાય વગેરે

બાબતોનો સમાવેશ કરેલ છે. ઉત્તરદાતાની સામાન્ય માહિતી મળી રહે તે માટે પ્રશ્નાવલીના પ્રથમ વિભાગમાં ઉત્તરદાતાની સામાન્ય માહિતીને લગતા પ્રશ્નો પૂછવામાં આવેલ. તેના દ્વારા પ્રાપ્ત સામાન્ય માહિતીને લગતા પ્રશ્નો પૂછવામાં આવેલ. તેના દ્વારા પ્રાપ્ત સામાન્ય માહિતીનું વિસ્તૃત વર્ગીકરણ કરેલ છે. સમગ્ર સામાન્ય માહિતીનાં વર્ગીકરણમાં શકય તેટલા કોષ્ટકો અને જરૂર જણાય ત્યાં આલેખો દ્વારા આંકડાકીય માહિતીનું વિસ્તૃત વિશ્લેષણ આ પ્રકરણના મુદાઓમાં રજૂ કરેલ છે.

**કોષ્ટક નં.૪.૧**

**ઉત્તરદાતાની અનુસૂચિત જનજાતિ દર્શાવતું વર્ગીકરણ**

| ક્રમ | જનજાતિઓ | કુલ સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | કુનબી/કુંકણા | ૧૩૪ | ૪૪.૬૭ |
| ૨. | વારલી | ૮૨ | ૨૭.૩૩ |
| ૩. | ભીલ | ૫૬ | ૧૮.૬૭ |
| ૪. | ગામિત | ૨૮ | ૯.૩૩ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક ૪.૧માં ઉત્તરદાતાઓની અનુસૂચિત જનજાતિનું વર્ગીકરણ કરતા જાણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૧૩૪ (૪૪.૬૭) ઉત્તરદાતાઓ કુનબી/કુંકણા જનજાતિના છે. ૮૨ (૨૭.૩૩ ટકા) ઉત્તરદાતાઓ વારલી જનજાતિના છે. ૫૬ (૧૮.૬૭ ટકા) ઉત્તરદાતાઓ ભીલ જનજાતિના છે અને ૨૮ (૯.૩૩ ટકા) ઉત્તરદાતાઓ ગામિત જનજાતિના છે. અહીં એક બાબત એ સ્પષ્ટ કરવાની છે કે, તપાસમાં લીધેલ બધા જ ઉત્તરદાતાઓ આદિવાસી જાતિના જ છે. તેમાં પણ કુનબી જાતિના આદિવાસીઓએ સૌથી વધુ લાભ લીધો હોવાથી ઉત્તરદાતાઓ તરીકે તેમની સંખ્યા સવિશેષ છે.

ડાંગ જિલ્લામાં ઉપરોક્ત જનજાતિ ઉપરાંત માવચી, કોટવાળીયા (વાંસફોડા) જનજાતિનો પણ સમાવેશ થાય છે. પરંતુ કોટવાળિયા સંખ્યા ડાંગમાં નહિવત્ જેવી છે. ઉપરાંત તેઓ પોતે ડાંગમાં વસાહતી જનજાતિ તરીકે સ્થાયી થઈ હોવાથી, તેમના માલિકીની જમીન નથી. સાથો-સાથ ડાંગમાં ગામીત જનજાતિની વસતિ ડાંગના પશ્ચિમ અને ઉત્તર

વિસ્તારનાં ભેંસકાતરી, સાજુપાડા, બરડીપાડા, નિશાણા, શિંગાણા વગેરે જેવા સુરત અને ડાંગ જીલ્લાના સરહદી કેટલાક ગામડાંઓમાં જ વસવાટ કરતી હોવાથી ઉત્તરદાતા તરીકે ગામીત જનજાતિની પસંદગી માત્ર ૯.૩૩ ટકા વસતિનો જ સમાવેશ કર્યો છે.

ટૂંકમાં, આ અભ્યાસ દ્વારા એવું જાણાયું છે કે, જમીન માલિકીનાં વૃક્ષો કાપવાનો કુનબી (કુંકણા) જનજાતિએ સવિશેષ લાભ લીધો છે. તેથી તેમની ઉત્તરદાતા તરીકેની સંખ્યા વધારે છે. જ્યારે ગામીત જનજાતિની વસતિ ડાંગમાં ઓછી હોવાથી તેમની ઉત્તરદાતા તરીકે ઓછી સંખ્યા હોવાનું વર્ગીકરણ ઉપરથી ફલિત થાય છે.

## કોષ્ટક નં.૪.૨

## ગામમાં કેટલા વર્ષથી રહે છે તે અંગેનું વર્ગીકરણ

| ક્રમ | ગામમાં કેટલા વર્ષથી રહે છે | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ૫૧ થી ૧૦૦ વર્ષથી | ૧૯ | ૬.૩૩ |
| ૨. | ૧૦૧ થી ૧૫૦ વર્ષથી | ૪૬ | ૧૫.૩૩ |
| ૩. | બાપ-દાદાથી | ૨૩૫ | ૭૮.૩૪ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરના કોષ્ટક ૪.૨માં ઉત્તરદાતાઓ ગામમાં કેટલા વર્ષથી રહે છે તે અંગેનું વર્ગીકરણ કરતાં જાણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી (૧) ૧૯ (૬.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ ૫૧ થી ૧૦૦ વર્ષથી ગામમાં રહેતા હોવાનું જણાવ્યું છે. (૨) ૪૬ (૧૫.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ ૧૦૧ થી ૧૫૦ વર્ષથી ગામમાં રહેતા હોવાનું જણાવ્યું છે. જ્યારે (૩) ૨૩૫ (૭૮.૩૪ ટકા) ઉત્તરદાતાઓએ બાપ-દાદાથી ગામમાં રહેતા હોવાનું જણાવ્યું છે.

ઉપરના કોઠામાં ઉત્તરદાતા ગામમાં કેટલાં વર્ષથી રહે છે તે અંગેની માહિતી મેળવવા પાછળનું મુખ્ય કારણ એ છે કે, જે તે ઉત્તરદાતાનો સંબંધ ગામ સાથે હોવાની સાથો-સાથ જમીન સાથે પણ તેમનો સંબંધ રહેલો છે. ઉપરોક્ત કોષ્ટક ઉપરથી જાણાયું છે કે, ડાંગમાં વસવાટ કરતા લોકો નિશ્ચિત રીતે કેટલા સમયથી વસવાટ કરે છે, તેના વિશે અજાણ હતા. પરંતુ પેઢી સાથેનો સંબંધ ખબર હોવાથી મોટાભાગના ઉત્તરદાતાઓનો જવાબ બાપ-દાદાથી રહ્યો હોવાનું ફલિત થાય છે.

## કોષ્ટક નં.૪.૩

## ઉત્તરદાતાઓના અભ્યાસ અંગેનું વર્ગીકરણ

| ક્રમ | અભ્યાસનું પ્રમાણ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | અભણ | ૧૦૩ | ૩૪.૩૩ |
| ૨. | પ્રાથમીક સુધીનું શિક્ષણ | ૫૭ | ૧૯ |
| ૩. | માધ્યમિક સુધીનું શિક્ષણ | ૫૪ | ૧૮ |
| ૪. | ઉચ્ચ શિક્ષણ | ૮૬ | ૨૮.૬૭ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરના કોષ્ટકમાં ઉત્તરદાતાઓનાં અભ્યાસ અંગેનું વર્ગીકરણ કરતા જણાયું છે કે, કુલ ઉત્તરદાતાઓમાંથી (૧) અભણ ઉત્તરદાતાઓનું પ્રમાણ ૧૦૩ (૩૪.૩૩ ટકા) રહ્યું છે. (૨) પ્રાથમિક સુધી શિક્ષણ પ્રાપ્ત કરનાર ઉત્તરદાતાઓનું પ્રમાણ ૫૭ (૧૯ ટકા) જેટલું છે. (૩) માધ્યમિક સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૫૪ (૧૮ ટકા) જેટલું નોંધાયું છે. જ્યારે (૪) ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૮૬ (૨૮.૬૭ ટકા) હોવાનું જણાયું છે.

શિક્ષણ વ્યક્તિના સામાજિક, આર્થિક તેમજ અન્ય ક્ષેત્રોના વિકાસ માટેનો સ્રોત પુરો પાડે છે. માનવીના સર્વાંગી વિકાસમાં એક પ્રેરક પરિબળ બની રહે છે. જે સમુદાય કે સમૂહના લોકોમાં શિક્ષણનું પ્રમાણ ઉંચુ રહ્યું હોય, તે સમુદાય કે સમૂહમાં પરિવર્તન અને પ્રગતિ ઝડપી જોવા મળે છે.

પ્રસ્તુત અભ્યાસમાં ડાંગના આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ કેવું અને કેટલું છે. તેનો સાચો ખ્યાલ આવે છે. અભ્યાસના આંકડાઓ પરથી જણાય છે કે, અભણ ઉત્તરદાતાઓની સંખ્યા ભલે વધારે હોય, તેમ છતાં ઉચ્ચ શિક્ષણ અને માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કરનારા ઉત્તરદાતાઓની સંખ્યા પણ સારી એવી ઉંચી રહી છે. એનો અર્થ એ થયો કે, ડાંગમાં શિક્ષણનું પ્રમાણ સારું એવું ઉંચુ રહ્યું છે જે અભ્યાસ દ્વારા જાણવા મળે છે.

## કોષ્ટક નં.૪.૪

## ઉત્તરદાતાઓનાં ધર્મ અંગેનું વર્ગીકરણ

| ક્રમ | ઉત્તરદાતાઓનાં ધર્મ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હિન્દુ | ૨૩૮ | ૭૯.૩૩ |
| ૨. | ખ્રિસ્તી | ૬૨ | ૨૦.૬૭ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરના કોઠા દ્વારા ઉત્તરદાતાઓના ધર્મ અંગેની માહિતીનું વર્ગીકરણ કરતાં જાણાયું છે કે કુલ ઉત્તરદાતાઓમાંથી ૨૩૮ (૭૯.૩૩ ટકા) ઉત્તરદાતાઓનો મુખ્ય ધર્મ હિન્દુ હોવાનું જાણાયું છે. જ્યાં ૬૨ (૨૦.૬૭ ટકા) ઉત્તરદાતાઓનો મુખ્ય ધર્મ ખ્રિસ્તી હોવાનું જાણાયું છે.

કોઈપણ સમાજ કે સમુદાયમાં સંસ્કૃતિનું એક મહત્વનું અંગ તરીકે ધર્મ આગવું સ્થાન ધરાવે છે. પ્રત્યેક સમાજની જેમ આદિવાસી સમાજમાં પણ ધર્મ અને ધાર્મિક શ્રદ્ધાઓનું આગવું મહત્વ છે. આંકડાકીય માહિતી પરથી જાણાયું છે કે, ડાંગના આદિવાસીઓમાં હિન્દુ ધર્મ પાળવાનું વલણ સવિશેષ જોવા મળે છે. તેમ છતાં ખ્રિસ્તી ધર્મ પાળતા લોકોનું પ્રમાણ પણ (૨૦.૬૭ ટકા) જેટલું જાણાય છે. જેનો અર્થ એ થયો કે, ડાંગમાં પરંપરાગત આદિવાસી હિન્દુ ધર્મની સાથે આધુનિક ખ્રિસ્તી ધર્મ પાળતા લોકોનું પ્રમાણ વધતું જતું હોવાનું જાણાય છે. એટલે કે, ડાંગમાં ખ્રિસ્તીકરણનું પ્રમાણ વધ્યું છે. જે ધર્મની બાબતમાં આવેલું પરિવર્તન સૂચવે છે.

## કોષ્ટક નં.૪.૫

## ઉત્તરદાતાઓના સંપ્રદાય અંગેનું વર્ગીકરણ

| ક્રમ | સંપ્રદાય | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | જય પરમાત્મા સંપ્રદાય | ૯૨ | ૩૦.૬૭ |
| ૨. | માવલી સંપ્રદાય | ૭૮ | ૨૬ |
| ૩. | અન્ય | ૧૩૦ | ૪૩.૩૩ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

કોઈપણ સમાજમાં ધર્મની સાથે સંપ્રદાય પણ જોડાયેલો હોય છે. સભ્ય સમાજની જેમ આદિવાસી સમાજના લોકો વર્તમાન સમયમાં ધર્મની સાથે નવા-નવા સંપ્રદાયોનું અનુસરણ કરતા જાય છે.

ડાંગ જિલ્લો વલસાડ, નવસારી, સુરત, તાપી વગેરે જિલ્લાની સાથે મહારાષ્ટ્રની સરહદ સાથે પણ જોડાયેલો છે. તેથી ડાંગનાં આદિવાસીઓમાં જે સંપ્રદાયો ફેલાયેલા છે, તેમાં જે તે જિલ્લા અને મહારાષ્ટ્રના સંપ્રદાયની પણ અસર જોવા મળે છે.

ઉપરોક્ત કોષ્ટકમાં ઉત્તરદાતાઓનાં સંપ્રદાય વિષયક માહિતીનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. જે આંકડાકીય માહિતી ઉપરથી સ્પષ્ટ થાય છે કે કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૯૨ (૩૦.૬૭ ટકા) ઉત્તરદાતાઓ 'જય પરમાત્મા' સંપ્રદાયમાં માને છે. ૭૮ (૨૬ ટકા) ઉત્તરદાતાઓ 'માવલી' સંપ્રદાયમાં માને છે. જ્યારે ૧૩૦ (૪૩.૩૩ ટકા) ઉત્તરદાતાઓ અન્ય સંપ્રદાય કે જેમાં, સ્વામિનારાયણ, સ્વાધ્યાય, વિઠ્ઠલપંથી તેમજ સંપ્રદાયમાં ન માનતા હોય એવા ઉત્તરદાતાઓનો સમાવેશ છે.

સંપ્રદાયની વિશેષતા એ છે કે, ડાંગના આદિવાસીઓ પર ગુજરાતના સંપ્રદાયો તરીકે 'જય પરમાત્મા' કે જે દક્ષિણ ગુજરાતમાં સવિશેષ એક સંપ્રદાય તરીકે વિકસેલ છે. જેમકે સ્વામીનારાયણ, સ્વાધ્યાય વગેરેની અસર તો છે જ. સાથો-સાથ મહારાષ્ટ્રના સંપ્રદાયોની પણ સારી એવી અસર જોવા મળે છે. જેમકે, 'માવલી સંપ્રદાય', 'માળકર સંપ્રદાય' વગેરે મહારાષ્ટ્રના સંપ્રદાયો છે. એનો અર્થ એ થયો કે, ડાંગ જિલ્લાના મહારાષ્ટ્રના સરહદી વિસ્તારના આદિવાસીઓ પર મહારાષ્ટ્રના સંપ્રદાયોની અસર અભ્યાસ દ્વારા જણાય છે. આમ, ધર્મની સાથે ડાંગમાં સંપ્રદાયોની દ્રષ્ટિએ પણ પરિવર્તન આવેલું જોવા મળે છે.

## કોષ્ટક નં.૪.૬

## ઉત્તરદાતાઓના મુખ્ય વ્યવસાય અંગેનું વર્ગીકરણ

| ક્રમ | મુખ્ય વ્યવસાય | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ખેતી | ૨૩૪ | ૭૮ |
| ૨. | નોકરી | ૬૬ | ૨૨ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક જોતાં જણાય છે કે, ડાંગના આદિવાસીઓનો મુખ્ય વ્યવસાય ખેતીનો છે. કારણ કે આંકડાકીય માહિતી પરથી જણાય છે કે ઉપરોક્ત કોષ્ટકના કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૨૩૪ ઉત્તરદાતાઓનો મુખ્ય વ્યવસાય ખેતીનો છે. તેનો અર્થ એ થાય છે કે, ૭૮ ટકા ઉત્તરદાતાઓનો મુખ્ય વ્યવસાય ખેતીનો છે. જ્યારે ૬૬ (૨૨ ટકા) ઉત્તરદાતાઓ નોકરી સાથે જોડાયેલા હોવાનું જણાયું છે.

ઉપરોક્ત ઉત્તરદાતાઓના અભ્યાસ પરથી જણાયું છે કે, નોકરી કરતા ૨૨ ટકા ઉત્તરદાતાઓ નોકરી કરતા હોવા છતાં ખેતીના વ્યવસાય સાથે તેમનો સંબંધ હાલમાં પણ જોડાયેલો છે. એટલે કે, નોકરી ઉપરાંત સ્થાનિક ખેતીનો વ્યવસાય પણ તેઓ કરતા હોવાનું જણાયું છે. ટૂંકમાં વ્યવસાયની બાબતમાં ડાંગના લોકોમાં ખેતીની સાથે નોકરી કરતા લોકોનું પ્રમાણ પણ જોવા મળે છે. જે બાબત વ્યવસાયનાં ક્ષેત્રે પરિવર્તનનો નિર્દેશ કરે છે.

## કોષ્ટક નં.૪.૭

## ઉત્તરદાતાઓનાં ગૌણ વ્યવસાય અંગેનું વર્ગીકરણ

| ક્રમ | ગૌણ વ્યવસાય | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | પશુપાલન | ૨૧૮ | ૭૨.૬૭ |
| ૨. | મજૂરી | ૧૬ | ૫.૩૩ |
| | **કુલ** | **૨૩૪** | **૭૮** |

ઉપરોક્ત કોષ્ટકની આંકડાકીય માહિતી પરથી જાણાય છે કે મુખ્ય વ્યવસાયમાં ખેતી કરતા કુલ ૨૩૪ (૭૮ ટકા) ઉત્તરદાતાઓમાંથી ૨૧૮ (૭૨.૫૬ ટકા) ઉત્તરદાતાઓનો ગૌણ વ્યવસાય તરીકે પશુપાલનનો વ્યવસાય પણ કરે છે. જ્યારે ૨૩૪ (૭૮ ટકા) ઉત્તરદાતાઓમાંથી ૧૬ (૫.૩૩ ટકા) ઉત્તરદાતાઓનો ગૌણ વ્યવસાય ખેતમજૂરી કે અન્ય છૂટક મજૂરી તરીકે જાણવા મળ્યો છે.

આમ, ડાંગ જિલ્લાના લોકોનો મુખ્ય ખેતીના વ્યવસાયની સાથે ગૌણ વ્યવસાય તરીકે પશુપાલનનો વ્યવસાય પણ કરે છે. જો કે, પશુપાલન કરવા પાછળ ડાંગના લોકોનો હેતુ ડેરી વિકાસ માટે જ નથી હોતો- પરંતુ ગાયો સારી જાતના બળદો પેદા કરી ખેતીનાં કામમાં તે ઉપયોગી બને એ હેતુથી પણ પશુપાલનનો વ્યવસાય કરતા હોવાનું અભ્યાસ દ્વારા જાણાયું છે.

## ૪.૩ કૌટુંબિક માહિતી અંગેનું વર્ગીકરણ

ઉત્તરદાતાઓની સામાન્ય માહિતીનાં વર્ગીકરણ બાદ તેમની કૌટુંબિક માહિતીનું વર્ગીકરણ કરેલ છે. જેમાં ઉત્તરદાતાઓનાં કુટુંબનો પ્રકાર, સ્ત્રી-પુરુષ સભ્યો અને જાતિ, વયજૂથનું પ્રમાણ, વૈવાહિક દરજ્જો, લગ્ન સ્થળનું અંતર, શિક્ષણનું પ્રમાણ તેમજ કુટુંબની આવક વગેરે બાબતોને ધ્યાનમાં રાખી પ્રશ્નાવલિ અનુસૂચી દ્વારા કૌટુંબિક માહિતી એકત્રીત કરી તેનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે.

કોઈ પણ સમાજ, સમુદાય કે સમૂહનો અભ્યાસ હાથ ધરવામાં આવે છે ત્યારે તે જ્ઞાતિ, કોમ કે અન્ય આદિવાસી સમૂહ હોય તેમનાં કુટુંબ વિશેની જાણકારી મેળવવી અત્યંત મહત્વની બની રહે છે. કારણ કે, કૌટુંબિક બાબતોનાં આધારે જે તે સમાજ, જ્ઞાતિ કે આદિમ સમૂહનાં સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક વગેરે પરિસ્થિતિની વાસ્તવિક સમાજ મળી

શકે છે. તેથી જ અહીં પ્રસ્તુત અભ્યાસમાં સમાવિષ્ટ થયેલ ઉત્તરદાતાઓની કૌટુંબિક માહિતી મેળવવી આવશ્યક છે.

અહીં કુટુંબને લગતા વિવિધ પ્રશ્નોનો સમાવેશ પ્રશ્નાવલિમાં કરી, માહિતી એકત્ર કરી, તેનું વર્ગીકરણ નીચે મુજબ રજૂ કરેલ છે.

## કોષ્ટક નં.૪.૮

## કુટુંબોનાં પ્રકાર દર્શાવતું વર્ગીકરણ

| ક્રમ | કુટુંબોના પ્રકાર | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | સંયુક્ત | ૨૭૨ | ૯૦.૬૭ |
| ૨. | વિભક્ત | ૨૮ | ૯.૩૩ |
| | કુલ | ૩૦૦ | ૧૦૦ |

અહીં દર્શાવેલ ઉપરોક્ત કુટુંબનાં પ્રકારની જાણકારી મેળવવા કુટુંબોનું વર્ગીકરણ કરેલ છે. પ્રત્યેક ઉત્તરદાતાઓનાં કુટુંબનો પ્રકાર કેવો છે, તે જાણવા મળે છે. કારણ કે કુટુંબનાં પ્રકારનો સંબંધ જે તે, સમાજના સામાજિક, આર્થિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક તેમજ વિકાસની પ્રક્રિયા સાથે સંબંધ ધરાવે છે.

કુટુંબનાં પ્રકારને મુખ્ય બે વિભાગમાં વિભાજીત કરેલ છે.

**(૧) સંયુક્ત કુટુંબ:** આ પ્રકારના કુટુંબમાં પતિ-પત્ની, તેમનાં બાળકો અને પતિનાં કુટુંબનાં નજીકનાં સગા જેમકે, માતા-પિતા, ભાઈ-ભાભી તેઓના બાળકો અને બહેનો વગેરેનો સમાવેશ થાય છે.

**(૨) વિભક્ત કુટુંબ:** આ પ્રકારના કુટુંબમાં પતિ-પત્ની અને તેઓના અપરિણીત સંતાનોનો સમાવેશ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત કોષ્ટકના સમગ્ર ઉત્તરદાતાઓને આંકડાકીય રીતે વર્ગીકૃત કરીએ તો સંયુક્ત કુટુંબ પ્રકારમાં માનનારા કુટુંબોની કુલ સંખ્યા ૨૭૨ (૯૦.૬૭ ટકા) છે. જ્યારે વિભક્ત કુટુંબ પ્રકારમાં માનનારા કુટુંબોની સંખ્યા ૨૮ (૯.૩૩ ટકા) છે. અર્થાત્ ડાંગના આદિવાસીઓમાં સંયુક્ત વ્યવસ્થા હજુ પણ ચાલુ છે. કારણ કે, કુલ ઉત્તરદાતાઓમાંથી ૯૦.૬૭ ટકા ઉત્તરદાતાઓએ સંયુક્ત કુટુંબમાં માનતા હોવાનો જવાબ આપ્યો છે. માત્ર ૯.૩૩ ટકા ઉત્તરદાતાઓએ જ વિભક્ત કુટુંબમાં રહીએ છીએ એવો જવાબ આપેલ છે.

અર્થાત્ ડાંગના આદિવાસીઓમાં કુટુંબ-વ્યવસ્થાના કદમાં વિશેષ પરિવર્તન દેખાતું નથી. તેની પાછળનાં મુખ્ય કારણોમાં ડાંગમાં ઉદ્યોગીકરણ, શહેરીકરણ તેમજ નવી વ્યવસાયિક તકો મર્યાદીત કે નહીંવત હોવાથી ત્યાં હજુ પણ પરંપરાગત વ્યવસાય તરીકે મુખ્ય વ્યવસાય ખેતી અને ગૌણ વ્યવસાય તરીકે પશુપાલન જ ચાલુ રહ્યો છે. તેના કારણે સંયુક્ત કુટુંબનું પ્રચલન ડાંગના આદિવાસીઓમાં ચાલુ છે. ઉપરાંત ડાંગ જિલ્લાની અંદર એક પણ શહેર નથી કે ઉદ્યોગ ધંધો નથી. સાથે જ વ્યવસાય અંગેની નવી તકો પણ નહીંવત હોવાથી સંયુક્ત કુટુંબ વ્યવસ્થા પર વિઘાતક અસર કરનારા પરિબળો ડાંગનાં આદિવાસી કુટુંબો પર થયેલ નથી. પરિણામે ડાંગમાં સંયુક્ત કુટુંબ વ્યવસ્થા સવિશેષ જોવા મળે છે. તેમાં પરિવર્તન આવ્યું નથી.

**કોષ્ટક નં.૪.૯**

**કુટુંબમાં સ્ત્રી સભ્યોની સંખ્યા દર્શાવતું વર્ગીકરણ**

| ક્રમ | સ્ત્રી સભ્યોની સંખ્યા | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ૧થીૐ સ્ત્રી સભ્યોવાળા કુટુંબો | ૨૦૮ | ૬૭.૩૩ |
| ૨. | ૪ થી વધુ સ્ત્રી સભ્યોવાળા કુટુંબો | ૯૨ | ૩૦.૬૭ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

કુટુંબમાં સ્ત્રી સભ્યોની સંખ્યા દર્શાવતું વર્ગીકરણ જોતા જણાય છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૧થી૩ સ્ત્રી સભ્યો ધરાવતાં કુટુંબોની સંખ્યા ૨૦૮ (૬૭.૩૩ ટકા) છે. જ્યારે ૪થી વધુ સ્ત્રી સભ્યો ધરાવતા કુટુંબોનું પ્રમાણ ૯૨ (૩૦.૬૭ ટકા) રહ્યું છે.

કુટુંબમાં સ્ત્રી સભ્યોની સંખ્યાનાં વર્ગીકરણ પરથી જાણાય છે કે, ડાંગના આદિવાસીઓમાં ૪થી વધુ સ્ત્રી સભ્યો ધરાવતા કુટુંબોનું પ્રમાણ સારી પેઠે ઉંચુ રહ્યું છે. એટલે કે, ૩૦.૬૭ ટકા ઉત્તરદાતાઓના કુટુંબમાં સ્ત્રી સભ્યોની સંખ્યા ૪થી પણ વધારે છે. એનો અર્થ એ થયો કે, ડાંગના આદિવાસીઓમાં સ્ત્રીનું સ્થાન ઉંચુ હોવાની સાથોસાથ સ્ત્રી પ્રત્યે સન્માન અને આદરનો ભાવ જોવા મળે છે. આ આંકડા પરથી ડાંગમાં સ્ત્રી કે બાળકીઓ પ્રત્યે તેમના સમાજમાં ઉંચો આદર રહેલો હોવાનું જાણાય છે.

## કોષ્ટક નં.૪.૧૦

## કુટુંબમાં પુરુષ સભ્યોની સંખ્યા દર્શાવતું કોષ્ટક

| ક્રમ | કુટુંબમાં પુરુષ સભ્યોની સંખ્યા | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ૧થીૃ૩ પુરુષ સભ્યોવાળા કુટુંબો | ૨૨૦ | ૭૩.૩૩ |
| ૨. | ૪થી વધુ પુરુષ સભ્યોવાળા કુટુંબો | ૮૦ | ૨૬.૬૭ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

કુટુંબમાં પુરુષ સભ્યોની સંખ્યા દર્શાવતું વર્ગીકરણ જોતાં જણાય છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૧થી૩ પુરુષ સભ્યો ધરાવતા કુટુંબોની સંખ્યા ૨૨૦ (૭૩.૩૩ ટકા) છે. જ્યારે ૪ થી વધુ પુરુષ સભ્યો ધરાવતા કુટુંબોનું પ્રમાણ ૮૦ (૨૬.૬૭ ટકા) રહ્યું છે.

અભ્યાસ હેઠળ લીધેલા ઉત્તરદાતાઓનાં વર્ગીકરણથી જણાય છે કે, ડાંગ જીલ્લાના ૪થી વધુ સ્ત્રી સભ્યો ધરાવતાં કુટુંબો અને ૪થી વધુ પુરુષ સભ્યો ધરાવતા કુટુંબોનો તુલનાત્મક અભ્યાસ કરતાં જણાય છે કે, ૪થી વધુ સ્ત્રી સભ્યોવાળાં કુટુંબોનું પ્રમાણ ૯૨ (૩૦.૬૭ ટકા) જણાયું. જ્યારે ૪થી વધુ પુરુષ સભ્યોવાળાં કુટુંબોનું પ્રમાણ ૮૦ (૨૬.૬૭ ટકા) જણાયું છે. એનો અર્થ એ થયો કે કુલ ઉત્તરદાતાઓમાંથી ૪થી વધુ પુરુષ સભ્યોવાળાં કુટુંબો કરતાં ૪થી વધુ સ્ત્રી સભ્યોવાળાં કુટુંબોનું પ્રમાણ ૦૮ (૪ ટકા) કુટુંબો તુલનાત્મક રીતે વધુ જોવા મળ્યા છે. જ્યારે બીજી બાજુ કુલ ઉત્તરદાતાઓમાંથી ૧થી૩ સ્ત્રી સભ્યોવાળાં કુટુંબો કરતાં ૧થી૩ પુરુષ સભ્યોવાળા કુટુંબોનું પ્રમાણ ૧૨ (૬ ટકા) કુટુંબો તુલનાત્મક રીતે વધુ જોવા મળ્યા છે.

૪થી વધુ સ્ત્રી સભ્યોવાળા કુટુંબોનું પ્રમાણ ડાંગના આદિવાસીઓમાં ઉંચુ હોવા પાછળ તેમના સમાજમાં સ્ત્રીનો દરજ્જો કે સ્થાન ઉંચું હોવાનું દર્શાવે છે. તેમના સમાજમાં સ્ત્રી પ્રત્યે આદરનો ભાવ આ વલણ દર્શાવે છે.

## કોષ્ટક નં.૪.૧૧

## ઉત્તરદાતાની જાતિ (લિંગ) દર્શાવતું કોષ્ટક

| ક્રમ | ઉત્તરદાતાની જાતિ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | સ્ત્રી | ૧૮ | ૬ |
| ૨. | પુરુષ | ૨૮૨ | ૯૪ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

આ કોષ્ટકમાં ઉત્તરદાતાની સ્ત્રી કે પુરુષ તરીકે જાતિ અંગેની માહિતીનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે.

પ્રસ્તુત અભ્યાસ ક્ષેત્રમાં સમાવિષ્ટ ડાંગના આદિવાસીઓના જમીન માલિકી હકક અંગેના અભ્યાસમાં જમીનની માલિકી એટલે કે જમીનની ખાતાવહીમાં જેમનું નામ પ્રથમ ક્રમે હોય તેને ખાતેદાર તરીકે ગણીને અભ્યાસ કર્યો છે. નોંધનીય બાબત એ છે કે, જમીનની ખાતાવહીમાં પુરુષ સભ્યોનું નામ પ્રથમ હોય છે. પરંતુ પુરુષના અવસાન પછી તેમની પત્નીનું નામ વારસદાર તરીકે પ્રથમ રહે છે તેથી જમીનની મુખ્ય હકકદાર સ્ત્રી બને છે.

મારા આ અભ્યાસમાં ઉપરોક્ત કોષ્ટક પરથી જાણાય છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૨૮૦ (૯૪ ટકા) ઉત્તરદાતાઓ પુરુષ સભ્યો છે. જ્યારે ૧૮ (૬ ટકા) ઉત્તરદાતાઓ જ સ્ત્રી સભ્યો છે. તુલનાત્મક રીતે સ્ત્રીઓની તુલનામાં પુરુષ ઉત્તરદાતાઓનું પ્રમાણ વધુ હોવા પાછળ જમીનના માલિકી હકક અને જમીનની ખાતાવહીમાં પ્રથમ વારસદાર તરીકે પુરુષ સભ્ય ગણાતો હોવાથી મારા આ અભ્યાસમાં પુરુષ ઉત્તરદાતાઓનું પ્રમાણ વધુ એટલે કે, ૯૪ ટકા જેટલું છે. જ્યારે પુરુષના અવસાન પછી તેમની પત્ની જમીનના વારસદાર તરીકે ઉમેરાય છે તેથી સ્ત્રી ઉત્તરદાતાઓનું પ્રમાણ માત્ર ૬ ટકા જેટલું જ નોંધાયું છે.

## કોષ્ટક નં.૪.૧૨

## ઉત્તરદાતાઓની ઉંમર દર્શાવતું વર્ગીકરણ

| ક્રમ | ઉંમર | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ૧૫થી૨૫ વર્ષ | ૦૦ | ૦૦ |
| ૨. | ૨૬થી૩૫ વર્ષ | ૨૪ | ૮ |
| ૩. | ૩૬થી૪૫ વર્ષ | ૬૬ | ૨૨ |
| ૪. | ૪૬થી૫૫ વર્ષ | ૮૮ | ૨૯.૩૩ |
| ૫. | ૫૬થી૬૫ વર્ષ | ૭૧ | ૨૩.૬૭ |
| ૬. | ૬૬થી૭૫ વર્ષ | ૪૬ | ૧૫.૩૩ |
| ૭. | ૭૬થી વધુ | ૫ | ૧.૬૭ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક ૪.૧૨ પરથી સ્પષ્ટ થાય છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૧૫થી૨૫ વર્ષની ઉંમરના ઉત્તરદાતાઓનું પ્રમાણ શૂન્ય છે. ૨૬થી૩૫ વર્ષની ઉંમરનાં ઉત્તરદાતાઓનું પ્રમાણ ૨૪ (૮ ટકા) છે. ૩૬ થી ૪૫ વર્ષની ઉંમરનાં ઉત્તરદાતાઓનું પ્રમાણ ૬૬ (૨૨ ટકા) છે. ૪૬થી૫૫ વર્ષની ઉંમરનાં ઉત્તરદાતાઓનું પ્રમાણ ૮૮ (૨૯.૩૩ ટકા) છે. ૫૬ થી ૬૫ વર્ષની ઉંમરનાં ઉત્તરદાતાઓનું પ્રમાણ ૭૧ (૨૩.૬૭ ટકા) છે. ૬૬થી૭૫ વર્ષની ઉંમરનાં ઉત્તરદાતાઓનું પ્રમાણ ૪૬ (૧૫.૩૩ ટકા) છે. ૭૬ થી વધુ ઉંમરનાં ઉત્તરદાતાઓનું પ્રમાણ ૦૫ (૧.૬૭ ટકા) જેટલું છે.

આંકડાઓ પરથી ખ્યાલ આવે છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૪૬ થી ૫૫ વર્ષની ઉંમરનાં ઉત્તરદાતાઓનું પ્રમાણ ૨૯.૩૩ ટકા જેટલું સવિશેષ રહ્યું છે. એટલું જ નહીં પરંતુ ૩૬થી૪૫ વર્ષની ઉંમરના અને ૫૬ થી ૬૫ વર્ષની ઉંમરના ઉત્તરદાતાઓનું પ્રમાણ પણ અનુક્રમે ૨૨ ટકા અને ૨૩.૬૭ ટકા જેટલું રહ્યું છે.

૩૬થી૬૫ વર્ષનાં વયજૂથના ઉત્તરદાતાઓનું પ્રમાણ વધુ હોવા પાછળ આ ઉંમરનાં વયજૂથના સભ્યોનાં નામે જમીન માલિકીનો હકક અને જમીનની ખાતાવહી તેઓ પુખ્ત ઉંમરના હોવાથી તેમના નામે મળે છે. તેથી ઉત્તરદાતા તરીકે આ ઉંમરવાળા ઉત્તરદાતાઓનું

પ્રમાણ વધુ જોવા મળ્યું છે. જ્યારે ૭૬ વર્ષથી વધુ ઉંમરવાળા ઉત્તરદાતાઓનું પ્રમાણ ઓછું હોવા પાછળ મોટી ઉંમરે ઉત્તરદાતાઓ તેમના સંતાનોના નામે જમીન માલિકીના હકકો અને જમીનની વહેંચણી સંતાનોના નામે કરીને કુટુંબની જવાબદારીમાંથી મુક્ત થાય છે. તેથી મોટી ઉંમરના ઉત્તરદાતાઓની સંખ્યા ઓછી હોવાનું જણાયું છે.

## કોષ્ટક નં.૪.૧૩

## ઉત્તરદાતાઓનાં વૈવાહિક દરજ્જાનું વર્ગીકરણ

| ક્રમ | વૈવાહિક દરજ્જો | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | પરણિત | ૨૮૦ | ૯૩.૩૩ |
| ૨. | અપરણિત | ૦૦ | ૦૦ |
| ૩. | વિધવા | ૧૪ | ૪.૬૭ |
| ૪. | વિધુર | ૬ | ૨ |
| ૫. | ત્યકતા | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

આ કોષ્ટકમાં ઉત્તરદાતાનાં વૈવાહિક દરજ્જા વિષયક માહિતીનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. જે આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે, અપરણિત અને ત્યકતા એકપણ ઉત્તરદાતા જોવા મળેલ નથી.

પરણિત ઉત્તરદાતાઓનું પ્રમાણ ૨૮૦ (૯૩.૩૩ ટકા), વિધવા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૧૪ (૪.૬૭ ટકા) અને વિધુર ઉત્તરદાતાઓનું પ્રમાણ ૬ (૨ ટકા) જોવા મળ્યું છે. આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે કુલ ઉત્તરદાતાઓમાંથી પરણીત ઉત્તરદાતાઓ ૯૩.૩૩ ટકા સાથે સૌથી વધારે જોવા મળ્યા છે. જ્યારે વિધુર અને વિધવા ઉત્તરદાતાઓનું પ્રમાણ અનુક્રમે ૨ ટકા અને ૪.૬૭ ટકા જાણવા મળ્યું છે. એનો અર્થ એ થયો કે અભ્યાસમાં લીધેલ ૯૩.૩૩ ટકા ઉત્તરદાતાઓ પરણીત છે. સામાન્ય રીતે જમીનની માલિકી હકક ધરાવતી વ્યક્તિ મોટી ઉંમરની હોવાથી તે મોટેભાગે પરણીત હોય છે.

## કોષ્ટક નં.૪.૧૪

## લગ્ન સ્થળનું અંતર દર્શાવતું વર્ગીકરણ

| ક્રમ | લગ્ન સ્થળનું અંતર | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ગામથી ગામમાં | ૧૯ | ૬.૩૩ |
| ૨. | ૧થી૧૦ કી.મી.ની અંદર | ૬૩ | ૨૧ |
| ૩. | ૧૧થી૧૫ કી.મી.ની અંદર | ૭૫ | ૨૫ |
| ૪. | ૧૬થી વધુ કી.મી. | ૧૪૩ | ૪૭.૬૭ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

આ કોષ્ટકમાં ઉતરદાતાનાં લગ્ન સ્થળનાં અંતર વિષયક માહિતીનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. જે આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી (૧) ગામમાંથી ગામમાંજ લગ્નનું પ્રમાણ ૧૯ (૬.૩૩ ટકા) જણાયું છે. (૨) ૧થી૧૦ કી.મી.ની અંદર લગ્નનું પ્રમાણ ૬૩ (૨૧ ટકા) જોવા મળ્યું છે. (૩) ૧૧થી૧૫ કી.મી.ની અંદર લગ્નનું પ્રમાણ ૭૫ (૨૫ ટકા) જેટલું જણાયું છે. જ્યારે (૪) ૧૬ થી વધુ કી.મી.માં લગ્નનું પ્રમાણ ૧૪૩ (૪૭.૬૭ ટકા) જોવા મળ્યું છે. જેનો અર્થ એ થયો કે, ડાંગમાં આદિવાસીઓમાં ૧૬ કી.મી. દૂરનાં અંતરે લગ્ન કરવાનું પ્રમાણ સવિશેષ જોવા મળ્યું છે.

આંકડાકીય માહિતી પરથી ડાંગનાં આદિવાસીઓમાં ગામમાં લગ્ન થઈ શકે, પરંતુ પોતાની જાતિમાં જ લગ્ન કરવાની પ્રથા છે. એટલું જ નહીં પરંતુ નજીક કરતાં દૂરના ગામડામાં લગ્ન થાય તે બાબતને ડાંગના લોકો સવિશેષ મહત્વ આપે છે. જે આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે. ઉત્તરદાતાઓ સાથેની મુલાકાતમાં એક બાબત એ પણ સ્પષ્ટ થઈ છે કે, અતિશય દૂરનાં ગામડાંઓમાં પણ લગ્ન કરવાનું ચલણ ઓછું જોવા મળે છે. સામાન્ય રીતે ૫૦ કી.મી.નાં વિસ્તાર સુધી લગ્ન થાય તો લોકોને વાંધો નથી. ટૂંકમાં ગામ નજીકનાં ગામડાંઓ કરતાં ગામથી દૂરનાં ગામડાંઓમાં લગ્ન થાય તે બાબતને ડાંગના લોકો વધુ ઈચ્છનિય ગણે છે.

## કોષ્ટક નં.૪.૧૫

## ઉત્તરદાતાઓના સંતાનોના શિક્ષણ અંગેનું વર્ગીકરણ

| ક્રમ | શિક્ષણનું પ્રમાણ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ૧થી૫ ધોરણ સુધી | ૪૩ | ૧૪.૩૩ |
| ૨. | ૬થી૮ ધોરણ સુધી | ૬૨ | ૨૦.૬૭ |
| ૩. | ૯થી૧૨ ધોરણ સુધી | ૮૧ | ૨૭ |
| ૪. | સ્નાતક સુધી | ૧૧૪ | ૩૮ |
| ૫. | અભણ | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટકની આંકડાકીય માહિતી પરથી જાણાય છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓનાં સંતાનોમાં શિક્ષણનું પ્રમાણ કેટલું છે? તેનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. આ વર્ગીકરણ પરથી સ્પષ્ટ થાય છે કે, ઉત્તરદાતાઓના (૧) ૧થી૫ ધોરણ સુધી ભણતા બાળકોનું પ્રમાણ ૪૩ (૧૪.૩૩ ટકા) જાણાયું છે. (૨) ૬થી૮ ધોરણ સુધી ભણતા બાળકોનું પ્રમાણ ૬૨ (૨૦.૬૭ ટકા) જાણાયું છે. (૩) ૯થી૧૨ ધોરણ સુધી ભણતા બાળકોનું પ્રમાણ ૮૧ (૨૭ ટકા) જાણાયું છે. જ્યારે (૪) સ્નાતક કે અનુસ્નાતકનો અભ્યાસ કરતા બાળકોનું પ્રમાણ ૧૧૪ (૩૮ ટકા) જેટલું છે. અભણ બાળકો હોય એવા એકપણ સંતાન નોંધાયું નથી.

વર્તમાન સમયમાં ડાંગના આદિવાસીઓમાં શિક્ષણ પ્રાપ્ત કરવાની બાબતમાં વિશેષ જાગૃતિ આવી છે. જે ઉપરોક્ત આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે. એટલું જ નહીં પરંતુ વર્તમાન સમયમાં ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરતા સંતાનોનું પ્રમાણ ૩૮ ટકા અને ૯થી૧૨ ધોરણ સુધી અભ્યાસ કરતાં સંતાનોનું પ્રમાણ ૨૭ ટકા જેટલું છે. બંને મળીને કુલ ઉત્તરદાતાઓમાંથી ૧૯૫ (૬૫ ટકા) ઉત્તરદાતાઓનાં સંતાનો ઉચ્ચ શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવાની દિશામાં જઈ રહ્યા છે. એનો અર્થ એ થયો કે, ડાંગમાં જમીન માલિકીનાં વૃક્ષો કાપવાનો હકક મળવાના આર્થિક લાભથી ઉત્તરદાતાઓ તેમના સંતાનોને સારું શિક્ષણ આપવા તરફ પ્રેરાયા છે. જે એક નકકર હકીકત છે. જેના થકી ડાંગના આદિવાસીઓમાં શિક્ષણના ક્ષેત્રે પરિવર્તન પામતી દિશાની એક સારી નિશાની છે.

ઉપરાંત ડાંગમાં માલિકીનાં વૃક્ષો કાપવા માટેના અધિકારથી, સરકાર એટલે કે જંગલખાતા તરફથી જે વાલીના સંતાનો ઉચ્ચ શિક્ષણની વ્યવસાયિક શાખામાં અભ્યાસ કરતા હોય તેમને 'સ્પેશ્યલ કેસ' માં તાત્કાલીક દશ વૃક્ષો કાપવાની મંજુરી આપવામાં આવે છે. એટલા માટે પણ ઉચ્ચ શિક્ષણ મેળવવાનું આકર્ષણ ઉભું થયું છે. સાથે આ લાભ થકી વાલીઓ તેમનાં સંતાનોના શિક્ષણ ખર્ચને પહોંચી વળી શકે છે. એ બાબત પણ અભ્યાસ દ્વારા જાણવા મળી છે. આમ, શિક્ષણક્ષેત્રે પરિવર્તન લાવવામાં આ લાભ ખૂબજ ઉપયોગી બન્યો છે. જે આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે.

**કોષ્ટક નં.૪.૧૬**

**કુટુંબની વાર્ષિક આવક અંગેનું વર્ગીકરણ**

| ક્રમ | વાર્ષિક આવકનું પ્રમાણ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ૫૦૦૧ થી ૧૦૦૦૦ સુધી | ૨૧ | ૭ |
| ૨. | ૧૦૦૦૧ થી ૧૫૦૦૦ સુધી | ૫૮ | ૧૯.૩૩ |
| ૩. | ૧૫૦૦૧ થી ૨૦૦૦૦ સુધી | ૬૯ | ૨૩ |
| ૪. | ૨૦૦૦૧ થી વધુ | ૧૫૨ | ૫૦.૬૭ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

આ કોષ્ટકમાં ઉત્તરદાતાઓનાં કુટુંબ વાર્ષિક આવક દર્શાવવામાં આવી છે. વાર્ષિક આવકને કુલ ચાર વિભાગમાં વર્ગીકૃત કરવામાં આવી છે. (૧) ૫ હજારથી ૧૦ હજાર (૨) ૧૦ હજારથી ૧૫ હજાર (૩) ૧૫ હજારથી ૨૦ હજાર અને (૪) ૨૦ હજારથી વધુ.

સમગ્ર આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે કે, ૫ હજારથી ૧૦ હજાર આવક ધરાવતા કુટુંબોનું પ્રમાણ ૨૧ (૭ ટકા) જેટલું છે. જ્યારે ૨૦ હજારથી વધુ આવક ધરાવતા કુટુંબોનું પ્રમાણ ૧૫૨ (૫૦.૬૭ ટકા) જેટલું સવિશેષ જોવા મળ્યું છે. ઉપરાંત ૧૦ હજારથી ૧૫ હજાર સુધીની આવક ધરાવતા કુટુંબોનું પ્રમાણ ૬૯ (૨૩ ટકા) જેટલું છે અને ૧૫ હજારથી ૨૦ હજાર સુધીની આવક ધરાવતાં કુટુંબોનું પ્રમાણ ૫૮ (૧૯.૩૩ ટકા) જેટલું છે. ૧૦ હજારથી ૨૦ હજાર સુધીની વાર્ષિક આવક ધરાવતાં કુટુંબોનું પ્રમાણ સંયુક્ત રીતે ૧૨૭ (૪૨.૩૩ ટકા) જેટલું થાય છે.

અભ્યાસનાં એકમો તરીકે ઉપયોગમાં લીધેલા ડાંગના કુલ ૩૦૦ આદિવાસી કુટુંબોની વાર્ષિક આવક તપાસતાં એવું જાણાય છે કે જમીન માલિકીનાં વૃક્ષો કાપવાના લાભ થકી ડાંગના આદિવાસીઓની આવકમાં સારી પેઠે વધારો થયો છે. જે ઉપરોક્ત કોષ્ટકનાં આંકડાઓ પરથી જાણી શકાય છે. કારણ કે ૨૦ હજારથી વધુ આવક ધરાવતાં કુટુંબોનું પ્રમાણ ૫૦.૬૭ ટકા જેટલું ઉંચુ જણાયું છે. અર્થાત્ આ લાભ થકી ડાંગના આદિવાસીઓના આવકના અંતમાં નોંધપાત્ર પરિવર્તન જણાયું છે.

## ૪.૪ સામાજિક માહિતીનું વર્ગીકરણ

ઉત્તરદાતાઓનું કૌટુંબિક માહિતીનું વર્ગીકરણ કર્યા બાદ આ ચોથા વિભાગમાં સામાજિક માહિતીનાં સંદર્ભે વર્ગીકરણ કરેલ છે. જેમાં ઉત્તરદાતાઓનાં સામાજિક પાસાઓનું વિશ્લેષણ કરેલ છે. સામાજિક પાસાઓમાં મુખ્યત્વે જન્મનું મહત્વ, સામાજિક પ્રશ્નોમાં સ્ત્રીઓની ભાગીદારી, સ્ત્રીની સુવાવડ, છઠ્ઠીની વિધિ, જન્માક્ષર, મૃત્યુતિથિ વગેરેનો સમાવેશ કર્યો છે. ઉપરાંત લગ્નની બાબતમાં સગપણ વિધિ, જીવનસાથીની પસંદગીની તક, ક્ષેત્ર, રીત, લગ્નવિધિ, કંકોત્રી, મામા-ફોઈનાં લગ્ન, બહુંપત્નીત્વની સાથોસાથ લગ્ન માટે છોકરા અને છોકરીની પસંદગીનાં માપદંડો, કન્યા કે વર શૂલ્ક લગ્ન માટે દેવું, વિધવા કે વિધુર પુનઃર્લગ્ન, છૂટાછેડા વગેરે જેવાં સામાજિક પાસાંને લગતા પ્રશ્નોનું વિશ્લેષણ કર્યું છે.

**કોષ્ટક નં.૪.૧૭**

**કોના જન્મને મહત્વ અંગેનું વર્ગીકરણ**

| ક્રમ | જન્મનું મહત્વ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | પુત્ર | ૦૦ | ૦૦ |
| ૨. | પુત્રી | ૧૦ | ૩.૩૩ |
| ૩. | બંનેના | ૨૯૦ | ૯૬.૬૭ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક ૪.૧૭માં ઉત્તરદાતાઓ કોના જન્મને મહત્વ આપે છે, તે અંગેનું વર્ગીકરણ કરતાં જણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી (૧) માત્ર પુત્ર જન્મને વધુ મહત્વ આપતા હોય તેવા એકપણ ઉત્તરદાતાએ જવાબ આપ્યો નથી. (૨) પુત્રી જન્મને

મહત્વ આપતા હોય તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૧૦ (૩.૩૩ ટકા) હોવાનું જાણાયું છે. (૩) જ્યારે પુત્ર અને પુત્રી બંનેને મહત્વ આપતા હોય તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સવિશેષ ૨૯૦ (૯૬.૬૭ ટકા) હોવાનું જાણાયું છે.

અર્થાત્ ડાંગના લોકો દિકરા અને દિકરી વચ્ચેની ભેદરેખા સ્વીકારતા નથી. ઉભયનું સરખું મહત્વ સર્વેક્ષણ કરતાં જાણાયું છે. એનો અર્થ એવો નથી કે છોકરાનું કોઈ ખાસ મહત્વ જ નથી. વાસ્તવમાં ડાંગમાં પણ દિકરાનું મહત્વ છે. પરંતુ તે દિકરીઓના ભોગે દિકરાઓનું વિશેષ મહત્વ હોય એવું સર્વેક્ષણ દ્વારા જાણવા મળ્યું નથી. માત્ર દિકરીઓ ધરાવતા મા-બાપ દિકરાની અવેજીમાં દિકરી માટે ઘર-જમાઈ લાવીને પોતાનાં ઘરનો વંશવેલો ચાલુ રાખતા હોવાનું પણ જાણાયું છે. તેથી જ ડાંગમાં 'ઘર-જમાઈ'ની વિશેષ મહત્વ રહ્યું હોવાનું જાણાયું છે.

## કોષ્ટક નં.૪.૧૮

## સામાજિક પ્રશ્નોમાં સ્ત્રીની સામેલગીરી અંગેનું વર્ગીકરણ

| ક્રમ | સ્ત્રીની સામેલગીરી | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | ના | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

કોષ્ટક નં.૪.૧૮માં કુટુંબમાં કે સામાજિક પ્રશ્નોમાં સ્ત્રીની સામેલગીરી કે ભાગીદારી અંગેનું વર્ગીકરણ કરતાં જાણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી બધા જ એટલે કે ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓએ કુટુંબ કે સામાજિક પ્રશ્નોમાં સ્ત્રીને પણ સામેલ કરે છે. જે બાબત સંશોધન પરથી સ્પષ્ટ થાય છે. એકપણ ઉત્તરદાતાએ કુટુંબ કે સામાજિક પ્રશ્નોમાં સ્ત્રીની સામેલગીરી અંગે નકારમાં જવાબ આપ્યો નથી.

એનો અર્થ એ થયો કે, ડાંગમાં દીકરીનું મહત્વ હોવાની સાથે સામાજિક ક્ષેત્રે પણ સ્ત્રીનું વિશેષ મહત્વ હોવાનું જાણાયું છે. કારણ કે, કુટુંબના કે સમાજના કોઈપણ પ્રશ્નોમાં સ્ત્રીઓનો મત લેવાતો હોવાનું વલણ સંશોધન પરથી સ્પષ્ટ થાય છે. કુટુંબમાં ખાસ કરીને સગાઈ, લગ્ન, મૃત્યુ વગેરે જેવા પ્રસંગો ઉપરાંત કુટુંબના વ્યવસાય અંગે તેમજ સામાજિક

વ્યવહારો, તહેવારો, ઉત્સવો વગેરે બાબતે સ્ત્રીઓનો મત લેવા પાછળનું મુખ્ય કારણ એ છે કે, આમાંથી ઘણા ખરા પ્રસંગો અને પ્રશ્નોમાં સ્ત્રીની ભૂમિકા મહત્વની બની જતી હોવાથી ડાંગમાં સ્ત્રીને કુટુંબ કે સામાજિક પ્રશ્નોમાં સહભાગી બનાવવાનું વલણ સ્વાભાવિક રીતે જોવા મળે છે. આમ, ડાંગમાં સ્ત્રીનું સ્થાન ઉંચુ હોવાનું આ અભ્યાસ દ્વારા સ્પષ્ટ થાય છે.

**કોષ્ટક નં.૪.૧૯**

**સ્ત્રીની પ્રથમ સુવાવડ અંગેનું વર્ગીકરણ**

| ક્રમ | સ્ત્રીની સુવાવડ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | સ્ત્રીનાં પિયરિયામાં | ૪૫ | ૧૫ |
| ૨. | સ્ત્રીનાં સાસરીયામાં | ૧૮૯ | ૬૩ |
| ૩. | દવાખાનામાં | ૬૬ | ૨૨ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરના કોઠા ૪.૧૯ માં સ્ત્રીની પ્રથમ સુવાવડ અંગેના પ્રશ્નનું વર્ગીકરણ કરતાં જણાયું છે કે કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાં (૧) સ્ત્રીના પિયરિયામાં પ્રથમ સુવાવડ કરાવતા હોય એવા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૪૫ (૧૫ ટકા) જેટલું હોવાનું જણાયું છે. (૨) સ્ત્રીના સાસરીયામાં પ્રથમ સુવાવડ કરાવતા હોય એવા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૧૮૯ (૬૩ ટકા) હોવાનું નોંધાયું છે. જ્યારે (૩) દવાખાનામાં સ્ત્રીની પ્રથમ સુવાવડ કરાવતા હોય એવા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૬૬ (૨૨ ટકા) જેટલું નોંધાયું છે.

સામાન્ય રીતે સભ્ય સમાજમાં સ્ત્રીની પ્રથમ સુવાવડ સ્ત્રીનાં પિયરિયામાં કરાવતા હોય છે. તેની પાછળ ઘણા સામાજિક અને માનસિક કારણો જવાબદાર હોવાનું મનાય છે. પરંતુ ડાંગમાં સામાન્ય રીતે સ્ત્રીની પ્રથમ સુવાવડની બાબતમાં સભ્ય સમાજથી કંઈક ઉલટું હોવાનું આ સંશોધન દ્વારા જણાયું છે. ડાંગમાં સ્ત્રીની પ્રથમ સુવાવડ હોય કે ત્યારપછીની કોઈપણ સુવાવડ હોય મોટાભાગે સ્ત્રીનાં સાસરીયામાં જ કરાવતા હોવાનું જણાયું છે. સ્ત્રીનાં પિયરિયામાં પ્રથમ સુવાવડ કરાવવાનું પ્રમાણ માત્ર ૧૫ ટકા જ નોંધાયું છે. તે પણ ખાસ કરીને આ પ્રમાણ શિક્ષિત વર્ગમાં જ જોવા મળ્યું છે. સામાન્ય વર્ગના લોકોમાં તો સ્ત્રીની પ્રથમ સુવાવડ સ્ત્રીના સાસરીયામાં જ કરાવતા હોવાનું જણાયું છે.

બીજી મહત્વની બાબત સર્વેક્ષણ દ્વારા એ જાણવા મળે છે કે, પહેલાના સમયમાં ડાંગમાં સ્ત્રીની સુવાવડ મોટાભાગે ગામની ‘દાયણો’ દ્વારા કરાવવામાં આવતી હતી. ભાગ્યે જ સ્ત્રીને સુવાવડ માટે દવાખાનામાં દાખલ કરવી પડતી. પરંતુ વર્તમાન સમયમાં ડાંગમાં ખાસ કરીને શિક્ષિત વર્ગ અને આર્થિક રીતે સારી સ્થિતિ ધરાવતા લોકો સ્ત્રીની સુવાવડ માટે દવાખાનામાં દાખલ કરાવવાનું પ્રમાણ વધતું જાય છે. જે સર્વેક્ષણ દ્વારા જાણવા મળ્યું છે. કારણ કે કુલ ઉત્તરદાતાઓમાંથી ૨૨ ટકા ઉત્તરદાતાઓએ સ્ત્રીને સુવાવડ માટે દવાખાનામાં દાખલ કરાવવાનું જણાવ્યું છે. જે બાબત ડાંગમાં સ્ત્રીનાં આરોગ્યની રીતે પરિવર્તનનો નિર્દેશ કરે છે.

## કોષ્ટક નં.૪.૨૦

## છઠ્ઠીની વિધિ (પાચરો પૂજન) અંગેનું વર્ગીકરણ

| ક્રમ | છઠ્ઠીની વિધિ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | ના | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત દર્શાવેલ વર્ગીકરણમાં ઉત્તરદાતાઓની દ્રષ્ટિએ વર્તમાન સમયમાં છઠ્ઠીની વિધિ (પાચરો પૂજન) અંગેની જાણકારી મેળવતાં જણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી બધા જ એટલે કે, ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓએ બાળકના જન્મ પછી છઠ્ઠીની વિધિ કરતાં હોવાનું જણાયું છે.

આમ, ઉપરનાં કોષ્ટક પરથી જાણવા મળે છે કે, ડાંગ જિલ્લાના લોકો હજુ પણ બાળકનાં જન્મ પછી છઠ્ઠીની વિધિ કરતાં હોવાનું જણાયું છે. આ વિધિને હજુ પણ પરંપરાગત રીતે જ અનુસરતા હોય એવું જણાય છે. હજુ છઠ્ઠીની વિધિની બાબતમાં ખાસ કોઈ પરિવર્તન આવ્યું હોય એવું જણાતું નથી.

ડાંગનાં આદિવાસીઓમાં જન્મ, લગ્ન અને મૃત્યુ આ ત્રણેય સંસ્કારવિધિનું સવિશેષ અને આગવું મહત્વ છે. ડાંગમાં બાળકનાં જન્મ બાદ જન્મના પ્રથમ અઠવાડીયામાં જ બાળકનાં જન્મ અને નામકરણની વિધિ કરવામાં આવે છે. જેને ડાંગના લોકો ‘પાચોરા

પૂજન વિધિ' તરીકે ઓળખાવે છે. આ 'પાચોરા પૂજન' નો આધાર જન્મનાર બાળક છોકરા કે છોકરી છે તેના ઉપર રહે છે. છોકરી જન્મી હોય તો ત્રીજા દિવસે અને છોકરો જન્મ્યો હોય તો પાંચમાં દિવસે 'પાચોરા પૂજન' કરવામાં આવે છે. નવજાત બાળકનું નામ પાડવાનું કામ મોટેભાગે દાયણ જ કરતી હોય છે.

સામાન્ય રીતે 'પાચોરા પૂજન' વખતે જ દાયણ નવજાત બાળકનું નામાભિધાન કરે છે. મોટાભાગે દાયણ દ્વારા જે નામ પાડવામાં આવતા હતા તેમાં ગ્રહો કે વારનાં નામ પરથી વર્ણ કે રંગ પરથી, રામાયણ અને મહાભારત તેમજ દેવી-દેવતાના પ્રચલીત પાત્રોના નામ પરથી પણ નામો પાડવાનો સામાન્ય રિવાજ હતો. પરંતુ વર્તમાન સમયમાં ડાંગમાં 'પચોરાની વિધિ' પરંપરાગત રીતે દાયણ દ્વારા જ કરાવવામાં આવતી હોવા છતાં નામાભિધાનની બાબતમાં દાયણને અનુસરવાનું વલણમાં નોંધપાત્ર પરિવર્તન આવી રહ્યું છે. કારણ કે વર્તમાન સમયમાં ડાંગમાં છોકરા કે છોકરીઓનાં નામો આધુનિક સભ્ય સમાજનાં બાળકોનો હોય એવું જાણવા મળ્યું છે. જે નામાભિધાનની બાબતમાં પરિવર્તન આવ્યું હોય તેમ જણાયું છે.

### કોષ્ટક નં.૪.૨૧

### જન્માક્ષર કાઢવા અંગેનું વર્ગીકરણ

| ક્રમ | જન્માક્ષર કાઢવા | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૧૭ | ૫.૬૭ |
| ૨. | ના | ૨૮૩ | ૯૪.૩૩ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક ૪.૨૧માં જન્માક્ષર કાઢવા અંગેનું વર્ગીકરણ કરતાં જણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી જન્માક્ષર કઢાવતા હોય એવા ઉત્તરદાતાઓનું પ્રમાણ માત્ર ૧૭ (૫.૬૭ ટકા) હોવાનું જણાયું છે. જ્યારે ૨૮૩ (૯૪.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ બાળકના જન્મ પછી જન્માક્ષર કઢાવતા નથી એવું જણાવ્યું છે.

ડાંગમાં સામાન્ય રીતે બાળકનાં જન્મ પછી જન્મ અને નામકરણની વિધિ કરતાં હોય એવું જણાયું છે. પરંતુ ડાંગના લોકોમાં બાળકનાં જન્મ પછી જન્માક્ષર કઢાવવાનું

વલણ નહિવત્ જોવા મળે છે. જે થોડે ઘણે અંશે જન્માક્ષર કઢાવવાનો રિવાજ છે તે મોટેભાગે ગુજરાત અને મહારાષ્ટ્રની સરહદના ગામડાંઓ જેમકે, સામગહાન, ગલકુંડ અને નડગચોંડ ગામના (૫.૬૭ ટકા) ઉત્તરદાતાઓએ બાળકનાં જન્મ પછી જન્માક્ષર કઢાવતા હોવાનું જાણાવ્યું છે. જેની પાછળનું મુખ્ય કારણ એ છે કે મહારાષ્ટ્રના બાળકનાં જન્મ પછી જન્માક્ષર કઢાવવાનો સામાન્ય રિવાજ છે. ઉપરોકત ગામડા મહારાષ્ટ્રની સરહદ પરનાં ગામડા હોવાથી તેમના પર મહારાષ્ટ્રના રિવાજોની સામાન્ય અસર જોવા મળે છે. જ્યારે ડાંગ જિલ્લાના લોકોમાં તો મોટાભાગે જન્માક્ષર કઢાવવાનો રિવાજ અસ્તિત્વમાં નથી. જે અભ્યાસ પરથી સ્પષ્ટ થાય છે.

## કોષ્ટક નં.૪.૨૨

## બાળકોની વર્ષગાંઠ ઉજવવા અંગેનું વર્ગીકરણ

| ક્રમ | બાળકોની વર્ષગાંઠ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૪૮ | ૧૬ |
| ૨. | ના | ૨૫૨ | ૮૪ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

કોષ્ટક નં.૪.૨૨માં બાળકોની વર્ષગાંઠ ઉજવવા અંગેનું વર્ગીકરણ કરતાં જાણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૪૮ (૧૬ ટકા) ઉત્તરદાતાઓએ બાળકોની દર વર્ષે વર્ષગાંઠ ઉજવતાં હોય એવું જાણાવ્યું છે. જ્યારે ૨૫૨ (૮૪ ટકા) ઉત્તરદાતાઓએ બાળકોની વર્ષગાંઠ ઉજવતા નથી. એવું જાણાવ્યું છે. એનો અર્થ એ થયો કે, ડાંગના લોકોમાં વર્ષગાંઠ ઉજવવાનું વલણ નહિવત્ છે.

ડાંગના લોકોમાં સામાન્ય રીતે જન્મ, મૃત્યુ, નામકરણ વગેરે વિધિ પોતાના સમાજને અનુરૂપ પરંપરાથી ચાલી આવે છે. પરંતુ બાળકોની વર્ષગાંઠ ઉજવવાની પ્રથા સામાન્ય રીતે ડાંગના લોકોમાં પહેલાંથી જ વિકસેલી હોય એવું જાણવા મળતું નથી. હાલમાં ડાંગના શિક્ષિત અને નોકરીયાત વર્ગમાં બાળકોની વર્ષગાંઠ ઉજવવાનું વલણ વિકસતું જાય છે. ઉપરોકત કોષ્ટકમાં જે (૧૬ ટકા) ઉત્તરદાતાઓએ બાળકોની વર્ષગાંઠ ઉજવવાનું પ્રમાણ જાણાયું છે. તે બધા જ ઉત્તરદાતાઓ ઉચ્ચ શિક્ષાણ પ્રાપ્ત કરનાર અને નોકરીયાત હોવાનું જાણાયું છે. એનો અર્થ એ થયો કે ડાંગમાં સામાન્ય રીતે બાળકોની વર્ષગાંઠ ઉજવવાનું

વલણ જોવા મળતું નથી. પરંતુ વર્તમાન સમયમાં જેમ જેમ શિક્ષિતો અને નોકરીયાતોનું પ્રમાણ વધતું જાય છે. તેમ-તેમ તેઓમાં બાળકોની વર્ષગાંઠ ઉજવવાનું પ્રમાણ વધતું જાય છે. જે વર્તમાન સમયમાં ડાંગના લોકોમાં પરિવર્તનને સૂચિત કરે છે.

**કોષ્ટક નં.૪.૨૩**

**લગ્નની વર્ષગાંઠ ઉજવવા અંગેનું વર્ગીકરણ**

| ક્રમ | લગ્નની વર્ષગાંઠ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૦૦ | ૦૦ |
| ૨. | ના | ૩૦૦ | ૧૦૦ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક ૪.૨૩માં દંપતિઓમાં લગ્નની વર્ષગાંઠ ઉજવવાની બાબતનું વર્ગીકરણ કરતાં જાણાયું છે કે કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી બધા જ ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓએ લગ્નની વર્ષગાંઠ ઉજવતાં નથી. એવો જવાબ આપ્યો હતો. કોઈ પણ ઉત્તરદાતાએ લગ્નની વર્ષગાંઠ ઉજવતા હોય એવું જાણાવ્યું નથી. એટલું જ નહિ પરંતુ પ્રશ્નોતરી દરમિયાન કેટલાંક અભણ ઉત્તરદાતાએ લગ્નની વર્ષગાંઠ ઉજવણીની બાબતમાં અજાણ હોય એવું પણ જાણાયું છે.

સામાન્ય રીતે ડાંગમાં દંપતિઓમાં લગ્નની વર્ષગાંઠ ઉજવવાનાં વલણનો સ્પષ્ટ અભાવ જોવા મળે છે. જો કે કેટલાક શિક્ષિત અને નોકરીયાત ઉત્તરદાતાઓ લગ્નની વર્ષગાંઠ ઉજવવાની બાબતથી ખૂબ સારી રીતે વાકેફ હોવા છતાં, તેને એક ખોટો ખર્ચ કરવા સમાન ગણાવીને આપણા સમાજનો રિવાજ નથી. જ્યારે સામાન્ય લોકો માટે તો લગ્નની વર્ષગાંઠ ઉજવવાનો પ્રસંગ નવો અને આધુનિક હોવાનું જાણાયો હતો. ટૂંકમાં ડાંગમાં દંપતિઓમાં લગ્નની વર્ષગાંઠ ઉજવવાની બાબતમાં કોઈ પરિવર્તન આવ્યું હોય એવું અભ્યાસ દ્વારા જાણાયું નથી.

## કોષ્ટક નં.૪.૨૪

## મૃત્યુતીથિ ઉજવવા અંગેનું વર્ગીકરણ

| ક્રમ | મૃત્યુતીથિની ઉજવણી | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૦૦ | ૦૦ |
| ૨. | ના | ૩૦૦ | ૧૦૦ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક દ્વારા મૃત્યુતીથિની ઉજવણી અંગેનું વર્ગીકરણ કરતાં જાણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી બધા જ, એટલે કે ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓએ મૃત્યુતીથિ ઉજવણીની બાબતમાં નકારમાં જવાબ આપ્યો હતો. એનો અર્થ એ થયો કે, માણસના અવસાન પછી દર વર્ષે ઉજવવામાં આવતી વર્ષી એટલે કે મૃત્યુતીથિ ઉજવણીની બાબત ડાંગમાં સભ્ય સમાજની જેમ સ્વીકૃત પામેલ નથી. જે આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે.

ડાંગના લોકો સામાન્ય રીતે કોઈપણ માણસનાં મૃત્યુ પછીની બારમું કે દાળા (દિવસ)ની વિધિ કરતા હોય છે. જે સામાન્ય અભ્યાસ દ્વારા જાણાયું છે. પરંતુ મૃત્યુ પછી દર વર્ષે ઉજવવામાં આવતી વર્ષી એટલે કે મૃત્યુતીથિ ઉજવવાનું વલણ ડાંગનાં લોકોમાં જોવા મળતું નથી. આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે, ડાંગના લોકોમાં મૃત્યુતીથિ ઉજવણીની બાબતમાં કોઈ પરિવર્તન દેખાતું નથી.

## કોષ્ટક નં.૪.૨૫

## સગપણ કઈ વિધિથી થાય છે તે અંગેનું વર્ગીકરણ

| ક્રમ | સગપણની કઈ વિધિ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | બોલપેન (પરંપરાગત) | ૧૫૫ | ૫૧.૬૭ |
| ૨. | સગાઈ (આધુનિક) | ૬૯ | ૨૩ |
| ૩. | બન્ને વિધિ | ૭૬ | ૨૫.૩૩ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક ૪.૨૫માં ડાંગ પ્રદેશના લોકોમાં સગપણ કઈ વિધિથી થાય છે, તે અંગેનું વર્ગીકરણ કરતાં જણાયું છે કે કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૧૫૫ (૫૧.૬૭ ટકા) ઉત્તરદાતાઓ બોલપેન (પરંપરાગત) વિધિથી સગપણ કરતાં હોવાનું જણાયું છે. ૬૯ (૨૩ ટકા) ઉત્તરદાતાઓ સગાઈ (આધુનિક) વિધિથી સગપણ કરતાં હોવાનું જણાયું છે. જ્યારે ૭૬ (૨૫.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ બોલપેન (પરંપરાગત) અને સગાઈ (આધુનિક) બન્ને વિધિથી સગપણ કર્યું હોય એવું જણાવ્યું છે.

ડાંગી આદિવાસીઓની લગ્ન પદ્ધતિનો રિવાજ 'બોલપેન' અને 'મોટી પેન' એવા બે વિભાગમાં વહેંચાયેલી હતી. 'બોલપેન' ને ડાંગી આદિવાસીઓ 'નાનીપેન' પણ કહે છે. 'બોલપેન' (નાનીપેન) એટલે ડાંગી આદિવાસીઓનું લગ્ન પહેલાનું વેવિશાળ. એટલે કે લગ્ન પહેલાં દહેજ અથવા બીજી વિગતો નકકી કરવાનો પ્રસંગ. (દહેજ અહી કન્યા શૂલ્ક નહી પરંતુ વરશૂલ્ક એવું માનવામાં આવે છે.) વરપક્ષવાળા છોકરા સાથે કન્યા પક્ષવાળાને ઘરે જઈ છોકરીની માંગણી કરે છે. છોકરીની ઈચ્છા હોય તો જ 'બોલપેન' અથવા 'નાની પેન' ભરવામાં આવે છે. 'કુનબી' જાતિના લોકો આ રીવાજને 'કંકુના માંગણા' એમ પણ કહે છે. ડાંગના લોકોમાં સગપણની આ પરંપરાગત પદ્ધતિ છે. હાલમાં પણ આ પદ્ધતિ મુજબ સગપણ કરનારાઓનું પ્રમાણ (૫૧.૬૭ ટકા) માલુમ પડ્યું છે.

સગપણ કરવાની બીજી પદ્ધતિ તે 'સગાઈની વિધિ' વર્તમાન સમયમાં ડાંગમાં શિક્ષિતો, આર્થિક રીતે સદ્ધર હોય તેવા લોકો સગપણની પરંપરાગત 'બોલપેન'ની વિધિની જગ્યાએ 'સગાઈ'ની આધુનિક પદ્ધતિને અનુસરવા લાગ્યા છે. જેમાં વરપક્ષવાળા કન્યાનું

માંગુ લઈને આવે છે ત્યારે કન્યાપક્ષવાળાને છોકરો પસંદ હોય તો, છોકરા અને છોકરીને ઘરના આંગણામાં બે ખુરશી પર બેસાડીને ફુલહાર પહેરાવીને વરપક્ષવાળા અને કન્યાપક્ષવાળા બધા જ લોકો ચાલ્લો કરવાની વિધિ કરે છે. સગપણની આ સગાઈ (આધુનિક) વિધિ કરનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ (૨૩ ટકા) હોવાનું જણાય છે.

જ્યારે કુલ ઉત્તરદાતાઓમાંથી (૨૫.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ બોલપેન (પરંપરાગત) વિધિ અને સગાઈ (આધુનિક) વિધિ બન્ને વિધિને અનુસરતા લોકોનું એવું માનવું હતું કે, આ બંને વિધિ કરવાથી આપણી પરંપરાગત 'બોલપેન'ના રિવાજને પણ આપણે માન આપીએ છીએ અને ખાસ કરીને ડાંગના વડીલો આ રીવાજને યોગ્ય ગણે છે. તેમનું માન જળવાઈ રહે એટલા માટે પણ પરંપરાગત વિધિને અનુસરતાં હોવાનું જણાવ્યું છે. જ્યારે નવી પેઢી, શિક્ષિતો તેમજ આર્થિક સ્થિતિ સારી હોય તેવા લોકો આધુનિક 'સગાઈ' દ્વારા સગપણ કરવાનો આગ્રહ કરે છે. જે ડાંગના સગાઈની વિધિની બાબતમાં પરિવર્તન આવી રહ્યું છે, સ્પષ્ટપણે જાણી શકાય છે.

**કોષ્ટક નં.૪.૨૬**

**બાળકોને જીવનસાથીની પસંદગી અંગેનું વર્ગીકરણ**

| ક્રમ | જીવનસાથીની પસંદગી | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૧૪૯ | ૪૯.૬૭ |
| ૨. | ના | ૧૫૧ | ૫૦.૩૩ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક ૪.૨૬માં ઉત્તરદાતાઓનાં બાળકોને જીવનસાથીની પસંદગી અંગેનું વર્ગીકરણ કરતાં જાણાયું છે કે કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૧૪૯ (૪૯.૬૭ ટકા) ઉત્તરદાતાઓ એ તેમનાં સંતાનોને જીવનસાથીની પસંદગીની તક આપતા હોવાનું જણાવ્યું છે. જ્યારે ૧૫૧ (૫૦.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ તેમનાં સંતાનોને જીવનસાથીની પસંદગીની તક આપતા નથી. પરંતુ માતા-પિતા અને વડીલો દ્વારા જીવનસાથીની પસંદગી કરતા હોવાનું જણાવ્યું છે.

લગ્ન એ ડાંગી આદિવાસીઓની એક મહત્વની સામાજિક વિધિ ગણાય છે. ડાંગના

લોકોમાં તેમના પુખ્તવયના સંતાનો માટે જીવનસાથીની પસંદગી માટેના સામાન્ય ધોરણ તરીકે માતા-પિતા અને વડિલો દ્વારા જીવનસાથીની પસંદગી થતી હોવાનું પરંપરાગત રિવાજ છે. તેમ છતાં વર્તમાન સમયમાં શિક્ષણનું પ્રમાણ વધવાને કારણે તેમજ મજૂરી કે કામ અર્થે બહારગામ જવાનું પ્રમાણ વધવાને કારણે તેમજ સંતાનોને જીવનસાથીની પસંદગીની બાબતમાં અમુક અંશે સ્વતંત્રતા મળી હોવાનું અભ્યાસ ઉપરથી જાણાયું છે. જેમકે કુલ ઉત્તરદાતાઓમાંથી ૪૯.૬૭ ટકા ઉત્તરદાતાઓએ તેમના સંતાનોને જીવનસાથીની પસંદગીની બાબતમાં સ્વતંત્ર્યતા આપતા હોવાનું જાણાયું છે. જે બાબત ડાંગના લોકોમાં જીવનસાથીની પસંદગીની બાબતમાં પરિવર્તનો સૂચવે છે. જે અભ્યાસ દ્વારા સ્પષ્ટ થાય છે.

## કોષ્ટક નં.૪.૨૭

## જીવનસાથીની પસંદગીમાં લગ્ન સંબંધોનું ક્ષેત્ર અંગેનું વર્ગીકરણ

| ક્રમ | જીવનસાથીની લગ્નસંબંધોનું ક્ષેત્ર | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | પોતાની જાતિમાં | ૨૯૦ | ૯૬.૬૭ |
| ૨. | અન્ય કોઈપણ જાતિમાં | ૧૦ | ૩.૩૩ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક દ્વારા ઉત્તરદાતાઓનાં સંતાનોના જીવનસાથીની પસંદગીમાં લગ્ન સંબંધોનું ક્ષેત્ર અંગેનું વર્ગીકરણ કરતા જાણાયું છે કે, મહદઅંશે એટલે કે કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૨૯૦ (૯૬.૬૭ ટકા) ઉત્તરદાતાઓએ તેમના સંતાનો માટે જીવનસાથીની પસંદગીનું ક્ષેત્ર અંગે માત્ર પોતાની જાતિમાંથી જ જીવનસાથી પસંદ કરે એવો આગ્રહ રાખતા હોવાનું આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે. માત્ર ૧૦ (૩.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ જ પોતાનાં સંતાનો માટે જીવનસાથીની પસંદગી કરે એવો જવાબ આપેલ છે.

સામાન્ય રીતે ડાંગના લોકો પુખ્તવયના સંતાનો માટે જીવનસાથીની પસંદગીમાં સ્વતંત્રતા આપતા હોવાનું અભ્યાસનાં આંકડાઓ પરથી જાણાયું છે. પરંતુ તેઓ પોતાના પુખ્તવયના સંતાનો પોતાની જાતિમાંથી જ જીવનસાથીની પસંદગી કરે તેવો આગ્રહ રાખતા હોય છે. અન્ય જાતિમાંથી જીવનસાથીની પસંદગી ન કરે તેવો સામાન્ય નિયમ છે. એનો અર્થ એ થયો કે, ડાંગના લોકો સામાન્ય રીતે આંતરજાતીય લગ્નમાં માનતા નથી.

તેની પાછળનું મુખ્ય કારણ એ છે કે, જેમ જ્ઞાતિવ્યવસ્થામાં સામાજિક દરજ્જાના 'કૌટુંબિક' માળખામાં જુદી જુદી જ્ઞાતિઓ વચ્ચે સાપેક્ષ રીતે ઉચ્ચ અને નિમ્નનો કોટીક્રમ નિર્ધારિત કરેલ છે તેવીજ રીતે ડાંગમાં વસવાટ કરતી જુદી-જુદી જનજાતિઓમાં પણ સામાજિક દરજ્જાના 'કોટીક્રમિક' માળખામાં ઉચ્ચ અને નિમ્નનો કોટિક્રમ જોવા મળે છે.

સામાજિક કોટીક્રમીક માળખામાં ડાંગમાં વસવાટ કરતી જુદી જુદી જાતિઓમાં કુનબી (કુંકણા) આદિવાસી સર્વોચ્ચ સ્થાન ધરાવે છે. ત્યારપછી ઉતરતાં ક્રમમાં વારલી, ગામીત, ભીલ, વસાવા, કોટવાળીયા વગેરે સામાન્ય રીતે દરજ્જાની બાબતમાં ક્રમ લોકોમાં સ્વીકૃત બનેલો છે. તેથી જ જુદી જુદી જાતિઓ વચ્ચે લગ્નની બાબતમાં નિષેધ માનવામાં આવે છે જેમ કે કુનબી અને ભીલ જાતિના પુખ્તવયનાં સંતાનો વચ્ચે લગ્નની બાબતમાં નિષેધ માનવામાં આવે છે. કારણ કે, કુનબીઓ સામાન્ય સામાજિક દરજ્જાનાં 'કોટિક્રમિક' માળખામાં પોતાની જાતિને ભીલ જાતિ કરતાં ઉંચી માને છે. જ્યારે ભીલ જાતિના લોકોને તેઓ નીચા માને છે. આ જાતિ આધારિત ઉચ્ચ-નિમ્નનો ખ્યાલ એ ડાંગ જિલ્લાના લોકોની એક આગવી વિશેષતા છે. તેથી જ સંતાનોના જીવનસાથીની પસંદગીમાં લગ્નસંબંધોનું ક્ષેત્ર માત્ર પોતાની જાતિ પૂરતું મર્યાદીત હોવાનું અભ્યાસ ઉપરથી પણ જાણાયું છે. અન્ય જાતિમાંથી જીવનસાથીની પસંદગી કરવાનું વલણ ડાંગમાં જોવા મળતું નથી. તેથી આ બાબત પરિવર્તન નહિવત્ જોવા મળે છે.

## કોષ્ટક નં.૪.૨૮

## કુટુંબમાં જીવનસાથીની પસંદગી કઈ રીતે થાય છે તે અંગેનું વર્ગીકરણ

| ક્રમ | જીવનસાથીની પસંદગી | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | સ્વપસંદગી | ૫૭ | ૧૯ |
| ૨. | માતા-પિતા દ્વારા | ૨૩૫ | ૭૮.૩૩ |
| ૩. | પ્રેમલગ્ન | ૮ | ૨.૬૭ |
| ૪. | સિવિલ મેરેજ | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

કોષ્ટક નં.૪.૨૮માં કુટુંબમાં સંતાનો માટે જીવનસાથીની પસંદગી કઈ રીતે થાય છે તે અંગેનું વર્ગીકરણ કરતાં જણાયું છે કે કુલ ઉત્તરદાતાઓમાંથી ૫૭ (૧૯ ટકા) ઉત્તરદાતાઓએ તેમનાં સંતાનો માટે જીવનસાથીની પસંદગીમાં સ્વપસંદગી લગ્નને પસંદગી આપી હોવાનું જણાવ્યું છે. ૨૩૫ (૭૮.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ પોતાના સંતાનો માટે જીવનસાથીની પસંદગીમાં માતાપિતા અને વડીલો દ્વારા લગ્નને પસંદગી આપી હોવાનું જણાવ્યું છે. ૮ (૨.૬૭ ટકા) ઉત્તરદાતાઓએ તેમના સંતાનોએ પ્રેમલગ્ન દ્વારા જીવનસાથીની પસંદગી કરી હોવાનું જણાવ્યું છે. જ્યારે સિવિલ મેરેજ દ્વારા જીવનસાથીની પસંદગી થઈ હોય એવો એક પણ કિસ્સો જાણવા મળ્યો નથી.

સામાન્ય રીતે ડાંગમાં વસવાટ કરતી જુદી-જુદી આદિવાસી જાતિઓમાં કુટુંબ દ્વારા તેમના સંતાનો માટે જીવનસાથીની પસંદગીમાં મોટાભાગે માતા-પિતા અને વડિલો દ્વારા જ સંતાનો માટે જીવનસાથીની પસંદગી થતી હોવાનું અભ્યાસનાં સર્વેક્ષણ દ્વારા જાણવા મળ્યું છે. કારણ કે, મારાં આ સંશોધનમાં (૭૮.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ તેમના સંતાનો માટે જીવનસાથીની પસંદગીમાં માતા-પિતા અને વડિલો યોજીત લગ્નનું પ્રમાણ જાણવા મળ્યું છે. સ્વપસંદગી દ્વારા જીવનસાથીની પસંદગી કરનારાઓનું પ્રમાણ (૧૯ ટકા) જાણવા મળ્યું છે. સ્વપસંદગીના લગ્નમાં પણ અભ્યાસ દ્વારા એવું જાણવા મળ્યું કે, સંતાનો જીવનસાથીની સ્વપસંદગીમાં પોતાની જાતિમાંથી જ જીવનસાથીની પસંદગી કરી હોવાનું જરાયું છે. પ્રેમલગ્નનું પ્રમાણ તો નહિવત્ (૨.૬૭) ટકા જ જાણવા મળ્યું છે. આ બાબત પરથી સ્પષ્ટ થાય છે. ડાંગમાં જીવનસાથીની પસંદગીમાં પરંપરાગત માતા-પિતા અને વડીલો દ્વારા જીવનસાથીની

પસંદગીનું ધોરણ હજુ પણ ટકી રહ્યું હોવાનું જાણાયું છે. આધુનિક પ્રેમલગ્ન કે સિવિલ મૅરેજના નવા વિચારો હજુ સ્વીકૃત બન્યા નથી. તેથી આ બાબતમાં ખાસ પરિવર્તન જોવા મળતું નથીત.

**કોષ્ટક નં.૪.૨૯**

**લગ્નની વિધિ કોની પાસે કરાવે છે તે અંગેનું વર્ગીકરણ**

| ક્રમ | લગ્નની વિધિ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | વડીલો પાસે | ૧૬૯ | ૫૬.૩૩ |
| ૨. | બ્રાહ્મણો પાસે | ૬૯ | ૨૩ |
| ૩. | ખ્રિસ્તી પાદરી પાસે | ૬૨ | ૨૦.૬૭ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક દ્વારા લગ્ન પ્રસંગે લગ્નની વિધિ કોની પાસે કરાવવામાં આવે છે, તે અંગેનું વર્ગીકરણ કરતાં જાણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ડાંગમાં પરંપરાગત વડીલો આધારિત લગ્નની વિધિને અનુસરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૧૬૯ (૫૬.૩૩ ટકા) જેટલું નોંધાયું છે. બ્રાહ્મણ દ્વારા આધુનિક લગ્નની વિધિને અનુસાર ઉત્તરદાતાઓનું પ્રમાણ ૬૯ (૨૩ ટકા) જેટલું હોવાનું જાણાયું છે. જ્યારે જે લોકો ખ્રિસ્તી ધર્મ પાળે છે તેઓ લગ્ન પ્રસંગે ખ્રિસ્તી પાદરી પાસે પ્રાર્થના દ્વારા લગ્નની વિધિ કરતાં હોય એવા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૬૨ (૨૦.૬૭ ટકા) હોવાનું જાણાયું છે.

ડાંગ જિલ્લામાં લગ્નની વિધિનું આગવું અને વિશિષ્ટ આગવું સ્થાન છે. ડાંગમાં સ્થાનિક વિસ્તારના લોકોમાં પરંપરાથી લગ્નની વિધિનું એક આગવું સ્વરૂપ વિકસેલું છે. જેમાં લગ્ન પહેલાંની સગાઈની વિધિને તેઓ 'બોલપેન' કહે છે. જેનો બીજા શબ્દોમાં 'નાની પેન' પણ કહે છે. ડાંગના લોકોની માન્યતા મુજબ 'બોલપેન' એ લગ્નનું નાનું સ્વરૂપ છે. જ્યારે 'મોટીપેન' એટલે ડાંગી લોકોને મન યુવક અને યુવતીનું લગ્ન.

'મોટીપેન' એટલે કે લગ્ન વખતે વરપક્ષના સગા-સંબંધીઓ જાન લઈ કન્યાપક્ષે જાય છે. ત્યાં સ્ત્રીઓ ડાંગીમાં લગ્નગીત ગાતી હોય છે. ડાંગી વાજીંત્રોમાં કાહળ્યા (શરણાઈનું એક સ્વરૂપ) અને શામળ્યા (ઢોલકનું એક સ્વરૂપ) ના સૂરથી નાચગાન થાય છે. વરપક્ષવાળા

નાચગાન કરતાં-કરતાં કન્યાના ઘરના આંગણે પહોંચે ત્યારે ત્યાં કન્યાપક્ષની ડાંગીમાં ગીત ગાતી વડિલ સ્ત્રીઓનું વૃંદ વરપક્ષવાળા બધા સગા-સંબંધીઓના પગ ધોવાળાવવાની વિધિ કરીને પછી બધાને મંડપમાં બેસવાનું કહે છે. ત્યારપછી બધાને પાણી, રસના વગેરે પીવડાવે છે. ત્યાર પછી કન્યાપક્ષના અને વરપક્ષવાળા વડીલો, સગા-સંબંધીઓ અને બન્ને ગામના પટેલ, કારભારી, સરપંચ તેમજ બીજા નામાંકીત આગેવાનને કન્યાના ઘરમાં જ્યાં અનાજની કોઠી રાખેલી હોય ત્યાં, કન્યાના ઘરના આરાધ્ય દેવોની 'સલન' (દેવોને રાખવા માટે વાંસમાંથી બનાવેલું મંદિર આકારનું સ્થાન) રાખીને ત્યાં વર અને કન્યાને બેસાડીને તેમના આ પરંપરાગત દેવોની સાક્ષીએ 'દેહવારા' પૂજવામાં આવે છે. ત્યાં વર અને કન્યાને કંકુ અને ચોખાનો તિલક કરીને સાથે બધા વડીલો, સગા-સંબંધીઓ, આગેવાનોને પણ કંકુ અને ચોખાના તિલક કરીને 'દેહવારા' પુંજાઈ ગયાની જાનૈયાઓને જાણ કરવામાં આવે છે. એનો અર્થ એ થયો કે ડાંગી લગ્નની વિધિ પૂરી થઈ છે, એવું માનવામાં આવે છે. આવી વડીલો આધારીત પરંપરાગત વિધિથી લગ્ન થતા હોય તેનું પ્રમાણ (૫૬.૩૩ ટકા) હોવાનું જાણાયું છે. એનો અર્થ એ થયો કે ડાંગનાં વર્તમાન સમયમાં હજુ પરંપરાગત વડિલો યોજીત લગ્નનું પ્રચલન ટકી રહેવા પામ્યું હોવાનું જાણાયું છે.

બીજી બાજુ શિક્ષિત, નોકરીયાતો, સારી આર્થિક સ્થિતિ ધરાવતા તેમજ સભ્ય સમાજના સંપર્કમાં આવનારા ડાંગના લોકોમાં વર્તમાન સમયમાં બ્રાહ્મણ દ્વારા લગ્નની વિધિ થતી હોય એવું પણ અભ્યાસ દ્વારા જાણાયું છે. કારણ કે કુલ ઉત્તરદાતાઓમાંથી (૨૩ ટકા) ઉત્તરદાતાઓએ લગ્ન પ્રસંગે બ્રાહ્મણોની સેવા લીધી હોવાનું જાણાવ્યું છે. એનો અર્થ એ થયો કે ડાંગના લોકોમાં વર્તમાન સમયમાં લગ્નની આધુનિક બ્રાહ્મણ વિધિનું મહત્વ વધતું જતું હોવાનું જાણાયું છે. જે લગ્નની વિધિની બાબતમાં પરિવર્તનને સૂચવે છે.

ઉપરાંત ડાંગમાં ખ્રિસ્તીધર્મ પાળતા લોકોનું પ્રમાણ સારું એવું ઉંચુ રહ્યું છે. ત્યારે ખ્રિસ્તી ધર્મ સાથે સંકળાયેલા ઉત્તરદાતાઓ દ્વારા ખ્રિસ્તી પાદરીઓ પાસે પ્રાર્થના દ્વારા લગ્નની વિધિ કરાવતા હોવાનું પણ જાણાવ્યું છે. જેમાં ખ્રિસ્તી ધર્મનો પવિત્ર ગ્રંથ બાઈબલના જુદા-જુદા અધ્યાયમાં વર અને કન્યા માટે લગ્ન પછી કયા પ્રકારની જવાબદારી અદા કરવાની છે તે ખ્રિસ્તી પાદરી દ્વારા સમજાવવામાં આવે છે. ઈસુ ભગવાનની સાક્ષીએ વર અને કન્યા લગ્ન કરાવવામાં આવે છે. ડાંગી ખ્રિસ્તી ધર્મ પાળતા લોકો વર અને કન્યાની

લગ્નની વિધિ કરાવતા ખ્રિસ્તી પાદરીને 'પાસ્ટર'નાં નામથી ઓળખાવતાં હોવાનું અભ્યાસ દ્વારા જાણવા મળ્યું છે. 'પાસ્ટર' એટલે ડાંગી ખ્રિસ્તી ધર્મ પાડતા લોકોને મન જીવનના માર્ગદર્શક.' આમ, ડાંગમાં ખ્રિસ્તી-પાદરી દ્વારા લગ્નની વિધિ થતી હોવાનું અભ્યાસ દ્વારા માલુમ પડ્યું છે.

## કોષ્ટક નં.૪.૩૦

## લગ્નવિધિ કયાં કરવામાં આવે છે તે અંગેનું વર્ગીકરણ

| ક્રમ | લગ્નવિધિ કયાં કરવામાં આવે છે | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | કન્યાને ઘરે | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | વરને ઘરે | ૦૦ | ૦૦ |
| ૩. | સગવડતા પ્રમાણે | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક દ્વારા લગ્નવિધિ કયા સ્થળે કરવામાં આવે છે તે અંગેનું વર્ગીકરણ કરતાં જાણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી બધા જ એટલે કે ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓ લગ્નની વિધિ કન્યાના ઘરે જ કરતાં હોવાનું જણાવ્યું છે. બીજા અને ત્રીજા વિકલ્પ તરીકે વરના ઘેર કે પછી સગવડતા પ્રમાણે આ બંને વિકલ્પ પ્રમાણે એક પણ ઉત્તરદાતાએ હકારમાં જવાબ આપ્યો નથી. જે અભ્યાસ દ્વારા સ્પષ્ટ થયું છે.

ડાંગ પ્રદેશમાં સામાન્ય રીતે બધી જ જાતિઓમાં લગ્ન પ્રસંગે લગ્નની વિધિ કન્યાના ઘરે કરવામાં આવતી હોય છે. વરપક્ષવાળા જાન લઈને કન્યાના ઘરે જાય છે. લગ્નની વિધિ પરંપરાગત 'મોટીપેન' સ્વરૂપની કરવામાં આવતી હોય કે પછી આધુનિક બ્રાહ્મણ દ્વારા લગ્ન કરવામાં આવતા હોય કે પછી ખ્રિસ્તી પાદરી દ્વારા લગ્ન કરાવવામાં આવતા હોય- આ બધા જ લગ્ન માટે લગ્નની વિધિ કન્યાના ઘરે જ થતી હોવાનું જણાયું છે. લગ્નવિધિના સ્થળની બાબતમાં ડાંગ જિલ્લાના લોકો સભ્ય સમાજના લોકોની જેમ કન્યાના ઘરે જ લગ્નવિધિ કરતા હોવાનું જણાયું છે.

## કોષ્ટક નં.૪.૩૧

## લગ્ન પ્રસંગે કેવા ગીતો ગવાય છે તે અંગેનું વર્ગીકરણ

| ક્રમ | લગ્નગીતો | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | પરંપરાગત | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | આધુનિક | ૧૮૭ | ૬૨.૩૩ |
| ૩. | બંને પ્રકારના | ૧૮૭ | ૬૨.૩૩ |

ઉપરોક્ત કોષ્ટક ૪.૩૧માં ઉત્તરદાતાઓ લગ્ન પ્રસંગે કેવા ગીતો ગાય છે, તે અંગેનું વર્ગીકરણ કરતાં જણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી બધા જ એટલે કે, ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓએ ઓછે યા વતે અંશે પરંપરાગત લગ્ન ગીતો ગવાતાં હોવાનું જણાવ્યું છે. કારણ કે ડાંગમાં લગ્ન પ્રસંગની પ્રારંભની વિધિમાં ફરજીયાત પરંપરાગત ગીતો તરીકે 'ધવળ'નાં ગીતો ગાવાનાં હોય છે. કુલ ઉત્તરદાતાઓમાંથી ૧૮૭ (૬૨.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ લગ્ન પ્રસંગે આધુનિક ગીતો ગાતાં હોવાનું જણાયું છે. જ્યારે કુલ ઉત્તરદાતાઓમાંથી ૧૮૭ (૬૨.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ પરંપરાગત લગ્ન ગીતોની સાથે આધુનિક લગ્નનાં ગીતો ગાતાં હોવાનું અભ્યાસ દ્વારા જણાવ્યું છે.

ડાંગમાં દીકરા કે દીકરીના લગ્ન પ્રસંગે લગ્ન વિધિનો પ્રારંભ પરંપરાગત 'ધવળ' ના લગ્ન ગીતથી શરૂ થાય છે. જેમાં 'ધવળ' એ ઘરના કે કુટુંબના દેવી-દેવતાઓને વિનવણી કરીને, પહેલાં જમીન, પાણી, હળદર, કંકુ, મંડપ, ખાંડણીયો વગેરેની પૂજા દેવી-દેવતાઓની સાક્ષીએ કરવામાં આવે છે.

'ધવળ'- એ લગ્ન ગીત ગાતી ચારથી પાંચ વયોવૃદ્ધ સ્ત્રીઓનાં વૃંદને 'ધવળ ગાનારીન' (ધવળનું લગ્ન ગીત ગાતી સ્ત્રીઓ) તરીકે ઓળખવામાં આવે છે. જેમને લગ્ન પ્રસંગે ખૂબ માન આપવામાં આવે છે. કારણ કે આખો લગ્નવિધિના પ્રસંગનો આધાર આ 'ધવળ ગાનારીન' સ્ત્રીઓ પર રહે છે. તેઓ જ્યાં સુધી જમીન (માટી), પાણી, હળદર, કંકુ, મંડપ, ખાંડણીયો વગેરેનું 'સુતવાનું કામ' (પુજા કરવાનું કામ) પૂરું ન કરે ત્યાં સુધી ઉપવાસ કરે છે. તેથી જ ડાંગી લગ્નમાં 'ધવળ ગાનારીની' ભૂમિકા લગ્ન પ્રસંગે ખૂબ પવિત્ર મનાય છે. બ્રાહ્મણ પણ 'ગ્રહશાંતક'ની વિધિ વખતે આ સ્ત્રીઓનાં વૃંદને ખૂબ મહત્વ આપે છે. સાથો-સાથ લગ્ન પ્રસંગે અન્ય કેટલાક ભૌગોલિક પ્રદેશને અનુરૂપ લગ્ન ગીતો ગવાય છે.

જેમકે, (૧) 'આમું ડોંગર ચઢી ઉનાંવ વ પાંય ભંગીલે.' અર્થાત્ (અમે ડુંગર ચઢીને લગ્નમાં આવ્યા છીએ પગ થાકી ગયા છે.)

(૨) 'જંગલ જંગલ જંગલ...

જંગલાત મદી માલા દિલાંતર,

દેજ ના લોબીન ઝાલાતર બાપા ઝાલાતર...

આતાંત ખૂબ રડીસર બાપા રડીસલર'...

અર્થાત્ (પોતાના પિતાને ઉદ્દેશીને પોતાની વ્યથા આ લગ્ન ગીત દ્વારા દિકરી વ્યક્ત કરે છે. જેમકે, જંગલ જંગલ જંગલ, જંગલમાં મને પરણાવી રે... પિતાજી, દહેજના લોભી થયા રે બાપુજી (૨) હવે તમેં ખુબ રડશો રે... બાપુજી (૨) ટૂંકમાં, ઉપરોક્ત લગ્ન ગીતો જેવા લગ્ન ગીતો પરંપરાગત સ્વરૂપના હોવાની સાથે ત્યાંની ભૌગોલિક પરિસ્થિતિને નિર્દેશ કરે છે. પહેલાનાં સમયમાં આવા પરંપરાગત સ્વરૂપના લગ્ન ગીતો ગવાતાં હતાં.

પરંતુ વર્તમાન સમયમાં ડાંગમાં લગ્ન પ્રસંગે પરંપરાગત ગીતોની સાથે આધુનિક લગ્ન ગીતો ગવાતા હોવાનું જાણાયું છે. જેમકે,

૧. 'માંડવડે રે કંઈ ઢાળોને બાજોટી,
કે ફરતે મેલોને કંકાવટી,
તેડાવો રે મારા પાટણપુરના જોષી કે,
આજ મારે જોવાં છે ચોઘડિયાં.'

૨. 'કંકુ સાથે કંકોતરી મોકલો રે,
મોકલો-મોકલો મામાને દરબાર,
મામા રે વહેલા લગનમાં આવજો.'

૩. 'પીઠી ચોળો રે પંચ કલ્યાણી,
પીઠી મુંબઈ શહેરથી આવી,
પીઠી આહવા શહેરમાં વટાવી,
પીઠી ચોળો રે પંચ કલ્યાણી.'

ટૂંકમાં, વર્તમાન સમયમાં ડાંગમાં લગ્ન પ્રસંગે ગવાતા પરંપરાગત લગ્ન ગીતોની સાથે આવાં આધુનિક લગ્નગીતો પણ ગવાતાં થયા છે. આમ લગ્ન ગીતોની બાબતમાં ડાંગમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે.

## કોષ્ટક નં.૪.૩૨

## લગ્નમાં કંકોત્રી છપાવવા અંગેનું વર્ગીકરણ

| ક્રમ | કંકોત્રી છપાવવા | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૨૬૬ | ૮૮.૬૭ |
| ૨. | ના | ૩૪ | ૧૧.૩૩ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક નં.૪.૩૨માં લગ્ન માટે ઉત્તરદાતાઓ કંકોત્રી છપાવે છે કે કેમ? તે અંગેનું વર્ગીકરણ કરતાં જાણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૨૬૬ (૮૮.૬૭ ટકા) ઉત્તરદાતાઓ લગ્ન પ્રસંગે કંકોત્રી છપાવતા હોવાનું જણાવ્યું છે. જ્યારે ૩૪ (૧૧.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ લગ્ન પ્રસંગે કંકોત્રી છપાવતા ન હોવાનું જણાવ્યું છે.

લગ્ન પ્રસંગે સગા-સંબંધીઓ, મિત્ર-મંડળને નોતરું દેવા માટે કંકોત્રી દેવાનો રિવાજ સામાન્યપણે જોવા મળે છે. આજથી ૪૦થી૫૦ વર્ષ પહેલાં ડાંગમાં ડાંગના લોકો પોતાના સંતાનોના લગ્ન પ્રસંગે કંકોત્રી છપાવીને સગા-સંબંધીઓને પહોંચાડતા ન હતા, પણ મોટેભાગે મોઢા-મોઢ રૂબરૂ જઈને સગા-સંબંધીઓને નોતરું આપતા હતા. ત્યારે ભાગ્યે જ કોઈ કંકોત્રી છપાવતું હતું. તેની પાછળનું મુખ્ય કારણ એ હતું કે, ડાંગનો આખો પ્રદેશ ખૂબ નાનો છે. ઉપરાંત સગા-સંબંધીઓ પોતાના ગામ નજીકના ગામડાઓમાં જ રહેતા હતા. તેથી કંકોત્રી કરતાં રૂબરૂ જઈને લગ્ન કે અન્ય પ્રસંગનું આમંત્રણ આપતા હતા. પરંતુ છેલ્લો ૨૫-૩૦ વર્ષથી ડાંગમાં લગ્ન પ્રસંગે કંકોત્રી દેવાનો રિવાજ ડાંગમાં સામાન્ય બની ગયો છે. આમ, લગ્ન પ્રસંગે કંકોત્રી દ્વારા નોતરું દેવાની બાબતમાં ડાંગમાં ચોકકસપણે પરિવર્તન આવ્યું છે. જે ઉપરના અભ્યાસના આંકડા દ્વારા સ્પષ્ટ થાય છે.

## કોષ્ટક નં.૪.૩૩

## મામા-ફોઈનાં સંતાનોમાં લગ્ન અંગેનું વર્ગીકરણ

| ક્રમ | મામા-ફોઈનાં સંતાનોના લગ્ન | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | ના | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરના કોઠા દ્વારા ઉત્તરદાતાઓનાં મામા-ફોઈનાં સંતાનોમાં લગ્ન થાય છે કે કેમ? તે અંગેનું વર્ગીકરણ કરતાં જાણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી બધા જ એટલે કે ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓએ તેઓમાં મામા-ફોઈનાં સંતાનો વચ્ચે લગ્ન થતા હોવાનું જણાવ્યું છે.

એનો અર્થ એ થયો કે ડાંગમાં સગા-સંબંધોની બાબતમાં સામાન્ય રીતે મામા-ફોઈના સંતાનો વચ્ચે લગ્ન થવાનો સામાન્ય રિવાજ છે. તેની પાછળનું મુખ્ય કારણ એ પણ હોઈ શકે કે, ભાઈ-બહેનની મિલકત યથાવત રહે. ઉપરાંત ભાઈના ઘરે બહેનની દિકરી ખૂબ સુરક્ષિત રહી શકશે એવા ખ્યાલથી પણ ડાંગના લોકોમાં મામા-ફોઈનાં સંતાનો વચ્ચે લગ્ન કરવાનો રિવાજ પ્રચલીત બન્યો હશે. અભ્યાસ દ્વારા એ બાબત સ્પષ્ટ થાય છે કે આ રિવાજમાં કોઈ પરિવર્તન જોવા મળતું નથી.

## કોષ્ટક નં.૪.૩૪

## મામા-ફોઈનાં સંતાનોના લગ્નની પસંદગી અંગેનું વર્ગીકરણ

| ક્રમ | મામા-ફોઈનાં સંતાનોનાં લગ્નની પસંદગી | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૧૭૫ | ૫૮.૩૩ |
| ૨. | ના | ૧૨૫ | ૪૧.૬૭ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરનાં કોષ્ટક નં.૪.૩૪માં ઉત્તરદાતાઓ હાલમાં મામા-ફોઈનાં સંતાનોના લગ્નને તેઓ પસંદ કરે છે કે કેમ? તે અંગેનું વર્ગીકરણ કરતાં જાણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૧૭૫ (૫૮.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ હાલમાં મામા-ફોઈનાં સંતાનો

વચ્ચે લગ્નના રિવાજને તેઓ પસંદ કરતા હોવાનું જણાવ્યું છે. જ્યારે ૧૨૫ (૪૧.૬૭ ટકા) ઉત્તરદાતાઓએ હાલમાં મામા-ફોઈનાં સંતાનો વચ્ચેના લગ્નના રિવાજને પસંદ કરતા નથી.

ડાંગમાં પહેલાનાં સમયમાં મામા-ફોઈનાં સંતાનો વચ્ચે લગ્ન એક સામાન્ય રિવાજ હતો. હાલમાં પણ આ રિવાજ ચાલુ રહ્યો હોવાનું અભ્યાસ પરથી જણાય છે. તેમ છતાં વર્તમાન સમયમાં ડાંગમાં ખાસ કરીને શિક્ષિતો તેમજ આર્થિક સ્થિતિ સારી હોય તેવા લોકો મામા-ફોઈનાં સંતાનો વચ્ચેના લગ્નનો વિરોધ કરી રહ્યા છે. આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે કુલ ઉત્તરદાતાઓમાંથી ૪૧.૬૭ ટકા ઉત્તરદાતાઓ હાલમાં મામા-ફોઈનાં સંતાનો વચ્ચે લગ્ન કરવાનો રિવાજ હોવા છતાં તેનો અસ્વીકાર કરે છે. જે બાબત મામા-ફોઈનાં સંતાનો વચ્ચેનાં લગ્નની બાબતમાં આવેલું પરિવર્તન દર્શાવે છે.

## કોષ્ટક નં.૪.૩૫

## એકથી વધુ પત્નિ કરો છો તે અંગેનું વર્ગીકરણ

| ક્રમ | એકથી વધુ પત્ની | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૨૬ | ૮.૬૭ |
| ૨. | ના | ૨૭૪ | ૯૧.૩૩ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરના કોઠા દ્વારા એકથી વધારે પત્ની ઉત્તરદાતાઓ કહે છે કે કેમ? તે અંગેનું વર્ગીકરણ કરતાં જણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૨૬ (૮.૬૭ ટકા) ઉત્તરદાતાઓએ એકથી વધુ પત્ની કરે છે તે અંગેનું સમર્થન આપેલ છે. જ્યારે ૨૭૪ (૯૧.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ એકથી વધુ પત્ની અંગે સમર્થન આપેલ નથી. એનો અર્થ એ થયો કે, એકથી વધુ પત્ની રાખવાની બાબતમાં અંમુક અંશે માન્યતા મળેલી હોવાનું જણાય છે.

ડાંગનાં અભ્યાસ દ્વારા એવું જાણવા મળ્યું છે કે, પહેલાંના સમયમાં ત્યાં ભીલ રાજાશાહીના સમયમાં બહુપત્નીત્વ પ્રથા એક રિવાજ તરીકે પ્રચલિત હતો. ખાસ કરીને ભીલ રાજાઓ અને તેમના નાયકો એકથી વધુ પત્ની રાખતા હોવાનો ઉલ્લેખ અગાઉના અભ્યાસો દ્વારા જણાયેલ છે. તેથી મારા આ અભ્યાસમાં મેં એકથી વધુ પત્ની વિશેની જાણકારી

મેળવવાનો પ્રયાસ કરતાં જાણવા મળ્યું કે હાલમાં એકથી વધુ પત્ની કરવાનો રિવાજ હોવા પાછળ વિવિધ કારણો જવાબદાર હોવાનું જાણવા મળેલ છે.

**કોષ્ટક નં.૪.૩૬**

**એકથી વધુ પત્ની કયા કારણે તે અંગેનું વર્ગીકરણ**

| ક્રમ | કયા કારણે વધુ પત્ની | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | પ્રથમ પત્નીના અવસાનથી | ૨૧ | ૭ |
| ૨. | ઘર અને ખેતીની જવાબદારી | ૫ | ૧.૩૭ |
| ૩. | અન્ય | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૨૬** | **૮.૬૭** |

ઉપરોક્ત કોઠા દ્વારા એકથી વધુ પત્નીઓ ક્યા કારણોસર કરે છે તે અંગેનું વર્ગીકરણ કરતાં જાણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી માત્ર ૨૬ (૮.૬૭ ટકા) ઉત્તરદાતાઓમાં જ એકથી વધુ પત્નીના કિસ્સા જાણવા મળ્યા. તેમાંથી ૨૧ (૭ ટકા) ઉત્તરદાતાઓએ તો એવો જવાબ આપ્યો કે, પ્રથમ પત્નીના અવસાન પછી બીજી પત્નીને રાખી હોવાનું જાણાયું છે. તેમાંથી ૫ (૧.૬૭ ટકા) ઉત્તરદાતાઓએ ઘર અને ખેતીની જવાબદારી વધારે હોવાથી પ્રથમ પત્નીની હયાતીમાં બીજી પત્ની રાખી હોવાનું જાણાવ્યું છે.

અભ્યાસ દ્વારા જાણાયું છે કે, પહેલાં બહુપત્નીત્વપ્રથા ડાંગના ભીલ રાજાઓ એટલે કે, ભીલ જાતિમાં અસ્તિત્વમાં હતી, ધીમે-ધીમે વારલી અને કુનબી જાતિમાં પણ તેનો પ્રસાર થયો. પરંતુ વર્તમાન સમયમાં શિક્ષણનો પ્રચાર અને પ્રસાર થવાથી એકથી વધુ પત્ની રાખવાની બાબત વ્યક્તિની પ્રતિષ્ઠાને ઝાંખપ સમાન ગણવા લાગતાં બહુપત્નીત્વ પ્રથા ધીમે ધીમે ઓછી થઈ હોય એવું અભ્યાસ દ્વારા જાણાયું છે. આમ, શિક્ષણનો પ્રચાર અને પ્રસાર થતાં બહુપત્નીત્વના પ્રથા ધીમે-ધીમે ઓછી થઈ છે. તે બહુપત્નીત્વ પ્રથામાં આવેલું પરિવર્તનને નિર્દેશીત કરે છે.

## કોષ્ટક નં.૪.૩૭

## લગ્ન માટે છોકરાની પસંદગીનું ધોરણ અંગેનું વર્ગીકરણ

| ક્રમ | છોકરાની પસંદગીનું ધોરણ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | આર્થિક સ્થિતિ | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | દેખાવડાપણું | ૧૮૫ | ૬૧.૬૭ |
| ૩. | શિક્ષણ | ૨૮૭ | ૯૫.૬૭ |
| ૪. | નોકરી | ૨૯૮ | ૯૯.૩૩ |
| ૫. | ખેતીની આવડત | ૨૫૧ | ૮૩.૬૭ |
| ૬. | અન્ય | ૨૨ | ૭.૩૩ |

ઉપરનાં કોષ્ટક ૪.૩૭માં ઉત્તરદાતાઓ લગ્ન માટે છોકરાની પસંદગીમાં કઈ બાબતોને મહત્વ આપે છે? તે અંગેનું વર્ગીકરણ કરતાં જણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી બધા જ એટલે કે, (૧) ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓએ છોકરાની આર્થિક સ્થિતિ સારી હોય તે લગ્ન માટેની મહત્વની બાબત હોવાનું જણાવ્યું છે. (૨) કુલ ઉત્તરદાતાઓમાંથી ૧૮૫ (૬૧.૬૭ ટકા) ઉત્તરદાતાઓએ છોકરાનાં લગ્ન માટે તેમના દેખાવડાપણાને મહત્વ આપ્યું હતું. (૩) કુલ ઉત્તરદાતાઓમાંથી ૨૮૭ (૯૫.૬૭ ટકા) ઉત્તરદાતાઓએ છોકરાના લગ્ન માટે શિક્ષણને મહત્વ આપ્યું હોવાનું જણાવ્યું છે. (૪) કુલ ઉત્તરદાતાઓમાંથી ૨૯૮ (૯૯.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ છોકરાના લગ્ન માટે નોકરીને મહત્વ આપ્યું હોવાનું જણાવ્યું છે. (૫) કુલ ઉત્તરદાતાઓમાંથી ૨૫૧ (૮૩.૬૭ ટકા) ઉત્તરદાતાઓએ છોકરાના લગ્ન માટે ખેતીની આવડતને મહત્વ આપ્યું હોવાનું જણાવ્યું છે. (૬) કુલ ઉત્તરદાતાઓમાંથી ૨૨ (૭.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ અન્ય એટલે કે, છોકરાનું ગામ, અંતર, જાતિ, ઉંચાઈ, ઈજ્જત વગેરે છોકરાની પસંદગી માટેનું કારણ જણાવ્યું હતું.

એનો અર્થ એ થયો કે ડાંગમાં છોકરાનાં લગ્ન માટેના પસંદગીનાં ધોરણોમાં સામાન્ય રીતે છોકરાની આર્થિક સ્થિતિ, નોકરી, શિક્ષણ, ખેતીની આવડત વગેરેને લોકો સવિશેષ મહત્વ આપતા હોવાનું અભ્યાસ દ્વારા સ્પષ્ટ થાય છે. અભ્યાસ દ્વારા સ્પષ્ટ થયું છે કે ડાંગમાં છોકરાના લગ્ન માટે અન્ય ધોરણો કરતાં દેખાવપણાને ઓછું મહત્વ આપતા હોય એવું

આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે. કારણ કે, છોકરાના લગ્ન માટે દેખાવને મહત્વ આપતા હોય તેનું પ્રમાણ માત્ર ૬૧.૬૭ ટકા જ નોંધાયું છે. જ્યારે તેની તુલનામાં છોકરાની આર્થિક સ્થિતિ, નોકરી, શિક્ષણને વધુ મહત્વ આપતા હોય એવું અભ્યાસ દ્વારા જણાયું છે. એટલે કે, ડાંગના લોકો પણ વર્તમાન સમયમાં છોકરાનાં લગ્ન માટે નોકરી શિક્ષણને મહત્વ આપી રહ્યા છે. જે ચોકકસપણે છોકરાની પસંદગીનો ધોરણની બાબતમાં આવેલું પરિવર્તન દર્શાવે છે.

## કોષ્ટક નં.૪.૩૮

## લગ્ન માટે નોકરીની પસંદગીનું ધોરણ અંગેનું વર્ગીકરણ

| ક્રમ | છોકરાની પસંદગીનું ધોરણ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | આર્થિક સ્થિતિ | ૧૩૫ | ૪૫ |
| ૨. | દેખાવડાપણું | ૨૧૧ | ૭૦ |
| ૩. | શિક્ષણ | ૨૮૬ | ૯૫ |
| ૪. | નોકરી | ૧૧૯ | ૩૯ |
| ૫. | ઘરકામની આવડત | ૨૯૪ | ૯૮ |
| ૬. | ચારિત્ર્ય | ૨૦૯ | ૬૯ |
| ૭. | અન્ય | ૯ | ૩ |

ઉપરના કોઠા દ્વારા ઉત્તરદાતાઓ લગ્ન માટે છોકરીની પસંદગીમાં કઈ કઈ બાબતને મહત્વ આપે છે તે અંગેનું વર્ગીકરણ કરતાં જણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી (૧) ૧૩૫ (૪૫ ટકા) ઉત્તરદાતાઓએ લગ્ન માટે છોકરીની પસંદગી માટે તેમની આર્થિક સ્થિતિને મહત્વ આપ્યું હોવાનું જણાવ્યું છે. (૨) કુલ ઉત્તરદાતાઓમાંથી ૨૧૧ (૭૦ ટકા) ઉત્તરદાતાઓ લગ્ન માટે છોકરીની પસંદગીમાં દેખાવપણાને મહત્વ આપ્યું છે. (૩) કુલ ઉત્તરદાતાઓમાંથી ૨૮૬ (૯૫ ટકા) ઉત્તરદાતાઓએ લગ્ન માટે છોકરીની પસંદગી કરવા માટે શિક્ષણને મહત્વ આપ્યું છે. (૪) કુલ ઉત્તરદાતાઓમાંથી ૧૧૯ (૩૯ ટકા) ઉત્તરદાતાઓએ છોકરીનાં લગ્ન માટે નોકરીને મહત્વ આપ્યું છે. (૫) કુલ ઉત્તરદાતાઓમાંથી સૌથી વધારે એટલે કે ૨૯૪ (૯૮ ટકા) ઉત્તરદાતાઓએ લગ્ન માટે છોકરીની પસંદગી કરતી

વખતે ઘરકામની આવડતને મહત્વ આપ્યું છે. (૬) લગ્ન માટે છોકરીની પસંદગીમાં ચારિત્ર્ય મહત્વ આપતા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૨૦૯ (૬૯ ટકા) જેટલું જણાયું છે. જ્યારે (૭) અન્ય કારણ જણાવનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૯ (૩ ટકા) જેટલું છે. જેમાં છોકરીનું ગામ, અંતર, જાતિ, ઉંચાઈ, ઈજ્જત વગેરેનો સમાવેશ થાય છે.

ડાંગમાં સામાન્ય રીતે લગ્ન માટે છોકરીની પસંદગી કરતી વખતે અનુક્રમે છોકરીમાં ઘરકામની આવડત, શિક્ષણ, દેખાવડાપણું, ચારિત્ર્ય વગેરેને સવિશેષ મહત્વ આપતા હોવાનું અભ્યાસ દ્વારા જણાયું છે તો બીજી બાજુ અનુક્રમે છોકરીની ઘરની આર્થિક સ્થિતિ, નોકરી વગેરેને પણ મહત્વ આપ્યું હોવાનું જણાવ્યું છે.

લગ્ન માટે છોકરીની પસંદગીમાં સૌથી નોંધપાત્ર બાબત એ જાણવા મળી કે, ડાંગ જીલ્લામાં લગ્ન માટે છોકરીની પસંદગીમાં જે છોકરીને ઘરકામની સારી આવડત ધરાવતી હોય તેની પહેલાં પસંદગી થતી હોવાનું અભ્યાસ દ્વારા જણાયું છે. ઘરકામની આવડતની સાથોસાથ છોકરી શિક્ષિત હોય એ બાબતને પણ વિશેષ મહત્વ આપે છે. આ બાબત ડાંગમાં છોકરીઓના લગ્નની બાબતમાં પસંદગીનું ધોરણ તરીકે પરિવર્તનનો નિર્દેશ કરે છે.

## કોષ્ટક ૪.૩૯

## જાતિઓમાં કન્યા કે વર શૂલ્કના રિવાજ અંગેનું વર્ગીકરણ

| ક્રમ | કન્યા કે વરશૂલ્કનો રીવાજ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | ના | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરના કોષ્ટક દ્વારા ઉત્તરદાતાઓની જુદી જુદી જાતિઓમાં કન્યા કે વર શૂલ્ક લેવાનો રિવાજ છે કે કેમ? તે અંગેનું વર્ગીકરણ કરતાં જણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી બધા જ એટલે કે ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓએ તેમની કુનબી, વારલી, ભીલ અને ગામીત બધીજ જાતિઓમાં કન્યા કે વર શૂલ્કનો રિવાજ હોવાનું જણાવ્યું છે.

એનો અર્થ એ થયો કે ડાંગમાં લગ્ન પ્રસંગે દરેક ડાંગની જાતિઓમાં કન્યા કે વર શૂલ્ક

લેવાનો સામાન્ય રિવાજ પ્રવર્તમાન છે. કાયદા દ્વારા આ રિવાજનો નિષેધ હોવા છતાં વ્યવહારનો એક ભાગ તરીકે ડાંગમાં આ રિવાજ હજુ પણ એક યા બીજા સ્વરૂપે ટકી રહ્યો હોવાનું અભ્યાસ દ્વારા જાણવા મળ્યું છે.

**કોષ્ટક નં.૪.૪૦**

**કન્યાશૂલ્ક કે વરશૂલ્ક અંગેનું વર્ગીકરણ**

| ક્રમ | કન્યા કે વરશૂલ્ક | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | કન્યાશૂલ્ક | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | વરશૂલ્ક | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક નં.૪.૪૦માં કન્યાશૂલ્ક કે વરશૂલ્ક અંગેનું વર્ગીકરણ કરતાં જાણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી બધા જ એટલે કે ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓએ કન્યાશૂલ્કનો રિવાજ સર્વસામાન્ય હોવાનું જાણાવ્યું છે. કોઈપણ ઉત્તરદાતાઓએ વરશૂલ્ક લેતા હોય એવો જવાબ આપ્યો નથી.

એનો અર્થ એ થયો કે ડાંગમાં સભ્ય સમાજો કરતાં કન્યાશૂલ્ક કે વરશૂલ્કની બાબતમાં વિપરિત પરિસ્થિતિ જોવા મળી છે. સભ્ય સમાજમાં વરશૂલ્કનું સામાન્ય રીતે પ્રચલન છે. જ્યાં આદિવાસી સમાજમાં કન્યાશૂલ્ક લેવાનું પ્રચલન જોવા મળે છે. ડાંગના અભ્યાસ દ્વારા જાણવા મળ્યું કે, ડાંગના આદિવાસીઓમાં કન્યાશૂલ્ક લેવાનો રિવાજ છે.

જો કે, અભ્યાસ દ્વારા એવું જાણવા મળ્યું કે, પહેલાંના સમયમાં કન્યાનાં પિતાને કન્યાશૂલ્ક સ્વરૂપે ૨૫૧ રૂપિયા આપવામાં આવતા. તેના બદલે વર્તમાન સમયમાં લગ્ન સમયનો કન્યાશૂલ્કનો એક 'વ્યવહાર' જાળવી રાખવા માટે તેમજ દિકરીનું મહત્વ (સ્થાન) ઉંચું રહે તે માટે કન્યાશૂલ્ક સ્વરૂપે ૫૧ રૂપિયા અથવા સવા પાંચ રૂપિયા લેવાનો રિવાજ ચાલુ હોવાનો અભ્યાસ દ્વારા જાણાયું છે.

નોંધપાત્ર બાબત એ છે કે, અહીં કન્યાશૂલ્ક એટલે કન્યાના પિતાને વરપક્ષ તરફથી કોઈ ભૌતિક જુદી-જુદી ચીજવસ્તુઓ કે રોકડાં નાણાં મળતાં નથી. પરંતુ એક કન્યાશૂલ્કના 'વ્યવહાર' તરીકે કન્યાના પિતાને વરપક્ષ તરફથી ૫૧ રૂપિયા કે સવા પાંચ રૂપિયા કન્યાશૂલ્ક

મળે છે. જેને ડાંગના લોકો 'દેજ' કહે છે. ટૂંકમાં કન્યાશૂલ્ક તરીકે ડાંગનાં લોકોનું 'દેજ' (દહેજ) લેવાના વલણમાં પરિવર્તન આવ્યું હોય તેવું દેખાતું નથી. પરંતુ પહેલાં ૨૫૧ રૂપિયા દહેજ તરીકે લેતા હતા. તેને બદલે વર્તમાન સમયમાં ૫૧ રૂપિયા કે સવા પાંચ રૂપિયા લેવાનો રિવાજ થયો છે. તેમાં પરિવર્તન જોવા મળેલ છે.

## કોષ્ટક નં.૪.૪૧

## દિકરા કે દિકરીના લગ્નમાં દેવું કરવા અંગેનું વર્ગીકરણ

| ક્રમ | લગ્નમાં દેવું | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | ના | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરના કોષ્ટક ૪.૪૧માં ઉત્તરદાતાઓ તેમનાં સંતાનોનાં લગ્ન પ્રસંગે દેવું કરે છે કે કેમ? તે અંગેનું વર્ગીકરણ કરતાં જણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી બધા જ એટલે કે, ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓએ દિકરા કે દિકરીનાં લગ્ન પ્રસંગે ઓછે યા વતે અંશે દેવું કરતા હોવાનું તપાસવામાં માલુમ પડ્યું છે.

કોઈપણ સમાજમાં લગ્ન એ એક સામાજિક વ્યવહાર છે. લગ્ન એક સામાજિક સંસ્થા તરીકે એક સમાજની એક વિશેષતા છે. ડાંગમાં વસવાટ કરતાં આદિવાસી લોકો પણ લગ્નને વિશેષ મહત્વ આપે છે. ડાંગના લોકોની આર્થિક સ્થિતિ જોતાં અને વર્તમાન સમયમાં લગ્ન ખર્ચને ધ્યાનમાં લેતાં ડાંગના લોકો પણ લગ્ન પ્રસંગે બીજાની પાસેથી ઓછા યા જરૂરિયાત પ્રમાણે દેવું કરવું પડતું હોવાનું જણાવ્યું છે. ડાંગના લોકોની એવી પણ માન્યતા છે કે, રૂપિયા ગમે તેટલા હોય, પરંતુ મકાન બનાવવા અને લગ્ન કરતી વખતે રૂપિયા અચૂક ઘટે છે અને આ બંને પ્રસંગોએ ઓછે-વતે અંશે દેવું કરવું જ પડે છે. આમ, સામાન્ય લોકોની જેમ ડાંગના લોકો પણ લગ્ન ખર્ચને પહોંચી વળવા માટે દેવું કરતા હોવાનું અભ્યાસ દ્વારા જણાવ્યું છે.

## કોષ્ટક નં.૪.૪૨

## લગ્ન પ્રસંગે અંદાજે કેટલા રૂપિયા દેવા અંગેનું વર્ગીકરણ

| ક્રમ | અંદાજીત દેવું | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ૫૦૦૧ થી ૧૦૦૦૦ | ૧૭૭ | ૫૯ |
| ૨. | ૧૦૦૦૧ થી ૧૫૦૦૦ | ૭૮ | ૨૬ |
| ૩. | ૧૫૦૦૦ થી ૨૦૦૦૦ | ૨૯ | ૯.૬૭ |
| ૪. | ૨૦૦૦૧ થી વધુ | ૧૬ | ૫.૩૩ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરના કોઠા દ્વારા ઉત્તરદાતાઓ લગ્ન પ્રસંગે અંદાજે કેટલા રૂપિયાનું દેવું કરે છે? તે અંગેનું વિશ્લેષણ કરતાં જણાયું છે કે, કુલ ઉત્તરદાતાઓમાંથી (૧) ૧૭૭ (૫૯ ટકા) ઉત્તરદાતાઓએ લગ્ન પ્રસંગે અંદાજીત પાંચ હજારથી દશ હજાર રૂપિયા જેટલું દેવું કરતા હોવાનું જણાવ્યું છે. (૨) ૭૮ (૨૬ ટકા) ઉત્તરદાતાઓએ લગ્ન પ્રસંગે દસ હજારથી પંદર હજાર રૂપિયા સુધીનું દેવું કર્યું હોવાનું જણાવ્યું. (૩) ૨૯ (૯.૬૭ ટકા) ઉત્તરદાતાઓએ લગ્ન પ્રસંગે પંદર હજારથી વીસ હજાર સુધીનું દેવું કર્યું હોવાનું જણાવ્યું જ્યારે (૪) ૧૬ (૫.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ લગ્ન પ્રસંગે વીસ હજારથી વધુ દેવું કર્યું હોવાનું માલુમ પડ્યું છે.

અર્થાત્ ડાંગના લોકો પણ લગ્ન પ્રસંગે ઓછા-વતા પ્રમાણમાં દેવું કરતાં હોવાનું અભ્યાસ દ્વારા જણાયું છે. સંશોધન દ્વારા એવું જણાયું કે, મોટાભાગના ઉત્તરદાતાઓએ એટલે કે ૫૯ ટકા ઉત્તરદાતાઓએ લગ્ન પ્રસંગે પાંચ થી દસ હજાર રૂપિયાનું દેવું કર્યું હોવાનું જણાવ્યું છે. જ્યારે ૫.૩૩ ટકા ઉત્તરદાતાઓ જ એવા હતા કે, તેમણે વીસ હજારથી વધુ દેવું કર્યું હોવાનું જણાવ્યું છે. આમ, ડાંગના લોકો પણ લગ્ન પ્રસંગે વતા-ઓછા પ્રમાણમાં દેવું કરતા હોય. જે અભ્યાસ દ્વારા સાબિત થાય છે.

## કોષ્ટક નં.૪.૪૩

## વિધવા કે વિધુરનાં પુન:ર્લગ્ન અંગેનું વર્ગીકરણ

| ક્રમ | વિધવા કે વિધુર પુન:ર્લગ્ન | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | ના | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક ૪.૪૩માં ઉત્તરદાતાઓની જુદી જુદી જાતિઓમાં વિધવા કે વિધુરના પુન:ર્લગ્ન અંગેનું વર્ગીકરણ કરતાં જાણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી બધા જ એટલે કે ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓએ તેમના સમાજમાં વિધવા કે વિધુર પુન:ર્લગ્ન થતાં હોવાનું જણાવ્યું છે.

ડાંગના કુનબી, વારલી, ભીલ, ગામીત વગેરે પ્રત્યેક આદિવાસી જાતિઓમાં વિધવા પુન:ર્લગ્ન અને વિધુર પુન:ર્લગ્ન કરવાનો સામાન્ય રિવાજ સર્વમાન્ય છે. ઉપરાંત ડાંગની આદિવાસી જાતિઓમાં કોઈપણ સ્ત્રી વિધવા બને તો જ્યાં સુધી તેમના બીજા પુન:ર્લગ્ન ન થાય ત્યાં સુધી તેમણે વૈધવ્ય જીવન જીવવું પડે એવો કોઈ નિયમ નથી. પતિના મૃત્યુ પછી પત્ની સવા મહીના સુધી શોક પાળે છે. ત્યારપછી વિધવા સ્ત્રી અન્ય સ્ત્રીઓની જેમ જ સન્માન પૂર્વક જીવન જીવી શકે. સમાજ કે અન્ય લોકો તેને વિધવાની દ્દષ્ટિથી જોતા નથી. પરંતુ અન્ય સ્ત્રીઓની જેમ જ તેમને પણ સ્ત્રી તરીકેનું માન મળે છે. આમ ડાંગમાં વિધવા કે વિધુરના પુન:ર્લગ્ન અંગેનો નિયમ હજુ યથાવત હોવાનું અભ્યાસ દ્વારા જણાવાયું છે.

## કોષ્ટક નં.૪.૪૪

## છૂટાછેડાના બનાવ અંગેનું વર્ગીકરણ

| ક્રમ | છૂટાછેડાનો બનાવ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૩૦ | ૧૦ |
| ૨. | ના | ૨૭૦ | ૯૦ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરના કોઠા દ્વારા પસંદગી કરેલ ઉત્તરદાતાઓના કુટુંબમાં છુટાછેડાનો બનાવ બનેલ છે કે કેમ? તે અંગેનું વર્ગીકરણ કરતાં જણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૩૦ (૧૦ ટકા) ઉત્તરદાતાઓએ તેમના કુટુંબમાં છૂટાછેડાનો બનાવ બનેલ હોવાનું જણાવ્યું છે. જ્યારે ૨૭૦ (૯૦ ટકા) ઉત્તરદાતાઓએ તેમના કુટુંબમાં છૂટાછેડાને લગતો કોઈપણ બનાવ બનેલ નથી એવું અભ્યાસ દ્વારા જણાવેલ છે.

ડાંગ પ્રદેશમાં વસવાટ કરતી કુનબી, વારલી, ભીલ, ગામીત વગેરે આદિવાસી જાતિઓમાં છૂટાછેડા લેવાનો સામાન્ય નિયમ છે. મોટાભાગે છૂટાછેડાનાં કારણોમાં મોટાભાગે પરણીત સ્ત્રીને બાળકો જન્મતા ન હોય, ઘરકામની સારી આવડત ન હોય, ઝગડાળું સ્વભાવ વગેરે કારણો જાણવા મળ્યા છે. જ્યારે પરણીત પુરુષોની આર્થિક સ્થિતિ નબળી હોય, પતિ દારૂડિયો હોય, પત્નીને પતિ વારંવાર મારઝુડ કરતો હોય તેવી પરિસ્થિતિમાં છૂટાછેડાના પ્રશ્ન બનતા હોવાનું અભ્યાસ દ્વારા જણાયું છે.

એક નોંધપાત્ર બાબત એ પણ અભ્યાસ દ્વારા જાણવા મળી કે, ડાંગ પ્રદેશમાં વસવાટ કરતી આદિવાસી નીતિઓમાં ખૂબ સહેલાઈથી છૂટાછેડા મળી જતા હોવા છતાં છૂટાછેડાનું પ્રમાણ ખૂબ ઓછું જોવા મળ્યું છે. કારણ કે, ઉત્તરદાતાઓમાંથી ૧૦ ટકા ઉત્તરદાતાઓમાં જ છૂટાછેડાને લગતાં પ્રશ્ન બન્યા હોય તેવું જણાયું છે. આમ, છૂટાછેડાનું ઓછું પ્રમાણ એ ચોકકસપણે એક નોંધપાત્ર બાબત રહી છે.

## કોષ્ટક નં.૪.૪૫

## છૂટાછેડા માટે કોની પાસે જવું તે અંગેનું વર્ગીકરણ

| ક્રમ | છૂટાછેડા માટે | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | જાતિપંચ | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | ગ્રામપંચાયત | ૦૦ | ૦૦ |
| ૩. | પોલીસ સ્ટેશન | ૦૦ | ૦૦ |
| ૪. | કોર્ટ | ૦૦ | ૦૦ |
| ૫. | અન્ય | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક ૪.૪૫માં ઉત્તરદાતાઓ છૂટાછેડાના પ્રશ્નો બને છે તેવા સમયે કોની પાસે જાય છે તે અંગેનું વર્ગીકરણ કરતાં જણાયું છે કે કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી બધા જ એટલે કે ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓએ લગ્ન પછીના છૂટાછેડાને લગતા પ્રશ્નો ઉદભવતા હોય તેવા સંજોગોમાં જાતિપંચ (ગ્રામપંચ) પાસે જ જતા હોવાનું જણાવ્યું છે. કારણ કે, કુલ ઉત્તરદાતાઓમાંથી ૩૦ (૧૦ ટકા) ઉત્તરદાતાઓને ત્યાં છૂટાછેડાને લગતા પ્રશ્નો ઉદભવ્યા તે બધા જ ઉત્તરદાતાઓએ છૂટાછેડાને લગતા પ્રશ્નો નિવારવા માટે જાતિપંચનો જ આધાર લીધો હોવાનું અભ્યાસ દ્વારા જણાયું છે.

એનો અર્થ એ થયો કે ડાંગની આદિવાસી જાતિઓ છૂટાછેડાના પ્રશ્નોના સંદર્ભમાં ગ્રામપંચાયત, પોલીસ સ્ટેશન, કોર્ટ વગેરેનો આધાર લેતા નથી. પરંતુ જાતિપંચ કે ગ્રામપંચને જ વધારે મહત્વ આપતાં હોવાનું જણાયું છે. તેની પાછળનું મુખ્ય કારણ એ છે કે પોલીસ સ્ટેશન, કોર્ટ-કચેરી દ્વારા થતા છૂટાછેડા વધુ સમય અને વધુ ખર્ચ માંગી લેતા હોવાથી ડાંગના લોકો તેનો આધાર લેતા નથી. બીજી બાજુ જાતિપંચ દ્વારા થતાં છૂટાછેડા ખૂબજ સહેલાઈથી ઓછા સમય અને ઓછાં ખર્ચ દ્વારા થતાં હોવાથી જાતિપંચ દ્વારા છૂટાછેડા લેવાનું વધુ પસંદ કરતાં હોવાનું જણાયું છે.

ઉપરાંત ડાંગ જિલ્લામાં જાતિપંચ કે ગ્રામપંચ સરકાર માન્ય હોવાથી, સ્થાનિક લોકોને પોલીસ સ્ટેશન કે કોર્ટ-કચેરી કરતાં વધુ વિશ્વાસ હોવાથી જાતિપંચ દ્વારા થતા છૂટાછેડાને વધુ

માન્યતા આપે છે. આમ, ડાંગમાં છૂટાછેડા માટે હજુ પણ પરંપરાગત જાતિપંચનું મહત્વ વિશેષ રહ્યું હોવાથી, તેમાં પરિવર્તન આવેલું હોય તેવું દેખાતું નથી.

## ૪.૫ આર્થિક માહિતીનું વર્ગીકરણ

સામાજિક રચનાતંત્ર અને તેનાં કાર્યોનો આધારસ્થંભ સમાજની આર્થિક સ્થિતિ પર નિર્ભર છે. કોઈપણ સમાજમાં જે તે જાતિ સમૂહો, જ્ઞાતિ સમૂહો કે પ્રાદેશીક જૂથો વગેરેની આર્થિકતાના સંદર્ભે તેનું સમાજજીવન જોવા મળે છે. સમાજજીવન અને આર્થિક પરિસ્થિતિ બન્ને પરસ્પર એકબીજા પર અસર કરે છે. એક બીજા સાથે સંકળાયેલા છે. તેથી, અહીં ડાંગ જિલ્લાના લોકોનું સામાજિક જીવન તપાસવાની સાથો-સાથ તેમની આર્થિક પરિસ્થિતિ વિશેની જાણકારી મેળવવી જરૂરી બને છે.

આર્થિક પાસાઓમાં મુખ્યત્વે કુટુંબનો વ્યવસાય, જમીનનું પ્રમાણ, સિંચાઈની સગવડ, સિંચાઈનો  પ્રકાર, પાક, બિયારણ, પોતાની જમીનમાંના વૃક્ષો, વૃક્ષોનો પ્રકાર, જમીનની અંદાજીત કિંમત, વૃક્ષો સાથે વૃક્ષો વગર, વૃક્ષો કાપવાનો નિયમ, વૃક્ષો કાપવાથી થતો આર્થિક લાભ, પોતાની સ્થિતિમાં થયેલો સુધારો, જમીનમાં વધુ વૃક્ષો હોવાનો ફાયદો, વૃક્ષો કાપવા માટેની વહીવટી સમસ્યા, આર્થિક લાભમાંથી બહેનોને હિસ્સો આર્થિક દરજ્જો, આજીવિકા માટે જંગલ પર આધાર, આર્થિક કાર્યોમાં સ્ત્રીઓની ભાગીદારી, પશુપાલનનો વ્યવસાય, ખેતીનાં સાધનો, ખેતીવાડી માટે દેવું, દેવાનું કારણ, બચત અને બચતનો પ્રકાર વગેરે જેવા પ્રશ્નોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

આમ, અહીં ડાંગના લોકોની આર્થિક સ્થિતિ વિશે આંકડાકીય પૃથ્થકરણ કરવામાં આવ્યું છે. જે કોષ્ટકીકરણ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

## કોષ્ટક ૪.૫.૧

## કુટુંબના વ્યવસાય અંગેનું વર્ગીકરણ

| ક્રમ | વ્યવસાય | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ખેતી | ૨૩૪ | ૭૮ |
| ૨. | નોકરી | ૬૬ | ૨૨ |
| ૩. | પશુપાલન | ૨૧૮ | ૭૨.૬૭ |
| ૪. | મજૂરી | ૧૬ | ૫.૩૩ |

ઉપરોક્ત કોષ્ટક ૪.૫.૧માં કુટુંબના વ્યવસાય અંગેનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. આંકડાકીય માહિતી પરથી જણાય છે કે કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૨૩૪ (૭૮ ટકા) ઉત્તરદાતાઓના કુટુંબનો મુખ્ય વ્યવસાય ખેતીનો છે. જ્યારે ૬૬ (૨૨.૦૦ ટકા) ઉત્તરદાતાઓના કુટુંબનો વ્યવસાય નોકરી છે.

ડાંગના આદિવાસી લોકોનો મુખ્ય વ્યવસાય ખેતીનો રહ્યો છે. ભૌગોલિક દ્રષ્ટિએ ડાંગની ખેતી પહાડી વિસ્તારની હોવાથી, ખેતીનો વ્યવસાય બજાર આધારિત ઓછો, પરંતુ મુખ્યત્વે આજીવિકા માટેનું એક સાધન ગણાય છે. ખેતીનાં સાધનોમાં અમુક અંશે પરિવર્તન આવ્યું છે, તેમ છતાં ખેતી અને ખેતીનાં સાધનોમાં પરંપરાનું તત્વ હજું પણ જોવા મળે છે. ખેતી મુખ્યત્વે આજીવિકા પ્રાપ્ત કરવા માટેનો મુખ્ય આધાર બનતો રહ્યો છે.

બીજી બાજુ ડાંગમાં ખેતી ઉપરાંત નોકરી કરનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ પણ સારું એવું ઉંચુ રહ્યું છે. આંકડાકીય માહિતી પરથી પણ આ બાબત સ્પષ્ટ થાય છે. બીજી એક નોંધપાત્ર બાબત એ છે કે, અભ્યાસમાં લીધેલા ઉત્તરદાતાઓમાંથી ૨૨ ટકા ઉત્તરદાતાઓનો વ્યવસાય નોકરી હોવા છતાં, નોકરી કરતા બધા ઉત્તરદાતાઓ નોકરી ઉપરાંત પોતાનાં પિતાનો મૂળ વ્યવસાય તરીકે ખેતીના વ્યવસાય સાથે જોડાયા હોવાનું જણાયું છે. એનો અર્થ એ થયો કે, ડાંગના નોકરિયાતો પોતાના પિતાના પરંપરાગત વ્યવસાય તરફ વફાદાર રહ્યા છે એવું અભ્યાસ પરથી જણાયું છે.

ડાંગની બીજી મહત્વની બાબત એ છે કે, ડાંગમાં ઉદ્યોગ-ધંધાને સ્થાન નથી. ડાંગમાં 'ડાંગ જીલ્લા વન વિભાગ' દ્વારા વધઈ મુકામે લાકડા વહેરવા માટેની એકમાત્ર 'સોમિલ'

આવેલી છે. એ સિવાય એકપણ નાના કે મોટા ઉદ્યોગો નથી. પરિણામે ડાંગમાં મુખ્ય વ્યવસાય તરીકે ખેતી અને શિક્ષિત હોય તો નોકરી સિવાય બીજો કોઈ વિકલ્પ વ્યવસાય માટે દેખાતો નથી.

બીજી બાજુ ગૌણ વ્યવસાય તરીકે ખેતીની સાથે પશુપાલન કરનારો વર્ગ પણ ડાંગમાં મોટો છે. જેમકે, કુલ ૨૩૪ ખેતી કરતા ઉત્તરદાતાઓમાંથી ૨૧૭ (૭૨.૬૭ ટકા) ઉત્તરદાતાઓ-ખેતીની સાથે પશુપાલનનો પણ વ્યવસાય કરતા હોય, એવું જાણાયું છે. ડાંગમાં પશુપાલન કરતા ઉત્તરદાતાઓ દૂધાળાં પશુઓ રાખવાની સાથે, ખેતી માટે સારા વાછરડાં (બળદ) મળી રહે તેવી અપેક્ષા રાખે છે. કેટલાક ઉત્તરદાતાઓની ખેતીની જમીન ઓછી હોવાથી પોતાના ખેતીના વ્યવસાય ઉપરાંત ફાજલ સમયમાં મજૂરીનો પૂરક વ્યવસાય કરે છે. આ પ્રકારના ૫.૩૩ ટકા ઉત્તરદાતાઓ જાણવા મળ્યા છે.

મજૂરીમાં પણ મુખ્યત્વે ડાંગમાં જંગલખાતા હસ્તક થતી કામગીરી, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામપંચાયત હસ્તક થતી કામગીરી, પેપરમીલ હસ્તક સુકાવાંસ કાપવાની કામગીરી વગેરે જેવી છૂટક મજૂરીકામ કરતા માલુમ પડ્યા છે. જ્યારે સ્થળાંતરીત મજુરો ખાસ કરીને શેરડી કાપવાની મજૂરી કરતા કામદારો છે. જેઓ ડાંગના કાયમી વતની હોય, થોડી ઘણી જમીન ધરાવતા હોવા છતાં તેમને ખેતીના વ્યવસાય સાથે ખાસ નિસ્બત નથી અથવા તદ્દન ઓછી ખેતી કરે છે.

ટૂંકમાં ડાંગનો મુખ્ય વ્યવસાય ખેતી હોવા છતાં નોકરી કરનારા લોકોનું પ્રમાણ પણ ઉંચુ રહ્યું છે. આમ, વ્યવસાયિક ક્ષેત્રે પરંપરાગત ખેતીની સાથે નોકરીના વ્યવસાયમાં પરિવર્તન આવેલું જોવા મળે છે.

## કોષ્ટક ૪.૫.૨

## માલિકીની ખેતીની જમીનનું પ્રમાણ અંગેનું વર્ગીકરણ

| ક્રમ | માલિકીની જમીન એકરમાં | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | એકથી બે એકર | ૨૫ | ૮.૩૩ |
| ૨. | ત્રણથી ચાર એકર | ૭૧ | ૨૩.૬૭ |
| ૩. | પાંચથી સાત એકર | ૧૨૫ | ૪૧.૬૭ |
| ૪. | સાતથી વધુ | ૭૯ | ૨૬.૩૩ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરના કોઠામાં માલિકીની ખેતીની જમીનનું પ્રમાણ અંગેનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી (૧) એકથી બે એકર જમીન ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૨૫ (૮.૩૩ ટકા) છે. (૨) ત્રણ થી ચાર એકર જમીન ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૭૧ (૨૩.૬૭ ટકા) છે. (૩) પાંચથી સાત એકર જમીન ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૧૨૫ (૪૧.૬૭ ટકા) જણાયું છે. જ્યારે (૪) સાતથી વધારે એકર જમીન ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૭૯ (૨૬.૩૩ ટકા) માલુમ પડ્યું છે.

ડાંગની ભૌગોલિક સ્થિતિને ધ્યાનમાં રાખતાં, ડાંગ જિલ્લો જંગલ, પહાડી, ખાડા-ટેકરાવાળી તેમજ ઢોળાવવાળી જમીન ધરાવતો વિસ્તાર હોવાથી, ખેતી માટે સપાટ જમીનનું પ્રમાણ ઓછું છે. એટલું જ નહીં ડાંગનો મોટાભાગનો વિસ્તાર જંગલ વિસ્તાર છે. તેથી ખેતી માટે જમીનનું પ્રમાણ ખૂબજ ઓછું છે. પરિણામે સરેરાશ ખેતીની જમીનનું પ્રમાણ ડાંગમાં ખૂબ ઓછું જોવા મળે છે. આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે પાંચથી સાત એકર ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સવિશેષ ૪૧.૬૭ ટકા જણાયું છે. જ્યારે એકથી બે એકર જમીન ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી ઓછું ૮.૩૩ ટકા છે.

એનો અર્થ એ થયો કે, ડાંગમાં ખેડુતોની જમીન ઓછી હોવા પાછળનું એક કારણ એ પણ છે કે, મોટાભાગની ડાંગની જમીન ઉપર 'જંગલખાતા' નો અધિકાર હોવાનું માલુમ પડ્યું છે. એટલે કે, જંગલની જમીનનું પ્રમાણ વધારે હોવાથી ખેડુતોની માલિકી

હસ્તક ઓછી જમીન આવેલી છે. બીજી મહત્વની બાબત એ પણ જાણવા મળી છે કે, સરેરાશ ખેડુતોની જમીન એક જ જગ્યાએ નથી. પરંતુ અલગ-અલગ જગ્યાએ નાના-નાના ટુકડાઓમાં વહેંચાયેલી હોવાથી સિંચાઈ જેવી ખર્ચાળ પદ્ધતિ અપનાવવામાં વિશેષ મુશ્કેલી ઉભી થાય છે.

## કોષ્ટક નં.૪.૫.૩

## જમીન કોના તરફથી મળી છે તે અંગેનું વર્ગીકરણ

| ક્રમ | જમીન કોના તરફથી મળી | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | વારસામાં મળી | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | સરકાર તરફથી પાછળથી મળી | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરનાં કોષ્ટક દ્વારા જમીન કોના તરફથી મળી છે તે અંગેનું વર્ગીકરણ કરતાં જણાયું છે કે કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી બધા જ એટલે કે, ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓને જમીન બાપ-દાદા પાસેથી વારસામાં મળેલી હોવાનું જણાયું છે. જ્યારે કોઈ ઉત્તરદાતાને પાછળથી સરકાર દ્વારા કોઈ જમીન મળી હોય એવું જણાયું નથી.

એનો અર્થ એ થયો કે, ડાંગ જિલ્લામાં એક વખત જમીનની માલિકી અંગેના ખેડુતોને જે હકકો આપવામાં આવ્યા, ત્યારપછી પડતર અને જંગલની જમીન હોવા છતાં જમીન વિહોણા એકપણ વ્યક્તિને ખેતીની જમીન આપવામાં આવી નથી. બધીજ જમીન બાપ-દાદા પાસેથી જ મળી છે. અર્થાત્ જમીન હકકની બાબતમાં નવા કોઈ ફેરફારો થયેલા જોવા મળતા નથી.

## કોષ્ટક નં.૪.૫.૪

## ખેતીમાં સિંચાઈની સગવડ અંગેનું વર્ગીકરણ

| ક્રમ | સિંચાઈની સગવડ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૮૧ | ૨૭ |
| ૨. | ના | ૨૧૯ | ૭૩ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરનાં કોષ્ટક ૪.૫.૪ દ્વારા ખેતીમાં સિંચાઈની સગવડ અંગેનું વર્ગીકરણ કરતાં જણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ખેતીમાં સિંચાઈની સગવડ ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૮૧ (૨૭ ટકા) જેટલું છે. જ્યારે ખેતીમાં સિંચાઈની સગવડ ધરાવતા ન હોય તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૨૧૯ (૭૩ ટકા) જેટલું છે.

ડાંગ જિલ્લામાં ખેતીના વ્યવસાયમાં 'ચોમાસુ ખેતીનું' પ્રમાણ સવિશેષ જોવા મળ્યું છે. એટલે કે ૭૩ ટકા ઉત્તરદાતાઓ ખેતી માટે માત્ર ચોમાસાના વરસાદ ઉપર આધારિત જણાય છે. જ્યારે ૨૭ ટકા ઉત્તરદાતાઓ જ સિંચાઈની સગવડ ધરાવે છે. એનો અર્થ એ થયો કે, ડાંગમાં સિંચાઈ આધારિત ખેતીનું પ્રમાણ ખૂબ જ ઓછું જોવા મળ્યું છે. અભ્યાસ પરથી એવું તારણ મળ્યું છે કે, અભ્યાસ હેઠળનાં ગામડાઓમાંથી બીલમાળ, લીંગા, પીપલાઈદેવી, કાકડવિહિર વગેરે ગામડાંઓમાં તો ઉનાળામાં લોકોને પીવા માટે પણ પાણીનો મોટો પ્રશ્ન ઉભો થાય છે. બીજી બાજુ સિંચાઈની જે ઉત્તરદાતાઓ સગવડ ધરાવે છે, તેઓમાંથી મોટાભાગના ઉત્તરદાતાઓ સિંચાઈ દ્વારા ચોમાસાની સાથે શિયાળુ પાક જ લે છે. ઉનાળામાં કુવામાં પાણી ઓછું થઈ જવાથી ઉનાળુ પાક લઈ શકતા નથી. ટૂંકમાં સિંચાઈની બાબતમાં ડાંગમાં ખૂબ ઓછું પરિવર્તન દેખાય છે.

## કોષ્ટક ૪.૫.૫

## કેટલા સમયથી સિંચાઈની સગવડ છે તે અંગેનું વર્ગીકરણ

| ક્રમ | કેટલા સમયથી સિંચાઈની સગવડ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | લાભ મળ્યો તે પહેલાં | ૧૨ | ૪ |
| ૨. | લાભ મળ્યો તે પછી | ૬૯ | ૨૩ |
| | **કુલ** | **૮૧** | **૨૭** |

ઉપરના કોઠામાં ખેતી માટે કેટલા સમયથી સિંચાઈની સગવડ ધરાવે છે, તેનું વર્ગીકરણ કરતાં જાણાયું છે કે, સિંચાઈની સગવડ ધરાવતા કુલ ૮૧ ઉત્તરદાતાઓમાંથી જમીનમાંથી માલિકીના વૃક્ષો કાપવાનો લાભ મળ્યો તે પહેલાં સિંચાઈની સગવડ ધરાવતા માત્ર ૧૨ (૪ ટકા) ઉત્તરદાતાઓ જ હતા. જ્યારે લાભ મળ્યો તે પછી સિંચાઈની સગવડ ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૬૯ (૨૩ ટકા) જેટલું વધ્યું છે.

એનો અર્થ એ થયો કે ડાંગમાં જે સિંચાઈની થોડી-ઘણી સગવડ વધી છે તેમાં જમીન માલિકીના વૃક્ષો કાપવાથી જે આર્થિક લાભ થયો છે તેના થકી સિંચાઈને ખેતીની સગવડોમાં વધારો થયો છે, જે આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે. ખેતીમાં સિંચાઈની સગવડ ધરાવતા કુટુંબોનું પ્રમાણ ભલે ઓછું હોય પરંતુ આ આર્થિક લાભ થવાથી ડાંગનાં લોકો સિંચાઈની સગવડ ઉભી કરીને ખેતી કરવા તરફ ઢળ્યા છે. જે ખેતીમાં આવેલું પરિવર્તન તરીકે જોઈ શકાય છે.

## કોષ્ટક ૪.૫.૬

## સિંચાઈ માટે પાણીની સગવડતા અંગેનું વર્ગીકરણ

| ક્રમ | સિંચાઈની સગવડ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | કુવો | ૬૦ | ૨૦ |
| ૨. | નદી | ૨૧ | ૭ |
| ૩. | બોર | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૮૧** | **૨૭** |

સિંચાઈ માટે પાણીની સગવડ અંગેનું ઉપરોક્ત કોષ્ટક જોતા જણાય છે કે, સિંચાઈની સગવડ ધરાવતા કુલ ૮૧ (૨૭ ટકા) ઉત્તરદાતાઓનું પ્રમાણ ૬૦ (૨૦ ટકા) જણાયું છે. નદીમાંથી પાણી ખેંચીને સિંચાઈ કરનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૨૧ (૭ ટકા) જણાયું છે. જ્યારે બોરનો ઉપયોગ કરીને સિંચાઈ કરનારા એક પણ ઉત્તરદાતા જોવા મળેલ નથી.

એનો અર્થ એ થયો કે, ડાંગમાં જે સિંચાઈની સગવડ અમુક અંશે ઉપલબ્ધ થઈ છે, તેમાં પણ કુવા દ્વારા સિંચાઈ કરનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વિશેષ ૨૦ ટકા જેટલું જોવા મળ્યું છે. જ્યારે જે ઉત્તરદાતાઓની જમીન નદી કાંઠે છે, તે ઉત્તરદાતાઓ નદીના પાણી દ્વારા સિંચાઈની સગવડ મેળવે છે, એવા ઉત્તરદાતાઓનું પ્રમાણ માત્ર ૭ ટકા જ માલુમ પડ્યું છે. બીજી બાજુ બોર દ્વારા સિંચાઈની સગવડ ડાંગમાં જોવા મળી નથી. એનો અર્થ એ થયો કે બોર દ્વારા સિંચાઈ કરવાનું વલણ ડાંગમાં વિકસ્યું હોય એવું જોવા મળેલ નથી. કુવા, નદી વગેરે દ્વારા ડાંગમાં સિંચાઈનું પ્રમાણ વધતું જાય છે. જે અંગે અમુક અંશે પરિવર્તન દેખાય છે.

ડાંગની બીજી એક મહત્વની બાબત એ છે કે, ડાંગમાં સિંચાઈ માટે નહેરનો ઉલ્લેખ કરેલ નથી. તેની પાછળનું મુખ્ય કારણ એ છે કે, ડાંગમાં નહેર આધારિત સિંચાઈની સગવડ છે જ નહીં. ડાંગમાં નહેર વ્યવસ્થા નથી.

## કોષ્ટક નં.૪.૫.૭

## વર્ષમાં થતા પાક અંગેનું વર્ગીકરણ

| ક્રમ | વર્ષના પાકો | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ચોમાસુ પાક | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | શિયાળુ પાક | ૮૧ | ૨૭ |
| ૩. | ઉનાળુ પાક | ૨૯ | ૯.૬૭ |

એક વર્ષમાં લેવાતા જુદા જુદા પાકો અંગેનું વર્ગીકરણ કરતાં જણાય છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ચોમાસુ પાક લેતા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૩૦૦ (૧૦૦ ટકા) જણાયું છે. શિયાળુ પાક લેતા કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૮૧ (૨૭ ટકા) ઉત્તરદાતાઓ સિંચાઈની સગવડવાળા હોવાથી શિયાળુ પાક લે છે. જ્યારે સિંચાઈની સગવડવાળા ૮૧ ઉત્તરદાતાઓમાંથી માત્ર ૨૯ (૯.૬૭ ટકા) ઉત્તરદાતાઓજ ઉનાળુ પાક લે છે.

અર્થાત્ ડાંગમાં લોકો મુખ્યત્વે ખેતીના વ્યવસાય ઉપર જ નભે છે. કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓ ખેતીનો વ્યવસાય કરે છે. પરંતુ ડાંગની ખેતી મુખ્યત્વે ચોમાસુ ખેતી હોય, મહદંશે આ એક જ ઋતુમાં ખેતી થાય છે. ટૂંકમાં ડાંગમાં જમીન ધરાવતા મોટાભાગનાં ખેડુતો ઓછાવતા પ્રમાણમાં ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા છે.

ડાંગ પ્રદેશ પહાડી પ્રદેશ હોવાથી સિંચાઈની સગવડવાળા ખેડુતોનું પ્રમાણ ઓછું જોવા મળ્યું છે, જે આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી માત્ર ૨૭ ટકા ઉત્તરદાતાઓ જ સિંચાઈની સગવડ ધરાવે છે. તેમ છતાં સિંચાઈ આધારિત ખેતીનું પ્રમાણ ધીમે-ધીમે વધતું જાય છે, જે એક પરિવર્તનની દિશા સૂચવે છે. બીજી બાજુ ડાંગ પહાડી પ્રદેશ હોઈ ઉનાળામાં જમીનની અંદર પાણીના સ્તર ખૂબજ ઉંડા જતા હોવાથી ઉનાળાની સિંચાઈ આધારિત ખેતીનું પ્રમાણ તદ્દન ઓછું જોવા મળ્યું છે. જે આંકડાકીય માહિતી પરથી પણ સ્પષ્ટ થાય છે.

## કોષ્ટક નં.૪.૫.૮

## પાકના પ્રકાર અંગેનું વર્ગીકરણ

| ક્રમ | પાકનો પ્રકાર | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | અનાજ: ડાંગર, નાગલી, વરઈ, જુવાર | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | કઠોળ: અડદ, ચણા, તુવેર, મગ, વાલ | ૩૦૦ | ૧૦૦ |
| ૩. | અન્ય: શાકભાજી, ફળો, તેલીબિયા, શેરડી | ૮૧ | ૨૭ |

પાકના પ્રકાર અંગેનાં ઉપરોક્ત કોષ્ટકનાં વર્ગીકરણ કરતાં જાણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાં અનાજ પ્રકારનાં પાકનું ઉત્પાદન કરતા ઉત્તરદાતાઓ ૩૦૦ (૧૦૦ ટકા) જણાયા છે. કઠોળ પ્રકારના પાકનું ઉત્પાદન કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ પણ ૩૦૦ (૧૦૦ ટકા) જણાયું છે. અન્ય ઉત્પાદન કરનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૩૦૦માંથી ૮૧ (૨૭ ટકા) હોવાનું જણાય છે.

ડાંગમાં મુખ્યત્વે ખેતીનો વ્યવસાય હોવાથી અનાજ પ્રકારનાં પાકોમાં મોટાભાગે ડાંગર, નાગલી, વરઈ, જુવાર વગેરે જેવા વિવિધ પ્રકારના ધાન્ય પકવે છે. જે ઉત્તરદાતાઓની આંકડાકીય માહિતી પરથી જણાયું છે. તેમાં પણ આ પ્રદેશમાં સવિશેષ ડાંગર, નાગલી અને વરઈનો પાક વધારે થાય છે. જો કે, વર્તમાન સમયમાં ડાંગના ખેડુતો પોતાની જમીન સમથળ અને કયારાવાળી બનાવીને નાગલી અને વરઈ કરતાં ડાંગરનું ઉત્પાદન વધુ લેવા લાગ્યા છે. જ્યારે ડાંગની પરંપરાગત  ખેતીના પાકોમાં મુખ્યત્વે નાગલી અને વરઈનું ઉત્પાદન થતું હતું. તેના બદલે વર્તમાન સમયમાં ડાંગરનું ઉત્પાદન વધુ કરવા લાગ્યા છે, તે પાકની બાબતમાં આવેલું પરિવર્તન બતાવે છે.

બીજી બાજુ ડાંગમાં કઠોળ પ્રકારનાં પાકોમાં પહેલાના સમયમાં અડદ અને વાલ જેવા કઠોળનું વધુ ઉત્પાદન થતું. તેના બદલે વર્તમાન સમયમાં ચણા, તુવેર, મગ વગેરે પાકો વધુ પ્રમાણમાં કરવા લાગ્યા છે. આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે ડાંગમાં અનાજ અને કઠોળ બંને પ્રકારના પાકો થાય છે.

ઉપરાંત વર્તમાન સમયમાં કેટલાક પ્રગતિશીલ ખેડૂતો કે જેઓ સિંચાઈની સગવડ ધરાવે છે. તેઓ શાકભાજી, ફળાઉ ઝાડ અને તેલીબિયા જેવા નવા પાકો પણ કરવા લાગ્યા

છે. આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે, આવા પાકો લેનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ (૨૭ ટકા) જેટલું જણાયું છે. જે વર્તમાન સમયમાં ડાંગમાં જુદા-જુદા પાકોમાં આવેલું પરિવર્તન બતાવે છે.

## કોષ્ટક નં.૪.૫.૯

## વાવેતર માટે બિયારણ અંગેનું વર્ગીકરણ

| ક્રમ | વાવેતર માટેનું બિયારણ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | પરંપરાગત બિયારણ | ૨૧૩ | ૭૧ |
| ૨. | બીજનિગમમાંથી | ૦૦ | ૦૦ |
| ૩. | ખાનગી એગ્રોની દુકાનેથી | ૨૪૯ | ૮૩ |
| ૪. | સહકારી મંડળીમાંથી | ૦૦ | ૦૦ |
| ૫. | ગ્રામસેવક પાસેથી | ૧૪૯ | ૪૯.૬૭ |

વાવેતર માટેનાં બિયારણ અંગેના ઉપરોક્ત કોષ્ટકની આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી વાવેતર માટેનું બિયારણમાં પરંપરાગત બિયારણ ઉપર આધાર રાખતા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૩૦૦ માંથી ૨૧૩ (૭૧ ટકા) હોવાનું જણાયું છે. બીજનિગમમાંથી બિયારણ લાવતા હોય એવા એક પણ ઉત્તરદાતા નોંધાયા નથી. ખાનગી એગ્રોની દુકાનેથી બિયારણ લાવતા હોય તેવા કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૨૪૯ (૮૩ ટકા) ઉત્તરદાતાઓ નોંધાયા છે. સહકારી મંડળીઓ દ્વારા બિયારણ મેળવતા એકપણ ઉત્તરદાતા હોવાનું જણાયું નથી. જ્યારે ગ્રામસેવક પાસેથી વાવેતર માટેનું બિયારણ લાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ કુલ ૩૦૦માંથી ૧૪૯ (૪૯.૬૭ ટકા) હોવાનું જણાયું છે.

ડાંગના લોકો આજથી દશેક વર્ષ પહેલાં ખેતીમાં બિયારણની બાબતે મોટાભાગે પરંપરાગત બિયારણ ઉપર જ વધારે આધાર રાખતા હતા. પરિણામે અનાજનું ઉત્પાદન ખૂબ ઓછું થતું. પરંપરાગત ખેતીમાં મોટેભાગે નાગલી, વરઈ, જુવાર, કોદરા, બંટી વગેરે પાકો જ કરતા હતા. પરંપરાગત બિયારણ પદ્ધતિથી ઉત્પાદન ઓછાં પ્રમાણમાં થતું.

પરંતુ વર્તમાન સમયમાં ડાંગનાં ખેડુતો પોતાની ઢોળાવ જમીનને સમથળ અને કયારાવાળી બનાવીને નાગલીને બદલે ડાંગરનું ઉત્પાદન કરવા તરફ વધુ ધ્યાન કેન્દ્રિત કરવા

લાગ્યા છે. જ્યાં-જ્યાં ઢોળાવવાળી જમીન છે તેવી જમીનમાં જ નાગલી, વરઈ વગેરે પાકો કરે છે. આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે, પરંપરાગત બિયારણનો ઉપયોગ કરતાં ઉત્તરદાતાઓનું પ્રમાણ હજું પણ (૭૧ ટકા) જણાય છે. પરંતુ અહીં એક બાબત એ સ્પષ્ટ થાય છે કે, પરંપરાગત બિયારણોમાં મોટેભાગે નાગલી, વરઈ કે કઠોળ જેવા પાકો કરે છે. પરંપરાગત કઠોળ પાકોમાં ચણા, તુવેર, મગ, તેલીબિયાં, વાલ, અડદ વગેરેને લોકો આજેય વળગી રહ્યા છે. જ્યારે આધુનિક ખેતી પદ્ધતિમાં ડાંગર તથા કઠોળ પાકોમાં ચણા, તુવેર, મગ, તેલીબિયાં વગેરે પાકો માટે ખાનગી એગ્રોની દુકાનેથી અથવા ગ્રામસેવક પાસેથી બિયારણ મેળવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૪૯.૬૭ ટકા જેટલું નોંધાયું છે.

એનો અર્થ એ થયો કે ડાંગનાં લોકો વર્તમાન સમયમાં પરંપરાગત બિયારણોની સાથે સુધારેલા બિયારણો ખાનગી એગ્રોની દુકાનેથી અને ગ્રામસેવક પાસેથી મેળવવા લાગ્યા છે. જે ડાંગમાં ખેતીની બાબતમાં આવેલું ચોકકસ પરિવર્તન જોઈ શકાય છે.

## કોષ્ટક નં.૪.૫.૧૦

## જમીનમાંનાં નાનાં-મોટાં વૃક્ષો અંગેનું વર્ગીકરણ

| ક્રમ | જમીનમાંનાં વૃક્ષો | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | મોટાં વૃક્ષો | ૨૮૦ | ૯૩.૩૩ |
| ૨. | નાનાં વૃક્ષો | ૨૦ | ૬.૬૭ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટકમાં ઉત્તરદાતાઓની જમીનમાંનાં નાનાં-મોટાં વૃક્ષો અંગેનું વર્ગીકરણ કરતાં જાણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૨૮૦ (૯૩.૩૩ ટકા) ઉત્તરદાતાઓની પોતાની માલિકી જમીનમાં મોટાં વૃક્ષો હોવાનું જણાયું છે. જ્યારે ૨૦ (૬.૬૭ ટકા) ઉત્તરદાતાઓની પોતાની માલિકીની જમીનમાં નાનાં વૃક્ષો હોવાનું જણાયું છે.

ડાંગના ખેડુતોની માલિકીની જમીનમાં નાનાં-મોટાં વૃક્ષોનું પ્રમાણ સારું એવું ઉંચુ રહ્યું છે. જે ખેડુતોએ પોતાની જમીનમાં કયારાઓ બનાવેલા છે, તેવા ખેડુતોએ કયારાની પાળી ઉપર તેમજ સીમ-સેઢા ઉપર નવા વૃક્ષો ઉગાડેલાં છે. ઉપરાંત પહેલેથી જે વૃક્ષો જમીનમાં છે તેને પણ સાચવી રાખ્યા છે. ઘણાખરા ખેડુતોની જમીન જે ઢોળાવવાળી છે

તેના ઉપર વૃક્ષોનું પ્રમાણ સવિશેષ જોવા મળે છે. ઉપરાંત ખાડા-ટેકરાવાળી જમીનમાં પણ વૃક્ષોનું પ્રમાણ વધારે જોવા મળે છે. આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે, પોતાની માલિકીની જમીનમાં મોટા વૃક્ષો હોય તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૨૮૦ (૯૩.૩૩ ટકા) છે. જ્યારે પોતાની જમીનમાં નાના વૃક્ષો હોય એવા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૨૦ (૬.૬૭ ટકા) હોવાનું જણાયું છે. એનો અર્થ એ થયો કે ડાંગના ખેડુતોની માલિકીની જમીનમાં હજુ પણ મોટાં વૃક્ષોનું પ્રમાણ વધારે છે. જે તેમને સારી એવી આવક આપે એવું જણાય છે. જો સરકાર ભવિષ્યમાં લોકોની વૃક્ષ સાચવણીની કદરરૂપે યોગ્ય વળતર આપવાની નીતિ અપનાવે તો તેમની આર્થિક સ્થિતિમાં ચોકકસપણે ઘણો સુધારો આવી શકે એમ છે.

## કોષ્ટક નં.૪.૫.૧૧

## વૃક્ષોના પ્રકાર અંગેનું વર્ગીકરણ

| ક્રમ | વૃક્ષોનો પ્રકાર | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ઈમારતી: સાગ, સીસમ, સાદડ, ખેર, તણસ | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | ઈતર: મહુડો, બહેડા, હેદકલમ, હળદવો | ૩૦૦ | ૧૦૦ |

કોષ્ટક નં.૪.૫.૧૧માં ઉત્તરદાતાઓની જમીનમાં કયા પ્રકારનાં વૃક્ષો છે તે અંગેનું વર્ગીકરણ કરતાં જણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ઈમારતી લાકડા આપતા, ગુણવતાવાળાં વૃક્ષો હોય એવા ઉત્તરદાતાઓ પણ ૩૦૦ એટલે કે ૧૦૦ ટકા એ જણાવ્યું છે.

એનો અર્થ એ થયો કે ડાંગના લોકોની પોતાની માલિકીની જમીનમાં ઈમારતી લાકડાં આપે એવા વૃક્ષો જેમાં સાગ, સીસમ, સાદડ, ખેર, તણસ વગેરે જોવા મળે છે. જે આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે ૧૦૦ ટકા ઉત્તરદાતાઓએ એવું જણાવ્યું કે તેમની જમીનમાં ઈમારતી લાકડા આપે એવાં વૃક્ષો છે. બીજી બાજુ ઈતર પ્રકારનાં લાકડા આપે એવા વૃક્ષો જેમકે- મહુડો, બહેડા, હેદકલમ, હળદવો વગેરે હોવાનું જણાયું છે. એટલે કે દરેક ખેડુતની માલિકીની જમીનમાં ઓછે-વતે અંશે ઈમારતી અને ઈતર એમ બંને પ્રકારના વૃક્ષો હોવાનું જણાયું છે.

મહત્વની વિશેષતા એ છે કે, ઈમારતી લાકડાં આપતા વૃક્ષો માલિકી હકકરૂપે સરકારી મંજુરીથી ખેડુતોને વધુ આવક આપે છે. જ્યારે ઈતર લાકડા આપતા વૃક્ષો ખેડુતોને ઓછી

આવક આપે છે. તેમ છતાં ખેડુતોની પોતાની માલિકીની જમીનમાં રહેલાં વૃક્ષો તેમને ભવિષ્યમાં વધુ આવક આપી તેમની આર્થિક સ્થિતિ સુધારવામાં ચોકકસપણે ફાળો આપશે. જે અભ્યાસ ઉપરથી તારવી શકાય છે.

**કોષ્ટક નં.૪.૫.૧૨**

**જમીનની અંદાજીત કિંમત અંગેનું વર્ગીકરણ**

| ક્રમ | અંદાજીત કિંમત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| **એ.** | **વૃક્ષો સાથે** | | |
| ૧. | ૧૦થી૨૦ લાખ | ૧૩૫ | ૪૫ |
| ૨. | ૨૧થી૩૦ લાખ | ૧૦૩ | ૩૪.૩૩ |
| ૩. | ૩૧થી૪૦ લાખ | ૪૬ | ૧૫.૩૩ |
| ૪. | ૪૧ લાખથી વધુ | ૧૬ | ૫.૩૪ |
| **બી.** | **વૃક્ષો વગર** | | |
| ૧. | ૫૦ હજારથી ૧ લાખ | ૧૧૬ | ૩૮.૬૭ |
| ૨. | ૧ લાખથી ૨ લાખ | ૧૦૧ | ૩૩.૬૭ |
| ૩. | ૨ લાખથી ૩ લાખ | ૩૯ | ૧૩ |
| ૪. | ૩ લાખથી વધુ | ૪૪ | ૧૪.૬૬ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટકમાં ઉત્તરદાતાઓની જમીનની અંદાજીત કિંમતમાં વૃક્ષો સાથે અને વૃક્ષો વગર બંનેનું સંયુક્ત રીતે વર્ગીકરણ કરતાં જાણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી વૃક્ષો સાથે જમીનની અંદાજીત કિંમત ૧૦થી૨૦ લાખ જમીનની કિંમત ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૧૩૫ (૪૫ ટકા) (૨) ૨૧થી૩૦ લાખ જમીનની કિંમત ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૧૦૩ (૩૪.૩૩ ટકા) (૩) ૩૧થી૪૦ લાખ જમીનની કિંમત ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૪૬ (૧૫.૩૩ ટકા) (૪) ૪૧ લાખથી વધુ કિંમત ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૧૬ (૫.૩૪ ટકા) જેટલું જાણાયું છે.

જ્યારે કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી વૃક્ષો વગર એકરદીઠ જમીનની કિંમત- અંદાજિત કિંમત (૧) ૫૦ હજારથી ૧ લાખ જમીનની કિંમત ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૧૧૬ (૩૮.૬૭ ટકા) (૨) ૧ લાખથી બે લાખ જેટલી જમીનની કિંમત ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૧૦૧ (૩૩.૬૭ ટકા) (૨) ૨થી૩ લાખ જેટલી જમીનની કિંમત ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૩૯ (૧૩ ટકા) અને (૪) ૩ લાખથી વધુ જમીનની કિંમત ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૪૪ (૧૪.૬૬ ટકા) જેટલું જણાયું છે.

ઉપરોક્ત જમીનની અંદાજિત કિંમત અંગેનું કોષ્ટકનું વર્ગીકરણ કરતાં જણાયું છે કે, ડાંગ જિલ્લાની માત્ર જમીનની કિંમત એટલે કે વૃક્ષો વગરની જમીનની કિંમત તદ્દન સામાન્ય અને ઓછી આંકવામાં આવી છે. તેની પાછળનું મુખ્ય કારણ એ છે કે ડાંગની જમીન ખડકાળ, ખાડા-ટેકરાવાળી, ઢોળાવવાળી, ઝાડી-ઝાંખરાવાળી હોવાથી એ જમીનની કિંમત ઓછી આંકવામાં આવે છે. જો કે તેમની જમીનમાં વૃક્ષો વધારે હોવાથી જમીન કરતાં વૃક્ષોની કિંમત વધી જાય છે, તેથી વૃક્ષો સાથે જમીનની કિંમત ઘણી ઉંચી આકવામાં આવી છે. પ્રશ્ન એ થાય છે કે વૃક્ષો સાથે જમીનની આટલી ઉંચી કિંમત શા માટે ? કારણ કે ડાંગના ખેડુતોની જમીન પર (હયાત) ઉભા વૃક્ષો ઈમારતી લાકડાવાળા હોવાથી જેની ઉંચી કિંમત ઉપજે છે. ઉપરાંત ઈમારતી લાકડામાં સાગ, સીસમ, તણસ ખેર ઈત્યાદિ કદમાં મોટા અને કીંમતી વૃક્ષો જમીનમાં હાલમાં પણ ઉભા છે, જે ભવિષ્યમાં જે તે સમયે જ્યારે જમીન માલિકીનો સંપૂર્ણ અધિકાર ડાંગના ખેડૂતને મળશે ત્યારે એ વૃક્ષો એમની આર્થિક પરિસ્થિતિ સુધારવા માટેનું મુખ્ય અને મજબૂત સ્ત્રોત બની શકે છે.

## કોષ્ટક ૪.૫.૧૩

## જમીનમાનાં વૃક્ષોની આવક અંગેનું વર્ગીકરણ

| ક્રમ | વૃક્ષો આવક સાથે | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | ના | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરનાં કોષ્ટકમાં જે તે ઉત્તરદાતાઓની જમીનમાંના વૃક્ષો આવક આપે છે કે નહીં તે અંગેનું વર્ગીકરણ કરતાં જાણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી બધા જ ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓએ પોતાની જમીનમાંના વૃક્ષો તેમને આવક આપશે તેવું જાણાવ્યું છે. જ્યારે પોતાની જમીનમાંના વૃક્ષો તેમને આવક આપશે નહીં, તેવો એકપણ ઉત્તરદાતાએ જવાબ આપ્યો નથી. એનો અર્થ એ થયો કે બધા જ ઉત્તરદાતાઓની જમીનમાં વૃક્ષો છે અને તે મહતમ આવક આપે એવા છે.

## કોષ્ટક નં.૪.૫.૧૪

## જમીનમાનાં વૃક્ષો કેટલી આવક આપશે તે અંગેનું વર્ગીકરણ

| ક્રમ | કેટલી આવક | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | થોડી આવક | ૦૦ | ૦૦ |
| ૨. | વધારે આવક | ૩૦૦ | ૧૦૦ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરનાં કોષ્ટકમાં વૃક્ષો કેટલીક આવક આપી શકશે તે અંગેનું વર્ગીકરણ કરતાં જાણાયું છે કે કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી પોતાની જમીનમાંનાં વૃક્ષો થોડી આવક આપશે એવા એકપણ ઉત્તરદાતાનો જવાબ ન હતો. બધા જ એટલે કે ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓએ પોતાની જમીનમાંનાં વૃક્ષો વધુમાં વધુ આવક આપશે એવું જાણાવ્યું છે.

એનો અર્થ એ થયો કે, જમીન પર ઉભા વૃક્ષો ડાંગના લોકોને ભવિષ્યમાં પણ વધુ આવક આપશે, એવું ઉત્તરદાતાઓનું માનવું છે. પરિણામે તેઓએ વૃક્ષોને ભાવિ આવકનું મહત્વનું સ્ત્રોત તરીકે જોઈ રહ્યા છે. હાલમાં પણ જે ખેડૂતનાં 'માલકી' રૂપે વૃક્ષો કપાયા છે,

તેની આવકનો જે પ્રકારે ફરક પડ્યો છે તેને ધ્યાનમાં લેતાં ભવિષ્યમાં અન્ય ખેડુતોને પણ તેમની જમીન પર ઉભેલાં વૃક્ષો મહતમ આવક ઉભી કરી આપશે એવો દ્દઢ વિશ્વાસ બાંધી અતિશ્યોક્તિ નહી લાગે.

**કોષ્ટક ૪.૫.૧૫**

**હાલમાં ૧૦ વૃક્ષો કાપવાનાં નિયમ અંગેનું વર્ગીકરણ**

| ક્રમ | ૧૦ વૃક્ષો કાપવાનો નિયમ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૦૦ | ૦૦ |
| ૨. | ના | ૩૦૦ | ૧૦૦ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટકમાં ડાંગના વનવિભાગ દ્વારા હાલમાં ૧૦ વૃક્ષો કાપવાનો જે નિયમ છે; તે બરાબર છે કે કેમ, તેનું વર્ગીકરણ કરતાં જણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૧૦ વૃક્ષો કાપવાનો નિયમ બરાબર છે. એવો એકપણ ઉત્તરદાતાએ જવાબ આપ્યો નથી. બધા જ એટલે કે ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓએ જમીનમાંના ૧૦ વૃક્ષો કાપવાનો નિયમ બરાબર નથી. એવો જવાબ આપેલ છે.

ડાંગમાં ખેડુતોની જમીનમાં કુદરતી રીતે ઉગેલા તેમજ ખેડૂતે ઉછેરેલા પોતાની જમીનમાંનાં વૃક્ષો કાપવા માટે ડાંગમાં વન વિભાગ અને ક્ષેત્રીય વનસંરક્ષણ દ્વારા જે તે વિસ્તારના વન વિભાગમાં આવતી ખેડૂતોની જમીનમાંથી જે તે ખેડૂતને ૧૦ વૃક્ષો (ઝાડ) કાપવાનો અને તેને વનવિભાગના નિયમ અનુસાર હરાજીમાં મુકીને વેચાણ કરવાનો તેમજ તેના ઉપજતા નાણા ખેડૂતોને આપવાનો નિયમ છે. પરંતુ બધા જ ડાંગના જમીન ધરાવતા ખેડૂતો એવું માને છે કે, તેમની જમીનમાંથી ૧૦ વૃક્ષો કાપવાનો જે નિયમ છે તે બરાબર નથી. તેની પાછળનું મુખ્ય કારણ એ છે કે, જમીનમાંથી ૧૦ વૃક્ષો કાપવા માટેની જે પ્રક્રિયા છે તે ખૂબજ લાંબી અને ખર્ચાળ હોવાનું લોકોનું માનવું છે.

## કોષ્ટક ૪.૫.૧૬

## કેટલાં વૃક્ષો કાપવા તે અંગેનું વર્ગીકરણ

| ક્રમ | કેટલા વૃક્ષો કાપવા | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ૧૫થી૨૦ વૃક્ષો | ૧૫૧ | ૫૦.૩૩ |
| ૨. | ૨૦થી૨૫ વૃક્ષો | ૧૧૮ | ૩૯.૩૩ |
| ૩. | ૨૫થી૩૦ વૃક્ષો | ૨૮ | ૯.૩૪ |
| ૪. | ૩૦થી વધારે વૃક્ષો | ૩ | ૧ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

કોષ્ટક નં.૪.૫.૧૬માં જમીનમાંથી કેટલાં વૃક્ષો કાપવાનો નિયમ હોવો જોઈએ તે અંગેનું વર્ગીકરણ કરતાં જણાયું છે કે કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી (૧) ૧૫૧ (૫૦.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ ૧૫થી૨૦ વૃક્ષો કાપવાનો નિયમ હોવો જોઈએ એવું જણાવ્યું. (૨) ૧૧૮ (૩૯.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ ૨૦થી૨૫ વૃક્ષો કાપવાનો નિયમ હોવો જોઈએ એવું જણાવ્યું. (૨) ૨૮ (૯.૩૪ ટકા) ઉત્તરદાતાઓએ ૨૫થી૩૦ વૃક્ષો કાપવાનો નિયમ હોવો જોઈએ એવું જણાવ્યું. જ્યારે (૪) ૩ (૧ ટકા) ઉત્તરદાતાઓએ ૩૦થી વધારે વૃક્ષો કાપવાનો નિયમ હોવો જોઈએ એવું જણાવ્યું.

ડાંગ જિલ્લાની ખેડુતોની માલિકીની જમીનમાંથી છેલ્લા ૨૦ વર્ષથી ૧૦ વૃક્ષો કાપવાનો નિયમ છે. વર્તમાન સમયમાં આ ૧૦ વૃક્ષો કાપવાનો નિયમ છે. વર્તમાન સમયમાં આ ૧૦ વૃક્ષો કાપવા માટે ખેડૂતોને સતત જંગલખાતા (વનવિભાગની કચેરી), મામલતદારની કચેરી, રેવન્યુ તલાટીની કચેરી વગેરેમાં સતત ધક્કા ખાવા પડે છે. સતત ધક્કા ખાઈને લાંબી પ્રક્રિયા પછી જે ૧૦ વૃક્ષો કાપવાની મંજુરી મળે છે. તેમાંથી ઉપજતી રકમ ખડૂતોની મહેનતના પ્રમાણ પૂરતી નથી. તેથી તેઓ વધુ વૃક્ષો કાપવાનો નિયમ હોવો જોઈએ એવું માને છે. કુલ ઉત્તરદાતાઓમાંથી ૫૦.૩૩ ટકા ઉત્તરદાતાઓએ ૧૫થી૨૦ વૃક્ષો કાપવાનો નિયમ હોવો જોઈએ એવું જણાવ્યું છે. જ્યારે ૧ ટકા ઉત્તરદાતાઓએ ૩૦થી વધુ વૃક્ષો કાપવાનો નિયમ હોવો જોઈએ. તેમાંથી આ ૧ ટકા ઉત્તરદાતાઓમાં ગલકુંડ રેંજના લીંગા ગામના ઉત્તરદાતાઓએ ૩૦થી વધુ વૃક્ષો કાપવાનો નિયમ હોવો જોઈએ એવું જણાવ્યું.

એની પાછળનું મુખ્ય કારણ એ છે કે, ડાંગના પાંચ રાજાઓમાંથી એક રાજા લીંગા ગામનો છે. ત્યાંના રાજા વંશજો એવું માને છે કે, ડાંગની જમીન અને જંગલના રાજા અને રખેવાડ અમે છીએ. તેથી અમારી ઈચ્છા મુજબ અમે અમારી જમીનમાંના વૃક્ષો કાપી શકીએ. એમાં જંગલખાતાની મંજુરી વળી શેની? એવો સામો સવાલ કરે છે. ઐતિહાસિક દ્રષ્ટિએ આ પ્રશ્નની પાછળ ચોકકસ નકકર તથ્ય હોવાનું તેમના આક્રોશ પરથી જણાવ્યું છે.

## કોષ્ટક નં. ૪.૫.૧૭

## વૃક્ષો કાપવાના આર્થિક લાભ અંગેનું વર્ગીકરણ

| ક્રમ | આર્થિક લાભ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | ના | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક દ્વારા વૃક્ષો કાપવાનાં અધિકારથી થતો આર્થિક લાભ અંગેનું વર્ગીકરણ કરતાં જણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી બધા જ એટલે કે, ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓએ આર્થિક લાભ થાય છે એવું જણાવ્યું છે. જ્યારે આર્થિક લાભ થતો નથી, એવો એક પણ ઉત્તરદાતાએ જવાબ આપ્યો નથી.

ટૂંકમાં જે તે ખેડૂતો પોતાની જમીનમાંથી જે ૧૦ વૃક્ષો કપાવે છે. તેમાંથી સારી એવી આવક મળતી હોય છે. ઉત્તરદાતાઓની મુલાકાત પણ દ્વારા એવું જાણવા મળ્યું છે કે કુલ ૩૦૦ ઉત્તરદાતાઓએ ૧૦ વૃક્ષો કાપવાનો લાભ લીધો છે. તેમાંથી એકપણ ઉત્તરદાતાએ દોઢ લાખથી ઓછી આવક મળી હોય એવું જણાવ્યું નથી. દોઢ લાખથી વધુ આવક મેળવી હોવાનું બધા ઉત્તરદાતાઓએ જવાબ આપ્યો છે. એનો અર્થ એ થયો કે વૃક્ષો કાપવાનો જે આર્થિક લાભ થાય છે, તેમાંથી મોટાભાગના ઉત્તરદાતાઓએ મળેલી રકમ પોતાના ઘરના અને બાળકોના વિકાસ પાછળ ખર્ચેલ છે જે અભ્યાસ પરથી જણાયું છે.

## કોષ્ટક નં.૪.૫.૧૮

## ઘરની પરિસ્થિતિમાં સુધારો અંગેનું વર્ગીકરણ

| ક્રમ | ઘરની પરિસ્થિતિમાં સુધારો | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | ના | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરના કોષ્ટકમાં વૃક્ષો કાપવાના અધિકારથી થતો આર્થિક લાભ અંગેનું વર્ગીકરણ કરતાં જાણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી બધા જ એટલે કે, ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓએ આ લાભ થકી પોતાના ઘરની અને કુટુંબની આર્થિક પરિસ્થિતિ સુધરી છે એવું જાણાવ્યું છે. જ્યારે પોતાના ઘરની પરિસ્થિતિ સુધરી નથી એવો એકપણ ઉત્તરદાતાએ જવાબ આપ્યો નથી.

ડાંગના ખેડુતો પોતાની જમીનમાંના વૃક્ષો કપાવે છે. જેના થકી તેમને સારો એવો આર્થિક ફાયદો થયો છે. જેના પરિણામે તેમની આર્થિક પરિસ્થિતિમાં પણ ઘણો સારો સુધારો થયો છે. જે તેમના અભ્યાસ પરથી સ્પષ્ટ જાણાયું છે.

## કોષ્ટક નં.૪.૫.૧૯

## બાપ-દાદાઓ કરતાં ઉત્તરદાતાની આર્થિક સ્થિતિ અંગેનું વર્ગીકરણ

| ક્રમ | બાપ-દાદા કરતાં ઉત્તરદાતાની આર્થિક સ્થિતિ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | ના | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક દ્વારા દાદા અને બાપુજી કરતાં ઉત્તરદાતાથી આર્થિક સ્થિતિ કેવી છે, તે અંગેનું વર્ગીકરણ કરતાં જાણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી તમામ એટલે કે, ૩૦૦ (૧૦૦ ટકા ઉત્તરદાતાઓએ તેમના બાપ-દાદા કરતાં પોતાની આર્થિક પરિસ્થિતિ ઘણી સારી છે એવું જાણાવ્યું છે. જ્યારે પોતાના બાપ-દાદા કરતાં પોતાની આર્થિક પરિસ્થિતિ

નબળી છે એવો એકપણ ઉત્તરદાતાએ જવાબ આપ્યો નથી.

એનો અર્થ એ થયો કે, ડાંગમાં વર્તમાન સમયમાં વિવિધ યોજનાઓનો લાભ મળતાં, શિક્ષણનું પ્રમાણ વધતાં, નોકરીની તકો ઉભી થતાં, ખેતીમાં સુધારો થતાં તેમજ માલિકીની જમીનમાંનાં વૃક્ષો કાપવાથી જે આર્થિક લાભ થયો છે, તેને કારણે જૂની પેઢી કરતાં નવી પેઢીની આર્થિક સ્થિતિમાં ઘણો સુધારો જોઈ શકાય છે. તેઓ સારી એવી ભૌતિક સુવિધાઓ ભોગવતા થયા છે. જે તેમની જીવન પદ્ધતિ પરથી પણ જોઈ શકાય છે. અર્થાત્ વર્તમાન સમયમાં ડાંગમાં આર્થિક ક્ષેત્રે સારું એવું પરિવર્તન જોઈ શકાય છે.

**કોષ્ટક નં.૪.૫.૨૦**

**હાલમાં જમીનમાંના વધુ વૃક્ષો થકી ફાયદા અંગેનું વર્ગીકરણ**

| ક્રમ | વધુ વૃક્ષો થકી ફાયદો | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | ના | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક દ્વારા જમીન ખાડા-ટેકરાવાળી હોવા છતાં વધુ વૃક્ષો હોવાથી ફાયદો થશે કે કેમ, તે અંગેનું વર્ગીકરણ કરતાં જણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી તમામ એટલે કે, ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓએ હાલમાં જમીનમાં વધુ વૃક્ષો હોવાથી ભવિષ્યમાં તેનો સારો એવો આર્થિક ફાયદો થશે એવો જવાબ આપ્યો છે. જ્યારે પોતાની જમીનમાં વૃક્ષો હોવા છતાં આર્થિક ફાયદો થશે નહીં, એવો એકપણ ઉત્તરદાતાએ જવાબ આપેલ નથી.

ડાંગની મોટાભાગની જમીન ઢોળાવવાળી, ખાડા-ટેકરાવાળી અને ઓછી ઉપજાવ છે. પરંતુ બીજી બાજુ આવી જમીનમાં જ વૃક્ષોનું પ્રમાણ પણ વધારે છે. વર્તમાન વનખાતાના આ માલિકી વૃક્ષો કાપવાના નિયમ થકી જેમની જમીનમાં વધુ વૃક્ષો હોય તેવા ખેડૂતોને પાછળથી આ વૃક્ષો કાપવાથી સારો એવો આર્થિક લાભ થશે. જે ખેડૂતો સારી રીતે સમજે છે. એટલે જમીનમાં વધુ વૃક્ષો હોવા એ વર્તમાન સમયમાં ડાંગના લોકો માટે વિશેષ ફાયદાની વાત ગણાય છે.

## કોષ્ટક નં.૪.૫.૨૧

## જમીનમાં વધુ વૃક્ષો હોવાનો આનંદ અંગેનું વર્ગીકરણ

| ક્રમ | વધુ વૃક્ષો હોવાનો આનંદ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૧૦૦ | ૧૦૦ |
| ૨. | ના | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૧૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક દ્વારા બીજા ખેડુતો કરતાં પોતાની જમીનમાં વધુ વૃક્ષો હોવાનો આનંદ અંગેનું વર્ગીકરણ કરતાં જાણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી બધા જ એટલે કે ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓએ પોતાની જમીનમાં વધુ વૃક્ષો હોવાનો આનંદ છે, એવો જવાબ આપેલ છે જ્યારે પોતાની જમીનમાં વધુ વૃક્ષો હોવા થકી નાખુશી વ્યક્ત કરી નથી. એ પણ ઉત્તરદાતાનો જવાબ ના નથી.

અર્થાત્ વૃક્ષો કાપવાના અધિકારથી જમીનમાંના મોટાં અને વધુ વૃક્ષો ભવિષ્યમાં પોતાની સારી આવક આપશે એનો આનંદ હોવાનો સ્વાભાવિક પણે ઉત્તરદાતાઓના જવાબ પરથી જાણાયું હતું. એટલું જ નહીં પરંતુ બીજા ખેડુતો સાથે પણ તુલના કરતા હતા. જેમની જમીનમાં ઓછા વૃક્ષો હશે તેમને નુકશાન જશે એવું પણ ઉત્તરદાતાઓ માનતા હતા. અલબત્ વધુ વૃક્ષો હોવાનો આનંદ ઉત્તરદાતાઓના જવાબ ઉપરથી સ્પષ્ટ જાણાયું છે.

## કોષ્ટક ૪.૫.૨૨

## જમીનમાં વધુ વૃક્ષો વાવી તેની માવજત કરવા અંગેનું વર્ગીકરણ

| ક્રમ | વૃક્ષો વાવી તેની માવજત કરવી | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | ના | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટકમાં જમીનમાં નવાં વૃક્ષો (રોપા) વાવી તેની માવજત કરવા અંગેનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે, કુલ ૩૦૦

ઉત્તરદાતાઓમાંથી તમામ એટલે કે ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓએ પોતાની જમીનમાં નવા રોપા (વૃક્ષો) વાવી તેની માવજત કરવી જોઈએ એવું જણાવ્યું છે. જ્યારે એકપણ ઉત્તરદાતાએ પોતાની જમીનમાં નવાં વૃક્ષો વાવી તેની માવજત ન કરવી જોઈએ એવો જવાબ આપેલ નથી.

એનો અર્થ એ થયો કે, વર્તમાન સમયમાં ડાંગની જમીનમાંનાં વૃક્ષો ખેડૂતને આર્થિક લાભ આપનારું એક મહત્વનું સ્રોત બનતું જાય છે. ભવિષ્યમાં આ નવા રોપેલા વૃક્ષો (રોપા) પણ સારી એવી આવક આપશે. તેનાથી પ્રેરાયને ડાંગના ખેડૂતો નવા વૃક્ષો (રોપા) રોપીને તેની સારી એવી માવજત કરવા લાગ્યા છે.

એની મહત્વની એક વિશિષ્ટતા એ છે કે, જમીનમાંના માલિકીનાં વૃક્ષો કાપતાં એક બાજુ પર્યાવરણનો પ્રશ્ન ઉભો થયો છે એવું ચોકકસપણે લાગે છે, પરંતુ બીજી બાજુ ડાંગના ખેડુતો ખુદ એક બાજુ નવા વૃક્ષો (રોપા) વાવીને તેનું સારું એવું જતન કરવા લાગ્યા છે. જે પર્યાવરણ સમતુલા જાળવી રાખવામાં ચોકકસપણે સારું પરિણામ છે.

## કોષ્ટક નં.૪.૫.૨૩

## ૧૦ વૃક્ષો કાપવા સામે ૧૦૦ વૃક્ષો રોપવાના નિયમ અંગેનું વર્ગીકરણ

| ક્રમ | ૧૦ વૃક્ષો કાપવા સામે ૧૦૦ વૃક્ષો રોપવા | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૦૦ | ૦૦ |
| ૨. | ના | ૩૦૦ | ૧૦૦ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટકમાં ૧૦ વૃક્ષો કાપવા સામે ૧૦૦ વૃક્ષો (રોપા) રોપવાના નિયમ અંગેનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી બધા જ એટલે કે, ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓએ ૧૦ વૃક્ષો કાપવા સામે ૧૦૦ વૃક્ષો (રોપા) રોપવાના નિયમ ન હોવા જોઈએ એવો નકારમાં જવાબ આપેલ છે. અર્થાત્ એકપણ ઉત્તરદાતાએ આ નિયમ બરાબર છે એવો જવાબ આપેલ નથી.

ડાંગમાં ખેડૂતોની માલિકીની જમીનમાંથી ૧૦ વૃક્ષો કાપવાનો વનવિભાગ અને

મહેસૂલી વિભાગ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે. ૧૦ વૃક્ષો કાપવા થકી ડાંગના લોકોને ચોકકસપણે આર્થિક લાભ થયો છે. પરંતુ બીજી બાજુ ૧૦ ઝાડ કાપવા સામે જે તે ખેડૂતે ૧૦૦ નવા વૃક્ષો (રોપા) રોપવાનો નિયમ પણ બનાવ્યો છે. જે ખેડૂત પોતાની જમીનમાં ૧૦૦ વૃક્ષો (રોપા) વાવે અને તેમાંથી એકવર્ષ બાદ ૮૦ વૃક્ષો (રોપા) જીવતા (હયાત) હોય, તેમને જ ૧૦ વૃક્ષો (ઝાડ) કાપવાનો વનવિભાગ દ્વારા જે તે ખેડૂતને મંજૂરી આપવાનો નિયમ છે.

ડાંગના ખેડૂતોનો નવાં વૃક્ષો વાવવાનો વિરોધ નથી. પરંતુ ૧૦ વૃક્ષો કાપવા માટે ૧૦૦ વૃક્ષો રોપીને એક વર્ષ સુધીમાં ૮૦ વૃક્ષો જીવીત રાખવાના હોય છે. મોટાભાગે ખેડૂતો પોતાની જમીનના સેઢે નવા રોપા (વૃક્ષો) વાવતા હોય છે. ઉપરાંત ગાય ચરાણની જગ્યા હોવાથી તેમાંથી અડધા ભાગના રોપા નાશ પામે છે. પરિણામે બીજા વર્ષે ફરીથી પોતાની જમીનમાં રોપા રોપે છે. આમ સતત ત્રણ-ચાર વર્ષ સુધી પોતાની જમીનમાં રોપા રોપે છષ ત્યારે માંડ ૮૦ જેટલા રોપા જીવીત રહે છે. પરિણામે ડાંગના ખેડુતો આ વનવિભાગનો નિયમ હાસ્યાસ્પદ હોવાનું તેઓ માને છે.

## કોષ્ટક નં.૪.૫.૨૪

## માલિકીનાં વૃક્ષો કાપવાનાં વહીવટી સમસ્યા અંગેનું વર્ગીકરણ

| ક્રમ | વહીવટી સમસ્યા | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | ના | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક દ્વારા માલિકીનાં વૃક્ષો કાપવામાં ખેડુતોને વહીવટી સમસ્યા નડે છે કે કેમ, તે અંગેનું વર્ગીકરણ કરતાં જાણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી તમામ એટલે કે ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓએ માલિકીનાં વૃક્ષો કાપવામાં વહીવટી સમસ્યા નડે છે એવો જવાબ આપ્યો છે. જ્યારે એકપણ ઉત્તરદાતાએ વહીવટી સમસ્યા નડતી નથી, એવો જવાબ આપેલ નથી.

ડાંગમાં ખેડુતોની જમીન અંગેના કેટલાક વિશિષ્ટ નિયમો છે. ડાંગના ખેડુતોની

પોતાની જમીન અંગેની ખાતાવાહી હોવા છતાં, ત્યાંના ખેડુતોને ૧૦૦ ટકા જમીનનો સંપૂર્ણ અધિકાર આપેલ નથી. તેની પાછળનું મહત્વનું કારણ જમીનમાં રહેલાં મોટાં વૃક્ષો ઉપર હજુ પણ વનવિભાગ (જંગલખાતા)નો જ સંપૂર્ણ અધિકાર ગણાય છે. એટલા માટે જ જો કોઈપણ ખેડુત પોતાની જમીનમાંના ૧૦ વૃક્ષો કાપવા માંગે તો સૌપ્રથમ તેમણે જંગલખાતાની મંજૂરી લેવાની હોય છે. સાથે મહેસૂલી વિભાગમાંથી પણ મંજૂરી લેવાની હોય છે. આથી જ જે તે ખેડૂતને વૃક્ષો કાપવા માટે વહીવટી સમસ્યાનો સામનો કરવો પડે છે. બીજી બાજુ ગામડા ગામના ખેડુતો સરકારી તંત્રની બાબતમાં વિશેષ માહિતગાર હોતા નથી. વહીવટી પ્રક્રિયાઓમાંથી પણ અજાણ હોય છે. તેથી પણ તેમની સમસ્યાઓમાં વધારો થાય છે.

## કોષ્ટક નં.૪.૫.૨૫

## કયા વહીવટી વિભાગની સમસ્યા અંગેનું વર્ગીકરણ

| ક્રમ | કયા વહીવટી વિભાગની સમસ્યા | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | જંગલખાતાની | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | રેવન્યુ તલાટી | ૧૯૬ | ૬૫.૩૩ |
| ૩. | મામલતદાર | ૧૪૪ | ૪૮ |

ઉપરોક્ત વહીવટી વિભાગની સમસ્યાઓ અંગેના વર્ગીકરણમાં કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી બધા જ એટલે કે, ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓએ જંગલખાતાની વહીવટી સમસ્યા નડે છે, એવો જવાબ આપ્યો છે. ૩૦૦માંથી ૧૯૬ (૬૫.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ રેવન્યુ તલાટીને લગતી વહીવટી સમસ્યા નડે છે. જ્યારે ૩૦૦માંથી ૧૪૪ (૪૮ ટકા) ઉત્તરદાતાઓએ મામલતદાર કચેરી કક્ષાએ વહીવટી સમસ્યા નડે છે એવો જવાબ આપેલ છે.

ડાંગમાં ખેડુતોની માલિકીની જમીનમાંથી લાકડા માટે મુખ્યત્વે જંગલખાતુ, રેવન્યુ વિભાગ અને મામલતદાર એવી મુખ્ય ત્રણ વહીવટી પ્રકિયામાંથી પસાર થવાનું હોય છે.

સૌપ્રથમ ખેડુતે પોતાની જમીનમાંથી વૃક્ષો કાપવા માટે પોતાનું ગામ જે જંગલખાતાની રેંજમાં આવતું હોય તે રેંજખાતાની ઓફીસમાંથી માલિકીનાં વૃક્ષો કાપવા માટેનું અરજી ફોર્મ

મેળવવાનું હોય છે. આ ફોર્મ મેળવવા માટે જ અભણ અને સામાન્ય ખેડુત માટે તો એક મોટી મુશ્કેલી ઉભી કરે છે. અરજી ફોર્મ મેળવ્યા પછી રેવન્યુ તલાટી પાસેથી જમીનના ૭/૧૨ અને ૮-અના ઉતારા મેળવવા માટે ધક્કા ખાવાના હોય છે. ત્યારપછી મામલતદાર પાસે જમીનના સંયુક્ત વારસદારો ભેગા મળીને સંમતીપત્ર રૂબરૂમાં લખી આપવાનું હોય છે. ત્યારબાદ ફરી જંગલખાતાની રેંજ ઓફીસમાં આ અરજીફોર્મ જમા કરાવવાનું હોય છે ત્યાંથી આ અરજીફોર્મ મંજુર કે નામંજુરનો લેટર આવતા ઓછામાં ઓછા છ મહિના અને વધુમાં વધુ ત્રણ વર્ષ થઈ ગયા હોય એવા ઉત્તરદાતાઓના જવાબ પરથી જણાયું છે.

એટલા માટે જ ઉત્તરદાતાઓએ આ પ્રક્રિયા ખૂબજ ઉંડી અને ધીમી હોવા ઉપરાંત અભણ, અજ્ઞાન, નાસમજ ખેડૂતને હંમેશા હેરાનગતિ સમાન રહી હોવાનું ઉત્તરદાતાઓના જવાબ પરથી જણાયું છે. સૌથી વધુ જંગલખાતાની વહીવટી સમસ્યા વધુ તીવ્ર હોવાનું જણાયું છે. તેજ રીતે રેવન્યુ તલાટી અને મામલતદાર કક્ષાએ પણ વહીવટી સમસ્યાઓ નડે છે. એવું ઉત્તરદાતાઓએ સ્પષ્ટ અને આક્રોશ સાથે જવાબ આપ્યાનું જણાયું છે.

**કોષ્ટક નં.૪.૫.૨૬**

**જમીન માલિકીના લાભમાંથી બહેનોને હકક-લાભ અંગેનું વર્ગીકરણ**

| ક્રમ | બહેનોને હકક-લાભ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૨૮૨ | ૯૪ |
| ૨. | ના | ૧૮ | ૬ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

આ કોષ્ટકમાં સહિયારી જમીન માલિકીનાં વૃક્ષો કાપવાનાં લાભમાંથી ભાઈઓ તેમની બહેનોને હકક-લાભ આપે છે કે કેમ તે અંગેનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૨૮૨ (૯૪.૦૦ ટકા) ઉત્તરદાતાઓએ બહેનોને હકકલાભ આપ્યો હોવાનું જણાયું છે, જ્યારે ૧૮ (૬ ટકા) ઉત્તરદાતાઓએ બહેનોને હકક-લાભ આપ્યો નથી એવો જવાબ આપ્યો નથી.

ડાંગમાં ખેડુતોની જમીનની ખાતાવહીમાં વારસદાર તરીકે બહેનોનાં નામ પણ હોય છે તેથી જમીન માલિકીનાં વૃક્ષો કાપવાથી જે આર્થિક લાભ એટલે રૂપિયા મળે છે એમાં

હકકની રીતે બહેનોનો પણ વારસદાર તરીકે સરખો હિસ્સો ગણાય છે એટલું જ નહીં પરંતુ જમીન માલિકીનાં વૃક્ષો કાપવા માટે અરજીફોર્મમાં બહેનોની પણ સંમતિપત્રમાં સહી લેવાની હોવાથી બહેનો પિતાની જમીન માલિકીનાં આર્થિક લાભમાં સરખાભાગે હિસ્સેદાર બને છે.

કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી મોટાભાગના ઉત્તરદાતાઓએ એટલે કે, ૯૪ ટકા બહેનોને હકક લાભનો હિસ્સો આપ્યો હોવાનું જણાવ્યું છે, જેનો અર્થ એ થાય છે કે, ડાંગમાં મિલકત વહેંચણીની બાબતમાં ભાઈઓ પોતાની બહેનોને હિસ્સો આપે છે, તે બાબત સ્પષ્ટ થાય છે, જો કે કેટલાક ઉત્તરદાતાઓએ બહેનોને સરખો હિસ્સો નહીં પરંતુ ભાઈની ઈચ્છા મુજબ થોડી ઓછી રકમ આપી હોય એવું પણ જણાયું છે તો કેટલાક ઉત્તરદાતાઓએ એવો પણ જવાબ આપ્યો હતો કે, તેમની બહેનોએ સામેથી જ હકક હિસ્સો લેવાની ના પાડી હોય એવા ઉત્તરદાતાઓનું પ્રમાણ -૬ ટકા હોવાનું જણાયું છે. કારણ કે તેઓ તેમના ભાઈની મિલકતના હિસ્સેદાર નથી, પરંતુ પોતાના પતિની મિલ્કતના હિસ્સેદાર હોવાનું માનતા હતા.

## કોષ્ટક નં.૪.૫.૨૭

## લાભ મળવાથી ગામમાં આર્થિક મોભાના બદલાવ અંગેનું વર્ગીકરણ

| ક્રમ | ગામમાં આર્થિક દરજ્જો | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૨૭૮ | ૯૨.૬૭ |
| ૨. | ના | ૨૨ | ૭.૩૩ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક દ્વારા લાભ મળવાથી ગામમાં ઉત્તરદાતાનો આર્થિક દરજ્જો ઉંચો ગયો છે, કે કેમ તે અંગેનું વર્ગીકરણ કરતાં જણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૨૭૮ (૯૨.૬૭ ટકા) ઉત્તરદાતાઓએ આ લાભ મળવાથી પોતાની આર્થિક સ્થિતિ સુધરતા ગામમાં પોતાનો આર્થિક દરજ્જો ઉંચો ગયો હોય એવું જણાવ્યું છે. જ્યારે ૨૨ (૭.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ પોતાનો લાભ મળવા છતાં પોતાની આર્થિક દરજ્જો ઉંચો ગયો હોય એવું લાગતું નથી એવું જણાવ્યું છે.

ડાંગના ખેડુતોને જમીનમાંનાં માલિકીનાં વૃક્ષો કાપવાથી જે આર્થિક લાભ થયો છે

તેનાથી ચોકકસપણે તેમની આર્થિક સ્થિતિ સુધરી હોવાનું જણાવ્યું છે. ઉપરાંત ઉત્તરદાતાઓની પાસે રૂપિયા આવવાથી ગામના અન્ય લોકો તેમને માનની દ્રષ્ટિથી જોતા હોય એવું જણાવ્યું છે. ઉપરાંત પોતાનું સ્થાન ગામમાં આર્થિક દ્રષ્ટિએ ઉંચુ છે એવું જણાવ્યું છે. એનો અર્થ એ થયો કે, આર્થિક લાભ થકી તેમના જીવનમાં અને વ્યવહારમાં ચોકકસપણે પરિવર્તન આવ્યું હોવાનું જણાયું છે. ઉપરાંત રૂપિયા આવવાથી તેમના આત્મવિશ્વાસમાં પણ વધારો થયો હોય એવું જણાયું છે. તેઓ ખૂબજ આત્મવિશ્વાસપૂર્વક બોલતા હોય એવું જણાયું છે.

**કોષ્ટક નં. ૪.૫.૨૮**

**આ લાભથી જુદી જુદી જાતિમાં તુલનાત્મક રીતે ઉંચુ સ્થાન અંગેનું વર્ગીકરણ**

| ક્રમ | જુદી જુદી જાતિમાં તુલનાત્મક સ્થાન | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૨૭૫ | ૯૧.૬૭ |
| ૨. | ના | ૨૫ | ૮.૩૩ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક દ્વારા આ લાભ મળવાથી ગામની જુદી જુદી જાતિઓમાં પોતાનું સ્થાન તુલનાત્મક રીતે ઉંચુ ગયું છે કે કેમ, તે અંગેનું વર્ગીકરણ કરતાં જણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૨૭૮ (૯૧.૬૭ ટકા) ઉત્તરદાતાઓએ પોતાના ગામમાં વસવાટ કરતી જુદી જુદી જાતિઓમાં પોતાનું સ્થાન ઉંચુ ગયું છે એવું જણાવ્યું છે. જ્યારે ૨૫ (૮.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ પોતાના ગામની જુદી જુદી જાતિઓમાં તુલનાત્મક રીતે પોતાનાં સ્થાનમાં કોઈ ફેર પડ્યો નથી એવું જણાવ્યું છે.

ડાંગમાં મુખ્યત્વે ચાર જનજાતિઓની વસ્તી સવિશેષ જોવા મળે છે જેમાં અનુક્રમે કુનબી, વારલી, ભીલ અને ગામીત આ ઉપરાંત અન્ય જનજાતિઓની વસતિ પણ છે. પરંતુ તેમની સંખ્યા ડાંગમાં ખૂબજ ઓછી હોવાનું જણાયું છે.

ઉપરોક્ત આંકડાકીય માહિતી પરથી જણાયું છે કે, જમીન માલિકીના વૃક્ષો કાપવાના લાભ થકી લાભ મેળવનાર ઉત્તરદાતાઓને એવો પ્રશ્ન પૂછવામાં આવ્યો કે, આ લાભ થકી ગામની જુદી જુદી જાતિઓમાં તમારું સ્થાન તુલનાત્મક રીતે ઉંચુ ગયું છે એવું લાગે છે. તેના જવાબમાં ૯૧.૬૭ ટકા ઉત્તરદાતાઓએ હામાં જવાબ આપ્યો હતો. એનો અર્થ એ

થયો કે, ઉત્તરદાતાઓની આર્થિક પરિસ્થિતિ સુધરતા અન્ય જાતિના લોકો તેમને ખૂબજ માનની દ્રષ્ટિથી જુએ છે. અર્થાત્ આર્થિક સ્થિતિ સુધરતાં તેમનો સામાજિક દરજ્જામાં પણ પરિવર્તન આવ્યું હોવાનું સ્પષ્ટ રીતે જણાયું છે.

## કોષ્ટક નં.૪.૫.૨૯

## આજીવિકા માટે જંગલ પર આધાર અંગેનું વર્ગીકરણ

| ક્રમ | આજીવિકા માટે જંગલ પર આધાર | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | ના | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

પ્રસ્તુત વર્ગીકરણમાં ઉત્તરદાતાઓ આજીવિકા માટે જંગલ પર આધાર રાખે છે કે કેમ, તે તપાસતા જણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી બધા જ એટલે કે, ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓ કોઈને કોઈ સ્વરૂપે ઓછે-વતે અંશે આજીવિકા માટે જંગલ પર આધાર રાખે છે, એવું જણાયું છે. જ્યારે એકપણ ઉત્તરદાતાઓ આજીવિકા માટે જંગલ પર આધારીત ન હોય એવું જણાવ્યું છે.

એનો અર્થ એ થયો કે, ડાંગના લોકો માટે જંગલ એ એક જીવનના ભાગરૂપ છે. ડાંગ જીલ્લાનો મોટાભાગનો વિસ્તાર જંગલ વિસ્તાર છે. આથી આજીવિકા માટે ડાંગની પ્રત્યેક વ્યક્તિ જંગલ સાથે ઓછે વતે અંશે જોડાયેલો છે. ડાંગના લોકો માટે જંગલ એ જીવનનો આધાર છે, પોતાના ઘરની ઘણી-ખરી વસ્તુ મેળવવા માટે તેઓ જંગલની જુદી જુદી વસ્તુઓ પર આધાર રાખે છે. 'જંગલ એ જ જીવન' એ ડાંગના લોકોનું મુખ્ય ધ્યેય બની ગયું હોય છે. તપાસ દ્વારા એવું પણ જાણવા મળ્યું છે કે, ગામડાના લોકો ફરવા માટે શહેરમાં જતા હોય છે તેવી જ રીતે ડાંગના ઘણા ખરા લોકો પોતાનો ફાજલ સમય પસાર કરવા જંગલમાં જતા હોય કે જ્યાંથી તેમને આજીવિકાની કોઈ વસ્તુ મળી જાય એ તેમનું મુખ્ય ધ્યેય હોય છે. કેટલાક ઉત્તરદાતાઓ એ એવો પણ જવાબ આપ્યો છે કે, અઠવાડિયામાં એકાદ-બે દિવસ જંગલમાં જવાનું ન મળે તો તેઓ વ્યાકુળ બની જાય છે. ખાસ કરીને જંગલમાં જવાનું વલણ સ્ત્રીઓ કરતા પુરુષોનું વધુ રહેતુ હોય એવું જણાયું છે. ઉપરાંત નવી પેઢી કરતાં જૂની પેઢીનાં પુરુષ સભ્યો એટલે કે આધેડ ઉંમરના પુરુષ સભ્યો જંગલમાં વધુ

જવાનો આગ્રહ રાખતા હોય એવું જાણાયું છે. જ્યારે નવી પેઢીના સભ્યોનું જંગલ તરફનું ઓછું આકર્ષણ હોય એવું જાણાયું છે. જે વર્તમાન સમયમાં નવી પેઢીમાં આવેલું પરિવર્તનને સૂચિત કરે છે.

### કોષ્ટક નં.૪.૫.૩૦

### આજીવિકા માટે જંગલમાંથી શું શું લાવે છે તે અંગેનું વર્ગીકરણ

| ક્રમ | જંગલમાંથી શું શું લાવે છે | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ઘર બાંધવા માટે લાકડાં | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | બળતણ માટે લાકડાં | ૩૦૦ | ૧૦૦ |
| ૩. | ઘરની દિવાલ માટે વાંસ | ૩૦૦ | ૧૦૦ |
| ૪. | ફર્નિચર માટે લાકડાં | ૩૦૦ | ૧૦૦ |
| ૫. | આયુર્વેદીક દવાઓ | ૨૦૫ | ૧૦૮ |
| ૬. | ફળફુલ | ૨૦૩ | ૬૭ |
| ૭. | અન્ય | ૫૧ | ૧૭ |

ઉપરનાં કોષ્ટકમાં આજીવિકા માટે ઉત્તરદાતાઓ જંગલમાંથી શું શું લાવે છે તે અંગેનું વર્ગીકરણ કરતાં જાણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી (૧) ઘર બાંધવા માટેનાં લાકડા જંગલમાંથી લાવતા હોય તેવા ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓએ જાણાવ્યું છે. (૨) બળતણ માટેનાં લાકડાં જંગલમાંથી લાવતા હોય તેવા ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓએ જવાબ આપ્યો છે. (૩) ઘરની દિવાલ કે અન્ય વસ્તુ બનાવવા માટે વાંસુ (બાંબુ) જંગલમાંથી મેળવતા હોય, એવા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૩૦૦ (૧૦૦ ટકા) હોવાનું જાણાયું છે. (૫) આયુર્વેદિક જુદી જુદા પ્રકારની દવાઓ જંગલમાંથી મેળવતા હોય એવા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૩૦૦ માંથી ૨૦૫ (૬૮.૩૩ ટકા) જાણાયું છે. (૬) જંગલમાંથી જુદા જુદા પ્રકારના ફળફુલ મેળવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૩૦૦માંથી ૨૦૩ (૬૭.૬૭ ટકા) હોવાનું જાણાયું છે. જ્યારે (૭) અન્ય ચીજવસ્તુઓ જેમકે શિકાર, ભાજી, કંદમૂળ, વાંસદી વગેરે જેવી વસ્તુઓ જંગલમાંથી મેળવતા હોય એવા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૩૦૦ માંથી ૫૧ (૧૭ ટકા) જેટલું હોવાનું જાણાયું છે.

ડાંગના લોકોના જીવનના ઘણા ખરા ક્ષેત્રો સાથે જંગલ સાથેનું જીવન આત્મીય રીતે જોડાયેલું છે. ડાંગના લોકોના ઘરો મોટાભાગે લાકડાના બનેલા છે. ઘર બનાવવા માટે સવિશેષ સાગના લાકડાનો ઉપયોગ થયો હોય છે. કારણ કે ઉત્તરદાતાઓના જવાબ પરથી જણાયું છે કે ૧૦૦ ટકા ઉત્તરદાતાઓએ પોતાનાં ઘર બનાવવા માટે જંગલમાંથી લાકડાં લાવ્યા હોવાનું જણાવ્યું છે. એટલું જ નહી પરંતુ ઘર માટેનાં લાકડાંમાં સાગના ઈમારતી લાકડાનો જ ઉપયોગ કર્યો હોવાનું જણાયું છે.

બળતણ માટેનાં લાકડાં પણ ડાંગના લોકો જંગલમાંથી જ લાવતા હોવાનું આંકડાકીય માહિતી પરથી જણાયું છે. જેમકે ૧૦૦ ટકા ઉત્તરદાતાઓએ બળતણ માટેના લાકડા મોટા ભાગે ઈમારતી લાકડાં સિવાયના ઈતર પ્રકારના લાકડાનો ઉપયોગ કરતાં હોવાનું જણાવ્યું છે. જેમકે, બળતણ માટે સાદડ, ધામણ, ખેર, હેદકલમ, હળદવો, કરવળ વગેરે જેવા ઝાડ કાપીને તેમાંથી બળતણ માટેનાં લાકડાં મેળવે છે. આ લાકડાં લોકોના મુખ્ય હેતુ છે કે આ લાકડાં ચોમાસામાં પણ સહેલાઈથી સળગે છે અને તેના અંગારા પણ સારા પડે છે. જે શિયાળામાં ઠંડીમાં તાપણું કરવામાં ઉપયોગી હોવાનું તેઓ જણાવે છે. એનો અર્થ એ થયો કે, ડાંગના લોકોને જુદી જુદા પ્રકારનાં લાકડાનો અને વૃક્ષોની સારી એવી પરખ કરી જાણે છે. પેઢીઓથી જંગલો સાથેની સંબંધ હોવાથી ઝાડ, પાન, ઝાખરાં વગેરેથી ડાંગના લોકો પરિચિત હોવાનું જણાયું છે.

ડાંગના લોકો જંગલમાં ઉત્પાદીત થતાં વાંસનો ઉપયોગ ઘરમાં જુદી જુદી વસ્તુ બનાવવા અને વપરાશ માટે ઉપયોગમાં લે છે. ડાંગમાં વાંસ બે પ્રકારના થાય છે. (૧) માનેલ વાંસ (*૨) કાંટસવાંસ (બાંબુ) (૩) માનેલ વાંસનો ડાંગના લોકો સવિશષ ઉપયોગમાં લેતા હોય એવું જણાયું છે. ખાસ કરીને જે લોકોની ઘરની દિવાલ ઈંટ, સીમેન્ટ અને રેતીના ઉપયોગ વગરની હોય તેવા લોકો પોતાના ઘરની દિવાલ માટે માનેલ વાંસનો ઉપયોગ કરે છે. જેમાં માનેલ વાંસ ફોડીને તેની કાંબડી (ખપાટ) અલગ કરીને, તે કાંબડી (ખપાડા) જ ઉભા સપોર્ટ ઉભા કરીને જેવી રીતે સાદડક્ષ વણવામાં આવે છે તેવીજ રીતે કાંબડી (ખપાટ)નો ઉપયોગ કરીને ઘરની દિવાલનો માપ લઈ ને કાંબડીની દિવાલ જંગલમાં જ તૈયાર કરીને ઘરે લઈ આવતા હોય છે. જેને ડાંગના 'ખપાડા' કહે છે. ડાંગના મોટાભાગના લોકોની ઘરની દિવાલ ખપાડાની બનાવેલી હોય છે. જેના ઉપર ગાર-છાણનું લિપણ

કરવામાં આવે છે ત્યારે તે દિવાલ આકર્ષક લાગે છે.

આ ઉપરાંત માનેલ વાંસમાંથી ટોપલી, ટોપલા, સાદડી, પાલા વગેરે જેવી વસ્તુઓ પણ ડાંગના લોકો બનાવે છે. ઉપરાંત ઘરની અને ખેતરના શેઢાની વાડ બનાવવા માટે માનેલ વાંસના ઝાંખરાનો જ ઉપયોગ કરે છે. ધાર્મિક દ્દષ્ટિએ પણ માનેલવાંસનું વિશેષ મહત્વ છે. ખાસ કરીને જે તે કુટુંબના ઈષ્ટદેવની મૂર્તિ કે પૂર્વજોની મૂર્તિ મૂકવા માટે માનેલવાંસમાંથી બનાવેલી ઢાંકણાવાળી ટોપલી બનાવે છે. તેમાં જ મૂકવાની હોય છે. જેને ડાંગના લોકો 'સલન' કહે છે. સાથો-સાથ ચોમાસામાં માનેલવાંસની કૂંપળો ફૂટી નીકળે છે, જેને ડાંગના લોકો 'વાંસદી' કહે છે. ડાંગમાં વાંસદીનું શાક એક વિશિષ્ટ ઓળખ ધરાવે છે. એટલું જ નહીં પરંતુ ડાંગના શિક્ષિત લોકો 'વાંસદી'નું અથાણું બનાવવા લાગ્યા છે. જે ધીમે ધીમે સભ્ય સમાજનું લોકોનું આકર્ષણ કેન્દ્ર બનતું જાય છે. એટલા માટે જ કહેવાય છે કે, માનેલવાંસ ડાંગના લોકોની જીવનશૈલીનો એક ભાગ બની ગયો છે તેને ડાંગના લોકો 'માનેલ ટોકર' કહે છે. 'ટોકર' એટલે વાંસ. (૨) કાટસવાંસ (બાંબુ: કાટસ વાંસનું પ્રમાણ પણ ડાંગમાં સવિશેષ રહ્યું છે. માનેલ વાંસ કરતાં કાટસવાંસ પ્રમાણમાં ખૂબજ મોટા હોય છે. માનેલ વાંસની ડાળીઓમાં કાંટા હોતા નથી. જ્યારે કાટસવાંસની ડાળીએ-ડાળીએ ખૂબ જ કાંટા હોવાથી તેને કાટસવાંસ કહેવામાં આવે છે.

કાટસવાંસનો ઉપયોગ મોટાભાગે વાડ બનાવવા માટે ડાંગના લોકો ઉપયોગમાં લે છે. ઉપરાંત કાટસવાંસની કામડી (ખપાટ) વધુ મજબૂત હોવાથી ઘર ઉપર નળીયાં મૂકવા માટેના ઝાડા સપોર્ટ તરીકે ડાંગના લોકો નળીયાં મુકવા માટે લાકડાના બેટનની જગ્યાએ કાટસવાંસની કાંમડી (ખપાટ)ને બેટન તરીકે ઉપયોગમાં લે છે. કેટલાક લોકો ઘર ઉપર નળીયા મુકવા માટે લાકડાનાં દાંડાને બદલે કાટસવાંસને દાંડા તરીકે પણ ઉપયોગ કરે છે. કારણ કે કાટસવાંસની મજબૂતાઈ ઘણી હોય છે તેથી ઘરના બાંધકામમાં કાટસવાંસનો ઉપયોગ કરે છે.

માનેલવાંસમાંથી જેમ ટોપલી, ટોપલાં, સાદડી, પાલા વગેરે જેવી વસ્તુ બનાવે છે, તેવી વસ્તુ બનાવવા માટે ડાંગના લોકો કાટસવાંસનો ઉપયોગ કરતા નથી, પરંતુ ઘરની અને ખેતરના શેઢાની વાડ બનાવવા માટે કાટસવાંસના ઝાંખરાનો ઉપયોગ જરૂરી કરે છે. માનેલવાંસની જેમ ચોમાસામાં ફૂંટી નીકળતી કાટસવાંસની કુંપળોને ખાવા માટે ઉપયોગમાં

લે છે. જેને ડાંગના લોકો કાટસવાંસની 'વાંસદી' કહે છે. આમ, ડાંગના લોકો માટે માનેલવાંસની જેમ કાટસવાંસનું પણ ખૂબ ઉંચુ મહત્વ છે. કાટસવાંસને ડાંગનાં લોકો 'કાસીટ ટોકર' ના નામથી ઓળખાવે છે.

ઘરમાં ખુરશી, ટેબલ, શોકેશ તેમજ સામાન્ય પાણીનું માટલું મુકવાનું પાણીયારું તેમજ અન્ય ચીજવસ્તુ જેમ કે, હળ, અવળ, ગાડું, ધૂસરી વગેરે વસ્તુ બનાવવા માટે ડાંગના લોકો જંગલમાંથી સાગનાં ઝાડનાં લાકડાનો વિશેષ ઉપયોગ કરે છે. ઉપરાંત હળ, અળવટ, ગાડાની આરા બનાવવા, ધૂસરી વગેરે બનાવવા માટે સીસમ, તણસ અને ધામડો વગેરે ઝાડનાં લાકડાંનો ઉપયોગ વિશેષ કરતાં હોવાનું જણાયું છે. કારણ કે આ ઝાડનાં લાકડાં ખૂબજ મજબૂત આવતા હોવાથી તેમાંથી હળ અને ગાડું બનાવવા માટે તેનાં લાકડાનો ઉપયોગ કરે છે. એનો અર્થ એ થયો કે આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે ૧૦૦ ટકા ઉત્તરદાતાઓ ફર્નિચર માટે જંગલમાંથી લાકડા ઉપર આધાર રાખે છે.

ડાંગની જંગલની વનસ્પતિ આજુબાજુના જિલ્લાઓ ઉપરાંત આખા ગુજરાતમાં પ્રસિદ્ધતિ છે. આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થયું છે કે કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૬૮.૩૩ ટકા ઉત્તરદાતાઓ કોઈને કોઈ સ્વરૂપની આયુર્વેદીક દવાઓ માટે જંગલમાંથી પાન, ફળ, મૂળ, કંદ, વેલા વગેરે વસ્તુઓનો ઉપયોગ કરતા હોવાનું સામાન્ય પણે જણાયું છે. જેમકે અમુક સામાન્ય બિમારી માટેની આયુર્વેદીક દવાઓ વિશે ઘણા ખરા ડાંગી લોકો સામાન્ય પણે માહિતગાર હોય છે. એનો અર્થ એ થાય છે કે, ડાંગના લોકો આયુર્વેદીક દવાઓ માટે જંગલ પર આધારિત છે એવું જણાયું છે.

ડાંગમાં ખેતીની જમીન ઉપરાંત જંગલ વિસ્તારમાં ઘણા ખરા ફળ-ફુલ આપતા છોડ, ઝાડ, વેલા વગેરે જોવા મળે છે. જેમકે, જંગલમાંથી જાંબુડા, ટેમરૂફળ, ડીના, તોરણા, અસદા, ધામણા, હંબા, ઉબરાં, પાથરાં, ગુંગલા વગેરે વિશેષ પ્રકારનાં ફળો ડાંગના જંગલોમાં ઉપલબ્ધ હોવાનું જણાયું છે. આ ઉપરાંત ઘણા ખરા ફુલોમાં ખાસ કરીને મહુડાના ફુલ, શીરીષ નામનાં વેલાનાં ફુલો વગેરે ડાંગના લોકો ખાવા માટે ઉપયોગ કરવા ઉપરાંત મહુડાના ફુલોનો આથો બનાવી દારુ બનાવવા માટે ઉપયોગ કરે છે. સાથો સાથ મહુડાનાં ઝાડ પરથી પડતી ડોળીઓમાં ખાવા માટે તેલ પિલીને આખા વર્ષના રસોઈ માટેનું ઘણા-ખરા કુટુંબનો મેળવી લે છે. જે અભ્યાસ પરથી જણાયું છે. એનો અર્થ એ થયો કે, જંગલમાંથી મળતાં ફળો અને ફુલો ડાંગના લોકોના જીવનનો એક ભાગ છે.

આ ઉપરાંત કેટલીક વિશેષ વસ્તુઓમાં ચોમાસાની શરૂઆતના પહેલા વરસાદમાં ઉગી નીકળતા લોતી, દીગાડીના વેલા, કુવળીની ભાજી (સફેદ મુસળી) વગેરે શાકભાજીમાં ઉપયોગમાં લેવાતી વસ્તુઓ તરીકે ડાંગના લોકો તેનો ઉપયોગ કરે છે. ઉપરાંત જંગલી કેળનાં ફળ અને કુમળા થડનો ડાંગના લોકો ખાવામાં ઉપયોગ કરે છે.

આમ ડાંગના લોકો જંગલમાંથી ઉત્પાદિત થતી અનેક ચીજવસ્તુઓ પર આધાર રાખે છે. તેથી જ કહેવાય છે કે, ડાંગના લોકો આજીવિકા માટે ઘણી-ખરી બાબતો માટે જંગલ પર આધારિત હોવાનું આંકડાકીય માહિતી પરથી જણાયું છે.

**કોષ્ટક નં.૪.૫.૩૧**

**સ્ત્રીના જુદા જુદા કાર્યોમાં સહભાગીદારી અંગેનું વર્ગીકરણ**

| ક્રમ | સ્ત્રીઓની કાર્યોમાં ભાગીદારી | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | ના | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક દ્વારા કુટુંબમાં સ્ત્રીઓ જુદી જુદા કાર્યોમાં સહભાગી બને છે કે કેમ, તે અંગેનું વર્ગીકરણ કરતા જણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાં તમામ એટલે કે, ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓએ કુટુંબમાં સ્ત્રીઓ ઘરની જુદા જુદા કાર્યોમાં સહભાગી બને છે એવો જવાબ આપ્યો છે. જ્યારે એકપણ ઉત્તરદાતાએ સ્ત્રીઓ જુદા-જુદા કાર્યોમાં ભાગીદાર બનતી નથી એવો જવાબ આપ્યો નથી.

અર્થાત્ ડાંગમાં સ્ત્રીનું એક આગવું મહત્વ છે. ડાંગમાં સ્ત્રીની ભૂમિકા તપાસતાં જણાય છે કે, સ્ત્રીઓ કુટુંબમાં જુદા જુદા પ્રકારની ઘરની કામગીરીમાં સંપૂર્ણપણે ભાગીદાર હોય છે. પછી કુટુંબના કોઈપણ કાર્ય હોય. જેમકે, કુટુંબનાં આર્થિક, સામાજિક, ધાર્મિક કે અન્ય પ્રકારનાં કાર્યોમાં સ્ત્રીની આગવી ભૂમિકા હોવાનું અભ્યાસ પરથી જણાયું છે. એટલું જ નહિ પરંતુ ઘર અને કુટુંબને સમર્પિત રહેવાની બાબતમાં ડાંગની સ્ત્રીઓનું વિશેષ મહત્વ રહેલું હોવાનું અભ્યાસ પરથી જણાયું છે.

## કોષ્ટક ૪.૫.૩૨

## ક્યા પ્રકારના કાર્યોમાં સ્ત્રીની ભાગીદારી અંગેનું વર્ગીકરણ

| ક્રમ | ક્યા પ્રકારના સ્ત્રીના કાર્યો | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | આર્થિક કાર્યો | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | સામાજિક કાર્યો | ૩૦૦ | ૧૦૦ |
| ૩. | ધાર્મિક કાર્યો | ૩૦૦ | ૧૦૦ |
| ૪. | રાજકીય કાર્યો | ૧૩૮ | ૪૬ |

આ કોષ્ટકમાં સામાન્ય રીતે ક્યા પ્રકારના કાર્યો કરે છે. તેનું વર્ગીકરણ કરતા જણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી બધા જ એટલે કે, ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓએ ઘરની સ્ત્રીઓ કુટુંબના આર્થિક કાર્યોમાં સહભાગી બને છે એવો જવાબ આપ્યો છે. એ જ રીતે ૩૦૦ માંથી બધા જ ઉત્તરદાતાઓને ઘરની સ્ત્રીઓ કુટુંબની સામાજિક પ્રવૃતિઓમાં સહભાગી બને છે એવું જણાવ્યું છે. સાથો-સાથ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી બધા જ એટલે કે ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓએ ઘરની સ્ત્રીઓ કુટુંબની ધાર્મિક પ્રવૃતિઓમાં પણ સહભાગી બને છે એવો જવાબ આપ્યો છે. જ્યારે ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૧૩૮ (૪૬ ટકા) ઉત્તરદાતાઓએ ઘરની સ્ત્રીઓ રાજકીય પ્રવૃતિઓમાં સહભાગી બને છે એવો જવાબ આપ્યો છે.

આંકડાકીય માહિતી પરથી જણાય છે કે, ડાંગની આદિવાસી સ્ત્રીઓ ઘરની મોટાભાગની પ્રવૃતિઓ કરતી હોય એવું જણાયું છે. સામાન્ય રીતે પુરુષો ઘર બહારની આર્થિક પ્રવૃતિઓ જેમકે, ખેતી, પશુપાલન, ખેતમજૂરી, જંગલમાંથી વસ્તુ મેળવવી વગેરે પ્રવૃતિઓ કરતા હોય છે. જ્યારે સ્ત્રીનું કાર્ય ગૃહકાર્ય અને બાળઉછેરના કાર્ય સાથે જોડાયેલી હોય છે. પરંતુ ડાંગની સ્ત્રીઓ ગૃહકાર્ય અને બાળઉછેર કાર્યો સાથો-સાથ આર્થિક પ્રવૃતિઓ જેમ કે ખેતરમાં કામ કરવું, ઘરના પશુઓ માટે ખેતરમાંથી ઘાસચારો લાવવો, ખેતમજૂરી કરતા કુટુંબોમાં સ્ત્રીઓ પુરુષોની સાથે ખેતમજૂરીનું કામ પણ કરતી હોય છે. એટલું જ નહીં પરંતુ જંગલમાંથી લાકડા, વાંસ, ફળ-ફુલ, ભાજી વગેરે એકત્ર કરવા અને ઘરે લાવવા સુધીનું કામ ડાંગની સ્ત્રીઓ કરતી હોવાનું જણાયું છે. આંકડાકીય માહિતી દ્વારા ડાંગની ૧૦૦ ટકા સ્ત્રીઓ આર્થિક પ્રકારના કાર્યો સાથે જોડાયેલી હોવાનું માલુમ પડ્યું છે.

ડાંગમાં સામાજિક જીવન વિશિષ્ટ રીતે વિકસી આવ્યું છે. ડાંગ પ્રદેશ નાનો હોવાથી તેમજ ગામડાંઓ પણ તદન નાના હોવાથી ડાંગના લોકોમાં પારસ્પરિક સંબંધોમાં અનૌપચારિક અંગત, મોઢા-મોઢના સંબંધોનો પ્રમાણ સવિશેષ જોવા મળે છે. આંકડાકીય માહિતી પરથી જણાયું છે કે, ડાંગની સ્ત્રીઓ કોઈપણ પ્રકારની સામાજિક પ્રવૃતિ હોય જેમકે, જન્મ, મૃત્યુ, ધાર્મિક વિધિ ઉત્સવો વગેરે જેવા કાર્યોમાં સંપૂર્ણપણે સામેલ હોવાનું જણાયું છે. કેટલીક ધાર્મિકવિધિઓ તો સ્ત્રીઓ વગર થતી જ નથી. દા.ત. ડુંગરદેવ, દેવવરાળ, દેરાં વગેરે ધાર્મિક કાર્યમાં સ્ત્રીની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

ધાર્મિક કાર્યોમાં ખાસ કરીને તહેવારના દિવસે પૂર્વજો, દેવો, દેવીઓની પૂજા-આરાધના કરતી વખતે સ્ત્રી તેમના પતિ સાથે ધાર્મિક ક્રિયામાં સંપૂર્ણપણે જોડાય જાય છે. આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે, ડાંગની સ્ત્રીઓ ધાર્મિક ક્ષેત્રના કાર્યોમાં પણ ૧૦૦ ટકા હિસ્સો લે છે એવું જણાયું છે.

રાજકીય ક્ષેત્રની કામગીરીમાં ખાસ કરીને ગામના જાતિપંચમાં સ્ત્રીઓની ભૂમિકા પણ ખૂબ મહત્વની ગણાય છે. પરંતુ વર્તમાન સમયમાં લોકશાહી સ્વરૂપની નવી રાજકીય પ્રવૃતિઓમાં પહેલાંની તુલનામાં વર્તમાન સમયમાં સ્ત્રીઓ ધીમે-ધીમે પ્રવેશ કરતી જણાય છે. કારણ કે, ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૪૬ ટકા ઉત્તરદાતાઓના જવાબમાં સ્ત્રીઓ રાજકીય પ્રવૃતિઓમાં પણ સહભાગી બનતી હોવાનું જણાયું છે. જેમકે મતદાન, વર્તમાન, ચૂંટણીની મિટીંગો, ગ્રામસભા, રાજકારણીઓના કાર્યક્રમો વગેરેમાં સ્ત્રીઓ ભાગ લેતી હોવાનું જણાયું છે.

ટૂંકમાં ડાંગમાં સ્ત્રીઓ આર્થિક, સામાજિક, ધાર્મિક વગેરે કાર્યોમાંથી પહેલેથી જ સહભાગી બનતી આવી છે. પરંતુ રાજકીય ક્ષેત્રમાં સ્ત્રીઓ વર્તમાન સમયમાં વધુ રસ લેતી થઈ છે. જે ડાંગ જીલ્લાની સ્ત્રી સમજમાં આવેલું ચોકકસ પરિવર્તનને સૂચીત કરે છે.

## કોષ્ટક ૪.૫.૩૩

## ઉત્તરદાતાઓના પશુપાલન અંગેનું વર્ગીકરણ

| ક્રમ | પશુપાલન | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૨૧૮ | ૭૨.૬૭ |
| ૨. | ના | ૮૨ | ૨૭.૩૩ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક ૪.૫.૩૩ ઉત્તરદાતાઓના પશુપાલનના વ્યવસાય અંગેની વર્ગીકરણ કરતાં જણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૨૧૮ (૭૨.૬૭ ટકા) ઉત્તરદાતાઓ ખેતીના વ્યવસાયની સાથે પશુપાલનનો વ્યવસાય કરતા હોવાનું માલુમ પડ્યું છે. જ્યારે ૮૨ (૨૭.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ ખેતી, નોકરી ઉપરાંત અન્ય મજૂરી કામ કરતા હોવાનું જણાવ્યું છે.

ડાંગનાં લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી હોવાની સાથોસાથ ગૌણ વ્યવસાય તરીકે ધીમે-ધીમે પશુપાલનનો વ્યવસાય વિકસતો જાય છે. નોકરી ન કરતા હોય તેવા મોટાભાગના વ્યવસાયને પણ વિશેષ મહત્વ આપી રહ્યા છે. જેમકે ૭૨.૬૭ ટકા ઉત્તરદાતાઓ પશુપાલન સાથે જોડાયેલા છે.

વર્તમાન સમયમાં ગુજરાતના બીજા જિલ્લાઓની સાથે ડાંગ જીલ્લામાં પણ સહકારી દૂધ મંડળીઓનું પ્રમાણ વધતું ગયું છે. સહકારી દૂધ મંડળીઓએ ડાંગમાં પશુપાલનના વ્યવસાયને સારું એવું પ્રોત્સાહન પૂરું પાડ્યું છે. જે પહેલાં પશુપાલનનો વ્યવસાય માત્ર ખેતી માટે સારી જાતના બળદો પુરા પાડવા સુધી મર્યાદીત હતો. તેના બદલે વર્તમાન સમયમાં પશુપાલનનો વ્યવસાય આખા કુટુંબની આવકમાં વધારો કરનારો વ્યવસાય બનતો જાય છે.

ટૂંકમાં ડાંગમાં પશુપાલનનો પરંપરાગત વ્યવસાયને બદલે દૂધ સહકારી મંડળીઓ દ્વારા પશુપાલનના વ્યવસાયને ડાંગમાં બજાર આધારિત વ્યવસાય બનાવ્યો છે. જે પશુપાલનના ક્ષેત્રે ડાંગમાં આવેલું પરિવર્તન જોઈ શકાય છે.

## કોષ્ટક ૪.૫.૩૪

## ઉત્તરદાતાઓ ક્યા પ્રકારનાં પશુ-પક્ષીઓ માળે છે તે અંગેનું વર્ગીકરણ

| ક્રમ | પશુ-પક્ષીઓ | લાભ મળ્યો તે પહેલાં/પછી | સંખ્યા | ટકા |
|---|---|---|---|---|
| ૧. | દેશી ગાય | પહેલાં | ૨૧૮ | ૭૨.૬૭ |
| | | પછી | ૧૦૯ | ૩૬.૩૩ |
| ૨. | શંકર ગાય | પહેલા | ૩૪ | ૧૧.૩૩ |
| | | પછી | ૯૩ | ૩૧ |
| ૩. | ભેંસ | પહેલા | ૪૭ | ૧૫.૬૭ |
| | | પછી | ૧૧૪ | ૩૮ |
| ૪. | બળદ | પહેલા | ૧૯૯ | ૬૬.૩૩ |
| | | પછી | ૧૫૮ | ૫૨.૬૭ |
| ૫. | વાછરડાં | પહેલા | ૭૭ | ૨૫.૬૭ |
| | | પછી | ૧૨૭ | ૪૨.૩૩ |
| ૬. | વાછરડી | પહેલા | ૬૫ | ૨૧.૬૭ |
| | | પછી | ૧૨૮ | ૪૨.૬૭ |
| ૭. | પાડા | પહેલા | ૧૮૦ | ૬૦.૦૦ |
| | | પછી | ૧૦૦ | ૩૩.૩૩ |
| ૮. | પાડી | પહેલા | ૫૨ | ૧૭.૩૩ |
| | | પછી | ૧૦૭ | ૩૫.૬૭ |
| ૯. | બકરાં | પહેલા | ૧૫૧ | ૫૦.૩૩ |
| | | પછી | ૬૮ | ૨૨.૬૭ |
| ૧૦. | મરઘાં | પહેલા | ૨૧૭ | ૭૨.૩૩ |
| | | પછી | ૯૪ | ૩૧.૩૩ |

ઉપરોક્ત કોષ્ટક નં. ૪.૫.૩૪માં ઉત્તરદાતાઓ ક્યા-ક્યા પ્રકારના પશુ-પક્ષીઓ પાળે

છે, તેનું લાભ મળ્યો તે પહેલાં અને લાભ મળ્યો તે પછીનું સંયુક્ત રીતે વર્ગીકરણ કરતાં જણાયું છે કે કુલ ૨૧૮ ઉત્તરદાતાઓ પશુપાલનનો વ્યવસાય કરતા હતા તેમાંથી (૧) દેશીગાય લાભ મળ્યો તે પહેલાં બધા જ ઉત્તરદાતાઓ એટલે કે, ૨૧૮ (૭૨.૬૭ ટકા) ઉત્તરદાતાઓ પાસે હોવાનું જણાયું છે. જ્યારે લાભ મળ્યા પછી ૧૦૯ (૩૬.૩૩ ટકા) ઉત્તરદાતાઓ પાસે દેશી ગાયો હોવાનું જણાયું છે. (૨) શંકર ગાય લાભ મળ્યો તે પહેલાં ૩૪ (૧૧.૩૩ ટકા) ઉત્તરદાતાઓ પાસે હોવાનું જણાયું છે. જ્યારે લાભ મળ્યા પછી ૯૩ (૩૧.૦૦ ટકા) ઉત્તરદાતાઓ પાસે હોવાનું જણાયું છે. (૩) ભેંસો લાભ મળ્યો તે પહેલા ૪૭ (૧૫.૬૭ ટકા) ઉત્તરદાતાઓ પાસે હોવાનું જણાયું છે. જ્યારે લાભ મળ્યા પછી ૧૧૪ (૩૮.૦૦ ટકા) પાસે હોવાનું જણાયું છે. (૪) બળદ લાભ મળ્યો તે પહેલાં ૧૯૯ (૬૬.૩૩ ટકા) ઉત્તરદાતાઓ પાસે હતા. જ્યારે લાભ મળ્યો તે પહેલા ૧૫૮ (૫૨.૬૭ ટકા) પાસે હોવાનું માલુમ પડ્યું છે. (૫) વાછરડા લાભ મળ્યો તે પહેલાં ૭૭ (૨૫.૬૭ ટકા) ઉત્તરદાતાઓ પાસે હતા. જ્યારે લાભ મળ્યો તે પછી ૧૨૭ (૪૨.૩૩ ટકા) ઉત્તરદાતાઓ પાસે હોવાનું જણાવ્યું છે. (૬) વાછરડી લાભ મળ્યો તે પહેલાં ૬૫ (૨૧.૬૭ ટકા) ઉત્તરદાતાઓ પાસે હતી. જ્યારે લાભ મળ્યો તે પછી ૧૨૮ (૪૨.૬૭ ટકા) પાસે હોવાનું જણાયું છે. (૭) પાડા લાભ મળ્યો તે પહેલાં ૧૮૦ (૫૦.૦૦ ટકા) ઉત્તરદાતાઓ પાસે હોવાનું જણાવ્યું છે. જ્યારે લાભ મળ્યા પછી ૧૦૦ (૩૩.૩૩ ટકા) ઉત્તરદાતાઓ પાસે હોવાનું જણાયું છે. (૮) પાડી લાભ મળ્યો તે પહેલા ૫૨ (૧૭.૩૩ ટકા) ઉત્તરદાતાઓ પાસે હોવાનું જણાવ્યું છે. જ્યારે લાભ મળ્યો તે પછી ૧૦૭ (૩૫.૬૭ ટકા) પાસે હોવાનું માલુમ પડ્યું છે. (૯) બકરાં લાભ મળ્યો તે પહેલાં ૧૫૧ (૫૦.૩૩ ટકા) ઉત્તરદાતાઓ પાસે હોવાનું જણાવ્યું છે. જ્યારે લાભ મળ્યા પછી ૬૮ (૨૨.૬૭ ટકા) ઉત્તરદાતાઓ પાસે હોવાનું જણાવ્યું છે. જ્યારે લાભ મળ્યા પછી ૬૮ (૨૨.૬૭ ટકા) ઉત્તરદાતાઓ પાસે હોવાનું જણાયું છે. (૧૦) મરઘાં લાભ મળ્યો તે પહેલાં ૨૧૭ (૭૨.૩૩ ટકા) ઉત્તરદાતાઓ પાસે હોવાનું જણાયું છે. જ્યારે લાભ મળ્યા પછી ૯૪ (૩૧.૩૩ ટકા) ઉત્તરદાતાઓ પાસે હોવાનું જણાયું છે.

ઉપરોક્ત આંકડાકીય માહિતી પરથી જણાય છે કે, પશુપાલન કરતાં ૨૧૮ ઉત્તરદાતાઓ કયા કયા પ્રકારના પશુઓ પાળતા હતા તે જાણવાની કોશિષ કરી છે. ઉપરાંત

જમીન માલિકીનો લાભ મળ્યો તે પહેલાં ઉત્તરદાતાઓ પાસે ક્યા પ્રકારના કેટલા પશુઓ હતા અને લાભ મળ્યા પછી આ પશુપાલનની બાબતમાં કેવું પરિવર્તન આવ્યું છે. તે સંયુક્ત રીતે સંશોધક તરીકે જાણવાની કોશિષ કરી છે.

લાભ મળ્યો તે પહેલાં પશુપાલન કરતા બધા જ ૭૨.૬૭ ટકા ઉત્તરદાતાઓની પાસે દેશી ગાયો હોવાનું જાણાયું છે. પરંતુ લાભ મળ્યા પછી તેનું પ્રમાણ ઘટીને ૩૬.૩૩ ટકા હોવાનું જાણાયું છે. એનો અર્થ એ થયો કે ડાંગમાં ધીમે ધીમે દેશી ગાયોનું પ્રમાણ ઘટતું જાય છે.

બીજી બાજુ શંકર ગાયો લાભ મળ્યો તે પહેલાં ૧૧.૩૩ ટકા ઉત્તરદાતાઓ પાસે હોવાનું જાણાયું છે. પરંતુ લાભ મળ્યા પછી ૩૧.૦૦ ટકા ઉત્તરદાતાઓ પાસે શંકર ગાયો હોવાનું જાણાયું છે. એનો અર્થ એ થયો કે લાભ મળ્યો તે પહેલાં અને લાભ મળ્યો તે પછી શંકર ગાયો વસાવવા માટેનો તફાવત ૧૯.૭૭ ટકાનો જાણાયો છે. અર્થાત્ વર્તમાન સમયમાં ડાંગના લોકો શંકરગાયો વસાવવા તરફ વળ્યા છે. તેનું મુખ્ય કારણ ડાંગમાં દૂધ સહકારી મંડળીઓનો વધારો થવાથી દૂધાળા ઢોર વસાવવા તરફ ડાંગના લોકોનું વલણ કેળવાતું જાય છે. આમ, ડાંગમાં દેશી ગાયોને બદલે શંકર ગાયો પાળવા માટેનું પરિવર્તન ચોકકસપણે જોઈ શકાય છે.

દૂધાળાં ઢોર તરીકે ડાંગના લોકો પહેલાથી જ ભેંસો પાળતા હતા. લાભ મળ્યો તે પહેલાં ૧૫.૬૭ ટકા ઉત્તરદાતાઓ ભેંસો પાળતા હોવાનું જાણાયું છે. પરંતુ લાભ મળ્યા પછી ૩૮.૦૦ ટકા ઉત્તરદાતાઓ પાસે ભેંસો હોવાનું જાણાયુ છે. એનો અર્થ એ થયો કે ડાંગના લોકો દૂધ સહકારી મંડળીઓના લાભ થકી વધુ ભેંસો પાળવા માટે પ્રેરાયા છે. જે વર્તમાન ડાંગમાં આવેલું પરિવર્તન જોઈ શકાય છે.

ખેતીના કામમાં ડાંગના લોકો બળદોનો ઉપયોગ કરતા હતા. આંકડાકીય માહિતી પરથી જાણાય છે કે, લાભ મળ્યો તે પહેલાં ૬૬.૩૩ ટકા ઉત્તરદાતાઓ પાસે બળદો હતા. પરંતુ લાભ મળ્યા પછી તેનું પ્રમાણ ઘટીને ૫૨.૬૭ ટકા જેટલું નોંધાયું છે. એનો અર્થ એ થયો કે, વર્તમાન સમયમાં ડાંગના લોકો ખેતી કરવા માટે બળદોનો ઉપયોગ કરવાની સાથો-સાથ ટ્રેકટરોનો પણ ઉપયોગ કરતા થયા છે. જે વર્તમાન ખેતી માટે પશુશ્રમને બદલે યાંત્રિક સાધનોનો ઉપયોગ કરવા તરફનું વલણ વધતું જાય છે. જે ચોકકસપણે પરિવર્તનને સૂચિત કરે છે.

ડાંગના લોકો ખેતીનાં કામમાં વાછરડાં પાછળથી ઉપયોગી બનશે એ હેતુથી વાછરડાંઓનું ખૂબ સારી રીતે જતન કરે છે. બીજી બાજુ વાછરડી ભવિષ્યમાં ગાય સ્વરૂપે દૂધ આપશે એ આશયથી પણ તેનું પણ સારી રીતે જતન કરે છે. પરિણામે આંકડાકીય માહિતી અનુસાર બન્નેમાં વધારો નોંધાયો છે.

ડાંગની મહત્વની વિશેષતા એ રહી છે કે, ડાંગના લોકો બળદો સાથો સાથ પાડાઓ પણ પાળતા હતા. કારણ કે ખેતીમાં જેમ બળદોનો ઉપયોગ થાય છે તેમ પાડાઓનો પણ ઉપયોગ થાય છે. બીજી બાજુ ડાંગના જંગલમાંથી મોટા લાકડા ખેંચવા માટે આજથી ૨૦ વર્ષ પહેલાં ડાંગમાં પાડાઓનો ખૂબજ પ્રમાણમાં ઉપયોગ થતો જણાયો છે. અભ્યાસ પરથી જણાય છે કે, લાભ મળ્યો તે પહેલાં ૬૦ ટકા ઉત્તરદાતાઓ પાસે પાડા હોવાનું માલુમ પડ્યું છે. પરંતુ લાભ મળ્યા પછી તેમાં ચોકકસપણે ઘટાડો થઈને ૩૩.૩૩ ટકા ઉત્તરદાતાઓ પાસે પાડા હોવાનું માલુમ પડ્યું છે. એનો અર્થ એ થયો કે, ડાંગમાં ભાર ખેંચવા માટે જે પાડાઓનો ઉપયોગ થતો હતો તેમાં ચોકકસપણે ઘટાડો નોંધાયો છે. બીજી બાજુ ભાર ખેંચવા માટે વર્તમાન સમયમાં ટ્રેકટરનો પણ ઉપયોગ થવા લાગ્યો છે. તેથી પાડાઓનું પ્રમાણ ઘટ્યું હશે એવું ચોકકસપણે અભ્યાસ પરથી જણાય છે. જે પરિવર્તન સૂચવે છે. એ જ રીતે વર્તમાન સમયમાં દૂધ સહકારી મંડળીઓ દ્વારા કેટલાક ડાંગના લોકોને ભેંસો પણ આપવામાં આવી છે. જેથી પાડીઓની સંખ્યા પણ વધારે હોવાનું છે. એટલે કે હાલમાં દૂધાળા ઢોર રાખવાનું ચલણ વધતું જાય છે જે ચોકકસપણે પશુઓમાં આવેલું પરિવર્તન સૂચવે છે.

ડાંગના લોકો ગાય, ભેંસો ઉપરાંત પાલતું પ્રાણીઓ તરીકે બકરાઓ પણ પાળતા હતા. અભ્યાસ પરથી જણાયું છે કે લાભ મળ્યો તે પહેલાં ૫૦.૩૩ ટકા ઉત્તરદાતાઓ બકરાઓ રાખતા હતા. પરંતુ લાભ મળ્યા પછી તેનું પ્રમાણ ૨૨.૬૭ ટકા જેટલું જ નોંધાયું છે. એનો અર્થ એ થયો કે, વર્તમાન સમયમાં ડાંગના લોકોનું પશુપાલનની બાબતમાં વલણ બદલાતું જાય છે. એટલે કે, પરંપરાગત પશુપાલનનો વ્યવસાયમાં ઘટાડો નોંધાતો જાય છે. જ્યારે દૂધ સહકારી મંડળી આધારિત પશુપાલનનો વ્યવસાય વધતો જાય છે એવું વલણ જોવા મળે છે.

મરઘા પાલનની બાબતમાં લાભ મળ્યો તે પહેલાં ૭૨.૩૩ ટકા ઉત્તરદાતાઓ તેની

સાથે જોડાયેલા હતા. પરંતુ લાભ મળ્યા પછી તેનું પ્રમાણ ઘટીને ૩૧.૩૩ ટકા થઈ ગયું છે. એટલે કે, મરઘા પાલનનો વ્યવસાયમાં ઘટાડો નોંધાયો છે. તેની પાછળનું મુખ્ય કારણ વર્તમાન સમયમાં ડાંગનાં લોકો વિવિધ ધર્મ અને સંપ્રદાયમાં મરઘાના ખોરાકનો નિષેધ ગણાય છે. તેથી પણ મરઘા પાલનનો વ્યવસાય ઓછો થતો જણાયો છે. આમ, ડાંગનાં પરંપરાગત સ્વરૂપનાં વ્યવસાયમાં ચોકકસપણે પરિવર્તન આવ્યું છે. જે આંકડાકીય વિશ્લેષણ પરથી જાણી શકાયું છે.

## કોષ્ટક નં. ૪.૫.૩૫

## ઉત્તરદાતાઓના ખેતીનાં સાધનો અંગેનું વર્ગીકરણ

| ક્રમ | ખેતીનાં સાધનો | | સંખ્યા | ટકા |
|---|---|---|---|---|
| ૧. | લાકડાનું હળ | પહેલા | ૩૦૦ | ૧૦૦ |
| | | પછી | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | લોખંડનું હળ | પહેલા | ૫ | ૧.૬૭ |
| | | પછી | ૩૧ | ૧૦.૩૧ |
| ૩. | કરબ/ગાંધી કરબી | પહેલા | ૦૦ | ૦૦ |
| | | પછી | ૦૦ | ૦૦ |
| ૪. | સમાર (અળબટ) | પહેલા | ૩૦૦ | ૧૦૦ |
| | | પછી | ૩૦૦ | ૧૦૦ |
| ૫. | નાના ઓજારો | પહેલા | ૩૦૦ | ૧૦૦ |
| | | પછી | ૩૦૦ | ૧૦૦ |
| ૬. | ગાડું | પહેલા | ૧૭૬ | ૫૮.૬૭ |
| | | પછી | ૮૯ | ૨૯.૬૭ |
| ૭. | કુવો | પહેલા | ૧૧ | ૩.૬૭ |
| | | પછી | ૫૬ | ૧૮.૬૭ |
| ૮. | ઓઈલ એન્જિન | પહેલા | ૭૩ | ૨૪.૩૩ |
| | | પછી | ૧૬૧ | ૫૩.૬૭ |
| ૯. | ઈલેકટ્રીક મોટર | પહેલા | ૦૦ | ૦૦ |
| | | પછી | ૦૦ | ૦૦ |
| ૧૦. | ઉપાણવાનો પંખો | પહેલા | ૭૫ | ૨૫ |
| | | પછી | ૧૬૨ | ૫૪ |
| ૧૧. | દવા છાંટવાનો પંચ | પહેલા | ૭૭ | ૨૫.૬૭ |
| | | પછી | ૧૬૫ | ૫૫ |
| ૧૨. | અન્ય | - | - | - |

ઉપરોક્ત કોષ્ટક ૪.૫.૩૫ માં ઉત્તરદાતાઓનાં ખેતીના સાધનો અંગેનું વર્ગીકરણ કરતા જણાયું છે કે, સંયુક્ત રીતે ડાંગ જીલ્લાના લોકોની ખેતીવાડી આધારિત વિવિધ ઓજારો કેવા પ્રકારના છે તે જાણવાનો પ્રયાસ કર્યો છે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાં ખેતીનાં સાધનોમાં

૧. લાકડાનું હળ ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૩૦૦ એટલે (૧૦૦ ટકા) હોવાનું જણાયું છે. એટલે કે લાકડાનું હળ પહેલાં પણ હતું અને હાલમાં પણ ડાંગના લોકો લાકડાનાં હળનો ઉપયોગ કરે છે.

૨. લોખંડનાં હળનો ઉપયોગ લાભ મળ્યો તે પહેલા ૫ (૧.૬૭ ટકા) ઉત્તરદાતાઓ પાસે હોવાનું જણાયું છે. જ્યારે લાભ મળ્યો ત્યારપછી ૩૧ (૧૦.૩૧ ટકા) ઉત્તરદાતાઓ પાસે હોવાનું જણાયું છે.

૩. કરબ/ગાંધી કરબ પહેલા કે પછી બન્ને સમયમાં ઉત્તરદાતાઓ પાસે નથી.

૪. સમાર (અળવટ) લાભ મળ્યો તે પહેલાં પણ સમારનો ઉપયોગ કરે છે. એટલે કે, હાલમાં પણ ૧૦૦ ટકા લોકો સમાર (અરવટ) નો ઉપયોગ કરે છે.

૫. ખેતી ઉપયોગમાં લેવાના નાનાં ઓજારો ખાસ કરીને કોદાળી, પંજેટી, દાતરડું, કુહાડી, પાવડો, ત્રિકમ વગેરે પહેલા અને પછી બંને સમયે ૧૦૦ ટકા હોવાનું એક મહત્વનું સાધન ગણાય છે.

૬. બળદગાડું ડાંગના લોકોનું એક મહત્વનું સાધન ગણાય છે. લાભ મળ્યો તે પહેલાં ૧૭૬ (૫૮.૬૭ ટકા) ઉત્તરદાતાઓ પાસે બળદગાડું હોવાનું જણાયું છે. જ્યારે લાભ મળ્યા પછી ૮૯ (૨૯.૬૭ ટકા) ઉત્તરદાતાઓ પાસે જ ગાડું હોવાનું જણાયું છે. એનો અર્થ એ થયો કે, વર્તમાન સમયમાં બળદગાડાનું પ્રમાણ ઘટતું જાય છે. જે આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે.

૭. કુવો-ખેતી માટે કુવાનો ઉપયોગ લાભ મળ્યો તે પહેલાં માત્ર ૧૧ (૩.૬૭ ટકા) ઉત્તરદાતાઓ પાસે હોવાનું જણાયું છે. જ્યારે લાભ મળ્યા પછી ૫૬ (૧૮.૬૭ ટકા) ઉત્તરદાતાઓ પાસે ખેતી માટે કુવાની સગવડ હોવાનું જણાયું છે.

૮. લાભ મળ્યો તે પહેલાં ઓઈલ એન્જિન ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૭૩ (૨૪.૩૩ ટકા) હોવાનું જણાયું છે. પરંતુ લાભ મળ્યા પછી ૧૬૧ (૫૩.૬૭ ટકા) ઉત્તરદાતાઓ પાસે ઓઈલ એન્જિન હોવાનું જણાયું છે.

૯. ઈલેકટ્રીક મોટર લાભ મળ્યો તે પહેલા અને લાભ મળ્યો તે પછી બન્ને સમયે કોઈપણ ઉત્તરદાતાઓ પાસે હોવાનું જણાયું નથી.

૧૦. ઉપણવાનો પંખો લાભ મળ્યો તે પહેલાં ૭૫ (૨૫ ટકા) ઉત્તરદાતાઓ પાસે હોવાનું જણાયું છે.

૧૧. દવા છાંટવાનો પંપ લાભ મળ્યો તે પહેલાં ૭૭ (૨૫.૬૭ ટકા) પાસે હોવાનું જણાયું છે. જ્યારે લાભ મળ્યા પછી ૧૬૫ (૫૫ ટકા) ઉત્તરદાતાઓ પાસે હોવાનું જણાયું છે.

ડાંગ જીલ્લામાં ખેતીનું પરંપરાગત સ્વરૂપ હોવાની સાથોસાથ વર્તમાન સમયમાં ખેતી અને ખેતીના સાધનોનું સ્વરૂપ બદલાયું હોવાનું આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે. ખાસ કરીને ખેતીના સાધનોમાં હળ, સમાર (અળવટ), નાના ઓજારો વગેરે મૂળ સ્વરૂપે હોવાનું જણાયું છે. સાથે લોખંડના હળ એટલે કે ટ્રેકટર દ્વારા ખેડ કરવાનું પ્રમાણ પણ ધીમે-ધીમે વધતું જાય છે. આંકડાઓ ઉપરથી જણાયું છે કે હાલમાં ૧૦.૩૧ ટકા ઉત્તરદાતાઓએ દેશી હળની સાથે ટ્રેકટર દ્વારા ખેડ કરતાં હોવાનું જણાવ્યું છે. ધીમે-ધીમે તેનું પ્રમાણ વધતું જાય છે. જે ડાંગમાં ખેતીના સાધનોમાં અમુક અંશે આવેલું પરિવર્તન જોઈ શકાય છે. ડાંગમાં પહેલાં ખેતીની વસ્તુઓનું વહન કરવા માટે બળદગાડાંનો વધુ ઉપયોગ થતો હતો. પરંતુ આંકડાઓ પરથી જણાયું છે કે વર્તમાન સમયમાં બળદગાડાનું પ્રમાણ ઘટતું જાય છે. અર્થ એ થયો કે, ભારવહન માટે બળદ ગાડાને બદલે ટ્રેકટરનો ઉપયોગ થતો જાય છે. ખેતી કરવા માટે પાણી મેળવવા માટે કુવાનો ઉપયોગ પહેલા કરતાં વધ્યો છે. આંકડાઓ પરથી જણાયું છે કે ૧૮.૬૭ ટકા ઉત્તરદાતાઓ પાસે હાલમાં ખેતી માટે કુવાની સગવડ હોવાનું જણાયું છે. એનો અર્થ એવો થયો કે, ડાંગમાં કુવા આધારિત સિંચાઈની સગવડો વર્તમાન સમયમાં વધતી જાય છે. અમુક અંશે સિંચાઈ આધારિત ખેતીમાં ચોકકસપણે પરિવર્તન આવેલું જોઈ શકાય છે. સિંચાઈ માટે કુવા, નદી કે કોતરડામાંથી પાણી ખેંચવા માટે ડાંગમાં ઓઈલ એન્જીનનું પ્રચલન વધારે જોવા મળે છે. એટલું જ નહી પરંતુ ચોમાસા

આધારિત ખેતી માટે પણ જ્યારે ફેરરોપણીના સમયે વરસાદ ખેંચાય તે સમયે કુવા, નદી, કોતરડા વગેરેમાંથી પાણી ખેંચાવા માટે ઓઈલ એન્જીન ખેતી માટેનું એક મહત્વનું સાધન બની રહે છે. ડાંગમાં ઓઈલ એન્જીન ધરાવતા કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી હાલમાં ૫૩.૬૭ ટકા ઉત્તરદાતાઓ પાસે ઓઈલ એન્જીન હોવાનું જાણાયું છે. આમ, સિંચાઈ આધારિત ખેડુતોનું વધુ પ્રમાણ જોવા મળ્યું છે. આમ, વર્તમાન સમયમાં ડાંગમાં સિંચાઈ માટે ઓઈલ એન્જીનનું પ્રમાણ વધ્યું છે. જે એક ખેતીનાં સાધનોમાં આવેલું પરિવર્તન જોઈ શકાય છે.

બીજી બાજુ ઈલેકટ્રીક મોટર વાપરનારા ઉત્તરદાતાઓ એકપણ હોવાનું જાણાયું નથી. એનો અર્થ એ થયો કે સિંચાઈ માટે ઈલેકટ્રીક મોટર ચલાવવા માટે થ્રિફેસ લાઈનની જરૂર પડે છે. જેનું પ્રમાણ ડાંગમાં નહિવત્ છે. એટલે કે સિંચાઈ માટે ઈલેકટ્રીક મોટરનું પ્રમાણ ડાંગમાં નહિવત્ છે. એમાં ખાસ પરિવર્તન દેખાતુ નથી.

ખેતીવાડી કરતાં ઉત્તરદાતાઓમાંથી ડાંગમાં મુખ્ય ડાંગર, નાગલી, વરઈ, તુવેર, હળદ વગેરે પાકો તૈયાર થયા પછી તેને ઉપણવા માટે ઉપણવાનો પંખાનો ઉપયોગ કરતા હોય તેવા ૫૪ ટકા ઉત્તરદાતાઓ હોવાનું જાણાયું છે. એનો અર્થ એ થયો કે, વર્તમાન સમયમાં ખેતીનો પાક તૈયાર કરવા માટે પરંપરાગત સાધનો કરતાં આધુનિક સાધનોનો ખેડૂતો ઉપયોગ કરવા લાગ્યા છે. જે આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે.

પાકમાં રોગ આવે છે તે માટે દવા છાંટવાનો પંપ ધરાવતા કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી હાલમાં ૫૫ ટકા ઉત્તરદાતાઓ દવા છાંટવાનો પંપ ધરાવે છે. એટલે કે વર્તમાન સમયમાં ડાંગના ખેડુતો પાકમાં જ્યારે કોઈપણ પ્રકારનો રોગ ઉતરી આવે છે તેને કુદરતનું પરિણામ છે એવું માનવાને બદલે રોગ નિવારક માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે, મોટાભાગના ઉત્તરદાતાઓ દવા છાંટવાનો પંપ ધરાવતા હોવાનું માલુમ પડ્યું છે.

આમ, ખેતીનાં સાધનોમાં ડાંગમાં લાકડાનાં હળની સાથે ટ્રેકટર આધારિત લોખંડનું હળનું પ્રચલન વધતું જાય છે. ભાર ખેંચવા માટે બળદગાડાંને બદલે ટ્રેકટરનું પ્રમાણ વધ્યું હોવાનું જાણાયું છે. સિંચાઈ માટે કુવો, નદી-નાળાઓનો ઉપયોગ કરતા થયા છે. ઉપણવાનો પંખો, દવા છાંટવા માટેના પંપ વગેરેનો પણ ડાંગના લોકો ઉપયોગ કરતા થયા છે. એનો અર્થ એ થયો કે, ડાંગમાં ખેતીના ઓજારો અંગે અમુક અંશે પરિવર્તનનું સ્વરૂપ જોઈ શકાય

છે. સાથો-સાથ સમાર (અળવટ), ખેતી માટેનાં નાનાં ઓજારો જે પરંપરાથી ચાલી આવે છે તેનો ઉપયોગ કરતા હોય એવું પણ જાણાયું છે.

ટૂંકમાં ડાંગમાં ખેતીનાં સાધનો સંક્રમણની અવસ્થામાંથી પસાર થઈ રહ્યા હોય એવું ચોકકસપણે જાણાય આવે છે.

## કોષ્ટક નં. ૪.૫.૩૬

## ખેતીવાડી અથવા અન્ય પ્રસંગો માટે દેવું અંગેનું વર્ગીકરણ

| ક્રમ | પ્રસંગોપાત દેવું | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | ના | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક ૪.૫.૩૬માં ખેતીવાડી કે અન્ય પ્રસંગોએ ઉત્તરદાતાઓ દેવું કરે છે કે કેમ તે અંગેનું વર્ગીકરણ કરતા જાણાયું છે કે કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી બધા જ ઉત્તરદાતાઅતોએ ખેતીવાડી કે અન્ય પ્રસંગોએ ઓછા-વતા પ્રમાણમાં દેવું કર્યું હોવાનું જાણવા મળ્યું છે. એકપણ ઉત્તરદાતાએ દેવું નથી કર્યું એવું જાણાવ્યું નથી.

એનો અર્થ એ થયો કે, ડાંગના લોકો ખેતીવાડી માટે કે અન્ય સામાજિક, આર્થિક, ધાર્મિક વગેરે પ્રસંગોએ ઓછા-વતા પ્રમાણમાં દેવું કરતા હોય એવું સામાન્ય રીતે જોવા મળે છે. આંકડાકીય માહિતી પરથી પણ આ બાબત સ્પષ્ટ થાય છે કે દેવું કરવું એ એક સામાન્ય બાબત ગણાય છે. ડાંગના લોકો પણ નાના-મોટા સામાજિક કે અન્ય પ્રસંગોએ દેવું કરે છે એ બાબત સ્પષ્ટ છે.

## કોષ્ટક ૪.૫.૩૭

## દેવું કોની પાસે કરો છો? તે અંગેનું વર્ગીકરણ

| ક્રમ | દેવું કોની પાસે કરો છો? | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | શાહુકાર | ૦૦ | ૦૦ |
| ૨. | વેપારી | ૦૦ | ૦૦ |
| ૩. | સહકારી મંડળી | ૧૯ | ૬.૩૩ |
| ૪. | બેંક | ૧૯૧ | ૬૩.૬૭ |
| ૫. | સગાં-વ્હાલાં | ૧૯૯ | ૬૬.૩૩ |
| ૬. | અન્ય | ૫૪ | ૧૮ |

ઉપરોક્ત કોષ્ટક ૪.૫.૩૭માં ઉત્તરદાતાઓ દેવું કોની પાસે કરે છે તે અંગેનું વર્ગીકરણ કરતાં જાણાયું છષ કે કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી શાહુકાર અને વેપારી પાસેથી દેવું કરતા નથી એવું જાણાવ્યું છે. જ્યારે કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૧૯ (૬.૩૩ ટકા) ઉત્તરદાતાઓ એ સહકારી મંડળીમાંથી દેવું કર્યું હોય એવું જાણાવ્યું છે. કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૧૯૧ (૬૩.૬૭ ટકા) ઉત્તરદાતાઓ બેંકમાંથી દેવું કર્યું હોય એવું જાણાવેલ છે. ઉપરાંત ૧૯૯ (૬૬.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ સગાં-વહાલાંઓની પાસેથી દેવું કર્યું હોવાનું જાણાવ્યું છે. અન્ય મિત્રમંડળ પાસેથી પૈસા લેતા હોય એવાનું પ્રમાણ ૫૪ (૧૮ ટકા) હોવાનું જાણાયું છે. આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે ડાંગ જિલ્લામાં ખેતીવાડી માટે કે અન્ય કોઈ સામાજિક, ધાર્મિક, આર્થિક વગેરે પ્રસંગોએ દેવું કરવાનું થાય છે ત્યારે ત્યાંના લોકો મોટાભાગે બેંક અને સગા-વ્હાલાંઓ પાસેથી દેવું કરવાનું વધુ પસંદ કરતા હોય એવું જાણાયું છે. કારણ કે કુલ ઉત્તરદાતાઓમાંથી બેંક અને સગા-વ્હાલાંઓ પાસેથી દેવું કર્યું હોય એનું પ્રમાણ અનુક્રમે ૬૩.૬૭ ટકા અને ૬૬.૩૩ હોવાનું નોંધ્યું છે. એનો અર્થ એ થયો કે, ડાંગનાં લોકો દેવા માટે બેંક કરતાં પણ સગા-વ્હાલાઓની પાસેથી ઉછીના રૂપિયા લેવાનું વધુ પસંદ કરતા હોવાનું જાણાયું છે.

એનું મુખ્ય કારણ એ છે કે, ડાંગના લોકો સરકારી દેવું કરવામાં એક પ્રકારનો ડર (ભય) અનુભવે છે. ઉત્તરદાતાઓના જવાબો પરથી એવું જાણવા મળ્યું કે સરકારી બેંક જમીન અને ઘર ગીરવે મુકવાનું કહે છે. જે ડાંગના લાકોને કરજ માટે મંજુર નથી. બીજી

બાજુ જંગલ સહકારી મંડળીઓની પાસેથી કરજ લેનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૬.૩૩ ટકા જણાયું છે. જે બધા જ ઉત્તરદાતાઓ સહકારી મંડળી સાથે જોડાયા છે અથવા સહકારી મંડળી સાથે જોડાયેલા લોકોનાં સગા-સંબંધી હોવાનું જણાયું છે.

મહત્વની વિશેષતા એ જોવા મળી છે કે દેવાની સમસ્યાની બાબતમાં ડાંગમાં શાહુકારો અને વેપારીઓ પાસેથી ડાંગના લોકો કરજ કે દેવું કરતા હોય એવું જણાયું નથી. એટલુંજ નહીં પરંતુ ડાંગમાં શાહુકારી પ્રથાનું અસ્તિત્વ જ નથી. જે ડાંગની એક મહત્વની વિશેષતા ગણાય છે.

ડાંગમાં એકપણ શાહુકારી ધિરદાર તરીકે વ્યવસાય કરતો હોય એવું જાણવા મળ્યું નથી. તુલનાત્મક રીતે ગુજરાતના બીજા આદિવાસી જીલ્લાઓમાં શાહુકારીની જે પ્રથા જોવા મળે છે. એવી ડાંગમાં શાહુકારીની પ્રથા જોવા મળતી નથી. શાહુકારો દ્વારા ધિરધારનો વ્યવસાય ડાંગમાં વિકસ્યો નથી. આંકડાકીય માહિતી દ્વારા સ્પષ્ટ થાય છે.

**કોષ્ટક ૪.૫.૩૮**

**ઉત્તરદાતાઓનું દેવાનું કારણ અંગેનું વર્ગીકરણ**

| ક્રમ | દેવાનું કારણ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | લગ્ન માટે | ૧૬૫ | ૫૫ |
| ૨. | શિક્ષણ માટે | ૧૬૭ | ૫૫.૬૭ |
| ૩. | મકાન બનાવવા માટે | ૧૯૫ | ૬૫ |
| ૪. | મૃત્યુની વિધિ માટે | ૦૦ | ૦૦ |
| ૫. | જમીન માલિકીના વૃક્ષો કાપવા માટે | ૧૪૭ | ૪૯ |
| ૬. | ધંધા માટે | ૧૫ | ૫ |
| ૭. | વાહન માટે | ૧૪૩ | ૪૭ |
| ૮. | અન્ય માટે | ૧૫૦ | ૫૦ |

ઉપરોક્ત કોષ્ટક ૪.૫.૩૮માં ઉત્તરદાતાઓ ક્યા કારણસર દેવું કરે છે, તે અંગેનું વર્ગીકરણ કરતાં જણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી

૧. ૧૬૫ (૫૫ ટકા) ઉત્તરદાતાઓએ લગ્ન માટે દેવાનું કારણ જણાવ્યું છે.

૨. કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૧૬૭ (૫૫.૬૭ ટકા) ઉત્તરદાતાઓએ શિક્ષણ માટે દેવું કર્યું હોવાનું જાણાવ્યું છે.

૩. મકાન બનાવવા માટે ૧૯૫ (૬૫ ટકા) ઉત્તરદાતાઓએ દેવું કર્યું હોવાનું જાણાવ્યું છે.

૪. મૃત્યુની વિધિ કરાવવા માટે કોઈપણ ઉત્તરદાતાઓએ દેવું કર્યું નથી.

૫. જમીન માલિકીનાં વૃક્ષો કાપવા માટે કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૧૪૭ (૪૯ ટકા) ઉતરદાતાઓએ બીજાની પાસે કર્જ કર્યું હતું.

૬. ધંધા માટે (૫ ટકા) ઉત્તરદાતાઓએ દેવું કર્યું હોવાનું જાણાવ્યું છે.

૭. વાહન લેવા માટે કુલ ૩૦૦માંથી ૧૪૩ (૪૭.૬૭ ટકા) ઉત્તરદાતાઓએ કરજ લીધું હોવાનું જાણાવ્યું છે.

૮. ખેતી માટે ૧૫૦ (૫૦ ટકા) ઉત્તરદાતાઓએ દેવું કર્યું હોવાનું જાણાવ્યું છે.

ઉપરોક્ત આંકડાકીય માહિતી દ્વારા ડાંગના લોકો કયા-કયા હેતુ માટે કરજ અથવા દેવું કરે છે એ જાણવાની કોશીશ કરી છે. ડાંગના લોકો મોટાભાગે લગ્ન માટે, શિક્ષણ માટે, મકાન બનાવવા માટે, ખેતી માટે વગેરે હેતુસર કરજ અથવા દેવું કરતા જાણાય છે. જ્યારે મૃત્યુ સમયની વિધિ કરવા માટે કોઈ કરજ લેતું નથી, એવું જાણાયું છે. ધંધા માટે દેવું કરવાનું પ્રમાણ માત્ર ૫ ટકા જેટલું જ જાણાયું છે.

ડાંગના લોકોમાં મૃત્યુ સમયની વિધિ માટે કરજ કે દેવું નથી કરવું પડતું તેની પાછળનું મુખ્ય કારણ એ છે કે ડાંગમાં કોઈ પણ માણસનાં મૃત્યુ બાદ તેમની અંતિમ ક્રિયા કર્યા પછી ગામના કે સગા-વ્હાલા પુરુષ સભ્યો ગામના પાદરમાં આવીને મૃત વ્યક્તિનાં કોઈ જવાબદાર વડીલ પુરુષ સભ્યને ગામ અને સગાં-વ્હાલાં તરફથી 'પાઘડી ફાળો' આપવામાં આવે છે.

'પાઘડી ફાળો' એટલે ગ્રામજનો અને સગા-સંબંધીઓ મૃતકની વિધિ માટે મૃતકના સ્વજનોને યથા-યોગ્ય આર્થિક ફાળો આપીને મૃતકના સ્વજનોની મૃત્યુ પછીની વિધિ કરવા માટે આર્થિક સહાય પૂરી પાડે છે. તેને પાઘડી ફાળો કહેવામાં આવે છે.

મૃત્યુ પછીની વિધિને ડાંગી લોકો 'દિશપાની' કહે છે. જે મૃતકના અગ્નિસંસ્કાર

પછીના ત્રીજા દિવસે વિધિ નદી કાંઠે પીંડદાનની ક્રિયા દ્વારા પૂરી કરે છે. આ સમગ્ર વિધિ મોટાભાગે ડાંગમાં ડાંગી ભગત દ્વારા કરવામાં આવે છે. જેને 'દિશપાની' કરનાર ભગત તરીકે ઓળખવામાં આવે છે. ભગતના જુદા-જુદા પ્રકારોમાંનો એક પ્રકાર છે.

ડાંગના લોકોમાં ધંધાકીય માનસ હજુ ખાસ વિકસ્યું નથી. મોટાભાગે ખેતી કરતા હોવાથી ધંધામાં ખાસ રસ લેતા જણાતા નથી. આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ધંધા માટે દેવું કે કરજ લીધું હોય એવા ઉત્તરદાતાઓનું પ્રમાણ માત્ર ૫ ટકા હોવાનું જણાયું છે. આ બાબત પરથી સ્પષ્ટ થાય છે કે ધંધાની બાબતમાં ડાંગના લોકોમાં ખાસ પરિવર્તન આવ્યું હોય એવું જોવા મળ્યું નથી. ધંધા કરતાં પણ વાહન લેવા માટે ડાંગના લોકો વધુ કરજ કરતાં હોય એવું આંકડાઓ પરથી જણાયું છે. કારણ કે કુલ ઉત્તરદાતાઓમાંથી ૪૭.૬૭ ટકા ઉત્તરદાતાઓએ વાહન માટે લોન લીધી હોય એવું જણાયું છે તેમાં પણ જીપ અને ટ્રેકટર જેવા વાહનો લેવાનું વલણ વધુ હોવાનું જણાયું છે. કારણ કે જીપ અને ટ્રેકટર જેવા વાહનો ડાંગના આવકનાં સાધન તરીકે ગણાતા હોવાથી જીપ, ટ્રેકટર, ટ્રક વગેરે જેવા વાહનો લેવા માટે વધુ કરજ કરતા હોવાનું જણાયું છે. ખેતી અને ખેતીનાં સાધનો લેવા માટે પણ દેવું કરતા હોય એવું જણાયું છે. ખાસ કરીને ઓઈલ એન્જીન, ઉપાણવાનો પંખો, દવા છાંટવાનો પંપ, તાડપત્રી વગેરેની ખરીદી માટે પણ દેવું કરતા હોવાનું જણાયું છે. કુલ ઉત્તરદાતાઓમાંથી ૧૫૦ એટલે કે ૫૦.૦૦ ટકા ઉત્તરદાતાઓ એ ખેતી માટે દેવું કર્યું હોવાનું જણાવ્યું છે. આમ ડાંગમાં જુદા જુદા હેતુઓ માટે દેવું કરતા હોય એવું જણાયું છે.

**કોષ્ટક નં.૪.૫.૩૯**

**ઉત્તરદાતાઓનું બચત અંગેનું વર્ગીકરણ**

| ક્રમ | બચત કરો છો | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૨૯૩ | ૯૭.૬૭ |
| ૨. | ના | ૭ | ૨.૩૩ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરના કોષ્ટક ૪.૫.૩૯માં ઉત્તરદાતાઓ બચત કરે છે કે કેમ? તે અંગેનું વર્ગીકરણ કરતા જણાયું છે કે, ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૨૯૩ (૯૭.૬૭ ટકા) ઉત્તરદાતાઓએ બચત

કરતા હોવાનું જણાવ્યું છે. માત્ર ૭ (૨.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ બચત કરતા નથી એવું જણાવ્યું છે.

આંકડાકીય માહિતી દ્વારા સ્પષ્ટ થાય છે કે, ડાંગમાં વર્તમાન સમયમાં લોકોમાં રૂપિયાની બચત કરવાનું વલણ વિકસતું જાય છે. કારણ કે (૯૭.૬૭ ટકા) ઉત્તરદાતાઓએ બચત કરતા હોવાનું જણાવ્યું છે. જેના ઉપરથી સ્પષ્ટ થાય છે કે, રૂપિયાની બચત કરવી અને ભવિષ્ય માટે સારી બાબત છે. ભલે બચતમાં રૂપિયાનું રોકાણ ઓછું હોય પણ બચત કરે છે તે બાબત સ્પષ્ટ થાય છે.

**કોષ્ટક ૪.૫.૪૦**

**ઉત્તરદાતાઓ બચત ક્યાં કરે છે તે અંગેનું વર્ગીકરણ**

| ક્રમ | બચત ક્યાં કરો છો ? | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | બેંક | ૨૨૩ | ૭૪.૩૩ |
| ૨. | સહકારી મંડળી | ૧૨ | ૪.૬૭ |
| ૩. | પોસ્ટ ઓફીસ | ૧૬૪ | ૫૪.૬૭ |
| ૪. | શાહુકાર/વેપારી | ૦૦ | ૦૦ |
| ૫. | શેર | ૦૦ | ૦૦ |
| ૬. | જીવનવીમા | ૬૮ | ૨૨.૬૭ |
| ૭. | ઘરેણા | ૦૦ | ૦૦ |
| ૮. | અન્ય | ૦૦ | ૦૦ |

કોષ્ટક ૪.૫.૪૦માં ઉત્તરદાતાઓ બચત શેમાં કરે છે તે અંગેના વર્ગીકરણ કરતાં જણાય છે કે કુલ ઉત્તરદાતાઓમાંથી

૧. બેંક દ્વારા બચત કરતા હોય તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૨૨૩ (૭૪.૩૩ ટકા) હોવાનું જણાયું છે.

૨. સહકારી મંડળી આધારિત બચતનું પ્રમાણ માત્ર ૧૨ (૪.૦૦ ટકા) જ નોંધાયું છે.

૩. પોસ્ટ ઓફીસમાં બચત કરતાં ઉત્તરદાતાઓનું પ્રમાણ ૧૬૪ (૫૪.૬૭ ટકા) જેટલું છે.

૪. શાહુકાર, વેપારી કે શેરમાં બચતનું પ્રમાણ નહિવત્ છે.

૫. જીવન વીમા દ્વારા બચત કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૬૮ (૨૭.૬૭ ટકા) જેટલું માલુમ પડ્યું છે. જ્યારે

૬. ઘરેણાં દ્વારા બચત કરવાનું વલણ નહીંવત છે.

ઉપરોક્ત આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે ડાંગમાં બચતનો મુખ્ય સ્રોત બેંક, સહકારી મંડળી, પોસ્ટ ઓફીસ, જીવન વીમા હોવાનું માલુમ પડ્યું છે તો બીજી બાજુ શાહુકાર, વેપારી, શેર કે ઘરેણા આધારિત બચત કરવાનું વલણ ડાંગના લોકોમાં વિકસ્યું નથી. સૌથી વધારે બચત ડાંગના લોકો બેંક, પોસ્ટ ઓફીસ દ્વારા કરાતા હોવાનું ફલીત થાય છે. કારણ કે બેંક અને પોસ્ટ ઓફીસ દ્વારા થતી બચત વધુ સુરક્ષિત હોવાનું ડાંગના લોકો માને છે. બીજી બાજુ ડાંગમાં ઉદ્યોગો નહીં હોવાથી શેરમાં રોકાણ કરવાનું વલણ પણ ડાંગના લોકોમાં વિકસ્યું નથી તેમ છતાં બેંક અને પોસ્ટ દ્વારા બચત કરવાનું પ્રમાણ વધતું જાય છે. જે બાબત કરવાનું માનસ વિકસતું જતું હોવાનું સાબિત કરે છે.

## ૪.૬ સમાપન

ડાંગ જિલ્લાની ૧૫ વન વિભાગની કચેરી હેઠળનાં ૩૦ ગામડાંઓનાં કુનબી (કુંકણા), વારલી, ભીલ અને ગામીત જનજાતિઓમાં જમીન માલિકીનાં વૃક્ષોના કાપવાના અધિકારોથી આર્થિક લાભ થતાં તેમનાં સામાજિક અને આર્થિક જીવનમાં આવેલું પરિવર્તન વિશેની જાણકારી મેળવવા ઉપરોક્ત પ્રકરણમાં પ્રયત્ન કરેલ છે. આ પ્રયત્નનાં ભાગરૂપે તેમની સામાન્ય, કૌટુંબિક, સામાજિક તેમજ આર્થિક પાસાંને લગતી માહિતી એકત્ર કરી, વિસ્તૃત રીતે વિવિધ કોષ્ટકો દ્વારા આંકડાકીય રીતે વિશ્લેષણ કરવામાં આવેલ છે.

સામાન્ય માહિતીનું વિશ્લેષણ કરતાં એવું જણાયું છે કે, કુલ ઉત્તરદાતાઓમાંથી વારલી, ભીલ, ગામીત ઉત્તરદાતાઓ કરતાં કુનબી ઉત્તરદાતાઓનું પ્રમાણ સવિશેષ જોવા મળ્યું છે. ઉપરાંત પ્રત્યેક ઉત્તરદાતા ગામમાં કેટલા વર્ષથી રે છે, તેમનો અભ્યાસ, ધર્મ અને સંપ્રદાય વ્યવસાય વગેરેનું પદ્ધતિસરનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

કૌટુંબિક માહિતીનું વિશ્લેષણ કરતાં એવું જાણવા મળ્યું છે કે ડાંગ પ્રદેશમાં વિભક્ત

કરતાં સંયુક્ત કુટુંબનું પ્રાધાન્ય જોવા મળે છે તેમજ સ્ત્રી અને પુરુષ સભ્યોની સંખ્યા, લિંગ, ઉંમર, વૈવાહિક દરજ્જો, લગ્નનું સ્થળનું અંતર, બાળકોનું શિક્ષણ, કુટુંબની વાર્ષિક આવક વગેરે પાસાંઓનું વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

સામાજિક જીવનમાં ડાંગ પ્રદેશમાં વસવાટ કરતી જનજાતિઓમાં પુત્ર અને પુત્રીના જન્મ કરતાં બંનેનાં જન્મને સવિશેષ પ્રાધાન્ય આપે છે. ઉપરાંત સ્ત્રીનું સ્થાન, છઠ્ઠીની વિધિ, જન્માક્ષર, વર્ષગાંઠ, લગ્નની વર્ષગાંઠ, મૃત્યુતિથિ વગેરે પાસાઓનું વિશ્લેષણ કર્યું છે. સગાઈ કે લગ્નની બાબતમાં લગ્નની વિધિ, જીવનસાથીની પસંદગી, જીવનસાથીના પસંદગીનું ક્ષેત્ર, લગ્નવિધિ કયાં, કોની પાસે કરાવે છે. લગ્ન ગીતોનું સ્વરૂપ, કંકોત્રી, મામા-ફોઈનાં લગ્ન અને તેનું વર્તમાનમાં અસ્તિત્વ, બહુપત્નીત્વ, કન્યા કે વરશૂલ્ક, વિધવા પુનઃર્લગ્ન, છૂટાછેડા વગેરે વિશેની વિસ્તૃત માહિતી મેળવીને તેને અહેવાલ સ્વરૂપે રજૂ કરેલ છે.

આર્થિક સ્થિતિનાં સંદર્ભમાં ડાંગ જિલ્લામાં અન્ય વ્યવસાય કરતાં ખેતીનાં વ્યવસાયને વિશેષ પ્રાધાન્ય આપતા હોવાનું જણાયું છે. તે જ રીતે જમીનનું પ્રમાણ સિંચાઈની સગવડ, સિંચાઈનો પ્રકાર, અનાજ અને તેનો પ્રકાર, બિયારણ, જમીનમાંનાં વૃક્ષો અને તેના પ્રકાર, જમીનની કિંમત, જમીનમાંનાં વૃક્ષોની આવક, વૃક્ષો કાપવાનો નિયમ, વૃક્ષો કાપવા થકી થતો આર્થિક લાભ, તેનાથી લોકોની સ્થિતિમાં થયેલો સુધારો, જમીનમાંના વૃક્ષો હોવા થકી ભવિષ્યનો ફાયદો, વહીવટી સમસ્યાઓ, આર્થિક લાભ થકી આર્થિક દરજ્જાની સ્થિતિ, આજીવિકા માટે જંગલ ઉપરનું પરાવલંબન, જંગલની વસ્તુનો ઉપયોગ, આર્થિક ક્ષેત્રે ગૌણ વ્યવસાય તરીકે પશુપાલન, ખેતીનાં સાધનો, દેવું અને દેવાનો પ્રકાર, બચત અને બચતનું સ્વરૂપ વગેરે જેવાં પાસાઓનું વિશ્લેષણ કરીને, તેને અહેવાલ સ્વરૂપે પ્રસ્તુત કરવામાં આવેલ છે.

# પ્રકરણ-૫
# માહિતીનું વર્ગીકરણ ભાગ-૨
## (શૈક્ષણિક, સાંસ્કૃતિક અને રાજકીય)


૫.૧ પ્રસ્તાવના

૫.૨ શૈક્ષણિક માહિતીનું વર્ગીકરણ

૫.૩ સાંસ્કૃતિક માહિતીનું વર્ગીકરણ

૫.૪ રાજકીય માહિતીનું વર્ગીકરણ

૫.૫ સમાપન

# પ્રકરણ-૫
# માહિતીનું વર્ગીકરણ ભાગ-૨
# (શૈક્ષણિક, સાંસ્કૃતિક અને રાજકીય)

## ૫.૧ પ્રસ્તાવના

કોઈપણ સમાજ કે સમુદાયની રચના વિશેની જાણકારી માટે સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, રાજકીય વગેરે બાબતો તપાસવી જરૂરી બને છે. સમાજનાં વિકાસનો આધાર સામાજિક અને આર્થિક પરિસ્થિતિ પર રહેલો છે. સમાજના વિકાસમાં શૈક્ષણિક ક્ષેત્રનો ફાળો પણ અમૂલ્ય રહ્યો છે. સમાજનાં આ જુદા જુદા પાસાંઓ પરસ્પર સંકળાયેલા છે. જેના આધારે સમૂહ કે સમુદાયનું માળખું ટકી રહે છે. ડાંગ પ્રદેશમાં વસવાટ કરતી કુનબી (કુંકણા), વારલી, ભીલ અને ગ્રામીત જનજાતિઓમાં વર્તમાન સમયમાં જુદા જુદા ક્ષેત્રે આવેલાં પરિવર્તનનાં સંદર્ભમાં સામાજિક, આર્થિક પાસાંઓની અગાઉનાં પ્રકરણમાં જાણકારી મેળવ્યા બાદ, આ પ્રકરણના બીજા વિભાગમાં ડાંગ પ્રદેશમાં વસવાટ કરતી જુદી જુદી જનજાતિઓમાં શૈક્ષણિક, સાંસ્કૃતિક અને રાજકીય ક્ષેત્રે કેવું પરિવર્તન શકય બન્યું છે. તે અંગેની માહિતી મેળવીને તેનું વર્ગીકરણ કરીને વિસ્તૃત સમજૂતી આપેલ છે.

પ્રસ્તુત પ્રકરણમાં ડાંગ જિલ્લામાં રહેતી જનજાતિઓમાં શિક્ષણનાં સંદર્ભે માહિતી મેળવવામાં આવી છે. શિક્ષણ એ કોઈપણ સમૂહ કે સમુદાયના વિકાસ અને પ્રગતિમાં મહત્વની ભૂમિકા ભજવે છે. તેથી અહીં શિક્ષણનાં સંદર્ભે ઉત્તરદાતાઓ પાસેથી માહિતી મેળવીને તેનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે.

ઉત્તરદાતાઓનાં સાંસ્કૃતિક પાસાંઓ વિશેની જાણકારી પણ અહીં મેળવેલ છે. ડાંગના આદિવાસીઓની સંસ્કૃતિનાં મૂળભૂત તત્વો કયા છે. તેમાં શું પરિવર્તન આવ્યું છે. તે અંગેની માહિતી મેળવીને તેનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે.

બીજી બાજુ ડાંગના આદિવાસીઓની રાજકીય ક્ષેત્રની ભૂમિકા તેમના સ્થાનિક જાતિપંચ કે ગામપંચનું પરંપરાગત સ્વરૂપ, વર્તમાન સમયમાં આ જાતિપંચની સાથે રાજકીય ક્ષેત્રની પરંપરાગત જાતિપંચ અને વર્તમાન સમયની રાજકીય પરિસ્થિતિમાં તફાવત જોવા મળે છે. તેમજ વર્તમાન રાજકીય પરિસ્થિતિનો પરંપરાગત જાતિપંચ કે ગામપંચને કેવો રંગ

લાગ્યો છે. તે અંગેની માહિતી મેળવીને, તે અંગેનું વર્ગીકરણ આ પ્રકરણમાં કરવામાં આવ્યું છે.

ટૂંકમાં, આ પ્રકરણનાં બીજા વિભાગમાં શૈક્ષણિક, સાંસ્કૃતિક અને રાજકીય પાસાંઓ વિશેની માહિતી એકત્ર કરીને વિસ્તૃત માહિતી મેળવીને, તેનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે.

## ૫.૨ શૈક્ષણિક માહિતીનું વર્ગીકરણ

ડાંગ જિલ્લામાં વસવાટ કરતી મુખ્યત્વે કુનબી, વારલી, ભીલ અને ગામિત જનજાતિઓમાં શિક્ષણનું પ્રમાણ અને પરિસ્થિતિ વિશેની માહિતીનું વર્ગીકરણ આ વિભાગમાં કરવામાં આવ્યું છે. આ વિભાગમાં ઉત્તરદાતાઓ પાસેથી શિક્ષણને લગતી માહિતી મેળવેલ છે. શૈક્ષણિક પાસાંઓમાં મુખ્યત્વે અભ્યાસ હેઠળનાં કુલ ૩૦ ગામડાંઓમાં શિક્ષણની સુવિધા, બાળકોને ભણાવવાની વાલીઓની ઈચ્છા, બાળકોને ભણાવવાની મુશ્કેલીઓ કે શિક્ષિત બાળકોને શું બનાવવા ઈચ્છો છો. વૃક્ષો કાપવાના લાભથી શિક્ષણ ખર્ચમાં રાહત, આ લાભથી બાળકોને ઉચ્ચ શિક્ષણ આપી શકશો, અભ્યાસ પૂર્ણ કરેલા બાળકોને નોકરી મળી છે વગેરે પ્રશ્નોનું વિસ્તૃત વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

પ્રસ્તુત અભ્યાસ હેઠળનાં ગામડાંઓનાં આધારે આ અભ્યાસને સમગ્ર ડાંગ પ્રદેશને લાગુ પાડતાં શૈક્ષણિક ક્ષેત્રની સ્થિતિ અને તેમાં કેવું પરિવર્તન આવ્યું છે. તે અંગેની જાણકારી મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

**કોષ્ટક નં.૫.૧**

**ગામમાં શિક્ષણની સુવિધા કયાં સુધીની છે તે અંગેનું વર્ગીકરણ**

| ક્રમ | ગામમાં શિક્ષણની સુવિધા | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | બાલગાડી (આંગણવાડી) | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | પ્રાથમિક | ૩૦૦ | ૧૦૦ |
| ૩. | માધ્યમિક | ૬૦ | ૨૦ |

ઉપરોક્ત કોષ્ટક ૫.૧માં ગામમાં શિક્ષણની સુવિધા કયાં સુધીની છે, તે અંગેનું વર્ગીકરણ કરતાં જણાયું છે કે, અભ્યાસ હેઠળ લીધેલા કુલ ૩૦ ગામડાંના ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી બધા જ, એટલે કે, ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓએ પોતાનાં ગામમાં

બાલવાડી (આંગણવાડી) અને પ્રાથમિક શાળા સુધીની શિક્ષણની સુવિધા ઉપલબ્ધ હોવાનું જાણાવ્યું છે. જ્યારે કુલ ૩૦ ગામડાંઓમાંથી ૬ ગામડાંના કુલ ૬૦ (૨૦ ટકા) ઉત્તરદાતાઓએ પોતાના ગામમાં માધ્યમિક શાળા સુધીની શિક્ષણની સુવિધા ઉપલબ્ધ હોવાનું જાણાવ્યું છે.

સામાન્ય રીતે ડાંગના બધાજ ગામડાંઓમાં બાલવાડી (આંગણવાડી) અને પ્રાથમિક શાળા સુધીનું શિક્ષણ આપતી સંસ્થાઓ સરકાર દ્વારા ઉભી કરેલ છે, તે અભ્યાસ દ્વારા માલુમ પડ્યું છે. જ્યારે અભ્યાસ હેઠળ લીધેલ કુલ ૩૦ ગામડાંઓમાંથી માત્ર ૬ ગામડાંઓમાં જ માધ્યમિક સુધીની શિક્ષણની વ્યવસ્થા હોવાનું માલુમ પડ્યું છે. ધીમે ધીમે ડાંગ જિલ્લાના મોટા ગામડાંઓમાં માધ્યમિક સુધીનું શિક્ષણની સુવિધાઓ ઉપલબ્ધ બનાવવા તરફ સરકારના પ્રયાસો થઈ રહ્યા છે. અભ્યાસ દ્વારા એવું પણ જાણવા મળ્યું કે, કુલ ૬ ગામડાંઓની માધ્યમિક શિક્ષણ આપતી શાળાઓમાંથી ટ્રસ્ટ સંચાલિત માત્ર એક 'સુબીર' ગામની માધ્યમિક શાળા હોવાનું જાણાયું છે. જયારે બીજી પાંચ માધ્યમિક શાળાઓમાં લીંગા, લવચાલી, સામગહાન, સાકરપાતળ અને કાલીબેલ ગામની શાળાઓ સરકારી માધ્યમિક શાળાઓ હોવાનું માલુમ પડ્યું છે. એકમાત્ર ટ્રસ્ટ સંચાલિત માધ્યમિક શાળા પણ ખ્રિસ્તી મિશનરી સંચાલીત શાળા છે. એનો અર્થ એ થયો કે, ડાંગમાં ટ્રસ્ટ દ્વારા સંચાલન કરતી શાળાઓનું પ્રમાણ નહિવત્ છે. ટૂંકમાં, ડાંગમાં શિક્ષણની સુવિધાઓ ઊભી કરવાની બાબતમાં નોંધપાત્ર પરિવર્તન આવી રહ્યું હોવાનું જાણાયું છે.

## કોષ્ટક નં.૫.૨

## બાળકોને ભણાવવા અંગેનું વર્ગીકરણ

| ક્રમ | બાળકોને ભણાવવાની ઈચ્છા | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | પ્રાથમિક શિક્ષણ | ૦૦ | ૦૦ |
| ૨. | માધ્યમિક શિક્ષણ | ૩૯ | ૧૩ |
| ૩. | ઉચ્ચ શિક્ષણ | ૧૬૯ | ૫૬.૩૩ |
| ૪. | બાળકોની ઈચ્છા હોય ત્યાં સુધી | ૯૨ | ૩૦.૬૭ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક ૫.૨માં ઉત્તરદાતાઓ તેમના બાળકોને કયાં સુધી ભણાવવા ઈચ્છે

છે, તે અંગેનું વર્ગીકરણ કરતાં જાણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી તેમના બાળકો માત્ર પ્રાથમિક સુધીનું શિક્ષણ મેળવે-એવું કોઈ ઉત્તરદાતાએ જાણાવ્યું નથી. પોતાના સંતાનો માધ્યમિક સુધીનું શિક્ષણ મેળવે તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૩૯ (૧૩ ટકા) હોવાનું જાણાયું છે. પોતાના સંતાનો ઉચ્ચ શિક્ષણ મેળવે તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૧૬૯ (૫૬.૩૩ ટકા) જેટલું છે. જ્યારે બાળકોની ઈચ્છા હોય ત્યાં સુધી શિક્ષણ મેળવી શકે છે, તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૯૨ (૩૦.૬૭ ટકા) હોવાનું નોંધાયું છે.

આજથી ૫૦-૬૦ વર્ષ પહેલાં ડાંગમાં નિરક્ષરતાનું પ્રમાણ સારું એવું ઊંચુ રહ્યું હતું. પરંતુ છેલ્લા ૨૫-૩૦ વર્ષોથી ડાંગમાં શિક્ષણનું પ્રમાણ સારું એવું ઊંચુ રહ્યું છે. છેલ્લા ૧૫-૨૦ વર્ષોથી ડાંગમાં વાલીઓ તેમના સંતાનોને ભણાવવાની બાબતમાં સારી એવી જાગૃતિ કેળવાઈ હોય એવું જોવા મળે છે. કારણ કે, આ અભ્યાસ પરથી જાણાયું છે કે, એક સમયે ડાંગમાં કોઈપણ માણસ માધ્યમિક સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરે તે પણ સારી બાબત ગણાતી. તેના બદલે વર્તમાન સમયમાં તેમના સંતાનો ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરે તેના પર વધુ ભાર મુકે છે. જે અભ્યાસના આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે. પ્રવર્તમાન સમયમાં ડાંગના વાલીઓ તેમના સંતાનો ખુબ સારું શિક્ષણ મેળવે તેના પર વધારે ભાર મૂકે છે. જે શિક્ષણની બાબતમાં ડાંગમાં આવેલું પરિવર્તન દર્શાવે છે.

**કોષ્ટક નં. ૫.૩**

**બાળકોને આગળ ભણાવવાની મુશ્કેલી અંગેનું વર્ગીકરણ**

| ક્રમ | આગળ ભણવાની મુશ્કેલી | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | ના | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક ૫.૩માં બાળકોને આગળ ભણાવવાની મુશ્કેલી અનુભવો છો? તે અંગેનું વર્ગીકરણ કરતાં જાણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી બધા જ એટલે કે, ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓએ તેમના સંતાનોને આગળ ભણાવવાની બાબતમાં મુશ્કેલી અનુભવતા હોવાનું જાણાવ્યું છે. એકપણ ઉત્તરદાતાઓ બાળકોને આગળ ભણાવવાની બાબતમાં મુશ્કેલી પડતી નથી, એવું જાણાવેલ નથી. એનો અર્થ એ થયો કે, બધા જ

ઉત્તરદાતાઓ બાળકોને આગળ ભણાવવાની એક સમાન મુશ્કેલી અનુભવી રહ્યા હોવાનું જણાયું છે.

ડાંગમાં સામાન્ય રીતે બધા જ ગામડાંઓમાં પ્રાથમિક શિક્ષણની સુવિધા ઉપલબ્ધ હોવાથી બધા જ ભણવાની ઉંમરના બાળકોને પ્રાથમિક સુધીનું શિક્ષણ તો પોતાનાં ગામમાં જ મળી રહે છે. પરંતુ પ્રાથમિક શિક્ષણ પછીનું માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ મેળવવાની બાબતમાં ડાંગના લોકો મુશ્કેલી અનુભવતા હોવાનું જણાયું છે.

**કોષ્ટક નં. ૫.૪**

**કેવા પ્રકારની ભણાવવાની મુશ્કેલી અંગેનું વર્ગીકરણ**

| ક્રમ | કેવા પ્રકારની મુશ્કેલી | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | શાળા દુર હોવાથી | ૧૪૯ | ૪૯.૯૭ |
| ૨. | વધુ ખર્ચ થવાથી | ૧૫૧ | ૫૦.૩૩ |
| ૩. | અન્ય | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરના કોષ્ટકમાં બાળકોને આગળ ભણાવવાની કયા પ્રકારની મુશ્કેલી પડે છે, તે અંગેનું વર્ગીકરણ કરતાં જણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૧૪૯ (૪૯.૬૭ ટકા) ઉત્તરદાતાઓએ પોતાના ગામથી માધ્યમિક શાળા અને ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ દૂર હોવાથી આવવા જવાની મુશ્કેલી પડતી હોવાનું જણાવ્યું છે. જ્યારે ૧૫૧ (૫૦.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ માધ્યમિક તેમજ ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે વધુ ખર્ચ થતો હોવાથી વાલીઓને સંતાનોને આગળનું શિક્ષણ અપાવવાની મુશ્કેલી પડતી હોવાનું જણાવ્યું છે. અન્ય ખાસ કોઈ મુશ્કેલી પડતી હોય એવું ઉત્તરદાતાઓએ જણાવ્યું નથી.

આ અભ્યાસ પરથી જાણવા મળ્યું છે કે, ડાંગનાં પ્રત્યેક ગામડાંમાં પ્રાથમિક સુધીની શિક્ષણની વ્યવસ્થા છે. પરંતુ મારા અભ્યાસ હેઠળનાં ૩૦ ગામડાંઓમાંથી માત્ર ૬ ગામડાંઓમાં જ માધ્યમિક સુધીની શિક્ષણની સુવિધા ઉપલબ્ધ છે. તે પણ જે તે ગામથી દૂર હોય છે. ઉપરાંત સમગ્ર ડાંગમાં ઉચ્ચ શિક્ષણની એક જ સંસ્થા આહવા ખાતે આવેલી છે. મોટાભાગના ડાંગના વિદ્યાર્થીઓ માધ્યમિક તેમજ ઉચ્ચ શિક્ષણ માટે બીજા જિલ્લાઓની

શિક્ષણની સંસ્થાઓમાં અભ્યાસ અર્થે જાય છે. એનો અર્થ એ થયો કે, ડાંગના વિદ્યાર્થીઓને અભ્યાસ માટે દૂરના સ્થળોએ જવું પડે છે. જે ખરેખર ડાંગના લોકોની મોટી મુશ્કેલી હોવાનું જણાયું છે. એટલું જ નહીં પરંતુ એન્જિનીયરીંગ, મેડિકલ, ખેતીવાડી વગેરેને લગતી ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓ તો દૂરના મોટા શહેરોમાં જ આવેલી છે. જે ડાંગના આગળ ભણવા માંગતા વિદ્યાર્થીઓ માટે મોટી મુશ્કેલી સર્જે છે.

ઉપરાંત ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓ દૂરનાં શહેરોમાં આવેલી હોવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓને આવવા-જવા, વિદ્યાર્થીઓ માટે રહેવા-જમવા, વિદ્યાર્થીઓનો શહેર આધારિત ખર્ચ વગેરેને કારણે સામાન્ય રીતે ખર્ચનું પ્રમાણ ખૂબ વધી જતું હોવાનું જણાયું છે. આમ, ડાંગના લોકોને તેમના સંતાનોને ભણાવવાની બાબતમાં ઘણી ખરી સમસ્યાઓ નડતી હોય તેવું અભ્યાસ પરથી જાણવા મળેલ છે.

**કોષ્ટક નં. ૫.૫**

**સંતાનોને શું બનાવવા ઈચ્છો છો તે અંગેનું વર્ગીકરણ**

| ક્રમ | સંતાનોને શું બનાવવા | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | શિક્ષક | ૧૦૦ | ૩૩.૩૩ |
| ૨. | પોલીસ | ૬૩ | ૨૧ |
| ૩. | એન્જિનિયર | ૫૭ | ૧૯ |
| ૪. | ડોકટર | ૩૮ | ૧૨.૬૭ |
| ૫. | અન્ય | ૪૨ | ૧૪ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક ૫.૫માં ઉત્તરદાતાઓ તેમનાં સંતાનોને ભણાવીને શું બનાવવા ઈચ્છે છે, તે અંગેનું વર્ગીકરણ કરતાં જણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૧૦૦ (૩૩.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ તેમના પોતાના સંતાનોને શિક્ષક બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. ૬૩ (૨૧ ટકા) ઉત્તરદાતાઓએ તેમના પોતાનાં સંતાનોને પોલીસ બનાવવાનું કહ્યું હતું. ૫૭ (૧૯ ટકા) ઉત્તરદાતાઓએ પોતાનાં સંતાનોને એન્જિનિયર બનાવવાનું કહ્યું હતું. ૩૮ (૧૨.૬૭ ટકા) ઉત્તરદાતાઓએ પોતાનાં સંતાનો ડોકટર બને એવી અપેક્ષા સેવતા હતા.

જ્યારે ૪૨ (૧૪ ટકા) ઉત્તરદાતાઓએ પોતાનાં સંતાનોને કોઈ પણ સરકારી નોકરી મળે તેવી અપેક્ષા રાખતા હતા.

ડાંગમાં કોઈપણ પ્રકારના મોટા પાયા પરના વેપાર કે ઉદ્યોગ ધંધાઓ નથી. તેથી વ્યવસાયિક તકો ખૂબ જ મર્યાદિત અથવા નહિવત્ છે. ડાંગના લોકો પોતાના સંતાનોને ભણાવે છે ત્યારે તેઓ કોઈને કોઈ સરકારી નોકરી મળે તેવી વધુ અપેક્ષા રાખતા હોય છે. મોટાભાગના ડાંગના લોકો પોતાના શિક્ષિત બાળકો શિક્ષક બને તેવી અપેક્ષા વધુ રાખે છે. પોલીસ તરીકેની નોકરી મળે તેને પણ ડાંગના લોકો વધુ આવકાર્ય ગણે છે. કારણ કે, ડાંગનાં યુવકો શારીરિક રીતે ખડતલ શરીરવાળા હોવાથી પોલીસ વિભાગમાં સારી રીતે નોકરી કરી શકે છે. પરંતુ ડાંગના શિક્ષિત, નોકરિયાત અને આર્થિક સ્થિતિ સારી હોય તેવા લોકો પોતાનાં સંતાનોને એન્જિનિયર કે ડોકટર બનાવવાની અપેક્ષા રાખે છે. જે ડાંગના લોકોમાં શિક્ષણની બાબતમાં માનસિક પરિવર્તનનો નિર્દેશ કરે છે. ઉપરાંત તેઓ એવું પણ માને છે કે, ખાનગી નોકરી કરતાં પોતાના સંતાનોને સરકારી નોકરી મળે તે બાબતને વધુ ઈચ્છનીય ગણતા હોવાનું અભ્યાસ દ્વારા જણાયું છે. આ બાબત પણ ડાંગના લોકોમાં નોકરીની બાબતમાં પરિવર્તન સૂચવે છે.

**કોષ્ટક નં. ૫.૬**

**વૃક્ષો કાપવાના લાભ થકી શિક્ષણ ખર્ચમાં આર્થિક રાહત અંગેનું વર્ગીકરણ**

| ક્રમ | શિક્ષણ ખર્ચમાં આર્થિક રાહત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | ના | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક દ્વારા માલિકીનાં વૃક્ષો કાપવાના લાભ થકી બાળકોનાં શિક્ષણ ખર્ચમાં આર્થિક રાહત અંગેનું વર્ગીકરણ કરતાં જણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી બધા જ એટલે કે, ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓએ માલિકીનાં વૃક્ષો કાપવાના લાભ થકી તેમનાં સંતાનોના શિક્ષણ ખર્ચમાં આર્થિક રાહત મળી હોવાનું જણાયું છે. વૃક્ષો કાપવાના લાભ થકી સંતાનોનાં શિક્ષણ ખર્ચમાં કોઈ આર્થિક રાહત મળી નથી, એવું એક પણ ઉત્તરદાતાએ કહ્યું નથી.

ડાંગના લોકોની જમીનમાં રહેલા મોટાં વૃક્ષો કાપવા માટે સરકાર અને જંગલખાતા (વનવિભાગ) તરફથી પરવાનગી મળવા લાગી છે. આ વૃક્ષો કાપીને તેનાં લાકડાં જાહેર હરાજીમાં વનવિભાગ તરફથી વેંચવામાં આવે છે. જેની ડાંગના જમીન માલિકને સારી એવી ઉપજ મળે છે. ઉપરાંત સરકારી પરિપત્ર દ્વારા એવો પણ ઠરાવ કરેલ છે કે, જે જમીન માલિકોનાં સંતાનો ખાનગી એન્જિનિયરીંગ, મેડિકલ, બી.એડ્. વગેરે જેવી ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં અભ્યાસ કરતા હોય, તેવા સંતાનોના વાલીઓને ખાનગી શિક્ષણ સંસ્થાનાં ખર્ચને પહોંચી વળવા માટે આવાં સંતાનોના વાલીઓ તેમની જમીનમાંનાં વૃક્ષો કાપવા માટે વનવિભાગ તરફથી તાત્કલિક 'સ્પેશ્યલ કેશ'માં મજૂરી આપવાની હોય છે. જો કે આ નિયમથી મોટાભાગના ડાંગના આદિવાસીઓ અજાણ હોવાનું અભ્યાસ દ્વારા જાણવા મળ્યું છે. વનવિભાગ પણ આ નિયમથી ત્યાંના લોકોને અજાણ રાખવાનો સભાનતાપૂર્વક પ્રયાસ કરતું હોય તેવું અભ્યાસ પરથી જાણાયું છે. જો કે, નિયમ અનુસાર માલિકીનાં વૃક્ષો કાપવાથી જે આર્થિક લાભ ડાંગના લોકોને થયો છે. તેથી તેઓ પોતાના સંતાનોને શિક્ષણ આપવા સક્ષમ બન્યા છે. જે અભ્યાસ પરથી સ્પષ્ટ થાય છે. ટૂંકમાં શિક્ષણનાં ક્ષેત્રે પરિવર્તન લાવવા માટે આ લાભ ખૂબ જ મહત્વનો બન્યો હોવાનું અભ્યાસ પરથી સ્પષ્ટ થાય છે.

**કોષ્ટક નં. ૫.૭**

**વૃક્ષો કાપવાના લાભથી બાળકોને ઉચ્ચ શિક્ષણ આપવા અંગેનું વર્ગીકરણ**

| ક્રમ | ઉચ્ચ શિક્ષણ આપી શકશે | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | ના | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

કોષ્ટક નં. ૫.૭માં માલિકીનાં વૃક્ષો કાપવાના લાભ થકી ઉત્તરદાતાઓ તેમનાં સંતાનોને ઉચ્ચ શિક્ષણ આપી શકશે કે કેમ, તે અંગેનું વર્ગીકરણ કરતાં જણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી બધા જ એટલે કે, ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓએ માલિકીનાં વૃક્ષો કાપવાના આર્થિક લાભ થકી તેમના સંતાનોને તેઓ ઉચ્ચ શિક્ષણ આપી શકશે એવું જણાવ્યું છે. જ્યારે વૃક્ષો કાપવાના આર્થિક લાભથી ઉત્તરદાતાઓ તેમનાં સંતાનોને ઉચ્ચ શિક્ષણ કે શિક્ષણ ન આપી શકે તેવો જવાબ એકપણ ઉત્તરદાતાએ આપેલ નથી.

ડાંગ વનવિભાગ તરફથી ખેડૂતોને તેમની જમીનમાંના માલિકીનાં વૃક્ષો કાપવાનો અધિકાર આપેલ છે. આ અધિકાર થકી ડાંગમાં જમીન માલિકીનાં વૃક્ષો કાપીને, જાહેર હરાજી દ્વારા મળતી રકમમાંથી ઘણા ડાંગના લોકોની તેમનાં સંતાનોને ઉચ્ચ-શિક્ષણ આપી શકવા માટે પણ સક્ષમ થયા છે. કારણ કે, ઉચ્ચ શિક્ષણ પાછળ થતાં ખર્ચને પહોંચી વળવા માટે આ લાભ થકી મળતી રકમ ડાંગમાં બાળકોને ઉચ્ચ શિક્ષણ આપતા વાલીઓ માટે મોટી રાહત માનવામાં આવે છે. કારણ કે, જે તે સમયે સંતાનોની ભરવી પડતી શૈક્ષણિક ફી માટે ચોકકસપણે રાહત મળી છે. ઉપરાંત આ આર્થિક લાભ થકી ડાંગના લોકો તેમનાં સંતાનોને ઉચ્ચ શિક્ષણ આપવા માટે પ્રેરાયા છે. જે ડાંગમાં શૈક્ષણિક ક્ષેત્રે આવેલું પરિવર્તનનો નિર્દેશ કરે છે.

## કોષ્ટક નં. ૫.૮

## શિક્ષિત બાળકોને નોકરી અંગેનું વર્ગીકરણ

| ક્રમ | શિક્ષિત બાળકોને નોકરી | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૮૨ | ૨૭.૩૩ |
| ૨. | ના | ૨૧૮ | ૭૨.૬૭ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક દ્વારા ઉત્તરદાતાઓના શિક્ષિત બાળકોને નોકરી મળી છે કે કેમ, તે અંગેનું વર્ગીકરણ કરતાં જણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૮૨ (૨૭.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ તેમના શિક્ષિત બાળકોને કોઈને કોઈ સરકારી ખાતામાં નોકરી મળી હોવાનું જણાવ્યું છે. જ્યારે ૨૧૮ (૭૨.૬૭ ટકા) ઉત્તરદાતાઓએ તેમના શિક્ષિત બાળકોને કોઈ નોકરી મળી નથી, તેવું જણાવ્યું છે.

ડાંગમાં સરકારી નોકરી સિવાયની વ્યવસાયિક તકો નહિવત છે. તેથી ડાંગમાં જે બાળકોએ માધ્યમિક કે ઉચ્ચ શિક્ષણ મેળવ્યું હોય તેમણે સ્થાનિક કક્ષાએ તો સરકારી નોકરી પર જ આધાર રાખવો પડે છે. ઉપરાંત બહાર કોઈ ખાનગી નોકરીઓ માટે ઓળખાણ, લાગવગ, સગાવાદ, જ્ઞાતિવાદ વગેરે પરિબળોને કારણે ખાનગી ક્ષેત્રે નોકરી મેળવવી તેમના માટે મુશ્કેલ બને છે. તેથી શિક્ષિત બાળકોમાં ડાંગમાં નોકરિયાતનું પ્રમાણ ઓછું જોવા મળે છે. જો કે જેમ-જેમ ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ ડાંગનાં બાળકોમાં વધતું જાય છે, તેમ-તેમ

નવી-નવી નોકરીઓ મેળવતા થયા છે. તે બાબત ડાંગમાં નોકરીનાં ક્ષેત્રે આવેલ પરિવર્તન બતાવે છે.

## કોષ્ટક નં.૫.૯

## બાળકોને ક્યા ખાતામાં નોકરી મળી છે તે અંગેનું વર્ગીકરણ

| ક્રમ | બાળકોને કયા ખાતામાં નોકરી મળી | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | શિક્ષણ ખાતું | ૩૯ | ૧૩ |
| ૨. | પંચાયત ખાતું | ૭ | ૨.૩૩ |
| ૩. | જંગલ ખાતું | ૧૦ | ૩.૩૩ |
| ૪. | પોલીસ ખાતું | ૧૮ | ૬ |
| ૫. | આરોગ્ય ખાતું | ૫ | ૧.૬૭ |
| ૬. | અન્ય | ૩ | ૧ |
| | **કુલ** | **૮૨** | **૨૭.૩૩** |

ઉપરનાં કોષ્ટક ૫.૯માં ઉત્તરદાતાઓના શિક્ષિત બાળકોને કયા ખાતામાં નોકરી મળી છે, તે અંગેનું વર્ગીકરણ કરતાં જણાવ્યું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૮૨ (૨૭.૩૩ ટકા) ઉત્તરદાતાઓનાં સંતાનોને કોઈને કોઈ સરકારી ખાતામાં નોકરી મળી હોવાનું જણાયું છે. સૌથી વધારે ઉત્તરદાતાઓએ તેમનાં સંતાનોને શિક્ષણખાતામાં નોકરી મળી હોવાનું જણાવ્યું છે. જેનું પ્રમાણ ૩૯ (૧૩ ટકા) જેટલું છે. ત્યાર પછી વનવિભાગ અને પોલીસખાતામાં સંતાનોને નોકરી મળી હોવાનું જણાવ્યું છે. જેનું પ્રમાણ અનુક્રમે ૧૦ (૩.૩૩ ટકા) અને ૧૮ (૬ ટકા) હોવાનું જણાયું છે. જ્યારે પંચાયત ખાતું, આરોગ્ય ખાતું તેમજ અન્ય ખાતાઓમાં અનુક્રમે ૭ (૨.૩૩ ટકા, ૫ (૧.૬૭ ટકા) અને ૦૩ (૧ ટકા) જેટલું નોકરીમાં સ્થાન મળ્યું હોવાનું ઉત્તરદાતાઓએ જણાવ્યું હતું.

અભ્યાસ હેઠળનાં ઉત્તરદાતાઓના સંતાનો કે, જેમણે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યું છે, તેમને જે સરકારી નોકરી મળી છે. તેમાં સૌથી વધુ પ્રમાણ શિક્ષણ ખાતું, પોલીસ ખાતું, જંગલ ખાતું વગેરેમાં જણાયું છે. ડાંગના લોકો સરેરાશ શિક્ષિત બાળકોને શિક્ષક, પોલીસ કે ફોરેસ્ટર બને એવી અપેક્ષા રાખે છે. જે તેમના અભ્યાસ પરથી ફલિત થાય છે. પંચાયત

અને આરોગ્ય ખાતામાં નોકરી કરતા હોય તેનું પ્રમાણ પણ સારું એવું ઊંચુ રહ્યું છે. જેમ-જેમ ડાંગમાં ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ વધતું જાય છે. તેમ-તેમ નોકરિયાતોનું પ્રમાણ પણ વધતું જાય છે. સામાન્ય ખેતીના વ્યવસાયમાંથી નોકરી કરવા તરફનું વધુને વધુ વિકસતું જાય છે. જે ડાંગમાં વ્યવસાય ક્ષેત્રે આવેલું પરિવર્તન સૂચવે છે. આમ, ડાંગમાં ધીમે-ધીમે નોકરિયાતોનું પ્રમાણ વધતું જાય છે. જે અભ્યાસ દ્વારા સ્પષ્ટ થાય છે.

## ૫.૩ સાંસ્કૃતિક માહિતીનું વર્ગીકરણ

આ પ્રકરણના બીજા વિભાગમાં ડાંગ જિલ્લાનાં અભ્યાસ હેઠળ પસંદ કરેલા ઉત્તરદાતાઓનાં સાંસ્કૃતિક પાસાંઓનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. સાંસ્કૃતિક પાસાંઓમાં મુખ્યત્વે ડાંગના લોકોનું ભૌતિક જીવન, મૃત્યુ અને ધાર્મિક જીવનનાં સંદર્ભમાં વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

સાંસ્કૃતિક જીવનમાં ભૌતિક તત્વો જેવાં કે, ઉત્તરદાતાઓની ઘરની પરિસ્થિતિ, ઘરનો પ્રકાર, ઘરના ઓરડાની સંખ્યા, દિવાલનો પ્રકાર, છાપરાંનો પ્રકાર, વિજળીની સગવડ, પાણીની વ્યવસ્થા, બળતણ, બાથરૂમ અને શૌચાલય, વાસણો, વાહનો, ફર્નિચર, ઈલેકટ્રીકના સાધનો, પરંપરાગત સાધનો વગેરે પ્રશ્નોનું વિશ્લેષણ કર્યું છે. ઉપરાંત સંસ્કૃતિનાં ભાગરૂપ મૃત્યુંનાં સંદર્ભમાં મૃત્યું બાદની વિધિ, મૃત્યું બાદની ઉતરક્રિયા, મૃત્યું બાદની વિધિમાં સમાજની મદદ, મૃત્યું બાદની વિધિ કોની પાસે કરાવે છે, વગેરે પ્રશ્નોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. તેમજ સંસ્કૃતિનું એક મહત્વનું પાસું તરીકે ધાર્મિક વિધિ, ધાર્મિક વિધિમાં વાજિંત્રોનો ઉપયોગ, ભગત-ભૂવા પાસે દોરા-ધાગા, કુળદેવી-દેવતા, ધાર્મિક વિધિ વખતે દારૂનો ઉપયોગ વગેરે જેવા પ્રશ્નોનું વિશ્લેષણ કર્યું છે.

**કોષ્ટક નં.૫.૧૦**

**ઉત્તરદાતાનાં ઘરની માલિકી અંગેનું વર્ગીકરણ**

| ક્રમ | પોતાની માલિકીનું ઘર | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | ના | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક ૫.૧૦માં દર્શાવેલ વર્ગીકરણમાં ઉત્તરદાતાના પોતાની માલિકીનું ઘર

છે કે કેમ? તે જાણવાનો પ્રયાસ કર્યો છે.

ડાંગની આદિવાસી જાતિઓ વિશેના આ અભ્યાસમાં સંશોધક તરીકે કુલ ૩૦૦ ઉત્તરદાતાઓનો અભ્યાસ ઘર માલિકી વિશેની જાણકારી મેળવવાનો પ્રયાસ કર્યો. તેમાંથી પોતાની માલિકીનું ઘર ધરાવતા બધા જ એટલે કે ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓ છે. એકપણ ઉત્તરદાતા એવો નથી કે, જેમનું પોતાનું ઘર ન હોય. એટલે કે, એકપણ ઉત્તરદાતા ભાડાનાં ઘરમાં કે અન્ય ભાઈઓ કે માતા-પિતાનાં ઘરમાં રહેતા હોય એવું માલુમ પડ્યું નથી. ઉત્તરદાતાઓના અભ્યાસ પરથી એવું જાણવા મળ્યું કે, ડાંગમાં ઘર બનાવવા માટેની સાધન-સામગ્રી એટલે કે, લાકડાં, વાંસ કે અન્ય વસ્તુઓ જંગલમાંથી સહેલાયથી મળી રહે છે. ઉપરાંત ઘર બનાવવા માટે મજૂરો પણ સહેલાયથી મળી રહે છે. સાથો-સાથ તેમના અભ્યાસમાંથી એવું જાણવા મળ્યું કે, ''ઘર તો પોતાનાં સ્વતંત્ર્ય માલિકીનું હોવું જ જોઈએ.''- એવી સામાન્ય માન્યતા છે. તેમજ ઘર બનાવવા માટે સગાસંબંધીઓ, પડોશી અને ગ્રામજનોને સહકાર મળી રહે છે. આ કારણે પણ ઘર બનાવવાની અનુકૂળતા રહે છે.

## કોષ્ટક નં.૫.૧૧

## ઘર પોતાની માલિકીની જમીનમાં હોવા અંગેનું વર્ગીકરણ

| ક્રમ | ઘર પોતાની માલિકીની જમીનમાં | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | ના | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપર દર્શાવેલ વર્ગીકરણમાં ઉત્તરદાતાનું ઘર પોતાની માલિકીની જમીન (જગ્યા)માં છે કે કેમ તે જાણકારી મેળવતાં કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી બધાજ એટલે કે, ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓએ પોતાનું ઘર પોતાની માલિકીની જમીનમાં જ બનાવ્યાં હતાં. જ્યારે એક પણ ઉત્તરદાતા એવો નથી કે જેમણે અન્ય કોઈની ભાડે જમીનમાં ઘર બનાવ્યું હોય એવું જણાયું નથી.

એનો અર્થ એ થયો કે, ડાંગના લોકો પોતાનું ઘર બનાવવાની સાથોસાથ પોતાની માલિકીની જગ્યા કે જમીનમાં જ ઘર બનાવવાની અપેક્ષા રાખે છે.

એની પાછળનું મુખ્ય કારણ એ છે કે, ડાંગ જિલ્લાનાં ગામડાંઓની ભૌતિક રચના એવી છે કે, દરેક ગામને ગામથળની જગ્યા ફાળવેલી હોય છે. એટલું જ નહીં પરંતુ ગામના દરેક વ્યક્તિ કે જે જૂના સમયથી એક જ ગામમાં રહેતા હોવાથી ઘર પ્લોટની સાથે વાડા પ્લોટ પણ હોય છે. વર્તમાન સમયમાં દરેક કુટુંબોની અંદર વસતિ વધારાનો પ્રશ્ન ઉભો થતાં ઘર પ્લોટની પાછળ રહેલા વાડા પ્લોટમાં તેમની નવી પેઢીના સંતાનોને ઘર બનાવવા માટે જગ્યા મળી જાય છે. તેથી જ બધા ઉત્તરદાતાઓના ઘરો પોતાની માલિકીની જમીનમાં જ બનાવેલા જાણવા મળેલ છે.

## કોષ્ટક નં.૫.૧૨

## ઉત્તરદાતાએ ઘર કયારે બનાવ્યું તે અંગેનું વર્ગીકરણ

| ક્રમ | ઘર કયાંરે બનાવ્યું | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | લાભ મળ્યો તે પહેલાં | ૫૦ | ૧૬.૬૭ |
| ૨. | લાભ મળ્યો તે પછી | ૨૫૦ | ૮૩.૩૩ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત વર્ગીકરણમાં ઉત્તરદાતાએ ઘરે કયારે બનાવ્યું તે અંગેનું વર્ગીકરણ કરેલ છે. આ વર્ગીકરણમાં કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૫૦ (૧૬.૬૭ ટકા) ઉત્તરદાતાઓએ પોતાનું ઘરે જમીન માલિકીનાં વૃક્ષો કાપવાનો લાભ મળ્યો તે પહેલાં બનાવેલ છે. અર્થાત્ આ ૧૬.૬૭ ટકા ઉત્તરદાતાઓની આર્થિક સ્થિતિ પહેલાંથી સારી હશે. તેથી તેઓએ તેમનાં ઘરો પહેલાંથી જ સારાં બનાવી લીધાં હશે. એટલે કે, તેમનાં જૂનાં ઘરો હજું પણ સારી સ્થિતિમાં હોવાથી, નવાં ઘરો બનાવવાની જરૂર જણાય નથી. પરંતુ બીજી બાજું કુલ ઉત્તરદાતાઓમાંથી ૨૫૦ (૮૩.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ તેમનાં પોતાનાં ઘરો જમીન માલિકીનાં વૃક્ષો કાપવા થકી જે આર્થિક લાભ મળ્યો, ત્યાર પછી નવેસરથી સારાં ઘરો બનાવ્યાં છે. કારણ કે લાભ મળ્યો તે પહેલાં તેમના ઘરો કયાં નાનાં હતાં અથવા જર્જરીત અવસ્થામાં હતા. પરંતુ આ આર્થિક લાભ મળતાં મોટાભાગના ઉત્તરદાતાઓએ નવેસરથી ઘર બનાવ્યા છે, જે આંકડાકીય માહિતી દ્વારા સ્પષ્ટ થાય છે.

અર્થાત્ ડાંગ જિલ્લાના આદિવાસીઓને આ લાભ મળવાથી પોતાનાં ઘરો નવેસરથી વધુ સગવડવાળાં બનાવ્યાં છે. આમ ઘર બનાવવાની બાબતમાં ડાંગમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું હોવાનું આંકડાંકીય માહિતી દ્વારા જાણવા મળ્યું છે.

## કોષ્ટક નં.૫.૧૩

## પહેલાં કેવાં ઘરો હતાં તે અંગેનું વર્ગીકરણ

| ક્રમ | પહેલાં કેવાં ઘરો હતા | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ઝૂંપડું | ૨૨ | ૭.૩૩ |
| ૨. | કાચું ઘર | ૨૭૮ | ૯૨.૬૭ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક ૫.૧૩માં દર્શાવેલ વર્ગીકરણમાં જમીન માલિકીનાં વૃક્ષો કાપવાનો આર્થિક લાભ મળ્યો તે પહેલાં પોતાનાં ઘરો કેવાં હતાં, તે જાણવાનો પ્રયાસ કર્યો છે.

અભ્યાસ હેઠળના કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૨૨ (૭.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ એવું જણાવ્યું કે, જમીન માલિકીનાં વૃક્ષો કાપવાનો જે આર્થિક લાભ મળ્યો, તે પહેલાં તેમનાં ઘરો 'ઝૂંપડાં' સ્વરૂપનાં હતાં. એટલે કે, તે સમયે તેમનાં ઘરો નાનાં, અડધાં પાંદડાંથી સીવેલાં, અડધાં નળિયાંવાળાં, સામાન્ય ખપાટ (વાંસની) દિવાલવાળાં, તો વળી કેટલાંક ઝૂંપડા તો 'કારવી' નામના ચોમાસામાં જંગલમાં ડુંગરોનાં ઢોળાવ ઉપર ઉગી નીકળતા છોડવાઓ- કે જે સુકાઈ જાય ત્યારે તેને વાંસની દિવાલની જેમ ઝૂંપડાં માટે દિવાલ તરીકે ઉપયોગ કરતાં એવા સામાન્ય ઝૂંપડાઓ હતાં જ્યારે કુલ ઉત્તરદાતાઓમાંથી ૨૭૮ (૯૨.૬૭ ટકા) ઉત્તરદાતાઓએ એવું જણાવ્યું કે, જમીન માલિકીનાં વૃક્ષો કાપવાનો જે આર્થિક લાભ મળ્યો તે પહેલાં તેમનાં પોતાનાં ઘરો 'કાચા ઘર' સ્વરૂપનાં હતાં.

એનો અર્થ એ થયો કે ડાંગના આદિવાસી લોકોમાં ઘરોનું સ્વરૂપ તદ્દન ઝૂંપડાં સ્વરૂપના ન હતાં, પરંતુ 'કાચાં ઘર' સ્વરૂપનાં હતાં. જે આંકડાકીય માહિતી દ્વારા સ્પષ્ટ થાય છે.

## કોષ્ટક નં. ૫.૧૪

## ઉત્તરદાતાનાં ઘરનાં ઓરડાની સંખ્યા દર્શાવતું વર્ગીકરણ

| ક્રમ | ઓરડાની સંખ્યા | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | બે ઓરડાવાળાં ઘરો | ૦૦ | ૦૦ |
| ૨. | ત્રણ ઓરડાવાળાં ઘરો | ૪૪ | ૧૪.૬૭ |
| ૩. | ચાર કે તેથી વધુ ઓરડાવાળાં ઘરો | ૨૫૬ | ૮૫.૩૩ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

આ કોષ્ટકમાં ઉત્તરદાતાઓના ઘરના ઓરડાની સંખ્યા દર્શાવતું માહિતીનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. જે આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓનાં ઘરના ઓરડાઓની સંખ્યા અંગેની વિગતો તપાસતાં બે ઓરડાવાળા એકપણ ઘર નોંધાયું નથી. ત્રણ ઓરડા ધરાવતા ઘરોવાળા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૪૪ (૧૪.૬૭ ટકા) જેટલું છે. જ્યારે ચાર કે તેથી વધુ ઓરડાવાળા ઘરો ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૨૫૬ (૮૫.૩૩ ટકા) જેટલું નોંધાયું છે. એનો અર્થ એ થયો કે, ડાંગમાં ઘરોની ભૌતિક રચનાનું સ્વરૂપ સરેરાશ મોટું હોવાનું જણાયું છે. કારણ કે ચાર કે તેથી વધુ ઓરડાવાળાં ઘરોનું પ્રમાણ ૮૫.૩૩ ટકા જેટલું માલુમ પડ્યું છે.

ડાંગમાં ઘર બનાવટમાં મોટેભાગે 'ગાળા' સ્વરૂપનાં ઘરોજ જોવા મળે છે. ઘરોની રૂબરૂ મુલાકાત પરથી માલુમ પડ્યું છે કે, મોટાભાગનાં ઘરો ત્રણ કે તેથી વધુ ગાળાવાળા જોવા મળ્યા છો. દા.ત. એક ગાળામાં ૨ ઓરડા હોય તો ત્રણ ગાળામાં કુલ છ ઓરડા બની શકે છે. જેમાંથી એક ઓરડાને રસોડું તરીકે ગણવામાં આવે તો પણ પાંચ ઓરડા એક ઘણમાં સામાન્ય રીતે જોવા મળે છે. અર્થાત્ પહેલાં કરતાં વર્તમાન સમયનાં ઘરોમાં નોંધપાત્ર ઓરડાની સંખ્યા વધી છે. જે ઘર બનાવટની બાબતમાં આવેલું પરિવર્તન દર્શાવે છે.

## કોષ્ટક નં. ૫.૧૫

## ઘરની દિવાલના પ્રકાર અંગેનું વર્ગીકરણ

| ક્રમ | ઘરની દિવાલનો પ્રકાર | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | કાચી દિવાલ | ૧૫૬ | ૫૨.૦૦ |
| ૨. | પાકી દિવાલ | ૧૪૪ | ૪૮.૦૦ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપર દર્શાવેલ વર્ગીકરણમાં ડાંગના લોકોની ઘરની દિવાલનો પ્રકાર કેવો છે, તે જાણવાની કોશિશ કરી છે. કુલ ૩૦૦ ઉત્તરદાતાઓના અભ્યાસ પરથી જાણાયું છે કે, કુલ ઉત્તરદાતાઓમાંથી ૧૫૬ (૫૨.૦૦ ટકા) ઉત્તરદાતાઓના ઘરો ‘કાચી દિવાલ’ના બનેલાં છે. જ્યારે ૧૪૪ (૪૮.૦૦ ટકા) ઉત્તરદાતાઓના ઘરો ‘પાકી દિવાલ’ના બનેલાં જોવા મળ્યાં છે.

**કાચી દિવાલ:** કાચી દિવાલ એટલે જે ઘરોની દિવાલ વાંસની ખપાટ (કાંબડી)ની બનાવેલ હોય, જેમાં છાણ, માટીનાં લીંપણનો ઉપયોગ થયો હોય તેને ‘કાચી દિવાલ’ તરીકે ઓળખાવેલ છે.

**પાકી દિવાલ:** પાકી દિવાલ એટલે જે ઘરોની દિવાલ ઈંટ, સિમેન્ટ અને રેતીના ઉપયોગથી બનાવેલી હોય તેને ‘પાકી દિવાલ’ તરીકે ઓળખાવેલ છે.

ડાંગ જિલ્લાના જંગલો ‘માનવેલ વાંસ’ અને ‘કાટસવાંસ’થી ભરેલા છે. તેથી ત્યાંના આદિવાસી લોકો પહેલાંના સમયમાં ઘરની દિવાલ માટે માંસ ફોડીને તેની નાની-નાની ખપાટ (કાંબડી) અલગ કરીને, તેના વ્યવસ્થિત સપોટ ઉભા કરીને, વ્યવસ્થિત ગુંથીને બનાવે છે. જેને ડાંગના લોકો ‘ખપાડા’ ના નામથી ઓળખે છે. ‘ખપાડા’ એ ઘરની દિવાલ માટે ઉપયોગમાં લેવાય છે. આવા ઘરોનું પ્રમાણ મારા અભ્યાસમાં ૫૨ ટકા જેટલું નોંધાયું છે. જો કે હજું પણ આ પ્રકારની દિવાલનું પ્રચલન ચાલુ હોવાનું આંકડા ઉપરથી માલુમ પડ્યું છે.

બીજી બાજુ વર્તમાન સમયમાં ડાંગના લોકોને આ અભ્યાસ હેઠળનો જે લાભ મળ્યો છે, તેના કારણે તેઓ ‘પાકી દિવાલ’ વાળાં ઘરો બનાવવા તરફ પણ પ્રેરાયા છે. જેમ-જેમ

લોકોની આર્થિક સ્થિતિ સુધરતી જાય છે, તેમ-તેમ ડાંગના લોકોમાં ઘરની પાકી દિવાલ બનાવવાનું પ્રચલન વધતું જાય છે. જે આંકડાકીય માહિતી દ્વારા સ્પષ્ટ થાય છે. જેમકે, કુલ ઉત્તરદાતાઓમાંથી ૪૮ ટકા ઉત્તરદાતાઓના ઘર ઈંટ, સિમેન્ટ, રેતીવાળા પાકી દિવાલના બનેલા જોવા મળ્યા છે.

પાકી દિવાલવાળા ઘરો અભ્યાસમાં લીધેલી જુદી જુદી જાતિઓમાંથી કુનબી અને ગામીત જાતિના ઉત્તરદાતાઓમાં વિશેષ જોવા મળ્યા છે. જ્યારે વારલી અને ભીલ જાતિના ઉત્તરદાતાઓમાં પાકી દિવાલવાળા ઘરોનું પ્રમાણ ઓછું જોવા મળ્યું છે. ઉપરાંત અભ્યાસમાં લીધેલા કુલ ૩૦ ગામડાંઓમાંથી જે ગામડાંઓ વધુ વિકસિત છે, તેવા ગામડાંઓમાં પાકી દિવાલવાળા ઘરોનું પ્રમાણ વધારે જોવા મળ્યા છે. જેમકે, ચીચીનાગાંવઠા, બારખાંદિયા, ખિરમાણી, ચીખલી, સામગહાન વગેરે દક્ષિણ ડાંગ વિભાગમાં આવતાં ગામડાં વધુ વિકસિત જણાયા છે. જ્યારે ઉત્તર ડાંગ વનવિભાગમાં આવતા ભવાનદગડ, લવચાલી, સુબિર, શિંગાણા, કાલીબેલ, ભેંસકાતરી વગેરે ગામડાં વધુ વિકસિત જણાયા છે. આમ, ડાંગમાં વર્તમાન સમયમાં ઘર બાંધવાની બાબતમાં કાચી દિવાલમાંથી પાકી દિવાલ તરફ બદલાતું માલુમ પડ્યું છે.

## કોષ્ટક ૫.૧૬

## ઘરના છાપરાના પ્રકાર અંગેનું વર્ગીકરણ

| ક્રમ | છાપરાનો પ્રકાર | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | નળીયાંવાળા | ૨૬૩ | ૮૭.૬૭ |
| ૨. | છતવાળાં | ૩૭ | ૧૨.૩૩ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

આ કોષ્ટકમાં ઉત્તરદાતાઓના ઘરનાં છાપરાં (છત) કેવાં પ્રકારનાં છે, તે અંગેનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. ઘરનાં છાપરાં (છત) ને મુખ્ય બે વિભાગમાં વિભજિત કરેલ છે. (૧) નળીયાંવાળાં ઘરો (૨) છતવાળાં ઘરો.

ઘરનાં છાપરાંનો પ્રકાર અંગેનું વર્ગીકરણનાં આંકડા પરથી જણાય છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૨૬૩ (૮૭.૬૭ ટકા) ઉત્તરદાતાઓનાં ઘરનાં છાપરાંઓ નળિયાંવાળા

માલુમ પડ્યા છે. જ્યારે ૩૭ (૧૨.૩૩ ટકા) ઉત્તરદાતાઓનાં ઘરનાં છાપરાંઓ છતવાળાં જોવાં મળ્યાં છે.

આ અભ્યાસમાં ડાંગની ભૌગોલિક પરિસ્થિતિ, ડાંગના લોકોની આર્થિક સ્થિતિ, તેમની જીવન પદ્ધતિ, તેમના વ્યવસાયો વગેરે સાથે તેમના ઘર અને ઘરનાં છાપરાં સાથે નિકટનો સંબંધ હોવાનું મનાય છે. ડાંગમાં પહેલાંના સમયમાં તેમનાં ઘરનો છાપરાં મોટાભાગે લાકડાં, વાંસ, પાંદડાં અને ઉપર ઘાંસના પૂળિયાં નાંખીને ઘરનું છાપરું ચોમાસા પહેલા તૈયાર કરતાં હતાં. તે સમયે ડાંગના લોકોની આર્થિક સ્થિતિ ખૂબ નબળી હતી. સમય જતાં વિલાયતી નળિયાંનો ઉપયોગ થવા લાગ્યો. ધીમે-ધીમે લોકોની આર્થિક સ્થિતિ સુધરી. એટલે ડાંગનાં લોકોનું ઘર અને ઘરનાં છાપરાંનું સ્વરૂપ બદલાયું.

વર્તમાન સમયમાં ડાંગના લોકોના ઘરો મોટાભાગે 'નળિયાવાળાં' અને 'મોટાઘરો' બની ગયા છે. જે આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે. જેમકે, અભ્યાસમાં લીધેલાં ૮૭.૬૭ ટકા ઉત્તરદાતાઓના ઘરો પર સંપૂર્ણપણે નળિયા મુકેલા જોવા મળ્યા છે. એટલું જ નહીં બદલાતા સમય અને સંજોગો સાથે ડાંગમાં વર્તમાન સમયમાં છતવાળા મકાનો પણ બનવા લાગ્યા છે. કારણ કે, જ્યાં છતવાળાં મકાનોનો સંપૂર્ણ અભાવ હતો. ત્યાં છતવાળા મકાનો બનવાની શરૂઆત થઈ છે તે મકાનની બનાવવાની બાબતમાં ડાંગમાં આવેલું પરિવર્તન કહી શકાય.

## કોષ્ટક નં.૫.૧૭

## પશુઓ બાંધવાની વ્યવસ્થા અંગેનું વર્ગીકરણ

| ક્રમ | પશુઓ બાંધવાની વ્યવસ્થા | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ઘરમાં સાથે | ૪૭ | ૧૫.૬૭ |
| ૨. | અલગ ઓરડામાં (ગમાણમાં) | ૧૭૧ | ૫૭ |
| ૩. | ઘરની બહાર ખુલ્લામાં (માંડવા નીચે) | ૦૦ | ૦૦ |
| ૪. | પશુપાલન ન કરતા હોય તે | ૮૨ | ૨૭.૩૩ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક જોતા જણાય છે કે કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૨૧૮ (૭૨.૬૭

ટકા) ઉત્તરદાતાઓ મુખ્ય વ્યવસાય ખેતીની સાથે પશુપાલનના ગૌણ વ્યવસાય સાથે પણ જોડાયેલા છે. જયારે ૮૨ (૨૭.૩૩ ટકા) ઉત્તરદાતાઓ પશુપાલનના વ્યવસાય સાથે જોહાયેલા નથી.

આ અભ્યાસમાં લીધેલા બધા જ ઉત્તરદાતાઓ પોતાની માલિકીનું ઘર ધરાવે છે. ઘરમાં જ એક બાજુએ પશુઓ બાંધવા માટેની વ્યવસ્થા હોય તેવાં ૪૭ (૧૫.૬૭ ટકા) ઉત્તરદાતાઓ જોવા મળ્યા છે. જ્યારે ૧૭૧ (૫૭.૦૦ ટકા) ઉત્તરદાતાઓ એવા હતાં કે, જેઓ પશુઓ માટે અલગ ઓરડાં (છાપરું) (ગમાણ) ની વ્યવસ્થા કરી છે. એવું જોવા મળ્યું છે. ઘરની બહાર ખુલ્લામાં (માંડવા નીચે) પશુઓને બાંધતા હોય એવા એક પણ ઉત્તરદાતાં નથી.

ડાંગમાં પશુઓ માટે અલગ ઘર (છાપરાં) બનાવવા માટેની સામગ્રી જંગલમાંથી સહેલાઈથી મળી રહે છે. ઉપરાંત ડાંગનો આખો વિસ્તાર ઝાડી, ઝાંખરા, ગાઢ જંગલોથી ઘેરાયેલો છે. તેથી પશુઓના રક્ષણ માટે અલગ ઘર (છાપરાં)ની વ્યવસ્થા કરવી પડે છે. કયાં તો પોતાના ઘરમાં જ એક અલગ છાપરું બનાવીને ઘરની અંદર જ પશુઓને બાંધવાનું ચલણ જોવા મળે છે જેની પાછળ રાની પશુઓથી પોતાના પાલતું પશુઓનું રક્ષણ કરવાનું વલણ સર્વસામાન્ય જોવા મળે છે.

## કોષ્ટક નં. ૫.૧૮

## ઘરમાં વિજળીની સગવડતા અંગેનું વર્ગીકરણ

| ક્રમ | વિજળીની સગવડતા | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | ના | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટકમાં ઉત્તરદાતાઓમાં ઘરમાં વિજળીની સગવડ છે કે કેમ, તે જાણવાનો પ્રયાસ કર્યો છે. આંકડાઓ જોતાં ખ્યાલ આવે છે કે, વિજળીકરણની બાબતમાં કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી બધા જ એટલે કે, ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓના ઘરમાં વિજળીની સગવડ છે. વિજળીની સગવડ વગરનું એકપણ ઘર નોંધાયું નથી.

એનો અર્થ એ થયો કે, ડાંગ જિલ્લામાં ગુજરાત સરકારની ૧૦૦ ટકા વિજળીકરણની યોજના વિજળીની સગવડતા માટેનું મુખ્ય કારણ હોય શકે. ઉપરાંત જમીન માલિકીનાં વૃક્ષો કાપવાનો જે આર્થિક લાભ થયો તેમાંથી ઘણા ખરા લોકોએ ઘર વપરાશનાં વિજળીથી ચાલતા સાધનોની ખરીદી કરી છે. જે સાધનો ચલાવવા માટે પણ વિજળીની સગવડ હોવી જરૂરી છે. ઉપરાંત હવા-ઉજાસ માટે પણ વિજળીની સગવડ એક જરૂરિયાત બનવા લાગી છે.

ટૂંકમાં અભ્યાસમાં લીધેલા બધા જ ઉત્તરદાતાઓના ઘરમાં વિજળીકરણની સગવડ જોવા મળી છે એટલે વિજળીકરણમાં ડાંગના લોકોમાં મોટા પાયે પરિવર્તન જોવા મળ્યું છે.

## કોષ્ટક નં.૫.૧૯

## પીવાનાં પાણીની સગવડતા અંગેનું વર્ગીકરણ

| ક્રમ | પીવાના પાણીની સગવડતા | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | નળ દ્વારા | ૧૯૯ | ૬૩.૩૩ |
| ૨. | કુવાનો ઉપયોગ | ૩૬ | ૧૨.૦૦ |
| ૩. | નદીએથી | ૬ | ૨ |
| ૪. | કોતરડાંમાંથી | ૦૦ | ૦૦ |
| ૫. | હેડપંપમાંથી | ૫૯ | ૧૯.૬૭ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટકમાં ઉત્તરદાતાઓ ઘરમાં પીવાનું અને વાપરવાનું પાણી કયાંથી લાવે છે, તે અંગેનું વર્ગીકરણ કરતાં સ્પષ્ટ થાય છે કે, (૧) નળ દ્વારા પાણી મેળવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૧૯૯ (૬૬.૩૩ ટકા) જેટલું છે. (૨) પીવાનાં પાણી માટે કુવાનો ઉપયોગ કરવા હોય તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૩૬ (૧૨.૦૦ ટકા) માલુમ પડ્યું છે. (૩) નદીએથી પીવાનું અને વાપરવાનું પાણી ભરતા હોય તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ માત્ર ૬ (૨ ટકા) જ નોંધાયું છે. (૪) કોતરડાં (વોકળાં) માંથી પાણી ભરતા હોય તેવા એકપણ ઉત્તરદાતા નથી. જ્યારે (૫) હેન્ડપંપનો ઉપયોગ કરીને પાણી મેળવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૫૯ (૧૯.૬૭ ટકા) હોવાનું જાણાયું છે. એનો અર્થ એ થયો કે ડાંગમાં લોકો પીવા માટે અને

વાપરવા માટે પાણીના ઉપયોગની બાબતમાં નળનો વિશેષ ઉપયોગ કરતા હોવાનું જણાયું છે.

ડાંગની પર્વતાળ ભૌગોલિક સ્થિતિનાં કારણે ચોમાસામાં ખૂબ વરસાદ પડતો હોવા છતાં કેટલાક ડુંગરની તળેટીમાં આવેલા ગામડાંઓમાં ઉનાળામાં પીવાનાં પાણીની ખૂબ તંગી ઉભી થતી. પરંતુ વર્તમાન સમયમાં ડાંગમાં સરકાર દ્વારા અને પાણી પુરવઠા બોર્ડ દ્વારા પાંચ-સાત ગામ મળીને 'જૂથ પાણી પુરવઠા' દ્વારા નળથી ગામડાંઓને પાણી પુરું પાડવામાં આવે છે. જ્યાં નળની સગવડ નથી ત્યાં હેન્ડપંપની સગવડો ઉભી કરવામાં આવી છે. ગામના કુવામાંથી પાણી ભરતા હોય તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૧૨.૦૦ ટકા જેટલું છે. પરંતુ ડાંગમાં પહેલાના સમયમાં નદી, કોતરડાં વગેરેમાંથી પાણી ભરતા, તેને બદલે નળ, હેન્ડપમ્પ, કૂવો વગેરેનો ઉપયોગ થવા લાગ્યો છે. એનો અર્થ એ થયો કે ડાંગમાં પીવામાં અને વાપરવામાં પાણીના વપરાશની બાબતમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે.

## કોષ્ટક નં. ૫.૨૦

## બળતણના ઉપયોગ અંગેનું વર્ગીકરણ

| ક્રમ | બળતણનો ઉપયોગ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | લાકડાનો ઉપયોગ | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | કેરોસીનનો ઉપયોગ | ૧૮૦ | ૬૦ |
| ૩. | ગેસનો ઉપયોગ | ૮૫ | ૨૮.૩૩ |
| ૪. | જરૂરત પ્રમાણે ત્રણેયનો ઉપયોગ | ૩૫ | ૧૧.૬૭ |

ઉપરોક્ત દર્શાવેલ વર્ગીકરણમાં ડાંગના લોકો બળતણ તરીકે શાનો ઉપયોગ કરે છે, તે જાણવાનો પ્રયત્ન કર્યો છે. અભ્યાસની આંકડાકીય માહિતી પરથી જણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી બળતણ તરીકે લાકડાનો ઉપયોગ કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૩૦૦ (૧૦૦ ટકા) જણાયું છે. કુલ ઉત્તરદાતાઓમાંથી કેરોસીનનો બળતણ તરીકે ઉપયોગ કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૧૮૦ (૬૦ ટકા) માલુમ પડ્યું છે. કુલ ઉત્તરદાતાઓમાંથી ગેસનો બળતણ તરીકે ઉપયોગ કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૮૫ (૨૮.૩૩ ટકા) જણાયું છે. જ્યારે જરૂરત પ્રમાણે ત્રણેયનો ઉપયોગ કરતા કુલ ઉત્તરદાતાઓમાંથી ૩૫ (૧૧.૬૭ ટકા) ઉત્તરદાતા જણાયા છે.

ઉપરોક્ત વર્ગીકરણ પરથી સ્પષ્ટ થાય છે કે, ડાંગ જિલ્લાનો સમગ્ર વિસ્તાર ઝાડી, ઝાંખરાં, જંગલ વગેરેથી ભરેલો છે. તેથી ડાંગના લોકોને બળતણ તરીકે લાકડાં જંગલમાંથી ખૂબ સહેલાયથી મળી રહે છે. તેથી જ આ અભ્યાસના ૧૦૦ ટકા ઉત્તરદાતાઓએ બળતણ તરીકે લાકડાનો ઉપયોગ કરે છે તેમ જણાવ્યું છે. બીજી બાજુ વર્તમાન સમયમાં બળતણ તરીકે કેરોસીનનો ઉપયોગ કરતાં કુટુંબોનું પ્રમાણ પણ વધ્યું છે. આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે, ગેસનો બળતણ તરીકે ઉપયોગ કરતા કુટુંબોનું પ્રમાણ પણ ધીમે-ધીમે વધતું જાય છે. જ્યારે જરૂરત પ્રમાણે ત્રણેય વસ્તુનો ઉપયોગ કરતા હોય તેવા કુટુંબોનું પ્રમાણ તદ્દન ઓછું છે. ડાંગમાં ગેદ ધારકોનું પ્રમાણ વધવા પાછળ મુખ્ય કારણ સરકારની ગેસ વિતરણની યોજના જવાબદાર હોય શકે. કારણ કે, ડાંગમાં અમુક કુટુંબોને સરકાર તરફથી રાહત દરે ગેસ જોડાણ આપેલ છે. જે અભ્યાસ દ્વારા જાણવા મળેલ છે.

ઉપરોક્ત અભ્યાસ પરથી સ્પષ્ટ થાય છે કે, ડાંગના લોકો બળતણ તરીકે લાકડાનો ઉપયોગ સવિશેષ કરતા હોવા છતાં કેરોસીન અને ગેસનો બળતણ તરીકે ધીમે-ધીમે વધુ ઉપયોગ કરવા તરફ વળી રહ્યા છે. જે ચોકકસપણે બળતણની બાબતમાં ડાંગમાં પરિવર્તનની દિશા સૂચવે છે.

## કોષ્ટક નં.૫.૨૧

## બાથરૂમમાં શૌચાલયની સગવડ અંગેનું વર્ગીકરણ

| ક્રમ | શૌચાલયની સગવડ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૨૩૦ | ૭૬.૬૭ |
| ૨. | ના | ૭૦ | ૨૩.૩૩ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

પ્રસ્તુત વર્ગીકરણમાં ઉત્તરદાતાઓના બાથરૂમમાં શૌચાલયની સગવડ છે કે નહીં, તે દર્શાવવામાં આવ્યું છે. જેમાં કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૨૩૦ (૭૬.૬૭ ટકા) ઉત્તરદાતાઓના ઘરમાં અને ઘરની બહાર બાથરૂમની સાથે શૌચાલયની સગવડ ધરાવતા માલુમ પડ્યા છે. જ્યારે ૭૦ (૨૩.૩૩ ટકા) ઉત્તરદાતાઓના ઘરમાં કે ઘરની બહાર બાથરૂમ કે શૌચાલયની સગવડ નથી એવું જોવા મળ્યું છે.

ઉપરોક્ત વર્ગીકરણ પરથી સ્પષ્ટ થાય છે કે ડાંગનાં લોકો વર્તમાન સમયમાં ઘરમાં કે ઘરની બહાર બાથરૂમ અને શૌચાલયની સગવડ ઉભી કરવા લાગ્યા છે. જે આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે. માત્ર ૨૩.૩૩ ટકા ઉત્તરદાતાઓના ઘરે બાથરૂમ અને શૌચાલયની સગવડ જોવા મળેલ નથી. એનો અર્થ એ થાય છે કે, ડાંગના લોકોમાં વર્તમાન સમયમાં બાથરૂમ અને શૌચાલયની સગવડો ઉભી કરવાનું વલણ વિકસતું જાય છે.

**કોષ્ટક નં.૫.૨૨**

**બાથરૂમમાં શૌચાલયની સગવડ કેવા પ્રકારની છે તે અંગેનું વર્ગીકરણ**

| ક્રમ | શૌચાલયની સગવડનો પ્રકાર | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | પાકું શૌચાલય | ૧૪૫ | ૪૮.૩૩ |
| ૨. | કાચું શૌચાલય | ૮૫ | ૨૮.૩૪ |
| | **કુલ** | **૨૩૦** | **૬૭.૬૭** |

પ્રસ્તુત વર્ગીકરણમાં ઉત્તરદાતાઓનાં ઘરનાં બાથરૂમમાં શૌચાલયની સગવડ કેવા પ્રકારની છે, તે દર્શાવવામાં આવ્યું છે. જેમાં કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૭૦ (૨૩.૩૩ ટકા) ઉત્તરદાતાઓના ઘરે શૌચાલયની સગવડ નથી. જ્યારે ૨૩૦ (૭૬.૬૭ ટકા) ઉત્તરદાતાઓના ઘરે શૌચાલયની સગવડ જોવા મળી છે. કુલ ૨૩૦ ઉત્તરદાતાઓમાંથી ૧૪૫ (૪૮.૩૩ ટકા) ઉત્તરદાતાઓનાં ઘરે પાકાં શૌચાલયો જોવાં મળ્યાં છે. જ્યારે ૮૫ (૨૮.૩૪ ટકા) ઉત્તરદાતાઓના ઘરે કાચાં શૌચાલયની સુવિધા જોવા મળી છે.

ઉપરોક્ત વર્ગીકરણ પરથી સ્પષ્ટ થાય છે કે, ડાંગના લોકો પોતાનાં ઘરની સાથે શૌચાલયની સુવિધા પણ બનાવવા લાગ્યા છે.

પાકું શૌચાલય: પાકું શૌચાલય એટલે ઈંટ, સિમેન્ટ અને રેતીના ઉપયોગ સાથે ઉપર પતરાં મુકેલા હોય તેવાં શૌચાલયો.

કાચું શૌચાલય: કાચું શૌચાલય એટલે ભોખરાં (ટબ)નાં બદલે લાકડાં નાખીને ચોરસ બેસવા માટેની જગ્યા કરીને, તેની ફરતે દિવાલ તરીકે વાંસની ખપાટ (કામડી) દ્વારા બનાવેલ (ખપાડા)ની દિવાલ અને છત ઉપર નળિયાં મુકેલાં હોય તેવાં શૌચાલયો.

ટૂંકમાં વર્તમાન સમયમાં ડાંગમાં લોકો શૌચાલયની સગવડતા ઉભી કરવા તરફ દોરાયા છે. જે બાથરૂમમાં શૌચાલયની સગવડતા બાબતમાં આવેલું પરિવર્તન દર્શાવે છે.

## કોષ્ટક નં.૫.૨૩

## ઘર વખરીના વિવિધ ધાતુનાં વાસણો અંગેનું વર્ગીકરણ

| ક્રમ | વાસણો | લાભ મળ્યો તે પહેલાં અને પછી | સંખ્યા | ટકા |
|---|---|---|---|---|
| ૧. | તાંબાના | પહેલા | ૨૪૬ | ૮૨ |
| | | પછી | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | પિતળનાં | પહેલાં | ૨૪૪ | ૮૧.૩૩ |
| | | પછી | ૩૦૦ | ૧૦૦ |
| ૩. | કાંસાના | પહેલાં | ૨૪૦ | ૮૦ |
| | | પછી | ૩૦૦ | ૧૦૦ |
| ૪. | એલ્યુમિનિયમનાં | પહેલાં | ૩૦૦ | ૧૦૦ |
| | | પછી | ૩૦૦ | ૧૦૦ |
| ૫. | સ્ટીલના | પહેલાં | ૨૪૪ | ૮૧.૩૩ |
| | | પછી | ૩૦૦ | ૧૦૦ |
| ૬. | માટીના | પહેલા | ૩૦૦ | ૧૦૦ |
| | | પછી | ૩૦૦ | ૧૦૦ |
| ૭. | ચીનાઈ માટીના | પહેલાં | ૧૩૪ | ૪૪.૬૭ |
| | | પછી | ૨૭૪ | ૯૧.૩૩ |
| ૮. | કાચના | પહેલાં | ૧૮૫ | ૬૧.૬૭ |
| | | પછી | ૨૯૩ | ૯૭.૬૭ |

ઉપરોક્ત કોષ્ટકમાં ઘર વખરીના વિવિધ ધાતુનાં વાસણો અંગેનું વર્ગીકરણ સંયુક્ત રીતે કરવામાં આવ્યું છે. આંકડાકીય માહિતી પરથી લાભ મળ્યો તે પહેલા ધાતુના વાસણો અને લાભ મળ્યા પછી ધાતુના વાસણો વચ્ચે શું તફાવત છે તે જાણી શકાયું છે.

કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી તાંબાનાં વાસણોમાં લાભ મળ્યો તે પહેલાં ૨૪૬

(૮૨.૦૦ ટકા) પાસે હતા. જ્યારે લાભ મળ્યા પછી ૩૦૦ (૧૦૦ ટકા) પાસે જોવા મળ્યા છે. પિતળનાં વાસણોમાં લાભ મળ્યો તે પહેલાં કુલ ૩૦૦માંથી ૨૪૬ (૮૧.૩૩% પાસે હતા. જ્યારે લાભ મળ્યા પછી ૩૦૦ (૧૦૦%) એટલે કે, બધા ઉત્તરદાતાઓ પાસે જોવા મળ્યા છે. કાંસાનાં વાસણોમાં લાભ મળ્યો તે પહેલા કુલ ૩૦૦ માંથી ૨૪૦ (૮૦ ટકા) પાસે હતા. જ્યારે લાભ મળ્યા પછી ૩૦૦ (૧૦૦ ટકા) પાસે જોવા મળ્યા છે. એલ્યુમિનિયમનાં વાસણોમાં લાભ મળ્યો તે પહેલાં ૩૦૦ (૧૦૦ ટકા) પાસે હતા. જ્યારે લાભ મળ્યો પછી પણ ૩૦૦ (૧૦૦ ટકા) પાસે હોવાનું જણાયું છે. સ્ટીલનાં વાસણોમાં લાભ મળ્યો તે પહેલાં ૩૦૦ માંથી ૨૪૪ (૮૧.૩૩ ટકા) પાસે હતા. જ્યારે લાભ મળ્યા પછી ૩૦૦ (૧૦૦ ટકા) પાસે જોવા મળ્યા છે. માટીનાં વાસણો લાભ મળ્યા તે પહેલાં ૩૦૦ (૧૦૦ ટકા) પાસે હતા. જ્યારે લાભ મળ્યો પછી પણ ૩૦૦ (૧૦૦ ટકા) પાસે હોવાનું જણાયું છે. ચીનાઈ માટીનાં વાસણો લાભ મળ્યો તે પહેલા ૩૦૦ માંથી ૧૩૪ (૪૪.૬૭ ટકા) ઉત્તરદાતાઓ પાસે હતા. જ્યારે લાભ મળ્યા પછી ૨૭૪ (૯૧.૩૩%) ઉત્તરદાતાઓ પાસે હોવાનું જણાયું છે. કાચનાં વાસણો લાભ મળ્યો તે પહેલાં ૩૦૦ માંથી ૧૮૫ (૬૧.૬૭%) ઉત્તરદાતાઓ પાસે હતા. જ્યારે લાભ મળ્યા પછી ૨૯૩ (૯૭.૬૭ ટકા) ઉત્તરદાતાઓ પાસે હોવાનું જણાયું છે.

ડાંગની કુલ ચાર કુનબી, વારલી, ભીલ અને ગામીત જાતિઓના તપાસમાં લીધેલા કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાં ઘર વપરાશના વિવિધ પ્રકારનાં ધાતુનાં વાસણો જોવાં મળ્યાં છે. જેમાં એલ્યુમિનિયમ અને માટીનાં વાસણો જે પ્રમાણમાં ઓછી કિંમતે મળે છે તેમજ સહેલાયથી સ્થાનિક બજાર કે હાટમાં મળી રહેતો હોવાથી પહેલેથી જ ડાંગના લોકોમાં તેનું ચલણ જોવા મળ્યું છે. બીજી બાજુ તાંબા, પિત્તળ અને કાંસાનાં ધાતુનાં વાસણો પણ પહેલાં તો હતાં પરંતુ તેનું પ્રમાણ ઓછું જોવા મળ્યું છે. હાલમાં તેમની આર્થિક સ્થિતિ મજબૂત બનતા આવા વાસણોની ખરીદીનું પ્રમાણ વધ્યું અને તપાસના લીધેલ બધા જ ઉત્તરદાતાઓ પાસે તાંબા, પિત્તળ અને કાંસાનાં વાસણો હોવાનું જણાયું છે. ઉપરાંત એવું પણ જણાયું છે કે, પહેલાં એલ્યુમિનિયમનાં વાસણોનું પ્રમાણ ડાંગમાં સવિશેષ રહ્યું હતું. પરંતુ હાલમાં સ્ટીલના વાસણશેનું ચલણ વધતા એલ્યુમિનિયમનાં વાસણોના સ્થાને સ્ટીલના વાસણોનું પ્રમાણ ઘરવખરીનાં સાધનો તરીકે સવિશેષ જોવા મળે છે. સ્ટીલનાં વાસણો

તરફનું આકર્ષણ વધવા પાછળનું મુખ્ય કારણ સ્થાનિક બજાર કે હાટમાં સ્ટીલના વાસણો સહેલાઈથી મળી રહે છે અને કિંમત પણ ઓછી હોવાથી ડાંગના લોકોમાં સ્ટીલનાં વાસણોનું ખૂબજ ઊંચુ પ્રમાણ જોવા મળે છે. જે ઘરવખરીના સાધનોમાં આવેલું ચોકકસ પરિવર્તન સૂચવે છે.

સાથો-સાથ ચિનાઈ માટીનાં અને કાચનાં વાસણો લાભ મળ્યો તે પહેલા કાચનાં વાસણો કરતાં, ચિનાઈ માટીનાં વાસણોનું પ્રમાણ ઘણું ઓછું જોવા મળ્યું છે. કાચનાં વાસણો પણ પ્રમાણમાં ઓછા જોવા મળ્યા છે. પરંતુ લાભ મળતાં આ વાસણોની ખરીદી તરફનું લોકોનું વલણ બદલાયું છે. જે આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે.

અન્ય ડાંગનાં આદિવાસીઓ પાસે વર્તમાન સમયમાં કુટુંબદીઠ ઘરવખરીના વિવિધ સાધનોનું પ્રમાણ સરેરાશ રીતે ખૂબ વધ્યું છે. જે અભ્યાસ પરથી જાણી શકાયું છે.

## કોષ્ટક નં.૫.૨૪

## ઘરમાં ફર્નિચર અંગેનું વર્ગીકરણ

| ક્રમ | ફર્નિચર | લાભ મળ્યો તે પહેલાં અને પછી | સંખ્યા | ટકા |
|---|---|---|---|---|
| ૧. | દેશી ખાટલો | પહેલાં | ૩૦૦ | ૧૦૦ |
| | | પછી | ૨૪૦ | ૮૦ |
| ૨. | પલંગ | પહેલાં | ૧૪૨ | ૪૭.૩૩ |
| | | પછી | ૨૮૦ | ૯૩.૩૩ |
| ૩. | ટેબલ | પહેલાં | ૧૫૧ | ૫૦.૩૩ |
| | | પછી | ૨૮૧ | ૯૩.૬૭ |
| ૪. | ખુરશી | પહેલાં | ૧૮૮ | ૯૩.૬૭ |
| | | પછી | ૨૯૩ | ૬૨.૬૭ |
| ૫. | કબાટ | પહેલાં | ૧૦૪ | ૩૪.૬૭ |
| | | પછી | ૨૬૫ | ૮૮.૩૩ |
| ૬. | શોકેશ | પહેલાં | ૪૩ | ૧૪.૩૩ |
| | | પછી | ૧૭૧ | ૫૭ |
| ૭. | અન્ય | - | - | - |

ઉપરોક્ત કોષ્ટક ૫.૨૪માં ઘરમાં વસાવેલું વિવિધ ફર્નિચર અંગેનું વર્ગીકરણ સંયુક્ત રીતે કરવામાં આવ્યું છે. આંકડાકીય માહિતી દ્વારા લાભ મળ્યો તે પહેલાં અને લાભ મળ્યો તે પછી ઘરના ફર્નિચરમાં શું તફાવત છે તે જાણી શકાયું છે.

અભ્યાસ હેઠળનાં કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી (૧) દેશી ખાટલાં (લાકડાંનાં) લાભ મળ્યો તે પહેલા બધા જ ઉત્તરદાતાઓ એટલે કે, ૩૦૦ (૧૦૦ ટકા) પાસે હતાં. જ્યારે લાભ મળ્યા પછી કુલ ઉત્તરદાતાઓમાંથી ૨૪૦ (૮૦ ટકા) ઉત્તરદાતાઓ પાસે જ દેશી ખાટલાં હોવાનું જાણાયું છે. (૨) પલંગ લાભ મળ્યો તે પહેલાં ૧૪૨ (૪૭.૩૩ ટકા)

ઉત્તરદાતાઓ પાસે હોવાનું માલુમ પડ્યું છે. જ્યારે લાભ મળ્યા પછી ૨૮૦ (૯૩.૩૩ ટકા) ઉત્તરદાતાઓ પાસે હોવાનું જણાયું છે. (૩) ટેબલ લાભ મળ્યો તે પહેલાં કુલ ઉત્તરદાતાઓમાંથી ૧૫૧ (૫૦.૩૩ ટકા) ઉત્તરદાતાઓ પાસે હોવાનું જણાયું છે. જ્યારે લાભ મળ્યા પછી ૨૮૧ (૯૩.૬૭ ટકા) ઉત્તરદાતાઓ પાસે હોવાનું માલુમ પડ્યું છે. (૪) ખુરશી લાભ મળ્યો તે પહેલાં કુલ ઉત્તરદાતાઓમાંથી ૧૮૮ (૬૨.૬૭ ટકા ઉત્તરદાતાઓ પાસે હોવાનું જણાયું છે. જ્યારે લાભ મળ્યા પછી ૨૯૩ (૯૭.૬૭ ટકા) ઉત્તરદાતાઓ પાસે હોવાનું માલુમ પડ્યું છે. (૫) કબાટ લાભ મળ્યો તે પહેલાં કુલ ઉત્તરદાતાઓમાંથી ૧૦૪ (૩૪.૬૭ ટકા) ઉત્તરદાતાઓ પાસે હોવાનું માલુમ પડ્યું છે. જ્યારે લાભ મળ્યો તે પછી ૨૬૫ (૮૮.૩૩ ટકા) ઉત્તરદાતાઓ પાસે કબાટ હોવાનું જણાયું છે. (૬) શોકેશ લાભ મળ્યો તે પહેલાં કુલ ઉત્તરદાતાઓમાંથી ૪૩ (૧૪.૩૩ ટકા) ઉત્તરદાતાઓ પાસે હતા. જ્યારે લાભ મળ્યો તે પછી ૧૭૧ (૫૭ ટકા) ઉત્તરદાતાઓ પાસે શોકેશ હોવાનું જણાયું છે. (૭) અન્યમાં એવી કોઈ ફર્નિચરની વસ્તુ જાણવા મળી નથી.

ડાંગ જિલ્લામાં વસવાટ કરતી જુદી જુદી જનજાતિઓમાંથી અભ્યાસ હેઠળ લીધેલ કુલ ચાર 'કુનબી', 'વારલી', 'ભીલ' અને 'ગામીત' જનજાતિઓના તપાસમાં લીધેલા કુલ ૩૦૦ ઉત્તરદાતાઓનાં ઘર વપરાશનાં વિવિધ પ્રકારના ફર્નિચરનું વિશ્લેષણ કરતાં એવું જોવા મળ્યું કે, ઘર વપરાશમાં લેવામાં આવતું ફર્નિચરમાં ખાસ કરીને દેશી ખાટલાં, પલંગ, ખુરશી, કબાટ, શોકેશ વગેરેમાં લાભ મળ્યો તે પહેલાં અને લાભ મળ્યો તે પછી તેમાં સ્પષ્ટ તફાવત જોવા મળ્યો છે. જેમકે, દેશી ખાટલાં લાભ મળ્યો તે પહેલાં બધા જ ઉત્તરદાતાઓનાં ઘરમાં હોવાનું જણાયું છે. જ્યારે લાભ મળ્યો તે પછી તેનું પ્રમાણ ઘટેલું જોવા મળ્યું છે. તેની પાછળનું મુખ્ય કારણ એ છે કે, લાભ મળ્યા પછી ઘણા ઉત્તરદાતાઓએ દેશી ખાટલાને બદલે પલંગ બનાવ્યા હોવાથી લાભ મળ્યા પછી દેશી ખાટલા ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ ઘટ્યું હોવાનું જણાયું છે. એ જ રીતે પલંગ, ટેબલ, ખુરશી, કબાટ, શોકેશ વગેરેમાં લાભ મળ્યો તે પહેલાં ઉત્તરદાતાઓ પાસે આ વસ્તુ ઓછી હોવાનું જણાયું છે. જ્યારે લાભ મળ્યા પછી તેમની આર્થિક સ્થિતિમાં સુધારો થતાં આ બધી વસ્તુ લેવા માટે સક્ષમ બનતાં આ બધી જ વસ્તુમાં વધારો થયો હોવાનું અભ્યાસ દ્વારા જાણી શકાયું છે.

અન્ય સભ્ય સમાજની જેમ ડાંગના લોકો પણ ઘરનું વિવિધ પ્રકારનું ફર્નિચર વસાવવા તરફ વળ્યા છે. જ્યાં એક સમયે ઘર વપરાશનાં પરંપરાગત સાધનોનું જ અસ્તીત્વ જોવા મળતું હતું. ત્યાં વર્તમાન સમયમાં ઘર વપરાશના ફર્નિચરની બાબતમાં જબરજસ્ત પરિવર્તન આવ્યું હોવાનું અભ્યાસ દ્વારા જાણવા મળ્યું છે. અર્થાત્ ડાંગનાં લોકોમાં ફર્નિચરની બાબતમાં ચોકકસપણે પરિવર્તન આવ્યું હોવાનું જાણાયું છે.

**કોષ્ટક નં.૫.૨૫**

**વાહનો અંગેનું વર્ગીકરણ**

| ક્રમ | વાહનો | લાભ મળ્યો તે પહેલાં અને પછી | સંખ્યા | ટકા |
|---|---|---|---|---|
| ૧. | સાયકલ | પહેલાં | ૨૦૧ | ૬૭ |
| | | પછી | ૧૫૫ | ૫૧.૬૭ |
| ૨. | મોટરસાયકલ | પહેલાં | ૮૮ | ૨૯.૩૩ |
| | | પછી | ૨૪૭ | ૮૨.૩૩ |
| ૩. | જીપ | પહેલાં | ૧૪ | ૪.૬૭ |
| | | પછી | ૫૦ | ૧૬.૬૭ |
| ૪. | ટેમ્પો | પહેલાં | ૦૦ | ૦૦ |
| | | પછી | ૦૬ | ૦૨.૦૦ |
| ૫. | ટ્રેકટર/ટ્રક | પહેલાં | ૭ | ૨.૩૩ |
| | | પછી | ૩૯ | ૧૩ |
| ૬. | અન્ય | - | - | - |

ઉપરના કોષ્ટક ૫.૨૫માં ઉત્તરદાતાઓએ વસાવેલા વિવિધ વાહનો અંગેનું વર્ગીકરણ સંયુક્ત રીતે કરવામાં આવ્યું છે. આંકડાકીય માહિતી દ્વારા લાભ મળ્યો તે પહેલાં અને લાભ મળ્યો તે પછી વાહનો વસાવવાની બાબતમાં શું તફાવત છે તે જાણી શકાયું છે.

અભ્યાસ હેઠળના કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી (૧) સાયકલ લાભ મળ્યો તે પહેલાં ૨૦૧ (૬૭ ટકા) ઉત્તરદાતાઓ પાસે હોવાનું જાણાયું છે. જ્યારે લાભ મળ્યો તે પછી ૧૫૫

(૫૧.૬૭ ટકા) ઉત્તરદાતાઓ પાસે હોવાનું માલુમ પડ્યું છે. (૨) મોટરસાયકલ- લાભ મળ્યો તે પહેલાં ૮૮ (૨૯.૩૩ ટકા) ઉત્તરદાતાઓ પાસે હોવાનું જણાયું છે. જ્યારે લાભ મળ્યો તે પછી ૨૪૭ (૮૨.૩૩ ટકા) ઉત્તરદાતાઓ પાસે હોવાનું માલુમ પડ્યું છે. (૩) જીપ-લાભ મળ્યો તે પહેલાં માત્ર ૧૪ (૪.૬૭ ટકા) ઉત્તરદાતાઓ પાસે હતી. જે લાભ મળ્યા પછી ૫૦ (૧૬.૬૭ ટકા) ઉત્તરદાતાઓએ વસાવી હોવાનું જણાયું છે. (૪) ટેમ્પો- લાભ મળ્યો તે પહેલાં એકપણ ઉત્તરદાતા પાસે ન હોવાનું જણાયું છે. જ્યારે લાભ મળ્યા પછી ૬ (૨ ટકા) ઉત્તરદાતાઓ પાસે હોવાનું માલુમ પડ્યું છે. (૫) ટ્રેકટર/ટ્રક લાભ મળ્યો તે પહેલાં માત્ર ૭ (૨.૩૩ ટકા) ઉત્તરદાતાઓ પાસે હોવાનું જણાયું છે. જ્યારે લાભ મળ્યો તે પછી ૩૯ (૧૩ ટકા) ઉત્તરદાતાઓ પાસે હોવાનું માલુમ પડ્યું છે.

ડાંગની ‘કુનબી’, ‘વારલી’, ‘ભીલ’ અને ‘ગામીત’ જનજાતિઓએ જુદા જુદા સમયે ક્યા પ્રકારનાં વાહનો વસાવ્યા છે તે તપાસમાં લીધેલા કુલ ૩૦૦ ઉત્તરદાતાઓને તપાસતા એવું જાણવા મળેલ છે કે, ૨૦થી૨૫ વર્ષ પહેલાં ડાંગનાં લોકોમાં વાહનો તરીકે સાયકલ અને મોટર સાયકલનું પ્રમાણ વિશેષ હોવાનું અભ્યાસ દ્વારા જણાયું છે. જ્યારે મોટાં વાહનો તરીકે જીપ, ટેમ્પો, ટ્રેકટર, ટ્રક વગેરેનું પ્રમાણ ખુબ ઓછું હોવાનું આંકડાઓ પરથી જણાયું છે. પરંતુ છેલ્લાં પંદરેક વર્ષથી જમીન માલિકીનાં વૃક્ષો કાપવાનો આર્થિક લાભ મળવાથી ડાંગનાં લોકોમાં વાહનો ખરીદીનું વલણ વિકસ્યું હોવાનું જણાયું છે. જેમકે, લાભ મળ્યો તે પહેલાં ડાંગના લોકોમાં સાયકલનું પ્રમાણ વધું હોવાનું આંકડાઓ દ્વારા જણાયું છે. પરંતુ લાભ મળ્યા પછી સાયકલની ખરીદીનું પ્રમાણ ઘટ્યું, પરંતુ મોટરસાયકલ ખરીદીનું પ્રમાણ વધ્યું હોવાનું આંકડાઓ પરથી સ્પષ્ટ જણાય છે.

એજ રીતે જીપ, ટેમ્પો, ટ્રેકટર, ટ્રક વગેરેની ખરીદીની બાબતમાં લાભ મળ્યો તે પહેલાં અને લાભ મળ્યો તે પછી આ બંને સમય વચ્ચે સ્પષ્ટ તફાવત જોવા મળે છે. જેમકે જીપની ખરીદીની બાબતમાં લાભ મળ્યો તે પહેલાં માત્ર ૪.૬૭ ટકા ઉત્તરદાતાઓ પાસે જ જીપ હોવાનું જણાયું છે. જ્યારે લાભ મળ્યા પછી તેનું પ્રમાણ વધીને ૧૬.૬૭ ટકા ઉત્તરદાતાઓ પાસે હોવાનું જણાયું છે. એ જ રીતે ટેમ્પો, ટ્રેકટર, ટ્રક વગેરેની ખરીદીમાં જોવા મળે છે. લાભ મળ્યો તે પહેલાં એકપણ ઉત્તરદાતા પાસે ટેમ્પો ન હતો. પરંતુ લાભ મળ્યા પછી ૨.૦૦ ટકા ઉત્તરદાતાઓ પાસે ટેમ્પો હોવાનું જણાયું છે. લાભ મળ્યો તે પહેલા

ટ્રેક્ટર કે ટ્રક ખરીદીનું પ્રમાણ માત્ર ૨.૩૩ ટકા હતું. જે લાભ મળ્યા પછી તેનું પ્રમાણ વધીને ૧૩ ટકા જેટલું થયું છે.

આમ, ડાંગના લોકોમાં વર્તમાન સમયમાં મોટાં વાહનો ખરીદવાનું પ્રમાણ વર્તમાન સમયમાં વધ્યું હોવાનું અભ્યાસનાં આંકડાઓ દ્વારા સ્પષ્ટપણે જાણી શકાય છે. ટૂંકમાં વર્તમાન સમયમાં ડાંગના લોકો વાહનો વસાવવાની બાબતમાં જબરજસ્ત પરિવર્તન આવ્યું હોવાનું જણાયું છે.

## કોષ્ટક નં.૫.૨૬

## ઈલેકટ્રીક સાધનો અંગેનું વર્ગીકરણ

| ક્રમ | ઈલેકટ્રીક સાધનો | લાભ મળ્યો તે પહેલાં અને પછી | સંખ્યા | ટકા |
|---|---|---|---|---|
| ૧. | રેડિયો | પહેલાં | ૨૦૭ | ૬૭.૬૭ |
| | | પછી | ૧૪૮ | ૪૯.૩૩ |
| ૨. | ટેપરેકોર્ડર | પહેલાં | ૧૩૩ | ૪૪.૩૩ |
| | | પછી | ૧૮૪ | ૬૧.૩૩ |
| ૩. | ટી.વી. | પહેલાં | ૬૪ | ૨૧.૩૩ |
| | | પછી | ૨૨૭ | ૭૫.૬૭ |
| ૪. | ડી.વી.ડી. | પહેલાં | ૧૯ | ૬.૩૩ |
| | | પછી | ૯૧ | ૩૦.૩૩ |
| ૫. | ફ્રિજ | પહેલાં | ૧૩ | ૪.૩૩ |
| | | પછી | ૬૧ | ૨૦.૩૩ |
| ૬. | ઈલેકટ્રીક ઘંટી | પહેલાં | ૦૦ | ૦૦ |
| | | પછી | ૦૦ | ૦૦ |
| ૭. | વોશિંગ મશિન | પહેલાં | ૦૦ | ૦૦ |
| | | પછી | ૦૦ | ૦૦ |
| ૮. | પંખો | પહેલાં | ૧૧૮ | ૩૯.૩૩ |
| | | પછી | ૨૪૮ | ૮૨.૬૭ |

| | | | | |
|---|---|---|---|---|
| ૯. | ટ્યુબલાઈટ | પહેલાં | ૧૩૫ | ૪૫.૦૦ |
| | | પછી | ૨૫૮ | ૮૬ |
| ૧૦. | મોબાઈલ ફોન | પહેલાં | ૮૧ | ૨૭ |
| | | પછી | ૨૨૨ | ૭૪ |
| ૧૧. | મિક્ષ્ચર | પહેલાં | ૭૪ | ૨૪.૬૭ |
| | | પછી | ૧૮૨ | ૬૦.૬૭ |
| ૧૨. | સિલાઈ મશિન | પહેલાં | ૪૫ | ૧૫ |
| | | પછી | ૭૮ | ૨૬ |
| ૧૩. | પ્રેસર કુકર | પહેલા | ૧૦૫ | ૩૫ |
| | | પછી | ૨૦૭ | ૬૯ |
| ૧૪. | ઈસ્ત્રી | પહેલાં | ૬૩ | ૨૧ |
| | | પછી | ૧૨૭ | ૪૨.૩૩ |
| ૧૫. | ગેસ | પહેલાં | ૦૦ | ૦૦ |
| | | પછી | ૩૪ | ૧૧.૩૩ |
| ૧૬. | દિવાલ/ | પહેલાં | ૨૩૯ | ૭૯.૬૭ |
| | હાથ ઘડિયાળ | પછી | ૩૦૦ | ૧૦૦ |
| ૧૭. | કોમ્પ્યુટર | પહેલાં | ૦૦ | ૦૦ |
| | | પછી | ૨૯ | ૯.૬૭ |
| ૧૮. | છાપાઓ | પહેલાં | ૧૦૩ | ૩૪.૩૩ |
| | | પછી | ૧૮૪ | ૬૧.૩૩ |
| ૧૯. | અન્ય | - | - | - |

ઉપરોક્ત કોષ્ટક ૫.૨૬માં ઘરમાં વસાવેલા વિવિધ ઈલેકટ્રીક સાધનો અંગેનું વર્ગીકરણ સંયુક્ત રીતે કરવામાં આવ્યું છે. આંકડાકીય માહિતી દ્વારા લાભ મળ્યો તે પહેલાં અને લાભ મળ્યો તે પછી ઘરના ઈલેકટ્રીક સાધનોમાં કેવો તફાવત છે તે જાણી શકાયું છે.

અભ્યાસ હેઠળનાં કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી (૧) રેડિયો લાભ મળ્યો તે પહેલા ૨૦૭ (૬૭.૬૭ ટકા) ઉત્તરદાતાઓ પાસે હોવાનું જાણાયું છે. જ્યારે લાભ મળ્યો પછી

૧૪૮ (૪૯.૩૩ ટકા) ઉત્તરદાતાઓ પાસે હોવાનું જણાયું છે. (૨) ટેપ રેકોર્ડર- લાભ મળ્યો તે પહેલાં ૧૩૩ (૪૪.૩૩ ટકા) ઉત્તરદાતાઓ પાસે હતા. જે લાભ મળ્યા પછી ૧૮૪ (૬૧.૩૩ ટકા) ઉત્તરદાતાઓ પાસે હોવાનું જણાયું છે. (૩) ટી.વી. લાભ મળ્યો તે પહેલાં ૬૪ (૨૧.૩૩ ટકા) ઉત્તરદાતાઓ પાસે હતું. જે લાભ મળ્યા પછી ૨૨૭ (૭૫.૬૭ ટકા) ઉત્તરદાતાઓ પાસે હોવાનું જણાયું છે. (૪) ડી.વી.ડી. લાભ મળ્યો તે પહેલાં ૧૯ (૬.૩૩ ટકા) ઉત્તરદાતાઓ પાસે હોવાનું માલુમ પડ્યું છે. જ્યારે લાભ મળ્યા પછી ૯૧ (૩૦.૩૩ ટકા) ઉત્તરદાતાઓ પાસે હોવાનું જણાયું છે. (૫) ફ્રીજ- લાભ મળ્યો તે પહેલાં માત્ર ૧૩ (૪.૩૩ ટકા) ઉત્તરદાતાઓ પાસે હતું. જે લાભ મળ્યા પછી ૬૧ (૨૦.૩૩ ટકા) ઉત્તરદાતાઓ પાસે હોવાનું માલુમ પડ્યું છે. (૬) ઈલેકટ્રીક ઘંટી- લાભ મળ્યો તે પહેલાં અને લાભ મળ્યો તે પછી- આ બંને સમયે કોઈ ઉત્તરદાતાની પાસે ન હોવાનું નોંધાયું છે. (૭) વોશિંગ મશીન લાભ મળ્યો તે પહેલા અનેલાભ મળ્યો તે પછી બંને સમયે કોઈ ઉત્તરદાતા પાસે ન હોવાનું જણાયું છે. (૮) ઈલેકટ્રીક પંખો- લાભ મળ્યો તે પહેલાં ૧૧૮ (૩૯.૩૩ ટકા) ઉત્તરદાતાઓ પાસે હોવાનું માલુમ પડ્યું છે. જ્યારે લાભ મળ્યો તે પછી ૨૪૮ (૮૨.૬૭ ટકા) ઉત્તરદાતાઓ પાસે હોવાનું જણાયું છે. (૯) ટ્યુબલાઈટ- લાભ મળ્યો તે પહેલાં ૧૩૫ (૪૫ ટકા) ઉત્તરદાતાઓના ઘરે હતી. જે લાભ મળ્યા પછી ૨૫૮ (૮૬ ટકા) ઉત્તરદાતાઓના ઘરે હોવાનું જણાયું. (૧૦) મોબાઈલ ફોન- લાભ મળ્યો તે પહેલાં ૮૧ (૨૭ ટકા) ઉત્તરદાતાઓ પાસે હતા. જે લાભ મળ્યો તે પછી ૨૨૨ (૭૪ ટકા) ઉત્તરદાતાઓ પાસે હોવાનું જણાયું છે. (૧૧) મીક્ષ્ચર- લાભ મળ્યો તે પહેલાં ૭૪ (૨૪.૬૭ ટકા) ઉત્તરદાતાઓનાં ઘરે હોવાનું જણાયું છે. જ્યારે લાભ મળ્યો તે પછી ૧૮૨ (૬૦.૬૭ ટકા) ઉત્તરદાતાઓના ઘરે હોવાનું જણાયું છે. (૧૨) સિલાઈ મશીન- લાભ મળ્યો તે પહેલાં ૪૫ (૧૫ ટકા) ઉત્તરદાતાઓના ઘરે હોવાનું જણાયું છે. જ્યારે લાભ મળ્યો તે પછી ૭૮ (૨૬ ટકા) ઉત્તરદાતાઓના ઘરે હોવાનું માલુમ પડ્યું છે. (૧૩) પ્રેસર કુકર- લાભ મળ્યો તે પહેલાં ૧૫૦ (૩૫ ટકા) ઉત્તરદાતાઓના ઘરે હોવાનું જણાયું છે. જ્યારે લાભ મળ્યો તે પછી ૨૦૭ (૬૭ ટકા) ઉત્તરદાતાઓના ઘરે હોવાનું માલુમ પડ્યું છે. (૧૪) ઈસ્ત્રી- લાભ મળ્યો તે પહેલાં ૬૩ (૨૧ ટકા) ઉત્તરદાતાઓના ઘરે હતી. જે લાભ મળ્યો તે પછી ૧૨૭ (૪૨.૩૩ ટકા) ઉત્તરદાતાઓના ઘરે હોવાનું માલુમ

પડ્યું છે. (૧૫) ગેસ- લાભ મળ્યો તે પહેલાં કોઈ ઉત્તરદાતાના ઘરે ન હોવાનું જાણાયું છે. જ્યારે લાભ મળ્યો તે પછી ૩૪ (૧૧.૩૩ ટકા) ઉત્તરદાતાઓના ઘરે હોવનું માલુમ પડ્યું છે. (૧૬) દિવાલ/હાથ ઘડિયાળ- લાભ મળ્યો તે પહેલાં ૨૩૯ (૭૯.૬૭ ટકા) ઉત્તરદાતાઓ પાસે હતા. તે લાભ મળ્યા પછી બધા જ એટલે કે ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓ પાસે હોવાનું જાણાયું છે. (૧૭) કોમ્પ્યુટર- લાભ મળ્યો તે પહેલાં કોઈપણ ઉત્તરદાતાઓ પાસે ન હોવાનું જાણાયું છે. જ્યારે લાભ મળ્યો તે પછી ૨૯ (૯.૬૭ ટકા) ઉત્તરદાતાઓએ વસાવ્યા હોવાનું જાણાયું છે. (૧૮) છાપાઓ- લાભ મળ્યો તે પહેલાં ૧૦૩ (૩૪.૪૪ ટકા) ઉત્તરદાતાઓ મંગાવતા હતા. જે લાભ મળ્યો તે પછી ૧૮૪ (૬૧.૩૩ ટકા) ઉત્તરદાતાઓ મંગાવતા થયા.

ડાંગ જિલ્લાની અભ્યાસમાં લીધેલી ચારે-ચાર જનજાતિઓમાં ઈલેકટ્રિક અને અન્ય સાધનોનો વપરાશ લાભ મળ્યો તે પહેલાં અને લાભ મળ્યો તે પછી કેવો ઉપયોગ થયો છે. તે અંગેની આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે. કુલ ૩૦૦ ઉત્તરદાતાઓના અભ્યાસ પરથી એવું જાણાયું છે કે, રેડિયોના વપરાશની બાબતમાં લાભ મળ્યો તે પહેલા કરતાં લાભ મળ્યો તે પછી તેમાં ઘટાડો જાણાયો છે. તેની પાછળનું મુખ્ય કારણ એ છે કે, લાભ મળ્યો તે પછી પોતાની આર્થિક સ્થિતિમાં સુધારો થતાં રેડીયો કરતાં ટેપરેકોર્ડર, ટી.વી., ડી.વી.ડી. વગેરેની ખરીદીનું પ્રમાણ વધ્યું હોવાનું આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે. એ જ રીતે ફ્રિજ ખરીદીની બાબતમાં પણ લાભ મળ્યો તે પછી તેનું ખરીદીનું પ્રમાણ ૨૦.૩૩ ટકા જેટલું વધ્યું હોવાનું જાણાયું છે. ઉપરાંત પંખો, ટ્યુબલાઈટ, મોબાઈલ ફોન, મિક્ષ્ચર વગેરે ઈલેકટ્રિક સાધનોની ખરીદીમાં પણ લાભ મળ્યો તે પહેલાં કરતાં લાભ મળ્યો તે પછી સ્પષ્ટ તફાવત જોવા મળે છે. એટલે કે, આ બધી વસ્તુની ખરીદીનું પ્રમાણ વધ્યું છે.

ઉપરાંત સિલાઈ મશીન, પ્રેસર કૂકર, ઈસ્ત્રી વગેરે વસ્તુની ખરીદીમાં લાભ મળ્યો તે પહેલાં અને લાભ મળ્યો તે પછીની ખરીદીમાં સ્પષ્ટ ભેદ જોવા મળે છે. એટલે કે લાભ મળ્યો તે પછી આ બધી વસ્તુની ખરીદીનું પ્રમાણ પણ વધ્યું છે. ગેસ અને કોમ્પ્યુટરની ખરીદીની બાબતમાં લાભ મળ્યો તે પહેલાં ગેસનું જોડાણ કે કોમ્પ્યુટર કોઈની પાસે ન હતું. પરંતુ લાભ મળ્યા પછી આર્થિક સદ્ધરતાને કારણે ગેસનું જોડાણ અને કોમ્પ્યુટરની પણ ખરીદી થતી હોવાનું આંકડાઓ દ્વારા સ્પષ્ટ થાય છે. દિવાલ કે હાથ ઘડિયાળની બાબતમાં

પણ ખરીદીનું ૧૦૦ ટકા પરિણામ જોવા મળ્યું છે. જ્યારે છાપાઓ મંગાવવાની બાબતમાં લાભ મળ્યો તે પહેલાં અને લાભ મળ્યો તે પછી આ બંને વચ્ચે ૨૭ ટકાનો તફાવત જોવા મળ્યો છે.

ટૂંકમાં ડાંગ જિલ્લાના લોકો વિવિધ પ્રકારના ઈલેકટ્રીક સાધનો અને અન્ય સુખ-સગવડના સાધનો પોતાની આર્થિક સ્થિતિ સુધરતાં ખરીદી કરવા લાગ્યા છે. જે આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે. એટલે કે ઈલેકટ્રીક સાધનોના વપરાશ તેમજ વસાવવાની બાબતમાં ડાંગના લોકોમાં નોંધપાત્ર પરિવર્તન જોવા મળે છે.

**કોષ્ટક નં.૫.૨૭**

**શાકાહારી કે માંસાહારી અંગેનું વર્ગીકરણ**

| ક્રમ | શાકાહારી કે માંસાહારી | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | શાકાહારી | ૯૮ | ૩૨.૬૭ |
| ૨. | માંસાહારી | ૨૦૨ | ૬૭.૩૩ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરના કોષ્ટક દ્વારા ઉત્તરદાતાઓ શાકાહારી છે કે માંસાહારી છે, તે અંગેનું વર્ગીકરણ કરતાં જાણાયું છે કે કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૯૮ (૩૨.૬૭ ટકા) ઉત્તરદાતાઓએ પોતે શાકાહારી હોવાનું જણાવ્યું છે. જ્યારે ૨૦૨ (૬૭.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ પોતે માંસાહારી હોવાનું જણાવ્યું છે.

અભ્યાસ હેઠળ આવરી લીધેલ ડાંગની ચાર જનજાતિઓમાં ખોરાકની બાબતમાં શાકાહારી કે માંસાહારી છે તે જાણવાની કોશિષ કરતાં એવું જાણાયું છે કે ડાંગમાં મોટાભાગે ખોરાકની બાબતમાં માંસાહારી હોવાનું આંકડાકીય માહિતી પરથી જાણાયું છે. જો કે, વર્તમાન સમયમાં કેટલાક લોકો શાકાહારી બનતા જતા હોવાનું પણ જાણાયું છે. અભ્યાસ દ્વારા એવું જાણાયું છે કે, જે લોકો કોઈ ધાર્મિક સંપ્રદાયને અનુસર્યા છે, તેઓ મોટાભાગે શાકાહારી હોવાનું માલુમ પડ્યું છે. શાકાહારીઓમાં મોટાભાગે 'કુનબી' જાતિનાં લોકોનું પ્રમાણ વિશેષ જાણવા મળ્યું છે. જ્યારે 'ભીલ' જાતિના લોકો મોટેભાગે માંસાહારી હોવાનું અભ્યાસ દ્વારા જાણાયું છે. એનો અર્થ એ થયો કે, ડાંગમાં માંસાહારી લોકોનું પ્રમાણ વધારે

હોવા છતાં ધીમે-ધીમે શાકાહારી ખોરાક લેવા તરફ લોકોનું પ્રમાણ વધારે હોવા છતાં ધીમે ધીમે શાકાહારી ખોરાક લેવા તરફ લોકોનું વલણ બદલાતું જાય છે. જે ડાંગમાં ખોરાકની બાબતમાં આંશિક પરિવર્તનનો નિર્દેશ કરે છે.

**કોષ્ટક નં.૫.૨૮**

**સામાન્ય દૈનિક ખોરાક અંગેનું વર્ગીકરણ**

| ક્રમ | દૈનિક ખોરાક | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | રોટલા/શાક/કઠોળ | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | દાળ/ભાત | ૨૫૮ | ૮૬.૦૦ |

ઉપરનાં કોષ્ટક ૫.૨૮માં ઉત્તરદાતાઓનાં દૈનિક ખોરાક અંગેનું વિશ્લેષણ કરતાં એવું જાણવા મળેલ છે કે કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી બધા જ એટલે કે ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓએ દૈનિક ખોરાકમાં રોટલા, શાક, કઠોળ વગે ખાતા હોવાનું જણાવ્યું છે. એ જ રીતે કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૨૫૮ (૮૬ ટકા) ઉત્તરદાતાઓએ દૈનિક ખોરાકમાં દાળ-ભાત પણ ખાતા હોવાનું જણાવ્યું છે.

આંકડાકીય માહિતી દ્વારા સ્પષ્ટ થાય છે કે, ડાંગમાં સામાન્ય રીતે ખોરાકની બાબતમાં રોટલા, શાક, કઠોળ તેમજ દાળ-ભાતનો ઉપયોગ વધુ પ્રમાણમાં થતો હોવાનું જણાય છે. અભ્યાસ હેઠળનાં ગામડાઓમાંથી ખિરમાણી, બારખાંદિયા, ચીચીનાગાંવઠા, ઢાઢરા, કાલીબેલ, ભેંસકાતરી, બરડી પાડા વગેરે ગામડાંના ઉત્તરદાતાઓએ દૈનિક ખોરાકમાં 'ચોખાના રોટલા' વધુ ખાતા હોવાનું જણાવ્યું છે. તેમજ તેઓ દૈનિક ખોરાકમાં દાળ-ભાતનો પણ નિયમિત ઉપયોગ કરતા હોવાનું જણાવ્યું છે. તેની પાછળનું મુખ્ય કારણ આ ગામડાઓમાં ખેતીની જમીનમાં ડાંગરનો પાક વધુ થતો હોવાથી તેઓના દૈનિક ખોરાકમાં ચોખાનો વધુ ઉપયોગ થતો હોવાનું જણાયું છે. જ્યારે અભ્યાસ હેઠળના સામગહાન, જાખાના, બીલમાળ, લીંગા, લવચાલી, ગાયગોઠણ, સુબીર, પીપલદહાડ, કાકડવિહિર, પીપલાઈદેવી, ગાંવદહાડ વગેરે ગામડાંના ઉત્તરદાતાઓએ દૈનિક ખોરાકમાં 'નાગલીના રોટલા' વધુ ઉપયોગ કરતા હોવાનું જણાવ્યું છે. 'ચોખાના રોટલા અને દાળ-ભાતનો પણ તેઓ ઉપયોગ કરે છે. પરંતુ તેનું પ્રમાણ થોડું ઓછું હોય છે. તેની પાછળનું મુખ્ય કારણ એ છે કે, આ વિસ્તારની જમીનમાં 'નાગલી' નામનાં ધાન્યની ખેતી વધારે થતી હોવાથી આ વિસ્તારના લોકોના ખોરાકમાં

'નાગલી'નું વિશેષ મહત્વ રહે છે. ટૂંકમાં ડાંગના લોકોના ખોરાકમાં સામાન્ય રીતે રોટલા, શાક, કઠોળ તેમજ દાળ-ભાતનું પ્રચલન સવિશેષ જોવા મળે છે.

**કોષ્ટક નં.૫.૨૯**

**પ્રસંગોપાતના ખોરાક અંગેનું વર્ગીકરણ**

| ક્રમ | પ્રસંગોપાત ખોરાક | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | પુરી | ૯૮ | ૩૨.૬૭ |
| ૨. | લાપસી | ૭૦ | ૨૩.૩૩ |
| ૩. | બુંદી | ૨૯ | ૯.૬૭ |
| ૪. | માંસ-મચ્છી | ૨૦૨ | ૬૭.૩૩ |

ઉપરોક્ત કોષ્ટક દ્વારા ઉત્તરદાતાઓના પ્રસંગોપાતનાં ખોરાક અંગેનું વર્ગીકરણ કરતાં એવું જાણવા મળ્યું છે કે કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૯૮ (૩૨.૬૭ ટકા) ઉત્તરદાતાઓએ પ્રસંગોપાત ખોરાક તરીકે 'પુરી'નો ઉપયોગ કરતા હોવાનું જણાયું છે. એ જ રીતે કુલ ઉત્તરદાતાઓમાંથી ૭૦ (૨૩.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ પ્રસંગોપાત ખોરાક તરીકે 'લાપસી' નો ખોરાક તરીકે ઉપયોગ કરે છે. ઉપરાંત કુલ ઉત્તરદાતાઓમાંથી ૨૯ (૯.૬૭ ટકા) ઉત્તરદાતાઓએ પ્રસંગોપાત ખોરાક તરીકે 'બુંદી'નો ઉપયોગ કરતા હોવાનું જણાવ્યું છે. જ્યારે કુલ ઉત્તરદાતાઓમાંથી ૨૦૨ (૬૭.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ પ્રસંગોપાત ખોરાકમાં માંસ-મચ્છીનો ઉપયોગ કરતા હોવાનું જણાવ્યું છે.

એનો અર્થ એ થયો કે, ડાંગ જિલ્લામાં પ્રસંગોપાત- ખાસ કરીને વાર-તહેવારે ખોરાકમાં માંસ-મચ્છીનો ઉપયોગ વધતુ થતો હોવાનું આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે. કારણ કે, કુલ ઉત્તરદાતાઓમાંથી ૬૭.૩૩ ટકા ઉત્તરદાતાઓએ વાર-તહેવાર, ઉત્સવ વગેરે પ્રસંગોએ ખોરાકમાં માંસ-મચ્છીનો ઉપયોગ કરતા હોવાનું જણાવ્યું છે. જો કે વર્તમાન સમયમાં આર્થિક સ્થિતિમાં સુધારો થતાં પ્રસંગોપાત ખોરાકમાં પુરી, લાપસી વગેરેનો પણ ઉપયોગ કરતા થયા છે. જે ખોરાકની બાબતમાં ડાંગમાં આંશિક પરિવર્તનનો નિર્દેશ કરે છે.

## કોષ્ટક નં.૫.૩૦

## સ્ત્રીઓના પહેરવેશ અંગેનું વર્ગીકરણ

| ક્રમ | સ્ત્રીઓનો પહેરવેશ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | પરંપરાગત નવવારની સાડી | ૧૨૪ | ૪૧.૩૩ |
| ૨. | ગુજરાતી સાડી | ૧૭૬ | ૫૮.૬૭ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરના કોષ્ટક ૫.૩૦માં સ્ત્રીઓના પહેરવેશ અંગેનું વર્ગીકરણ કરતાં એવું જાણવા મળ્યું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓની સ્ત્રીઓ ક્યા પ્રકારનો પહેરવેશ પહેરે છે તે જાણવાની કોશિષ કરી છે. કુલ ઉત્તરદાતાઓની સ્ત્રીઓમાંથી ૧૨૪ (૪૧.૩૩ ટકા) ઉત્તરદાતાઓની સ્ત્રીઓ પરંપરાગત નવવારની મરાઠી સાડી પહેરતી હોવાનું જાણાવ્યું છે. જ્યારે ૧૭૬ (૫૮.૬૭ ટકા) ઉત્તરદાતાઓની સ્ત્રીઓ ગુજરાતી સાડી પહેરતી હોવાનું જાણાયું છે.

અભ્યાસમાં લીધેલી ડાંગની જુદી જુદી જનજાતિની સ્ત્રીઓ ક્યા પ્રકારનો પહેરવેશ પહેરે છે, તે જાણવા પ્રયાસ કરતાં એવું જાણાયું છે કે, પહેલાં ડાંગની અભણ અને ઓછું ભણેલી સ્ત્રીઓ મોટાભાગે પરંપરાગત નવવારની મરાઠી સાડી જ પહેરતી હતી. ખૂબ ઓછી સ્ત્રીઓ ગુજરાતી સાડી પહેરતી હતી. તે પણ વધુ ભણેલી સ્ત્રીઓ જ ગુજરાતી સાડી પહેરતી હતી. પરંતુ વર્તમાન સમયમાં નવી પેઢીની બધીજ સ્ત્રીઓ અભણ અને ઓછું ભણેલી હોવા છતાં ગુજરાતી સાડી જ પહેરતી હોવાનું જાણાયું છે. જે પરંપરાગત નવવારની મરાઠી સાડી પહેરતી ૪૧.૩૩ ટકા સ્ત્રીઓ મોટાભાગે ૫૦ વર્ષથી મોટી ઉંમરની હોવાનું જાણાયું છે. એનો અર્થ એ થયો કે ડાંગમાં જુની પેઢીની સ્ત્રીઓમાં જ પરંપરાગત પહેરવેશ જોવા મળે છે. જ્યારે નવી પેઢીની સ્ત્રીઓ મોટાભાગે ગુજરાતી  આધુનિક સાડી પહેરતી હોવાનું અભ્યાસ દ્વારા જાણવા મળ્યું છે. ટૂંકમાં ડાંગમાં સ્ત્રીઓના પહેરવેશની બાબતમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું હોવાનું જાણાયું છે.

## કોષ્ટક નં.૫.૩૧

## સ્ત્રીઓનાં ઘરેણાં અંગેનું વર્ગીકરણ

| ક્રમ | સ્ત્રીઓનાં ઘરેણાં | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | નાકની નથ | ૫૨ | ૧૭.૩૩ |
| ૨. | બાજુબંધ | ૭૭ | ૨૫.૬૭ |
| ૩. | પરંપરાગત ચાંદીનાં સિકકાવાળો હાર | ૬૦ | ૨૦ |
| ૪. | ગળામાં પહેરવાની કંઠી (ચાંદીની) | ૪૦ | ૧૩.૩૩ |
| ૫. | સોના કે ચાંદીનું મંગલસૂત્ર | ૨૩૯ | ૭૯.૬૭ |
| ૬. | પગના સાંકળા | ૨૩૮ | ૭૯.૩૩ |

ઉપરના કોષ્ટક નં.૫.૩૧માં ઉત્તરદાતાઓની સ્ત્રીઓ કેવા પ્રકારના ઘરેણા પહેરે છે, તે જાણવાનો પ્રયાસ કર્યો છે. કુલ ૩૦૦ ઉત્તરદાતાઓની સ્ત્રીઓનો અભ્યાસ કરતાં ઘરેણાની બાબતમાં એવું જાણાયું છે કે (૧) કુલ ઉત્તરદાતાઓની સ્ત્રીઓમાંથી ૫૨ (૧૭.૩૩ ટકા) સ્ત્રીઓ નાકમાં નથ પહેરતી હોવાનું જણાવ્યું. (૨) કુલ ઉત્તરદાતાઓની સ્ત્રીઓમાંથી ૭૭ (૨૫.૬૭ ટકા) સ્ત્રીઓ બાજુબંધ પહેરતી હોવાનું માલુમ પડ્યું. (૩) કુલ ઉત્તરદાતાઓની સ્ત્રીઓમાંથી ૬૦ (૨૦ ટકા) સ્ત્રીઓ પરંપરાગત ચાંદીના સિકકાવાળો હાર પહેરતી હોવાનું જણાયું. (૪) કુલ ઉત્તરદાતાઓની સ્ત્રીઓમાંથી ૪૦ (૧૩.૩૩ ટકા) સ્ત્રીઓ ગળામાં પહેરવાની કંઠી (ચાંદીની) પહેરતી હોવાનું જણાયું છે. (૫) કુલ ઉત્તરદાતાઓની સ્ત્રીઓમાંથી ૨૩૯ (૭૯.૬૭ ટકા) સ્ત્રીઓ સોના કે ચાંદીનું મંગલસૂત્ર પહેરતી હોવાનું જણાયું જ્યારે (૬) કુલ ઉત્તરદાતાઓની સ્ત્રીઓમાંથી ૨૩૮ (૭૯.૩૩ ટકા) સ્ત્રીઓ પગમાં સાંકળાં પહેરતી હોવાનું માલુમ પડ્યું છે.

ડાંગમાં ઘરેણાં પહેરવાની બાબતમાં સ્ત્રીઓમાં વૈવિધ્યતા જોવા મળે છે. ડાંગી સ્ત્રીઓમાં ઘરેણાની બાબતમાં નાકની નથ, બાજુબંધ, ચાંદીના સિકકાવાળો હાર, ગળામાં પહેરવાની કંઠી વગેરે પરંપરાગત ઘરેણા છે. આ ઘરેણાં મોટી ઉંમરની વયોવૃદ્ધ સ્ત્રીઓમાં પહેરવાનું ચલણ વિશેષ જોવા મળે છે. જ્યારે નવી પેઢીની સ્ત્રીઓમાં આ ઘરેણાં પહેરવાનું પ્રમાણ નહિવત્ છે. સામાન્ય રીતે નવી પેઢીની સ્ત્રીઓમાં સોના કે ચાંદીનું મંગલસૂત્ર અને પગનાં

સાંકળાં સ્વરૂપનાં ઘરેણાં પહેરવાનું પ્રમાણ સવિશેષ જોવા મળે છે. અભ્યાસ હેઠળનાં આંકડા પરથી સ્પષ્ટ થાય છે કે, વર્તમાન સમયમાં નવી પેઢીની સ્ત્રીઓ સોના કે ચાંદીનાં મંગલસૂત્ર અને પગમાં સાંકળાં પહેરવાનું પ્રમાણ અનુક્રમે ૭૯.૬૭ ટકા અને ૭૯.૩૩ ટકા જેટલું જાણવા મળે છે. આ આંકડા પરથી સ્પષ્ટ થાય છે કે, ડાંગમાં વર્તમાન સમયમાં ઘરેણાં પહેરવાની બાબતમાં ઘણો બદલાવ આવેલું જોવા મળે છે.

## કોષ્ટક નં.૫.૩૨

## પુરુષોના પહેરવેશ અંગેનું વર્ગીકરણ

| ક્રમ | પુરુષોનો પહેરવેશ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ટૂંકું પાટલૂન, ખમીસ અને ગાંધી ટોપી | ૮૨ | ૨૭.૩૩ |
| ૨. | પેન્ટ, શર્ટ | ૨૧૮ | ૭૨.૬૭ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

કોષ્ટક નં.૫.૩૨માં ઉત્તરદાતા પુરુષ સભ્યોના પહેરવેશ કયા પ્રકારનો છે, તે અંગેનું વર્ગીકરણ કરતાં એવું જાણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી પુરુષ સભ્યોના પહેરવેશમાં ૮૨ (૨૭.૩૩ ટકા) ઉત્તરદાતાઓ પહેરવેશની બાબતમાં ટૂંકું પાટલૂન, ખમીસ અને ગાંધી ટોપી પહેરતાં હોવાનું જાણાયું છે. જ્યારે ૨૧૮ (૭૨.૬૭ ટકા) પુરુષ સભ્યો પેન્ટ અને શર્ટ પોશાક તરીકે પહેરતા હોવાનું જાણાયું છે.

ડાંગમાં પુરુષોના પોષાકની બાબતમાં પહેલાંના સમયમાં ધોતિયાં સ્વરૂપની પોતડી, ખમીસ અને ગાંધી ટોપી પહેરતા હતા. સમય જતાં ધોતિયાને બદલે ટૂંકું પાટલૂન, ખમીસ અને ગાંધી ટોપી સ્વરૂપનો પોશાક પહેરતા થયા. ધોતિયા સ્વરૂપની પોતડી પહેરનારા પુરુષ સભ્યો વર્તમાન સમયમાં ડાંગમાં નહિવત્ જોવા મળે છે. પરંતુ તેની જવાબદારી ટૂંકું પાટલૂન, ખમીસ અને ગાંધી ટોપી સામાન્ય પહેરવેશ તરીકે પુરુષોનો પોષાક હતો. પરંતુ વર્તમાન સમયમાં પરંપરાગત પોશાકને બદલે પુરુષોમાં પેન્ટ અને શર્ટ સ્વરૂપનો પોશાક પહેરતા હોય તેનું પ્રમાણ વધુ જોવા મળે છે. કારણ કે આંકડાઓ પરથી પણ સ્પષ્ટ થાય છે કે, કુલ ઉત્તરદાતાઓમાંથી ૭૨.૬૭ ટકા પુરુષો પેન્ટ અને શર્ટ પોશાક તરીકે પહેરવેશ પહેરતા હોવાનું જાણાયું છે. અર્થાત્ ડાંગમાં પુરુષોના પહેરવેશમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું હોવાનું જણાવ્યું છે.

## કોષ્ટક નં.૫.૩૩

## કઈ ભાષા બોલે છે તે અંગેનું વર્ગીકરણ

| ક્રમ | કઈ ભાષા બોલે છે | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ડાંગીબોલી | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | ગુજરાતી | ૨૧૫ | ૭૧.૬૭ |
| ૩. | મરાઠી | ૧૪૫ | ૪૮.૩૩ |
| ૪. | ઉપરની ત્રણેય | ૧૪૫ | ૪૮.૩૩ |

ઉપરોક્ત કોષ્ટકમાં ઉત્તરદાતાઓ ક્યા પ્રકારની ભાષા કે બોલી બોલે છે, તે અંગેનું વર્ગીકરણ કરતાં જાણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી (૧) ૩૦૦ (૧૦૦ ટકા) બધા જ ઉત્તરદાતાઓ ડાંગી બોલી બોલતા હોવાનું જાણાયું છે. (૨) કુલ ઉત્તરદાતાઓમાંથી ૨૧૫ (૭૧.૬૭ ટકા) લોકો ડાંગી બોલીની સાથે ગુજરાતી ભાષા પણ બોલતા હોવાનું જાણાયું છે. (૩) કુલ ઉત્તરદાતાઓમાંથી ૧૪૫ (૪૮.૩૩ ટકા) ઉત્તરદાતાઓ મરાઠી ભાષા પણ બોલતા હોવાનું જાણાયું છે. જ્યારે (૪) કુલ ઉત્તરદાતાઓમાંથી ૧૪૫ (૪૮.૩૩ ટકા) ઉત્તરદાતાઓ ઉપરની ત્રણેય ભાષા કે બોલી બોલતા હોવાનું જાણાયું છે.

ડાંગ જિલ્લામાં સામાન્ય રીતે ત્યાંની સ્થાનિક ડાંગીબોલી ડાંગના લોકો બોલતા હોવાનું જાણાયું છે. બધા જ પ્રકારના વ્યવહારોમાં ડાંગી બોલીનો જ ઉપયોગ કરે છે. તેમ છતાં ઓફિસ, ધંધા-રોજગાર, વેપાર વગેરે ક્ષેત્રે પરસ્પરના વ્યવહારમાં ગુજરાતી ભાષાનો પણ સારી રીતે ઉપયોગ કરે છે. કારણ કે અભ્યાસ હેઠળના ૭૧.૬૭ ટકા લોકો ગુજરાતી ભાષા સારી રીતે બોલતા હોવાનું જાણાયું છે. પહેલાંના સમયમાં ડાંગમાં સંપૂર્ણપણે ડાંગી બોલીનો જ ઉપયોગ થતો હતો. તેના બદલે વર્તમાન સમયમાં શિક્ષણનું પ્રમાણ વધવાને કારણે સ્થાનિક ડાંગના લોકો પોતાના ઘરમાં પણ ગુજરાતી ભાષા દ્વારા વ્યવહાર કરતા જોવા મળ્યા છે. ઉપરાંત કોઈ સરકારી કર્મચારી ગામમાં આવ્યા હોય તો તેમની સાથે ગુજરાતીમાં જ બોલવાનો વ્યવહાર કરતા હોવાનું અભ્યાસ દ્વારા જાણવા મળ્યું છે. જો કે મહારાષ્ટ્રની સરહદ ઉપરનાં ગામડાઓમાં વસવાટ કરતા લોકો ડાંગી બોલી, ગુજરાતી ભાષાની સાથે મરાઠી ભાષા પણ મારી રીતે બોલતા હોવાનું જાણાવ્યું છે. ટૂંકમાં ડાંગમાં ભાષા બોલવાની બાબતમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે.

## કોષ્ટક નં.૫.૩૪

## સમૂહ નૃત્યમાં ભાગ લે છે કે કેમ? તે અંગેનું વર્ગીકરણ

| ક્રમ | સમૂહ નૃત્ય | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૨૩૫ | ૭૮.૩૩ |
| ૨. | ના | ૬૫ | ૨૧.૬૭ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક નં. ૫.૩૪ માં ઉત્તરદાતાઓ સમૂહ નૃત્યમાં ભાગ લે છે કે કેમ, તે અંગેનું વિશ્લેષણ કરતાં એવું જણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૨૩૫ (૭૮.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ તેમના સ્થાનિક ડાંગી નૃત્યમાં સમૂહમાં નૃત્ય કરતા હોવાનું જણાવ્યું છે. જ્યારે ૬૫ (૨૧.૬૭ ટકા) ઉત્તરદાતાઓએ ડાંગી નૃત્યમાં સમૂહમાં નૃત્ય ન કરતાં હોવાનું જણાવ્યું છે.

ડાંગમાં પરંપરાગત ડાંગી સમૂહ નૃત્ય એ ડાંગની નૃત્યની એક વિશિષ્ટ ઓળખ છે. ડાંગના મોટાભાગના નૃત્ય સમૂહ નૃત્ય સ્વરૂપના નૃત્ય છે. પછી તે 'કાહુલ્યા નૃત્ય' હોય કે 'પાવરી નૃત્ય' કે 'ઠાકર્યા નૃત્ય' હોય- મોટાભાગના નૃત્ય સમૂહમાં જ નૃત્ય થતા હોવાનું જણાયું છે. પરંતુ વર્તમાન સમયમાં આધુનિકતાનાં ઓઠાં હેઠળ શિક્ષિત વર્ગના ડાંગના લોકો સમૂહ નૃત્યથી વિમુખ બનતા ગયા હોવાનું જણાયું છે. તેમ છતાં ડાંગી નૃત્યમાં પ્રસંગોપાત સમૂહ નૃત્ય કરવાનું પ્રમાણ હજું ટકી રહ્યું હોવાનું અભ્યાસ હેઠળનાં આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે. આમ, સમૂહ નૃત્યની બાબતમાં ખાસ પરિવર્તન આવેલું જોવા મળતું નથી.

## કોષ્ટક નં. ૫.૩૫

## ક્યા પ્રસંગોએ સમૂહમાં નૃત્ય કરવામાં આવે છે તે અંગેનું વર્ગીકરણ

| ક્રમ | ક્યા પ્રસંગોએ સમૂહ નૃત્ય | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હોળી | ૧૨૧ | ૪૦.૩૩ |
| ૨. | લગ્ન | ૧૯૯ | ૬૬.૩૩ |
| ૩. | ડુંગરદેવીના ઉત્સવ પ્રસંગે | ૯૯ | ૩૩ |
| ૪. | દેવ વરાળેનાં પ્રસંગે | ૯૯ | ૩૩ |

ઉપરના કોઠામાં ઉત્તરદાતાઓ ક્યા-ક્યા પ્રસંગોએ સમૂહમાં નૃત્ય કરે છે, તે અંગેનું વર્ગીકરણ કરતાં જાણાયું છે કે કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી (૧) હોળીના પ્રસંગે સમૂહ નૃત્ય કરતા હોય તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૧૨૧ (૪૦.૩૩ ટકા) હોવાનું જાણાયું છે. (૨) લગ્ન પ્રસંગે સમૂહ નૃત્ય કરતા હોય તેવા કુલ ઉત્તરદાતાઓમાંથી ૧૯૯ (૬૬.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ હુકારમાં જવાબ આપ્યો હતો. (૩) ડુંગરદેવીના ઉત્સવ પ્રસંગે સમૂહ નૃત્ય કરતાં હોય તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૯૯ (૩૩ ટકા) હોવાનું જાણાયું છે. જ્યારે (૪) દેવવરોળના પ્રસંગે સમૂહ નૃત્ય કરતા હોય તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૯૯ (૩૩ ટકા) હોવાનું જાણાયું છે.

ડાંગના લોકો જુદા જુદા સામાજિક, ધાર્મિક ઉત્સવ વગેરે પ્રસંગોએ જુદા જુદા પ્રકારનું સમૂહ નૃત્ય કરતા હોય છે. ખરેખર ડાંગીઓ આનંદ અને ઉત્સવપ્રિય પ્રજા છે. અભ્યાસ દ્વારા એવું જાણવા મળ્યું કે ડાંગમાં આખા વર્ષ દરમિયાન લોકનૃત્યનું ઋતુચક્ર પણ ફરતુ હોવાનું જણાય છે. જેમકે 'જેઠ' મહિનાથી 'આસો' મહિના સુધી પાવરી નૃત્ય અને 'ઠાકર્યા નૃત્ય' જ કરવાનું હોય છે. આ સમયગાળામાં 'કાહુલ્યા નૃત્ય' વર્જ્ય ગણાય છે. માગસર અને પોષ મહિનાને ડાંગ ના લોકો 'દેવીના મહિના' ગણે છે. આ સમયગાળામાં 'ડુંગરદેવી' અને 'દેવવરાળે' જેવા દેવી-દેવતાને પ્રસન્ન કરવા માટે 'ધાર્મિક ઉત્સવ' ઉજવે છે. આ પ્રસંગે ડાંગના લોકો સમૂહમાં નૃત્ય કરે છે. પરંતુ તેની એક નોંધપાત્ર બાબત એ છે કે, 'ડુંગરદેવ' પ્રસંગમાં માત્ર પુરુષો જ સમૂહમાં નૃત્ય કરે છે. જ્યારે સ્ત્રીઓ નાચતા પુરુષવૃંદની આરતી ઉતારીને 'ડુંગરદેવી'ની પ્રાર્થના કરે છે. જ્યારે 'દેવવરાળે' ધાર્મિક પ્રસંગે પુરુષો અને સ્ત્રીઓ સમૂહમાં દેવી-દેવતાને પ્રસન્ન કરવા નૃત્ય કરે છે. બીજી એક નોંધપાત્ર બાબત એ પણ જાણવા મળી છે કે, 'ઠાકર્યા નૃત્ય'માં 'કસરતના કરતબ' અજમાવવાના હોવાથી આ નૃત્યમાં પણ સ્ત્રીઓની ભાગીદારી હોતી નથી. એટલે કે, આ નૃત્ય પણ સમૂહમાં પુરુષો જ કરતા હોવાનું જાણાયું છે, એ જ રીતે 'કાહુલ્યા નૃત્ય' હોળી તેમજ લગ્ન પ્રસંગે કરવામાં આવતું સમૂહ નૃત્ય છે. ટૂંકમાં બધા સારા પ્રસંગોએ 'કાહુલ્યા નૃત્ય' નું વિશેષ મહત્વ હોવાનું ડાંગની વિશેષ ઓળખ હોવાનું જણાય છે. જો કે, મારા આ અભ્યાસમાં ડાંગનું 'થાળી વાદ્ય' વિશેની એક વિશેષ ઓળખ મળી છે. 'થાળી' એ એક 'વાદ્ય' છે. ડાંગમાં 'થાળી નૃત્ય' છે જ નહીં. 'થાળી' એ પ્રકારનું 'વાદ્ય' છે. જેમાં થાળી વગાડનાર

અને તેને સહાયક એક બીજી વ્યક્તિ આ બે વ્યક્તિઓ દ્વારા જન્મ, મૃત્યુ, ધાર્મિક વગેરે પ્રસંગે-પ્રસંગ અનુરૂપ જુદા જુદા પ્રકારની 'કથાઓ' થાળી વગાડીને કરવામાં આવે છે. બાકી બધા લોકો એ થાળીના 'નાદ' સાથે 'કથા'નું શાંતિથી, ધ્યાનથી શ્રવણ કરે છે અને કથાનો 'મર્મ' સમજવા પ્રયાસ કરે છે. 'ડાંગી કથાઓ' મોટાભાગે સારું જીવન જીવવા માટે 'બોધપાઠ' સ્વરૂપની હોય છે. જેના ઉપર એક વિશેષ સંશોધનાત્મક અભ્યાસ થઈ શકે છે. ટૂંકમાં ડાંગમાં જુદા-જુદા પ્રસંગોએ સમૂહ નૃત્ય કરવાનું વલણ હજું ચાલુ હોવાનું અભ્યાસ દ્વારા જણાયું છે. જેમાં ખાસ કોઈ પરિવર્તન આવ્યું હોય એવું જોવા મળતું નથી.

## કોષ્ટક નં.૫.૩૬

## પરંપરાગત સાધનો અંગેનું વર્ગીકરણ

| ક્રમ | પરંપરાગત સાધનો | પહેલાંના સમયમાં અને હાલના સમયમાં- | હા/ના | સંખ્યા | ટકા |
|---|---|---|---|---|---|
| ૧. | માછલાં પકડવાની જાળ | પહેલાં | હા | ૨૦૬ | ૬૮.૬૭ |
| | | | ના | ૯૪ | ૩૧.૩૩ |
| | | હાલમાં | હા | ૭૨ | ૨૪ |
| | | | ના | ૨૨૮ | ૭૬ |
| ૨. | શિકારનાં સાધનો | પહેલાં | હા | ૨૦૭ | ૬૯ |
| | | | ના | ૯૩ | ૩૧ |
| | | હાલમાં | હા | ૭૪ | ૨૪.૬૭ |
| | | | ના | ૨૨૬ | ૭૫.૩૩ |
| ૩. | અનાજ ભરવાની કોઠી | પહેલાં | હા | ૩૦૦ | ૧૦૦ |
| | | | ના | ૦૦ | ૦૦ |
| | | હાલમાં | હા | ૩૦૦ | ૧૦૦ |
| | | | ના | ૦૦ | ૦૦ |
| ૪. | દેશી ઘંટી | પહેલાં | હા | ૨૯૫ | ૯૮.૩૩ |
| | | | ના | ૫ | ૧.૬૭ |
| | | હાલમાં | હા | ૧૩૨ | ૪૪ |
| | | | ના | ૧૬૮ | ૫૬ |
| ૫. | સંગીતના સાધનો | પહેલાં | હા | ૧૪૭ | ૪૯ |
| | | | ના | ૧૫૩ | ૫૧ |
| | | હાલમાં | હા | ૭૨ | ૨૪ |
| | | | ના | ૨૨૮ | ૭૬ |
| ૬. | ખાંડણિયો | પહેલાં | હા | ૨૮૮ | ૯૬ |
| | | | ના | ૧૨ | ૪ |
| | | હાલમાં | હા | ૧૩૪ | ૪૪.૬૭ |
| | | | ના | ૧૬૬ | ૫૫.૩૩ |
| ૭. | અન્ય | - | - | - | - |

ઉપરોક્ત કોષ્ટક ૫.૩૬માં ઉત્તરદાતાઓના પરંપરાગત સાધનો અંગેનું વર્ગીકરણ સંયુક્ત

રીતે કરવામાં આવ્યું છે. આંકડાકીય માહિતી દ્વારા પહેલાના સમયમાં ક્યા પરંપરાગત સાધનોનો ઉપયોગ કરતા હતા અને હાલમાં એ પરંપરાગત સાધનોનો ઉપયોગ કેટલે અંશે ટકી રહ્યો છે. તે બાબતમાં શું તફાવત છે, તે અંગે જાણી શકાયું છે.

અભ્યાસ હેઠળના કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી (૧) માછલાં પકડવાની જાળ- પહેલાના સમયમાં ૨૦૬ (૬૮.૬૭ ટકા) ઉત્તરદાતાઓ પાસે હતી. એવું જાણવા મળ્યું છે. એ જ રીતે ૯૪ (૩૧.૩૩ ટકા) ઉત્તરદાતાઓ પાસે પહેલાંના સમયમાં માછલાં પકડવાની જાળ ન હોવાનું નોંધાયું છે. જ્યારે હાલમાં ૭૨ (૨૪.૦૦ ટકા) ઉત્તરદાતાઓ પાસે જ માછલાં પકડવાની જાળ હોવાનું નોંધાયું છે. જ્યારે ૨૨૮ (૭૬ ટકા) ઉત્તરદાતાઓ પાસે હાલમાં માછલાં પકડવાની જાળ ન હોવાનું નોંધાયું છે.

ડાંગનાં લોકો માછલાં પકડવાની જુદી જુદી પદ્ધતિ અપનાવે છે. જેમાં સ્થાનિક કક્ષાએ હાથથી બનાવેલી 'મળી', 'મળા', 'કેટવા' વગેરે સાધનોનો ઉપયોગ કરીને માછલી પકડતા હોય છે. ઉપરાંત 'જાળ' સ્વરૂપના માછલી પકડવાના સાધનોમાં 'ભાળી', 'શોકયા', 'કંડાણા' વગેરેનો ઉપયોગ કરતા હોય છે. પહેલાંના સમયમાં મોટાભાગના લોકો પાસેથી માછલી પકડવાના સાધનો હોવાનું આંકડાકીય માહિતી દ્વારા જાણવા મળે છે. પરંતુ વર્તમાન સમયમાં માછલી પકડવાના સાધનો ઘણા ઓછા લોકો પાસે હોવાનું જાણાયું છે. તેની પાછળનું મુખ્ય કારણ એ છે કે, વર્તમાન સમયમાં શિક્ષિત અને નવી પેઢીના સભ્યો તેમજ જુદા જુદા ધર્મના સંપ્રદાય સાથે જોડાયેલા લોકો માછીમારીની પ્રવૃતિને તુચ્છ ગણવા લાગ્યા છે. ઉપરાંત વર્તમાન સમયમાં શિક્ષિતો, સંપ્રદાયમાં માનતા લોકો શાકાહારી ખોરાક તરફ વળ્યા હોવાથી પણ વર્તમાન સમયમાં માછીમારીની પ્રવૃતિ ઓછી થઈ હોવાનું જાણાય છે. આમ, ડાંગમાં માછલી પકડવાની પ્રવૃતિ ધીમે-ધીમે ઓછી થતી જાય છે. તે ડાંગમાં આ પ્રવૃતિની બાબતમાં આવેલું પરિવર્તન સૂચવે છે.

(૨) શિકારનાં સાધનો- કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી પહેલાંના સમયમાં શિકારનાં સાધનો ધરાવતા હોય તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૨૦૭ (૬૯.૦૦ ટકા) હોવાનું જાણાયું છે. એ જ રીતે ૯૩ (૩૧.૦૦ ટકા) ઉત્તરદાતાઓ પાસે પહેલાના સમયમાં પણ શિકારના સાધનો ન હોવાનું નોંધાયું છે. જ્યારે વર્તમાન સમયમાં ૭૪ (૨૪.૬૭ ટકા) ઉત્તરદાતાઓ પાસે જ કોઈને કોઈ સ્વરૂપના શિકારના સાધનો હોવાનું જાણાયું છે. એ જ રીતે ૨૨૬

(૭૫.૩૩ ટકા) ઉત્તરદાતાઓ પાસે હાલમાં કોઈ પણ પ્રકારના શિકારનાં સાધનો ન હોવાનું જણાયું છે.

ડાંગ વિશાળ જંગલ આધારિત વિસ્તાર છે. ત્યાં વસવાટ કરતા જુદી જુદી જનજાતિના લોકો જંગલમાંથી વન્ય પશુ-પક્ષીઓનો શિકાર કરવા માટે જુદા-જુદા પ્રકારનાં શિકારનાં સાધનો ધરાવતાં હતાં. આવા શિકારનાં સાધનોમાં સામાન્ય રીતે 'ગિલોલ', 'ધનુષ્ય-બાણ', 'બંદૂક', 'ફાંસો' વગેરેનો ઉપયોગ કરે છે. જો કે, વર્તમાન સમયમાં આ બધા શિકારનાં સાધનોનો ઉપયોગ ધીમે-ધીમે ઘટતું ગયું છે. જે અભ્યાસનાં આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે. આ સાધનો ઓછાં થવા પાછળનું મુખ્ય કારણ વન્ય પશુ-પક્ષીઓનું પ્રમાણ ઘટવાની સાથો-સાથ શિક્ષણનું પ્રમાણ વધતા નવી પેઢી આ પ્રકારના શિકારની પ્રવૃતિને નિમ્ન અને હિન કક્ષાની ગણવા લાગી છે. આમ, વર્તમાન સમયમાં ડાંગમાં શિકાર કરવાની લોકોની માનસિકતામાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું હોવાનું જણાયું છે.

(૩) અનાજ ભરવાની કોઠી- (પાલાં)- કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી પહેલાંના સમયમાં બધાજ ઉત્તરદાતાઓના ઘરમાં અનાજ ભરવા માટે અનાજ ભરવાની કોઠી (પાલાં) હોવાનું જણાવ્યું છે. જ્યારે હાલમાં પણ બધાજ એટલે કે ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓના ઘરે અનાજ ભરવા માટે કોઠી (પાલા)નો જ ઉપયોગ કરતા હોવાનો જવાબ મળ્યો છે. એટલે કે, અનાજ ભરવા માટેની કોઠીનો ઉપયોગ પહેલાં કે હાલમાં ઉપયોગ ન કરતા હોય એવા એકપણ ઉત્તરદાતાએ જવાબ આપ્યો નથી.

ડાંગના લોકો પોતાના ઘરમાં અનાજ ભરવા માટે સામાન્ય રીતે જુદા જુદા પ્રકારના સાધનોનો ઉપયોગ કરે છે. જે વસ્તુઓ મોટાભાગે વાંસમાંથી બનાવેલી હોંય છે. જેમકે 'ટોપલી', 'ટોપલાં', 'પાલા' વગેરેનો સમાવેશ થાય છે. અનાજ ભરવાની સાથોસાથ અનાજ ભરીને લાંબા સમય સુધી સાચવી રાખવા માટે ડાંગના લોકો વાંસમાંથી બનાવેલી 'કોઠી' જેને ડાંગના લોકો 'મુશકી' તરીકે ઓળખાવે છે. તેનો ઉપયોગ કરે છે. ડાંગમાં અનાજ ભરીને લાંબા સમય સુધી સાચવવા માટે હજું પણ એ 'પાલા' (મુશકી)નો જ ઉપયોગ થતો હોવાનો અભ્યાસના આંકડા પરથી સ્પષ્ટ થાય છે. આમ, આ બાબતમાં ખાસ પરિવર્તન જોવા મળતું નથી.

(૪) દેશી ઘંટી: (ઘંટુલી): અભ્યાસ હેઠળના કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી પહેલાંના

સમયમાં ૨૯૫ (૯૮.૩૩ ટકા) ઉત્તરદાતાઓના ઘરે દેશી ઘંટી હોવાનું માલુમ પડ્યું છે. એ જ રીતે પહેલેથી જ જેમના ઘરે દેશી ઘંટી ન હોય તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૫ (૧.૬૭ ટકા) હોવાનું જણાયું છે. જ્યારે હાલમાં ૧૩૨ (૪૪ ટકા) ઉત્તરદાતાઓના ઘરમાં જ દેશી ઘંટી હોવાનું જણાયું છે. એ જ રીતે ૧૬૮ (૫૬ ટકા) ઉત્તરદાતાઓના ઘરે વર્તમાન સમયમાં દેશી ઘંટી ન હોવાનું આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે.

ડાંગમાં પહેલાના સમયમાં હાલર સ્વરૂપની મોટી ઘંટીઓ ન હતી. તે સમયે દેશી ઘંટીનો ઉપયોગ અને વપરાશ વધુ પ્રમાણમાં થતો હતો. પરંતુ વર્તમાન સમયમાં લગભગ દરેક ગામમાં હાલર સ્વરૂપની ઘંટીઓનું પ્રમાણ વધતા હાથથી ચલાવવામાં આવતી દેશી ઘરઘંટીનું પ્રમાણ ધીમે-ધીમે ઘટતું ગયું છે. તેની પાછળનું મુખ્ય કારણ એ છે કે દેશી ઘંટીથી અનાજ દળવા માટે વધુ સમયનો વ્યય થતો હોવાનું ઉપરાંત વર્તમાન સમયમાં નવી પેઢીની સ્ત્રીઓ આવું શ્રમવાળું કામ તેમને કંટાળાજનક લાગવા મંડ્યું છે તેમજ લોકોની આર્થિક સ્થિતિમાં સુધારો થતાં રૂપિયા આપીને લોટ દળાવી લેવાનું માનસ વિકસતાં દેશી ઘરઘંટીનું પ્રમાણ ધીમે-ધીમે ઘટતું ગયું હોવાનું આંકડાઓ પરથી સ્પષ્ટ થયું છે. ટૂંકમાં દેશી ઘરઘંટીના ઉપયોગ અને વપરાશની બાબતમાં ડાંગમાં નોંધપાત્ર પરિવર્તન જોઈ શકાય છે.

(૫) સંગીતના સાધનો- અભ્યાસ હેઠળના કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી પહેલાંના સમયમાં ૧૪૭ (૪૯ ટકા) ઉત્તરદાતાઓના ઘરે કોઈને કોઈ સ્વરૂપના સંગીતનાં સાધનો હોવાનું જણાયું છે. એ જ રીતે ૧૫૩ (૫૧ ટકા) ઉત્તરદાતાઓના ઘરે પહેલાંના સમયમાં કોઈ સંગીતનાં સાધનો ન હોવાનું જણાયું છે. જ્યારે વર્તમાન સમયમાં માત્ર ૭૨ (૨૪ ટકા) ઉત્તરદાતાઓના ઘરે જ કોઈને કોઈ સ્વરૂપના સંગીતનાં સાધનો હોવાનું જણાયું છે. એ જ રીતે ૨૨૮ (૭૬ ટકા) ઉત્તરદાતાઓના ઘરે કોઈ પ્રકારના સંગીતના સાધનો હાલમાં નથી એવું આંકડા દ્વારા સ્પષ્ટ થયું છે.

ડાંગમાં સામાન્ય રીતે વિવિધ પ્રકારનાં પરંપરાગત સંગીતના સાધનો અસ્તિત્વ ધરાવે છે. જેમકે, 'ઢોલકી', 'સાંબળ્યાં', 'મોહવરી પાવો', 'ઢોલક', 'કાહુલ્યા', 'પાવરી', 'માદળ' વગેરે સંગીતનાં સાધનો ડાંગમાં સામાન્ય રીતે સંગીતનાં સાધનો તરીકે સ્થાન ધરાવે છે. પહેલાંના સમયમાં મોટાભાગના ડાંગી લોકોનાં ઘરે આમાંથી કોઈને કોઈ એકાદ સંગીતનું સાધન હોવું એક સામાન્ય બાબત ગણાતી. પરંતુ વર્તમાન સમયમાં આ પરંપરાગત સંગીતનાં

સાધનોનું પ્રમાણ ઘટતું ગયું છે, અને તેનું મહત્વ પણ ઘટ્યું હોવાનું જણાયું છે. તેની પાછળનાં મુખ્ય કારણ સંગીતના 'ઓરકેસ્ટ્રા' સ્વરૂપનાં નવા સાધનો વિકસતા જૂનાં સાધનો પ્રત્યે ડાંગના લોકોમાં પણ અરૂચિનો ભાવ જાગ્યો હોય એવું જણાય છે. ટૂંકમાં ડાંગમાં પરંપરાગત સંગીતનાં સાધનોમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું હોવાનું આંકડાઓ દ્વારા સ્પષ્ટ થાય છે.

(૫) ખાંડણિયો: સંશોધન હેઠળના કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી પહેલાંના સમયમાં ૨૮૮ (૯૬.૦૦ ટકા) ઉત્તરદાતાઓના ઘરે ખાંડણિયો હોવાનું જણાયું છે. માત્ર ૧૨ (૪ ટકા) ઉત્તરદાતાઓના જ ઘરે ખાંડણીયો પહેલાંના સમયમાં ન હોવાનું જણાયું છે.

જ્યારે વર્તમાન સમયમાં ૧૩૪ (૪૪.૬૭ ટકા) ઉત્તરદાતાઓના ઘરે જ ખાંડણિયો હોવાનું જણાયું છે. એ જ રીતે ૧૬૬ (૫૫.૩૩ ટકા) ઉત્તરદાતાઓના ઘરે હાલમાં પરંપરાગત સ્વરૂપનો ખાંડણિયો ન હોવાનું જાણવા મળ્યું છે.

અર્થાત્ ડાંગ પ્રદેશમાં અનાજ સાફ કરવા માટે ખાંડણીયાનો ઉપયોગ સામાન્ય બાબત હતી. પરંતુ વર્તમાન સમયમાં મોટા હાલરો ગામડાંઓમાં પ્રવેશતાં પરંપરાગત અનાજ સાફ કરવાનું સાધન તરીકે ખાંડણિયાનું મહત્વ અને ઉપયોગ તદ્દન ફાટી ગયો હોવાનો અભ્યાસ દ્વારા સ્પષ્ટ થાય છે. એટલે કે પરંપરાગત અનાજ સાફ કરવાની બાબતમાં ખાંડણિયાનાં ઉપયોગની બાબતમાં જબરજસ્ત પરિવર્તન આવ્યું હોવાનું આંકડા દ્વારા પણ સ્પષ્ટ થાય છે.

## કોષ્ટક નં.૫.૩૭

## મૃત્યુબાદની વિધિ અંગેનું વર્ગીકરણ

| ક્રમ | મૃત્યુ બાદની વિધિ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | અગ્નિ સંસ્કાર | ૨૩૮ | ૭૯.૩૩ |
| ૨. | દફનવિધિ | ૬૨ | ૨૦.૬૭ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરના કોઠા દ્વારા ઉત્તરદાતાઓમાં મૃત્યુ બાદ કઈ વિધિ કરે છે? તે અંગેનું વર્ગીકરણ કરતાં જણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૨૩૮ (૭૯.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ માણસનાં મૃત્યુ બાદ અગ્નિ સંસ્કારની વિધિ કરતાં હોવાનું જણાવ્યું છે. જ્યારે ૬૨ (૨૦.૬૭

ટકા) ઉત્તરદાતાઓએ માણસનાં મૃત્યુ બાદ દફનવિધિ કરતાં હોવાનું અભ્યાસ દ્વારા જાણાયું છે.

સામાન્ય રીતે ડાંગના આદિવાસીઓમાં પરંપરાથી માણસના મૃત્યુ બાદ અગ્નિદાહ દેવાની વિધિ થતી આવી છે. હાલમાં પણ ત્યાંનાં આદિવાસીઓમાં માણસનાં મૃત્યુ પછી અગ્નિદાહ દેવાનો જ રિવાજ છે. અભ્યાસ દ્વારા આ બાબત સ્પષ્ટ થાય છે. પરંતુ બીજી બાજુ છેલ્લો ૨૫થી૩૦ વર્ષથી ડાંગમાં ખ્રિસ્તી ધર્મ પાળતાં લોકોનું પ્રમાણ વધ્યું છે. ખ્રિસ્તીઓ માણસનાં અવસાન બાદ તેને દફનાવવાની વિધિ કરે છે. ઉપરોક્ત અભ્યાસમાં જે ૨૦.૬૭ ટકા ઉત્તરદાતાઓએ માણસના અવસાન બાદ દફનાવવાની વિધિ કરે છે. એવો જવાબ આપેલ છે તે બધાજ ઉત્તરદાતાઓ ખ્રિસ્તી ધર્મ પાડનારાઓ છે. જે અભ્યાસ દ્વારા સ્પષ્ટ થયું છે. જ્યારે જે આદિવાસીઓ આદિવાસી ધર્મની સાથે હિન્દુ ધર્મ પાળે છે. તેઓ બધા જ માણસના મૃત્યુ બાદ અગ્નિદાહ આપવાની જ વિધિ કરે છે. એનો અર્થ એ થયો કે ડાંગમાં માણસનાં મૃત્યુ બાદની વિધિ સામાન્ય હિન્દુઓની જેમ જ અગ્નિસંસ્કારની વિધિ કરે છે. જે ડાંગમાં પરિવર્તનનો નિર્દેશ કરે છે.

## કોષ્ટક નં.૫.૩૮

## મૃત્યુબાદની ઉતરક્રિયાની વિધિ અંગેનું વર્ગીકરણ

| ક્રમ | મૃત્યુબાદની ઉતરક્રિયા | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | દાળો (દિવસ) | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | બારમું | ૭૮ | ૨૬ |
| ૩. | બન્ને | ૭૪ | ૨૪.૬૭ |

ઉપરના કોષ્ટક દ્વારા ઉત્તરદાતાઓમાં મૃત્યુબાદની ઉતરક્રિયા વિધિ અંગેનું વર્ગીકરણ કરતાં જાણાયું છે કે, ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી બધાજ એટલે કે, ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓએ માણસનાં અવસાન બાદ 'દાળા' (દિવસ)ની ઉતરક્રિયા કરતાં હોવાનું જાણાવ્યું છે. એ જ રીતે કુલ ઉત્તરદાતાઓમાંથી ૭૮ (૨૬ ટકા) ઉત્તરદાતાઓએ માણસનાં મૃત્યુ પછીની 'બારમા'ની વિધિ પણ કરતાં હોવાનું જાણાવ્યું છે. જ્યારે કુલ ઉત્તરદાતાઓમાંથી ૭૪ (૨૪.૬૭ ટકા) ઉત્તરદાતાઓએ 'દાળો' અને 'બારમું' બન્ને વિધિ કરતા હોવાનું જાણાવ્યું છે.

સામાન્ય રીતે હિન્દુ સમાજની જેમ આદિવાસી સમાજમાં પણ માણસનાં મૃત્યુબાદની ઉતરક્રિયાની વિધિ કરવાનો રિવાજ છે. આ મારા અભ્યાસ હેઠળનાં ડાંગ પ્રદેશની જુદી જુદી આદિવાસી જાતિઓમાં પણ મૃત્યુ બાદની ઉતરક્રિયાની વિધિ કરવાનો સામાન્ય રિવાજ છે. ડાંગના લોકો માણસના અવસાન બાદ, અગ્નિસંસ્કારની વિધિ પછીના ત્રીજા દિવસે 'દાળો' કરે છે. જેને ડાંગના લોકો 'દિસ-પાની' કહે છે.

'દિસ-પાની' એટલે ડાંગમાં મૃત્યુ પામેલ વ્યક્તિ પાછળ ત્રીજા દિવસે કરવામાં આવતી પાણી-ઢોળની વિધિ, ડાંગના લોકોમાં 'દાળા'ની વિધિના દિવસે થતી ક્રિયાને 'દિસ' કહે છે. ડાંગી આદિવાસી હિન્દુઓની સાથો-સાથ ડાંગના ખ્રિસ્તી આદિવાસીઓમાં પણ માણસનાં મૃત્યુ બાદ 'દિન-પાની'ની વિધિ જ કરે છે.

બીજી બાજુ ડાંગના શિક્ષિતો, આર્થિક સદ્ધરતા ધરાવતા લોકો તેમજ જય પરમાત્મા સંપ્રદાયમાં માનતા લોકો 'દિસ-પાની' ની સાથો-સાથ 'બારમા'ની વિધિ કરતાં હોવાનું પણ અભ્યાસ દ્વારા જાણાયું છે. 'દિસ-પાની'ની વિધિ 'ડાંગી ભગત' કરતાં હોય છે. જે ડાંગી ભગતને ડાંગના લોકો બ્રાહ્મણ અને બ્રાહ્મણવિધિથી જરાપણ ઉતરતી ગણતાં નથી. જ્યારે 'બારમા'ની વિધિ ડાંગના લોકો બ્રાહ્મણ પાસે કરાવતા હોવાનું જાણાવ્યું છે.

આમ, ડાંગના લોકો મૃત્યુ બાદની ઉતરક્રિયાની વિધિમાં 'દાળો' (દિવસ)ની સાથો-સાથ 'બારમા'ની વિધિ પણ કરતા થયા છે. તે બાબત ડાંગના લોકોમાં મૃત્યુ બાદની ઉતરક્રિયાની વિધિમાં આવેલું પરિવર્તન દર્શાવે છે.

**કોષ્ટક નં.૫.૩૯**

**મૃત્યુબાદની વિધિમાં સમાજની મદદ અંગેનું વર્ગીકરણ**

| ક્રમ | મૃત્યુની વિધિમાં સમાજની મદદ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | આર્થિક મદદ | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | કપડાની મદદ | ૭૦ | ૨૩.૩૩ |
| ૩. | અન્ય | ૦૦ | ૦૦ |

ઉપરોક્ત કોષ્ટક ૫.૩૯માં મૃત્યુબાદની વિધિમાં સમાજ કોઈ આર્થિક, કપડા વગેરેની મદદ આપે છે કે કેમ? તે અંગેનું વર્ગીકરણ કરતાં જાણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી

બધા જ એટલે કે ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓએ મૃત્યુની વિધિમાં સમાજ તરફથી આર્થિક મદદ મળતી હોવાનું જાણાયું છે. જ્યારે કુલ ઉત્તરદાતાઓમાંથી ૭૦ (૨૩.૩૩ ટકા) ઉત્તરદાતાઓને મૃત્યુ પછી 'દાળા' (દિસ-પાની) ની વિધિ વખતે સગા-સંબંધીઓ તરફથી કપડાની મદદ મળતી હોવાનું અભ્યાસ દ્વારા જાણાયું છે.

પ્રત્યેક સમાજમાં માણસનાં મૃત્યુબાદની સામાન્ય ક્રિયા કરવાનો રિવાજ છે. જેમકે, માણસના મૃત્યુબાદ અગ્નિસંસ્કાર કે દફનવિધિ વગેરે કરવામાં આવતી હોય છે. ડાંગમાં પણ ધર્મ આધારિત આ બંને વિધિ કરતા હોવાનું જાણાયું છે.

મારા આ અભ્યાસમાં એક નોંધપાત્ર બાબત એ જાણવા મળી છે કે, ડાંગમાં માણસનાં અવસાન બાદ ગામના પુરુષ સભ્યો તેને ધર્મ આધારિત અગ્નિસંસ્કાર કે દફનવિધિ પુરી કરીને સ્મશાનેથી પાછા આવે છે ત્યારે બધાજ સ્મશાન ગયેલા પુરુષ સભ્યો ગામના પાદરમાં ભેગા થાય છે. ત્યાં કુટુંબમાંથી માણસ મૃત્યુ પામેલ હોય તે કુટુંબના એક વડીલ પુરુષ સભ્યને ગામનો મુખી (પોલીસ પટેલ) મોટા ટુવાલનું પાથરણું પાથરવા કહે છે. એ પાથરણા પર સ્મશાને ગયેલા બધા જ પુરુષ સભ્યો પોતાની યથાશક્તિ પ્રમાણે રૂપિયાનાં સ્વરૂપમાં ફાળો આપે છે. જેને ડાંગના લોકો 'પાઘડીફાળા' ના નામથી ઓળખાવે છે. બધો ફાળો થઈ ગયા પછી ગામનો મુખી (પોલીસ પટેલ) એ રૂપિયા ગણીને સ્મશાને ગયેલા બધા સભ્યોને મોટેથી જાણ કરે છે અને બધા વતી ગામનો મુખી જે કુટુંબમાંથી માણસનું અવસાન થયુ હોય તે કુટુંબના વડીલ પુરુષ સભ્ય ને એ રૂપિયા સુપરત કરીને કહે છે કે, આ તમારા મૃતાત્માની વિધિ માટે ગામ તરફથી મળેલો 'પાઘડી ફાળો' છે. જે તમે સ્વીકારો. આમ, ડાંગમાં મૃત્યુ પામેલ માણસની મૃત્યુ પછીની 'દિસ' (દાળા)ની વિધિ કરવા માટે ગામજનો પણ ફાળો આપે છે. તે એક વિશિષ્ટ અને નોંધનીય બાબત જોવા મળે છે.

શા માટે 'પાઘડી ફાળા' ગામજનો આપે છે? એવો પ્રશ્ન પૂછતાં જાણવા મળ્યું કે અમુક ગામજનોની આર્થિક પરિસ્થિતિ ખૂબ નબળી હોય છે. તેથી તેઓ મૃતાત્માની વિધિ કરવા માટે સક્ષમ હોતા નથી. એવા સમયે ગામજનો આ 'પાઘડી ફાળો' તેઓના માટે એક મોટી આર્થિક રાહત બની જાય છે. એટલા માટે ગામજનો પાઘડીફાળો આપતા હોવાનો રિવાજ પ્રચલિત બન્યો હોવાનું જાણાયું છે.

બીજી બાજુ ડાંગ જિલ્લાના મહારાષ્ટ્રની સરહદ પરનાં ગામડાઓમાં માણસના અવસાન

પછીની 'દાળા'ની વિધિ એટલે કે, 'દિસ-પાની'ની વિધિના દિવસે જે કુટુંબનો સભ્ય અવસાન પામે છે. એ કુટુંબના સભ્યોને પોતાના ગામના તેમજ ગામ બહારના તેમના જ સ્વજનો (રક્તસંબંધીઓ) 'કપડા' સ્વરૂપની પહેરામણી પહેરાવે છે. આ કપડા સ્વરૂપની પહેરામણી પહેરાવવાનું કામ 'દિસ-પાની'ની વિધિ કરનાર 'ભગત' કરે છે. જેમાં નાના છોકરાઓ માટે ટુવાલ, મોટા પુરુષ સભ્યોને ધોતિયું, મોટી સ્ત્રી સભ્યોને સાડી તેમજ છોકરીઓ ચુંદડી સ્વરૂપે કપડાંની પહેરામણી કરવાનો રિવાજ હોવાનું જણાયું છે.

શા માટે કપડા પહેરામણીની વિધિ કરે છે? તેના પરથી જાણવા મળ્યું કે આવું કરવાથી મૃત્યુ પામેલ વ્યક્તિના કુટુંબીઓનું દુ:ખ ઓછું થાય છે. તેમનું દુ:ખ ઓછું કરનારા લાગણીશીલ તેમના સ્વજનો હજુ હયાત છે. જે તેમની મુશ્કેલીમાં ઉભા રહી શકે તેઓ ભાવ તેમાં વ્યક્ત થાય છે.

આમ, ડાંગમાં મૃત્યુ બાદની વિધિની બાબત કંઈક અલગ વિશેષતા જોવા મળી છે. જેના પર વધુ અભ્યાસ દ્વારા પ્રકાશ પાડી શકાય તેમ છે.

**કોષ્ટક નં. ૫.૪૦**

**મૃત્યુની વિધિ કોની પાસે કરાવે છે તે અંગેનું વર્ગીકરણ**

| ક્રમ | મૃત્યુ વિધિ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ભગત | ૨૩૮ | ૭૯.૩૩ |
| ૨. | બ્રાહ્મણ | ૭૮ | ૨૬.૦૦ |
| ૩. | પાદરી | ૬૨ | ૨૦.૬૭ |

ઉપરોક્ત કોષ્ટક નં.૫.૪૦માં ઉત્તરદાતાઓ માણસના મૃત્યુ પછીની વિધિ કોની પાસે કરાવે છે તે અંગેનું વર્ગીકરણ કરતાં જણાયું છે કે કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૨૩૮ (૭૯.૩૩ ટકા) ઉત્તરદાતાઓ માણસનાં મૃત્યુ પછીની વિધિ માત્ર ભગત પાસે જ કરાવતા હોવાનું જણાવ્યું છે. એ જ રીતે કુલ ઉત્તરદાતાઓમાંથી ૭૮ (૨૬ ટકા) ઉત્તરદાતાઓએ માણસના મૃત્યુ પછીની વિધિમાં બ્રાહ્મણ અને ભગત બંનેની સેવા લેતા હોવાનું જણાવ્યું છે. જ્યારે કુલ ઉત્તરદાતાઓમાંથી ૬૨ (૨૦.૬૭ ટકા) ઉત્તરદાતાઓએ માણસના મૃત્યુ પછીની વિધિ માત્ર ખ્રિસ્તી પાદરી પાસે જ કરાવતા હોવાનું જણાવ્યું છે.

ડાંગના પરંપરાથી માણસનાં અવસાન પછીની 'દિસ-પાની' વિધિ કરતાં આવ્યા છે. પહેલાના સમયમાં ડાંગમાં માણસના મૃત્યુ પછીની વિધિ માત્ર 'ડાંગી ભગત' પાસે જ કરાવતા હતાં. પરંતુ સમય જતાં ડાંગમાં ખ્રિસ્તી ધર્મનો પ્રચાર અને પ્રસાર થતાં ડાંગના કેટલાંક લોકો ખ્રિસ્તી ધર્મ પાળતા થયા. આવા લોકો વર્તમાન સમયમાં લગ્ન, મૃત્યુ વગેરેની વિધિ ખ્રિસ્તી ધર્મ મુજબ કરવા લાગ્યાં છે. તો બીજી બાજુ શિક્ષિત અને નોકરીયાતો તેમજ સભ્ય સમાજના સંપ્રદાયમાં માનનારા કેટલાક લોકો હવે માણસના મૃત્યુ પછીની વિધિમાં 'ડાંગી ભગત'ની વિધિની સાથોસાથ 'બારમા'ની વિધિ કે જે, બ્રાહ્મણ દ્વારા કરવામાં આવે છે. તેવી વિધિ પણ કરવા લાગ્યા છે. આમ, વર્તમાન સમયમાં ડાંગના લોકોમાં મૃત્યુ પછીની વિધિમાં 'બારમા'ની વિધિનું પ્રચલન વધતું જાય છે. જે ડાંગમાં મૃત્યુની વિધિમાં આવેલું પરિવર્તન સૂચવે છે.

**o ધાર્મિક જીવન**

**કોષ્ટક નં.૫.૪૧**

**ધાર્મિક તહેવારોનું ક્રમ પ્રમાણે મહત્વ અંગેનું વર્ગીકરણ**

| ક્રમ | ધાર્મિક તહેવારોનું ક્રમ પ્રમાણે મહત્વ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હોળી | ૨૩૮ | ૭૯.૩૩ |
| ૨. | દિવાળી | ૨૩૮ | ૭૯.૩૩ |
| ૩. | તેરા | ૨૩૮ | ૭૯.૩૩ |
| ૪. | અખાત્રીજ | ૨૩૮ | ૭૯.૩૩ |
| ૫. | નાગપંચમી (પચવે) | ૨૩૮ | ૭૯.૩૩ |
| ૬. | પિતરાં (નવાં) | ૨૩૮ | ૭૯.૩૩ |
| ૭. | નાતાલ | ૬૨ | ૨૦.૬૭ |
| ૮. | ગુડફ્રાઈડે | ૬૨ | ૨૦.૬૭ |

ઉપરના કોઠામાં ઉત્તરદાતાઓ કયાં કયાં ધાર્મિક તહેવારો ઉજવે છે. તેનું ક્રમ પ્રમાણે મહત્વ અંગેનું વર્ગીકરણ કરતાં જાણાયું છે કે કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાં ૨૩૮ (૭૯.૩૩ ટકા) હિન્દુ ઉત્તરદાતાઓએ (૧) હોળી (૨) દિવાળી (૩) તેરા (૪) અખાત્રીજ (૫)

નાગપંચમી (પરાવે) (૬) પિતરા (નવાં) વગેરે ક્રમમાં તહેવારોનું મહત્વ દર્શાવ્યું છે. જ્યાં ૬૨ (૨૦.૬૭ ટકા) ઉત્તરદાતાઓએ ખ્રિસ્તી તહેવારો મુજબ (૧) નાતાલ (૨) ગુડફ્રાઈડેનો ક્રમ આપેલ છે.

ડાંગ જિલ્લાના લોકો અન્ય સભ્ય સમાજની જેમ વિવિધ તહેવારો ઉજવે છે. તહેવારને ડાંગના લોકો 'સન' કહે છે. 'સન કરવો એટલે તહેવાર ઉજવવો.' પરંતુ સભ્ય સમાજમાં જુદા જુદા તહેવારોનું જેમ આગવું મહત્વ છે તેમ ડાંગમાં પણ વિવિધ તહેવારોનું આગવું મહત્વ રહેલું છે. ડાંગમાં વસવાટ કરતાં હિન્દુ આ દિવસથી લોકોના તહેવારોની ઉજવણીની બાબતમાં તહેવારોના મહત્વ મુજબનો ક્રમ જાણવાની કોશિશ કરતાં અભ્યાસ દ્વારા એવું જણાયું છે કે ડાંગના લોકો તહેવારોમાં સૌથી વધારે 'હોળી'ના તહેવારને વધુ મહત્વ આપે છે. ત્યારપછી દિવાળી, તેરા, અખાત્રીજ, નાગપંચમી (પરાવે) પિતરા (નવાં) વગેરેને ક્રમ મુજબ મહત્વ આપે છે. જ્યારે ખ્રિસ્તી ધર્મ પાળતાં ડાંગના લોકોમાં નાતાલ અને ગુડફ્રાઈડેના તહેવારોનું મહત્વ આપતા હોવાનું જણાયું છે.

## ૧. હોળી

ડાંગનાં લોકોને ખૂબ મહત્વનો તહેવાર મનાય છે. ફાગણ મહિનામાં આ તહેવાર ઉજવતાં પહેલાં ડાંગમાં ભરાતા અઠવાડિક બજારો અને તેમાં પણ હોળીના તહેવાર પહેલાં ભરાતા છેલ્લા અઠવાડિક બજારો એ ડાંગમાં આકર્ષણનું કેન્દ્ર બને છે. ડાંગના લોકો ડાંગમાં ભરાતા અઠવાડિક બજારને 'હાટ' કહે છે અને હોળીના તહેવાર પહેલાં છેલ્લા અઠવાડિક બજારને 'બુહરેહાટ' કહે છે.

બુહરેહાટ'નો અર્થ 'બુહરે' એટલે ફાગ, અને 'હાટ' એટલે બજાર. 'ફાગનો બજાર'. 'બુહરેહાટ' એટલે 'બજારમાં વેપાર કરતાં વેપારી પાસે છેલ્લા બજાર (હાટ)ના દિવસે ફાગ માગવો તે.'

ઉપરાંત હોળીના તહેવારના પાંચ દિવસ પહેલાં ડાંગનું મુખ્યમથક આહવા ખાતે ત્રણ દિવસનો મેળો ભરાય છે. જે મેળા ને 'ડાંગ દરબાર'થી ઓળખવામાં આવે છે.

આ 'બુહરેહાટ' અને 'ડાંગ દરબાર'માંથી હોળીના તહેવાર માટે ડાંગના લોકો જીવનજરૂરી ચીજવસ્તુઓની સાથોસાથ નવા કપડાની ખરીદી કરે છે. જે નવા કપડા હોળીના તહેવારમાં પહેરીને હોળી પ્રગટાવ્યા પછી પાંચ દિવસ (પાચમ) સુધી કોઈપણ

પ્રકારનું કામ કર્યા વગર માત્ર આનંદ અને ઉત્સવ જ મનાવતા હોવાથી ડાંગના લોકો હોળીના તહેવારને સવિશેષ મહત્વ આપે છે.

### ૨. દિવાળી

ડાંગના લોકો દિવાળીના તહેવારને પણ વિશેષ મહત્વ આપતા હોવાનું જણાયું છે. કારણ કે, ચોમાસામાં ખેતરમાં વાવેલું અનાજ દિવાળીએ પાકીને તૈયાર થઈ જાય છે. તેથી દિવાળીના તહેવારમાં કોઈ માણસ ભૂખ્યું નથી રહેતું એવી ડાંગી લોકોની માન્યતા છે. ઉપરાંત આ તહેવારમાં આશ્રમશાળા, છાત્રાલયો વગેરેમાં ભણવા ગયેલા બાળકો પણ ઘરે આવી જાય છે. તેથી બધાની સાથે સામૂહિક રીતે આ તહેવાર ઉજવવાની તક મળે છે. તેથી ડાંગમાં દિવાળીનાં તહેવારનું વિશેષ મહત્વ વધતું જાય છે. ઉપરાંત અન્ય તહેવારો કરતાં વર્તમાન સમયમાં દિવાળીના ઉત્સવને લોકો જે મહત્વ આપી રહ્યા છે. જે બાબત તહેવારની બાબતમાં આવેલું પરિવર્તન બતાવે છે.

### ૩. તેરા

ડાંગમાં 'તેરા સન'નો તહેવાર વિશિષ્ટ રીતે ઉજવાય છે. 'તેરા' એ ડાંગ પ્રદેશના સપાટ જમીન અને કોતરો જેવા વિસ્તારમાં 'અળવીનાં પાન' આકારની 'તેરા ભાજી' ચોમાસામાં ઉગી નીકળે છે. ચોમાસાનો વરસાદ શરૂ થયા પછી ૨૦ કે ૨૫ દિવસે આ 'તેરાભાજી' ખાવા જેવી તૈયાર થઈ જાય છે. પરંતુ ચોમાસાની શરૂઆતમાં ડાંગના લોકો ડાંગર, નાગલી, વરઈ વગેરે ધાન્યની વાવણી કરે છે. વાવણી કરેલ ધાન્ય ઉગીને ફેર રોપણી માટે તૈયાર થઈ જાય ત્યારે ગામ લોકો સામૂહિક રીતે 'તેરાભાજી'નો તહેવાર ઉજવે છે.

'તેરા ભાજી'ના તહેવારના વિશેષતા એ છે કે, તે દિવસે ગામના મુખી, તેમજ વડીલ પુરુષ સભ્યો ગામના સીમાડા પર પ્રસ્થાપિત કરેલ ગામદેવ, નાગદેવ, વાઘદેવ વગેરેની ગામ-ભગત દ્વારા પુજા કરાવે છે. આવી પુજા કરવા પાછળનો ડાંગના લોકોનો તર્ક એવો છે કે, ચોમાસામાં આખુ જંગલ હર્યું ભર્યું થઈ જાય છે. ત્યારે જંગલના જાનવરો તેમજ ઝેરી સર્પ, વાઘ વગેરે માણસો અને ગાયોને નુકશાન ન કરે અને તેમનું રક્ષણ કરે તે માટે આ તહેવારનું મહત્વ વિશેષ હોવાનું ડાંગના લોકો માને છે.

## ૪. અખાત્રીજ (અખાતી)

અખાત્રીજનો તહેવાર ડાંગમાં ખૂબ મહત્વનો તહેવાર મનાય છે. ખાસ કરીને (૧) વૈશાખ મહિનામાં થતાં વંટોળિયા સામે રક્ષણ મેળવવા માટે (૨) વરસાદના વરતારા માટે (૩) ચોમાસામાં કયું ધાન્ય વાવવું જોઈએ તેની જાણકારી માટે (૪) સ્ત્રીની યાદ શક્તિને તાજી કરવા માટે તેમજ (૫) ભાઈ-બહેનના પ્રેમને વ્યક્ત કરવા માટે ડાંગના લોકો અખાત્રીજનો અનોખી રીતે તહેવાર ઉજવે છે. અન્ય તહેવારોની જેમ ડાંગના લોકો અખાત્રીજના તહેવારને પણ વિશેષ રીતે માને છે.

## ૫. નાગપંચમી (પચવે)

નાગપંચમીને ડાંગના લોકો 'પચવી'ના નામથી ઓળખે છે. ખાસ કરીને ચામાસામાં ડાંગર, નાગલી, વરઈ વગેરે ધાન્યની ફેર-રોપણીનું કામ પુરું થાય ત્યારે આખું ગામ મળીને નાગ પંચમીનો તહેવાર ઉજવે છે.

નાગપંચમીના તહેવારો ડાંગમાં જે લોકો 'ભગત'ની વિધિ જાણતા હોય તે વ્યક્તિએ ઘરમાં ખાંડણિયા પાસે ચોખાના લોટમાંથી બનાવેલા દિવા પ્રગટાવીને 'ભગત'ની વિધિનું પુનરાવર્તન કરવાનું હોય છે. ગાયની ગભાણ પાસે દીવો પ્રગટાવીને ગાયોને શુકન પહોંચે તે માટેની વિધિ કરતાં હોય છે. તેમજ અળવીના પાત્રમાંથી બનાવેલ પાત્રા (પાતવળે) ને ડાંગના લોકો તેમના આરાધ્ય દેવોને નૈવેધ ધરે છે. અળવીનાં પાત્રામાંથી બનાવેલા પાત્રાને ડાંગનાં લોકો 'પાતવલે' કહે છે. આમ, ડાંગમાં નાગપંચમીનો તહેવાર હજું પણ ઉજવે છે. તેમાં કોઈ પરિવર્તન આવ્યું નથી.

ઉપરના બધા જ ૧થીપ ક્રમના તહેવારો ડાંગના લોકો આખું ગામ મળીને સામૂહિક રીતે ઉજવે છે. તેથી જ ડાંગમાં ઉત્સવો કે તહેવારોનું વિશેષ મહત્વ રહ્યું છે.

## ૬. નવાં (પિતરાં)

'નવા'નો અર્થ નવો પાક અથવા નવું પાકેલ અનાજ અને 'પિતરાં' એટલે મૃત વ્યક્તિઓ. કે જે પિતૃ તરીકે પુજાય છે. તે 'નવા' ના તહેવારમાં નવું અનાજ પાકે છે. તે મૃત પિતૃઓને નૈવેધ તરીકે ધરવાનો તહેવાર.'

આ તહેવારમાં નવું ભાત, નાગલી, વરઈ તેમજ અમુક પ્રકારની ભાજી કે જે મૃત

પિતૃઓને નૈવેધ તરીકે ચઢાવીને પછી જ કુટુંબના સભ્યો આ નવા અનાજનો ખાવા માટે ઉપયોગ કરે છે.

ડાંગમાં હોળી, દિવાળી, તેરા, અખાત્રીજ, નાગપાંચમ વગેરે તહેવારો આખું ગામ મળીને સામૂહિક રીતે ઉજવે છે. જ્યારે આ 'નવા' (પિતરાં)નો આ એક જ તહેવાર એવો છે કે જે દરેક કુટુંબ દીઠ અલગ-અલગ દિવસે ઉજવે છે. હાલમાં પણ આ તહેવાર ચાલુ છે. જેમાં કોઈ પરિવર્તન આવ્યું નથી.

### ૭. નાતાલ અને ગુડફ્રાઈડે

ડાંગમાં ડાંગી હિન્દુધર્મ પરિવર્તન કરી, ખ્રિસ્તી ધર્મી બનેલા ડાંગી આદિવાસીઓ હવે તેમના પરંપરાગત ધર્મના તહેવારોને બદલે તેમણે નવો અપનાવેલો ખ્રિસ્તી ધર્મ પ્રમાણે ઉત્સવો ઉજવવા લાગ્યા છે. ડાંગમાં ખ્રિસ્તી ધર્મનું મહત્વ દિન-પ્રતિદિન વધતું જાય છે. અગર ડાંગમાં સારું એવું ખ્રિસ્તીકરણ થઈ રહ્યું છે. કારણ કે મારા અભ્યાસનાં કુલ ઉત્તરદાતાઓમાંથી ૨૦.૬૭ ટકા ઉત્તરદાતાઓ ખ્રિસ્તી ધર્મીઓ છે. એનો અર્થ એ થયો કે ડાંગમાં ખ્રિસ્તી ધર્મીઓની સંખ્યા સારી એવી વધારે છે. એનો અર્થ એ થયો કે, ડાંગમાં પરંપરાગત હિન્દુધર્મ કરતા આધુનિક ખ્રિસ્તી ધર્મ પાળતાં લોકોનું પ્રમાણ વધતા ધર્મની બાબતમાં ડાંગમાં પરિવર્તન આવ્યું છે. એવું ચોકકસપણે કહી શકાય.

**કોષ્ટક નં. ૫.૪૨**

**જીવનમાં સુખાકારી મેળવવા માટેની ધાર્મિક વિધિ અંગેનું વર્ગીકરણ**

| ક્રમ | સુખાકારી માટેની ધાર્મિક વિધિ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | ના | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક ૫.૪૨માં ઉત્તરદાતાઓ પાતાનાં જીવનમાં સુખાકારી મેળવવા માટે કોઈ ધાર્મિક વિધિ કરે છે કે કેમ? તે અંગેનું વર્ગીકરણ કરતાં જણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી બધા જ એટલે કે ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓએ તેમના જીવનમાં સુખાકારી મેળવવા માટે કોઈને કોઈ ધાર્મિક વિધિ કે ધાર્મિક ક્રિયા કરતા હોવાનું જણાવ્યું છે.

એનો અર્થ એ થયો કે અન્ય સમુદાયની જેમ ડાંગમાં પણ લોકો પોતાનાં જીવનની સુખાકારી માટે કોઈને કોઈ ધાર્મિક વિધિ કરતાં હોવાનું અભ્યાસ દ્વારા જણાયું છે. પ્રત્યેક માણસ સુખી રહેવા માટે કે આરોગ્યપ્રદ જીવન જીવવા માટે પોતાના આરાધ્ય દેવો કે જેમાં ડાંગના લોકો શ્રદ્ધા ધરાવે છે. તેને પ્રસન્ન કરવા માટે કોઈને કોઈ ધાર્મિક વિધિ કરે છે. ડાંગના આદિવાસી હિન્દુઓ ઉપરાંત ખ્રિસ્તી ધર્મ પાળતા ડાંગના લોકો પણ ઈસુ ખ્રિસ્તીના સંદર્ભમાં ધાર્મિક વિધિ કરતાં હોવાનું જણાયું છે. આમ, ડાંગમાં લોકો જીવનમાં સુખાકારી મેળવવા માટેની પરંપરાગત ધાર્મિક વિધિ કરવાનું ચાલુ રાખ્યું હોવાથી તેમાં પરિવર્તન આવ્યું હોય તેવું જણાયું નથી.

## કોષ્ટક નં.૫.૪૩

## કયાં પ્રકારની ધાર્મિક વિધિ અંગેનું વર્ગીકરણ

| ક્રમ | કયા પ્રકારની ધાર્મિક વિધિ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ચવથાઈ | ૧૭૩ | ૫૭.૬૭ |
| ૨. | ધરભરણી | ૧૭૮ | ૫૯.૩૩ |
| ૩. | ડુંગરદેવી | ૪૨ | ૧૪ |
| ૪. | દેવવરાળે | ૪૪ | ૧૪.૬૭ |
| ૫. | રવિવારે દેવળમાં પ્રાર્થના | ૬૨ | ૨૦.૬૭ |
| ૬. | ખતરાની પૂજા | ૨૮ | ૯.૩૩ |
| ૭. | અન્ય | ૦૦ | ૦૦ |

ઉપરના કોઠામાં ઉત્તરદાતાઓ જીવનની સુખાકારી માટે કયા પ્રકારની ધાર્મિક વિધિ કે ધાર્મિક ક્રિયા કરે છે? તે અંગેનું વર્ગીકરણ કરતાં જણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી (૧) ૧૭૩ (૫૭.૬૭ ટકા) ઉત્તરદાતાઓએ જીવનની સુખાકારી માટે 'ચવથાઈ'ની વિધિ કરતાં હોવાનું જણાવ્યું છે. (૨) કુલ ઉત્તરદાતાઓમાંથી ૧૭૮ (૫૯.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ જીવનમાં સુખાકારી મેળવવા માટે 'ધરભરણી'ની વિધિ કરતાં હોવાનું જણાવ્યું છે. (૩) કુલ ઉત્તરદાતાઓમાંથી ૪૨ (૧૪.૦૦ ટકા) ઉત્તરદાતાઓએ જીવનમાં સુખ-શાંતિ મેળવવા માટે 'ડુંગરદેવ'ની પૂજા કરતાં હોવાનું જણાવ્યું છે. (૪) કુલ ઉત્તરદાતાઓમાંથી ૪૪ (૧૪.૬૭

ટકા) ઉત્તરદાતાઓએ સુખી જીવન માટે 'દેવવરાળે'ની વિધિ કરતાં હોવાનું જાણાવ્યું. (૫) કુલ ઉત્તરદાતાઓમાંથી ૬૨ (૨૦.૬૭ ટકા) ખ્રિસ્તી ઉત્તરદાતાઓએ સુખી જીવન માટે રવિવારે દેવળમાં (ચર્ચમાં) પ્રાર્થના કરતાં હોવાનું જાણાવ્યું છે. જ્યારે (૬) કુલ ઉત્તરદાતાઓમાંથી ૨૮ (૯.૩૩ ટકા) ગામીત જાતિના ઉત્તરદાતાઓ સુખી જીવન માટે 'ખતરાની પૂજા' કરતા હોવાનું જાણાવ્યું છે. આમ, ડાંગના લોકો જીવનમાં સુખાકારી મેળવવા માટે ઉપરોક્ત કોઈને કોઈ ધાર્મિક ક્રિયા કરતા હોવાનું અભ્યાસ દ્વારા જાણાવ્યું છે.

ડાંગના લોકો પોતાનાં જીવનની સુખાકારી માટે પરંપરાગત ધાર્મિક વિધિઓ પહેલાંથી જ કરતા આવ્યા છે. હાલમાં પણ આ ધાર્મિક વિધિઓ પહેલાંથી જ કરતા હોવાનું જાણાયું છે. તેમાંની મહત્વની ધાર્મિક વિધિઓમાં

### ૧. ચવથાઈ

'ડુંગરદેવી' અથવા 'ડોંગર માવલી' અને 'હિરવાદેવ' આ બંને દેવી અને દેવતાને પ્રસન્ન કરવા માટે ડાંગના લોકો 'ચવથાઈ' નામની વિધિ કરે છે. 'ડુંગરદેવી' માટે પોષ મહિનામાં 'ચવથાઈ'ની વિધિ કરવામાં આવે છે. જ્યારે 'હિરવા દેવ' માટે ચૈત્ર મહિનામાં 'ચવથાઈ'ની વિધિ કરવામાં આવે છે. આ વિધિમાં આ બંને દેવી અને દેવતાને પ્રસન્ન કરવા માટે તેને નૈવેધ ધરવામાં આવે છે.

'ડુંગરદેવી' અને 'હિરવા દેવ' ને 'ચવથાઈ' સ્વરૂપે નૈવેધ ધરવાની વિધિ કરવા પાછળનો ડાંગના લોકોનો મુખ્ય હેતુ આ બન્ને દેવી-દેવતાઓ કુટુંબના સભ્યોના સભ્યોને શીખી રાખે, ખેતી દ્વારા પાકતાં અનાજનાં સારી બરકત મળે, ગાય, બળદ, ભેંસ, બકરી વગેરે ઘરના પાળેલા પશુઓને સારું રાખી તેમાં બરકત આપે તે માટે ડાંગના લોકો આ વિધિ કરે છે. એટલું જ નહી પરંતુ આ બન્ને દેવી-દેવતા ડાંગના લોકોને ખૂબ સુખી રાખે છે. એવી શ્રધ્ધા અને માન્યતા સાથે જ્યારે ડાંગના લોકો કોઈ મુશ્કેલીનો કે ભયનો સામનો કરતા હોય ત્યારે આ દેવી-દેવતાઓનું સ્મરણ પણ કરે છે. આ પરંપરાગત 'ચવથાઈ' ની વિધિ ડાંગમાં હજુ પણ ચાલુ છે. તેમાં ખાસ પરિવર્તન આવ્યું નથી.

### ૨. ઘરભરણી

'ઘરભરણી'ને બીજા શબ્દમાં ડાંગના લોકો 'વાળની' પણ કહે છે. 'ઘરભરણી' એટલે ખેતરમાંથી પકવેલું અનાજ તૈયાર કરીને જે દિવસે ઘરે લઈ આવવામાં આવે છે. તે

દિવસે પોતાના ઘરના દેવી-દેવતાઓને પ્રસન્ન કરવા માટે 'ઘરભરણી'ની વિધિ કરવામાં આવે છે. આવી વિધિ કરવાથી ઘરનું પકવેલું અનાજ લાંબો સમય સુધી ચાલે છે. એવી ડાંગી લોકોની માન્યતા છે.

'ઘરભરણી' કરવા પાછળનો ડાંગના લોકોનો મુખ્ય હેતુ જે અનાજ પકવવામાં આવે છે તે ભેગું કરતી વખતે અમુક અનાજનો બગાડ થાય છે. આ બગાડ થયેલાં અનાજથી અન્નની દેવી 'દેવકનરી' નારાજ ન થાય તેની માફી માંગવા માટે 'ઘરભરણી'ની વિધિ ડાંગના લોકો કરતાં હોવાનું અભ્યાસ દ્વારા જાણાવ્યું છે. હાલમાં પણ આ વિધિ કરવાનું ચાલુ હોવાનું જાણાયું છે.

## ૩. ડુંગરદેવી

ડુંગરદેવી એ સમગ્ર ગામની કુટુંબની અને વ્યક્તિગત પણ હોય છે. ડાંગમાં 'ડુંગરદેવી'નું વિશેષ મહત્વ છે. વર્ષોથી 'ડુંગરદેવી'ની ડાંગના લોકો પૂજા કરતા આવ્યાં છે. ડાંગના લોકોમાં એવી માન્યતા છે કે, ડાંગના જુદા-જુદા ડુંગરોની અંદર આવેલા ગઢમાં 'દેવમાવલી' ડુંગરદેવીનો વાસ છે. તેને ડાંગના લોકો બીજા શબ્દોમાં 'માવલી' પણ કહે છે. 'માવલી' એટલે ડાંગના લોકોનું દુ:ખ હરનારી માતા. ડાંગના લોકો દર પાંચ વર્ષે એક વખત ડુંગરદેવીની પુજા કરવા, એ દેવીનો જે ડુંગર પર વાસ હોય ત્યાં ગામના લોકો સમૂહમાં પુજા કરવા જાય છે. 'ડુંગરદેવી'ની વિધિ સંપૂર્ણપાણે લગ્નની વિધિથી થાય છે. તેથી ડાંગના લોકો આ વિધિ કરતાં હોય તેને 'ડુંગરમાવલીને પરાણવાની' વિધિ પણ કહે છે.

આ વિધિ કરવા પાછળનો ડાંગના લોકોનો મુખ્ય હેતુ અનાજ-પાણીમાં, ઢોર-ઢાંખરમાં, ખેતરના પાકમાં, રૂપિયા-પૈસામાં તેમજ માણસો અને સમગ્ર ગામને સુખી રાખવામાં વગેરે જેવી બાબતોમાં ડાંગનાં લોકોને વિશેષ બરકત મળે છે. તેવી શ્રદ્ધા સાથે 'ડુંગરદેવી'ની પૂજા કરતા હોવાનું જાણાયું છે.

## ૪. દેવવરાળે

'દેવવરાળે' એ ઉજવાણીની બાબતમાં 'ડુંગરદેવી'ની ઉજવાણીનું એક નાનું સ્વરૂપ છે. 'દેવવરાળે'ની વિધિમાં ડાંગના લોકોની દેવી તરીકે 'ઈહમાય'ની પૂજા થાય છે. એટલે આ વિધિને 'ઈહમાય નચાવવાની વિધિ' તરીકે પણ ઓળખવામાં આવે છે. 'ઈહમાય' એ ગાયની દેવી છે. સભ્ય સમાજમાં જેમ 'ગાયત્રી' દેવી છે તેવી જ રીતે ડાંગના લોકો પણ

ગાયની દેવી તરીકે 'ઈહમાય'ની પૂજા કરે છે.

'દેવવરાળે' નો હેતુ 'દેવવરાળ'ની વિધિ કરનાર વ્યક્તિને અનાજ-પાણીમાં, ઢોર ઢાંખરમાં, ખેતરના પાકમાં, રૂપિયા-પૈસામાં તેમજ માણસોને સુખી રાખવામાં ઉપયોગી બને છે એવી માન્યતા ડાંગના લોકો ધરાવે છે.

'દેવવરાળ'નો અર્થ 'દેવ' એટલે ડાંગી લોકોનો આરાધ્ય દેવ અને 'વરાળે'નો અર્થ થાય છે. લગ્ન, દેવવરાળેનો અર્થ 'દેવ કે દેવીના લગ્ન' જેમાં 'ઈહમાય' નામની ગાયની દેવી અને કુટુંબના અન્ય દેવી અને દેવતાઓની લગ્નની જેમ ઉત્સાહથી વિધિ કરવાથી 'દેવવરાળ'ની વિધિ કરનાર વ્યક્તિને ઉપરોક્ત બાબતમાં ખૂબ બરકત મળે છે એવી માન્યતા સાથે ડાંગના લોકો તેની પૂજા-આરાધના અને વિધિ કરે છે. હાલમાં પણ 'દેવવરાળે'ની વિધિ ડાંગના લોકોમાં ચાલુ હોવાનું જાણાયું છે.

ઉપરોક્ત ચવથાઈ, ઘરભરણી, ડુંગરદેવ, દેવવરાળે વગેરે ચાર-ચાર વિધિ ડાંગના કુનબી (કુંકણી), વારલી, ભીલ વગેરે ત્રણે-ત્રણ જાતિઓમાં ઉજવાતી હોવાનું નોંધાયું છે. પરંતુ તેમાં સવિશેષ કુનબી (કુંકણી)ઓમાં આ વિધિનું કરવાનું પ્રમાણ વધારે હોવાનું જાણાયું છે.

### ૫. રવિવારે દેવળમાં પ્રાર્થના

ડાંગમાં વસવાટ કરતાં જે જે આદિવાસી જાતિઓએ પોતાનો પરંપરાગત આદિવાસી હિન્દુ ધર્મ ત્યજીને આધુનિક ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો છે. તેઓ પણ પોતાના કુટુંબ અને કુટુંબના સભ્યોની સુખાકારી માટે ખ્રિસ્તી દેવળ (ગીરજાગર) (ચર્ચ)માં રવિવારે ભગવાન ઈસુની પાસે પ્રાર્થના કરે છે.

ભગવાન ઈસુની પાસે પ્રાર્થના કરવા પાછળનો હેતુ ડાંગના લોકોની દ્રષ્ટિએ ઈસુ ભગવાન પાસેથી સુખી જીવનની યાચના કરવી તે. એનો અર્થ એ થયો કે, ડાંગના ખ્રિસ્તીધર્મ પાળતા લોકો ઈસુ ભગવાન પાસે પ્રાર્થના કે વિધિ કરતાં હોવાનું જાણાવ્યું છે.

### ૬. ખતરાની પૂજા

ડાંગમાં વસવાટ કરતી ગામીત આદિવાસી જાતિના લોકો 'ખતરાની વિધિ' માં ઊંડો વિશ્વાસ ધરાવે છે. 'ખતરા' એ મૃત પૂર્વજોના માટીમાંથી બનાવેલા 'પાળિયા' બનાવીને તેની પૂજા-આરાધના કરવી તે. ગામીત જાતિના લોકો તેમના મૃત પૂર્વજો તેમની રક્ષા કરશે

એવા હેતુથી મૃત પૂર્વજોને માટીના બનાવેલા 'પુતળા' જેને 'પાળિયા' તરીકે ઓળખવામાં આવે છે. તેની ખૂબ શ્રદ્ધાપૂર્વક પૂજા કરે છે. આમ, ડાંગના ગામીત જાતિના લોકો ખતરાની પૂજા કરે છે. હાલમાં પણ ખતરાની પૂજા કરવાનું વલણ તેઓમાં જોવા મળે છે.

ટૂંકમાં ડાંગમાં વસવાટ કરતી કુનબી, વારલી, ભીલ અને ગામીત જાતિના લોકો પોતાની સુખાકારી માટે વિવિધ પ્રકારના દેવ-દેવી હોવાનું જણાયું. વર્તમાન સમયમાં આ પ્રકારની ધાર્મિકવિધિનું પ્રમાણ થોડે ઘણે અંશે ઘટ્યું છે. પરંતુ સંપૂર્ણ નાબૂદ થયુ નથી. એનો અર્થ એ થયો કે, ધાર્મિક વિધિ-વિધાનની બાબતમાં સંપૂર્ણ પરિવર્તન આવેલું દેખાતુ નથી. અમુક અંશે જ પરિવર્તન આવ્યું છે એવું ચોકકસપણે કહી શકાય.

## કોષ્ટક નં.૫.૪૪

## ધાર્મિક તહેવારની ઉજવણીમાં વાજિંત્રોના ઉપયોગ અંગેનું વર્ગીકરણ

| ક્રમ | વાંજિત્રોનો ઉપયોગ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | પરંપરાગત | ૧૯૨ | ૬૪ |
| ૨. | આધુનિક | ૧૦૮ | ૩૬ |
| ૩. | બન્ને પ્રકારના | ૨૦૨ | ૬૭.૩૩ |

ઉપરનાં ૫.૪૪ નંબરના કોઠામાં ધાર્મિક તહેવારોની ઉજવણીની બાબતમાં ઉત્તરદાતાઓ કયા પ્રકારના વાંજિંત્રોનો ઉપયોગ કરે છે તેનું વર્ગીકરણ કરતાં જણાયું છે કે કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી (૧) ૧૯૨ (૬૪ ટકા) ઉત્તરદાતાઓએ ધાર્મિક તહેવાર કે ઉત્સવની ઉજવણીમાં પરંપરાગત સ્વરૂપના વાજિંત્રોનો ઉપયોગ કરતા હોવાનું જણાવ્યું છે. (૨) ૧૦૮ (૩૬ ટકા) ઉત્તરદાતાઓએ ધાર્મિક ઉત્સવ કે તહેવારની ઉજવણીમાં આધુનિક સ્વરૂપના વાજિંત્રોનો ઉપયોગ કરતાં હોવાનું જણાવ્યું છે. જ્યારે (૩) ૨૦૨ (૬૭.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ પરંપરાગત અને આધુનિક બન્ને પ્રકારના વાજિંત્રોનો ઉપયોગ કરવાનું કહ્યું છે.

એનો અર્થ એ થયો કે ડાંગના લોકો ડાંગમાં ઉજવાતા ધાર્મિક ઉત્સવોમાં જુદા જુદા પ્રકારનાં વાજિંત્રોનો ઉપયોગ કરે છે. પહેલાના સમયમાં માત્ર પરંપરાગત સ્વરૂપના જ વાજિંત્રોનો ઉપયોગ થતો હતો. જેમકે કાહલ્યા, પાવરી, ધાંધળી, ઢાંકા, નગાર, માદળ

વગેરેનો જ ઉપયોગ થતો પરંતુ વર્તમાન સમયમાં તેનું પ્રમાણ થોડે અંશે ઘટ્યું છે અને નવા વાજિંત્રોના સાધનોનો ઉપયોગ થવા લાગ્યો છે. જેમકે, હાલમાં ધાર્મિક પ્રસંગોએ બેંડબાજાનો પ્રવેશ થયો છે. લાઉડ સ્પિકરનો પણ ઉપયોગ થવા લાગ્યો છે. આમ, ડાંગમાં ધાર્મિક ઉત્સવોના પ્રસંગે વપરાતા વાજિંત્રોમાં પરંપરાગત સાધનોની સાથે આધુનિક સાધનોનો પણ ઉપયોગ થવા લાગ્યો છે. જે ડાંગમાં ધાર્મિક પ્રસંગોએ ઉપયોગમાં લેવાતા વાજિંત્રોમાં આવેલ પરિવર્તન સૂચવે છે.

## કોષ્ટક નં. ૫.૪૫

## બિમારીમાં ભગત-ભુવા પાસે દોરા-ધાગા અંગેનું વર્ગીકરણ

| ક્રમ | ભગત-ભુવા પાસે દોરા-ધાગા | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૧૩૩ | ૪૪.૩૩ |
| ૨. | ના | ૧૬૭ | ૫૫.૬૭ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટકમાં ઉત્તરદાતાઓના કુટુંબના સભ્યની બિમારી વખતે ભગત-ભુવા પાસે દોરા-ધાગા કરાવે છે કેમ? તે અંગેનું વર્ગીકરણ કરતાં જણાયું છે કે, કુલ ઉત્તરદાતાઓમાંથી ૧૩૩ (૪૪.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ કુટુંબના સભ્યો બિમાર હોય ત્યારે ભગત-ભુવા પાસે દોરા-ધાગા કરાવતા હોવાનું જણાવ્યું છે. જ્યારે ૧૬૭ (૫૫.૬૭ ટકા) ઉત્તરદાતાઓએ કુટુંબના સભ્યો બિમાર હોય ત્યારે ભગત-ભુવા પાસે દોરા-ધાગા ન કરતા હોવાનું અભ્યાસ દ્વારા જણાયું છે.

અર્થાત્ ડાંગમાં પ્રાચીન સમયથી ભગતનું ખૂબ ઊંચુ મહત્ત્વ આંકવામાં આવ્યું છે. કેટલાંક તહેવારો અને ઉત્સવોમાં ડાંગના ભગતનું પ્રમુખ મહત્ત્વ હોય છે. એ જ રીતે ડાંગમાં મૃત વ્યક્તિની ધાર્મિક વિધિમાં પણ ડાંગી ભગતનું આગવું મહત્ત્વ છે. સાથો-સાથ બિમાર વ્યક્તિને સજા કરવાનું કે બિમારી દૂર કરવાનું પણ ડાંગી ભગત કામ કરે છે. તેના માટે તેઓ દાણા જોવા, દોરા ધાગા કરવા, કોરા કાગળ પર જોવું વગેરે વિધિ કરતા હોય છે. અભ્યાસ દ્વારા જણાયું છે કે, ડાંગના લોકો બિમારી વખતે ભગત પાસે દોરા-ધાગા માટે નથી જતા, એવા લોકોનું પ્રમાણ ૫૫.૬૭ ટકા છે. એનો અર્થ એ થયો કે, ડાંગમાં બિમારી વખતે ભગતની પાસે દોરા-ધાગા કરાવવાનું પ્રમાણ ધીમે-ધીમે ઘટતુ જાય છે તે બિમારી વખતે

દોરા-ધાગા કરાવવા માટે તે ભગત-ભુવા પાસે જાય છે તે બાબતમાં આવેલું પરિવર્તન સૂચવે છે.

## કોષ્ટક નં. ૫.૪૬

## માંદગી વખતની સારવાર અંગેનું વર્ગીકરણ

| ક્રમ | માંદગી અંગેની સારવાર | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ડોકટર | ૧૬૭ | ૫૫.૬૭ |
| ૨. | ભગત-ભુવા | ૧૩૩ | ૪૪.૩૩ |
| ૩. | જરૂરત પ્રમાણે બન્ને પાસે | ૨૮૭ | ૯૫.૬૭ |

ઉપરના કોઠામાં ૫.૪૬માં ઉત્તરદાતાઓના કુટુંબના સભ્યો માંદગી કે બિમારી વખતે કોની સારવાર લે છે. તે અંગેનું કરતાં જણાવ્યું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૧૬૭ (૫૫.૬૭ ટકા) ઉત્તરદાતાઓએ માંદગી કે બિમારી વખતે ડોકટરની સારવાર લેતા હોવાનું જણાવ્યું છે. જ્યારે ૧૩૩ (૪૪.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ માંદગી કે બિમારી વખતે ભગત-ભુવાની સારવાર લેતાં હોવાનું જણાવ્યું છે અને ૨૮૭ (૯૫.૬૭ ટકા) ઉત્તરદાતાઓએ જરૂરત પ્રમાણે ડોકટર અને ભગત-ભુવા બંનેની સારવાર લેતા હોવાનું જણાવ્યું છે.

આજથી પચાસ વર્ષ પહેલાં ડાંગમાં આરોગ્યની સવલતો અને સગવડોનું પ્રમાણ નહિવત હતું તે સમયે ડાંગના અને મોટાભાગના લોકો બિમારી વખતે ભગત-ભુવાની પાસે બિમારીનાં નિવારણ માટે બાધા, આખડી રાખતા હતાં તે માનસ અમુક અંશે વર્તમાન સમયમાં પણ ચાલુ રહ્યું છે. વર્તમાન સમયમાં ડાંગ પ્રદેશમાં પણ આરોગ્ય વિષયક સગવડો અને સવલતો વધતાં ડાંગના લોકો બિમારીના નિવારણ માટે પરંપરાગત ભગત-ભુવાની સાથો-સાથ ડોકટરની પાસે પણ જવા લાગ્યા છે. આંકડાકીય માહિતી દ્વારા સ્પષ્ટ થાય છે કે ૫૫.૬૭ ટકા ઉત્તરદાતાઓએ માંદગી કે બિમારીમાં ડોકટરની સારવાર લેતા હોવાનું જણાવ્યું છે. એનો અર્થ એ થયો કે, ડાંગમાં બિમારી વખતે ડોકટરની સારવાર લેવાની બાબતમાં લોકોનાં માનસમાં ચોકકસપણે પરિવર્તન આવ્યું હોવાનું જણાય છે. જે આંકડાકીય માહિતી દ્વારા પણ સ્પષ્ટ થાય છે.

## કોષ્ટક નં. ૫.૪૭

## ઈષ્ટદેવ કે કુળદેવી અંગેનું વર્ગીકરણ

| ક્રમ | ઈષ્ટદેવ કે કુળદેવી | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | કનસરી દેવી | ૧૮૯ | ૬૩ |
| ૨. | ઈહમાય દેવી | ૧૬૭ | ૫૫.૬૭ |
| ૩. | ગોવાળદેવ | ૧૨૯ | ૪૩.૦૦ |
| ૪. | હિરવાદેવ | ૪૯ | ૧૬.૩૩ |
| ૫. | કોઠારદેવ | ૫૬ | ૧૮.૬૭ |
| ૬. | ઈસુ ભગવાન | ૬૨ | ૨૦.૬૭ |
| ૭. | ખતરા | ૨૮ | ૯.૩૩ |
| ૮. | અન્ય | ૦૦ | ૦૦ |

ઉપરના કોઠા દ્વારા ઉત્તરદાતાઓના ઈષ્ટદેવ કે કુળદેવી અંગેનું વર્ગીકરણ કરતાં જાણાવ્યું છે કે, કુલ ઉત્તરદાતાઓમાંથી (૧) ૧૮૯ (૬૩.૦૦ ટકા) ઉત્તરદાતાઓએ 'કનસરી'ને કુળદેવી તરીકે હોવાનું જાણાવ્યું. (૨) ૧૬૭ (૫૫.૬૭ ટકા) ઉત્તરદાતાઓએ 'ઈહમાય' ને કુળદેવી તરીકે હોવાનું જાણાવ્યું. (૩) ૧૨૯ (૪૩ ટકા) ઉત્તરદાતાઓએ 'ગોવાળદેવ' ઈષ્ટદેવ તરીકે હોવાનું જાણાવ્યું. (૪) ૪૯ (૧૬.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ 'હિરવાદેવ' ને ઈષ્ટદેવ તરીકે હોવાનું જાણાવ્યું. (૫) ૫૬ (૧૮.૬૭ ટકા) ઉત્તરદાતાઓએ 'કોઠારદેવ'ને ઈષ્ટદેવ તરીકે હોવાનું જાણાવ્યું. (૬) ૬૨ (૨૦.૬૭ ટકા) ઉત્તરદાતાઓ ખ્રિસ્તીધર્મી હોવાથી તેમનાં ઈષ્ટદેવ તરીકે 'ઈસુ ભગવાન' હોવાનું જાણાવ્યું જ્યારે (૭) ૨૮ (૯.૩૩ ટકા) ઉત્તરદાતાઓ ગામીત જાતિના હોવાથી તેમના ઈષ્ટદેવ તરીકે 'ખતરા' હોવાનું જાણાવ્યું છે.

એનો અર્થ એ થયો કે ડાંગના મોટાભાગના લોકો 'કનસરી' અને 'ઈહમાય' ને કુળદેવી તરીકે માનતા હોવાનું જાણાવ્યું છે. જ્યારે ઈષ્ટદેવમાં મોટાભાગે 'ગોવાળદેવ' અને 'કોઠારદેવ' ને માનતા હોવાનું જાણાવ્યું છે. ડાંગના લોકોમાંથી ઘણા ઓછા લોકો ઈષ્ટદેવ તરીકે 'હિરવાદેવ' ને માનતા હોવાનું જાણાવ્યું છે. બીજી બાજુ ખ્રિસ્તી ધર્મી ડાંગના લોકો 'ઈસુ ભગવાન'ને ઈષ્ટદેવ તરીકે માનતા હોવાનું જાણાવ્યું છે. ડાંગ પ્રદેશમાં 'કુનબી', વારલી,

અને ભીલ જાતિના લોકો અનુક્રમે 'કનસરી', 'ઈહમાય' ને કુળદેવી તરીકે માને છે. જ્યારે 'ગોવાળ દેવ', 'હિરવા દેવ', 'કોઠાર દેવ'ને તેઓ ઈષ્ટદેવ તરીકે માને છે. ઉપરાંત ગામીત જાતિના લોકો 'ખતરા'ને ઈષ્ટદેવ તરીકે માનતા હોવાનું અભ્યાસ દ્વારા સ્પષ્ટ થાય છે.

## ૫.૪ રાજકીય માહિતીનું વર્ગીકરણ

આ પ્રકરણના ત્રીજા વિભાગમાં ડાંગ પ્રદેશમાં વસવાટ કરતી જુદી જુદી જનજાતિઓમાંથી અભ્યાસ હેઠળ પસંદ કરેલા ઉત્તરદાતાઓની રાજકીય સ્થિતિ કે જાતિપંચ વિશેનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. ડાંગ જિલ્લામાં જાતિપંચ કે ગામપંચનું આગવું મહત્ત્વ રહ્યું છે.

રાજકીય પાસાઓમાં મુખ્યત્વે ડાંગ જિલ્લાનાં પ્રત્યેક ગામનું જાતિપંચ, જાતિપંચના આગેવાન, જાતિપંચ કેવા પ્રશ્નોને ઉકેલે છે, લાભ મળ્યા પછી જાતિપંચમાં ઉત્તરદાતાનું સ્થાન, ચૂંટણીમાં મત આપવો, લાભ મળ્યા પછી ચૂંટણીમાં ઉમેદવારી, લાભ મળ્યા પછી રાજકીય આગેવાનોમાં તમારું સ્થાન, લાભ મળ્યા પછી ચૂંટણી લડવા માટે ગ્રામજનોનો આગ્રહ, રાજકીય પક્ષના સભ્ય, ચૂંટણીમાં ઉમેદવારી કરવાનું વલણ વગેરે પ્રશ્નોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

**કોષ્ટક નં. ૫.૪૮**

**ગામનું જાતિપંચ અંગેનું વર્ગીકરણ**

| ક્રમ | ગામનું જાતિપંચ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | ના | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક નં. ૫.૪૮માં ગામમાં જાતિપંચ છે કે કેમ તે અંગેનું વર્ગીકરણ કરતાં જાણાયું છે કે, અભ્યાસ હેઠળનાં કુલ ૩૦ ગામડાંના ૩૦૦ ઉત્તરદાતાઓને પ્રશ્ન પુછતાં બધા જ એટલે કે ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓએ તેમના ગામમાં આખાં ગામનું જાતિપંચ હોવાનું જણાવવું છે. અભ્યાસ હેઠળના ૩૦ ગામડામાંથી એકપણ ગામમાં ગામનું જાતિપંચ ન હોવાનું જાણાયું નથી.

ડાંગ જિલ્લામાં આદિવાસી જાતિપંચ એક સામાન્ય વિશેષતા છે. દરેક ગામનું જાતિપંચ હોય છે. જાતિપંચની રચના સામાન્ય રીતે ગામના બધા લોકો મળીને નક્કી કરતા હોય છે. જાતિપંચના મુખીને ડાંગમાં 'પોલિસ પટેલ' પટેલ કહેવામાં આવે છે. જાતિપંચમાં બીજું નામ 'કારભારી' નું હોય છે અને ત્રીજું નામ 'જાગલ્યા' (જેને ગુજરાતીમાં વસવાયો કહેવાય છે.) નું હોય છે. આમ, ડાંગનું જાતિપંચ પોલીસ પટેલ, કારભારી અને જાગલ્યાનું બનેલું હોય છે. આ ત્રણેની પસંદગી આખા ગામના લોકો મળીને નક્કી કરે છે. જે નામ નક્કી થાય છે, તે નામો મહેસુલી તલાટી દ્વારા જીલ્લાના કલેકટર સુધી પહોંચાડવામાં આવે છે. અને જિલ્લા કલેકટર દ્વારા જાતિપંચના પોલિસ પટેલ, કારભારી અને જાગલ્યાની નિમણુંક કરવામાં આવે છે. આમ ડાંગનું 'જાતિપંચ' એક પ્રકારનું સરકાર દ્વારા નિયુક્ત થયેલું પંચ છે. જેથી કરીને 'પંચપ્રથા' નું મહત્વ ડાંગમાં સવિશેષ રહ્યું છે. અહીં એક બાબત એ સ્પષ્ટ કરવાની કે ડાંગમાં જાતિપંચ જુદી જુદી આદિવાસી જાતિનું નથી હોતું. જેમકે, એક જ ગામમાં કુનબી, વારલી, ભીલ વગેરે જાતિના લોકો રહેતા હોય તે બધાનું માત્ર એક જ જાતિપંચ હોય છે. જેને ડાંગના લોકો 'ગામપંચ' પણ કહે છે.

'ગામપંચ' એ ગામના વિકાસ માટે, ગામના પ્રશ્નોને હલ કરવા માટેના નિર્ણયો લે છે. ગામમાં તહેવાર ઉજવવાની બાબતમાં પણ ડાંગનું 'ગામપંચ' ખૂબજ મહત્વનું કાર્ય કરે છે. કેટલાંક તહેવારોમાં ગામની સુખાકારી માટેની પૂજા કરવામાં ગામપંચ'ની ભૂમિકા ખૂબ મહત્વની મનાય છે જેમ કે, વાઘ બારસના દિવસે વાઘદેવની પૂજા-તેરાના તહેવારે ગામદેવની પૂજા વખતે સામૂહિક 'ગામપંચ' દ્વારા પૂજા થતી હોય છે. જે ડાંગ જિલ્લાની આગવી વિશેષતા ગણાય છે.

જો કે, વર્તમાન સમયમાં જાતિપંચ કે ગામપંચનું મહત્વ અમુક અંશે ઘટ્યું છે ખરું, તેમ છતાં તેની અસરકારકતા હજું પણ ડાંગ જિલ્લામાં એક યા બીજા સ્વરૂપે ટકી રહી છે.

## કોષ્ટક નં. ૫.૪૯

## જાતિપંચના આગેવાન કોણ બને છે તે અંગેનું વર્ગીકરણ

| ક્રમ | જાતિપંચના આગેવાન | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | શિક્ષિત વ્યક્તિ | ૪૧ | ૧૩.૬૭ |
| ૨. | ગામની પ્રતિષ્ઠિત વ્યક્તિ | ૧૧૦ | ૩૬.૬૭ |
| ૩. | મોટી ઉંમરની વ્યક્તિ | ૧૦ | ૩.૩૩ |
| ૪. | પ્રભાવી જાતિની વ્યક્તિ | ૧૩૯ | ૪૬.૩૩ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરના કોષ્ટકમાં ગામનાં 'જાતિપંચ' કે 'ગામપંચ'ના આગેવાન કોણ બને છે, તે અંગેનું વર્ગીકરણ કરતાં જાણાયું છે કે કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૪૧ (૧૩.૬૭ ટકા) ઉત્તરદાતાઓએ ગામપંચનો આગેવાન શિક્ષિત વ્યક્તિ હોવો જોઈએ એવું જણાવ્યું છે. ૧૧૦ (૩૬.૬૭ ટકા) ઉત્તરદાતાઓ એ ગામની પ્રતિષ્ઠિત વ્યક્તિ ગામપંચનો આગેવાન બને એવું જણાવ્યું. ૧૦ (૩.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ કોઈ વડીલ પુરુષ સભા ગામપંચનો આગેવાન બને એવી અપેક્ષા રાખતા હતા. ૧૩૯ (૪૬.૩૩ ટકા) ઉત્તરદાતાઓ એ ગામની પ્રભાવી જાતિની કોઈ વ્યક્તિ ગામપંચનો આગેવાન બને એવું જણાવ્યું છે. ટૂંકમાં જાતિપંચ કે ગામપંચનો આગેવાન મોટાભાગે પ્રભાવિજાતિ કે ગામની પ્રતિષ્ઠિત વ્યક્તિ બનતી હોવાનું આ અભ્યાસ પરથી જાણાયું છે.

ડાંગમાં ગામપંચ કે જાતિપંચના આગેવાનનું આગવું સ્થાન છે. તેમાં પણ પરંપરાગત ગામપંચ કે જાતિપંચના આગેવાનની જે તે ગામમાં ખૂબ ઉંચી પ્રતિષ્ઠા ગણાય છે. આ ગામપંચના આગેવાનને 'ગામ પટેલ' કહેવામાં આવે છે. કારણ કે આ પરંપરાગત જાતિપંચ કે ગામપંચ ના આગેવાનમાં આખા ગામની નિસ્વાર્થભાવે સેવા કરવાનો હેતુ સર્વવિદિત છે. ગામના સર્વે ગ્રામજનો ભેગા મળીને જાતિપંચનો આગેવાન મોઢામોઢ સામૂહિક સહમતિથી નકકી કરવામાં આવે છે. જેનામાં આખા ગ્રામજનોને સંપૂર્ણ વિશ્વાસ હોય છે.

મોટાભાગે ડાંગમાં કુનબી, વારલી, ભીલ, ગામીત વગેરે જાતિઓ વસવાટ કરે છે. સામાજિક દરજ્જાના કોટિક્રમિક માળખામાં ડાંગમાં કુનબી જાતિ બીજી જાતિઓ કરતાં ઉંચી

ગણાય છે. જેથી કરીને એમ.એન. શ્રી નિવાસના 'પ્રભાવી જ્ઞાતિ'ના ખ્યાલની રીતે જોતાં ડાંગમાં 'કુનબી જાતિ' પ્રભાવી જાતિ તરીકેનું સ્થાન ધરાવે છે. જે ગામની અંદર કુનબી જાતિના લોકો રહેતા હોય તેવા ગામોમાં મોટાભાગે કુનબી જાતિના વ્યક્તિ જ જાતિપંચ કે ગામપંચનો આગેવાન હોય છે. પછી કુનબી જાતિની સંખ્યા ગામમાં ઓછી હોય તો પણ આગેવાન લગભગ કુનબી જાતિની વ્યક્તિ જ બને છે. ટૂંકમાં ડાંગમાં શિક્ષિત અને મોટી ઉંમરની પુરુષ વ્યક્તિ કરતાં પ્રભાવી જાતિની કે ગામની પ્રતિષ્ઠિત પુરુષ વ્યક્તિઓ જ ડાંગમાં ગામપંચ કે જાતિપંચનો આગેવાન બને છે. જે આ અભ્યાસ દ્વારા ફલિત થાય છે.

## કોષ્ટક નં.૫.૫૦

## જાતિપંચ કેવા ઝગડાઓનો નિકાલ કરે છે તે અંગેનું વર્ગીકરણ

| ક્રમ | ઝગડાઓનો નિકાલ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | કુટુંબનાં આંતરિક ઝગડા | ૩૬ | ૧૨ |
| ૨. | બે કુટુંબો વચ્ચેના ઝગડા | ૪૮ | ૧૬ |
| ૩. | મિલકત સંબંધિત ઝગડા | ૬૨ | ૨૦.૬૭ |
| ૪. | છૂટાછેડાને લગતા ઝગડા | ૧૨૬ | ૪૨.૦૦ |
| ૫. | સામાન્ય ચોરીને લગતા ઝગડા | ૨૮ | ૯.૩૩ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરનાં કોષ્ટક દ્વારા જાતિપંચ કે ગામપંચ કેવા ઝગડાઓનો નિકાલ કરે છે, તે અંગેનું વર્ગીકરણ કરતાં જાણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૩૬ (૧૨.૦૦ ટકા) ઉત્તરદાતાઓએ જાતિપંચ કુટુંબનાં આંતરિક ઝગડાઓનો નિકાલ કરે છે એવું જણાવ્યું છે. ૪૮ (૧૬.૦૦ ટકા) ઉત્તરદાતાઓએ જાતિપંચ બે કુટુંબો વચ્ચેના ઝગડાઓનો નિકાલ કરે છે. એવા જવાબ આપેલ છે. ૬૨ (૨૦.૬૭ ટકા) ઉત્તરદાતાઓએ જાતિપંચ ગામમાં ઉભા થતા મિલકત સંબંધી ઝગડાઓનો નિકાલ કરે છે એવું જણાવ્યું. ૧૨૬ (૪૨.૦૦ ટકા) ઉત્તરદાતાઓએ જાતિપંચ છૂટાછેડાને લગતા પ્રશ્નોનું નિરાકરણ કરે છે એવું જણાવ્યું. જ્યારે ૨૮ (૯.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ જાતિપંચ ગામમાં થતી સામાન્ય ચોરીને લગતા પ્રશ્નોનું નિરાકરણ કરે છે, તેવું અભ્યાસમાં જણાવ્યું છે.

ડાંગમાં જાતિપંચ કે ગામપંચ ગામમાં ઉભા થતાં વિવિધ પ્રશ્નોને નિવારવા માટે આગવું મહત્ત્વ ધરાવે છે. બીજા પ્રદેશો કરતાં ડાંગ પ્રદેશમાં જાતિપંચ આજે પણ પ્રભાવશાળી રહ્યું છે. અભ્યાસ દ્વારા એવું જાણવા મળ્યું કે, જે પ્રશ્નો બીજા પ્રદેશોમાં કોર્ટ-કચેરી દ્વારા નિવારવામાં આવે છે. તેવા પ્રશ્નો ડાંગ જિલ્લાના આદિવાસી લોકો જાતિપંચ કે ગામપંચ દ્વારા નિવારે છે. જેમકે કુટુંબના આંતરિક ઝગડા, બે કુટુંબો વચ્ચેના ઝગડા, મિલકત સંબંધિત પ્રશ્નો, લગ્ન કે છૂટાછેડાને લગતા પ્રશ્નો, સામાન્ય ચોરીને લગતા પ્રશ્નો વગેરે પ્રશ્નો ડાંગના લોકો જાતિપંચ દ્વારા નિવારે છે. સૌથી મોટો લગ્ન કે છૂટાછેડાનો પ્રશ્ન ડાંગમાં જાતિપંચ દ્વારા ખૂબ સમજદારીથી સહેલાઈથી ઉકેલવામાં આવે છે એટલું જ નહીં, પણ અભ્યાસ દ્વારા એવું પણ જાણવા મળ્યું કે, ડાંગમાં છૂટાછેડા ખૂબજ સહેલાઈથી મળી જતા હોવા છતાં નોંધનીય બાબત એ છે કે ડાંગમાં છૂટાછેડાનું પ્રમાણ ખૂબ ઓછું જોવા મળે છે. ટૂંકમાં જાતિપંચની બાબતમાં વર્તમાન સમયમાં નવું નેતૃત્વ સ્વરૂપનું પંચાયતી રાજ અસ્તિત્વમાં આવ્યું છે તેમ છતાં જાતિપંચનું મહત્વ ડાંગમાં હજું પણ એક યા બીજા સ્વરૂપે ટકી રહ્યું છે. આમ, જાતિપંચની બાબતમાં ડાંગમાં ખાસ કોઈ પરિવર્તન આવ્યું હોય એવું દેખાતું નથી.

**કોષ્ટક નં. ૫.૫૧**

**વૃક્ષો કાપવાના લાભ થકી જાતિપંચમાં ઊંચું સ્થાન મળ્યું છે કે કેમ? તે અંગેનું વર્ગીકરણ**

| ક્રમ | જાતિપંચમાં ઉચું સ્થાન | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૨૮૫ | ૯૫ |
| ૨. | ના | ૧૫ | ૫ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરના કોષ્ટકમાં માલિકીનાં વૃક્ષો કાપવાના લાભ થકી જાતિપંચમાં ઊંચુ સ્થાન મળ્યું છે કે કેમ? તે અંગેનું વર્ગીકરણ કરતાં જણાવ્યું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૨૮૫ (૯૫.૦૦ ટકા) ઉત્તરદાતાઓએ વૃક્ષો કાપવાના આર્થિક લાભ થયા પછી જાતિપંચમાં પોતાનું સ્થાન ઊંચુ કે પ્રભાવશાળી બન્યું હોવાનું જણાવ્યું છે. માત્ર ૧૫ (૫.૦૦ ટકા ઉત્તરદાતાઓએ આ આર્થિક લાભ થકી જાતિપંચમાં ઊંચું સ્થાન મળ્યું નથી એવો જવાબ આપ્યો છે. ટૂંકમાં

વૃક્ષો કાપવાના આર્થિક લાભ થકી જાતિપંચમાં પોતાનો અવાજ પ્રભાવશાળી કે અસરકારક બન્યો હોવાનું ઉત્તરદાતાઓએ જાણાવ્યું છે.

ડાંગમાં સરકાર દ્વારા જમીન માલિકીનાં વૃક્ષો કાપવાનો અધિકાર ઘણા લોકોની આર્થિક પરિસ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો છે. આર્થિક સ્થિતિમાં સુધારો થતાં ગામનાં જાતિપંચમાં પણ પોતાનો પ્રભાવ વધ્યો હોવાનો અભ્યાસ પરથી જાણવા મળ્યું છે. એટલું જ નહીં પરંતુ નવું નેતૃત્વ સ્વરૂપના પંચાયતની રાજમાં પણ પોતાનો પ્રભાવ વધ્યો હોવાનું તેઓ જાણાવે છે. ટૂંકમાં આર્થિક સ્થિતિમાં સુધારો થતાં ગામપંચ અને પંચાયતી રાજ સ્વરૂપના નેતૃત્વમાં પોતાનું સ્થાન ઊંચુ ગયું હોવાનું જાણાયું છે. જે ડાંગનાં લોકોનાં સ્થાનમાં આવેલું પરિવર્તન સૂચવે છે.

## કોષ્ટક નં. ૫.૫૨

## ચૂંટણીમાં મત આપે છે તે અંગેનું વર્ગીકરણ

| ક્રમ | ચૂંટણીમાં મત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૩૦૦ | ૧૦૦ |
| ૨. | ના | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરના કોઠા દ્વારા ઉત્તરદાતાઓ લોકસભા, ધારાસભા કે પંચાયતની ચૂંટણીઓમાં મત આપે છે કે કેમ તે અંગેનું વર્ગીકરણ કરતાં જાણાવ્યું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી બધાં જ એટલે કે ૩૦૦ (૧૦૦ ટકા) ઉત્તરદાતાઓએ ચૂંટણીઓમાં મતદાન કરતાં હોવાનું જાણાવ્યું છે. એકપણ ઉત્તરદાતાએ ચૂંટણીમાં મતદાન ન કરતા હોવાનું જાણાવ્યું નથી.

એનો અર્થ એ થયો કે ડાંગના લોકો સરકાર દ્વારા થકી લોકસભા-ધારાસભા કે પંચાયતની ચૂંટણીમાં સંપૂર્ણપણે ભાગ લે છે. બધા જ ઉત્તરદાતાઓ મતદાન કરતા હોવાનું જાણાવ્યું છે. અભ્યાસ પરથી સ્પષ્ટ થાય છે કે, ડાંગના લોકો મતદાન પ્રક્રિયાની બાબતમાં સભાન અને જાગૃત છે. ચૂંટણી પ્રક્રિયાની બાબતમાં સ્થાનિક ગ્રામપંચ કે જાતિપંચ કરતાં તેને સરકારની કામગીરી તરીકે જુએ છે. સ્થાનિક જાતિપંચ હોવા છતાં ડાંગના લોકો ચૂંટણી પ્રક્રિયામાં સંપૂર્ણપણે ભાગ લે છે તે ડાંગના લોકોમાં રાજકીયક્ષેત્રે આવેલું પરિવર્તન સૂચવે છે.

## કોષ્ટક નં. ૫.૫૩

## વૃક્ષો કાપવાનો લાભ મળ્યા પછી કોઈ ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવા અંગેનું વર્ગીકરણ

| ક્રમ | ચૂંટણીમાં ઉમેદવારી | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૯૪ | ૩૧.૩૩ |
| ૨. | ના | ૨૦૬ | ૬૮.૬૭ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરનાં કોષ્ટકમાં ઉત્તરદાતાઓને વૃક્ષો કાપવાનો લાભ મળ્યા પછી કોઈ ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી કે કેમ? તે અંગેનું વર્ગીકરણ કરતાં જાણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૯૪ (૩૧.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ કોઈને કોઈ સ્વરાજ્યની ચૂંટણીઓમાં ઉમેદવારી નોંધાવી હોવાનું જાણાવ્યું છે. જ્યારે ૨૦૬ (૬૮.૬૭ ટકા) ઉત્તરદાતાઓએ કોઈપણ પ્રકારની ચૂંટણીમાં ઉમેદવારી કરી હોવાનું અભ્યાસનું તારણ બતાવે છે.

ડાંગના લોકોને વૃક્ષો કાપવાનો અધિકાર મળતાં લાભાર્થીઓની આર્થિક સ્થિતિમાં સુધારો થયો હોવાનું જાણાયું છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડવા માટે આર્થિક ભંડોળ હોવું ખૂબ જરૂરી છે. આ અભ્યાસ પરથી ૩૧.૩૩ ટકા ઉત્તરદાતાઓએ આર્થિક લાભ મળતાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઉભા રહેવા માટે પ્રોત્સાહન મળેલ હોવાનું જાણવા મળે છે. ટૂંકમાં માલિકીનાં વૃક્ષો કાપવા થકી થયેલ આર્થિક લાભ ઉત્તરદાતાઓને સ્થાનિક સ્વશાસનની ચૂંટણીમાં ચૂંટણી લડવા માટે મનોબળ પુરું પાડ્યું છે. જે ડાંગના લોકોમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની બાબતમાં પરિવર્તન સૂચવે છે.

## કોષ્ટક નં. ૫.૫૪

## ક્યા પ્રકારની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવે છે તે અંગેનું વર્ગીકરણ

| ક્રમ | કયા પ્રકારની ચૂંટણીમાં ઉમેદવારી | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ગ્રામપંચાયતની ચૂંટણી | ૫૭ | ૧૯ |
| ૨. | તાલુકા પંચાયતની ચૂંટણી | ૨૨ | ૭.૩૩ |
| ૩. | જિલ્લા પંચાયતની ચૂંટણી | ૧૫ | ૫.૦૦ |
| ૪. | અન્ય | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૯૪** | **૩૧.૩૩** |

ઉપરના કોઠા દ્વારા ઉત્તરદાતાઓ સ્થાનિક સ્વરાજ્યની ક્યા પ્રકારની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવે છે. તે અંગેનું વર્ગીકરણ કરતાં જાણાયું છે કે, કુલ ૯૪ (૩૧.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ઉમેદવારી નોંધાવી છે. તેમાંથી ૫૭ (૧૯.૦૦ ટકા) ઉત્તરદાતાઓએ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી હોવાનું જાણાવ્યું છે. ૨૨ (૭.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ તાલુકા પંચાયતની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી હોવાનું જાણાવ્યું છે. ૧૫ (૫ ટકા) ઉત્તરદાતાઓએ જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી હોય એવા એકપણ ઉત્તરદાતા હોવાનું જાણાયું નથી.

ડાંગ જિલ્લા પંચાયત આખા રાજ્યમાં નાનામાં નાની જિલ્લા પંચાયત છે. એક જ તાલુકાનો બનેલો જિલ્લો હોવાથી જિલ્લા પંચાયતનું માળખું નાનું છે. માલિકીનાં વૃક્ષો કાપવાનો આર્થિક લાભ થતા ૩૧.૩૩ ટકા ઉત્તરદાતાઓએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભાગ લીધો હોવાનું અભ્યાસ પરથી જાણાયું છે. જેમાં સૌથી વધારે ગ્રામપંચાયતની ચૂંટણીમાં ભાગ લેનાર ઉત્તરદાતાઓનું પ્રમાણ ૧૯.૦૦ ટકા સૌથી વધારે નોંધાયું છે. જ્યારે તાલુકા અને જીલ્લા પંચાયતની ચૂંટણીમાં ઉમેદવારીનું પ્રમાણ અનુક્રમે ૭.૩૩ ટકા અને ૫ ટકા નોંધાયું છે. એનો અર્થ એ થયો કે ડાંગમાં જમીન માલિકીનાં વૃક્ષો કાપવાના આર્થિક લાભ થકી ઉત્તરદાતાઓને સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં નેતૃત્વ કરવાની તક મળી છે. જે ડાંગમાં રાજકીય ક્ષેત્રે આવેલું પરિવર્તન દર્શાવે છે.

## કોષ્ટક નં. ૫.૫૫

## લાભ મળ્યા પછી રાજકીય સભ્યો માન આપે છે કે કેમ તે અંગેનું વર્ગીકરણ

| ક્રમ | રાજકીય સભ્યો માન આપે છે | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૨૮૫ | ૯૫ |
| ૨. | ના | ૧૫ | ૫ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક દ્વારા જમીન માલિકીનાં વૃક્ષો કાપવાના લાભ મળ્યા પછી રાજકીય સભ્યો (રાજકારણીઓ) ઉત્તરદાતાઓને માન આપે છે કે કેમ? તે અંગેનું વર્ગીકરણ કરતાં જાણાયું છે કે કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૨૮૫ (૯૫.૦૦ ટકા) ઉત્તરદાતાઓ એ તેમને લાભ મળ્યા પછી રાજકીય સભ્યો માન સન્માન આપતા હોવાનું અભ્યાસ પરથી જાણાયું છે. જ્યારે માત્ર ૧૫ (૫.૦૦ ટકા) ઉત્તરદાતાઓએ લાભ મળ્યા પછી રાજકીય સભ્યો માન આપતા ન હોવાનું જાણાવ્યું છે.

માલિકીનાં વૃક્ષો કાપવાના આર્થિક લાભ થવાથી ઉત્તરદાતાઓથી આર્થિક સ્થિતિમાં સારો એવો સુધારો થયો છે. સ્થાનિક ગામડાઓમાં તેમની પ્રતિષ્ઠા ઊંચી જવાથી ગામના લોકો તો તેમને માન-સન્માન આપે જ છે. પરંતુ રાજકીય સભ્યો (રાજકારણીઓ) પણ આ ઉત્તરદાતાઓને માન-સન્માન આપે છે. આ બાબત પરથી સ્પષ્ટ થાય છે કે, ઉત્તરદાતાઓની આર્થિક સ્થિતિ સુધરતાં રાજકારણીઓ પણ તેમને માન આપતા થયા છે જે બાબત રાજકારણનાં ક્ષેત્રે પરિવર્તનને સૂચિત કરે છે.

**કોષ્ટક નં. ૫.૫૬**

**લાભ મળ્યા પછી ગ્રામજનો ચૂંટણી લડવા માટે કહે છે કે કેમ? તે અંગેનું વર્ગીકરણ**

| ક્રમ | ગ્રામજનો ચૂંટણી લડવા માટે કહે છે | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૨૭૩ | ૯૧ |
| ૨. | ના | ૧૭ | ૯ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરના કોઠા દ્વારા જમીન માલિકીનાં વૃક્ષો કાપવાના લાભ મળ્યા પછી ગામના ગ્રામજનો ચૂંટણી લડવા માટે કે છે કે કેમ? તે અંગેનું વર્ગીકરણ કરતાં જણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૨૭૩ (૯૧.૦૦ ટકા) ઉત્તરદાતાઓએ ગામના ગ્રામજનો તેમને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડવાનું કહેતા હોવાનું અભ્યાસ દ્વારા જણાયું છે. જ્યારે માત્ર ૨૭ (૯.૦૦ ટકા) ઉત્તરદાતાઓએ આ બાબતમાં નકારમાં જવાબ આપ્યો હોવાનું તપાસમાં જણાવ્યું છે.

જમીન માલિકીનાં વૃક્ષો કાપવાનો આર્થિક લાભ મળ્યા પછી ઉત્તરદાતાઓની આર્થિક સ્થિતિમાં સુધારો થાય છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ચૂંટણી ખર્ચને પહોંચી વળવા માટે ઉમેદવારની આર્થિક સ્થિતિ સારી હોવી જોઈએ. તે બાબત એક સામાન્ય ધોરણ તરીકે સ્વીકૃત છે. વૃક્ષો કાપવાનો આર્થિક લાભ થતાં ઉત્તરદાતાની આર્થિક સ્થિતિ સુધરતાં ગામના ગ્રામજનો તેમને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડવાનું કહે તે એક સ્વાભાવિક બાબત છે. કારણ કે તે ચૂંટણીમાં ચૂંટણીખર્ચને પહોંચી વળવા માટે સક્ષમ ગણાય છે. આમ, સ્થાનિક ગામના ગ્રામજનોમાં આવા ઉત્તરદાતાઓની પ્રતિષ્ઠા વધે છે જે બાબત ચોકકસપણે પરિવર્તન દર્શાવે છે.

## કોષ્ટક નં. ૫.૫૭

## લાભ મળ્યા પછી રાજકીય પક્ષના સભ્ય બન્યા અંગેનું વર્ગીકરણ

| ક્રમ | રાજકીય પક્ષના સભ્ય | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૧૧૬ | ૩૮.૬૭ |
| ૨. | ના | ૧૮૪ | ૬૧.૩૩ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક ૫.૫૭માં જમીન માલિકીનાં વૃક્ષો કાપવાના લાભ મળ્યા પછી કોઈ રાજકીય પક્ષના માન્ય સભ્ય બન્યા કે કેમ? તે અંગેનું વર્ગીકરણ કરતાં જાણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૧૧૬ (૩૮.૬૭ ટકા) ઉત્તરદાતાઓએ લાભ મળ્યા પછી રાજકીય પક્ષના માન્ય સભ્ય બન્યા હોવાનું જાણાવ્યું છે. જ્યારે ૧૮૪ (૬૧.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ રાજકીય પક્ષના સભ્ય બન્યા નથી એવું અભ્યાસ દ્વારા જાણવા મળ્યું.

સામાન્ય રીતે રાજકીય ક્ષેત્રે પ્રવેશવા માટે વ્યક્તિની આર્થિક સ્થિતિ કંઈક સારી હોવી જોઈએ એવું સામાન્યપણે માનવામાં આવે છે. ઉપરાંત રાજકીય પક્ષના માન્ય સભ્ય બનવાથી રાજકારણમાં પ્રવેશવા માટેના દ્વાર ખૂલે છે. વ્યક્તિની સારી આર્થિક સ્થિતિ, માન, પ્રતિષ્ઠા વગેરે ગુણો વ્યક્તિને રાજકારણમાં પ્રવેશવા માટેના દ્વાર ખોલી આપે છે. આ અભ્યાસ દ્વારા જે ઉત્તરદાતાઓનો અભ્યાસ કરવામાં આવ્યો તેમાંથી ૩૮.૬૭ ટકા ઉત્તરદાતાઓએ આ લાભ મળ્યા પછી રાજકીય પક્ષના સભ્ય બન્યા છે. આ બાબત પરથી સ્પષ્ટ થાય છે કે, આ આર્થિક લાભ ઉત્તરદાતાઓને રાજકીય પક્ષમાં સામેલ થવા માટે પ્રોત્સાહન પુરું પાડ્યું છે. જે બાબત પરિવર્તનને સૂચિત કરે છે.

## કોષ્ટક નં. ૫.૫૮

## કુટુંબની મહિલા સભ્યોને ચૂંટણીમાં ઉમેદવારી કરવા માટેનું વલણ અંગેનું વર્ગીકરણ

| ક્રમ | ચૂંટણીમાં મહિલાની ઉમેદવારી | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૨૬૮ | ૮૯.૩૩ |
| ૨. | ના | ૩૨ | ૧૦.૬૭ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરના કોઠા દ્વારા ઉત્તરદાતાઓની કુટુંબની મહિલા સભ્યોને ચૂંટણીમાં ઉમેદવારી કરવા માટેનું વલણ અંગેનું વર્ગીકરણ કરતાં જણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૨૬૮ (૮૯.૩૩ ટકા) ઉત્તરદાતાઓએ તેમના કુટુંબના સ્ત્રી સભ્યોને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઉમેદવારી કરવા માટેનું વલણ ધરાવતા હોવાનું અભ્યાસ દ્વારા જણાયું છે. જ્યારે ૩૨ (૧૦.૬૭ ટકા) ઉત્તરદાતાઓએ તેમના કુટુંબના સ્ત્રી સભ્યોને ચૂંટણીમાં ઉમેદવારી કરવા અંગે નકારમાં જવાબ આપ્યો હતો.

ડાંગમાં જાતિપંચ કે ગામપંચની સાથે પંચાયત આધારિત નેતૃત્વ વિકસતું જાય છે. પંચાયત આધારિત પુરુષ નેતૃત્વની સાથે સ્ત્રી નેતૃત્વનો પ્રભાવ પણ વધતો જાય છે. કારણ કે અભ્યાસ હેઠળનો ઉત્તરદાતાઓમાંથી ૮૯.૩૩ ટકા ઉત્તરદાતાઓએ તેમના કુટુંબની સ્ત્રી સભ્યો પંચાયતની ચૂંટણીઓમાં ઉમેદવારી નોંધાવે એવી અપેક્ષા રાખે છે. જે બાબત ડાંગમાં પંચાયતોની ચૂંટણીઓમાં પુરુષ નેતૃત્વની સાથો-સાથ સ્ત્રી નેતૃત્વમાં આવી રહેલું પરિવર્તન બતાવે છે. આમ, ડાંગમાં પંચાયતની ચૂંટણીઓમાં નેતૃત્વ ક્ષેત્રે ચોકક્સ પરિવર્તન આવી રહ્યું છે તે અભ્યાસનાં તારણો પરથી સ્પષ્ટ થાય છે.

## કોષ્ટક નં. ૫.૫૯

## ૩૩ ટકા મહિલા અનામતના કાયદા અંગેનું વર્ગીકરણ

| ક્રમ | ૩૩ ટકા મહિલા અનામત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૨૮૮ | ૯૬.૦૦ |
| ૨. | ના | ૧૨ | ૪.૯૦ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરનાં કોષ્ટક દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૩૩ ટકા મહિલા અનામતનો કાયદો બરાબર છે કે કેમ? તે અંગેનું વર્ગીકરણ કરતાં જાણાયું છે કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૨૮૮ (૯૬.૦૦ ટકા) ઉત્તરદાતાઓએ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં સરકારના ૩૩ ટકા મહિલા અનામતના કાયદાને બરાબર હોવાનું જાણાવ્યું છે. જ્યારે ૧૨ (૪ ટકા) ઉત્તરદાતાઓએ આ ૩૩ ટકા મહિલા અનામતના કાયદા વિશે અજાણ હોવાનું જાણાવ્યું છે. તેઓ આવો કોઈ કાયદો હશષ એવી જાણકારી ધરાવતા ન હતા એવું અભ્યાસ પરથી જાણવા મળ્યું છે.

ડાંગમાં સામાન્ય રીતે સ્ત્રીનું સામાજિક સ્થાન ઊંચુ ગણાય છે. સામાજિક, આર્થિક, ધાર્મિક, સાંસ્કૃતિક વગેરે ક્ષેત્રમાં સ્ત્રીની મહત્વની ભૂમિકા રહી છે. સ્ત્રી દરેક ક્ષેત્રે પોતાનું મહત્વનું યોગદાન આપે છે. જાતિપંચ કે ગામપંચમાં પણ વડીલ સ્ત્રીઓનો અભિપ્રાય લેવાતો હોવાનો અભ્યાસ દ્વારા જાણવા મળ્યું છે. મોટાભાગનાં શિક્ષિત ઉત્તરદાતાઓએ ૩૩ ટકા મહિલા અનામતના કાયદાને મહત્વનો ગણેલ છે. અભ્યાસ હેઠળનાં ૯૬.૦૦ ટકા ઉત્તરદાતાઓએ ૩૩ ટકા મહિલા અનામતના કાયદાને યોગ્ય ઠેરવે છે. તે બાબત જ ડાંગમાં રાજકીય ક્ષેત્રે સ્ત્રીઓના પ્રવેશની બાબતને મહત્વ આપે છે. જે ડાંગમાં સ્ત્રીઓની બાબતમાં રાજકીયક્ષેત્રે આવેલાં પરિવર્તનને સૂચિત કરે છે.

## ૫.૫ સમાપન

ડાંગ પ્રદેશનાં અભ્યાસ હેઠળ લીધેલ કુલ ૧૫ વન વિભાગની કચેરી હેઠળના કુલ ૩૦ ગામડાનાં ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી જુદી જુદી જનજાતિઓમાં પરિવર્તનનાં સંદર્ભમાં શૈક્ષણિક, સાંસ્કૃતિક અને રાજકીય ક્ષેત્રે કેવા ફેરફારો જોવા મળે છે. તે અંગેની માહિતીનું વિશ્લેષણ

કરતાં પ્રત્યેક ક્ષેત્રમાં ઓછા-વત્તા પ્રમાણમાં પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે પરિવર્તનની ગતિ જોવા મળી છે. તે સંશોધનાત્મક અહેવાલ સ્વરૂપે પ્રસ્તુત કરવામાં આવેલ છે.

શૈક્ષણિક ક્ષેત્ર અંગેનું માહિતીનું વિશ્લેષણ કરતાં એવું જાણાયું છે કે, ઉત્તરદાતાઓ જે ગામડાઓનાં છે તેઓનાં ગામમાં શિક્ષણની સુવિધા, તેમના બાળકોને અભ્યાસ અંગેનું માનસ, સંતાનોને અભ્યાસ બાબતની મુશ્કેલી, શિક્ષણ પ્રાપ્ત કરતા બાળકોનેશું બનાવવા ઈચ્છે છે, આર્થિક લાભથી શિક્ષણ ખર્ચમાં રાહત, આર્થિક લાભથી સંતાનોને ઉચ્ચ શિક્ષણ આપી શકશે કે કેમ, અભ્યાસ પૂર્ણ કરનાર સંતાનોને નોકરીની શકયતા વગેરે પ્રશ્નોનું વિશ્લેષણ કરીને વિસ્તૃત રીતે અહેવાલ સ્વરૂપે પ્રસ્તુત કરેલ છે.

સાંસ્કૃતિક પાસાંઓ તરીકે ડાંગ પ્રદેશની ભૌતિક પરિસ્થિતિ, મૃત્યુ અંગેનાં નિયમો અને નિયંત્રણો, ધાર્મિક ઉત્સવો અને તહેવારો વગેરેનું વિશ્લેષણ કરતાં સ્પષ્ટ થાય છે કે, ડાંગ પ્રદેશની ભૌતિક પરિસ્થિતિમાં ઉત્તરદાતાઓના ઘરો, ઘરનો પ્રકાર, ઓરડાની સંખ્યા, ઘરની દિવાલ અને તેનો પ્રકાર, વિજળીની સગવડ, બળતણ, શૌચાલય અને તેનો પ્રકાર, વાસણો, ફર્નિચર, વાહનો, ઈલેકટ્રીકનાં સાધનો, ખોરાક, પહેરવેશ, ભાષા કે બોલી, નૃત્ય અને નૃત્યનો પ્રકાર, પરંપરાગત સાધનોમાં શું ફેરફાર થયો છે. તે અંગેની વિસ્તૃત માહિતી મેળવીને તેને પદ્ધતિસરનાં અહેવાલ સ્વરૂપે રજુ કરેલ છે.

રાજકીય જાગૃતિ કે જાતિપંચની બાબતમાં ડાંગના લોકોની શું સ્થિતિ છે. તે જાણવાનો પ્રયાસ કર્યો છે. અભ્યાસ દ્વારા એવું જાણાયું છે કે, ડાંગમાં પરંપરાગત જાતિપંચનું મહત્વ, તેના આગેવાન, જાતિપંચ હેઠળના પ્રશ્નોનું નિરાકરણ, જાતિપંચમાં જનજાતિ પ્રમાણેનું સ્થાન, વર્તમાન રાજકીય પ્રવૃતિઓમાં ભાગીદારી, તેનું સભ્યપદ, ચૂંટણીમાં ઉમેદવારી, રાજકીયપક્ષના સભ્ય, રાજકીય પ્રવૃતિમાં સ્ત્રીની ભાગીદારી, વર્તમાન રાજકીય અધિકારોમાં સ્ત્રીનું સ્થાન વગેરે પ્રશ્નોનું પદ્ધતિસર વર્ગીકરણ કરી, તેનું અહેવાલ સ્વરૂપે રજૂઆત આ પ્રકરણમાં કરેલ છે.

# પ્રકરણ-૬
# નિષ્કર્ષ અને સૂચનો

૬.૧ પ્રસ્તાવના

૬.૨ નિષ્કર્ષો

૬.૩ અભ્યાસની ઉપયોગીતા

૬.૪ અભ્યાસની મર્યાદા

૬.૫ ભાવિ સંશોધનનાં ક્ષેત્રો

૬.૬ સમાપન

# પ્રકરણ-૬
# નિષ્કર્ષ અને સૂચનો

## ૬.૧ પ્રસ્તાવના

સંશોધન કાર્યનું કોઈને કોઈ ધ્યેય કે હેતુ હોય છે. સંશોધન પ્રશ્નોનો ઉત્તર મેળવી અહેવાલનાં સ્વરૂપે રજુ કરવાનું આ સંશોધનનું અંતિમ ચરણ ગણવામાં આવે છે. પ્રસ્તુત અભ્યાસ 'ડાંગ જિલ્લાના આદિવાસીઓનાં જમીન માલિકીનાં વૃક્ષો કાપવાનાં અધિકારોથી આવેલું પરિવર્તન'માં ડાંગ જિલ્લાની ઉતર ડાંગ વન વિભાગની ૮ રેંજ અને દક્ષિણ ડાંગ વન વિભાગની ૭ રેંજ મળીને દરેક રેંજના બે ગામડાંઓના દસ-દસ મળીને કુલ ૩૦ ગામડાઓમાંથી આકસ્મિક નિદર્શન પદ્ધતિ દ્વારા ૩૦૦ કુટુંબોના વડાઓને ઉત્તરદાતા તરીકે પસંદ કરી પ્રાથમિક માહિતી મેળવવા પ્રયત્ન કર્યો છે. પ્રાથમિક માહિતી મેળવવા માટે મુલાકાત પદ્ધતિ તથા સહાયક પદ્ધતિ તરીકે નિરીક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરી, માહિતી એકત્રીકરણ કરવા માટે મુલાકાત અનુસૂચિનો સાધન તરીકે ઉપયોગ કરવામાં આવ્યો છે. જેમાં પરિવર્તનનાં સંદર્ભમાં કૌટુંબિક, સામાજિક, આર્થિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક અને રાજકીય જેવા વિવિધ પાસાંઓને કેન્દ્રમાં રાખી માહિતી પ્રાપ્ત કરેલ છે, તે માહિતીનું વર્ગીકરણ કરી જુદા જુદા પ્રકરણોમાં વિગતે તારણોનાં સ્વરૂપે પ્રસ્તુત કરેલ છે.

આફ્રિકાને બાદ કરતાં ભારતમાં સૌથી વધુ આદિવાસીઓની વસ્તી વસે છે. જે ભારતના જુદા જુદા રાજ્યોમાં ઓછા-વત્તા પ્રમાણમાં જોવા મળે છે. કોઈપણ સમાજ સ્થિર નથી, પરિવર્તનશીલ છે. પરિવર્તનની સાર્વત્રિક પ્રક્રિયાની અસર તમામ સમાજો ઉપર ઓછા-વત્તા પ્રમાણમાં થઈ છે. પરિવર્તનના વિવિધ પરિબળો અને પ્રક્રિયાઓ જેવાં કે, આધુનિકીકરણ, ઔદ્યોગીકરણ, શહેરીકરણ, સાંસ્કૃતિકરણ, પશ્ચિમીકરણ, શિક્ષણ, વાહન-વ્યવહાર, સંદેશાવ્યવહાર વગેરેને કારણે આદિવાસી સમાજ પરિવર્તિત થઈ રહ્યો છે. કેટલાક આદિવાસી સમાજ આજે પણ પોતાના મૂળ પ્રદેશને વળગી રહ્યા છે. જેથી મૂળ અવસ્થામાં જીવી રહ્યાં છે. તેમ છતાં ઘણા-ખરા આદિવાસી સમુદાયોમાં પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે પરિવર્તન શકય બન્યું છે.

ખાસ કરીને કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ તથા સ્વૈચ્છીક સંગઠનો અને સંસ્થાઓના પ્રયત્નોને કારણે આદિવાસી સમાજ સભ્ય સમાજ સાથે ભળવા લાગ્યો છે. આ સંદર્ભમાં પરિવર્તનનું સ્વરૂપ, ગતિ, દિશા તથા આદિવાસી સમાજ ઉપર થયેલ હકારાત્મક અને નકારાત્મક અસરોને સમાજશાસ્ત્રીય દ્રષ્ટિબિંદુથી, બદલાતા પરિપ્રેક્ષ્યમાં તેને જોવાનો આ પ્રયાસ પ્રસ્તુત અભ્યાસમાં કરવામાં આવ્યો છે. અભ્યાસ સંદર્ભે મેળવેલ પ્રમાણભૂત સામગ્રી તપાસતાં મળેલાં મુખ્ય તારણો અહીં રજુ કરવામાં આવ્યા છે.

પ્રસ્તુત અભ્યાસમાં સમગ્ર સામાજિક, આર્થિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક અને રાજકીય પાસાઓ વિશે પરિવર્તનને લગતી માહિતી મેળવી મુખ્ય બે પ્રકરણોમાં વિભાજિત કરેલ છે. તેનાં આધારે અહીં સમગ્ર અભ્યાસનાં તારણો પ્રશ્નાવલિમાં દર્શાવેલ પ્રશ્નના ક્રમ અનુસાર વિભાગો મુજબ રજૂ કરેલ છે. આ તારણો (નિષ્કર્ષ) ક્રમબદ્ધ રીતે દર્શાવી સંશોધનની ઉપયોગિતા, સંશોધનની મર્યાદા અને ભાવિ સંશોધન માટેની આવશ્યકતાઓ, સૂચનો નીચે મુજબ રજુ કરેલ છે.

## ૬.૨ નિષ્કર્ષો (તારણો)

સંશોધનના ક્ષેત્ર કાર્ય દ્વારા માહિતી પ્રાપ્ત કરી તેનાં વિશ્લેષણનાં આધારે સમગ્ર અભ્યાસનાં નિષ્કર્ષો તારવવામાં આવેલ છે. જે નીચે પ્રમાણે રજુ કરેલ છે.

### ○ સામાન્ય અને કૌટુંબિક માહિતી

૧. પ્રસ્તુત અભ્યાસમાં બહુમતી ઉત્તરદાતાઓ કુનબી (કુંકણા) ૪૪.૬૭ ટકા, વારલી જનજાતિના ૨૭.૩૩ ટકા, ભીલ જનજાતિના ૧૮.૬૭ ટકા જ્યારે ગ્રામીણ જનજાતિના સૌથી ઓછા ૯.૩૩ ટકા છે. કુનબી જનજાતિનું પ્રમાણ વધુ હોવા પાછળનું મુખ્ય કારણ આ લાભ સૌથી વધુ કુનબી જનજાતિએ લીધો હોવાનું જણાયું છે. તુલનાત્મક રીતે સૌથી વધુ પરિવર્તન કુનબી જનજાતિમાં જોવા મળે છે.

૨. અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાંથી બાપ-દાદાથી ગામમાં વસવાટ કરતા હોય તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ ૭૮.૩૪ ટકા છે. જ્યારે ૫૧થી૧૦૦ વર્ષથી અને ૧૦૧ થી ૧૫૦ વર્ષથી ગામમાં વસવાટ કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ અનુક્રમે ૬.૩૩ ટકા અને ૧૫.૩૩ ટકા જેટલું ઓછું

જણાયું છે. તેની પાછળનું મુખ્ય કારણ એ છે કે, ઉત્તરદાતાઓ કેટલા સમયથી ગામમાં રહે છે, તેના નિશ્ચિત સમયની ખબર ન હોવાથી બાપ-દાદાથી રહે છે, એવા ઉત્તરદાતાઓનું પ્રમાણ વધુ હોવાનું જણાયું છે.

૩. અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓની શૈક્ષણિક તથ્યોને તપાસતાં જણાયું હતું કે, કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૩૪.૩૩ ટકા ઉત્તરદાતાઓ નિરક્ષર હતા. ૬૫.૬૭ ટકા શિક્ષિત માલુમ પડ્યા. જેમાંથી ૨૮.૬૭ ટકા ઉત્તરદાતાઓએ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યું હોવાનું જણાવ્યું છે. કોઈપણ વ્યક્તિની વિકાસની સ્થિતિ, પ્રતિષ્ઠા, દરજ્જો વગેરે તેનાં શિક્ષણ પરથી જાણી શકાય છે. ઉપર્યુક્ત માહિતી પરથી તારણ મળે છે કે, ડાંગમાં શિક્ષણનું પ્રમાણ સારું એવું ઉંચું જોવા મળે છે. જે તેમના પરિવર્તનમાં મુખ્ય જવાબદાર પરિબળ તરીકે જણાયું છે.

૪. અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓના ધર્મ અને સંપ્રદાયની પરિસ્થિતિ તપાસતાં જાણવા મળ્યું કે, ડાંગના મુખ્ય ધર્મ તરીકે હિન્દુ ધર્મ પાળતા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૭૯.૩૩ ટકા હોવાનું માલુમ પડ્યું છે. જ્યારે ખ્રિસ્તી ધર્મ પાળતા ઉત્તરદાતાઓનું પ્રમાણ માત્ર ૨૦.૬૭ ટકા હોવાનું જણાયું છે. જ્યારે સંપ્રદાયની બાબતમાં હિન્દુ ધર્મ પાળતા ઉત્તરદાતાઓમાંથી જય પરમાત્મા સંપ્રદાય પાળતા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૩૦.૬૭ ટકા ઉત્તરદાતાઓ છે. માવલી સંપ્રદાય પાળતા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૨૬.૦૦ ટકા નોંધાયું છે. એનો અર્થ એ થયો કે, ડાંગમાં મુખ્ય ધર્મની સાથે સંપ્રદાયમાં જોડાતા લોકોની ધાર્મિક જીવનશૈલીમાં પરિવર્તન આવ્યું હોવાનું જણાયું છે.

૫. વ્યવસાયિક પરિસ્થિતિનાં સંદર્ભમાં ઉત્તરદાતાઓનો અભ્યાસ કરતાં જણાયું છે કે, ૭૮.૦૦ ટકા ઉત્તરદાતાઓનો મુખ્ય વ્યવસાય ખેતી છે. ૨૨.૦૦ ટકા ઉત્તરદાતાઓ નોકરીના વ્યવસાય સાથે જોડાયેલા છે તેમજ ખેતીનો વ્યવસાય કરતા કરતા ૭૨.૬૭ ટકા લોકો પૂરક વ્યવસાય તરીકે પશુપાલન અને ૫.૩૩ ટકા લોકો છૂટક મજૂરી કરતા માલુમ પડ્યું છે. જો કે બહુમતિ ઉત્તરદાતાઓ ખેતી કરતા હોવા છતાં, નોકરીયાત ઉત્તરદાતાઓનું પ્રમાણ પણ વધુ હોવાથી

પરિવર્તન શકય બન્યું હોવાનું જણાયું છે.

૬. અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓના કુટુંબોના પ્રકાર વિશે ચકાસતા ૨૭૨ (૯૦.૬૭ ટકા) સંયુક્ત કુટુંબ ધરાવે છે. ૨૮ (૯.૩૩ ટકા) વિભક્ત કુટુંબ ધરાવે છે. ડાંગના રીવાજ પ્રમાણે પુત્રના લગ્ન થયા પછી અમુક સમય પછી મા-બાપથી જુદા થઈને અલગ ખોરડા (ઘરમાં રહે છે. અલગ રહેવા છતાં મુશ્કેલીના સમયે માતા-પિતાને મદદ કરે છે. આમ, ડાંગમાં મોટાભાગે સંયુક્ત કુટુંબનું પ્રચલન જોવા મળે છે. આ બાબતમાં ઓછું પરિવર્તન જોવા મળ્યું છે.

૭. કુટુંબમાં સ્ત્રી સભ્યોની સંખ્યાની બાબતમાં ૬૭.૩૩ ટકા અને પુરુષ સભ્યોની બાબતમાં ૭૩.૩૩ ટકા જોવા મળ્યું છે. એનો અર્થ એ થયો કે, સ્ત્રી અને પુરુષ સભ્યોની સંખ્યાની બાબતમાં ૪.૦૦ ટકાનો જ તફાવત જોવા મળે છે. ડાંગમાં સ્ત્રી અને પુરુષનું સ્થાન આ આંકડા પરથી એક સમાન હોવાનું જણાયું છે. ડાંગ જિલ્લામાં સ્ત્રીને વિશેષ મહત્વ આપવામાં આવે છે.

૮. અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાંથી સ્ત્રીઓની સંખ્યા માત્ર ૧૮ (૬.૦૦ ટકા) અને પુરુષોની સંખ્યા ૨૮૨ (૯૪.૦૦ ટકા) છે. તેની પાછળનું મુખ્ય કારણ એ છે કે, જમીન ખાતેદાર તરીકે પુરુષો હોય છે. પરંતુ પતિનું અવસાન થતા જમીન ધારક તરીકે સ્ત્રી બને છે તેથી પુરુષ ઉત્તરદાતાઓનું પ્રમાણ સવિશેષ હોવાનું જણાયું છે.

૯. પ્રસ્તુત અભ્યાસ વયજૂથનાં સંદર્ભમાં જોઈએ તો ૨૬થી૩૫ વર્ષની ઉંમર ધરાવતા ૮.૦૦ ટકા ઉત્તરદાતાઓ હતા. ૩૬થી૪૫ વર્ષની ઉંમર ધરાવતા ૨૨.૦૦ ટકા ઉત્તરદાતાઓ હતા. ૪૬ થી ૫૫ વર્ષની ઉંમર ધરાવતા ૨૯.૩૩ ટકા ઉત્તરદાતાઓ હતા. ૫૬ થી ૬૫ વર્ષની ઉંમર ધરાવતા ૨૩.૬૭ ટકા ઉત્તરદાતાઓ હતા. ૬૬થી૭૫ વર્ષની ઉંમર ધરાવતા ૧૫.૩૩ ટકા અને ૭૬ થી વધુ ઉંમરના ઉત્તરદાતાઓનું પ્રમાણ ૧.૬૭ ટકા નોંધાયું છે. અભ્યાસ હેઠળના કુલ ઉત્તરદાતાઓમાંથી ૪૬થી૫૫ વર્ષની ઉંમર ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ છે.

૧૦. વૈવાહિક દરજ્જાની બાબતમાં ૯૩.૩૩ ટકા ઉત્તરદાતાઓ પરણિત છે. ૪.૬૭ ટકા ઉત્તરદાતાઓ અપરણિત છે. જ્યારે વિધવા ઉત્તરદાતાઓનું પ્રમાણ માત્ર ૨.૦૦ ટકા હોવાનું માલુમ પડ્યું છે.

૧૧. લગ્ન સ્થળના અંતરની બાબતમાં ૪૭.૬૭ ટકા ઉત્તરદાતાઓનું લગ્નનું સ્થળ ૧૬થી વધુ કી.મી. હોવાનું જાણાવ્યું. જ્યારે ગામમાંથી લગ્નસાથી પસંદગીનું પ્રમાણ માત્ર ૬.૩૩ ટકા જ નોંધાયું છે. એનો અર્થ એ થયો કે ડાંગમાં લગ્નની બાબતમાં ગામ કરતાં ગામથી દૂરના ગામમાંથી લગ્ન માટે યુવતીની પસંદગી થતી હોવાનું અભ્યાસ દ્વારા જાણાયું છે.

૧૨. ઉત્તરદાતાઓના ૧૦૭૦ સંતાનો પ્રાથમિકથી માંડી ઉચ્ચ શિક્ષાણ પ્રાપ્ત કરી રહ્યા છે. ૧૦૦ ટકા શિક્ષાણનું પ્રમાણ જોવા મળ્યું છે. તેમાં છોકરાઓનું પ્રમાણ ૫૫૫ અને છોકરીઓનું પ્રમાણ ૫૧૫ જેટલું છે. જેમાં ૩૮.૦૦ ટકા બાળકો ઉચ્ચ શિક્ષાણ મેળવતા હોય એવું જાણાયું છે. જે શિક્ષાણક્ષેત્રે આવેલું પરિવર્તન સૂચવે છે.

૧૩. ઉત્તરદાતાઓના કુટુંબની વાર્ષિક આવક જોતા જાણાયું છે કે કુલ ઉત્તરદાતાઓમાંથી ૨૦ હજારથી વધુ વાર્ષિક આવક ધરાવતા સૌથી વધુ ૫૦.૬૭ ટકા અને ૫ હજારથી ૧૦ હજાર સુધી સૌથી ઓછી આવક ધરાવતા ૭.૦૦ ટકા હોવાનું જાણાયું છે. ડાંગમાં લોકોની આર્થિક સ્થિતિ સુધરતાં આવકનું સ્રોત ઉંચુ ગયું હોવાનું જાણાય છે. જે આ પરિવર્તન પાછળનું મહત્વનું પરિબળ જાણાયું છે.

## ○ સામાજિક માહિતી

૧૪. ડાંગ જિલ્લામાં મુખ્યત્વે પુત્ર અને પુત્રીના જન્મમાંથી બંનેને એક સમાન મહત્ત્વ આપતા હોવાનું અભ્યાસનું તારણ પરથી જાણાય છે. જેમકે, કુલ ઉત્તરદાતાઓમાંથી ૯૬.૬૭ ટકા ઉત્તરદાતાઓ પુત્ર અને પુત્રનું એક સમાન મહત્ત્વ હોવાનું અભ્યાસ દ્વારા જાણાવે છે.

૧૫. ડાંગ પ્રદેશમાં કોઈપણ સામાજિક પ્રશ્નોમાં સ્ત્રીની સામેલગીરીને વધુ મહત્વ આપતા હોવાનું જાણાયું છે. ખાસ કરીને સામાજિક, ધાર્મિક કે અન્ય

પ્રસંગોએ સ્ત્રીની સામેલગીરીનું પ્રાધાન્ય અભ્યાસ પરથી જાણવા મળ્યું છે. કારણ કે, અભ્યાસના ૧૦૦.૦૦ ટકા ઉત્તરદાતાઓએ બધા જ પ્રસંગે સ્ત્રીની ભાગીદારી હોવાનું જણાવ્યું છે. જે સ્ત્રીના સ્થાનનું ઉંચુ મહત્વ દર્શાવે છે.

૧૬. ડાંગ જીલ્લામાં બાળકના જન્મ પછી છઠ્ઠીની વિધિ (પાચરો પૂજન) અંગેનું વિશ્લેષણ પરથી એવું જાણવા મળ્યું કે, બધીજ જનજાતિઓમાં છઠ્ઠીની વિધિ (પાચરો પૂજન)ની એક સમાન વિધિ થાય છે.

૧૭. ડાંગ પ્રદેશમાં બાળકનાં જન્મ બાદ જન્માક્ષર કાઢવાનું કુલ ઉત્તરદાતાઓમાંથી ૯૪.૩૩ ટકા ઉત્તરદાતાઓ ન કાઢતા હોવાનું જણાયું છે. માત્ર ૫.૬૭ ટકા ઉત્તરદાતાઓ જ બાળકના જન્માક્ષર કાઢતા હોવાનું જણાયું છે. આ બાબતમાં પરિવર્તન આવ્યું હોય એવું જણાયું નથી.

૧૮. ડાંગ જિલ્લામાં બાળકોની વર્ષગાંઠ ઉજવતા હોય તેવા ૧૬.૦૦ ટકા ઉત્તરદાતા હોવાનું જણાયું છે. જ્યારે વર્ષગાંઠ ન ઉજવતા હોય એવા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૮૪.૦૦ ટકા હોવાનું જણાયું છે. જો કે, જ્યાં બાળકોની વર્ષગાંઠ વલણ ન હતું, ત્યાં ધીમે-ધીમે વર્ષગાંઠ ઉજવવા તરફનું વલણ વિકસતું જાય છે.

૧૯. ડાંગ જિલ્લામાં વર્ષગાંઠ ઉજવતા હોય તેવા એક પણ ઉત્તરદાતાઓએ જણાવ્યું નથી. આ ક્ષેત્રમાં કોઈપણ પરિવર્તન આવ્યું હોય તેવું જણાયું નથી.

૨૦. મૃત્યુતિથિ ઉજવવાની બાબતમાં ખાસ પરિવર્તન આવેલું સ્પષ્ટ થતું નથી. કારણ કે ૧૦૦.૦૦ ટકા ઉત્તરદાતાઓએ મૃત્યુતિથિ ઉજવતા ન હોવાનું જણાવ્યું છે.

૨૧. ડાંગ જિલ્લામાં સગાઈ કે લગ્નની બાબતમાં સગપણ કઈ વિધિથી થાય તે જાણતા માલુમ પડ્યું છે કે, ડાંગ પ્રદેશમાં વર્તમાન સમયમાં પણ પરંપરાગત (બોલપેજ) સ્વરૂપની સગાઈ વિધિનું પ્રમાણ ૫૧.૬૭ ટકા હોવાનું સ્પષ્ટ થાય છે. જો કે, વર્તમાન સમયમાં પરંપરાગત અને આધુનિક બન્ને વિધિથી સગાઈ કરતા હોય તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૨૫.૩૩ ટકા સ્પષ્ટ વર્તાય છે. જે બાબત સગાઈની બાતમાં પરિવર્તન તરફની દિશા ગતિ કરી રહ્યા છે.

૨૨. જીવનસાથીની પસંદગીની બાબતમાં ડાંગ જિલ્લામાં પહેલાંના સમયે માતા-પિતા દ્વારા થતી હતી. જેના બદલે વર્તમાન સમયમાં ૪૯.૬૭ ટકા ઉત્તરદાતાઓ તેમના પસંદગીને સ્થાન આપવા લાગ્યા છે. કારણ કે, વર્તમાન સમયમાં તેમના સંતાનો શિક્ષણ મેળવતા થયા છે. જે વાસ્તવમાં પરિવર્તનની દિશા સૂચવે છે.

૨૩. ડાંગ જિલ્લામાં ઉત્તરદાતાઓનાં સંતાનો જીવનસાથીની પસંદગીની બાબતમાં પોતાની જાતિમાંથી જ જીવન સાથીની પસંદગી કરે એવી અપેક્ષા રાખે છે. કારણ કે, અભ્યાસ હેઠળનાં કુલ ઉત્તરદાતાઓમાંથી ૯૬.૬૭ ટકા ઉત્તરદાતાઓએ પોતાની જાતિમાંથી જ સતાનો જીવનસાથીની પસંદગી કરે એવો જવાબ આપેલ છે.

૨૪. જો કે, જીવનસાથીની પસંદગીની બાબતમાં ડાંગ પ્રદેશના લોકો માતા-પિતા દ્વારા જ જીવનસાથીની પસંદગી થાય એવી અપેક્ષા રાખે છે. કારણ કે, અભ્યાસ હેઠળનાં કુલ ઉત્તરદાતાઓમાંથી ૭૮.૩૩ ટકા ઉત્તરદાતાઓએ જીવનસાથીની પસંદગી માતા-પિતા કે વડીલો દ્વારા થાય એવી અપેક્ષા રાખે છે.

૨૫. ડાંગ જિલ્લામાં પહેલાનાં સમયમાં લગ્નવિધિ સંપૂર્ણપણે વડીલો દ્વારા થતી હતી. તેના બદલે વર્તમાન સમયમાં બ્રાહ્મણો દ્વારા ૨૩.૦૦ ટકા લગ્નવિધિ થતી હોવાનું જણાયું છે. જ્યારે ૨૦.૬૭ ટકા ઉત્તરદાતાઓએ ખ્રિસ્તી પાદરી પાસે લગ્નવિધિ કરાવતા હોવાનું તારણ મળે છે. જે લગ્નવિધિની બાબતમાં પરિવર્તનનો નિર્દેશ કરે છે.

૨૬. ડાંગ જિલ્લામાં પહેલેથી જ લગ્નવિધિ કન્યાને ઘરે કરવાનું પ્રચલન હતું. વર્તમાન સમયમાં લગ્નવિધિની આ બાબતમાં ખાસ પરિવર્તન જોવા મળતું હતું.

૨૭. ડાંગ પ્રદેશમાં લગ્ન પ્રસંગે ગવાતા ગીતોની બાબતમાં પરંપરાગત ગીતોની સાથે આધુનિક ગીતો ગવાતાં હોવાનું જણાયું છે. કારણ કે કુલ ઉત્તરદાતાઓમાંથી ૧૦૦.૦૦ ટકા ઉત્તરદાતાઓએ પરંપરાગત ગીતો ગવાતા

હોવાનું જણાવ્યું હોવાની સાથોસાથ કુલ ઉત્તરદાતાઓમાંથી ૬૨.૩૩ ટકા ઉત્તરદાતાઓએ પરંપરાગત ગીતોની સાથે આધુનિક લગ્ન ગીતો ગવાતા હોવાનું જણાવ્યું છે.

૨૮. અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાંથી ૮૮.૬૭ ટકા ઉત્તરદાતાઓએ લગ્ન પ્રસંગે કંકોત્રી છપાવતા હોવાનું જણાવ્યું છે. ૩૦-૪૦ વર્ષઅ પહેલાં ડાંગમાં લગ્ન પ્રસંગે કંકોત્રી છપાવવાનું ચલણ ન હતું. પરંતુ હાલમાં કંકોત્રી છપાવવાનું પ્રમાણ ખૂબ વધ્યું છે. જે લગ્નપ્રસંગની બાબતમાં પરિવર્તન સૂચવે છે.

૨૯. પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસ હેઠળની જનજાતિઓમાં મામા-ફોઈના સંતાનો વચ્ચે લગ્ન વિશે જણાયું કે, બધા જ ઉત્તરદાતાઓ આવા લગ્નને યોગ્ય ગણે છે. પરંતુ આવા લગ્નને માન્યતા આપતા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૫૮.૩૩ ટકા જ હોવાનું માલુમ પડયું છે. ટૂંકમાં, આ પ્રકારના લગ્નમાં પરિવર્તન આવતું દેખાય છે.

૩૦. અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં બહુપત્નીત્વ વિશેની માહિતી પરથી જણાયું કે, માત્ર ૮.૬૭ ટકા ઉત્તરદાતાઓએ જ બહુ પત્નીત્વને સમર્થન આપેલ છે તે પણ પ્રથમ પત્નીના અવસાન બાદ બીજી પત્ની કરી શકે, એવું જણાવ્યું છે. જ્યારે બહુ પત્નીત્વમાં માનતા ઉત્તરદાતાઓનું પ્રમાણ તો માત્ર ૧.૬૭ ટકા જ જણાયું છે. આમ, આદિવાસીઓમાં બહુ પત્નીત્વનો ખ્યાલ આ અભ્યાસ પરથી ખોટો સાબિત થાય છે.

૩૧. લગ્ન માટે છોકરીની પસંદગીની બાબતમાં અનુક્રમે ઘરકામની આવડત, શિક્ષણ દેખાવડાપણું, ચારિત્ર્ય, આર્થિક સ્થિતિ, નોકરી વગેરે પસંદગીનું ધોરણ તરીકે અપનાવતા હોવાનું જણાયું છે. જ્યારે છોકરાની પસંદગીની બાબતમાં અનુક્રમે આર્થિક સ્થિતિ, નોકરી, શિક્ષણ, ખેતીની આવડત, દેખાવડાપણું વગેરે પસંદગીનું ધોરણ તરીકે અપનાવતા હોવાનું જણાયું છે. ટૂંકમાં છોકરાની પસંદગીમાં ૧૦૦.૦૦ ટકા ઉત્તરદાતાઓએ તેમની આર્થિક સ્થિતિ હોવી જોઈએ, એવું માનતા. જ્યારે છોકરીની પસંદગીની બાબતમાં ૯૮.૦૦ ટકા ઉત્તરદાતાઓએ ઘરકામની આવડત હોવી જોઈએ એવું માને છે.

૩૨. અભ્યાસમાં લીધેલ ઉત્તરદાતાઓમાંથી ૧૦૦.૦૦ ટકા ઉત્તરદાતાઓ કન્યા કે વર શૂલ્કના રિવાજને યોગ્ય ગણે છે. તેમાંથી બધા જ એટલે કે ૧૦૦.૦૦ ટકા ઉત્તરદાતાઓએ ડાંગમાં કન્યા શૂલ્ક હોવાનું જણાવ્યું. તેની પાછળનું મુખ્ય કારણ સ્ત્રીનું ઉંચુ સ્થાન જળવાય રહે, એટલા માટે તેઓ કન્યા શૂલ્ક લેતા હોવાનું અભ્યાસ દ્વારા માલુમ પડ્યું છે.

૩૩. અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાંથી દીકરા કે દીકરીના લગ્ન સમયે ૧૦૦.૦૦ ટકા ઉત્તરદાતાઓ ઓછા-વતા પ્રમાણમાં દેવું કરતા હોવાનું જણાયું છે. તેમાંથી પણ મોટાભાગના ઉત્તરદાતાઓએ પાંચ હજારથી પંદર હજાર સુધીનું દેવું કરતા હોવાનું જણાવ્યું છે.

૩૪. અભ્યાસમાં લીધેલા ઉત્તરદાતાઓમાંથી ૧૦૦.૦૦ ટકા ઉત્તરદાતાઓએ વિધવા કે વિધુરનાં પુનઃર્લગ્ન કરી શકે છે એવું જણાવ્યું. આમ, ડાંગમાં વિધવા કે વિધુર પુનઃર્લગ્ન કરી શકે છે. એ એક સામાન્ય બાબત ગણાય છે.

૩૫. અભ્યાસ હેઠળનાં કુલ ૩૦૦ કુટુંબોમાંથી માત્ર ૧૦.૦૦ ટકા ઉત્તરદાતાઓને ત્યાં છૂટાછેડાનો બનાવ બનેલ હોવાનું જણાયું છે. છૂટાછેડા માટે તેઓ જાતિપંચ પાસેથી જ છૂટાછેડા લેતા હોવાનું જણાવ્યું છે. ડાંગની કુનબી, વારલી, ભીલ અને ગામિત જનજાતિમાં છૂટાછેડા ખૂબ સહેલાઈથી મળતા હોવા છતાં છૂટાછેડાનું ખૂબ ઓછું પ્રમાણ અભ્યાસ દ્વારા જાણવા મળ્યું છે. કારણ કે, છૂટાછેડા જેવા પ્રશ્નો વખતે બધા જ ઉત્તરદાતાઓ પોતાના ગામના જાતિપંચ પાસે જવાનો આગ્રહ રાખતા હોવાનું અભ્યાસ દ્વારા જાણવા મળ્યું છે.

## ૦ આર્થિક સ્થિતિ

ડાંગ જિલ્લામાં વસવાટ કરતી મુખ્યત્વે કુનબી (કુંકણા), વારલી, ભીલ અને ગામિત જનજાતિઓની આર્થિક બાબતો તપાસતાં કેટલાંક અર્થ વિષયક તારણો નીચે મુજબનાં જોવા મળ્યા છે.

૩૬. અભ્યાસ હેઠળના ૭૮.૦૦ ટકા ઉત્તરદાતાઓનો મુખ્ય વ્યવસાય ખેતી છે. ૨૨.૦૦ ટકા ઉત્તરદાતાઓ જુદા જુદા પ્રકારની નોકરી કરતા હોવાનું જણાયું

છે. ગૌણ વ્યવસાય તરીકે ૭૨.૬૭ ટકા ઉત્તરદાતાઓ પશુપાલન કરતા હતા. જ્યારે અભ્યાસ હેઠળના ૫.૩૩ ટકા ઉત્તરદાતાઓ સામાન્ય ખેતીની સાથે છૂટક મજૂરી કરતા હોવાનું માલુમ પડ્યું છે. તારણમાં જોઈ શકાય છે કે, ખેતીના વ્યવસાયની સાથે નોકરી કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ પણ ઠીક ઠીક વધ્યું હોવાનું જણાય છે.

૩૭. ડાંગમાં માલિકીની ખેતીની જમીનનું પ્રમાણ જોતાં જણાય છે કે, ૪૧.૬૭ ટકા ઉત્તરદાતાઓ પાસે પાંચથી સાત એકર જમીન હોવાનું સૌથી વધુ પ્રમાણ છે. ત્રણ થી ચાર એકર જમીન ૨૩.૬૭ ટકા ઉત્તરદાતાઓ પાસે હતી. સાતથી વધુ એકર જમીન ધરાવતા ૨૬.૩૩ ટકા ઉત્તરદાતાઓ હોવાનું જણાયું છે. ટૂંકમાં, ડાંગ પ્રદેશમાં માલિકીની ખેતીની જમીનનું પ્રમાણ મધ્યમ કક્ષાનું જણાયું છે.

૩૮. અભ્યાસ હેઠળના બધા જ ઉત્તરદાતાઓને ખેતીની જમીન વારસામાં બાપ-દાદા પાસેથી મળી હોવાનું તારણ જણાયું છે. પાછળથી સરકાર દ્વારા જમીન મળી હોય એવું જાણવા મળ્યું નથી.

૩૯. અભ્યાસ હેઠળના કુલ ઉત્તરદાતાઓમાંથી ૨૭.૦૦ ટકા ઉત્તરદાતાઓ વતા-ઓછા પ્રમાણમાં સિંચાઈ સગવડ હોવાનું જાણવા મળ્યું છે. તેમાંથી ૨૩.૦૦ ટકા ઉત્તરદાતાઓએ લાભ મળ્યા પછી સિંચાઈની સગવડ કરી હોવાનું જણાવ્યું છે. ટૂંકમાં, ડાંગમાં ઠીક-ઠીક પ્રમાણમાં સિંચાઈની સુવિધા ઉપલબ્ધ બની હોવાનું જણાય છે.

૪૦. સિંચાઈ માટે પાણીની સગવડતા અંગે જણાયું છે કે, સિંચાઈ કરતા ઉત્તરદાતાઓમાંથી ૨૦.૦૦ ટકા ઉત્તરદાતાઓ સિંચાઈ માટે કુવાના પાણીનો ઉપયોગ કરતા હતા. જ્યારે ૭.૦૦ ટકા ઉત્તરદાતાઓ નદીનાં પાણીનો સિંચાઈ માટે ઉપયોગ કરતા હતા. ડાંગ પ્રદેશમાં નહેર દ્વારા સિંચાઈની સગવડ નથી. જે અભ્યાસનાં તારણ દ્વારા સ્પષ્ટ થાય છે.

૪૧. અભ્યાસ હેઠળના બધા જ ઉત્તરદાતાઓ ચોમાસું પાક લેતા હોવાનું જણાયું છે. સિંચાઈ દ્વારા પાક મેળવતા ઉત્તરદાતાઓમાંથી ૨૭.૦૦ ટકા ઉત્તરદાતાઓ

શિયાળું પાક લે છે. જ્યારે માત્ર ૯.૬૭ ટકા ઉત્તરદાતાઓ જ ચોમાસું, શિયાળું અને ઉનાળું પાક લેતા હોવાનું અભ્યાસનું તારણ જણાયું છે. કારણ કે, ડાંગ પ્રદેશ ઉંચાણવાળો વિસ્તાર હોવાથી ઉનાળામાં કુવામાંનું પાણી સિંચાઈ માટે પૂરતું ન હોવાથી ઉનાળામાં સિંચાઈની ઓછી સગવડ હોવાનું જણાયું છે.

૪૨. ડાંગ પ્રદેશમાં થતા જુદા જુદા પાકોમાં મુખ્યત્વે અનાજ તરીકે ડાંગર, નાગલી, વરઈ, જુવાર વગેરે પાકો ઉત્તરદાતાઓ કરતા હોય છે. કઠોળમાં મુખ્યત્વે અડદ, તુવેર, વાલ, મગ, ચણા વગેરે પાકો ઉત્તરદાતાઓ કરતા હોય છે. જ્યાં સિંચાઈવાળા ૨૭.૦૦ ટકા ઉત્તરદાતાઓ મુખ્યત્વે શાકભાજી, ફળો, તેલીબીયા તેમજ ૯.૬૭ ટકા ઉત્તરદાતાઓ શેરડીનો પાક કરતા હોવાનું જણાયું છે. આમ, સિંચાઈનું પ્રચલન ધીમે-ધીમે વધતું જતું હોવાનું જણાય છે.

૪૩. ડાંગના લોકો વાવેતર માટે બિયારણ તરીકે પરંપરાગત બિયારણની સાથે ૮૩.૦૦ ટકા ઉત્તરદાતાઓએ ખાનગી એગ્રોની દુકાનેથી ખાસ કરીને ડાંગરનું બિયારણ લાવતા હોવાનું જણાયું છે. જ્યારે કુલ ઉત્તરદાતાઓમાંથી ૪૯.૬૭ ટકા ઉત્તરદાતાઓ ગ્રામ સેવક પાસેથી પણ બિયારણ લાવતા હોવાનું તારણ નીકળ્યું છે. પરંપરાગત બિયારણ તરીકે ડાંગ પ્રદેશમાં થતા પાક તરીકે નાગલી, વરઈ વગેરેનો જ ઉપયોગ કરે છે. જ્યારે ડાંગરનું બિયારણ એગ્રોની દુકાનેથી લાવતા હોય છે. આમ, ડાંગમાં વર્તમાન સમયમાં સુધારેલું બિયારણ ખરીદવાનું બાબતમાં સ્પષ્ટ પરિવર્તન જોઈ શકાય છે.

૪૪. અભ્યાસ હેઠળના ૯૩.૩૩ ટકા ઉત્તરદાતાઓએ પોતાની માલિકીની જમીનમાં મોટાં કદનાં ઈમારતી- આગ, સીસમ, સાદડ, ખેર, તણસ વગેરે તેમજ ઈતરમાં મહુડા, બહેડા, હેદકલમ, હળદવો વગેરે હોવાનું જણાવ્યું છે. જ્યારે ૬.૬૭ ટકા ઉત્તરદાતાઓએ પોતાની જમીનમાં નાના કદના વૃક્ષો હોવાનું જણાવ્યું છે. પોતાની જમીનમાં મોટા વૃક્ષો હોવા એ ભવિષ્યમાં જે તે ઉત્તરદાતાની આર્થિક પરિસ્થિતિ સુધરશે તેનો નિર્દેશ કરે છે.

૪૫. અભ્યાસ હેઠળના ૭૯.૩૩ ટકા ઉત્તરદાતાઓએ 'વૃક્ષો સાથે' પોતાની જમીનની અંદાજિત કિંમત ૧૦થી૩૦ લાખ હોવાનું જણાવ્યું છે. જ્યારે ૭૨.૩૪ ટકા ઉત્તરદાતાઓ 'વૃક્ષો વગર' પોતાની જમીનની અંદાજિત કિંમત ૫૦ હજારથી ૨ લાખ સુધીની હોવાનું જણાવ્યું છે. એટલે કે, ડાંગની જમીનની કિંમત વૃક્ષ આધારિત હોવાનું અભ્યાસનું તારણ બતાવે છે.

૪૬. અભ્યાસ હેઠળનાં બધા જ ઉત્તરદાતાઓ તેમની જમીનમાંના બધાંજ વૃક્ષો તેમને આવક આપે એવા છે. તેઓ એવું પણ માનતા હતા કે, બધાજ ઉત્તરદાતાઓ તેમની જમીનમાંના વૃક્ષો વધુ આવક આપે એવા છે તેવું તેઓ માને છે. તેઓની જમીનમાંનાં વધુ વૃક્ષો તેઓને ભવિષ્યમાં વધુ આર્થિક સદ્ધરતા આપે એવું તેઓ માને છે.

૪૭. અભ્યાસ હેઠળના બધા જ ઉત્તરદાતાઓએ વર્તમાન સમયમાં અમલમાં રહેલ ૧૦ વૃક્ષો કાપવાનો નિયમ બરાબર નથી એવું જણાવ્યું છે. કુલ ઉત્તરદાતાઓમાંથી ૫૦.૩૩ ટકા ઉત્તરદાતાઓએ ૧૫થી૨૦ વૃક્ષો કાપવાનો નિયમ હોવો જોઈએ એવું જણાવ્યું. ૩૯.૩૩ ટકા ઉત્તરદાતાઓએ ૨૦થી૨૫ વૃક્ષો કાપવાનો નિયમ હોવા જોઈએ એવું માનતા. ટૂંકમાં ૮૯.૬૬ ટકા ઉત્તરદાતાઓ ૧૫થી૨૫ વૃક્ષો કાપવાનો નિયમ હોય તેવું જણાવ્યું છે.

૪૮. વૃક્ષો કાપવાનો નિયમ આવ્યેથી આર્થિક લાભ થાય છે. એવું બધા જ ઉત્તરદાતાઓએ જણાવ્યું છે. જે આંકડાકીય તારણ એ છે. એ જ રીતે આ નિયમ લાગુ પડતાં આર્થિક લાભ થયો અને તેના પરિણામે ઘરની પરિસ્થિતિમાં પણ પ્રગતિની દિશામાં સુધારો થયો છે તેવું બધા જ ઉત્તરદાતાઓએ જણાવ્યું છે. જે આંકડાકીય માહિતી દ્વારા તારણ નિકળે છે.

૪૯. અભ્યાસ હેઠળના બધા જ ઉત્તરદાતાઓએ એવું જણાવ્યું છે કે, તેમના બાપ-દાદા કરતાં વર્તમાન સમયમાં તેમની આર્થિક પરિસ્થિતિ ખૂબ સારી હોવાનું અને પ્રગતિની દિશામાં આગળ વધતી હોવાનું આંકડાકીય માહિતી દ્વારા તારણ નિકળે છે.

૫૦. જમીનમાં વધુ વૃક્ષો હોવાથી ભવિષ્યમાં ખૂબ મોટો આર્થિક લાભ મળશે, એવું બધા જ ઉત્તરદાતાઓએ જણાવ્યું છે તેમજ વધુ વૃક્ષો જમીનમાં

હોવાથી ભવિષ્યના આર્થિક લાભ ને જોઈને બધા જ ઉત્તરદાતાઓ તેનો ગર્ભિત આનંદ પણ વ્યક્ત કરતા હોવાનું આંકડાઓ દ્વારા તારણ મળે છે.

૫૧. અભ્યાસ હેઠળના બધા જ ઉત્તરદાતાઓ જમીનમાં વધુ વૃક્ષો વાવીને તેની માવજત કરવાનું વલણ તેઓમાં વિકસ્યું હોવાનું તારણ મળે છે. કારણ કે, વૃક્ષોની બાબતમાં તેઓ ભવિષ્યની બચત માની રહ્યા છે.

૫૨. ડાંગ વન વિભાગ દ્વારા જમીન માલિકીનાં વૃક્ષો કાપવા માટે જમીનના ખાતેદારોને ૧૦ વૃક્ષો કાપવા સામે ૧૦૦ વૃક્ષો રોપવાનો નિયમ કર્યો છે. તે નિયમને બધા જ ઉત્તરદાતાઓ આ નિયમ બરાબર નથી એવું અભ્યાસનું તારણ દર્શાવે છે.

૫૩. અભ્યાસ હેઠળના બધા જ ઉત્તરદાતાઓએ માલિકીની જમીનમાંના વૃક્ષો કાપવા માટે કોઈને કોઈ પ્રકારની વહીવટી સમસ્યા નડતી હોવાનું તારણ મળે છે. આવી વહીવટી સમસ્યાઓમાં બહુવિધ ઉત્તરદાતાઓએ જંગલખાતાની વહીવટી સમસ્યા નડતી હોવાનું જણાવ્યું. બધા જ ઉત્તરદાતાઓમાંથી ૬૫.૩૩ ટકા ઉત્તરદાતાઓએ રેવન્યુ તલાટીની વહિવટી સમસ્યા નડતી હોવાનું જણાવ્યું. જ્યારે બધા જ ઉત્તરદાતાઓમાંથી ૪૮.૦૦ ટકા ઉત્તરદાતાઓએ મામલતદારની વહિવટી સમસ્યા નડતી હોવાનું જણાવ્યું. ટૂંકમાં જમીન માલિકીનાં વૃક્ષો આપવાની મંજુરી મેળવવા માટે ખૂબજ લાંબી અને અટપટ્ટી વહિવટી પ્રક્રિયા હોવાનું અભ્યાસની માહિતી પરથી તારણ મળે છે.

૫૪. અભ્યાસ હેઠળના ૯૪.૦૦ ટકા ઉત્તરદાતાઓએ જમીન માલિકીનાં વૃક્ષો કાપવાનાં આર્થિક લાભમાંથી પોતાની બહેનોને હકક-લાભ આપ્યો હોવાનું જણાવ્યું. ૬.૦૦ ટકા ઉત્તરદાતાઓ તેમાંની બહેનોને હકક-લાભ ન આપ્યો હોવાનું અભ્યાસનું તારણ બતાવે છે. કારણ કે ડાંગના લોકો એવું માને છે કે પિતાની મિલ્કતમાં બહેનોનો પણ સરખો હિસ્સો ગણાય છે. જે અભ્યાસ દ્વારા સ્પષ્ટ થાય છે.

૫૫. અભ્યાસ હેઠળના ૯૨.૬૭ ટકા ઉત્તરદાતાઓએ જમીન માલિકીનાં વૃક્ષો

કાપવાનો લાભ મળતાં પોતાના ગામમાં આર્થિક દરજ્જો ઉંચો ગયો હોવાનું જણાવ્યું છે. એ જ રીતે ૯૧.૬૭ ટકા ઉત્તરદાતાઓએ જમીન માલિકીનાં વૃક્ષો કાપવાનો લાભ મળતાં પોતાની આર્થિક સ્થિતિ સુધરતાં ગામની જુદી જુદી જાતિઓમાં પોતાનું તુલનાત્મક સ્થાન ઉંચુ ગયુ હોવાનું આંકડાકીય માહિતી દ્વારા તારણ જોવા મળેલ છે.

૫૬. ડાંગ જિલ્લો જંગલ પ્રદેશ ધરાવતો વિસ્તાર હોવાથી ત્યાંના લોકોની જીવનશૈલી પર જંગલની અસર જોવા મળે છે. અભ્યાસ હેઠળના તમામ ઉત્તરદાતાઓએ વતા-ઓછા પ્રમાણમાં આજીવિકા માટે જંગલ પર આધાર રાખતા હોવાનું સમસ્યાનું તારણ બતાવે છે. આવી આજીવિકામાં મુખ્યત્વે તમામ ઉત્તરદાતાઓએ ઘર બાંધવા માટેનાં લાકડાં, બળતણ, ઘરની દિવાલ માટે વાંસ, ફર્નિચર માટે લાકડાં વગેરે જંગલમાંથી લાવતા હોવાનું જણાવ્યું. ઉપરાંત કુલ ઉત્તરદાતાઓમાંથી ૬૮.૦૦ ટકા ઉત્તરદાતાઓ આર્યુવેદીક ઔષધી, ૬૭.૦૦ ટકા ઉત્તરદાતાઓએ જંગલમાંથી ફળફુલ લાવતા હોવાનું જણાવ્યું છે. એ જ રીતે ૧૭.૦૦ ટકા ઉત્તરદાતાઓએ જંગલમાંથી મધ, લાખ, પાન વગેરે જેવી વસ્તુ લાવતા હોવાનું જણાયું છે. ઉપરોક્ત આંકડાકીય માહિતી દ્વારા સ્પષ્ટ થાય છે કે, ડાંગમાં વર્તમાન સમયમાં લોકો આજીવિકા માટે વતા-ઓછા પ્રમાણમાં જંગલ ઉપર આધારિત હોવાનું તારણ મળે છે.

૫૭. અભ્યાસ હેઠળનાં તમામ ઉત્તરદાતાઓએ તેમની સ્ત્રીઓ જુદા-જુદા કાર્યોમાં ભાગીદાર બનતા હોવાનું આંકડાકીય માહિતી પરથી જણાવ્યું હોવાનું જાણવા મળ્યું છે. સ્ત્રીઓ પુરુષોની સમકક્ષ આર્થિક કાર્યો, સામાજિક કાર્યો, ધાર્મિક કાર્યો વગેરેમાં સહભાગી થતી હોવાનું આંકડાકીય માહિતી દ્વારા તારણ મળે છે. ઉપરાંત રાજકીય કાર્યોમાં કુલ ઉત્તરદાતાઓમાંથી ૪૬.૦૦ ટકા સ્ત્રીઓ ભાગ લેતી હોવાનું આંકડાકીય માહિતી દ્વારા તારણ મળે છે.

૫૮. અભ્યાસ હેઠળનાં કુલ ૨૧૮ ઉત્તરદાતાઓ એટલે કે ૭૨.૬૭ ટકા ઉત્તરદાતાઓ પશુપાલનનો વ્યવસાય કરે છે. જ્યારે ૨૭.૩૩ ટકા ઉત્તરદાતાઓ પશુપાલનનો ગૌણ વ્યવસાય તરીકે કરતા નથી. પશુપાલન કરતા ઉત્તરદાતાઓમાંથી પહેલાં

૭૨.૬૭ ટકા ઉત્તરદાતાઓ પાસે દેશી ગાય હોવાનું જાણાવ્યું છે. હાલમાં ૩૬.૩૩ ટકા ઉત્તરદાતાઓ પાસે જ દેશી ગાયો હોવાનું જાણાયું છે. શંકર ગાયો લાભ મળ્યો તે પહેલાં ૧૧.૩૩ ટકા ઉત્તરદાતાઓ પાસે હતી. તે લાભ મળ્યા પછી ૩૧.૦૦ ટકા ઉત્તરદાતાઓ પાસે છે. ભેંસ પહેલાં ૧૫.૬૭ ટકા પાસે હતી. તે લાભ મળ્યા પછી ૩૮.૦૦ ટકા ઉત્તરદાતા પાસે છે. બળદો લાભ મળ્યા પહેલાં ૬૬.૩૩ ટકા પાસે હતા. લાભ મળ્યા પછી તેનું પ્રમાણ ઘટીને ૫૨.૬૭ ટકા પાસે રહ્યું હોવાનું જાણાયું. હાલમાં આધુનિક ટ્રેકટરોનું પ્રમાણ વધ્યું તે બતાવે છે. વાછરડાં પહેલાં ૨૫.૬૭ ટકા પાસે હતા. જે લાભ મળ્યા પછી ૪૨.૭૩ ટકા પાસે હોવાનું માલુમ પડે છે. વાછરડી લાભ મળ્યો તે પહેલાં ૨૧.૬૭ ટકા પાસે હતી. જે લાભ મળ્યા પછી ૪૨.૬૭ ટકા ઉત્તરદાતાઓ પાસે હોવાનું જરાયું છે. પાડા પહેલાં ૬૦.૦૦ ટકા પાસે હતા. જે લાભ મળ્યા તે પછી તેનું પ્રમાણ ઘટીને ૩૩.૩૩ ટકા પાસે જ રહ્યું હોવાનું માલુમ પડ્યું છે. પાડી લાભ મળ્યો તે પહેલાં ૧૭.૩૩ ટકા ઉત્તરદાતાઓ પાસે હતી. તે લાભ મળ્યા પછી ૩૫.૬૭ ટકા ઉત્તરદાતાઓ પાસે વધ્યું હોવાનું જાણાયું છે. બકરા લાભ મળ્યા પહેલાં ૫૦.૭૩ ટકા પાસે હતા. તે લાભ મળ્યા પછી ઘટીને ૨૨.૬૭ ઉત્તરદાતાઓ પાસે જ રહ્યા હોવાનું માલુમ પડ્યું છે. મરઘાં લાભ મળ્યો તે પહેલાં ૭૨.૩૩ ટકા ઉત્તરદાતાઓ પાસે હતા. જે લાભ મળ્યા પછી ઘટીને ૩૧.૩૩ ટકા ઉત્તરદાતાઓ પાસે જ રહ્યા હોવાનું જાણાયું છે.

ટૂંકમાં, દેશી ગાય પહેલાં હતી, તેના કરતાં વર્તમાન સમયમાં ઘટી છે. શંકર ગાય પહેલાં હતી, તેના કરતાં વધી છે. ભેંસો પહેલાં હતી તેના કરતાં વધી છે. બળદો પહેલા હતા, તેનાં કરતાં હાલમાં ઘટ્યા છે. વાછરડાં પહેલાં કરતાં હાલમાં વધ્યા છે. વાછરડી પહેલાં કરતાં હાલમાં વધ્યા છે. પાડા પહેલાં કરતાં હાલમાં ઘટ્યા છે. પાડી પહેલાં કરતાં હાલમાં વધ્યા છે. બકરા પહેલાં કરતાં, હાલમાં ઘટ્યા છે. મરઘા પહેલાં કરતાં હાલમાં ઘટ્યા છે. જે આંકડાકીય માહિતી પરથી તારણ સ્પષ્ટ થાય છે. વર્તમાન સમયમાં ડાંગમાં પણ આર્થિક લાભકારક પશુઓ-પક્ષીઓને ધ્યાનમાં રાખીને તેનો ઉછેર થતો હોવાનું અભ્યાસનું તારણ પરથી સ્પષ્ટ થાય છે.

૫૯. અભ્યાસમાં લીધેલા કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ખેતીનાં સાધનો કે ઓજારોમાં લાકડાંનું હળ લાભ મળ્યો તે પહેલાં બધા પાસે હતું અને હાલમાં પણ બધા પાસે છે, તેવું જણાયું છે. લોખંડનું હળ પહેલાં ૧.૬૭ ટકા પાસે હતું. તે વધીને હાલમાં ૧૦.૩૧ ટકા પાસે હોવાનું માલુમ પડ્યું. કરબ/ગાંધી કરબ લાભ મળ્યો તે પહેલાં અને તે પછી કોઈની પાસે નથી. તે અભ્યાસ દ્વારા જાણવા મળ્યું. સમાર (અળવટ) લાભ મળ્યો તે પહેલાં અને લાભ મળ્યો તે પછી બધાની પાસે છે. નાના ઓજારો ખાસ કરીને કોદાળી, પંજેટી, દાતરડું, કુહાડી, પાવડો, ત્રિકમ વગેરે પહેલાં પણ હતા. હાલમાં પણ છે. ગાડું પહેલાં ૫૮.૬૭ ટકા પાસે હતું. હાલમાં માત્ર ૨૯.૬૭ ટકા પાસે જ હોવાનું જણાયું છે. કૂવો લાભ મળ્યો તે પહેલાં ૩.૬૭ ટકા પાસે હતા. તે હાલમાં ૧૮.૬૭ ટકાની પાસે છે. ઓઈલ એન્જીન પહેલાં ૨૪.૩૩ ટકા પાસે હતા. તે હાલમાં ૫૩.૬૭ ટકા પાસે હોવાનું જણાયું છે. ઈલેકટ્રીક મોટર પહેલાં અને હાલમાં કોઈની પાસે નથી. ઉપણવાનો પંખો લાભ મળ્યો તે પહેલાં ૨૫.૦૦ ટકા પાસે હતાં. તે હાલમાં ૫૪.૦૦ ટકા પાસે હોવાનું જણાયું છે. દવા છાંટવાનો પંપ પહેલાં ૨૫.૬૭ ટકા પાસે હતા. તે હાલમાં ૫૫.૦૦ ટકા પાસે હોવાનું જણાયું છે.

ટૂંકમાં, ખેતીનાં સાધનોમાં મુખ્યત્વે લાકડાનાં હળમાં પહેલાં અને હાલમાં કોઈ ફેરફાર જોવા મળ્યો નથી. લોખંડની હળ પહેલાં કરતાં હાલમાં તેનું પ્રમાણ વધ્યું છે. ગાંધી કરબ પહેલાં અને હાલમાં બંનેમાં સ્વીકારાયું નથી. અળવટ પહેલાં અને હાલમાં બંને સમયમાં ફેરફાર દેખાતો નથી. નાના ખેતીનાં ઓજારો પહેલાં અને હાલમાં બંને સમયે યથાવત જોવા મળે છે. ગાડું પહેલાં કરતાં હાલમાં તેનું પ્રમાણ ઘટ્યું છે. ઓઈલ એન્જીન પહેલાં કરતાં, હાલમાં તેનું પ્રમાણ વધ્યું છે. ઈલેકટ્રીક મોટર પહેલાં અને હાલમાં બંને સમયે કોઈ ફેરફાર દેખાતો નથી. ઉપણવાનો પંખો પહેલાં કરતાં હાલમાં તેનું પ્રમાણ વધ્યું છે. દવા છાંટવાનો પંપ પહેલાં કરતાં હાલમાં તેનું પ્રમાણ વધ્યું છે. આમ, ઉપરોક્ત આંકડાકીય માહિતી દ્વારા ડાંગમાં ખેતીના સાધનોમાં પરિવર્તન અંગેના તારણો સ્પષ્ટ થાય છે.

૬૦. કુલ ઉત્તરદાતાઓમાંથી બધા જ ઉત્તરદાતાઓએ ખેતીવાડી કે અન્ય પ્રસંગોએ

દેવું કરતા હોવાનું જણાવ્યું છે. દેવું તરીકે મોટી રકમનું દેવું ન કરતા હોવાનું જણાયું છે. દેવું મોટાભાગે સગાં-વ્હાલાં અને બેંક પાસેથી કરતાં હોવાનું જણાયું છે. કારણ કે, કુલ ઉત્તરદાતાઓમાંથી ૬૬.૩૩ ટકા ઉત્તરદાતાઓએ સગાવ્હાલા પાસેથી દેવું કર્યું હતું. જ્યારે ૬૩.૬૭ ટકા ઉત્તરદાતાઓએ બેંક પાસેથી દેવું કર્યું હોવાનું જણાયું છે. એનો અર્થ એ થયો કે ડાંગના લોકો દેવું મોટાભાગે સગાં-વ્હાલા પાસે કરતાં હોવાનું જણાયું છે. બેંક પાસેથી દેવું કરતાં હોય તે પણ તદન ૫ હજારથી ૨૦ હજાર સુધીની ઓછી રકમનું હોવાનું આંકડાઓ દ્વારા સ્પષ્ટ થાય છે.

૬૧. ડાંગના લોકો મોટાભાગે દેવું કરતા હોય તો તેનું કારણમાં પાછળનાં મુખ્યત્વે અનુક્રમે મકાન બનાવવા માટે, શિક્ષણ માટે, લગ્ન માટે, જમીન માલિકીના વૃક્ષો કાપવા માટે વાહનની ખરીદી માટે, ધંધા માટે તેમજ અન્ય માટે એટલે કે, ખેતીનાં સાધનો ખરીદવા માટે દેવું કર્યું હોવાનું આંકડાકીય માહિતી દ્વારા તારણો સ્પષ્ટ થાય છે.

૬૨. અભ્યાસ હેઠળનાં ૯૭.૬૭ ટકા ઉત્તરદાતાઓ બચત કરતા હોવાનું જણાવ્યું છે. એટલે કે, ડાંગમાં મોટાભાગના ઉત્તરદાતાઓ બચત કરવા તરફનું વલણ ધરાવતા હોવાનું તારણ મળે છે. બચત પણ કુલ ઉત્તરદાતાઓમાંથી ૭૪.૩૩ ટકા ઉત્તરદાતાઓ બેંકમાં બચત કરતા હોવાનું જણાયું છે. કુલ ઉત્તરદાતાઓમાંથી ૫૪.૬૭ ટકા લોકો પોસ્ટ ઓફિસમાં બચત કરતાં હોવાનું જણાવ્યું છે. એ જ રીતે કુલ ઉત્તરદાતાઓમાંથી ૨૨.૬૭ ટકા લોકો જીવન વીમા કંપનીમાં બચત કરતા હોવાનું જણાયું છે. અર્થાત્, ડાંગનાં લોકો મોટાભાગે બેંક, પોષ્ટ ઓફિસ, જીવન વીમા કંપની વગેરેમાં બચત કરતા હોવાનું આંકડાકીય માહિતી દ્વારા તારણો મળે છે. જ્યારે સહકારી મંડળી, શેર, ઘરેણાં કે અન્ય ક્ષેત્રે બચત કરવાનું વલણ ડાંગનાં લોકોમાં વિકસ્યું નથી. તેમ છતાં બચત કરવાનું વલણ વિકસ્યું છે. જે પરિવર્તનનો સ્પષ્ટ નિર્દેશ કરે છે.

## ○ શૈક્ષણિક માહિતી

૧. અભ્યાસ હેઠળનાં કુલ ૩૦ ગામડાંઓમાંથી બધા જ ગામડાંઓમાં બાલવાડી (આંગણવાડી) અને પ્રાથમિક શાળાની સુવિધા હોવાનું જણાયું છે. જ્યારે ૬ ગામડાંઓમાં માધ્યમિક શાળા સુધીની સુવિધા હોવાની અભ્યાસનાં આંકડાઓ પરથી તારણ મળે છે. આમ, ડાંગમાં શિક્ષણની સુવિધાઓ વધતી જતી હોવાનું તારણ મળે છે.

૨. અભ્યાસ હેઠળનાં ૫૬.૩૩ ટકા ઉત્તરદાતાઓ તેમનાં સંતાનોને ઉચ્ચ શિક્ષણ આપવા માંગે છે. ૩૦.૬૭ ટકા ઉત્તરદાતાઓ તેમના સંતાનોની ઈચ્છા હોય ત્યાં સુધી ભણાવવા માંગે છે. જ્યારે ૧૩.૦૦ ટકા ઉત્તરદાતાઓએ તેમના સંતાનોને માધ્યમિક સુધીનું શિક્ષણ આપવાનું કહ્યું. આંકડાકીય માહિતી પરથી એવું જણાયું છે કે ડાંગ જીલ્લાના મોટાભાગના વાલીઓ તેમનાં સંતાનો ઉચ્ચ શિક્ષણ મેળવે તેવી હિમાયત કરતા હોવાનું તારણ મળે છે. કોઈ વાલી તેમનાં સંતાનને અભણ રાખવા માંગતા નથી. તેના દ્વારા સ્પષ્ટ થાય છે કે ડાંગમાં ઉચ્ચ શિક્ષણ મેળવવાની દિશામાં સ્પષ્ટ પરિવર્તન દેખાય છે.

૩. અભ્યાસ હેઠળના તમામ ઉત્તરદાતાઓએ પોતાના સંતાનોને આગળ ભણાવવાની મુશ્કેલી પડતી હોવાનું જણાવ્યું છે. આવી મુશ્કેલીઓમાં ખાસ કરીને ૫૦.૩૩ ટકા ઉત્તરદાતાઓએ શિક્ષણ માટે વધુ ખર્ચ થતો હોવાનું જણાવ્યું. જ્યારે ૪૯.૬૭ ટકા ઉત્તરદાતાઓએ શિક્ષણની સંસ્થાઓ પોતાનાં ગામથી દૂર હોવાનું કહ્યું. આમ, ડાંગમાં શિક્ષણ માટેની આ મુશ્કેલીઓ હલ થાય તો હજુ પણ ડાંગના લોકો સંતાનોને ખૂબ સારું શિક્ષણ આપી શકે એવા છે. જે આંકડા દ્વારા તારણ મળે છે.

૪. અભ્યાસમાં લીધેલા ૩૩.૩૩ ટકા ઉત્તરદાતાઓએ પોતાનાં સંતાનોને શિક્ષક બનાવવા માંગે છે. ૨૧.૦૦ ટકા ઉત્તરદાતાઓ પોતાનાં સંતાનોને પોલીસ બનાવવા માંગે છે. ૧૯.૦૦ ટકા ઉત્તરદાતાઓ પોતાના સંતાનોને એન્જીનીયર બનાવવા માંગે છે. ૧૨.૬૭ ટકા ઉત્તરદાતાઓ પોતાનાં સંતાનોને ડોકટર બનાવવા માંગે છે. જ્યારે ૧૪.૦૦ ઉત્તરદાતાઓ પોતાનાં સંતાનોને કોઈ

પણ સરકારી નોકરી મળે તેવી અપેક્ષા રાખે છે. આંકડાકીય માહિતી દ્વારા સ્પષ્ટ થાય છે કે ડાંગના લોકોમાં શિક્ષણ પ્રત્યે આવેલી જાગૃતિની સાથો-સાથ નોકરીની બાબતમાં પણ સભાન બનાવે છે.

૫. અભ્યાસ હેઠળનાં તમામ ઉત્તરદાતાઓએ જમીનમાંના વૃક્ષો કાપવાનાં આર્થિક લાભ થકી, તેમના સંતાનોનાં શિક્ષણ ખર્ચને પહોંચી વળશે, તેવું જરાવ્યું છે. એટલું જ નહીં પરંતુ તમામ ઉત્તરદાતાઓએ આ લાભ થકી તેમના સંતાનોને ઉચ્ચ-શિક્ષણ પણ આપી શકશે તેવું જણાવ્યું છે. અર્થાત્, ડાંગમાં વૃક્ષો કાપવાનાં આર્થિક લાભ વાલીઓને તેમનાં સંતાનોના અભ્યાસમાં લાભદાયી બન્યો હોવાનું તારણ સ્પષ્ટ થાય છે.

૬. ડાંગ પ્રદેશનાં અભ્યાસમાં લીધેલા ૨૭.૩૩ ટકા ઉત્તરદાતાઓનાં સંતાનોને સરકારી ખાતાઓમાં નોકરી મળી હોવાનું જણાયું છે. તેમાં અનુક્રમે શિક્ષણખાતામાં ૧૩.૦૦ ટકાને, પોલીસ ખાતામાં ૬.૦૦ ટકાને, જંગલ ખાતામાં ૩.૩૩ ટકાને, પંચાયત ખાતામાં ૨.૩૩ ટકાને, આરોગ્ય ખાતામાં ૧.૬૭ ટકાને અને અન્ય ખાતાઓમાં ૧.૦૦ ટકાને નોકરી મળી હોવાનું માલુમ પડ્યું છે. આમ, ડાંગમાં ધીમે ધીમે શિક્ષણનું પ્રમાણ વધતાં નોકરિયાતોનું પ્રમાણ વધ્યું હોવાનું તારણ મળે છે.

## ૦ સાંસ્કૃતિક માહિતી

ડાંગ જિલ્લામાં વસવાટ કરતી મુખ્યત્વે કુનબી (કુંકણા), વારલી, ભીલ અને ગામિત જનજાતિઓની સાંસ્કૃતિક સંદર્ભમાં માહિતી મેળવતાં નીચે મુજબનાં કેટલાંક તારણો રજૂ કરેલ છે.

૭. ડાંગનાં અભ્યાસ હેઠળનાં તમામ ઉત્તરદાતાઓનાં પોતાની માલિકીના ઘરો હતા. ઉપરાંત તમામ ઉત્તરદાતાઓનાં ઘરો પોતાની માલિકીની જમીનમાં જ હોવાનું જોવા મળે છે. એનો અર્થ એ થયો કે, ડાંગમાં મોટાભાગનો પોતાનું સ્વતંત્ર ઘર ધરાવતા હોવા ઉપરાંત પોતાની જમીનમાં ઘરો બાંધતા હોવાનું તારણ મળે છે.

૮. ડાંગના અભ્યાસ હેઠળનાં ૩૦ ગામડાંના ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૮૩.૩૩

ટકા ઉત્તરદાતાઓએ લાભ મળ્યો તે પછી ઘર બનાવ્યા હોવાનું જાણાયું છે. અર્થાત્ વર્તમાન સમયમાં જમીન માલિકીનાં વૃક્ષો કાપવાનાં આર્થિક લાભથી તેમના નવા ઘરો બનાવવાની તક મળી હોવાનું તારણ મળે છે.

૯. અભ્યાસ હેઠળનાં ૯૨.૬૭ ટકા ઉત્તરદાતાઓના ઘરો લાભ મળ્યો તે પહેલાં કાચા ઘરો હતા. જ્યારે ૭.૩૩ ટકા ઉત્તરદાતાઓના ઘરો ઝૂંપડાં પ્રકારનાં હતાં. આમ, પહેલાં સાદા ઘરોનાં પ્રકાર હતાં.

૧૦. ડાંગનાં અભ્યાસમાં લીધેલા કુટુંબોમાંથી ૧૪.૬૭ ટકા ઉત્તરદાતાઓનાં ઘરો ત્રણ ઓરડાવાળાં હતા. ૮૫.૩૩ ટકા ઉત્તરદાતાઓના ઘરો ચાર કે તેથી વધુ ઓરડાવાળાં હોવાનું જાણાયું છે. એનો અર્થ એ થયો કે લાભ મળ્યા પછી જે ઘરો બનાવ્યા તે ત્રણથી વધુ ઓરડાવાળાં મોટા કદના બનાવ્યા હોવાનું તારણ મળે છે.

૧૧. સંશોધન હેઠળનાં ૫૨.૦૦ ટકા ઉત્તરદાતાઓનાં ઘરની દિવાલ કાચી હોવાનું જાણાયું છે. જ્યારે ૪૮.૦૦ ટકા ઉત્તરદાતાઓનાં ઘરોની દિવાલ પાકી હોવાનું માલુમ પડ્યું છે. ઉપરાંત ઘરનાં છાપરાનો પ્રકાર જોતાં જાણાવ્યું છે કે, પાકી દિવાલવાળા ઘરો હોવા છતાં ૮૭.૬૭ ટકા ઉત્તરદાતાઓનાં ઘરનાં છાપરાં પર નળિયાં મુકેલા જોવા મળ્યા. જ્યારે છતવાળા મકાનોનું પ્રમાણ માત્ર ૧૨.૩૩ ટકા જેટલું જાણાયું છે. આંકડાકીય માહિતી દ્વારા સ્પષ્ટ થાય છે કે, ડાંગમાં વર્તમાન સમયમાં ઘરની સાદી દિવાલને બદલે ઈંટ, સિમેન્ટ અને રેતીવાળી પાકી દિવાલવાળા ઘરોનું પ્રમાણ વધતું જતું હોવાનું તારણ સ્પષ્ટ થાય છે.

૧૨. પશુપાલન કરતા કુલ ૨૧૮ ઉત્તરદાતાઓમાંથી ૧૭૧ (૫૭.૦૦ ટકા) ઉત્તરદાતાઓ પશુઓને બાંધવા માટે અલગ ઓરડાની વ્યવસ્થા ધરાવે છે. ૪૭ (૧૫.૬૭ ટકા) ઉત્તરદાતાઓ પોતાનાં ઘરમાં જ અલગ વ્યવસ્થા કરીને પશુઓને રાખે છે. જ્યારે ૮૨ (૨૭.૩૩ ટકા) ઉત્તરદાતાઓ પશુપાલન કરતા નથી. અભ્યાસ દ્વારા એ સ્પષ્ટ થાય છે કે, ડાંગમાં મોટાભાગે પશુઓને બાંધવા માટે અલગ એક નાનું ઘરની વ્યવસ્થા કરતા હોવાનું તારણ મળે છે.

૧૩. અભ્યાસ હેઠળનાં તમામ ઉત્તરદાતાઓનાં ઘરમાં વિજળીની સગવડતા હોવાનું જાણાયું છે. ટૂંકમાં ડાંગ જિલ્લો સંપૂર્ણપણે વિજળીકરણની સગવડતાવાળો ગુજરાત સરકારે જાહેર કરેલ છે.

૧૪. સંશોધન હેઠળના ૬૩.૩૩ ટકા ઉત્તરદાતાઓ નળ દ્વારા પીવાનું પાણી મેળવે છે. ૧૨.૦૦ ટકા ઉત્તરદાતાઓ કુવાનો ઉપયોગ કરે છે. ૨.૦૦ ટકા ઉત્તરદાતાઓ નદી કે કોતરડામાંથી પીવાનું પાણી લાવે છે. ૧૯.૬૭ ટકા ઉત્તરદાતાઓ હેન્ડપંપ દ્વારા પાણી મેળવે છે. આમ, ડાંગમાં મોટાભાગના લોકો જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ નળ દ્વારા પીવાનું પાણી મેળવતા હોવાનું તારણ મળે છે.

૧૫. ડાંગ જિલ્લામાં તમામ ઉત્તરદાતાઓ બળતણ તરીકે લાકડાનો ઉપયોગ કરે છે. ૬૦.૦૦ ટકા ઉત્તરદાતાઓ બળતણ તરીકે કેરોસીનનો પણ ઉપયોગ કરે છે. ૨૮.૩૩ ટકા ઉત્તરદાતાઓ ગેસ કનેકશન પણ ધરાવે છે. જ્યારે ૧૧.૬૭ ટકા લોકો જરૂરત પ્રમાણે ત્રણેયનો ઉપયોગ કરતા હોવાનું તારણ મળ્યું છે.

૧૬. સંશોધન હેઠળના ૭૬.૬૭ ટકા ઉત્તરદાતાઓ બાથરૂમમાં સૌચાલયની સગવડ ધરાવતા હોવાનું માલુમ પડ્યું છે. તેમાંથી ૪૮.૩૩ ટકા ઉત્તરદાતાઓ પાકું સૌચાલય ધરાવે છે. જ્યારે ૨૮.૩૪ ટકા ઉત્તરદાતાઓ કાચુ સૌચાલય ધરાવે છે. એનો અર્થ એ થયો કે ડાંગના લોકો સૌચાલય બનાવવાની બાબતમાં જાગૃત બન્યા હોવાનું તારણ સ્પષ્ટ થાય છે.

૧૭. અભ્યાસ હેઠળનાં ઉત્તરદાતાઓમાંથી લાભ મળ્યો તે પહેલાં અને લાભ મળ્યા પછી ક્યા પ્રકારની ભૌતિક વસ્તુઓની ઉપયોગીતાની દ્રષ્ટિએ જોઈએ તો અનુક્રમે તાંબાનાં વાસણો, પિતળનાં વાસણો, કાંસનાં વાસરો, સ્ટીલનાં વાસણો, ચિનાઈ માટીનાં વાસણો, કાચનાં વાસણો વગેરેમાં પહેલાં કરતાં લાભ મળ્યો પછી બધા જ ઉત્તરદાતાઓ પાસે વધ્યા હોવાનું જરાયું છે. તેમાં પણ ચિનાઈ માટીનાં વાસણો પહેલાં ૪૪.૬૭ ટકા ઉત્તરદાતાઓ પાસે હતા. જે લાભ મળ્યા પછી ૯૧.૩૩ ટકા ઉત્તરદાતાઓ પાસે હોવાનું જાણાયું છે. કાચના વાસણો લાભ મળ્યો તે પહેલાં ૬૧.૬૭ ટકા ઉત્તરદાતાઓ પાસે

હતા. જે લાભ મળ્યા પછી ૯૭.૬૭ ટકા ઉત્તરદાતાઓ પાસે હોવાનું જણાયું છે. ટૂંકમાં, તાંબાનાં વાસણો, પિતળનાં વાસણો, કાંસાના વાસણો, એલ્યુમિનિયમનાં વાસણો, સ્ટીલનાં વાસણો, માટીનાં વાસણો વગેરેમાં પહેલાં કરતાં કરતાં લાભ મળ્યા પછી તેમાં વધારો થયો હોવાનું આંકડાકીય માહિતી દ્વારા તારણ મળે છે. ઉપરાંત ચિનાઈ માટીનાં વાસણો, કાચનાં વાસણો લાભ મળ્યો તે પહેલાં કરતાં લાભ મળ્યો તે પછી વધ્યા હોવાનું અભ્યાસનું તારણ દ્વારા સ્પષ્ટ થાય છે.

૧૮. સંશોધન હેઠળનાં બધા જ ઉત્તરદાતાઓ પાસે પહેલાં ફર્નિચરની બાબતમાં દેશી ખાટલાઓ હતા. પરંતુ લાભ મળ્યા પછી તેમાં ઘટાડો થયો છે. જ્યારે પલંગ, ટેબલ, ખુરશી, કબાટ, શોકેશ વગેરેમાં લાભ મળ્યા તે પહેલાં કરતાં, લાભ મળ્યો તે પછી વધારો જોવા મળે છે. જેમકે, લાભ મળ્યો તે પહેલાં અનુક્રમે પલંગ, ટેબલ, ખુરશી, કબાટ, શોકેશમાં અનુક્રમે ૪૭.૩૩ ટકા, ૫૦.૩૩ ટકા, ૬૨.૬૭ ટકા, ૩૪.૬૭ ટકા, ૧૪.૩૩ ટકા હતું. તે લાભ મળ્યા પછી અનુક્રમે ૯૩.૩૩, ૯૩.૬૭ ટકા, ૯૭.૬૭ ટકા, ૮૮.૩૩ ટકા, ૫૭.૦૦ ટકા વધ્યું હોવાનું જણાયું છે. એનો અર્થ એ થયો કે, લાભ મળ્યા પછી ઘરમાં ફર્નિચર અંગેની જુદી જુદી વસ્તુઓમાં વધારો થયો હોવાનું આંકડાકીય માહિતી દ્વારા તારણ સ્પષ્ટ થાય છે.

૧૯. અભ્યાસ હેઠળનાં ઉત્તરદાતાઓમાંથી કયા પ્રકારના વાહનો ધરાવે છે. તે અંગેની આંકડાકીય માહિતી દ્વારા સ્પષ્ટ થાય છે કે, સાયકલના ઉપયોગ અંગેની બાબતમાં લાભ મળ્યો તે પહેલાં ૬૭.૦૦ ટકા ઉત્તરદાતાઓ પાસે હતી. તે ઘટીને લાભ મળ્યા પછી માત્ર ૫૧.૬૭ ટકા ઉત્તરદાતાઓ પાસે હોવાનું જણાયું છે. જ્યારે મોટરસાયકલ, જીપ, ટેમ્પો, ટ્રેકટર કે ટ્રક વગેરે બાબતોમાં લાભ મળ્યો તે પહેલાં અનુક્રમે ૨૯.૩૩ ટકા, ૪.૬૭ ટકા, ટેમ્પોનું પ્રમાણ શૂન્ય હતું. ટ્રેકટર કે ટ્રક ૨.૩૩ ટકા જેટલું પ્રમાણ હતું. જે લાભ મળ્યા પછી અનુક્રમે ૮૨.૩૩ ટકા, ૧૬.૬૭ ટકા, ૨.૦૦ ટકા, ૧૩.૦૦ ટકા જેટલું વધ્યું હોવાનું માલુમ પડ્યું છે. અર્થાત્ લાભ મળ્યા પછી

સગવડતાવાળા વાહન વ્યવહારોની સગવડતામાં વધારો થયો હોવાનું તારણ મળે છે.

૨૦. સંશોધન હેઠળના ઉત્તરદાતાઓમાંથી કયા પ્રકારના ઈલેકટ્રીક સાધનોનો ઉપયોગ કરે છે. તે અંગેની આંકડાકીય માહિતી દ્વારા સ્પષ્ટ થાય છે કે, રેડિયો લાભ મળ્યો તે પહેલાં ૬૭.૬૭ ટકા ઉત્તરદાતાઓ પાસે હતા. તે લાભ મળ્યા પછી ઘટીને ૪૯.૩૩ ટકા પાસે જ રહ્યા હોવાનું જાણાયું છે. જ્યારે ઈલેકટ્રીક ઘંટી, વોશિંગ મશીન લાભ મળ્યો તે પહેલાં અને તે પછી કોઈની પાસે ન હોવાનું જાણાયું છે. અર્થાત્, આ વસ્તુનો ડાંગમાં જરૂર ન હોવાનું તારણ મળ્યું છે. જ્યારે ટેપરેકોર્ડર, ટી.વી., ડી.વી.ડી., ફ્રિજ, પંખો, ટ્યુબલાઈટ, મોબાઈલ/ફોન, મિક્ષ્ચર, સિલાઈ મશીન, પ્રેસર કૂકર, ઈસ્ત્રી, ગેસ, દિવાલ/હાથ ઘડિયાળ, કોમ્પ્યુટર, છાપાઓ વગેરેમાં લાભ મળ્યો તેનાં કરતાં લાભ મળ્યો તે પછી તેમાં વધારો થયો હોવાનું તારણ સ્પષ્ટ થાય છે. જેમકે, ટી.વી., ફ્રીજ, પંખો, ઈસ્ત્રી, છાપાઓ વગેરેમાં લાભ મળ્યો તે પહેલાં અનુક્રમે ૨૧.૩૩ ટકા, ૪.૩૩ ટકા, ૩૯.૩૩ ટકા, ૨૧.૦૦ ટકા, ૩૪.૩૩ ટકા ઉત્તરદાતાઓ સગવડતા ધરાવતા થયા હોવાનું જાણાયું છે. ટૂંકમાં લાભ મળ્યા પછી ડાંગનાં લોકો ઘણી ઈલેકટ્રીકલ સાધનોનો ઉપયોગ કરતા થયા હોવાનું આંકડાકીય માહિતી પરથી તારણ સ્પષ્ટ થાય છે.

## ○ ખોરાક

૨૧. સંશોધન હેઠળનાં ૩૨.૬૭ ટકા ઉત્તરદાતાઓ શાકાહારી હોવાનું જાણાયું છે. જ્યારે ૬૭.૩૩ ટકા ઉત્તરદાતાઓએ માંસાહારી હોવાનું જાણાવ્યું છે. અર્થાત્ ડાંગમાં માંસાહારી લોકોનું પ્રમાણ વધારે હોવાનું તારણ મળે છે.

૨૨. સામાન્ય દૈનિક ખોરાકમાં તમામ ઉત્તરદાતાઓએ રોટલા, શાક, કઠોળ ખાતા હોવાનું જાણાવ્યું. ૮૬.૦૦ ટકા ઉત્તરદાતાઓએ સામાન્ય દૈનિક ખોરાકમાં દાળ-ભાત પણ ખાતા હોવાનું જાણાવ્યું. જ્યારે પ્રસંગોપાતના ખોરાકમાં તમામ ઉત્તરદાતાઓમાંથી ૩૨.૬૭ ટકા ઉત્તરદાતાઓ થશે, ૨૩.૩૩ ટકા ઉત્તરદાતાઓએ લાપસી, ૯.૬૭ ટકા ઉત્તરદાતાઓએ બૂંદીને પ્રસંગોપાતનો

ખોરાક ગણાવ્યો. ઉપરાંત કુલ ઉત્તરદાતાઓમાંથી ૬૭.૩૩ ટકા ઉત્તરદાતાઓએ માંસ-મચ્છીને પ્રસંગોપાતનો ખોરાક ગણાવ્યો. એનો અર્થ એ થયો કે, ડાંગમાં માંસાહારનો ખોરાક પ્રસંગોપાત લેવાતો હોવાનું તારણ મળે છે.

## ○ પહેરવેશ

૨૩. સંશોધન હેઠળના ૪૧.૩૩ ટકા ઉત્તરદાતાઓના ઘરની સ્ત્રીઓ પરંપરાગત નવવારની મરાઠી સાડી પહેરે છે. જ્યારે ૫૮.૬૭ ટકા ઉત્તરદાતાઓના ઘરની સ્ત્રીઓ ગુજરાતી સાડી પહેરે છે. અર્થાત્ ડાંગમાં સ્ત્રીઓ પહેરવેશની બાબતમાં ગુજરાતી સાડી પહેરવાનું વલણ વિકસતું જતું હોવાનું તારણ મળે છે.

૨૪. સ્ત્રીઓનાં ઘરણાંની બાબતમાં ૧૭.૩૩ ટકા ઉત્તરદાતાઓના ઘરની મોટી ઉંમરની સ્ત્રીઓ નાકમાં નથ પહેરતી હોવાનું જણાયું. ૨૫.૬૭ ટકા ઉત્તરદાતાઓના ઘરની મોટી ઉંમરની સ્ત્રીઓ બાજુબંધ પહેરતી હતી. ૨૦.૦૦ ટકા ઉત્તરદાતાઓનાં ઘરની મોટી ઉંમરની સ્ત્રીઓ પરંપરાગત ચાંદીના સિક્કાવાળા હાર પહેરતી હતી. ૧૩.૩૩ ટકા સ્ત્રીઓ ગળામાં ચાંદીની કંઠી પહેરતી હતી. જ્યારે ૭૯.૬૭ ટકા નાની અને મોટી ઉંમરની સ્ત્રીઓ સામાન્ય રીતે સોના કે ચાંદીનું મંગલસૂત્ર તેમજ પગમાં સાંકળા પહેરતી હોવાનું જણાયું છે. આમ, વર્તમાન સમયમાં ડાંગની સ્ત્રીઓ પરંપરાગત ઘરેણાંને બદલે આધુનિક સ્વરૂપનાં ઘરેણાં પહેરતી હોવાનું આંકડાકીય તારણ મળે છે.

૨૫. પુરુષોના પહેરવેશની બાબતમાં ૨૭.૩૩ ટકા ઉત્તરદાતાઓ ટૂંકૂ પાટલુન, ખમીસ અને ગાંધી ટોપી પહેરતા હતા. જ્યારે ૭૨.૬૭ ટકા ઉત્તરદાતાઓ પેન્ટ, શર્ટ પહેરતા હતા. અર્થાત્ વર્તમાન સમયમાં ડાંગમાં પુરુષોનાં પહેરવેશની બાબતમાં પરંપરાગત પહેરવેશ કરતાં આધુનિક પહેરવેશનું દર્શન થતું હોવાનું તારણ મળે છે.

## ○ ભાષા કે બોલી

૨૬. અભ્યાસ હેઠળના તમામ ઉત્તરદાતાઓ ડાંગી બોલી બોલે છે. તમામ ઉત્તરદાતાઓમાંથી ૭૧.૬૭ ટકા ગુજરાતી ભાષા પણ બોલે છે. તમામ ઉત્તરદાતાઓમાંથી ૪૮.૩૩ ટકા મરાઠી ભાષા પણ બોલે છે. તમામ

ઉત્તરદાતાઓમાંથી ૪૮.૩૩ ટકા લોકો ડાંગી, ગુજરાતી અને મરાઠી ત્રણે ભાષા કે બોલી બોલે છે. આમ, ડાંગ પ્રદેશ બહુભાષિક પ્રદેશ હોવાનું તારણ નિકળે છે તેમજ ગુજરાતી ભાષા બોલનારાઓનું પ્રમાણ વધુ હોવાનું માલુમ પડે છે.

**o નૃત્ય**

૨૭. સંશોધન હેઠળનાં ૭૮.૩૩ ટકા ઉત્તરદાતાઓ ડાંગ પ્રદેશનાં સમૂહ નૃત્યમાં ભાગ લેતા હોવાનું જણાવ્યું. જ્યારે ૨૧.૬૭ ટકા ઉત્તરદાતાઓએ ત્યાનાં સમૂહ નૃત્યમાં ભાગ ન લેતા હોવાનું જણાવ્યું. અર્થાત્ ડાંગમાં વર્તમાન સમયમાં પણ પરંપરાગત નૃત્યમાં ભાગ લેવાનું તારણ નીકળે છે. જો કે, વર્તમાન સમયમાં તેનો પ્રભાવ અને પ્રમાણ ઘટ્યું છે. આવા નૃત્યો ખાસ પ્રસંગોએ જ થતા હોય છે. જેમકે, તમામ ઉત્તરદાતાઓમાંથી ૪૦.૩૩ ટકા ઉત્તરદાતાઓએ હોળીને પ્રસંગે સમૂહ નૃત્ય કરતા હોવાનું જણાવ્યું. તમામ ઉત્તરદાતાઓમાંથી ૬૬.૩૩ ટકા ઉત્તરદાતાઓએ લગ્ન પ્રસંગે સમૂહ નૃત્ય કરતા હોવાનું જણાવ્યું. ૩૩.૦૦ ટકા ઉત્તરદાતાઓએ ડુંગરદેવીના ઉત્સવ પ્રસંગે સમૂહ નૃત્ય કરતા હોવાનું જણાવ્યું છે. જ્યારે ૩૩.૦૦ ટકા ઉત્તરદાતાઓએ દેવ વરાળેના પ્રસંગે સમૂહ નૃત્ય કરતા હોવાનું જણાવ્યું છે. ટૂંકમાં ડાંગમાં પહેલાંનાં સમયમાં પ્રસંગોપાત જ સમૂહ નૃત્યો થતાં હોવાનું અભ્યાસનું તારણ મળે છે.

૨૮. અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાંથી લાભ મળ્યો તે પહેલાં અને લાભ મળ્યો તે પછી પરંપરાગત સાધનોની ઉપયોગિતાની બાબતમાં જોઈએ તો અનુક્રમે માછલાં પકડવાની જાળ, શિકારના સાધનો, દેશી અનાજ દળવાની ઘંટી, સંગીતનાં સાધનો, ખાંડણિયો વગેરેમાં લાભ મળ્યો તે પહેલાં કરતાં લાભ મળ્યો તે પછી આ પરંપરાગત સાધનોમાં ઘટાડો થયો હોવાનું જણાયું છે. જેમકે, માછલી પકડવાની જાળ લાભ મળ્યો તે પહેલાં ૬૮.૬૭ ટકા પાસે હતા. જે લાભ મળ્યા પછી માત્ર ૨૪.૦૦ ટકા પાસે છે. શિકારનાં સાધનો લાભ મળ્યો તે પહેલાં ૬૯.૦૦ ટકા પાસે હતા. તે લાભ મળ્યા પછી

૨૪.૬૭ ટકા પાસે છે. દેશી ઘંટી લાભ મળ્યો તે પહેલાં ૯૮.૩૩ ટકા પાસે હતી. તે લાભ મળ્યા પછી ૪૪.૦૦ ટકા પાસે છે. ખાંડણિયો લાભ મળ્યો તે પહેલાં ૯૬.૦૦ ટકાના ઘરે હતા. જે લાભ મળ્યા પછી ૪૪.૬૭ ટકાના ઘરે હોવાનું જણાયું. સંગીતના સાધનો ૪૯.૦૦ ટકા પાસે હતા. જે લાભ મળ્યા પછી ૨૪.૦૦ ટકા પાસે છે. અર્થાત્ પરંપરાગત સાધનો તરીકે ડાંગમાં માછલી પકડવાની જાળ, શિકારના સાધનો, દેશી ઘંટી, સંગીતનાં સાધનો, ખાંડણિયો વગેરેમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું હોવાનું આંકડાકીય માહિતી દ્વારા તારણ મળે છે. માત્ર અનાજ ભરવાની કોઠી (પાલા)ની બાબતમાં ડાંગમાં પરિવર્તન ન આવ્યું હોવાનું જણાયું છે.

○ **મૃત્યુ**

૨૯. સંશોધન હેઠળનાં ૭૯.૩૩ ટકા ઉત્તરદાતાઓ માણસનાં મૃત્યું બાદ અગ્નિ સંસ્કારની વિધિ કરાવતા હોવાનું જણાવ્યું છે. જ્યારે ૨૦.૬૭ ટકા ઉત્તરદાતાઓ દફનવિધિ કરે છે. ડાંગમાં સામાન્ય રીતે હિન્દુ ધર્મ પાળતા લોકો માણસનાં અવસાન બાદ અગ્નિ સંસ્કારની વિધિ કરે છે. જ્યારે ખ્રિસ્તી ધર્મ પાળતા લોકો અવસાન પામેલ વ્યક્તિની દફનવિધિ કરે છે. જે આંકડાકીય માહિતી દ્વારા તારણ મળે છે.

૩૦. ડાંગમાં મૃત્યુબાદની વિધિમાં સમાજ તરફથી મદદ મળે છે. જેમ કે, કુલ ઉત્તરદાતાઓમાંથી તમામ ઉત્તરદાતાઓએ આર્થિક મદદ મળતી હોવાનું જણાવ્યું છે. ૨૩.૩૩ ટકા ઉત્તરદાતાઓએ મૃત્યુબાદની વિધિમાં સગા-સંબંધીઓ તરફથી કપડાની મદદ પણ મળતી હોવાનું જણાવ્યું છે. આમ, ડાંગમાં મૃત્યુ બાદની વિધિમાં આર્થિક અને કપડાં જેવી મદદ સમાજ તરફથી મળતી હોવાની એક વિશિષ્ટતા જોવા મળી હોવાનું તારણ મળ્યું છે.

૩૧. મૃત્યુ બાદની વિધિમાં ૭૯.૩૩ ટકા ઉત્તરદાતાઓ સ્થાનિક ભગત પાસે વિધિ કરાવે છે. ૨૬.૦૦ ટકા ઉત્તરદાતાઓ ભગતની સાથે બ્રાહ્મણ પાસે પણ વિધિ કરાવે છે. જ્યારે ૨૦.૬૭ ટકા ઉત્તરદાતાઓ ખ્રિસ્તીપાદરી પાસે મૃત્યુ બાદની વિધિ કરાવતા હોવાનું જાણવા મળે છે. આમ, ડાંગમાં સામાન્ય રીતે

ભગત, બ્રાહ્મણ અને પાદરી પાસે મૃત્યુ બાદની વિધિ કરાવતા હોવાનું તારણ મળે છે.

## ○ ધાર્મિક જીવન

૩૨. ધાર્મિક તહેવારોનું ક્રમ પ્રમાણે મહત્વ અંગેની માહિતી પરથી જણાયું છે કે, તમામ ઉત્તરદાતાઓમાંથી ૭૯.૩૩ ટકા ઉત્તરદાતાઓએ અનુક્રમે હોળી, દિવાળી, તેરા, અખાત્રીજ, નાગપંચમી (પંચવી) પિતરાં (નવાં) વગેરે ક્રમમાં તહેવારો ઉજવતા હોવાનું જણાવ્યું છે. ખાસ કરીને ડાંગનાં હિન્દુ ધર્મ પાળતા લોકો મહત્વ પ્રમાણે આ ક્રમમાં તહેવારો ઉજવે છે. જ્યાં ખ્રિસ્તી ધર્મ પાળતા ૨૦.૬૭ ટકા ઉત્તરદાતાઓ નાતાલ અને ગુડફ્રાઈડે જેવા ખ્રિસ્તી ધર્મના તહેવારો ઉજવતા હોવાનું માહિતી દ્વારા તારણ મળેલ છે.

૩૩. અભ્યાસ હેઠળના તમામ ઉત્તરદાતાઓ જીવનમાં સુખાકારી મેળવવા માટે કોઈને કોઈ ધાર્મિક વિધિ કરે છે. આવી ધાર્મિક વિધિમાં કુનબી, વારલી અને ભીલ જનજાતિના લોકો મહત્વ પ્રમાણે અનુક્રમે- ચવથાઈ, ઘરભરણી, ડુંગરદેવી, દેવવરાળેં વગેરે જેવી ધાર્મિક વિધિ કરે છે. જ્યારે ખ્રિસ્તી ધર્મ પાળતા ઉત્તરદાતાઓ રવિવારે દેવળ (ગીરજાગર)માં ઈસુ ભગવાન પાસે પ્રાર્થના કરે છે. ઉપરાંત ગામિત જનજાતિના લોકો ખતરાની પુજા કરે છે. આમ, ડાંગના લોકો પણ જીવનની સુખાકારી માટે કોઈને કોઈ તેમના આરાધ્ય દેવી-દેવતા માટે ધાર્મિક વિધિ કરતા હોવાનું તારણ મળે છે.

૩૪. સંશોધન હેઠળના ૬૪.૦૦ ટકા ઉત્તરદાતાઓ ધાર્મિક તહેવારોની ઉજવણીમાં પરંપરાગત વાજિંત્રોનો ઉપયોગ કરે છે. ૩૬.૦૦ ટકા ઉત્તરદાતાઓ આધુનિક વાજિંત્રોનો ઉપયોગ કરે છે. પરંતુ ૬૭.૩૩ ટકા ઉત્તરદાતાઓ મિશ્ર પ્રકારનાં વાજિંત્રોનો ઉપયોગ કરે છે. આમ, ડાંગમાં પરંપરાગત વાજિંત્રોનો ઉપયોગની સાથે આધુનિક વાજિંત્રોનો પણ ધાર્મિક તહેવારોમાં ઉપયોગ થવા લાગ્યો છે. જે માહિતી દ્વારા સ્પષ્ટ થાય છે.

૩૫. અભ્યાસ હેઠળના ૪૪.૩૩ ટકા ઉત્તરદાતાઓ બિમારી સમયે ભગત ભુવાનો સહારો લેતા હોવાનું જણાયું છે. ૫૫.૬૭ ટકા ઉત્તરદાતાઓ ડોકટરનો બિમારી

વખતે સહારો લે છે. જ્યારે કુલ ઉત્તરદાતાઓમાંથી ૯૫.૬૭ ટકા ઉત્તરદાતાઓ જરૂરત પ્રમાણે બંનેનો બિમારી વખતે ઉપયોગ કરે છે. આમ, ડાંગમાં બિમારી વખતે ભગત-ભુવાની સાથે ડોકટર પાસે જવાનું વલણ વધુ વિકસ્યું હોવાનું માહિતી દ્વારા તારણ મળે છે.

૩૬. સંશોધન હેઠળના કુનબી, વારલી અને ભીલ જનજાતિના ઉત્તરદાતાઓએ પોતાના ઈષ્ટદેવ કે કુળદેવી તરીકે ૬૩.૦૦ ટકા ઉત્તરદાતાઓએ પોતાની કુળદેવી તરીકે કનસરી દેવીને ગણાવી છે. ૫૫.૬૭ ટકા ઉત્તરદાતાઓએ કનસરી દેવીની સાથે ઈહમાય દેવીને પણ કુળદેવી તરીકે ગણાવી છે. જ્યારે ૪૩.૦૦ ટકા ઉત્તરદાતાઓએ પોતાના કુળદેવ તરીકે ગોવાળદેવને ગણાવ્યો છે. ૧૬.૩૩ ટકા ઉત્તરદાતાઓએ પોતાના કુળદેવ તરીકે હિરવાદેવને ગણાવ્યો છે. ૧૮.૬૭ ટકા ઉત્તરદાતાઓએ પોતાના કુળદેવ તરીકે કોઠારદેવને ગણાવ્યો છે. ખ્રિસ્તી ધર્મ પાળતા ઉત્તરદાતાઓમાંથી ૨૦.૬૭ ટકા ઉત્તરદાતાઓએ ઈસુ ભગવાનને પોતાનો ઈષ્ટદેવ ગણાવ્યો છે. ઉપરાંત ગામિત જાતિના ઉત્તરદાતાઓએ ખતરાને પોતાના ઈષ્ટદેવ તરીકે ગણાવ્યો છે. આમ, ડાંગ પ્રદેશમાં વસવાટ કરતી જુદી જુદી જનજાતિઓમાં મોટાભાગની જાતિઓ કનસરી દેવીને કુળદેવી તરીકે માનતા હોવાનું અભ્યાસ દ્વારા તારણ મળે છે.

### ૦ રાજકીય કે જાતિપંચ વિશેની માહિતી

ડાંગ જિલ્લામાં વસવાટ કરતી જુદી જુદી જનજાતિઓની રાજકીય કે જાતિપંચ વિશેની માહિતી તપાસતાં કેટલાંક અર્થ સૂચક તારણો નીચે મુજબ જોવા મળ્યા છે.

૩૭. અભ્યાસ હેઠળનાં તમામ ઉત્તરદાતાઓએ પોતાનાં ગામનું જાતિપંચ હોવાનું જણાવ્યું છે તેમજ જાતિપંચના આગેવાન તરીકે કુલ ઉત્તરદાતાઓમાંથી ૧૩.૬૭ ટકા ઉત્તરદાતાઓએ શિક્ષિત વ્યક્તિ આગેવાન બને છે. ૩૬.૬૭ ટકા ઉત્તરદાતાઓએ ગામની પ્રતિષ્ઠિત વ્યક્તિ બને છે. ૩.૩૩ ટકા ઉત્તરદાતાઓએ મોટી ઉંમરની આગેવાન બને છે, એવું જણાવ્યું. જ્યારે ૪૬.૩૩ ટકા ઉત્તરદાતાઓએ ગામની પ્રભાવી જાતિની વ્યક્તિ ગામની જાતિપંચની આગેવાન બનતી હોવાનું જણાવ્યું છે. અર્થાત્ ડાંગમાં પણ

શ્રીનિવાસના સિદ્ધાંત પ્રમાણે પ્રભાવી જાતિની વ્યક્તિ જાતિપંચનો આગેવાન બને છે. જે આંકડાકીય માહિતી દ્વારા તારણ મળે છે.

૩૮. અભ્યાસ હેઠળના ૧૨.૦૦ ટકા ઉત્તરદાતાઓએ કુટુંબનાં આંતરિક ઝગડાઓનું જાતિપંચ નિકાલ કરે છે. ૧૬.૦૦ ઉત્તરદાતાઓએ બે કુટુંબો વચ્ચેનાં ઝગડાઓનું જાતિપંચ નિકાલ કરે છે. ૨૦.૬૭ ટકા ઉત્તરદાતાઓએ મિલકત સંબંધીત ઝગડાઓનો નિકાલ કરે છે. ૪૨.૦૦ ટકા ઉત્તરદાતાઓએ છૂટાછેડાને લગતા ઝગડાઓનો નિકાલ કરે છે. ૯.૩૩ ટકા ઉત્તરદાતાઓએ સામાન્ય ચોરીને લગતા ઝગડાને નિકાલ કરે છે. ટૂંકમાં, ડાંગનું જાતિપંચ મોટેભાગે છૂટાછેડાને લગતા ઝગડાનું જાતિપંચ નિકાલ કરે છે. તે આંકડાકીય માહિતી દ્વારા તારણ સ્પષ્ટ થાય છે.

૩૯. સંશોધન હેઠળનાં ૯૫.૦૦ ટકા ઉત્તરદાતાઓએ વૃક્ષો કાપવાના લાભ થકી જાતિપંચમાં ઉંચુ સ્થાન મળ્યું હોવાનું જાણાવ્યું છે. જ્યારે માત્ર ૫.૦૦ ટકા ઉત્તરદાતાઓએ પોતાનું સ્થાન સ્થિર હોવાનું જાણાવ્યું છે. અર્થાત્, વૃક્ષો કાપવાના આર્થિક લાભ થકી જાતિપંચમાં ઉંચું સ્થાન ગયું હોવાનું માહિતી દ્વારા તારણ મળેલ છે.

૪૦. અભ્યાસ હેઠળનાં તમામ ઉત્તરદાતાઓ પંચાયતની ચૂંટણીમાં મત આપતા હોવાનું જાણાવ્યું છે. વૃક્ષો કાપવાના લાભ થકી ૩૧.૩૩ ટકા ઉત્તરદાતાઓએ ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી હોવાનું જાણાવ્યું છે. અર્થાત્ વૃક્ષો કાપવાનાં લાભ થવાથી ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવાનું વલણ વિકસ્યું હોવાનું આંકડાકીય માહિતી પરથી તારણ સ્પષ્ટ થાય છે.

૪૧. સંશોધન હેઠળના ઉત્તરદાતાઓમાંથી કયા પ્રકારની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી છે. તેનું સ્પષ્ટીકરણ કરતાં જાણાયું છે કે, કુલ ૩૧.૩૩ ટકા ઉત્તરદાતાઓએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોઈને કોઈ સ્વરૂપની ચૂંટણી લડી છે. તેમાંથી ૧૯.૦૦ ટકા ઉત્તરદાતાઓએ ગ્રામપંચાયતની ચૂંટણી લડી છે. જ્યારે અનુક્રમે ૭.૩૩ ટકા અને ૫.૦૦ ટકા ઉત્તરદાતાઓએ તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયતની ચૂંટણી લડી હોવાનું જાણાયું છે. ટૂંકમાં, મોટાભાગના

ઉત્તરદાતાઓએ સ્થાનિક ગ્રામપંચાયતની ચૂંટણી લડી હોવાનું માહિતી દ્વારા સ્પષ્ટ થાય છે.

૪૨. સંશોધન હેઠળનાં ૯૫.૦૦ ટકા ઉત્તરદાતાઓએ લાભ મળ્યા પછી રાજકીય પક્ષના સભ્યો માન આપતા હોવાનું જણાયું છે. આમ, મોટાભાગના ઉત્તરદાતાઓએ લાભ મળ્યા પછી રાજકીય પક્ષના સભ્યો માન આપતા હોવાનું તારણ નીકળે છે.

૪૩. અભ્યાસ હેઠળના ૯૧.૦૦ ઉત્તરદાતાઓએ લાભ મળ્યા પછી ગ્રામજનો ચૂંટણી લડવાનું કહેતા હોવાનું જણાવે છે. અર્થાત્ ડાંગમાં જે લોકોને જમીનમાંનાં વૃક્ષો કાપવાનો આર્થિક લાભ મળ્યા પછી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડવાનું મોટાભાગના ગામના લોકો મહેતા હોવાનું આંકડાકીય માહિતી દ્વારા તારણ સ્પષ્ટ થાય છે.

૪૪. સંશોધન હેઠળનાં ૩૮.૬૭ ટકા ઉત્તરદાતાઓ લાભ મળ્યા પછી રાજકીય પક્ષના સભ્ય બન્યા હોવાનું જણાયું છે. અર્થાત્, વૃક્ષો કાપવાના લાભ થકી ડાંગનાં લોકોમાં રાજકીય પક્ષનાં સભ્ય બનવાનું વલણ વિકસ્યું હોવાનું તારણ મળે છે.

૪૫. અભ્યાસ હેઠળનાં ૮૯.૩૩ ટકા ઉત્તરદાતાઓના ઘરની સ્ત્રીઓને સ્થાનિક પંચાયતની ચૂંટણીમાં ઉમેદવારી કરવાનું વલણ વિકસ્યું છે. અર્થાત્, ડાંગમાં જમીનમાંનાં વૃક્ષો કાપવાના લાભ થકી સ્ત્રી સભ્યોને સ્થાનિક ચૂંટણીમાં ઉમેદવારી કરવાનું વલણ વિકસ્યું હોવાનું તારણ સ્પષ્ટ થાય છે.

૪૬. સંશોધન હેઠળનાં ૯૬.૦૦ ટકા ઉત્તરદાતાઓએ પોતાના ઘરની સ્ત્રીઓ માટે ૩૩.૦૦ ટકા સ્ત્રીઓ માટે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં અનામતની જોગવાઈ બરાબર હોવાનું માને છે. અર્થાત્ ડાંગમાં મોટાભાગના લોકો ૩૩.૦૦ ટકા સ્ત્રી અનામત-સ્થાનિક ચૂંટણીની બાબતમાં કાયદા વિશે જાણતા હોવાનું તારણ મળે છે.

## ૬.૩ અભ્યાસની ઉપયોગિતા

સમાજનાં કોઈપણ ક્ષેત્રમાં પ્રવર્તતી પરિસ્થિતિ કે પ્રશ્નો અને સમસ્યાઓનાં નિરાકરણ માટે સામાજિક વિજ્ઞાન દ્વારા પ્રાપ્ત કરેલું પદ્ધતિસરનું જ્ઞાન ઉપયોગી બને છે. જે તે સામાજિક ક્ષેત્રની પછી તે આદિવાસી સમાજ કેમ ન હોય, તેની સમસ્યા કે પરિસ્થિતિ વિશેનું જ્ઞાન કે જાણકારી પ્રાપ્ત કરી તે ક્ષેત્રની સમસ્યા હલકે હળવી કરી શકાય છે. જે તે પરિસ્થિતિ વિશેની વાસ્તવિક સમજ મેળવી શકાય છે. આવા સામાજિક સંશોધનો જુદાં જુદાં ક્ષેત્રોમાં થાય છે. આવા સંશોધનોથી સમાજને લાભ થાય, યોગ્ય માર્ગદર્શન મળી રહે અને વાસ્તવિક સ્થિતિની જાણકારી મળે તેમજ માણસની જ્ઞાન પ્રાપ્તિની જિજ્ઞાસા જાગે. આજ બાબત ઘણીખરી સામાજિક સંશોધનનાં સંબંધમાં પણ સત્ય છે. સંશોધનથી સમાજને તાત્કાલીક પ્રત્યક્ષ લાભ થશે એવું હંમેશા નથી બનતું. પરંતુ, સમાજમાં જ્ઞાનની વૃદ્ધિ જરૂર થાય છે. સંશોધનનું મહત્વ તેની યથાર્થતા અને ઉપયોગિતાના આધારે અંકાય છે. એટલે કે વ્યવહારુ ઉપયોગિતા વિનાનું જ્ઞાન અર્થહીન છે.

મારા આ પ્રસ્તુત અભ્યાસની ઉપયોગિતા નીચે મુજબની છે.

૧. આ સંશોધન ડાંગ જિલ્લામાં વસવાટ કરતી કુનબી, વારલી, ભીલ અને ગામિત જનજાતિનાં સામાજિક જીવનનું વસ્તુલક્ષી પૃથ્થકરણ કરેલ છે. તેથી આ સંશોધન દ્વારા વાચક વર્ગને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે તેમના સંપર્કમાં આવનાર લોકોને તેમના સામાજિક જીવન પ્રત્યે વૈજ્ઞાનિક દ્રષ્ટિ પુરી પાડવામાં અને વાસ્તવિક જાણકારી પ્રાપ્ત કરવામાં ઉપયોગી બની રહેશે.

૨. આ સંશોધન દ્વારા ડાંગના આદિવાસી સમાજમાં કેવું કયા પ્રકારનું પરિવર્તન આવ્યું છે તે અંગેની જાણકારી મળી છે.

૩. ડાંગ જિલ્લામાં વસવાટ કરતા આદિવાસી સમાજમાં અભ્યાસ, ધર્મ અને વ્યવસાયની જાણકારી મેળવતાં તેમનાં આ બધા જ ક્ષેત્રોમાં પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે પરિવર્તન જોવા મળે છે.

૪. ડાંગમાં વસવાટ કરતી મુખ્યત્વે કુનબી, વારલી, ભીલ અને ગામિત જનજાતિઓમાં મુખ્યત્વે સંયુક્ત કુટુંબની ભાવના જોવા મળે છે.

૫. ડાંગ પ્રદેશની જુદી જુદી જાતિઓમાં સ્ત્રીઓ અને પુરુષોની સંખ્યામાં તીવ્ર તફાવત જોવા મળતો નથી.

૬. ડાંગમાં મોટાભાગે લગ્ન સ્થળમાં નજીકનું અંતરમાંથી જીવનસાથી પસંદ કરે છે તેમજ શિક્ષણનું સ્તર ઠીક ઠીક ઉંચું જોવા મળ્યું છે.

૭. ડાંગ જિલ્લાની જુદી જુદી જનજાતિઓમાં સામાજિક ક્ષેત્રે પરિવર્તન જોવા મળે છે. ખાસ કરીને જન્મનું મહત્વ, બાળકોની વર્ષગાઠ ઉજવવાની બાબતમાં, સગાઈ જીવનસાથીની પસંદગી, લગ્નવિધિ, લગ્ન ગીતો, કંકોત્રી છપાવવા, મામા-ફોઈલના લગ્ન, એકથી વધુ પત્ની, કન્યા કે વર શૂલ્કનીની બાબતમાં સ્પષ્ટ પરિવર્તન જોઈ શકાય છે.

૮. ડાંગ જિલ્લામાં જુદી જુદી જાતિઓમાં આર્થિક ક્ષેત્રની બાબત સ્પષ્ટ કરતાં જણાય છે કે, વ્યવસાય, સિંચાઈ, પાક, બિયારણ, વૃક્ષોની સાથોસાથ વૃક્ષોની કિંમત, જમીનમાંના વૃક્ષો, વૃક્ષોની આવક, વૃક્ષો કાપવાનો આર્થિક લાભ, વૃક્ષો હોવાનો ફાયદો, બહેનોને લાભ, આર્થિક દરજ્જો, પશુપાલન, ખેતીના સાધનો, દેવાનું સ્વરૂપ, બચત વગેરેમાં પરિવર્તન જોઈ શકાય છે.

૯. ડાંગ જીલ્લામાં વસવાટ કરતી કુનબી, વારલી, ભીલ, ગામિત વગેરે જનજાતિઓમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. તેમ છતાં વર્તમાન સમયમાં નવી શિક્ષણની નીતિ ઘડવી પડશે, તેનું આ અભ્યાસ દ્વારા સ્પષ્ટીકરણ મળે છે.

૧૦. ડાંગ જિલ્લામાં વસવાટ કરતી જુદી જુદી જનજાતિઓમાં ભીલ જનજાતિઓમાં શિક્ષણનું પ્રમાણ વધે એ જરૂરી હોવાનું અભ્યાસનું તારણ પરથી સ્પષ્ટ થાય છે.

૧૧. ડાંગની જુદી જુદી જનજાતિઓના અભ્યાસ દ્વારા જાણવા મળે છે કે, ઘરની પરિસ્થિતિ, દિવાલનો પ્રકાર, પીવાનું પાણી, બાથરૂમ અને શૌચાલયની સગવડ, જુદા જુદા પ્રકારના ઘરવખરીના સાધનો, ફર્નિચર, વાહનો, ઈલેકટ્રીકનાં સાધનો, ખોરાક, પોષાક, ભાષા કે બોલી, નૃત્યનું સ્વરૂપ, પરંપરાગત સાધનો તરીકે, માછલાં પકડવાના સાધનો, શિકારનાં સાધનો, દેશી ઘંટી, સંગીતના સાધનો, ખાંડણિયો વગેરેમાં નોંધપાત્ર પરિવર્તન જોઈ શકાય છે. ખાંડણિયો વગેરેમાં નોંધપાત્ર પરિવર્તન જોઈ શકાય છે. ઉપરાંત, મૃત્યુની વિધિ, ઉતરક્રિયા તેમજ ધાર્મિક તહેવારો અને ઉત્સવોમાં નોંધપાત્ર

પરિવર્તન જોઈ શકાય છે. ઉપરાંત, મૃત્યુની વિધિ, ઉતરક્રિયા તેમજ ધાર્મિક તહેવારો અને ઉત્સવોમાં નોંધપાત્ર પરિવર્તન જોઈ શકાય છે.

૧૨. ડાંગની જુદી જુદી જનજાતિઓમાં રાજકીયક્ષેત્રે જોતાં જાતિપંચનું મહત્વ જળવાય રહ્યું છે. ડાંગ પ્રદેશમાં જાતિપંચનું કાર્ય વર્તમાન સમયમાં પણ ટકી રહ્યું છે. તેથી તેમાં સ્થાનિક લોકોનો વિશ્વાસ ટકી રહ્યો હોવાનું જણાય છે તેમ છતાં વર્તમાન નવી પંચાયત પ્રથાનું મહત્વ લોકો સમજતા હોવાનું જણાયું છે. ખાસ કરીને આર્થિક લાભ થતાં નવી ચૂંટણીપ્રથામાં પ્રવેશ કર્યો હોવાનું જાણવા મળે છે. તેમાં પણ વર્તમાન સમયની મતદાન વર્તન, તેનું મૂલ્ય અને કયા પક્ષને મત આપવો તેમજ ગ્રામપંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતને લગતું પંચાયતનું માળખું સમજતા થયા છે. સાથો-સાથ ચૂંટણી લડવાનું, સ્ત્રીનું ચૂંટણીમાં સ્થાન વગેરેની જાણકારીથી વાકેફ હોવાનું અભ્યાસ પરથી તારણ મળ્યું છે તેની ઉપયોગિતા સ્પષ્ટ જાણવા મળે છે.

૧૩. ડાંગ જીલ્લામાં માલિકીની જમીનમાંના વૃક્ષો કાપવાથી થયેલ આર્થિક લાભ થકી સામાજિક, આર્થિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, રાજકીય વગેરે ક્ષેત્રે કેટલા પ્રમાણમાં ફાયદો થયો છે કે લાભદાયક બન્યો છે કે નહી તે જાણી શકાય છે.

૧૪. ડાંગ જિલ્લામાં આ આર્થિક લાભ થકી કુનબી, વારલી, ભીલ અને ગામિત જનજાતિઓની જુદી જુદી સ્થિતિઓમાં કેટલો વિકાસ થયો છે તેની જાણકારી પ્રાપ્ત થઈ શકે છે.

૧૫. આ સંશોધન દ્વારા ડાંગની જુદી જુદી જનજાતિઓના વિકાસ માટે શું શું કરવાની જરૂર છે તે અંગેનું માર્ગદર્શન મળી રહે છે.

૧૬. આ સંશોધન આદિવાસી સમાજ સુધારકો, જાતિપંચના આગેવાનોને જાતિપંચના વિકાસ કાર્યક્રમો ઘડવા માટે તેમજ સ્થાનિક લોકોના વિકાસ માટે સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓને નીતિ નકકી કરવામાં ઉપયોગી થશે.

૧૭. આ સંશોધન ભાવિ સંશોધક માટે સંશોધન કરવા માટેની નવી દિશા પુરી પાડશે.

## ૬.૪ અભ્યાસની મર્યાદા

સંશોધન કાર્યની શરૂઆત કરવામાં ગમે તેટલી ચોકસાઈ રાખવા છતાં માનવ સહજ પ્રકૃતિગત કોઈને કોઈ ત્રુટી કે ક્ષતિ રહી જવા પામે છે. સંશોધન પૂર્ણ શક્તિ અને સમય માંગી લે છે તેમ છતાં તેમાં કેટલીક મર્યાદાઓ રહી જવા પામે છે. સમગ્ર સમુદાય કે સમગ્ર જનજાતિઓનો અભ્યાસ કરવો મુશ્કેલ છે. તેથી સમગ્રને બદલે ભાગ (નિદર્શન)ને કેન્દ્રમાં રાખી અભ્યાસ કરવામાં આવે છે. તેનાં તારણો સમગ્રને લાગુ પાડવામાં આવે છે. ભાગ (નિદર્શન) ગમે તેટલું સમગ્રનું પ્રતિનિધિત્વ ધરાવતું હોવા છતાં કોઈને કોઈ ખામી રહી જવા પામે છે. મારો આ પ્રસ્તુત અભ્યાસ પણ આવી મર્યાદાથી પર ન હોય શકે. તેની મર્યાદાઓ નીચે મુજબ છે.

૧. આ અભ્યાસ ડાંગ જિલ્લામાં વસવાટ કરતી કુનબી, વારલી, ભીલ અને ગામિત જનજાતિઓને ધ્યાનમાં રાખીને કર્યો જેનાં તારણો ડાંગમાં વસવાટ કરતી અન્ય જનજાતિને લાગુ ન પણ પાડી શકાય.

૨. આ અભ્યાસ ડાંગ જિલ્લામાં વસવાટ કરતી માત્ર કુનબી, વારલી, ભીલ અને ગામિત જનજાતિને ધ્યાનમાં રાખીને કરેલ છે. જેનાં તારણો અન્ય જિલ્લામાં વસવાટ કરતી કુનબી, વારલી, ભીલ અને ગામિત જનજાતિને લાગુ ન પાડી શકાય.

૩. ડાંગ જિલ્લામાં વસવાટ કરતી અભ્યાસ હેઠળનાં કુટુંબો પાસેથી પ્રત્યક્ષ માહિતી પ્રાપ્ત કરી વિશ્લેષણ કરી તેના સામાજિક, આર્થિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક તેમજ રાજકીય પાસાં વિશે જાણકારી મેળવેલ છે. પરંતુ, તેની પરિવર્તન અંગેની ચોકકસ માત્રા કે પ્રમાણ નકકી ન કરી શકાય. કારણ કે, તેના માટે તેનાં પરિવર્તન પહેલાંની સ્થિતિ જાણવી પડે, જે સમય અને શક્તિની મર્યાદાને કારણે શકય બનેલ નથી.

૪. પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓ પાસેથી પ્રત્યક્ષ પ્રશ્નાવલી દ્વારા માહિતી મેળવી જે ઉત્તરદાતાઓએ જે માહિતી આપી તે સાચી અને ચોકકસ છે. તેના પર જ આધાર રાખવો પડે છે. વાસ્તવિક માહિતી રજૂ ન કરી હોય છતાં તે સત્ય છે, તેમ સમજીને સ્વીકારવી પડે છે. તે સામાજિક વિજ્ઞાનની

એક મોટી મર્યાદા છે. જે મારા અભ્યાસમાં આવી જ કંઈક મર્યાદા હોય શકે.

૫. આ અભ્યાસમાં કુનબી, વારલી, ભીલ અને ગામીત જનજાતિનાં અભ્યાસમાં આ લાભ સૌથી વધારે કુનબી જનજાતિએ લીધો છે. પરિવર્તનની બાબતમાં આ જનજાતિમાં સૌથી વધુ પરિવર્તન જોઈ શકાય એવું બની શકે. આ પણ એક મર્યાદા સ્પષ્ટ થઈ શકે એવું જોઈ શકાય છે.

૬. આ અભ્યાસમાં સંશોધન હેઠળની જનજાતિઓમાં કુનબી અને ગામિત જનજાતિમાં પરિવર્તન વધુ જોવા મળવા પાછળ આ જનજાતિ વધુ શિક્ષિત અને જાગૃત હોવાથી તેઓમાં પરિવર્તનની માત્રા વધુ જોવા મળશે એવું પણ જણાશે. તેમ છતાં તેની પાછળ વિવિધ પરિબળો ભાગ ભજવતા હોવાનું જણાયું છે.

## ૬.૫ ભાવિ સંશોધનનાં ક્ષેત્રો

આ અભ્યાસમાં સંશોધન ક્ષેત્રની કેટલીક મર્યાદાને કારણે તથા ડાંગની જુદી જુદી આદિમ જાતિઓનાં દરેકે-દરેક પાસાઓ વિશેનો ઉંડાણપૂર્વકનો અભ્યાસ કરવો કઠીન છે. ડાંગમાં કુલ ૧૮ જેટલી આદિવાસી જાતિઓ છે. જેમાં કુનબી, વારલી અને ભીલ આ ત્રણેય જાતિની વસતિ સંયુક્ત રીતે ૯૧.૫૫ ટકા જેટલી છે. બાકીની જનજાતિઓની વસતિ માત્ર ૮.૪૫ ટકા જ છે. આવી પરિસ્થિતિમાં પ્રત્યેક જનજાતિનાં બધાં જ પાસાંઓનો સર્વગ્રાહી અભ્યાસ કરવો મુશ્કેલ છે. તેમ છતાં પણ આ અભ્યાસ ઉત્સાહી સંશોધકોએ તો કરવા જેવો છે. મારાં સંશોધનને આધારે હું થોડાંક સૂચનો અહીં આપું તો-

૧. પ્રસ્તુત અભ્યાસ ડાંગ જિલ્લાનાં કુનબી, વારલી, ભીલ અને ગામિત જનજાતિનો સંયુક્ત અભ્યાસ છે. પરંતુ પ્રત્યેક જનજાતિનો અલગ-અલગ રીતે સ્વતંત્ર્ય અભ્યાસ થઈ શકે તેમ છે.

૨. ડાંગની કુનબી, વારલી, ભીલ અને ગામિત જનજાતિઓનો આ પરિવર્તનનાં સંદર્ભમાં અભ્યાસ છે. પરંતુ આ ડાંગની પ્રત્યેક જનજાતિઓનો સામાજિક, આર્થિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, રાજકીય વગેરે બાબતોમાં તુલનાત્મક અભ્યાસ કરવાની આવશ્યકતા મને દેખાય છે.

૩. ડાંગમાં માલિકીનાં વૃક્ષો કાપવાના આર્થિક લાભ થકી ડાંગનાં આદિવાસીઓમાં આવેલું પરિવર્તન આ અભ્યાસ દ્વારા તપાસવામાં આવ્યું છે. પરંતુ સરકારની અન્ય યોજનાઓ દ્વારા ત્યાંના આદિવાસીઓનાં જીવનમાં કેવું પરિવર્તન આવ્યું છે, તેને લગતા અભ્યાસો થઈ શકે તેમ છે.

૪. ડાંગ ગુજરાતનાં છેવાડાનો જિલ્લો હોવાથી સરકારી કર્મચારીઓનો માનસિક દૃષ્ટિકોણ, અધિકારીઓની વારે-વારે થતી બદલીઓ, પ્રજાની અસમજ-નાસમજ અને અસમર્થતાને કારણે, તેમના વિકાસમાં ઘણાં અંતરાયો આવીને ઉભા રહે છે. આ અંતરાયો કયા છે? કઈ રીતે સમસ્યારૂપ બને છે? તેના નકકર ઉકેલો કયા હોય શકે? તે વિશે જાગૃત સંશોધકે કામ કરવા જેવું લાગે છે.

૫. ડાંગની પોતાની આગવી અને વિશિષ્ટ સંસ્કૃતિ છે. ડાંગની સંસ્કૃતિનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરવો એ વર્તમાનનો તકાજો છે એવું મને લાગે છે.

૬. વર્તમાન સમયમાં ડાંગમાં રાજકીય ફલક પર નવા-નવા ધાર્મિક સ્થળો વિકસાવવામાં આવી રહ્યા છે ત્યારે આવા ધાર્મિક સ્થળ અને રાજકારણ વચ્ચેના સંબંધોનો સમાજશાસ્ત્રીય વિષય પર ઉંડાણપૂર્વકનાં સંશોધનની તાતી જરૂર છે.

૭. ડાંગમાં રાજકીય ફલક પર વિકસાવેલા ધાર્મિક અને જોવાલાયક સ્થળોને ધ્યાનમાં રાખી ડાંગને પ્રવાસનધામ તરીકે વિકસાવવા માટે પ્રયાસો થઈ રહ્યા છે. ત્યારે ડાંગના પ્રવાસનધામને સમાજશાસ્ત્રીય દૃષ્ટિએ તપાસવું જરૂરી લાગે છે.

૮. ડાંગમાં વર્તમાન સમયમાં ખ્રિસ્તી ધર્મ પાળનારા લોકોનું પ્રમાણ વધ્યું છે ત્યારે ડાંગમાં ખ્રિસ્તીકરણની સાથો-સાથ ધાર્મિક દ્રષ્ટિએ ભગવાકરણનું પણ સમાજશાસ્ત્રીય વિશ્લેષણ થાય તે ખૂબ જરૂરી છે.

૯. ડાંગની સામાન્ય અને ભોળી પ્રજાનો સરકારી કર્મચારી, રાજકીય પક્ષો, કોન્ટ્રાકટરો તેમજ સ્વૈચ્છિક સંગઠનો, આર્થિક લાભ ઉઠાવી રહ્યા છે. તેનું સમાજશાસ્ત્રીય વિશ્લેષણ થાય તે ખૂબ જરૂરી છે.

૧૦. ડાંગના સ્થાનિક રાજકારણીઓ રાજકીય પક્ષો સરકારી કર્મચારીઓ, કોન્ટ્રાકટરો, સ્વૈચ્છિક સંગઠનોનો હાથો બની રહ્યા હોવાનું જાણાય છે. તેનો સંશોધનાત્મક અભ્યાસ થાય તે ખૂબ જરૂરી છે.

## ૬.૬ સમાપન

સમાજના કોઈપણ ક્ષેત્ર તરફ દ્રષ્ટિ કરતાં પરિવર્તને વતા-ઓછા પ્રમાણમાં આવે છે. દરેક સમુદાયો કે કોઈ જનજાતિઓ પણ તેનાથી પર નથી. દરેક સમુદાયો કે જનજાતિઓને પરંપરાગત એક આગવી પોતાની વિશિષ્ટ જીવનશૈલી હોય છે. પોતાની આગવી જીવનશૈલી મુજબ જીવન જીવે છે અને તે સમાજ જીવનમાં વ્યક્ત થાય છે તે તેનું વિશિષ્ટ લક્ષણ બની રહે છે. પ્રત્યેક જનજાતિ પોતાની આગવી અને વિશિષ્ટ જીવન પદ્ધતિ મુજબ જીવન જીવે છે. આવી જ રીતે ડાંગની જુદી  જુદી જનજાતિઓ જે જીવનશૈલી મુજબ જીવે છે. તેનો અહીં અભ્યાસ કરેલ છે. તેમના સમગ્ર સમાજજીવનનાં વિવિધ પાસાંઓને કેન્દ્રમાં રાખી આ પ્રસ્તુત અભ્યાસ કરેલ છે.

પ્રસ્તુત અભ્યાસમાં ડાંગ જિલ્લાના આદિવાસીઓનાં જમીન માલિકીનાં વૃક્ષો કાપવાનાં આર્થિક લાભ થકી, ડાંગના લોકોનાં સામાજિક, આર્થિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક અને રાજકીય બાબતો તપાસતાં દરેક પાસાઓમાં વતા-ઓછા પ્રમાણમાં પરિવર્તન જોવા મળ્યું છે. સ્થાનિક સામાજિક રીત-રિવાજો, મૂલ્યો વગેરેમાં ફેરફાર જોવા મળે છે. છતાં કેટલીક સામાજિક અને સાંસ્કૃતિક બાબતોમાં પરંપરાનું ચુસ્ત અનુસંધાન દ્રષ્ટિગોચર થાય છે. ખાસ કરીને આર્થિક, શૈક્ષણિક અને રાજકીય ક્ષેત્રમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું હોવાનું જોવા મળે છે.

આ સંશોધન ક્ષેત્રમાં ડાંગ જિલ્લાનાં કુનબી, વારલી, ભીલ અને ગામીત આદિવાસી જાતિઓનાં સામાજિક, આર્થિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક તથા રાજકીય પાસાઓનો સમાજશાસ્ત્રીય દ્રષ્ટિકોણથી તપાસવાનો નમ્ર પ્રયાસ છે. છતાં સંશોધનની મર્યાદા સમય, સંજોગોને આધિન હોવાથી શોધ નિબંધનાં અહેવાલનું સમાપન કરું છું.

# સંદર્ભસૂચિ


| ક્રમ | લેખકનું નામ | પુસ્તકનું નામ | પ્રકાશન વર્ષ |
|---|---|---|---|
| ૧. | Amir Hussan | Tribal Administration in India | Rawal Publication New Delhi- 1988 |
| ૨. | Annual Report | All India Co-ordinated Tribal Area Research | Annual Roport Khedbrahma- 1988 |
| ૩. | Mr. Appajik Kher | Marathi Grammar | - |
| ૪. | Demographi Profile of Distric (Gujarat) | Census of India-2001 | Demographi profile of Distric (Gujarat) 2001 |
| ૫. | Dr. D. H. Nag | Tribal Economy: An Economy Study of the Baiga | Bharatiya Adimjati Sevek Sangh, King way: Dilhi- & Tribal Research & Training Ins. Gujarat Vidyapith Publication- 1985 |
| ૬. | Dr. D. N. Tewari | Department of Tribals on forests | Gujarat Vidhypith Ahmedabad-1989 |
| ૭. | Forese & Stephen | Social Reserch Methodology | Prentic hall New Jersey- 1973. |
| ૮. | Gopal M. H. | An Introduction to Research Procedure in Social Sciences | Asia Pub. House, 1964 |
| ૯. | Goode & Hatt | Methods in social Research | America(New York) Indian Edition-1952 |
| ૧૦. | Gujarat State, Dangs Dirstrict | Gazatteer of India | Gujarat State, Dangs Dirstrict. |
| ૧૧. | Governmenta of India | Report of the Scheduled Areas and Scheduled Tribe, Commission | Government of India, New Delhi- 1960-61 |
| ૧૨. | Governmenta of India, Planning Commission | Report of the study Teamon Trible Development Programes | Government of India, New Delhi- 1960-61 |
| ૧૩. | Ghanshyam Shah | A re.study Social-Economic conditions of chodharas | Centre for social studies, south Gujarat University Surat |

| | | | |
|---|---|---|---|
| ૧૪. | Kishor C. Padity | Economic Devlopment of tribal Approach Method and Strategy | Sgroup and sons, New Delhi- 1991 |
| ૧૫. | L.K.Jha and P.K.Sen | A Manual of forestry Extension Education | Asha Publication Corporation, New Delhi- 1997 |
| ૧૬. | Moser and Kalton | Survey Methods in Social investigation | 2nd ed. |
| ૧૭. | Mustaali Masvi and Gaurish Pandy | The Kathodis of Gujarat (A- ssocio- Economic Survey and development Plan | Tribal Research and Triaining Inst. Gujarat Vidypith, Ahmedabad, 1987 |
| ૧૮. | Mahalingam | Tribal Co- Operative Systems. | Rawat Publication, New Delhi, 1992 |
| ૧૯. | Naik T. B. Masvi Mustaali and Gaurish Pandya | The Kolghas of Gujarat | Tribal Research and Traing Inst. Gujarat Vidypith, AHmedabad- 1979 |
| ૨૦. | Pauling Young | Scientific Social Servey Sand Research | Prentice hall of India |
| ૨૧. | P. K. Mohanty | Encyclopaedia of Ptrimitive tribes in India | Kalpaz Publication New Delhi- 2004 |
| ૨૨. | Selltiz, Jahoda and others | Research Methods in Social Relations | 1969 |
| ૨૩. | S. P. Punalekar | A Descriptive study of Dhodiyas of surat city | Ph.D. Thesis (Un. Publication) south Gujarat University surat- 1980 |
| ૨૪. | Vijay A. Kamath | Tribal Education in India | Joshi Printer's & Bainding, Rachi- 1998 |
| ૨૫. | V. S. Vays, T. K. Noulik and others | Rural Development for Rural Poor. | Dharampur Project, I.I.M. Ahmedabad- 1977 |
| ૨૬. | हेमलता जोशी और एल.आर.भगोरा | जनजातियां का भौगोलिक अध्ययन | युनिवर्सिटी बुक हाउस प्रा.ली., ७९, चौदा रास्ता, जयपुर- २००० |

| | | | |
|---|---|---|---|
| २७. | डो. रामनाथ शर्मा और डो. राजेन्द्रकुमार शर्मा | सामाजिक परिवर्तन और सामाजिक नियंत्रण | एटलांटिका पब्लिशर्स एण्ड डीस्टीब्युटर्स १९९६ |
| २८. | सुबहसिंह यादव और सत्यमान यादव | ग्रामीण विकास का आधुनिक दर्शन | सबलाइम पब्लिकेशन्स, जयपुर, भारत० १९९७ |
| २९. | डो. सुनंदा पालकर | समाजवादी उपन्यासकार भैरवप्रसाद गुप्त | विकास प्रकाशन, कानपुर २७, १९९७ |
| ૩૦. | એ.જી.શાહ અને જે.કે.દવે | સંશોધન પદ્ધતિઓ | ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૬૬ |
| ૩૧. | પ્રા. એ.આર.શાહ, એસ.ટી. જોષી, પ્રા. આર.ચુડાસમા | સમાજશાસ્ત્રીય અભ્યાસ પદ્ધતિ | મે.બી.એસ.પ્રકાશન, અમદાવાદ |
| ૩૨. | અરૂણા જોષીએ કરેલા મરાઠી અનુવાદ પરથી ગુજરાતીમાં | જંગલમાં ખેતી: ડાંગ ૧૮૩૦ થી ૧૯૯૨ (ડેવિડ હાર્ડિમન) | 'ઢોલ' સામાયિક (આદિવાસી ચેતનાનું સામાયિક) ગુજરાતી વિશેષાંક; અંક-૨- ૨૦૦૩ |
| ૩૩. | એ.જી.શાહ અને જે.કે.દવે | ભારતમાં આદિવાસી સમાજ | રચના પ્રકાશન, અમદાવાદ દ્વિતીય આવૃતિ, ૧૯૮૬, ૧૯૮૭ |
| ૩૪. | પ્રો. એ.જી.શાહ અને પ્રો. જે. કે. દવે | સમાજશાસ્ત્ર પરિચય | અનડા પ્રકાશન, ગાંધીમાર્ગ અમદાવાદ, પ્રથમ આવૃતિ, ૨૦૦૨-૦૩ |
| ૩૫. | પ્રો. એ.જી.શાહ અને પ્રો. જે. કે. દવે | આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન | રચના પ્રકાશન, અમદાવાદ ત્રીજી આવૃતિ, ૧૯૮૯, ૧૯૯૦ |
| ૩૬. | પ્રો. એ.જી.શાહ અને પ્રો. જે. કે. દવે | સામાન્ય સમાજશાસ્ત્ર | રચના પ્રકાશન, અમદાવાદ ચોથી આવૃતિ, ૧૯૮૯, ૯૦ |
| ૩૭. | પ્રો. એ.જી.શાહ અને પ્રો. જે. કે. દવે | આદિવાસી સમાજનું સમાજશાસ્ત્ર | અનડા પ્રકાશન, ગાંધીમાર્ગ અમદાવાદ, દ્વિતીય આવૃતિ, ૧૯૮૬-૮૭ |
| ૩૮. | અર્જુન પટેલ | આદિવાસી સ્થળાંતર: કારણો અને ઉપાયો | સેન્ટર ફોર સોશીયલ સ્ટડીઝ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત- અંક૪ ૨૦૦૧ |

| | | | |
|---|---|---|---|
| ૩૯. | અરવિંદ ભટ્ટ | ગુજરાતના ચૌધરીઓ | ગુજરાત વિદ્યાપીઠ, નવજીવન પ્રેસ, અમદાવાદ, ૧૯૮૫ |
| ૪૦. | બી.કે.સિન્હા (ના.વ.અ.) (ભા.વ.સે.) | વૃક્ષ: બાબતની લોકોપયોગી કાયદાકીય માહિતી | વનવિભાગ, ગુજરાત રાજ્ય, નાયબ વન સંરક્ષક વિભાગ, ગાંધીનગર |
| ૪૧. | ડો. ચન્દ્રકાંત ઉપાધ્યાય | આદિવાસી આંદોલનો | 'સંશોધન પેપર', ભારતમાં સામાજિક આંદોલનો, સમાજશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ-૨૦૦૬ |
| ૪૨. | ડો. ચંદ્રકાંત ઉપાધ્યાય અને રવિ પંચોલી | ગુજરાત રાજ્યની આદિમજૂથ વસતિ ગણતરી એક અભ્યાસ | આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૨૦૦૧ |
| ૪૩. | શ્રી દતાત્રેય ભાસ્કર ચિતળે | ડાંગ: એક સમ્યક્ દર્શન | ડાંગ જિલ્લા પંચાયત, આહવા, ઓકટોબર-૧૯૭૮ |
| ૪૪. | ડેવિડ હાર્ડીમન | જંગલ વિસ્તારમાં સતા સંબંધો-૧૮૨૦ થી ૧૯૪૦નું ડાંગ | 'અર્થાત્', સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, અંક-૧, ૧૯૯૩. |
| ૪૫. | એફ. દીપક ચૌધરી | જંગલની ખેતી: ડાંગનો સળગતો પ્રશ્ન | 'ઢોલ' આદિવાસી ચેતનાનું સામયિક, ભાષા-સંશોધન કેન્દ્ર, પ્રકાશન, દિનેશ મિલ સામે, વડોદરા- ૨૦૦૩. |
| ૪૬. | ડેવિડ હાર્ડીમન | જંગલ ખેતી: ડાંગ: ૧૮૩૦થી ૧૯૯૨ | 'ઢોલ' આદિવાસી ચેતનાનું સામયિક, ભાષા-સંશોધન કેન્દ્ર, પ્રકાશન, દિનેશ મિલ સામે, વડોદરા- ૨૦૦૩. |
| ૪૭. | ગોરે, દેસાઈ | શિક્ષણનું સમાજશાસ્ત્ર | આર.આર.શેઠની કંપની, અમદાવાદ-૧૯૭૫ |

| | | | |
|---|---|---|---|
| ૪૮. | ગૌરીશંકર પંડ્યા | વારલી જાતિનો સમાજશાસ્ત્રીય અભ્યાસ | ગુજરાત વિદ્યાપીઠ, નવભારત પ્રેસ, અમદાવાદ- ૧૯૯૨. |
| ૪૯. | ગુલાબભાઈ ડા. પટેલ | ઉદ્યોગીકરણથી આદિવાસીઓમાં આવેલ આર્થિક, સાંસ્કૃતિક અને સામાજિક પરિવર્તન | ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ- ૧૯૯૯ |
| ૫૦. | ડો. હર્ષદા દવે | માનવશાસ્ત્ર | યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ- ૨૦૦૫ |
| ૫૧. | જયંતિભાઈ મનાણી | ઝારખંડથી ગુજરાત મૂળનિવાસી આદિવાસી આંદોલન, ક્યાંથી? કોની સામે? શા માટે? | કંચનબેન કે. મિસ્ત્રી, સોસાયટી પ્રકાશન, ૫, નહેરુનગર પ્રાઈવેટ, નાનામવા મેઈનરોડ, રાજકોટ-૪, ૨૦૦૬ |
| ૫૨. | ડો. જે.સી.પટેલ | ગુજરાતના કોલધા આદિવાસીઓ પર સરકારી કલ્યાણ યોજનાની અસર | ‘અર્થાત્’ સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ (ત્રિમાસિક) દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત- અંક-૪, ૧૯૯૮ |
| ૫૩. | મયુર મો. રાવલ | ડાંગ: ઈતિહાસની શાખે | ‘શ્લોક’ કૈલાસ ગાર્ડન પાસે, મહાદેવિયા રોડ, માણાવદર- ૨૦૦૮. |
| ૫૪. | માહિતી ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર | ગુજરાતની આદિવાસી સંસ્કૃતિ (ડાંગ જીલ્લો) | માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર- ૨૦૦૯ |
| ૫૫. | ડો. મુસ્તાઅલી મસવી | આદિવાસીઓની પલટાતી આર્થિક સ્થિતિનો અભ્યાસ | ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, માર્ચ- ૧૯૯૧ |
| ૫૬. | ડો. મીનાક્ષી ઠાકર | આદિવાસી વિકાસ અને વન | યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ- ૨૦૦૪ |
| ૫૭. | ડો. મધુભાઈ ગાયકવાડ | ગુજરાતમાં આદિવાસી વસતિ અને વિસ્તરણ | ‘આદિલોક’ (આદિવાસી અસ્મિતા) સામાયિક- અંક-૨, જૂન- ૨૦૦૯ |
| ૫૮. | ડો. મધુભાઈ ગાયકવાડ | ડાંગમાં ગ્રામસભા: અધિનિયમન ૧૯૯૬ ના પરિપ્રેક્ષ્યમાં | ‘અર્થાત્ સેન્સ ફોર સોશિયલ સ્ટડીઝ, સુરત, અંક-૨, ૨૦૦૪ |

| | | | |
|---|---|---|---|
| ૫૯. | નટવરલાલ બા. પટેલ | ડાંગી બોલી અને લોકસાહિત્ય | શાંતાબેન એન. પટેલ, જલાલપહેર, નવસારી, ૨૦૦૯ |
| ૬૦. | પ્રા. રમેશભાઈ કે. પવાર | ગુજરાતમાં નકસલવાદી મોકાણ | 'આદિલોક' આદિવાસીનું સામયિક, નવે-ડીસેમ્બર-૨૦૦૯. |
| ૬૧. | ડો. સત્યેન્દ્ર | લોક સાહિત્ય વિજ્ઞાન | - |
| ૬૨. | ડો. સત્યકામ જોશી | આદિવાસીઓ અને જંગલ: પ્રશ્નો અને પડકારો | 'ઢોલ' આદિવાસી ચેતના નું સામયિક, ભાષા-સંશોધન- પ્રકાશન કેન્દ્ર, વડોદરા- ૨૦૦૩ |
| ૬૩. | ડો. સત્યકામ જોષી | તાજેતરમાં ડાંગમાં થયેલી કોમી અશાંતિ: એક દ્રષ્ટીકોણ | 'અર્થાત્' સેન્ટર ફોર સોશિયલ સ્ટડડીઝ, ત્રિમાસિક- અંક-૪, ૧૯૯૯ |
| ૬૪. | ડો. સત્યકામ જોષી | દક્ષિણ ગુજરાતની જંગલ સહકારી મંડળીઓ: સ્થાપના, વિકાસ અને પરિવર્તન | 'અર્થાત્' સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ, ત્રિમાસિક- અંક-૨ ૧૯૯૬. |
| ૬૫. | ઠોકોરભાઈ નાયક અને ગૌરીશંકર પંડ્યા | ગુજરાતના સીદી: (એક અનુ સૂચિત જનજાતિનો વિકાસલક્ષી સામાજિક આર્થિક અભ્યાસ) | આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૮૦ |
| ૬૬. | વિમલ શાહ | ગુજરાતના આદિવાસીઓ | ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ- ૧૯૬૬. |
| ૬૭. | ડો. વિદ્યુત જોષી | આદિવાસી વિકાસ દર્શન | આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ- ૧૦૦૯. |
| ૬૮. | ડો. વાય. એ. પરમાર | સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો | યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ- (સંશોધીત) ૧૯૯૪. |